Shivagami no Uday - The Rise of Sivagami (Gujarati)

Neelakantan, Anand

VISIT...

LANZAROTE Caliente.com

બિફોર ધ બિગિનિંગ

શિવગામીનો ઉદય

(અંગ્રેજી પુસ્તક 'The Rise of Shivagami'નો ગુજરાતી ભાવાનુવાદ)

આનંદ નીલકંટન

શિવગામીનો ઉદય

આનંદ નીલકંટન એટલે વિક્રમી વેચાણ ધરાવનાર એ પુસ્તક ‘અસુર : ટેલ ઑવ ધી વેન્કવિશ્ડ’ના લેખક કે જેમાં રામાયણની કથા રાવણના દૃષ્ટિકોણથી અજોડ રીતે કહેવાઈ છે. એના પછી તેઓ ભારે સફળતાને વરેલી અજયા શ્રેણી લઈને આવ્યા. ‘અજયા પુસ્તક પહેલું: રોલ ઑવ ધી ડાઈસ’, ‘અજયા પુસ્તક બીજું : રાઈઝ ઑવ કાલિ’ . તે બંને પુસ્તકોમાં મહાભારત દુર્યોધનના દૃષ્ટિકોણથી રજૂ થયું છે. ‘અસુર : ધ ટેલ ઑવ વેન્કવિશ્ડ’ અને ‘અજયા પુસ્તક પહેલું : રોલ ઑવ ધી ડાઈસ’ને ક્રોસવર્ડ પૉપ્યુલર ચોઈસ અવોર્ડ ૨૦૧૩ અને ૨૦૧૪ માટે નામાંકિત કરવામાં આવ્યા હતા.

આનંદે ઘણી લોકપ્રિય ટીવી શ્રેણીઓની પટકથા પણ લખી છે, જેમાં સ્ટાર ટીવીની ‘સિયા કે રામ’, સોની ટીવીની ‘મહાબલી હનુમાન’ અને કલર્સ ટીવીની ‘ચક્રવર્તી સમ્રાટ અશોક’ સામેલ છે. તેઓ ‘ધ હિંદુ’, ‘ધી ટાઇમ્સ ઑવ ઇન્ડિયા’, ‘ધી ઇન્ડિયન એક્સપ્રેસ’ જેવા મોટા વર્તમાનપત્રો માટે પણ લખતા આવ્યા છે. અંગ્રેજી ઉપરાંત તેઓ મલયાલમમાં પણ લખે છે અને વિવિધ મલયાલમ સામયિકોમાં તેમની વાર્તાઓ અને કાર્ટૂન પ્રસિદ્ધ પણ થયાં છે.

તેઓ મુંબઈમાં પોતાની પત્ની અપર્ણા, પુત્રી અનન્યા, પુત્ર અભિનવ અને પાલતું શ્વાન જેકી ધ બ્લેકી સાથે રહે છે.

આનંદ નીલકંટનનો સંપર્ક અહીં થઈ શકશે :

વેબસાઈટ : www.anandneelakantan.com

ઈમેલ : mail@asura.co.in

ફેસબુક, ટ્વીટર અને ઈન્સ્ટાગ્રામ : @itsanandnee1

બિફોર ધ બિગિનિંગ

શિવગામીનો ઉદય

(અંગ્રેજી પુસ્તક **'The Rise of Shivagami'**નો ગુજરાતી ભાવાનુવાદ)

આનંદ નીલકંટન

ભાવાનુવાદ

ચિરાગ ઠક્કર 'જય'

w

મુખ્ય પ્રાપ્તિસ્થાન





નવભારત સાહિત્ય મંદિર

જૈન દેરાસર પાસે,
ગાંધી રોડ, અમદાવાદ-૧
ફોન : (૦૭૯)૨૨૧૩૯૨૫૩
૨૨૧૩૨૯૨૧

૨૦૨, પૅલિકન હાઉસ,
આશ્રમ રોડ, અમદાવાદ-૯
ફોન : (૦૭૯)૨૬૫૮૦૩૬૫
૨૬૫૮૩૭૮૭

E-mail : info@navbharatonline.com
Web : www.navbharatonline.com
fb.com/NavbharatSahityaMandir

બીજા માળે,
ઈન્દ્રપ્રસ્થ કોર્પોરેટ હાઉસ,
શેલ પેટ્રોલ પંપ સામે,
વિનસ એટલાન્ટિસ સામે,
૧૦૦ ફૂટ પ્રહ્લાદનગર ગાર્ડન રોડ,
અમદાવાદ-૧૫
ફોન : (૦૭૯) ૬૬૧૭૦૨૬૫

westland publications ltd

61, II Floor, Silverline Building, Alapakkam Main Road, Maduravoyal, Chennai 600095 93, I Floor, Sham Lal Road, Daryaganj, New Delhi 110002

First published in English as *The Rise of Sivagami* by westland publications ltd 2017

First published in Gujarati as *Shivagami no Uday* by westland publications ltd, 2017

10 9 8 7 6 5 4 3 2 1

ISBN:

અર્પણ

હું જે છું તે બનાવવા માટે
મારી બહેન ચંદ્રિકા
અને બનેવી એસ. ડી. પરમેશ્વરનને...

આમુખ

કઈ રીતે અમે 'ધ બિગિનિંગ'ની પણ પહેલાંની વાત કરવાનું વિચાર્યું

એસ. એસ. રાજામૌલી

અમે જ્યારે બાહુબલીનું સર્જન કર્યું ત્યારે અમે દ્વિધામાં હતા. અમે જેમ જેમ એ વાર્તા પર કામ કરતા ગયા તેમ તેમ માહિષ્મતીનું જગત વિસ્તરતું ગયું. ઘણીબધી વાતો કહેવાની હતી. માહિષ્મતીની વાર્તા અઢી કલાકના ચલચિત્ર પૂરતી સીમિત રહી શકે તેમ નહોતી, જો એવા બે ભાગ બનાવો તો પણ નહીં. જે અદ્ભુત વાર્તાજગતનું નિર્માણ થઈ રહ્યું હતું તેને અમારે છોડી નહોતું દેવું. એવાં પાત્રો સર્જાઈ રહ્યાં હતાં જે હજુ બરોબર પ્રકાશમાં આવ્યાં નહોતાં અને તેમની વાત કરવાની તેઓ પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. એવાં રહસ્યો હતાં જેમનો તાગ મેળવવાનો હતો, એવાં કાવતરાંઓની ગુસપુસ થઈ રહી હતી જે રોમાંચિત અને ભયભીત કરી શકે તેમ હતાં. અમે જાણતા હતા કે જો થોડાક વધુ ઊંડા ઊતરવામાં આવે તો રસપ્રદ વાર્તાઓ ઉદ્ભવી શકે તેમ હતી. અમારે એવા કોઈની આવશ્યકતા હતી જે માહિષ્મતીના ભૂતકાળના શિકારે નીકળે અને વધુ વાર્તાઓ શોધી કાઢે.

મારા યુવાનીના દિવસોમાં વાંચન મારો શોખ હતો. હું પુસ્તકો માત્ર વાંચતો નહીં પણ તેને ઘોળીને પી જતો. રોમાંચક વાર્તાઓ, રહસ્યમયી કથાઓ, નાટ્યાત્મક વાર્તાઓ, કોઈ પણ પ્રકારનું વાંચન હું કરી લેતો. જોકે, જેમ જેમ મારી ઉંમર વધતી ગઈ અને હું એક પછી એક સાહસોમાં જોડાતો ગયો, તેમ તેમ વાંચન મારા જીવનમાંથી ઓછું થતું ગયું. સમયનો અભાવ એ એક કારણ હતું તે તો સાચું પણ પુસ્તકવાંચનની મારી બાળપણની આદત છૂટવાનું પ્રમુખ કારણ તો એ હતું કે નવાં પુસ્તકો મારા મનોવિશ્વને સ્પર્શી શકતાં નહોતાં. મેં પુસ્તકો ખરીદવાનાં તો ચાલુ જ રાખ્યાં હતાં. હજારો પુસ્તકો મેં ખરીધાં પણ છે કે જેથી હું મારો વાંચનનો શોખ પુનઃજાગૃત કરી શકું પરંતુ એમ થઈ શક્યું નહીં. કોઈ પુસ્તક શરૂ કરું, થોડાંક પ્રકરણ વાંચું અને મારો રસ ઊડી જાય. એવા દિવસોમાં એક વાર મારા હાથમાં એક પુસ્તક આવ્યું: 'અસુર : ટેલ ઑવ ધી વેન્કવિશ્ડ'.

આ આખું પુસ્તક હું વાંચી ગયો એટલું જ નહીં પણ તેણે મને અંદરથી હલબલાવી નાખ્યો. એ પુસ્તકનાં અમુક દૃશ્ય તો એટલાં શક્તિશાળી હતાં અને મને એટલાં સ્પર્શી ગયાં કે મારે અટકીને વિચારવું પડતું અને મારાં આંસુ રોકી રાખવા પડતાં. હું આજે પણ એમ માનું છું કે એ પુસ્તકનું લેખન વિશ્વના કોઈ પણ શ્રેષ્ઠ પુસ્તકની સરખામણીએ જરા પણ ઊણું ઊતરે નહીં. એ પુસ્તક પૂરું કર્યા પછી મને લાગ્યું કે મારે તેના લેખકને અવશ્ય મળવું પડશે. એમનાં લખાણો મને સ્પર્શી ગયાં છે એટલું જ નહીં પણ એના કારણે મારી અંદર સૂતેલો વાચક પાછો જાગૃત થઈ ગયો છે. એટલે આવી રીતે હું આનંદ નીલકંટન સાથે જોડાયો, જેમણે 'અસુર : ટેલ ઑવ ધી વેન્કવિશ્ડ' લખી હતી અને હવે તેમણે 'શિવગામીનો ઉદય' પણ લખી છે. અમે સાથે બેસીને અમારી વ્યક્તિગત સર્જનાત્મક પ્રક્રિયાઓની ચર્ચા કરતા હતા એ સમય દરમિયાન મને સમજાયું કે એ માણસ જ માહિષ્મતીના ભૂતકાળની શોધમાં ઊંડા ઊતરીને એ વાર્તાઓ

આપણી સમક્ષ લાવી શકશે.

આનંદે વાર્તા વિકસાવી તે દરમિયાન તેઓ મને એક સાથે દસ પ્રકરણો વાંચવા મોકલતા. જેવો હું દસ પ્રકરણો વાંચી લેતો કે હું તેમને ફોન કરતો, ઈમેલ કરતો, મેસેજ કરતો કે મારે આગળનાં પ્રકરણો પણ વાંચવા છે. અને પછીના પ્રકરણોની રાહ હું ખૂબ આતુરતાપૂર્વક જોઈ રહેતો. તમે જ્યારે આ પુસ્તક વાંચી રહેશો ત્યારે મારી એ આતુરતા સમજી શકશો એમ મને વિશ્વાસ છે.

આ પુસ્તકની વિભાવના વિચારતા સમયે મેં આનંદ સાથે સાવ થોડાક વિચારો રજૂ કર્યા હતા અને તેમાંથી તેમણે જે પુસ્તકનું સર્જન કર્યું છે, તે જોઈને મને ખરેખર આશ્ચર્ય થાય છે. આ પુસ્તકના શરૂઆતના વાચકોમાંના એક તરીકે હું તમને એટલી ખાત્રી અવશ્ય આપી શકીશ કે એક વાર હાથમાં લીધા પછી તમે આ પુસ્તક સરળતાથી નીચે મૂકી નહીં શકો.

શિવગામીને રૂપેરી પડદા પર ભલે મેં જીવંત કરી હોય પણ 'શિવગામીનો ઉદય' પુસ્તકમાં આનંદ નીલકંટને તેને પાંખો આપી છે.

અનુવાદકીય

બાહુબલી ! ૨૦૧૫થી આ શબ્દ સતત ગુંજતો રહ્યો છે અને ભારતવર્ષમાં એના વિષે ન સાંભળ્યું હોય, તેવો માણસ શોધવો દુષ્કર છે. એ બાહુબલીની ટીમ સાથે આવી પરોક્ષ રીતે જોડાવાનું બનશે તેમ કદી પણ વિચાર્યું નહોતું. પડદા પર જોયેલાં પાત્રો સાથે મારી ઑફિસમાં કુસ્તી કરવી પડશે એમ તો ક્યાંથી ખ્યાલ હોય ?

પણ 'નવભારત સાહિત્ય મંદિર'ના નેજા હેઠળ શું ન થઈ શકે ? શ્રી રોનકભાઈ શાહ ઊંઘમાંથી જગાડીને શિવગામીનું પુરાણ સાંભળવા બેસાડી દઈ શકે, કારણ કે એ જાણે છે કે ગુજરાતી વાચકોને શું વાંચવું છે. અને એટલે જ તો તેમણે અઢળક અદ્‌ભુત પુસ્તકોથી વાચકોની છાજલીઓ ભરી આપી છે.

અનુવાદ ક્ષેત્રે આ મારું ૧૯મું પુસ્તક છે, અને તેમાંથી મોટાભાગનાં પુસ્તકો 'નવભારત સાહિત્ય મંદિરે' જ પ્રકાશિત કર્યાં છે. સતત વિશ્વાસ અને પ્રોત્સાહન માટે હું વડીલ શ્રી મહેન્દ્રભાઈ શાહ અને શ્રી રોનકભાઈ શાહનો ઋણી છું.

જોકે સૌથી વધુ ઋણી તો હું એ વાચકોનો છું જેમણે સતત મારા કામને વધાવે રાખ્યું છે. પાછલાં બે વર્ષમાં ભાગ્યે જ કોઈ દિવસ એવો ગયો હશે કે જેમાં મને ઇમેલ, ટ્વીટર, ફેસબુક, વોટ્સએપ કે વેબસાઇટના માધ્યમથી કોઈ ને કોઈ વાચકનો સંપર્ક ન થયો હોય. સતત મળતા રહેતા અભિપ્રાયો, સૂચનો, ટીકા અને પ્રશંસાથી જે પ્રેમ અને ઘડતર મળ્યું છે, તે અનન્ય છે. આપની એ સ્નેહસરવાણી સતત ચાલુ રહેશે, તેવી આશા સહ વિરમું છું.

સસ્નેહ,
ચિરાગ ઠક્કર 'જય'

ઈમેલ : chirag@chiragthakkar.me
વેબસાઈટ : www.chiragthakkar.me
ફેસબુક : www.facebook.com/CThakkar

પાત્રો

શિવગામી

એક આગઝરતી યુવતી જે બહુ જ બુદ્ધિશાળી છે અને તાલીમબદ્ધ યોદ્ધા પણ છે. માહિષ્મતી સામ્રાજ્યના ઉમરાવ દેવરાયની તે પુત્રી છે. દેવરાયને દેશદ્રોહ બદલ મહારાજે દેહાતદંડની સજા આપી હતી. શિવગામીના બાળપણના ઘાવ તેને સતત પજવતા રહ્યા છે.

કટપ્પા

એકવીસ વર્ષનો આ ગુલામ પોતાના કામને સંપૂર્ણ સમર્પિત છે અને માહિષ્મતીના રાજપરિવારની સેવા કરવામાં ગર્વ અનુભવે છે. માહિષ્મતીના મોટા રાજકુમાર બિજ્જલદેવની સેવા કરવા માટે પોતે પસંદ થયો, તેનો કટપ્પાને અનહદ ગર્વ છે. મહારાજા સોમદેવના અંગત ગુલામ મલયઅપ્પાનો તે પુત્ર છે.

પત્તરાય

તે માહિષ્મતીનો ધનવાન અને મહત્ત્વાકાંક્ષી ઉમરાવ છે અને ભૂમિપતિ પણ ખરો. માહિષ્મતીમાં ભૂમિપતિ હોદ્દો બહુ જ મહત્વનો હોય છે. તે પોતાના કપટ અને નિર્દયતા માટે જાણીતો છે. પોતાની બુદ્ધિ અને મહેનતના પ્રતાપે તે ગરીબીમાંથી જાતે જ આગળ વધેલો માણસ છે. તે પોતાના કુટુંબને સમર્પિત છે અને પોતાની પુત્રી મેખલાને પ્રાણથી પણ વધારે ચાહે છે.

શીવપ્પા

કટપ્પાનો નાનો ભાઈ જેની ઉંમર અઢાર વર્ષની છે, તેને ગુલામ તરીકે જન્મવાનો ભયંકર અફસોસ છે અને તે સ્વાતંત્ર્યનાં સપનાં જુવે છે. તે પોતાના મોટા ભાઈને ચાહે છે પણ અવારનવાર તેની સાથે સંઘર્ષમાં પણ ઊતરે છે. તેને એક નવી દુનિયાનું સર્જન કરવું છે અને તેનું સપનું છે જંગલમાં રહીને માહિષ્મતી સામે લડી રહેલા વૈતાલિકો સાથે જોડાઈ જવાનું. શિવગામીની સહેલી કામાક્ષીને તે અત્યંત ચાહે છે.

રાજકુમાર બિજ્જલદેવ

મહારાજા સોમદેવનું પ્રથમ સંતાન. તે આતુરતાપૂર્વક પોતે યુવરાજ ઘોષિત થાય એ દિવસની રાહ જોઈ રહ્યો છે. તેને હંમેશાં માન-સન્માનની ખેવના રહે છે અને પૂજ્યભાવથી જરા પણ ઓછો આદર દાખવનાર પર તે ક્રોધે ભરાતો હોય છે. તે એવા સ્વાર્થી હજૂરિયાઓથી ઘેરાયેલો રહે છે જે પોતપોતાના સ્વાર્થ માટે તેની જીહજૂરી કરતા રહે છે. તે પોતાના નાના ભાઈને ધિક્કારે છે અને નાનો ભાઈ લોકપ્રિય છે તેની ઈર્ષા પણ કરે છે.

રાજકુમાર મહાદેવ

એક સ્વપ્નશીલ અને આદર્શવાદી રાજકુમાર જે બધા સાથે પ્રેમ અને કરુણાથી વર્તે છે. પોતે

મહાન યોદ્ધા નથી એ બાબતથી તે સભાન છે. તે પોતાના પિતાને આદર્શ માને છે, તેમનું સન્માન કરે છે પણ પોતાની પ્રભાવક માતાથી દબાઈ જાય છે. તે પોતાના મોટાભાઈને ચાહે છે પરંતુ તેનાથી ડરે પણ છે. તે કવિ અને પ્રેમી પણ છે.

જીમોતા

તે પોતાની જાતને મોટો વેપારી ગણે છે પણ વાસ્તવમાં તે ચાંચિયો છે. તે તજજ્ઞ વહાણવટી છે અને હંમેશાં કાયદાની અવળી બાજુએ જ વહાણવટું ખેડતો રહે છે. તે પોતાની સુંદરતા અને તેના સ્ત્રીઓ પરના પ્રભાવથી વિશેષ પરિચિત છે. અવારનવાર તે બુદ્ધિ વાપરીને ભયાનક પરિસ્થિતિઓમાંથી બહાર નીકળી આવે છે, પણ જો પરિસ્થિતિની જરૂરિયાત હોય તો હિંસા આચરતાં ખચકાતો નથી.

કેકિ

એ ત્રીસ વર્ષનો કિન્નર છે. તે પ્રખ્યાત દેવદાસી કાલિકાનો સહાયક છે. કેકિ કાલિકાના ધંધા માટે સુંદર યુવતીઓ શોધી લાવે છે. તેની જીભ બહુ ચાલે છે અને તે તેનો ઉપયોગ ચાબુકની મારફત કરતો રહે છે. અત્યારે તો તે ભૂમિપતિના પક્ષે છે.

સ્કંદદાસ

તે માહિષ્મતીનો ઉપપ્રધાન છે અને સિદ્ધાંતવાદી માણસ છે. તે અત્યંત પ્રમાણિક છે અને પોતાના નીચા કુળમાં જન્મને કારણે અસલામતી અનુભવતો રહે છે. તે એક અસ્પૃશ્ય જ્ઞાતિનો હોય છે અને રાજદરબારના ઉચ્ચકુળના ઉમરાવો વચ્ચે બરોબર ગોઠવાઈ શકતો નથી. સામાન્ય લોકો તેને પ્રશંસતા હોય છે પણ ભ્રષ્ટ અધિકારીઓ અને ઉમરાવો તેને પસંદ કરતા નથી.

તિમ્મા

શિવગામીનો પાલક પિતા તિમ્મા દેવરાયનો અંગત મિત્ર હોય છે. તે શક્તિશાળી ભૂમિપતિ છે. તે દયાળુ, મૃદુ-ભાષી અને બાળકો માટે કડક પિતા પણ બની રહે છે.

એલી

બળવાખોર રાણી અચિ નાગમ્માએ ઉછેરેલ યુવતી એલી સ્ત્રીઓની બનેલી સેનાની અદ્ભુત યોદ્ધા અને ગુપ્તચર છે. પોતાનું કામ કઢાવવા માટે પોતાના શરીર અને પોતાના આકર્ષણનો ઉપયોગ કરવામાં તેને સંકોચ નથી થતો.

કામાક્ષી

સત્તર વર્ષની નિર્દોષ અને સુંદર યુવતી. તે અનાથાલયમાં શિવગામીની અંગત સહેલી બની રહે છે. તેના જીવનનું એક માત્ર સપનું છે કે માહિષ્મતીની ક્રૂરતાથી દૂર, તે પોતાના પ્રેમી શિવપ્પા સાથે શાંતિપૂર્વક જીવન વીતાવે.

ગુંડુ રામુ

અનાથાલયમાં શિવગામીનો બાળમિત્ર. તે એક શહીદ કવિનો પુત્ર છે, સ્થૂળ છે અને શિવગામીને અત્યંત પસંદ કરે છે અને પોતાની અક્કા (મોટી બહેન) કહીને બોલાવે છે. તે ચતુર છે અને ખાઉધરો પણ છે.

હિડંબા
માહિષ્મતીનો આ વામન અત્યંત ભયાનક છે. તે ખાનિપતિ છે, ભૂમિપતિથી એક પદ નીચે અને તેને એમ લાગે છે કે તેના વામન કદને કારણે તેને ભૂમિપતિનું પદ મળતું નથી. તે અત્યારે તો પત્તરાયની છાવણીમાં છે પણ પત્તરાય પણ એ વામનથી ચેતીને જ રહે છે.

દેવદાસી કાલિકા
તે પુષ્પચક્ર વીશીની માલિક છે, જે કાલિકાના અડ્ડા તરીકે પણ કુખ્યાત છે. તે કામસૂત્રમાં પ્રવીણ છે અને માહિષ્મતીના અડધાથી વધારે ઉમરાવો તેનાં તળિયા ચાટે છે. તે મહારાજાના હરમમાં પણ સુંદર યુવતીઓ પૂરી પાડતી હોય છે જેમનાથી રાજ્યના મહેમાનોનું મનોરંજન થઈ શકે.

મહારાજા સોમદેવ
માહિષ્મતીના રાજા. તે અતડું વ્યક્તિત્વ ધરાવે છે અને તેમની હાથ નીચેના લોકો તેમને આદર આપે છે, પ્રશંસે પણ છે અને ડરે પણ છે.

મલયઅપ્પા
મહારાજા સોમદેવનો અંગત ગુલામ, કટપ્પા અને શિવપ્પાનો પિતા. તે ગર્વિષ્ઠ અને ફરજનિષ્ઠ માણસ છે.

મહાપ્રધાન પરમેશ્વર
માહિષ્મતીના પંચોતેર વર્ષના મહાપ્રધાન. રાજા તેમની પર સંપૂર્ણ વિશ્વાસ કરે છે અને તેમને પોતાનો ગુરુ પણ માને છે. તે દયાળુ હૃદયના પણ સંસ્કારી રાજકારણી છે. તે સ્કંદદાસના પણ ગુરુ છે.

રૂપકા
મહાપ્રધાન પરમેશ્વરનો વિશ્વાસુ સહાયક.

મહારાણી હેમવતી
માહિષ્મતીની ગુસ્સાવાળી અને ગર્વિષ્ઠ મહારાણી.

રાજગુરુ રૂદ્ર ભટ્ટ
માહિષ્મતીનો રાજગુરુ અને ભૂમિપતિ પત્તરાયનો અંગત મિત્ર.

દંડનાયક પ્રતાપ

માહિષ્મતીનો વડો દંડનાયક. લોકો તેનાથી ડરતા હોય છે. તે પટ્ટરાયનો મિત્ર છે.

વૈતાલિકો
જંગલમાં વસતા બળવાખોર લોકો જે માહિષ્મતીના પંજામાંથી ગૌરીપર્વત પાછો મેળવવા માંગતા હોય છે.

ભૂતરાય
વૈતાલિકોનો આકર્ષક અને શક્તિશાળી આગેવાન.

ગુહા
નદીકિનારે વસતા લોકોનો ભૂમિપતિ. ઘરડો, ક્રૂર અને કપટી પણ તેના લોકો તેને પૂજતા હોય છે. તે માત્ર મહારાજા સોમદેવને જ નમે છે.

અક્કુંડા
એક શક્તિશાળી ભૂમિપતિ.

અચિ નાગમ્મા
સ્ત્રીઓની બનેલી એક સેનાની આગેવાન. તે માહિષ્મતીના ભ્રષ્ટ અને દુષ્ટ લોકો સામે લડતી હોય છે. એલી તેની સેનાની સભ્ય છે.

દેવરાય
શિવગામીનો પિતા જેને દેશદ્રોહ માટે દેહાંતદંડ આપવામાં આવ્યો છે.

રાઘવ
તિમ્માનો પુત્ર જે શિવગામી સાથે જ ઊછર્યો છે. તે શિવગામીના પ્રેમમાં પાગલ છે.

અખિલા
તિમ્માની પાંચ વર્ષની પુત્રી. શિવગામીને તે બહુ જ પ્રિય છે.

મેખલા
તે ભૂમિપતિ પટ્ટરાયની પુત્રી છે, જે ઘણીવાર પોતાના પિતા સાથે સહમત હોતી નથી.

બૃહન્નલ્લા
રાજવી હરમનો વડો કિન્નર. તેના જીવનમાં પણ રહસ્ય છુપાયેલાં છે.

નલ
એક વેપારી અને બૃહન્નલ્લાનો દત્તક ભાઈ. તે ઘણીવાર બૃહન્નલ્લાના સંદેશવાહકનું કામ પણ કરતો હોય છે.

નંજુન્દા
એક ભૂવો, ગઠિયો અને દારૂડિયો. તાડીના એક કુંજા માટે તે જાદુ કરવા તૈયાર હોય છે. તે જીમોતાનો સહાયક છે.

ભૈરવ
નદીકિનારે રહેતો પાગલ માણસ. એક સમયે તે મહારાજા સોમદેવનો ગુલામ હતો.

રેવમ્મા
રાજવી અનાથાલયની સંચાલક.

નાગૈયા
એક રાજવી ગુલામ જે મોટું રાજ-રહસ્ય લઈને ભાગી છૂટે છે.

થોંડકા
રાજવી અનાથાલયના છોકરાઓનો મુખ્યા.

ઉઠંગા
અનાથાલયનો એક છોકરો.

અનુક્રમ


village
Gauriparvat
vaithalika
Patalaganga
Akunda
Guha
Kali statue
Orphange
Tunnel
Mahishi river
Snow mountain
Slave way
Mahishmathi
Kalika
Royal way
Way to
kadari mandalam

૧

શિવગામી

મૃત્યુ જેવી ઘનઘોર અંધારી રાત હતી. એને તો અનુકૂળ જ હતી. એ એવું નહોતી ઇચ્છતી કે કોઈ એને જુવે. રથમાં એક નાનકડું ફાનસ લટકી રહ્યું હતું જે રથના દરેક હડદોલા વખતે ભયાનક રીતે હલતું હતું. એ તો તે ફાનસને ઓલવી દેવા જ માંગતી હતી, પણ રસ્તો ભયાનક હતો. જંગલ બંને બાજુથી રસ્તો ઢાંકી દઈને જંગલની પૂર્વવત્ પરિસ્થિતિ પામવા મથતું હતું. તેઓ વાંકાચૂંકા ઢાળવાળા રસ્તા પર આગળ વધી રહ્યાં હતાં ત્યારે વૃક્ષોની નીચે ઝૂકેલી ડાળીઓ તેના ચહેરા પર ઘસાતી હતી. તેનું હૃદય લાગણીઓના ઘોડાપૂરથી ભારે હતું. હૃદયની વાંકીચૂંકા ગલીઓના ઊંડાણમાંથી જાતભાતની યાદો ઊભરાઈ રહી હતી. પાછલાં બાર વર્ષથી તેણે એ બધી યાદો બહુ ઊંડે કાળજીપૂર્વક દાટી રાખી હતી અને હવે તે બધી બહાર આવી ને તેના કાનમાં ગુંજી રહી હતી. જાણે ભૂતાવળ બેઠી થઈ રહી હતી. અત્યારે એ લોકો જે જગ્યાએ જઈ રહ્યાં હતાં, ત્યાં તેણે કદી પણ પાછા નહોતું ફરવું. ત્યાં એના કુટુંબની જે હાલત થઈ હતી, તે પછી તો એવો વિચાર પણ શાનો આવે ? નીચે ઝૂકેલું દરેક વૃક્ષ તેને એ બિહામણા દૃશ્યની યાદ અપાવી જતું હતું જેના સાક્ષી તેણે પાંચ વર્ષની નાજુક ઉંમરે પરાણે બનવું પડ્યું હતું. અચાનક જ રથ ઊભો રહી ગયો એટલે તેનું સમતુલન ખોરવાઈ ગયું અને તેનું માથું બાજુમાં અથડાયું.

'સસલું છે,' સારથિની જગ્યાએ બેઠેલા રાઘવે કહ્યું. એકદમ નીચેથી તેમની તરફ તાકી રહેલી બે ચમકતી આંખો તેને દેખાઈ અને પછી સસલાની આકૃતિ પણ દેખાઈ. તેમના ઘોડાએ નસકોરાં થથરાવીને હવાની ગંધ લીધી અને એ સાંભળીને સસલું કુધું ને ઝાડીઓમાં અદૃશ્ય થઈ ગયું. સાવ નાનકડા જીવની પણ દરકાર કરવી, એ રાઘવનો સ્વભાવ હતો.

'તારે ખરેખર આ સમયે ત્યાં જવું છે ?' તેણે પૂછ્યું. અને એ રાત્રે તેણે આ સવાલ કંઈ પહેલી વાર નહોતો પૂછ્યો. તેણે જવાબ આપ્યો નહીં. રાઘવે ચાબુકના છેડાથી ઘોડાને હળવો ગોદો માર્યો અને તેમનો રથ પાછો આગળ વધવા માંડ્યો. થોડી વારમાં બંને બાજુ ગાઢ જંગલને બદલે કાંટાળી ઝાડીઓનાં ઝૂમખાં દેખાવા લાગ્યાં. તેમની વચ્ચે વિશાળ લીસ્સા ખડકો બહાર આવેલા પણ દેખાતા હતા. એ બધા શિકાર કરવા માટે ઘાત લગાવીને બેઠેલાં જાનવરો જેવા દેખાતા હતા. દૂર ઝળૂંબી રહેલા કિલ્લા સુધી જવાના સીધા ઢોળાવવાળા સર્પાકાર રસ્તાની શરૂઆતમાં રાઘવ ખચકાયો.

'આપણે પાછાં જઈ શકીએ?' રાઘવે પૂછ્યું.

તેણે અધીરાઈપૂર્વક જીભ વડે ડચકારો કર્યો. ઘોડાને આગળ વધવાનો હળવો ઇશારો કરતા પહેલાં રાઘવે માથું ધુણાવ્યું એ તેને દેખાયું. એક જગ્યાએ ટેકરી ઊતરતી વખતે તેને રથમાંથી જમીનનો એક ટુકડો દેખાયો, ત્યારે તેને વિચાર આવ્યો કે અહીંયાં તો એક બગીચો

હતો. અત્યારે તો ત્યાં બહુ બધું નીંદણ ઊગી ગયું હતું. અહીંયાંથી મુશ્કેલીઓ વધવાની હતી. તેઓ જે રસ્તેથી ઉપર ચડી રહ્યાં હતાં તે રસ્તો ભયાનક ખીણની ધારે ધારે જ હતો. રથનાં પૈડાં નીચે કચડાઈને થાડાક પથ્થરો ઊછળીને નીચે ખીણમાં પડ્યા હતા. તેઓ જેમ જેમ ઉપર જતાં હતાં, તેમ તેમ વહેતા પાણીનો અવાજ વધુ ને વધુ સ્પષ્ટ રીતે સંભળાતો હતો.

એક કરાડની ધારે આવીને રસ્તો અચાનક જ પૂરો થઈ ગયો. લગામ ખેંચીને રાઘવ કૂદકો મારીને નીચે ઊતર્યો. ફાનસ ઉતારીને તે પાછળની બાજુ તેને ઉતરવામાં મદદ કરવા ગયો, પણ રાઘવના લંબાયેલા હાથની અવગણના કરીને તે રથમાંથી કૂદકો મારીને નીચે ઊતરી. કરાડની ધાર સુધી જઈને તેણે નીચે નજર કરી. હજારો ફૂટ નીચે વહી રહેલા પર્વતીય ઝરણાનો અવાજ તેને સંભળાતો હતો. અહીંયાં એક કાચો પુલ બંધાયેલો હતો, એમ તેને યાદ આવ્યું. તેની આંખો અંધારાથી ટેવાઈ પછી તેને પોતાની ડાબી બાજુ થોડોક ઉપર રહેલો એ પુલ દેખાયો પણ ખરો.

'એકદમ અમંગળ દેખાય છે. ખંડેર ...' રાઘવે કહ્યું પણ એ તેની બાજુમાંથી જ પસાર થઈને એ પુલ ઉપર જવાનાં તૂટેલાં પગથિયાં ચડવા માંડી. પુલની બંને બાજુનાં દોરડાં પકડીને તેણે પોતાના પગના અંગૂઠાથી પુલના પાટિયા પર વજન મૂકી જોયું.

'તું ખરેખર આ પુલ ઓળંગીશ ?' રાઘવના અવાજમાં ભય ભળેલો હતો. પુલનો થોડોક જ હિસ્સો દેખાતો હતો અને એમ લાગતું હતું કે એના દોરડાં આગળ કોઈ અંધારી ગર્તામાં સમાઈ જતાં હતાં. રાઘવના હાથમાંથી ફાનસ લઈને તેણે પુલ પર ડગલું માંડ્યું. તેના પગ નીચેના પાટિયાનો ચૂરો થઈ ગયો અને તે ગોળ-ગોળ ફરતું નીચે પડ્યું. ભયના માર્યા રાઘવે ખુલ્લા મોઢે ઊંડો શ્વાસ લીધો. આટલી ઠંડી હોવા છતાં તેના હાથમાં પરસેવો વળતો હતો. જો એ પોતાની ઘરડી દાસી લછમીને બાર વર્ષ પછી ન મળી હોત, તો તે અત્યારે આ સફરમાં નીકળી જ ન હોત. એ જ્યારે પોતાની વફાદાર લછમીને મળી, ત્યારે લછમી તો મરણપથારીએ હતી. ઘણી બધી વાતોમાં લછમીએ એક એવા પુસ્તકની પણ વાત કરી હતી જે તેના પિતા પાસે હતું. તેના પિતાએ લછમીને એવી સૂચના આપી હતી કે એ પુસ્તક તેણે તેમના સંતાનને આપવું. તેમાં કોઈ અજાણી ભાષામાં એવું હસ્તલિખિત લખાણ હતું, જેમાંથી એ જાણી શકાય તેમ હતું કે તેના પિતાની હત્યા કોણે કરી હતી.

તેના પિતા દેવરાય માહિષ્મતિ સામ્રાજ્યમાં એક ભૂમિપતિ હતા. લોકો તેમને બહુ જ પ્રેમ અને સમ્માન આપતા હતા પણ તેમને ચિત્રવધની સજા ફરમાવવામાં આવી, તે પછી – ના, તેને એ બાબતે વિચારવું જ નહોતું. અત્યારે તો નહીં જ, કે જ્યારે તે જે પુલ ઓળંગી રહી હતી તે ઝૂલી રહ્યો હોય અને દરેક પગલા સાથે કિચૂડાટ બોલાવી રહ્યો હોય.

'ધ્યાન રાખ,' રાઘવે પાછળથી બૂમ પાડી. તેની આગળ જ પુલમાં સાત હાથ જેટલું ગાબડું હતું. ફાનસ રાઘવના હાથમાં સોંપીને તેણે થોડાંક ડગલાં પાછળ ભર્યાં.

'તું પાગલ થઈ ગઈ છે,' એવા રાઘવના શબ્દો સાંભળતાં સાંભળતાં તેણે થોડુંક દોડીને, નજાકતથી એ ગાબડા પરથી કૂદકો માર્યો. તે ગાબડાની બીજી બાજુ સફળતાપૂર્વક પહોંચી તો ગઈ પણ પુલ ભયાનક રીતે હલી ઊઠ્યો હતો. તેણે પાછળ જોયું અને હસીને બાલી, 'ફાનસ મારી તરફ ફેંક અને માર કૂદકો, ડરપોક.'

રાઘવે નીચે ખીણમાં નજર કરી. તેણે અધીરાઈથી ડચકારો કર્યો. રાઘવે ગૌરી અમ્માને પ્રાર્થના કરી અને તેની તરફ ફાનસ ફેંક્યું. ફાનસ હવામાં ઊછળ્યું, ધનુષાકારે આગળ વધ્યું અને પુલને અથડાય એ પહેલાં તેણે એ ઝડપી લીધું. ફાનસ બુઝાઈ ગયું અને સળગતી દિવેટની ગંધ હવામાં ફેલાઈ ગઈ.

‘હે ભગવાન,’ એવા રાઘવના શબ્દો તેને સંભળાયા. તારાના ઝાંખા અજવાળા સિવાય ઘોર અંધારું હતું.

‘મને મારી જ આંગળીઓ નથી દેખાતી, તો હું કૂદીશ કઈ રીતે ?’

‘જો તને કશું દેખાશે નહીં, તો તને ડર પણ નહીં લાગે. ખાલી સાત હાથ જ છે.’

‘નીચે તો સાતસો હાથથી પણ વધારે છે. ત્યાં ખડકો પણ છે.’

‘કૂદ, મૂર્ખ,’ તેણે બૂમ પાડી. એક ક્ષણ પછી એ તેની બાજુમાં જ આવીને એવો ધડામ કરતો પટકાયો કે આખો ખખડધજ પુલ ધ્રૂજી ઊઠ્યો.

એ ચકમક ઘસી રહ્યો હતો, તેનો અવાજ તેણે સાંભળ્યો. તે પોતાના પગ હલાવતી ઊભી રહી. આવી રીતે સમય વેડફાતો હતો, તેથી તે અધીરી બની રહી હતી. ચકમકનો તણખો ઝિલાયા પછી સુસકારા સાથે ફાનસની વાટ સળગી ઊઠી. પછીનું અંતર તેમણે કાળજીપૂર્વક પસાર કર્યું. સદ્‌નસીબે, પુલમાં બીજે ક્યાંય ગાબડું નહોતું.

પુલ પસાર કરીને તેઓ નીચે ઊતર્યા અને ચાલીને એક ઊંચી દીવાલ સુધી ગયાં. દીવાલમાં લોઢું જડેલો લાકડાનો દરવાજો હતો જેની પર મોટું ખંભાતી તાળું મારેલું હતું. એ તાળા પર લાખની મહોર પણ મારેલી હતી.

‘મહારાજાની મહોર. આપણે તેને તોડવી ન જોઈએ,’ હાથમાં તાળું પકડીને તેનું વજન ચકાસતાં-ચકાસતાં રાઘવે કહ્યું.

જોકે તેણે તો પથરો લઈને તાળું તોડવાના પ્રયત્નો પણ શરૂ કરી દીધા હતા.

‘તું શું કરી રહી છે ? આની જવાબદારી નન્ના પર આવશે. આ કિલ્લાના રક્ષણની જવાબદારી એમની છે,’ રાઘવે તીણા અવાજે કહ્યું. તેણે રાઘવની અવગણના કરી અને તાળા પર પથ્થર ઠોકવાનું ચાલુ રાખ્યું. થોડી વારમાં રાઘવ પણ એ કામમાં જોડાઈ ગયો અને તાળું છેવટે તૂટ્યું. તેમણે ખભા વડે દરવાજાને ધક્કો માર્યો અને ભયાનક ચિચૂડાટ સાથે એ દરવાજો ખૂલ્યો.

જમીન પર મૂકેલું ફાનસ હાથમાં લઈને તે અંદર પ્રવેશી. લાગણીઓનું મોજું તેનામાંથી પસાર થઈ ગયું અને તેણે મક્કમતાપૂર્વક પોતાના હોઠ ભીડી રાખ્યા. બધું જ અજાણ્યું હતું છતાં જાણીતું જ લાગતું હતું. બંને બાજુ રહેલાં નોકરોનાં ઝૂંપડાં પડી ગયાં હતાં. તેના પિતા જે મંદિરમાં પૂજન કરતા હતા તેની છત ભાંગી પડી હતી. વાડાના કૂવા ફરતેની દીવાલ ભાંગી પડી હતી. જે આંબાની ડાળીએ પોતે હીંચકા ખાતી હતી તે એકદમ ઘેઘૂર થઈ ગયો હતો અને તેની હવેલીની છત પર ફેલાઈ ગયો હતો. હવેલીના વરંડાની બંને બાજુ ઊભા રાખવામાં આવેલા પથ્થરના સિંહ હજુ ત્યાં જ હતા. રમકડાનો તૂટેલો-ફૂટેલો ઘોડો હવેલીની વાડમાં અડધો દટાઈને પડ્યો હતો. યાદો, મધુરી અને કડવી. ઘરડી લછમી તેની પાછળ દોડતી અને દૂધ પી લેવા વિનવતી. તેના પાંચમા જન્મદિવસે પિતાજીએ તેને એક ટટ્ટુ ભેટ આપ્યો હતો. એ દિવસ પણ તેને યાદ આવી ગયો જ્યારે તેના પિતાને સાંકળોમાં બાંધીને લઈ જવામાં આવ્યા હતા.

તે પોતાના ઘરના મુખ્ય દ્વાર સમક્ષ ઊભી રહી. ના, હવે આ તેનું ઘર નથી. હવે તેને કોઈ ઘર નહોતું. હવે તે અનાથ હતી. તેણે પોતાનો હોઠ દાંત નીચે દબાવ્યો. આ વખતે રાઘવ તેની રાહ જોવા ઊભો રહ્યો નહીં. તેણે જ હવેલીનો દરવાજો તોડી નાખ્યો અને તેઓ અંદર પ્રવેશ્યાં. ફાનસના અજવાળાથી હવેલીનો અંદરનો ધૂળથી છવાયેલો ભાગ જેવો પ્રકાશિત થઈ ઊઠ્યો કે તેણે ઊંડો શ્વાસ લીધો. એક ક્ષણ માટે તેને ઇચ્છા થઈ આવી કે તે હજી પણ પાંચ વર્ષની બાળકી જ હોત તો કેવું સારું હોત. તો એના પિતા પોતાના ભવનમાંથી બહુ જ સુંદર દેખાતા

સ્મિત સાથે બહાર આવત. એ તેને ઉઠાવીને હવામાં ગોળ ગોળ ફેરવત. પોતાનાં ચુંબનોથી તેને નવડાવી દેત. તેમની સુગંધ, તેમનો સ્પર્શ, પ્રેમથી દીકરીના માથે હાથ ફેરવવાની તેમની રીત, એ બધું અત્યારે પામવાની તેને ઇચ્છા થઈ આવી. પાછલાં બાર વર્ષથી તે જીવનની દરેક ક્ષણે તેમને યાદ કરતી હતી. રાઘવના પિતા તિમ્મા કાકાએ તેને દત્તક લીધી હતી અને તે પ્રેમાળ તેમજ દયાળુ હતા. તેમ છતાં તેના હૃદયમાં તેના પિતાનું જે સ્થાન હતું તે કોઈ લઈ શકે તેમ નહોતું.

'આ તું છે ?' એક ચિત્ર તરફ આંગળી ચીંધીને રાઘવે પૂછ્યું.

'એ મારી મા છે,' તેણે ધીમેથી કહ્યું. તેના ગળે લાગણીઓનો ડૂમો ભરાઈ આવ્યો હતો. તેની મા સરસ્વતી દેવીની જેમ ખોળામાં વીણા લઈને બેઠી હતી અને એકદમ સૌમ્ય અને સુંદર દેખાતી હતી. તેણે તો તેની માને કદી જોઈ પણ નહોતી. આ ચિત્ર અને અદમ્ય અભીપ્સાથી એ ચિત્રને જોઈ રહેલા તેના પિતા, તેની માતાની આ બે સ્મૃતિઓ જ તેના મનમાં હતી.

'એ તારા જેટલાં જ સુંદર છે,' રાઘવે કહ્યું.

તે જમણી બાજુ પોતાના હાથ વડે જ કરોળિયાનાં જાળાં દૂર કરતાં કરતાં પોતાના પિતાના ભવન તરફ આગળ વધવા માંડી. એ ભવનની બારીમાંથી ખીણ અને ઘણે દૂર રહેલી મહિષી નદી દેખાતી હતી. એ નદી ક્ષિતિજમાં ઓતપ્રોત થઈ જતી. જ્યારે તેના પિતા પોતાની મેજ પર બેસીને પોતાના કામમાં ડૂબેલા હોય ત્યારે તે આ બારીની બારસાખ પર હડપચી ટેકવીને કલાકો સુધી બેસી રહેતી.

આવી બધી ઊભરાઈ રહેલી લાગણીઓને એક બાજુ હડસેલીને તે પોતાના પિતાના ભવનમાં પ્રવેશી. કરોળિયાના જાળા અને ધૂળને બાદ કરતાં બધું એમ ને એમ જ હતું. જે દિવસે એ લોકો તેમને પકડવા આવ્યા ત્યારે તે નોકરોના બાળકો સાથે બહાર વાડામાં જ રમી રહી હતી. જ્યારે એ લોકો આવ્યા ત્યારે અંદર માત્ર લછમી જ હતી જે એમને ભોજન પીરસી રહી હતી. તેના પિતાને સાંકળ વડે બાંધીને ગલીમાંથી જે રીતે ઘસડતા-ઘસડતા લઈ ગયા હતા તે દૃશ્ય તેને હજી યાદ હતું. તે જોરથી રડતી-રડતી એ રથ પાછળ દોડી રહી હતી. રથ ધીમે ધીમે નજર સામેથી અદૃશ્ય થઈ રહ્યો હતો. અચાનક લછમીએ તેને ઉપાડી લીધી અને દોડતી દોડતી હવેલીએ આવી. પણ મહારાજાના સૈનિકોએ તેમને અંદર પ્રવેશવા દીધાં નહીં અને તેની નજરની સામે જ તેના ઘર પર મહોર મારીને તેને બંધ કરી દેવાયું હતું. નોકરોને તેમના ઘરોની બહાર ધકેલી દઈને કિલ્લાના દરવાજા પણ વાસી દેવાયા હતા. તિમ્મા કાકા આવીને તેને પોતાના ઘરે ન લઈ ગયા ત્યાં સુધી એ બંને ત્યાં જ બેસી રહ્યાં હતાં.

એ લોકો જ્યારે પિતાજીને પકડવા આવ્યા ત્યારે તેઓ કોઈ વિચિત્ર ભાષામાં લખાયેલું પુસ્તક વાંચી રહ્યા હતા એમ લછમીએ તેને જણાવ્યું હતું. તેમણે એ પુસ્તક ઝડપથી લછમીના હાથમાં આપ્યું અને જમીનની અંદર એક ખાનગી જગ્યાએ સંતાડી દેવા કહ્યું. તેઓ એમ ઇચ્છતાં હતાં કે એ પુસ્તક તેમની પુત્રીના હાથમાં યોગ્ય ઉંમરે પહોંચવું જોઈએ. એની એક જ ક્ષણ પછી સૈનિકો ભવનમાં ધસી આવ્યા હતા. સૈનિકો પોતાના માલિકને ઘસડીને લઈ જઈ રહ્યા હતા તે જોઈને લછમી પણ તેમની પાછળ પાછળ ગઈ હતી અને એ જ્યારે પાછી આવી ત્યારે તો હવેલીની અને પેલા વિચિત્ર પુસ્તકની તાળાબંધી પણ થઈ ગઈ હતી.

તેને એમ વિચાર આવ્યો કે જો લછમી જીવતી હોત, તો કેટલી સરળતાથી એ જગ્યા સુધી તેને દોરી જાત ! જમીનમાં રહેલી એ છૂપી જગ્યા શોધવામાં તેને થોડોક સમય અવશ્ય લાગ્યો પણ એ જગ્યા મળી ખરી અને રાઘવની મદદથી તેણે એ જગ્યા ખોલી પણ ખરી. તેની અંદર એક હસ્તલિખિત પ્રત પડી હતી.

'પૈશાચી, રાઘવે ઉદ્‌ગાર કાઢ્યો, 'આ દેશમાં વસનારા સૌ પ્રથમ લોકોની એ ભાષા છે.'

'તને એ વાંચતાં આવડે છે ?' તેણે પૂછ્યું.

રાઘવ વિદ્વાન હતો અને તેનો મોટાભાગનો સમય વાંચનમાં જ પસાર થતો હતો. તેણે પોતાનું માથું ધુણાવ્યું. 'આ મૃત ભાષા વાંચી શકનારા બહુ ઓછા લોકો જીવિત છે. મને તો એ વિચાર આવે છે કે શા માટે તારા પિતાજીએ લખવા માટે આ ભાષા પસંદ કરી હશે.'

'આ તેમણે નથી લખ્યું. તેમને આ પ્રત કોઈ પાસેથી મળી હતી,' લછમી સાથે થયેલી વાતચીત યાદ કરીને તેણે કહ્યું.

પુસ્તકની બાંધણી થઈ હતી એ બાજુ તેણે પોતાની આંગળીઓ ફેરવી અને તેના શરીરમાં ઝણઝણાટી થઈ આવી. આ પુસ્તક તેના પિતાએ પકડ્યું હતું.

'આપણે ઉતાવળ કરવી પડશે,' રાઘવે કહ્યું. તેને ચિંતા એ વાતની હતી કે જો તેના પિતા તિમ્મા પાછા આવી ગયા હશે તો તેમણે તે બંનેની ગેરહાજરીની નોંધ અવશ્ય લીધી હતી.

એ પુસ્તકને પોતાની છાતીએ ચાંપીને તે ઊભી થઈ. તેણે ફરી વાર એ સમગ્ર ભવનને તરસી આંખે જોઈ લીધું. પુસ્તકોમાં ખૂંપેલા પોતાના પિતાની તસવીરો ફરી વાર તેની આંખો સમક્ષ આવી ગઈ. માથુ હલાવીને તેણે એ તસવીર ભૂંસી નાખી અને પ્રયત્નપૂર્વક આંસુ રોકીને તે એ ભવનની બહાર નીકળી ગઈ. રાઘવ કશું જ બોલ્યા વિના તેને અનુસર્યો.

તે ખંડેર થઈ ગયેલા મંદિર સામે થોભી. આંખો બંધ કરીને તેણે એકવાર પ્રાર્થના કરી લીધી. તેની અંદર ક્રોધ ઊભરાઈ રહ્યો હતો. એ લોકોએ તેના કુટુંબનો નાશ કરી નાખ્યો હતો. એ લોકોએ તેના પિતાને મારી નાખ્યા હતા. તેણે પોતાના પિતાને તડપી તડપીને મરતા જોયા હતા. તે લોકો એને ચિત્રવધ કહેતા હતા. આવા કાવ્યાત્મક નામમાં આ સજાની ક્રૂરતા છુપાઈ શકતી નહોતી. તેને યાદ હતું કે કઈ રીતે એ લોકોએ તેના પિતાને લોખંડના એક પિંજરામાં પૂરીને જાહેર ચોકની વચ્ચોવચ્ચ એક વડલા પર એ પિંજરુ બાંધી દીધું હતું. એ પિંજરા પર એક લાકડાના પાટિયા પર તેમણે એક શબ્દ ચિતરાવ્યો હતો : 'દેશદ્રોહી'.

એક સમયના સૌથી શક્તિશાળી ભૂમિપુત્ર દેવરાયને દેશદ્રોહી જાહેર કરવામાં આવ્યા હતા અને તે સૌથી પીડાકારક મૃત્યુ પામ્યા હતા. તેણે સાંભળ્યું હતું કે ચકલીઓ અને કાગડાઓએ તેમને જીવતા જ ચૂંટી ખાધા હતા. મોતને ભેટવામાં તેમને ત્રણ અઠવાડિયાં લાગ્યાં હતાં અને એ દરમિયાન માહિષ્મતીના લોકો નીચે ફરવા આવતા હતા અને તેમને ટોણા મારતા હતા.

દુષ્ટ રાજ્ય માહિષ્મતી અને તેના રાજાને તે અનહદ નફરત કરતી હતી. એ પુસ્તકને પોતાની છાતીએ ચાંપીને તે બોલી, 'ગૌરી અમ્મા, હું પ્રતિજ્ઞા લઉં છું કે હું માહિષ્મતી સામ્રાજ્યનો નાશ કરીશ.'

તે ફરી ત્યારે રાઘવ તેને ભેટી પડ્યો. તેના હાથમાંથી ફાનસ પડી ગયું અને સૂસકારો કરતું બંધ થઈ ગયું. તેને એટલો આંચકો લાગ્યો હતો કે તે કોઈ પણ જાતની પ્રતિક્રિયા આપી શકી નહીં. રાઘવે તેને જુસ્સાપૂર્વક ચુંબન કર્યું. 'શિવગામી, શિવગામી, આપણે બંને ભેગાં થઈને તેનો નાશ કરીશુ. તું ક્યાંય જતી નહીં. મારી સાથે જ રહેજે…'

શિવગામીએ તેને ધક્કો માર્યો અને તેના ચહેરા પર સણસણતો તમાચો જડી દીધો. 'તારી…તારી હિંમત જ કઈ રીતે થઈ, રાઘવ.'

ગુસ્સાથી તેનો શ્વાસ ભરાઈ ગયો અને તે ઉદાસ થઈ ગઈ. પોતાના બાળપણના જોડીદાર, પોતાના મિત્ર પાસેથી તેણે આવી અપેક્ષા નહોતી રાખી. રાઘવે જે રીતે જુસ્સાપૂર્વક ચુંબન કર્યું

હતું તેનાથી શિવગામીના મનમાં એ શું ઇચ્છે છે એ બાબતે કોઈ જ શંકા રહી નહોતી.

'હું દિલગીર છું, શિવગામી, ખરેખર દિલગીર છું,' રડતાં રડતાં રાઘવે તીવ્ર સંતાપ સાથે કહ્યું.

'હું તારી પર વિશ્વાસ કરતી હતી, રાઘવ. હું તને મારા મોટા ભાઈ જેવો માનતી હતી,' શિવગામીએ દુ:ખ સાથે કહ્યું.

હાથ વડે પોતાનો ચહેરો છુપાવીને તે ગોઠણભેર બેસી ગયો. 'તું હજી પણ મારી પર વિશ્વાસ કરી શકે છે, શિવગામી. દુનિયામાં એવો કોઈ પુરુષ નથી જે તને મારા કરતા વધારે ચાહતો હોય. પણ હું તારા મોટા ભાઈ જેવો છું, એમ ન બોલીશ. કોઈ પુરુષ કોઈ સ્ત્રીને ન ચાહી શકે, એમ મેં તને ચાહી છે. મેં તને કદી પણ બહેનની નજરથી નથી જોઈ.'

'ના, રાઘવ, ના. તું મારા માટે મારા ભાઈથી વધારે કશું જ નથી. તિમ્મા કાકાને તો હું મારા પિતા જેવા જ માનું છું. એટલે એમનો પુત્ર મારા ભાઈથી વિશેષ કશું જ ન હોઈ શકે. અને, મારા જીવનમાં આમ પણ એક જ લક્ષ્ય છે,' શિવગામીએ કહ્યું. તેને પોતાના બાળપણના મિત્રની દયા આવતી હતી.

'ના, આવા ક્રુર શબ્દો બોલીશ જ નહીં. કંઈ પણ બોલીશ નહીં. મારે કંઈ જ સાંભળવું નથી. હું તને મદદ કરીશ, શિવગામી. તને બદલો લેવામાં હું મદદ કરીશ. ના – કંઈ બોલીશ નહીં... કૃપા કરીને...મને મારી વાત પૂરી કરી લેવા દે... મહારાજ સોમદેવ બહુ જ શક્તિશાળી છે, પણ દુનિયામાં એમનાથી વધારે શક્તિશાળી હોય, એવા પણ ઘણા રાજા છે જ. હું તેમને મળીશ અને તેમને અહીં ખેંચી આવીશ. આ બધું હું તારા માટે કરીશ, શિવગામી. તારા માટે હું આખી દુનિયામાં અને જરૂર પડી તો આ દુનિયાની પેલે પાર પણ જઈશ. તું અમારા ઘરેથી જતી રહે એ પહેલાં એ ઘર હું જ છોડી દઈશ. નન્ના તને કેમ મોકલી રહ્યા છે એની મને ખબર નથી, પણ આવતીકાલની પરોઢ પહેલાં હું માહિષ્મતી છોડી દઈશ.'

'રાઘવ, કૃપા કરીને...'

'ના, શિવગામી, કૃપા કરીને વચ્ચે બોલીશ નહીં. મને માત્ર એટલું જ વચન આપ કે જે દિવસે તું માહિષ્મતીનો નાશ કરીશ, એ દિવસે તું મારી હોઈશ. મને વચન આપ કે—'

મારે તારી કોઈ જ મદદ નથી જોઈતી, રાઘવ. મારે કોઈની મદદ જોઈતી નથી. મને ખબર નથી કે કેવી રીતે અને ક્યારે પણ તું એક દિવસ માહિષ્મતી અને તેના દુષ્ટ શાસકોનો નાશ અવશ્ય કરીશ. હું એવું કોઈ વચન આપતી નથી કે—'

પણ એ વાક્ય પૂરું કરે તે પહેલાં રાઘવે તેના મોઢા પર પોતાની હથેળી મૂકીને તેને બોલતી બંધ કરી દીધી. 'શિવગામી, હવે હું આ વિષે એક શબ્દ પણ બોલીશ નહીં. માત્ર થોડોક સમય મારી પર તારી કૃપાદૃષ્ટિ રાખજે. હું કાલે જઈ રહ્યો છું. કૃપા કરીને...તારે વચન ન આપવું હોય તો હું એવી આશા સાથે જઈશ કે હું તને મદદ કરીશ પછી કદાચ તારું હૃદય પરિવર્તન થશે.'

શિવગામીએ જવાબ આપવની પરવા કરી નહીં. અત્યારે રાઘવ સાથે વાત કરવાનો કોઈ જ અર્થ નહોતો. તેનો લાગણીશીલ મિત્ર થોડાક જ સમયમાં સત્ય અવશ્ય સમજી જશે એવી તેને આશા હતી. તેઓ મૌન રાખીને જ ઘર તરફ પાછાં જવા લાગ્યાં.

શિવગામીના મનમાં જૂની યાદોનું ઘોડાપૂર ઊમટ્યું હતું. રાજાએ તેના પિતાની જે હાલત કરી હતી તેનો ગુસ્સો તેના મનમાં ફરી વાર ઊભરાયો હતો. એટલે રાઘવ વિષે કે તિમ્મા કાલે તેને ક્યાંક મોકલી દેવાના છે એમ રાઘવે જે કહ્યું હતું તે વિષે તેને એકવાર પણ વિચાર આવ્યો

નહીં.

૨



કટપ્પા

શિકારીઓની ટોળી જંગલમાં ઝડપથી આગળ ધપી રહી હતી. માહિષ્મતીના રાજા જે હાથી પર બેઠા હતા તેની સાથે-સાથે એક પાતળો અને શ્યામવર્ણો યુવાન પણ દોડી રહ્યો હતો. તેની આગળ, તેના પિતા પીંછાની કલગીથી સજાવેલા સફેદ ઘોડા પર સવારી કરી રહ્યા હતા. તેની પાછળ, સૈનિકોના ઘેરા વચ્ચે પોતપોતાની કથ્થઈ ઘોડીઓ પર માહિષ્મતીના રાજકુમારો આવી રહ્યા હતા. તેમની પાછળ સૈનિકોની કતાર થોડી ધીમે-ધીમે આવી રહી હતી, કારણ કે તેમના ખભા પર શિકારમાં મારેલાં હરણ અને જંગલી ભૂંડોનો ભાર હતો. વૃક્ષોના પડછાયા પૂર્વ દિશામાં ખસવા માંડ્યા હતા. ધુમ્મસ ઝાડીઓથી ઉપર ઊઠી રહ્યું હતું. તેઓ સવારથી શિકાર કરી રહ્યા હતા પણ ત્રણ ટોળીના કુલ માણસોની સંખ્યા સામે બહુ ઓછો શિકાર મળ્યો હતો. આગલી રાત્રે જે ઝરમર ઝરમર વરસાદ પડવો શરૂ થયો હતો તેના કારણે જંગલ ભેજવાળું અને જમીન લપસણી બની ગઈ હતી.

'કટપ્પા, આગળ દોડ અને છાવણી નાખવાની વ્યવસ્થા કર,' સફેદ ઘોડા પર જઈ રહેલા માણસે પોતાના પુત્રને કહ્યું. પોતાને મદદ કરી શકે એવા અમુક ગુલામો પસંદ કરીને તે આ બધા સરઘસથી આગળ નીકળી ગયો. જ્યારે કટપ્પા છાવણી નાખવાની જગ્યાએ પહોંચ્યો ત્યારે ત્યાં ભાટ લોકો બેઠાં બેઠાં પોતાના તંબુરા અને મૃદંગોના સૂર મિલાવી રહ્યા હતા. તેઓ ખચકાટ સહ ઊભા થયા. તેના ગળા ફરતે કાળા પોલાદની જે વાળી પહેરાવેલી હતી તેના કારણે એ ગુલામ હતો એ તો જણાઈ આવતું હતું પણ જે રીતે તે વર્તતો હતો તેના કારણે તેને ન આપવો હોય તો પણ આદર અપાઈ જતો હતો.

કટપ્પાએ તેમને જગ્યા કરવાનું કહ્યું અને તે લોકો એકબીજા સાથે કાનાફૂસી કરતાં અને ધક્કામુક્કી કરતાં બાજુમાં હઠી ગયા. કટપ્પા તંબુઓ ઊભા કરવાની અને જાજમો પાથરવાની સૂચનાઓ આપવા લાગ્યો હતો. જોકે તેના વિચારો તેના ભાઈ શિવપ્પા તરફ ખેંચાઈ ગયા હતા. સત્તર વર્ષની ઉંમરે તે હજુ પણ રાજમહેલનો અદનો ગુલામ જ હતો, એવો ગુલામ જે પોતાના માલિકનાં નાનાં-મોટાં કામ કરતો હોય પરંતુ જેને કદી પણ મહેલની બહારની દુનિયા જોવા પણ મળતી હોય નહીં. મહારાજાની શિકારી ટોળીમાં જોડાવા જેટલો તો એ મોટો નહોતો પણ આજે સવારે તો એ તેમની સાથે જોડાવા માટે જિદ્દ જ કરવા લાગ્યો હતો. તેમના પિતાએ તેને ઠપકો આપ્યો પછી જ એ શાંત થયો હતો. જોકે શિવપ્પા આટલી સરળતાથી પોતાની જિદ્દ પડતી મૂકનારો માણસ નહોતો. પાછળથી કટપ્પાએ જ શિવપ્પાને પોતાની સાથે છુપાવીને લાવવો પડ્યો હતો અને અત્યારે એ શિકારીઓની ટોળીમાં સૌથી પાછળની બાજુએ હતો અને સૈનિકોને તેમના ટોપલા અને વાસણો ઊંચકવામાં મદદ કરી રહ્યો હતો. તેમના પિતાને, અલબત્ત, એ બાબતની જાણ નહોતી. કટપ્પાને ભય એ વાતનો હતો કે તેનો મિજાજી ભાઈ કોઈ અન્ય ગુલામ સાથે ઝઘડો કરીને ભાંડો ફોડી નાખશે તો મુશ્કેલી સર્જાશે. જો તેમના

પિતાને આ વાતની જાણ થશે તો તેની ભારે કિંમત ચૂકવવી પડશે.

રાજાની ટોળીનો પહેલો ઘોડો તેણે છાવણી તરફ વળતો જોયો ત્યારે તેણે બધાને વધારે ઝડપથી કામ કરવાની બૂમ પાડી. ગુલામો ઘોડાઓ માટે પૂળા ગોઠવી રહ્યા હતા અને હાથીઓના પીવા માટે તાંબાનાં મોટાં પાત્રોમાં પાણી ભરી રહ્યા હતા. શિકારીઓની ટોળી નજીક આવતી ગઈ તેમ તેમ વાતાવરણ હણહણાટી અને ખરીની ધણધણાટીથી ગાજવા માંડ્યું. પોતાના હુકમ મુજબ જ બધું ગોઠવાયું છે કે નહીં તેની ખાતરી કરવા માટે કટપ્પાએ છાવણી પર નજર કરી. આવા કોઈ શિકારી સાહસમાં પહેલી વાર જ તેને આટલી મોટી જવાબદારી આપવામાં આવી હતી અને તે કોઈ જ ભૂલ કરવા માંગતો નહોતો. તેણે ફરી વાર જ્યારે શિકારી ટોળી બાજુ નજર કરી ત્યારે તો રાજાનો હાથી નીચે ઝૂકી રહ્યો હતો કે જેથી રાજા ઊતરી શકે. કટપ્પાએ જોયું કે તેના પિતા ઘોડા પરથી કૂદકો મારીને નીચે ઊતર્યા અને રાજાની દિશામાં દોડી ગયા. તેના પિતા ત્યાં જઈને ઘૂંટણિયે બેસી ગયા અને તેમના ખભા પર પગ મૂકીને મહારાજા સોમદેવ નીચે ઊતર્યા.

'એય, તું ગુલામ છોકરા...'

કટપ્પાનું શરીર તંગ થયું. એ જાણતો હતો કે ગુલામ કહેવડાવવું કશું જ ખોટું નથી, કારણ કે એ છેવટે તો ગુલામ જ હતો. પણ જ્યારે જ્યારે તે આ સંબોધન સાંભળતો ત્યારે ત્યારે તેને ચીડ ચડતી. જોકે 'ગુલામ' શબ્દ કરતાં પણ વધારે તકલીફ તો તેને બાવીસ વર્ષના બિજ્જલના મોઢેથી બોલાતા 'છોકરા' શબ્દથી થતી, કારણ કે બિજ્જલ તો તેના કરતાં પણ થોડાક મહિના નાનો હતો.

પોતાનો અણગમો છુપાવીને ચહેરા પર તદ્દન દાસત્વના ભાવોનું આરોપણ કરીને તે અવાજની દિશામાં ગયો. રાજકુમાર બિજ્જલે તેને પોતાના ઘોડાની પાસે આવવાનો ઇશારો કર્યો. કટપ્પા તેની પાસે ગયો. તે ઝૂક્યો અને રાજકુમારે તેને ઇશારો કર્યો કે તેણે ઘૂંટણિયે બેસવું. લોકો તેની તરફ જ જોઈ રહ્યા હતા.

'ભાઈ, અટકી જા. એ તારાથી મોટો છે,' રાજકુમાર મહાદેવે તીણા અવાજે કહ્યું. બિજ્જલ ગાલમાં જ હસ્યો. 'ગુલામોની ઉંમર કે નામ નથી હોતાં, એ વાત યાદ રાખજે. આપણે કહીએ તે કરવા એ લોકો બંધાયેલા છે.'

'પણ...'

બિજ્જલે હાથ વીંઝીને કટપ્પાના ડાબા કાનની ઉપર તમાચો માર્યો. ગુલામની દુનિયા ગોળ ગોળ ફરવા માંડી. તેણે આવી કોઈ જ કલ્પના નહોતી કરી.

'હું જ્યારે તને ઘૂંટણિયે બેસવાનું કહું ત્યારે તારે તરત જ બેસી જવાનું,' કટપ્પાના બીજા ગાલ પર પણ લાફો મારીને બિજ્જલે પોતાનો હુકમ પૂરો કર્યો. કટપ્પા ઝડપથી ઘૂંટણિયે બેસી ગયો. બિજ્જલે તેના પાતળા ખભા પર પગ મૂક્યો અને પોતાના ઘોડા પરથી નીચે ઊતરવા માંડ્યો. બિજ્જલના શરીરના ભારથી કટપ્પા હલી ગયો, તેણે પોતાનું સમતોલન ગુમાવ્યું અને રાજકુમારને લઈને તે જમીન પર ચત્તોપાટ પડ્યો. સન્નાટો વ્યાપી ગયો અને બધા તેમની તરફ જોવા લાગ્યા. રાજકુમાર મહાદેવ તો ખડખડાટ હસવા લાગ્યો.

બિજ્જલ ઊભો થયો. તેની સુંદર રેશમી ધોતી કાદવ વડે ખરડાઈ ગઈ હતી. કટપ્પા ગભરાઈ ગયો હતો. તેણે બહુ મોટી ભૂલ કરી હતી. બિજ્જલના ચહેરા પર ઊભરાઈ રહેલો ક્રોધ તે જોઈ શકતો હતો. બિજ્જલ ઘૂરક્યો. તેણે પોતાની ચાબુક ખેંચી કાઢી અને એ જ સમયે કટપ્પા એક ડગલું પાછળ હટ્યો. કટપ્પાનું ગળું કોરું પડી ગયું. બિજ્જલે એક ડગલું

આગળ ભરીને ચાબુક વીંઝી. ચાબુક કટપ્પાને વાગી તો નહીં પણ એ ભયભીત થઈ ઊઠ્યો. તેણે પોતાની આંખો બંધ કરી અને પોતાના શરીર પર ચાબુક વિંઝાવાની રાહ જોવા લાગ્યો.

'ના, અન્ના...' મહાદેવની બૂમ કટપ્પાને સંભળાઈ. કૃપા કરીને બૂમો ન પાડશો. એમ કરવાથી તો એમનો ગુસ્સો વધશે , એમ કટપ્પાએ મનોમન વિચાર્યું. બિજ્જલે ચાબુક પોતાના હાથ પર વીંટી ને ફરી એક વાર હવામાં વીંઝી. ભયભીત કટપ્પાએ ફરી વાર પાછળ એક ડગલું ભર્યું, તેને ઠેસ વાગી અને તે પીઠભેર પડ્યો. બિજ્જલ તેની પાસે આવીને એકદમ ટટ્ટાર ઊભો રહ્યો. તેના વાંકડિયા વાળથી સૂરજ ઢંકાઈ ગયેલો લાગતો હતો. કટપ્પાને ઘાસની ભીનાશ અને તેના ટોપકાની ધાર, એ બંને બહુ સારી રીતે અનુભવાતાં હતાં. પોતાના હાથ અને પગનો ઉપયોગ કરીને તે પીઠભેર જ ઘસડાતો ઘસડાતો બિજ્જલથી બને તેટલું દૂર જવા મથ્યો.

'કૃપા કરો, મહારાજ, કૃપા કરો,' તેણે ચિત્કાર કર્યો. ચાબુક હવામાં વિંઝાઈ અને તેના ચહેરા પર જ વિંઝાઈ. તેણે પોતાના દાંત ભીંસ્યાં અને આંસુ રોકવાનો નિરર્થક પ્રયત્ન કર્યો.

કટપ્પાના ગાલ, ખભા, નાક, પેટ અને જાંઘ પર આગ લાગ્યા જેવી બળતરા ઊઠી હતી પણ તેણે પોતાના હોઠ મક્કમ રીતે ભીડી રાખ્યા હતા. મોઢામાંથી ડૂસકું બહાર ન પડવું જોઈએ એવો તેણે દૃઢ નિર્ધાર કર્યો હતો. ચાબુક તેની પર વિંઝાતી જ રહી, વિંઝાતી જ રહી.

આ જ તેનું નસીબ હતું, તેના પૂર્વજોનું નસીબ હતું. તે માત્ર ગુલામ હતો, એવો ગુલામ જે માહિષ્મતીના શાહી પરિવારના રક્ષણ માટે પોતાનું જીવન આપવા માટે બંધાયેલો હતો. તેમ છતાં, હૃદયના અંતરતમ ખૂણામાં તેને આ વાતની પીડા પણ હતી. તેનું મૂલ્ય એક ઘોડા જેટલું જ હતું. કદાચ એ સરખામણી પણ વધારે હતી, કારણ કે ઘોડાને તો સારો ખોરાક પૂરો પાડવામાં આવતો અને તેના તબેલાના છાપરામાંથી પાણી પણ ટપકતું નહીં.

'અન્ના...' તેને દૂરથી શિવપ્પાનો અવાજ સંભળાયો. આંસુ અને લોહીથી ઝાંખી પડી ગયેલી તેની દૃષ્ટિમાં તેને પોતાની દિશામાં ધસી રહેલો શિવપ્પા દેખાયો. ના ! ઓ મા ગૌરી, ના, ના, એમ એ બૂમો પાડવા માંગતો હતો.

તેણે શિવપ્પાનો ક્રોધિત ચહેરો જોયો અને પોતાની આંખો બંધ કરી લીધી. જ્યારે તેને બિજ્જલના મોઢામાંથી નીકળેલી પીડાકારક ચીસ સંભળાઈ ત્યારે જ તેણે પોતાની આંખ ખોલી. રાજકુમારે પોતાની બંને હથેળીઓ વડે પોતાનું નાક ઢાંકી દીધું હતું પણ તેની આંગળીઓ વચ્ચેથી પણ લોહી વહી રહ્યું હતું. કટપ્પાના પગ પાસેથી એક લોહિયાળ પથ્થર રગડતો રગડતો પસાર થયો અને બીજા પથ્થર વડે શિવપ્પા નિશાન લઈ રહ્યો હતો. કટપ્પાએ બૂમ પાડીને તેને અટકવાનું અને દોડવાનું કહ્યું. બધું એકદમ ઝડપથી બની રહ્યું હતું. જ્યારે કટપ્પાએ જોયું કે તેમના પિતા હાથમાં ચાબુક લઈને તેમની દિશામાં દોડી રહ્યા છે ત્યારે તેનું હૃદય બેસી જ ગયું.

શિવપ્પાએ ફેંકેલો બીજો પથ્થર સુસવાટ કરતો તેમની બાજુમાંથી પસાર થઈ ગયો અને કોઈને વાગ્યા વિના જમીન પર પટકાયો એટલે થોડોક કાદવ પણ ઊછળ્યો. એ ત્રીજો પથ્થર ઉપાડી શકે એ પહેલાં મલયઅપ્પાની ચાબુક વિંઝાઈ અને તેના ચહેરા પર જ વાગી. શિવપ્પા ચીસો પાડતો જમીન પર પટકાયો. તેના પિતા તેની પર નિર્દયતાથી ચાબુક વીંઝતા રહ્યા અને તે જમીન પર આમ તેમ ઊછળતો રહ્યો.

'જે રાજકુમારની તારે રક્ષા કરવાની છે, એને જ મારવાની તારી હિંમત કઈ રીતે થઈ ? કૃતઘ્ની કૂતરા !' ચાબુક વીંઝતાં વીંઝતાં મલયઅપ્પાએ રાડ પાડીને કહ્યું. કટપ્પાએ તેમને રોકવાનો પ્રયત્ન કર્યો પણ તેને પણ પોતાના પિતાના ક્રોધનો સામનો કરવો પડ્યો.

'તું તો દૂર જ રહેજે ! આ બધો તારો જ વાંક છે. મારા હુકમનો અનાદર તું કઈ રીતે કરી શકે?'

'કૃપા કરીને અટકી જાવ. એમાં કટપ્પાનો વાંક જ નથી,' રાજકુમાર મહાદેવે ઊંચા અવાજે કહ્યું. જ્યારે રાજકુમારનો અવાજ સાંભળ્યો ત્યારે મલયઅપ્પાએ એકદમ નમીને પ્રણામ કર્યાં.

'હું એનું મોત ઇચ્છું છું. એણે મારું નાક તોડી નાખ્યું છે. એને મારી નાખ, એને મારી નાખ, એને મારી નાખ,' રાજકુમાર બિજ્જલ ગરજ્યો. શાહી વૈદ્ય તેના લોહી નીંગળતા નાક પર દવા લગાડી રહ્યો હતો. મલયઅપ્પાએ ફરી વાર પોતાના પુત્રને મારવો શરૂ કર્યો.

રાજકુમાર મહાદેવ દોડતો દોડતો મહારાજ સોમદેવ પાસે ગયો. 'પિતાજી, કંઈક કરો. કૃપા કરીને તેને અટકાવો, પિતાજી, કૃપા કરો.'

કટપ્પાએ જોયું કે મહારાજાના પ્રતિભાવની રાહ જોવા માટે તેના પિતા એકાદ ક્ષણ પૂરતું અટક્યા. મહારાજા સોમદેવનો ચહેરો તો જાણે પથ્થરમાંથી કોતરાયો હોય તેમ તેઓ રાજકુમાર મહાદેવની ચીસોથી બિલકુલ નિર્લેપ હતા.

મલયઅપ્પાએ ચાબુક કટપ્પાના હાથમાં આપી અને કહ્યું, 'હવે તું એને સજા આપીશ.'

'પિતાજી !'

'એને જ્યાં નહોતું આવવાનું ત્યાં તું લઈ આવ્યો અને એણે જે નહોતું કરવાનું એ કરી નાખ્યું. એટલે સજા તો તને પણ મળવી જોઈએ. હવે મેં કહ્યું એમ કરવા માંડ.'

કટપ્પાએ ધ્રૂજતા હાથે ચાબુક લીધી. જ્યાં જ્યાં ચાબુક વાગી હતી, ત્યાં બધેથી શિવપ્પાનું લોહી વહી રહ્યું હતું. કટપ્પાએ પોતાના ભાઈના ચહેરા સામે જોયું. તેને આશા હતી કે તે દયાની ભીખ માંગશે પણ શિવપ્પાના ચહેરા પર શાંતિ છવાયેલી હતી. કટપ્પાને થયું કે છેવટે તેનો ભાઈ રડવા માંડે તો પણ સારું. જોકે કટપ્પાએ મારેલા એકવીસ ફટકામાં એક પણ વાર શિવપ્પાએ ઉંહકારો પણ ભર્યો નહીં. એ દરેક સમયે કટપ્પાના હૃદય પર તો ચીરા પડતા જ હતા. ચાબુક વિંઝાતી અને શિવપ્પાની ચામડી ઉતરડાતી જતી હતી પણ શિવપ્પા તો પોતાના ભાઈની આંખોમાં જ તાકી રહ્યો હતો. આ એ ક્ષણ હતી જ્યારથી કટપ્પાને પોતાના જ જીવન પ્રત્યે નફરત થવા માંડી હતી.



કટપ્પા પોતાના ભાઈ પાસે ગયો ત્યારે મધ્યરાત્રિ પછીનો સમય હતો. ત્યાં સુધીમાં ભાટ લોકો પણ નશામાં એવા ગર્ત થઈ ગયા હતા કે તેમણે માહિષ્મતી રાજવંશના ઉદાહરણીય પૂર્વજો અને તેમની બહાદુરીની ભાટાઈ કરવાનું બંધ કરી દીધું હતું. નર્તકીઓ તેમના ચાહકો સાથે જતી રહી હતી, તંબુઓ આસપાસની ઝાડીઓમાંથી તેમની દબાયેલી કિલકારીઓ કટપ્પાને સંભળાઈ રહી હતી. રાજા પોતાના શાહી તંબુમાં આરામ કરવા જતા રહ્યા હતા અને અન્ય મહાનુભાવો પણ. તેમના પિતા પણ મોટાભાગે તો રાજાની સેવામાં જ હશે. પોતાના ભાઈ સાથે કટપ્પાએ જે રીતે વર્તવું પડ્યું હતું તેના કારણે તેના મનમાં દોષની લાગણી ઊભરાઈ રહી હતી.

ગાંઠોવાળા મૂળ અને વાંકીચૂંકી શાખાઓવાળા એક ઝાડ નીચે શિવપ્પા પડ્યો હતો. કટપ્પા બહુ કાળજીપૂર્વક ચાલતો હતો જેથી એક નાનકડી ડાળખી પણ તેના પગ નીચે કચડાય નહીં. જેમ જેમ એ ઝાડની પાસે આવતો ગયો તેમ તેમ વૈદ્યોએ તેના ભાઈ પર લગાવેલા ઓસડિયાંઓની ગંધ વધતી ગઈ. શિવપ્પા કણસી રહ્યો હતો. આકાશમાં ઝાંખો ચંદ્ર હતો.

કટપ્પા પોતાના ભાઈની પાસે આવ્યો એ સમયે કોઈક ઝાડીઓમાં ઝડપથી પલાયન કરી ગયું.

'હું ખરેખર દિલગીર છું,' કટપ્પાના ગળે ડૂમો ભરાઈ ગયો. 'તને દુખે છે ?'

શિવપ્પાએ જવાબ આપ્યો નહીં. તેની આંખો બંધ હતી. ચાબુકથી પોતાના ભાઈની ચામડી પર જે લાંબા અને ઊંડા જખ્મો પડ્યા હતા તેનો સ્પર્શ કરવા કટપ્પાએ હાથ લંબાવ્યો પણ તે ધ્રૂજી ઉઠ્યો. છેલ્લી ઘડીએ તેણે હાથ પાછો ખેંચી લીધો અને તેની આંખોમાં ભીનાશ ઊભરાઈ આવી.

'કામાક્ષી,' શિવપ્પા બબડી રહ્યો હતો, 'તું સાચું કહે છે. હું માત્ર ગુલામ જ છું.'

કટપ્પા ખચકાઈ ગયો. તેનો ભાઈ હજુ પેલી છોકરીને મળતો હતો. તેના પિતાએ ચેતવણી આપી હતી અને પોતે તેને તેમ ન કરવાની સલાહ આપી હતી, તેમ છતાં. આ પાગલ છોકરાને કોણ સમજાવી શકશે ?

'શિવપ્પા,' કટપ્પાએ તેના ભાઈને હલાવ્યો અને તેણે આંખ ખોલી. 'તેને ફરી વાર મળવાનો તને કોઈ જ અધિકાર નથી. તું એની હત્યા કરાવવા માંગે છે ?'

'આપણે શા માટે ગુલામ છીએ?' શિવપ્પાએ પૂછ્યું અને તેના આ ઓચિંતા પ્રશ્નથી કટપ્પા દિગ્મૂઢ થઈ ગયો.

કટપ્પા પાસે તેનો કોઈ જ જવાબ નહોતો. આ વસ્તુ તે પોતે પણ ઘણીવાર પોતાની જાતને પૂછતો હતો. તેને એવો આછોપાતળો ખ્યાલ હતો કે ઘણી બધી પેઢીઓ પહેલાં તેના પૂર્વજોએ કોઈ પ્રતિજ્ઞા લીધી હતી. જ્યારે તેની મા જીવતી હતી અને તે તેને આ પ્રશ્ન પૂછતો, ત્યારે તે સ્મિત કરતી, તેના વાંકડિયા વાળમાં હાથ ફેરવતી અને માત્ર એટલું કહેતી કે એ જ તો તેમનું નસીબ છે. તેમના નસીબમાં એમ જ લખાયેલું છે. કોઈ અજાણ્યા ભગવાને, કોઈ અજાણી જગ્યાએ એમ લખી કાઢ્યું હતું કે અમુક લોકો માલિક બનવા જોઈએ અને તમુક લોકો ગુલામ બનવા જોઈએ.

રાજાના તંબુ પાસે રાખના ઢગલાના અંગાર બુઝાતા કટપ્પા જોઈ રહ્યો. તેના પિતા તેની આગળ જ ટૂંટિયું વાળીને પડ્યા હતા. એ અંગારમાંથી જે ઝાંખુ અજવાળું પ્રગટતું હતું તેમાં તેમનું અડધું મોઢું દેખાતું હતું. તેના પિતા કદાચ માહિષ્મતી રાજાના સૌથી વિશ્વાસુ સેવક હતા તેમ છતાં તે છેવટે તો ગુલામ જ હતા, તે વિચારથી ખેદ તો થતો જ. કટપ્પા જાણતો હતો કે બીજા બધા જ ગુલામોની જેમ તે પોતે પણ પોતાના માલિક માટે જ જીવશે, તેની સેવા કરશે અને મરી જશે પણ તેની કદર કરનાર કે તેના મરસિયા ગાનાર પણ કોઈ નહીં હોય.

સદ્ભાગ્યે, તેના ભાઈએ આંખો બંધ કરી દીધી હતી અને એ ક્ષણ પૂરતો તો એ પ્રશ્ન ટળી ગયો હતો. એ પીડાથી કણસી રહ્યો હતો.

p

'તને તાવ જેવું લાગે છે ! તારી ચામડી તો ધગી રહી છે,' કટપ્પાએ પૂછ્યું અને તેના કપાળનો સ્પર્શ કર્યો. શિવપ્પા ટૂંટિયું વાળીને પડ્યો રહ્યો અને માત્ર પોતાની પ્રેમિકાનું નામ બબડતો રહ્યો. કટપ્પા નિ:સહાયતાથી તેને જોઈ રહ્યો. વૃક્ષોનાં પાંદડાં વચ્ચે ધુમ્મસ ફેલાવા લાગ્યું. માત્ર તમરાનો અને તેના ભાઈના ઊંડા, મુશ્કેલીથી લેવાતા શ્વાસનો અવાજ જ આવતો હતો. અચાનક સૂકાં પાંદડાં કચડાયાનો અવાજ આવ્યો અને કટપ્પા ફર્યો.

'ઓહ, માલિક ન હોય ત્યારે ગુલામો આવું કરતા હોય છે.'

જ્યાં ગુલામો સૂતા હોય ત્યાં રાજકુમાર બિજ્જલ આવશે એવી કટપ્પાને આશા નહોતી. તેણે ચપળતાથી ઝૂકીને નમન કર્યાં અને પછી શું કરવું તેવી અનિશ્ચિતતામાં તે ઊભો રહ્યો.

આંખના ખૂણેથી તેણે જોઈ લીધું કે પોતાના ભાઈને બોલાવવા માટે રાજકુમાર મહાદેવ તેમની દિશામાં દોડતો આવી રહ્યો હતો.

'પહેલાં રાજકુમારને પથ્થર મારવાનો અને પછી મોટાભાઈના હાથે બે-ચાર હળવા ફટકા ખાઈને છૂટી જવાનું, એમ વિચારે છે તું ?' રાજકુમાર બિજ્જલના હાથમાં ચાબુક હતી અને તે તેમની તરફ જોઈ રહ્યો હતો. તેણે એક વાર હવામાં જ એ ચાબુક વીંઝી, પછી તેને પોતાના હાથ ફરતે વીંટાળી.

'બહુ હોશિયાર છે તારો બાપ, નહીં? એક ગુલામ થઈને તેણે યુક્તિ લડાવી નાખી અને મારો પોચટ બાપ એમાં ફસાઈ પણ ગયો.'

કટપ્પાએ રાજકુમાર બિજ્જલના પગ પકડી લીધા અને તેને એવી રીતે વળગી પડ્યો જાણે એના પર જ પોતાના જીવનનો આધાર હોય. 'સ્વામી, દયા કરો, દયા કરો.'

ત્યાં આવી પહોંચેલા રાજકુમાર મહાદેવે પોતાના ભાઈને ખેંચીને લઈ જવાનો પ્રયત્ન કર્યો પણ બિજ્જલે તેને જ ધકેલી દીધો. મોટા રાજકુમારે આંગળી ચીંધીને પોતાના ભાઈને કહ્યું, 'તું તો દૂર જ રહેજે, ડરપોક. આજે હું તને શીખવાડીશ કે ગુલામોને કઈ રીતે રખાય. આ હરામજાદો એમ વિચારે છે કે માહિષ્મતીના યુવરાજને મારીને તે આટલી સરળતાથી બચી જશે ?'

મહાદેવે બૂમ પાડી, 'શિવપ્પા, દોડ, દોડીને મહારાજાના શરણે જતો રહે અને તેમનું રક્ષણ માંગ. નહીંતર મારો ભાઈ તને મારી નાખશે.'

શિવપ્પા એક ક્ષણ માટે ખચકાયો. બિજ્જલ તેની તરફ ધસ્યો અને ચાબુક વીંઝી. પોતાની જાતને એ ફટકાથી બચાવવા માટે શિવપ્પા બાજુમાં ખસ્યો અને પછી છાવણી તરફ દોડ્યો. બિજ્જલે કટપ્પાને લાત મારી અને ગાળો બોલતો બોલતો શિવપ્પાની પાછળ દોડ્યો અને તેને ઊભા રહેવાનો હુકમ પણ ફરમાવ્યો.

દયાની વિનવણી કરતો કટપ્પા બિજ્જલની પાછળ દોડ્યો. તેણે જોયું કે શિવપ્પા દોડતાં દોડતાં પડ્યો અને બિજ્જલ તેની પાસે પહોંચી ગયો છે. બિજ્જલે ચાબુક વીંઝી અને શિવપ્પા બાજુમાં રગડ્યો. તે ઊભો થઈને ફરી વાર છાવણીની દિશામાં દોડવા લાગ્યો. અચાનક આડો ફંટાઈને તે જ્યાં રાજાનો હાથી ઊભો હતો, તે દિશામાં દોડ્યો.

કટપ્પાની કરોડરજ્જુમાં ઝણઝણાટી પસાર થઈ ગઈ. તેને એક જ ક્ષણમાં ખ્યાલ આવી ગયો કે તેનો ભાઈ શું કરવા માંગે છે. ગિરીશા નામના હાથીને ચારો નીરવાનું કામ શિવપ્પાનું હતું અને એ પ્રાણી શિવપ્પાને બહુ જ વફાદાર હતું. ગિરીશાથી વધારે સૌમ્ય પ્રાણી કદાચ આ આખી પૃથ્વી પર નહીં હોય. માટે જ રાજાએ તે હરતા-ફરતા પર્વત પર સવારી કરવાનું પસંદ કર્યું હતું. પણ કટપ્પા જાણતો હતો કે એ હાથી પોતાના ભાઈની દરેક આજ્ઞાનું પાલન કરતો હતો અને શિવપ્પા રાજકુમારને એ પ્રાણીની દિશામાં જ લઈ જઈ રહ્યો હતો.

'નહીં, શિવપ્પા, નહીં,' કટપ્પાએ બૂમ પાડી પણ બિજ્જલની ચીસોમાં તેનો અવાજ ડૂબી ગયો. તાપણીની આસપાસ નાચી-ગાઈ રહેલા લોકો આ તમાશો જોવા માટે અટકી ગયા હતા.

શિવપ્પા એ હાથી પાસે પહોંચ્યો અને હાંફતો-હાંફતો તેના પગ પાસે ઊભો રહ્યો. હાથી તો શાંતિથી ઊભો ઊભો તાડનાં પાંદડાં ખાતો હતો. મહાવત હાથીની બાજુમાં જમીન પર સૂતો હતો અને કદાચ નશામાં હતો. બિજ્જલે ચાબુક વીંઝી. એમ લાગ્યું કે જાણે શિવપ્પા એની રાહ જોઈને ઊભો હતો. તે નીચે બેસી ગયો અને ચાબુક હાથીની આંખ નીચે જ વાગી. હાથી પીડાનો માર્યો ચિંઘાડી ઉઠ્યો. મહાવત સફાળો જાગી ગયો પણ જ્યારે તેણે ગુસ્સે થયેલા

રાજકુમારને જોયો ત્યારે તે બાજુમાં ખસી ગયો. બિજ્જલ એટલો ગુસ્સામાં હતો કે તેણે આવી કોઈ નોંધ જ લીધી નહીં. તેણે ફરીવાર શિવપ્પાની દિશામાં ચાબુક વીંઝી. આ વખતે ચાબુકે શિવપ્પાના ચહેરાની ચામડી ઉતરડી નાખી. તે નીચે પડી ગયો, રડવા માંડ્યો અને દયાની ભીખ માંગવા માંડ્યો. કટપ્પા જાણતો હતો કે આ એની યુક્તિ છે. તેણે જોયું કે શિવપ્પાએ એકદમ ઝડપથી હાથીનાં બંધનો ખોલી નાખ્યાં હતાં. પછી વિંઝાયેલી ચાબુક હાથીના પગ પર વાગી. શિવપ્પા રગડીને હાથીની બીજી બાજુ જતો રહ્યો અને દયાની ભીખ માંગતો જ રહ્યો. ગાળો બોલતો બિજ્જલ પોતાના ગુલામને પકડવા હાથી ફરતે થઈને બીજી બાજુ ગયો.

કટપ્પા થોડાક હાથ દૂર હતો ત્યારે તેને પથ્થરની ઠોકર વાગી અને તે મોઢાભેર પટકાયો. જ્યારે એ ઊભો થઈને સ્થિર થયો ત્યારે તેણે જે જોયું તેનાથી તેનું રક્ત થીજી ગયું. તેણે ચીસ પાડી, 'દૂર ખસી જાવ, સ્વામી–'

પણ એ પોતાનું વાક્ય પૂરું કરી શકે તે પહેલાં તો હાથીએ બિજ્જલને સૂંઢથી પકડ્યો અને તેને ઊંચો કર્યો. બિજ્જલ હાથપગથી આમ તેમ હવાતિયાં મારવા લાગ્યો અને ભયાર્ત થઈને બૂમો પાડવા લાગ્યો હતો. તેના હાથમાંથી ચાબુક નીચે પડી ગઈ હતી. એક ક્ષણ પછી હાથીએ બિજ્જલને નીચે પટક્યો. બિજ્જલે એક આંચકો ખાધો અને પછી તે સ્થિર થઈ ગયો. બિજ્જલનું માથું કચડવા માટે ગિરીશાએ પોતાનો પગ ઊંચો કર્યો.

સમય જાણે થંભી ગયો હતો. કટપ્પાએ એ હાથીને ઉદ્દેશીને બૂમ પાડી, 'ગિરીશા, નહીં !' હાથી ખચકાયો અને તેણે પોતાનો પગ ક્ષણ પૂરતો હવામાં ઝળૂંબતો રાખ્યો. કટપ્પાએ બિજ્જલને પગેથી ખેંચ્યો એ જ ક્ષણે હાથીનો ભારે પગ નીચે આવ્યો. મૂછના વાળ જેટલા અંતરથી બિજ્જલનું માથું બચી ગયું. કટપ્પાએ બિજ્જલને પોતાના ખભા પર નાખ્યો અને તે દોડવા માંડ્યો. પાછળથી તેને હાથીની ચિંઘાડો સંભળાઈ રહી હતી. તે જીવ બચાવીને ભાગ્યો પણ તે જાણતો હતો કે હુમલો કરવા દોડી રહેલા હાથીથી પીછો છોડાવવો કંઈ સરળ વાત નથી હોતી. અને ખભે જ્યારે બિજ્જલનું વજન હોય ત્યારે તો એ કામ અશક્ય જ હતું. પછી તેણે રાજકુમાર મહાદેવને જોયો, જે પહેલાં તો તેમની દિશામાં દોડી રહ્યો હશે પણ આ દૃશ્ય જોઈને તે અધરસ્તે દિગ્મૂઢ થઈને ઊભો હતો.

'દોડો, રાજકુમાર, બાજુમાં ખસી જાવ,' કટપ્પાએ બૂમ પાડી પણ મહાદેવ તો ભયનો માર્યો પોતાની જગ્યાએ થીજી ગયો હતો. કટપ્પા જાણતો હતો કે બાજી હાથમાંથી સાવ જ જતી રહી છે. એક, કદાચ, બંને રાજકુમાર મૃત્યુ પામવાના હતા. એ પણ બંને રાજકુમારો સાથે મૃત્યુ પામશે પણ તેનું મૃત્યુ નિરર્થક હશે. તેણે બેહોશ બિજ્જલને જમીન પર મૂક્યો અને પોતાની પાછળ આવી રહેલા હાથી તરફ તે ફર્યો. તેની પાછળ રહેલો મહાદેવ તો ડરનો માર્યો ટૂંટિયું વાળીને જમીન પર પડ્યો હતો.

હાથી તેમની દિશામાં ધસમસતો આવી રહ્યો હતો. એક પ્રાચીન પ્રહાર વિદ્યા, જેને મર્મવિદ્યા કહેવાય છે, તેમાં પ્રતિદ્વંદ્વીના મસ્તકની વચ્ચોવચ્ચ ચેતાકેન્દ્ર પર પ્રહાર કરીને તેને બેહોશ કરી દેવા વિષે કટપ્પાના પિતાએ તેને જે કહ્યું હતું તે યાદ કરવા કટપ્પા મથી રહ્યો હતો. જોકે એ વિદ્યા હાથી પર કારગર નીવડશે કે કેમ તે બાબતની તેને ખાત્રી નહોતી.

હાથી તેની પર ધસી આવ્યો અને તેણે પોતાની સૂંઢ વડે કટપ્પાને પેટથી પકડ્યો. તેણે કટપ્પાને હવામાં ઊંચો કર્યો. જ્યારે તે કટપ્પાને જમીન પર પટકવા નીચે લાવી રહ્યો હતો ત્યારે કટપ્પાએ પોતાના બંને હાથને ભેગા કરીને શક્ય એટલું જોર લગાવીને હાથીના માથાની વચ્ચોવચ્ચ મુષ્ટીપ્રહાર કર્યો. તેનાથી કંઈ ફળ મળ્યું નહીં. હાથીએ તેને જોરથી જમીન પર પટક્યો. ક્ષણાર્ધ પૂરતો તેને હાથીનો કદાવર પગ નીચે આવતો દેખાયો અને તેણે પોતાની આંખ

બંધ કરી નાખી. પછીની ક્ષણે, હાથી જમીન પર પટકાયો અને ધરતી ધ્રૂજી ઊઠી. હાથી ભયાનક રીતે ચિંઘાડતો રહ્યો. કટપ્પાના મગજમાં અંધકાર વ્યાપી ગયો.

જ્યારે આંખો પર ઠંડા પાણીની છાલક અનુભવાઈ ત્યારે તે જાગ્યો. તેના માથામાં હજી પણ સણકા ઊઠી રહ્યા હતા અને હજી બધું જ ઝાંખુ દેખાતું હતું. મશાલોનું બળી રહેલું તેલ અને વરસાદની ઠંડક, માત્ર એ બે સંવેદનો જ તેને અનુભવાઈ રહ્યાં હતાં. તેણે આંખો પટપટાવી અને ધીમે ધીમે તેના પિતાનો ચહેરો તેને દેખાયો. તેમની બાજુમાં મહારાજા સોમદેવ ઊભા હતા. કટપ્પાએ ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ રાજાએ તેને હળવેથી ધક્કો મારીને સૂતો રહેવા જ જણાવ્યું. જંગલનાં વિક્ષુબ્ધ પક્ષીઓનો કલબલાટ હવે શમી ગયો હતો પણ કટપ્પાના હૃદયમાં ઊઠેલો ભય હજી શમ્યો નહોતો. તેના મગજમાં અલગ-અલગ સંભાવનાઓ આવી રહી હતી. શું બિજ્જલ મૃત્યુ પામ્યો હતો ? શું એ પોતે બિજ્જલનું રક્ષણ કરવામાં નિષ્ફળ રહ્યો હતો ? પછી તેણે જોયું કે સૈનિકો લંગડાતા બિજ્જલને ટેકો આપીને લઈ જઈ રહ્યા હતા. તેણે એ પણ જોયું કે રાજકુમાર મહાદેવ નીચે પડેલા હાથીની સેવા કરી રહ્યો હતો. હાથી નથી મર્યો એમ વિચારીને પણ કટપ્પાને રાહત થઈ. એના મુષ્ટીપ્રહારની અસર તો એક-બે પ્રહરમાં ઓસરી જશે. 'તારો છોકરો મોટો થઈ ગયો છે, મલયઅપ્પા,' મહારાજા સોમદેવે કહ્યું. 'તેણે મારા પુત્રોને બચાવ્યા છે. તેને સૌથી મોટું સમ્માન આપવા સિવાય બીજી કોઈ રીતે ઇનામ આપવું શક્ય જ નથી. હું જાણું છું કે એ હજુ યુવાન જ છે, પણ તેના જેટલી બહાદુરી અન્ય કોઈ ગુલામ કે સૈનિકમાં દેખાતી નથી. તેને રાજકુમાર બિજ્જલનો અંગત સેવક બનવા દો.'

આસપાસ ઊભેલા સૈનિકોએ હર્ષનાદ કર્યો અને તાળીઓ પાડી, મલયઅપ્પાની આંખમાં આંસુ આવી ગયાં. તેણે રાજાના ચરણ પકડી લીધાં. 'પ્રભુ, આ તો બહુ મોટુ સમ્માન છે, એક અદના ગુલામ માટે બહુ જ મોટું સમ્માન છે. આપની ઉદારતાનો આભાર કઈ રીતે માનવો, એ જ મને નથી સમજાતું.' તેણે કટપ્પાને ઇશારો કર્યો અને એ ગુલામ યુવાન ધીમે-ધીમે ઊભો થયો. તેના ગોઠણ હજુ અક્કડ હતા અને પીઠમાં દુખાવો પણ થતો હતો, તેમ છતાં એણે પણ પોતાના પિતાની જેમ જ રાજાના ચરણો પકડી લીધાં.

'ઊભા થાવ, 'મહારાજા સોમદેવે હુકમ કર્યો, અને પિતા તેમજ પુત્ર ઊભા થયા. તેમણે ઝડપથી તેમના ચહેરા હથેળીઓથી ઢાંકી લીધા અને શક્ય એટલા તેઓ નમ્યા.

'ઘણી બધી પેઢીઓથી, કટપ્પા, તમારું કુટુંબ માહિષ્મતી માટે જ જીવ્યું છે અને મર્યું છે, અને હું આશા રાખું છું કે તારા પૂર્વજોની આ જવલંત પરંપરામાં તારા પુત્રો પણ જોડાશે,' રાજાએ કહ્યું.

રાજવૈદ્ય સાથે મળીને પડી ગયેલા હાથીની સેવા કરી રહેલો મહાદેવ ઊભો થયો અને ચાલતો ચાલતો તેમની પાસે આવ્યો. તેણે કટપ્પાનો હાથ પોતાના હાથમાં લીધો અને કહ્યું, 'તારો આભાર માનવા માટે મારી પાસે શબ્દો નથી, કટપ્પા. મારું અને મારા ભાઈનું જીવન બચાવવા માટે હું જ્યાં સુધી જીવીશ ત્યાં સુધી તારો ઋણી રહીશ.'

કટપ્પાએ નમીને વંદન કર્યાં, તેના ચહેરા પર મૂંઝવણના હાવભાવ હતા. તેણે મહાદેવના ચરણસ્પર્શ કર્યાં અને તેની અંદર ઊભરાઈ રહેલી ખુશી અને લાગણીઓ પર નિયંત્રણ ન કરી શકવાને કારણે તે રડવા માંડ્યો. મહાદેવે તેને ઊભો કર્યો અને ઝડપથી તેને ભેટી લીધું. પછી તે રાજા સાથે જતો રહ્યો.

કઈ રીતે એક ધસમસતા હાથીને પટકવા માટે રાજકુમાર બિજ્જલ અને મહાદેવે એક ગુલામ સાથે મળીને લડાઈ લડી હતી, તેનાં ગીતો પણ ભાટો રચવા માંડ્યા હતા. કટપ્પાને ગર્વ થઈ રહ્યો હતો. પેઢીઓ સુધી તે લોકો માહિષ્મતીના રાજકુમારોની બહાદુરીનાં ગીતો ગાશે,

પરંતુ એ ગીતોમાં એક નાનકડી કડી તેના નામની પણ હશે. કદાચ એનું નામ ન હોય એમ પણ બને પણ એના માટે એ મહત્ત્વની વાત નહોતી. તેણે પોતાના પિતાને ગર્વાન્વિત કર્યા હતા. તે રાજા અને રાજકુમારો પ્રત્યે કૃતજ્ઞતાની લાગણી અનુભવી રહ્યો હતો. એ સદ્‌નસીબ હતો કે તેનો જન્મ માહિષ્મતીમાં થયો હતો. કોઈ પણ ગુલામ માટે, યુવરાજના અંગત સેવક બનવું બહુ જ ગર્વની વાત હતી. તેના પિતા જ્યારે પચીસ વર્ષની ઉંમરે મહારાજા સોમદેવના અંગરક્ષકોના દળમાં સામેલ થયા, ત્યારે તેમને આ સમ્માન પ્રાપ્ત થયું હતું. કટપ્પાની ઉંમર તો હજી માંડ બાવીસની જ હતી.

રાજા ખરેખર મહાન હતા, પણ કટપ્પાના મનમાં વારંવાર એક વિચાર આવ્યા કરતો હતો. જ્યારે યુવરાજના પાગલપનને કારણે તેણે તેના જ ભાઈને સજા કરવી પડી હતી, ત્યારે રાજા એક પણ શબ્દ કેમ નહોતા બોલ્યા ? કદાચ રાજાના વિચારો સમજવા માટે તે બહુ જ નાનો હતો. આમ પણ તેણે વિચાર નહોતો કરવાનો, તેણે તો સેવા કરવાની હતી. અને સેવા તો તેણે સરસ જ કરી હતી.

જ્યારે તેણે સાંભળ્યું કે તેના પિતા તેના ભાઈને લઈ જવાનું કહી રહ્યા હતા, ત્યારે તે પોતાના વિચારોમાંથી બહાર આવ્યો. શિવપ્પા એ ઝાડ પાસે બેઠો હતો જેની પાસે પહેલાં હાથી બંધાયેલો હતો. તે એટલો થાકેલો દેખાતો હતો કે જાતે ઊભો થઈ શકે એમ લાગતું નહોતું. પોતાના નાના ભાઈને જોઈને એક ક્ષણ માટે તો કટપ્પાને ગુસ્સો આવ્યો. બીજા કોઈએ નોંધ્યું હોય કે નહીં પણ એ તો જાણતો જ હતો કે તેના ભાઈએ શું કર્યું હતું. અને તેણે જે કર્યું હતું તે અક્ષમ્ય હતું.

જ્યારે પોતાના ખભા પર શિવપ્પાને ઉપાડવા માટે કટપ્પા અટક્યો ત્યારે શિવપ્પાની કાળી આંખો અંગારાની જેમ ચમકી રહી હતી. ફરીથી ઝરમર વરસાદ શરૂ થઈ ગયો હતો અને ઝાડીઓની પછીતે દેડકાંઓએ એકબીજા સામે ડ્રાંઉ ડ્રાંઉ શરૂ કરી દીધું હતું. ચંદ્ર પર કાળા વાદળની ચાદર ફેલાઈ ગઈ હતી.

તેઓ છાવણીમાં પહોંચવા જ આવ્યા હતા. છાવણીની વચ્ચે તાપણી ચાલુ હતી અને સૈનિકો સૂવાની તૈયારી કરી રહ્યા હતા. કેટલાક સૈનિકો તાડીનો કૂંજો ફેરવી રહ્યા હતા. ભાટ કોઈ નાનકડું ગીત ગણગણી રહ્યા હતા અને કોઈ ગણિકાના તંબુમાંથી તીણું હાસ્ય આખી છાવણીમાં ફેલાઈ રહ્યું હતું. નર્તકીઓ પોતાના નૃત્યનો અભ્યાસ કરી રહી હતી. કોઈકે તાપણીમાં તેલ નાખ્યું અને આગ ભભૂકી ઊઠી, જેની ધૂમ્રસેર આકાશમાં જઈ પહોંચી. એક સૈનિકે ભૂંડના બચ્ચાને શેકવાનું શરૂ કર્યું અને મીઠી તાડીની સુવાસ સાથે શેકાયેલા માંસની સુગંધ ભળીને હવામાં પ્રસરી રહી. કોઈ અશ્લીલ ટુચકા પછીનું અશ્લીલ હાસ્ય પણ હવામાં ગુંજતું હતું.

'તેં જે કર્યું, તે કામ હલકું હતું. જે હાથ આપણને ખવડાવે છે, તેને જ તું બટકું ભરવા ગયો હતો,' કહીને કટપ્પાએ પોતાના ભાઈને નીચે ઉતાર્યો.

'હું એના હાથે મરી ગયો હોત તો તને વધારે ગમ્યું હોત?' શિવપ્પાની આંખો ઝબકી ઊઠી.

હવે તેની સાથે વાત કરવાનો કોઈ અર્થ નથી. તેનો ભાઈ ગુસ્સાવાળો અને અવિચારી હતો.

એ તેને પછી સમજાવશે. તેને ફરજ અને ધર્મના ગુણો શીખવવા પડશે. પણ અત્યારનો સમય તેના માટે યોગ્ય નહોતો.

'શાંતિથી ઊંઘજે,' કટપ્પાએ મૃદુતાથી કહ્યું. આકાશ હવે ચોખ્ખું લાગતું હતું અને ચાંદનીમાં ઘાસનાં ટોપકાં હીરાની જેમ ચળકી રહ્યાં હતાં.

'તું ક્યાં જાય છે, અન્ના ?'

એક ક્ષણની ચુપકીદી પછી કટપ્પાએ કહ્યું, 'આજ રાતથી મારે રાજકુમાર બિજ્જલના ભવનની બહાર સૂવું પડશે.'

શિવપ્પાએ જવાબ આપ્યો નહીં. તેને સુધી યાદ હતું ત્યાં સુધી આ એવો પહેલો પ્રસંગ હતો કે તેઓ અલગ અલગ સૂવાના હોય. એક ચામાચીડિયું તેમના માથા પરથી પાંખો ફફડાવતું ઊડ્યું અને તેમની ઉપર જ એક ડાળી પર ઊંધું લટક્યું.

'અન્ના,' શિવપ્પાએ કોમળ અવાજે પૂછ્યું, 'તું ખુશ છે?'

કટપ્પાને પણ થયું કે તેને આ પ્રશ્નનો જવાબ ખબર હોત, તો કેવું સારું થાત. તે પોતાના ભાઈને ભેટ્યો અને બોલ્યો, 'તેની પાસે રહેવાની અને તેનું રક્ષણ કરવાની મારી ફરજ છે.' કટપ્પાએ અનુભવ્યું કે તેના ભાઈનું શરીર થોડુંક તંગ થયું હતું. પછી તેનો ભાઈ હસ્યો. કટપ્પાએ તેની આંખોમાં જોયું. છાવણીની મધ્યમાં સળગી રહેલી તાપણીના પ્રતિબિંબથી એ આંખો પ્રજ્વલિત લાગતી હતી. 'મને તારી પર ગર્વ છે, અન્ના,' શિવપ્પાએ કહ્યું. શું પોતાના ભાઈની પ્રશંસામાં ઉપહાસનો સૂર પણ ભળેલો છે ? કટપ્પાએ આ વિચારને દૂર હડસેલી દેવાનો પ્રયત્ન કર્યો.

બિજ્જલના તંબુ પર રાક્ષસની જીભની જેમ લટકી રહેલા પડદા તરફ આંગળી ચીંધીને કટપ્પાએ કહ્યું, 'હું ત્યાં સૂતો હોઈશ પણ મારી નજર તો તારી પર જ હશે.'

'જાજમ પર ?' શિવપ્પાએ પૂછ્યું. કટપ્પાએ જવાબ આપ્યો નહીં. તેમની પાછળ, ગાઈ રહેલા પેલા ભાટનો ગામડિયો અવાજ જરા મોટો થયો અને તાળીઓનો નજીવો અવાજ પણ સંભળાયો. બે નર્તકીઓ દોડતી આવી, તેમનાં ઝાંઝર રણકતાં હતાં. તેમણે તાપણીની ફરતે નાચવાનું શરૂ કર્યું. વાતાવરણમાં મશ્કરી, સીટી અને અશ્લીલ ટિપ્પણીના અવાજો સંભળાવા લાગ્યા. હજારેક વર્ષ પહેલાં થઈ ગયેલી એ રાજકુમારી કામ્પિલ્યાનું ગીત શરૂ થયું જે સો દિવસમાં સો રાજાઓ સાથે સૂવા માંગતી હતી. ઢોલકનો તાલ વધવા માંડ્યો અને ગાયકના સૂર સાથે તાલ મિલાવવા માંડ્યો.

'એ સારી જગ્યા છે,' શિવપ્પાએ કહ્યું. આટલા સંગીત અને સીટીઓમાં તેનો અવાજ સાંભળવામાં પણ તકલીફ પડે તેમ હતી. પોતે જાજમ પર સૂતો હશે અને પોતાના ભાઈને જમીન પર જ સૂવું પડશે, એ વિચારથી કટપ્પાને દોષની લાગણી થઈ આવી. ઘાસ પર ઝાકળ જામવા માંડ્યું હતું અને તેની આંગળીઓ વચ્ચે એ હળવી ઠંડક અનુભવી શકતો હતો. જીવનમાં પહેલી વાર એ ખુલ્લી જમીન પર નહીં પણ જાજમ પર સૂવાનો હતો. જોકે આ ઉપલબ્ધિ તે યોગ્ય રીતે પામ્યો હતો. એ તેના જીવનની પ્રથમ સિદ્ધિ હતી. તે પોતાના ભાઈને પોતાની સાથે લઈ નહીં જઈ શકે અને તેને જાજમની નરમ પથારીનો અનુભવ નહીં કરાવી શકે, તે બાબતની તેને દિલગીરી હતી.

કટપ્પાના વિચારો જાજમ તરફ ફંટાઈ ગયા. તે વિચારવા લાગ્યો કે એ કેટલી નરમ હશે. ઘેટાના ગર્ભમાંથી ખેંચી કાઢવામાં આવેલા અને જન્મ નહીં પામેલા બચ્ચાના ઊનમાંથી વણવામાં આવેલી એ જાજમની ભાત બહુ બારીક હતી. એ નરમ હોવી જ જોઈએ. તેણે પોતાના પિતા પાસેથી એ વિષે હજાર વાર સાંભળ્યું હતું. તેણે કોઈ દિવસ અનુભવ નહોતો કર્યો, તેમ છતાં એ જાણતો હતો કે તે એટલી નરમ હોય છે કે ગમે તેના પગ તેમાં ખૂંપી જતા

હોય છે. તેમાંથી સુગંધ આવતી હશે કારણ કે તેની પર અસંખ્ય શાહી પગલાં પડ્યાં હશે. ઘણી વાર રાજકુમારો તેની પાસે આવતા ત્યારે તેમના રેશમી પોશાકમાંથી જે રીતે સુગંધ આવતી હતી, તેવી સુગંધ. તેણે પોતાની ખરબચડી લુંગી પોતાની કમરે કસીને બાંધી. કદાચ, એક દિવસ એવો પણ આવશે કે તે રાજકુમારોનાં રેશમી વસ્ત્રોને પણ સ્પર્શી શકશે. કદાચ આ વધારે પડતી મોટી મહત્ત્વાકાંક્ષા હતી. એ પોતે તો અસ્પૃશ્ય હતો. કોઈ તેને એ વસ્ત્રોને હાથ લગાવવા દેશે નહીં. જોકે સપનાં જોવામાં શું નુકસાન હતું ? સંગીત અટકી ગયું હતું અને ગાયકો બીજા ગીત માટે તૈયાર થઈ રહ્યા હતા.

‘કૂતરા માટે સારી જગ્યા છે,’ શિવપ્પાએ કહ્યું.

એની વાત કાનમાં ઊતરતાં એકાદ ક્ષણ લાગી ગઈ. પછી કટપ્પાને લાગ્યું કે તેના પગના અંગૂઠામાંથી ગુસ્સો ઊભરાઈને ઉપર આવી રહ્યો છે. જોકે શિવપ્પાએ તો પડખું ફેરવી લીધું હતું.

કટપ્પાએ જવાબ આપવાની પરવા કરી નહીં. તે ઉતાવળે સૈનિકોની તાપણી પાસેથી પસાર થયો અને બિજ્જલના તંબુએ પહોંચ્યો. બે સૈનિકો ભાલા અડાડીને ઊભા હતા. તે ત્યાં પહોંચ્યો એટલે કોઈ પણ પ્રશ્ન પૂછ્યા વિના તેમણે ભાલા હઠાવીને માર્ગ મોકળો કર્યો. એ જોઈને કટપ્પાને સારું લાગ્યું. કટપ્પાએ અંદર ડોકિયું કર્યું અને જોયું કે રાજકુમાર બિજ્જલ તો નસકોરાં બોલાવી રહ્યો હતો. જાજમ પર થોડીક જગ્યા હતી. તેણે થોડી વાર એને થપથપાવી અને પછી તેની પર ટૂંટિયું વાળીને સૂઈ ગયો. તે નસીબદાર ગુલામ હતો અને એ માટે તેણે આંખો બંધ કરીને દયાળુ ભગવાનનો આભાર માન્યો. તેની માએ જ તેને એમ કરવાનું શીખવ્યું હતું. ‘કૂતરા માટે સારી જગ્યા છે.’ શિવપ્પાનું એ વાક્ય નહીં પચેલા ખોરાકની જેમ ફરી ફરીને પાછું આવતું રહ્યું. તેણે એ શબ્દોને મનની બહાર ધકેલી દેવાનો પ્રયત્ન કર્યો. તેની મા એમ કહેતી કે પોતાને જે મળ્યું છે તેનાથી સંતોષ માનવો, એ વિષે વિચારવાનો તેણે પ્રયત્ન કર્યો. દુનિયામાં એવા ઘણા લોકો હતા, જેમને તો આટલું પણ મળતું નહોતું – એમને ખાવા પણ કશું મળતું નહીં કે સૂવા પણ કશું મળતું નહીં. એને ભગવાનના આશીર્વાદ મળ્યા હતા. એ ખરેખર નસીબદાર હતો. બહુ સમય પછી તેની આંખોમાં ઊંઘ પ્રવેશી. ત્યાં સુધી તે આકાશના લાખો તારા જોતો રહ્યો.

કેટલાંક અઠવાડિયાં પહેલાં શિવપ્પાએ અચાનક અને અનિચ્છિતપણે જે કહ્યું હતું તે તેને યાદ આવી ગયું. થોડાક દિવસો પહેલાં, આવી જ એક સ્વચ્છ અને અંધારી રાત્રે તેઓ પાસે-પાસે સૂતા હતા. તેમની ઉપર દેખાતું આકાશ હીરાથી મઢેલી ચાદર જેવું દેખાતું હતું. કટપ્પાનું ખુલ્લી આંખનું સુંદર સ્વપ્ન તોડતો શિવપ્પા બોલ્યો હતો, ‘અન્ના, મને એમ વિચાર આવે છે કે શું ક્રૂર ભગવાન ખાલી મજા માટે તો આ બધા તારાને કાળા ઉકાળામાં ઉકાળી નહીં રહ્યો હોય ને, આપણા જેવા હજારોની જેમ ?’

કટપ્પા બીજી બાજુ ફરી ગયો. ઘાસની અને પગરખાંઓની હળવી વાસ સિવાય, જાજમ તેની કલ્પના જેવી જ સરસ હતી. તેણે નિસાસો નાખ્યો અને તેના ભાઈના શબ્દો ફરી પાછા તેના કાનમાં ગુંજવા લાગ્યા :

‘કૂતરા માટે સારી જગ્યા છે.’

3

પરમેશ્વર

શસ્ત્રાગારની નીચે આવેલી કાર્યશાળાનાં વળાંકદાર પગથિયાં ઊતરતાં સુધીમાં તો મહાપ્રધાન પરમેશ્વર હાંફી ગયો હતો. શ્વાસ નિયમિત થાય ત્યાં સુધી તે પોતાના સહાયક રૂપકના ખભે ટેકો લઈને ઊભો હતો.

હવામાં ધાતુની તીખી અને કડવી સુગંધ ફેલાયેલી હતી. હજી તો વહેલી સવારનો જ સમય હતો અને બહાર પાંદડાંઓ પરથી ઝાકળ ગયું પણ નહોતું, પણ ભોંયરાની અંદરનું વાતાવરણ તો એકદમ સૂકું અને ગરમ જ હતું. ભઠ્ઠીઓમાં ભડભડતી આગ અને એરણ પર અથડાતા ઘણના અવાજમાં આખી જગ્યા નર્ક જેવી જ લાગતી હતી.

'આ તો મેં સંભાળી લીધું હોત, સ્વામી,' રૂપકે એ ઘરડા માણસને કહ્યું. પરમેશ્વરે પાઘડીના છેડા વડે પોતાના કપાળ પરથી પરસેવો લૂછ્યો અને સસ્મિત કહ્યું, 'મને ખબર છે કે તેં સંભાળી લીધું હોત, પુત્ર, પણ કેટલીક ફરજો એવી હોય છે જે સહાયકના ભરોસે મૂકી શકાતી નથી, ભલે ને એ ગમે તેટલા ચતુર કેમ ન હોય.'

બંને જેવા અંદર પ્રવેશ્યા કે બધો જ અવાજ શમી ગયો અને માહિષ્મતીના મહાપ્રધાનને વંદન કરવા માટે બધા જ લુહારો દોડી આવ્યા. કરચલીયુક્ત ચામડીવાળો એક વૃદ્ધ મહાપ્રધાનને વંદન કરવા માટે આગળ આવ્યો.

'કેમ ચાલી રહ્યું છે બધું, ધમકા ?' પરમેશ્વરે વડા લુહારને પૂછ્યું. પછી જમીન પર પડેલા ટોપલામાંથી તેણે વાંકા વળીને થોડાક નાના-નાના પથ્થરો મુઠ્ઠી ભરીને લીધા. જ્યારે તેણે પોતાની હથેળીમાં એ પથ્થરો પલટ્યા, ત્યારે ભઠ્ઠીની આગના પ્રકાશે તેમાંથી બદલાતા જતા રંગો જેવો વાદળી ચળકાટ ઊભરાયો.

'ગૌરીકાંતાની અછત વર્તાઈ રહી છે. જો અમે ગૌરીધૂળી નહીં વાપરીએ તો તલવારો બરડ બની જશે અને ગૌરીધૂળી જેમાંથી બને છે એ પથ્થરો ખૂટી રહ્યા છે,' ધમકાએ ખચકાટ સાથે કહ્યું, અને શરીરનું વજન એક પગ પરથી બીજા પગ પર લીધું. પરમેશ્વરે એ પથ્થરો ટોપલીમાં પાછા મૂક્યા.

'સેનાપતિ હિરણ્ય શું કહે છે ?' મહાપ્રધાનના વિચારો વાંચી લઈને રૂપકે પૂછ્યું.

'એ...એ ખુશ નહોતા. એ ઇચ્છતા હતા કે અમે ઝડપ કરીએ પણ અમારી પાસે...' વડો લુહાર ફરી વાર ખચકાયો.

'ગૌરીકાંતા પથ્થરોની અછત છે. હા, હું જાણું છું. મહામકામ સુધી રાહ જુઓ,' કહીને મહાપ્રધાને થોડીક ચળકતી માટી પોતાની હથેળીમાં લીધી અને તેને પોતાની આંગળીઓ વડે પરખવા લાગ્યા.

'માત્ર આ પથ્થરોની અછત છે એવું નથી...' ધમકાએ પોતાનું વાક્ય પૂરું કર્યું નહીં.

'તમે એકવીસે જણા ઠીક છો ને ?' મહાપ્રધાને વડા લુહારની આંખોમાં જોઈને કહ્યું. તેમની પાછળ ભઠ્ઠીમાં અગ્નિ પ્રજ્વલિત હતો. અસહ્ય ગરમી થઈ રહી હતી અને લુહારનું ખુલ્લું શરીર પરસેવાથી ચળકી રહ્યું હતું. તેણે મહાપ્રધાન તરફ અને પછી તેમના સહાયક તરફ જોયું અને ખચકાટ સહ માથું હલાવીને કહ્યું,

'હા...હા, સ્વામી...'

'સ્વામી, અહીંયાં એક જગ્યાએથી ચૂવાક થાય છે અને અવારનવાર પાણી અંદર આવતું રહે છે. એક દિવસ અમે આ નરકમાં જ ડૂબી જવાના છીએ, પણ કોઈને તેની પરવા હોય, તેમ લાગતું નથી,' પાછળથી કોઈ યુવા અવાજ સંભળાયો.

ધમકાએ બૂમ પાડી, 'એય હરામખોર, તું કોની સાથે વાત કરી રહ્યો છે, એનું તને કંઈ ભાન છે?'

યુવાને પહેલાં ધમકા સામે જોયું પછી તે છતને તાકવા લાગ્યો. ઉપરથી પાણીનું એક ટીપું તેની પર પડ્યું. જમીન પર આ પાણીનાં ટીપાં ઝીલવા માટે લોખંડની ડોલ રાખેલી હતી.

મહાપ્રધાન પ્રયત્નપૂર્વક છાપરા પર લગાવવામાં આવેલા ગોળાકાર દરવાજાની દિશામાં વળ્યા. તેઓ ચૂવાકને તાકી રહ્યા. તેમના કપાળ પર ગુસ્સામાં કરચલીઓ પડવા માંડી હતી.

'અમારી પાસે પૂરતા માણસો નથી અને...' મહાપ્રધાને પોતાની હથેળી ઊંચી કરીને ધમકાનું વાક્ય અધવચ્ચે જ અટકાવી દીધું.

'સેનાપતિની માંગ પૂરી થાય એટલું અવશ્ય કરજે. આ રાષ્ટ્રીય સુરક્ષાનો પ્રશ્ન છે,' મહાપ્રધાને કહ્યું અને તેમણે રૂપકને ઇશારો કરીને જણાવ્યું કે તેમની મુલાકાત પૂરી થઈ ગઈ છે. તેમણે સીડી ચડવાનું શરૂ કરી દીધું.

'મહાપ્રધાન, આ ચૂવાકનું શું ?' યુવાન લુહારે બૂમ પાડી. પરમેશ્વરે જવાબ આપ્યો નહીં. ઉપર જતાં સુધીમાં તેમને ધાતુ પર જોરથી અફળાતા ઘણનો અવાજ સંભળાયો. પેલો યુવાન પોતાનો ગુસ્સો અને નિરાશા પોતાના કામથી કાઢી રહ્યો હતો. થોડી જ વારમાં એ અવાજમાં અન્ય ઘણના અવાજ પણ ઉમેરાઈ ગયા.

સીડી ઉપરથી આવી રહેલા પ્રકાશની દિશામાં એ આગળ વધી રહ્યા હતા, તે દરમિયાન તેમણે રૂપકને હળવેથી કહ્યું, 'તેમને કહેજે કે કામ શરૂ કરતા પહેલાં આ ચૂવાક બંધ કરી દે. ત્રણ વર્ષની મહેનત નદીમાં તણાઈ જાય, એવું હું ઇચ્છતો નથી.'

રૂપકે હકારમાં માથું હલાવ્યું.

'મહાપ્રધાન, હું આપને કંઈક પૂછી શકું ?' મહાપ્રધાન તેને અટકાવે એ પહેલાં જ તેણે પૂછી નાખ્યું, 'તમે જ્યારે ધમકા સાથે વાતો કરી રહ્યા હતા ત્યારે એકવીસ માણસોની વાત કરી હતી, પણ મેં તો ત્યાં માત્ર વીસ જ માણસ ગણ્યા હતા.'

મહાપ્રધાને ઊંડો શ્વાસ લઈને બગીચાની તાજી હવા ફેફસાંમાં ભરી. બહુ જ સુંદર દિવસ હતો.

'મહાપ્રધાન ?'

'રૂપક, મને પણ એ જ વાતની ચિંતા છે. એક માણસ ગાયબ છે. આવા મહત્ત્વના કામમાં જોતરાયેલો માણસ કઈ રીતે અદૃશ્ય થયો હોય ?'

'સ્વામી, આ તો ભારે ઉત્પાત કહેવાય. પેલા પથ્થરો ગાયબ ન થયા હોય, તો સારું,' રૂપકે ભયભીત અવાજે કહ્યું.

‘છ ગાયબ છે. સારામાં સારી ગુણવત્તાવાળા,’ પરમેશ્વરે શાંતિથી કહ્યું.

‘પણ કેવી રીતે ? આ સ્થળે ઊંચામાં ઊંચા પ્રકારની સલામતી વ્યવસ્થા ગોઠવાયેલી છે,’ રૂપકે કહ્યું.

‘તેણે છાપરામાં જે ગોળાકાર ઢાંકણ છે, તેનો ઉપયોગ કર્યો છે.’

‘પણ એ ઢાંકણ તો સીધું નદીના તળિયે જ ખૂલે છે, મહાપ્રધાન. અને જો બહારથી અને અંદરથી એક જ સમયે ચાવીઓ લગાવવામાં આવે, તો જ એ ખૂલી શકે તેવું ઢાંકણ છે. જો દુર્ભાગ્યે માહિષ્મતી શત્રુના હાથમાં આવી પડે, તો એ ઢાંકણ ખોલીને બધું ડુબાડી શકાય, એ માટે તો એવી વ્યવસ્થા કરેલી છે.’

‘જ્યારે ત્રણસો વર્ષ પહેલાં એ જગ્યા બનાવવામાં આવી ત્યારે તે ઢાંકણ નદીના તળિયે ખૂલતું હતું, રૂપક. હવે તો નદીનું વહેણ જ બદલાઈ ગયું છે. હવે જ્યારે ભરતી આવી હોય, ત્યારે જ એ જગ્યાએ પાણી હોય છે. એકદમ સ્પષ્ટ છે કે બહારથી કોઈએ તેના માટે ચાવી લગાવી અને અંદરની ચાવી તો એણે જાતે જ બનાવી લીધી હશે.’

‘સલામતી વ્યવસ્થાનો આવો ભંગ, સ્વામી. આવું ન બને તેનું મારે જ પૂરતું ધ્યાન રાખવું જોઈતું હતું,’ રૂપકે પોતાનું માથું ઝુકાવીને કહ્યું.

‘આપણે એવી પ્રજાતિ છીએ જે તોફાનમાં બધું ખેદાન-મેદાન થાય પછી જ બોધપાઠ શીખે છે. આપણા માટે, સલામતી વ્યવસ્થા તો એક સગવડતા છે. આમાં તારા જેટલો જ દોષ મારો પણ છે. અને મેં આટલાં વર્ષો મહેનત કરી છે અને મારી કારકિર્દીના અંતભાગમાં જ આમ બન્યું છે, એ વિચારીને તો મને કંઈક થાય છે. જો મહારાજાએ મને વિનંતી ન કરી હોત, તો હું અત્યારે નિવૃત્ત થઈને મારાં પૌત્રો-પૌત્રીઓ સાથે રમી રહ્યો હોત,’ મહાપ્રધાન પરમેશ્વરે નિસાસો નાખ્યો.

‘શું મહારાજ જાણે છે ?’ રૂપકે પૂછ્યું.

‘હજુ તો નથી જાણતા. જો આપણે ગાયબ થયેલો લુહાર અને પથ્થરો શોધી કાઢીએ, તો આપણે તેમને આ ઘટનાની જાણ કરી શકીએ. એ અત્યારથી ચિંતામાં મુકાઈ જાય, એવું મારે નથી કરવું,’ પરમેશ્વરે કહ્યું.

‘છ જેટલા ગૌરીકાંતા પથ્થરો ગાયબ છે, અને એ એકવીસ લુહારો કે જે જાણે છે કે એ પથ્થરોનો શું ઉપયોગ કરવો, તેમાંથી એક લુહાર પણ ગાયબ છે. સ્વામી, મને તો ભય લાગી રહ્યો છે.’

‘એ તો મને પણ લાગી રહ્યો છે, પુત્ર. પણ મારા માણસો એ દિશામાં પ્રવૃત્ત જ છે,’ મહાપ્રધાને કહ્યું તો ખરું પણ તેમના અવાજમાં આત્મવિશ્વાસનો રણકો નહોતો.

તેઓ ગૌરી પર્વતની દિશામાં ફર્યા અને હાથ જોડીને વંદન કર્યાં. ‘હે મા ગૌરી, માહિષ્મતીની રક્ષા કરજે,’ તેમણે પ્રાર્થના કરી.

૪

પત્તરાય

ભૂમિપતિ પત્તરાય ચિડાયેલો હતો. તેને દરબારમાં પહોંચવામાં મોડું થતું હતું અને જો રાજગુરુ રૂદ્ર ભટ્ટનો બેબાકળો સંદેશો આવ્યો ન હોત, તો તેઓ મંદિરે અટક્યા જ ન હોત. દંડકારોનો પ્રમુખ દંડનાયક પ્રતાપ માહિષ્મતી નગરની કાયદો અને વ્યવસ્થા સંભાળતો હતો. પત્તરાય જ્યારે રાજગુરુના દીવાનખાનામાં પ્રવેશ્યા ત્યારે દંડનાયક પ્રતાપ તેમની રાહ જોઈ રહ્યો હતો.

પત્તરાયે પોતાના કમરપટ્ટામાંથી રૂદ્ર ભટ્ટનો સંદેશો શોધી કાઢ્યો અને બધાને સંભળાય તે રીતે વાંચ્યો, 'કૃપા કરીને ઝડપથી આવો. ગુલામનું વર્તન યોગ્ય નથી. અમે તેને સંભાળી શકીએ તેમ નથી. તેણે બે વાર ભાગી છૂટવાનો પ્રયત્ન કર્યો છે. તેને હવે હું અહીંયાં છુપાવી શકું તેમ નથી. ચારેબાજુ ગુપ્તચરો ફેલાયેલા છે.' તાડપત્ર મેજ પર પટકીને તે રૂદ્ર ભટ્ટને તાકી રહ્યો.

'સ્વામી, તમે તો વિદ્વાન છો, એવા વિદ્વાન કે જેને બધાં જ પુરાણો મોઢે છે અને જે બધા જ વેદોના વિશેષજ્ઞ છે. તો પછી તમારામાં સામાન્ય બુદ્ધિ કેમ નથી ? તમે આવો ઉઘાડો પત્ર કઈ રીતે લખી શકો ? "અમે તેને સંભાળી શકીએ તેમ નથી...ચારેબાજુ ગુપ્તચરો ફેલાયેલા છે."શું આપણે બધા ફાંસીએ ચડીએ એવી તમારી ઇચ્છા છે?' પત્તરાયે ફૂંફાડો માર્યો.

'પત્તરાય, સ્વામી ભયભીત થઈ ગયા હતા,' ગુસ્સે થયેલ ભૂમિપતિને ઠંડા પાડવાનો પ્રયત્ન કરતાં દંડનાયક પ્રતાપે કહ્યું. 'ગુલામ નાગય્યા તો ભારે ખેલ કરી રહ્યો છે. તે એમ કહે છે કે તેની પત્ની અને પુત્રને પણ કાદરીમંડલમ્ સલામત પહોંચાડવાં પડશે. એ એકલો નહીં જાય.'

'શું તમે એને સમજાવી શકો એમ નથી કે જીમોતાનાં જહાજો બંદર પર લાંગરી શકે એમ નથી? શું તમે એને સમજાવી શકો એમ નથી કે ચાંચિયા વહાણોની ગતિવિધિઓ પર અન્ય કોઈ નહીં પણ ઉપપ્રધાન સ્કંદદાસ સ્વયં જ નજર રાખી રહ્યા છે? તેણે ધીરજ ધરવી જ પડશે. આપણે તેને કંઈ ઓછું ધન નથી આપ્યું. એ ધનથી કાદરીમંડલમ્માં એને નવી પત્ની મળી રહેશે.'

'તમે પોતે જ એને કહી જુઓ,' રૂદ્ર ભટ્ટે કહ્યું. 'મેં જ્યારે એવું સૂચવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે એ મારા ચહેરા પર થૂંક્યો હતો.' ગુલામ પોતાના ચહેરા પર થૂંક્યો હતો એ વિચારથી આ બ્રાહ્મણ ધ્રૂજી ઊઠ્યો. પોતાની હથેળીના પાછળના ભાગથી તેણે ગાલ પર પડેલું એ કાલ્પનિક થૂંક લૂછ્યું પણ ખરું.

પત્તરાયે મેજને ધક્કો માર્યો અને ભવનની બીજી બાજુ એ ખૂણા સુધી ગયો જ્યાં ગુલામ નીચે બેઠો હતો. તેની બાજુમાં, જમીન પર લુહારીકામનાં હથિયારો પડેલાં હતાં.

'પુત્ર,' પત્રરાયે તેની તરફ નમીને પોતાની દર્શિકા વડે તેની હડપચી ઊંચી કરીને કહ્યું 'તારી સમસ્યા શું છે ? શું અમે તેને નવજીવનનું, સ્વાતંત્ર્યનું વચન નથી આપ્યું ?'

'તારા જેવા એક અસ્પૃશ્ય ગુલામને અમે મંદિરમાં સ્થાન નથી આપ્યું ?' રૂદ્ર ભટ્ટે કહ્યું

પણ જ્યારે તેણે જોયું કે ગુલામ દાંત કચડી રહ્યો છે, ત્યારે એ બોલતો બંધ થઈ ગયો.

પત્તરાય ફરી પાછો નાગય્યા તરફ ફર્યો. તેમણે નોંધ્યું કે ગુલામને ડાબો કાન હતો નહીં. આવા માણસને દેશની બહાર છાનામાના લઈ જવો કંઈ સહેલી વાત નથી. લોકોને એનો ચહેરો સરળતાથી યાદ રહેશે. શું પોતાના જાસૂસોને આ કચરાથી વધારે સારો માણસ મળ્યો જ નહીં હોય , પત્તરાયે વિચાર્યું. તેનામાંથી આવતી વાસ દૂર રાખવા તેણે હળવેથી પોતાનો હાથ નાક ઉપર મૂક્યો.

'મારી સાથે મારી ઘરવાળી ને છોકરો જોઈએ,' ઊંચે જોયા વિના નાગય્યાએ કહ્યું.

'અમારે એ વિષે વિચારવું પડશે. જો અમે તારા કામથી ખુશ હોઈશું, તો કદાચ તારી શરત માનીશું. નહીં માનીએ ?' પત્તરાયે પોતાના સાથીઓને પૂછ્યું.

'પણ આપણે કેવી રીતે—' રૂદ્ર ભટ્ટને એનું વાક્ય પૂરું કરવા દેવામાં આવ્યું નહીં અને પ્રતાપ વચ્ચે જ બોલી ઊઠ્યો.

'ચોક્કસ, આપણે માનીશું.' પ્રતાપ બોલ્યો.

'નાગય્યા, પુત્ર,' પત્તરાયે ગુલામના ખભા પર પોતાનો હાથ રાખ્યો, 'તારી પાસે તારાં સાધનો તો છે. તો પછી તું કામે કેમ નથી લાગી જતો ?'

ગુલામે કંઈ જવાબ આપ્યો નહીં. તેનો ચહેરો પડછાયામાં જ રહ્યો.

'જ્યાં સુધી મારુ કુટુંબ અહીંયાં મારી સાથે નહીં હોય, ત્યાં સુધી હું કામ શરૂ કરીશ નહીં,' તેણે પોતાનો દૃઢ નિર્ધાર જણાવ્યો.

પત્તરાય નિસાસો નાખીને સીધો થયો અને તેણે પ્રતાપને ઇશારો કર્યો. દંડનાયક પ્રતાપ તેની તરફ ધસી ગયો અને સીધી ગુલામના ચહેરા પર જ તેણે લાત મારી. આ મારથી નાગય્યા. પાછળ ફેંકાઈ ગયો અને તેનું માથું દીવાલને અથડાયું. ગાભાની બનાવેલી ઢીંગલીની જેમ તે ઢળી પડ્યો.

'ઐયો, તમે તો એને મારી નાખ્યો,' રૂદ્ર ભટ્ટે ગુસ્સાથી બૂમ પાડી.

'ચૂપ રહો, બ્રાહ્મણ,' પત્તરાયે કહ્યું. 'મને દીવો આપો.'

પત્તરાયે દીવાના અજવાળે નાગય્યાનો ચહેરો જોયો. તેણે જોયું કે તેનું નાક છુંદાઈ ગયું હતું અને જ્યાં ડાબો કાન હોવો જોઈતો હતો, તે કાણામાંથી લોહી વહી રહ્યું હતું. તેણે એ ગુલામની નાસિકાઓ આગળ આંગળી મૂકી અને ગુસ્સો કર્યો.

'મરી ગયો ?' રૂદ્ર ભટ્ટના અવાજમાંથી ભય નીતરતો હતો.

'પથ્થરો ક્યાં છે ?' રાજગુરુની અવગણના કરીને પત્તરાયે પૂછ્યું. પ્રતાપ ગુલામનું પોટલુ ફીંદવા લાગ્યો. જ્યારે એને કંઈ મળ્યું નહીં ત્યારે તેણે પોટલું ઊંધુ વાળ્યું. હથોડીઓ, ફરસીઓ અને કાનસો બહાર નીકળી, પણ અંદરથી કોઈ પથ્થર નીકળ્યા નહીં.

'હે ભગવાન, શું આ મૂરખ પથ્થર વિના જ આવ્યો હતો ? ઐયો, ઐયૈયો,' રાજગુરુ બોલી ઊઠ્યા.

'શીસસસ,' પત્તરાયે સિસકારો કર્યો. તેણે નાગય્યાની ધોતીની પાટલીઓ તપાસી અને એક ઝાટકે ધોતી ખેંચી કાઢી. ગુલામની લંગોટ જે દોરીથી બંધાયેલી હતી તેના જ છેડા સાથે બંધાયેલી એક કપડાની પોટલીમાં તેને જોઈતું હતું તે મળી ગયું. તેણે એ પોટલી ખોલી અને તેમાં રહેલા પથ્થર પોતાની હથેળીમાં ઠાલવ્યા. જ્યારે તે પથ્થરો પર પ્રકાશ પડ્યો ત્યારે તેમનામાંથી વાદળી રંગની ચમક ઊઠવા માંડી અને સમગ્ર ભવનમાં એ વિચિત્ર પ્રકાશ ફેલાઈ

ગયો. તેણે પોતાના મિત્રોના પિશાચ જેવા વાદળી ચહેરા જોયા અને સ્મિત કર્યું.

'ખજાનો,' બોલીને પ્રતાપે ઝડપથી ઊંડો શ્વાસ લીધો.

'માત્ર તો જ જો કોઈ તેમાંથી ગૌરીધૂળી બનાવી આપે,' કહીને પત્તરાયે પોતાના વાદળી દેખાતા હોઠ ફેલાવીને સ્મિત કર્યું.

જ્યારે તેના પગે વેગથી હથોડીનો પ્રહાર થયો, ત્યારે એ ઘટના એટલી અનઅપેક્ષિત હતી કે પ્રતાપ જોરથી ચીસ પાડી ઊઠ્યો. આશ્ચર્યચકિત પત્તરાયના હાથમાંથી દીવો પડી ગયો. એ જમીન પર પડ્યો અને સિસકારા સાથે બુઝાઈ ગયો. નાગય્યાએ એક જ ઝાટકે પત્તરાયના હાથમાંથી એ પથ્થરો ખૂંચવી લીધા.

જાણે ભૂત વળગ્યું હોય એમ પાગલની જેમ હથોડી વીંઝી રહેલા ગુલામને જોઈને પત્તરાય અને રૂદ્ર ભટ્ટ પાછળ ખસી ગયા. હથોડી રૂદ્ર ભટ્ટના માથાની એકદમ બાજુમાંથી જ પસાર થઈ અને પાછળની દીવાલ પર અથડાઈ અને તેમાં પડેલી તિરાડથી તે બંને પર માટી અને ચૂનાનો વરસાદ થઈ ગયો. પ્રતાપ હજી વેદનાથી કણસી રહ્યો હતો. પત્તરાય હજી દીવાલને ચોંટીને જ ઊભો હતો અને કાળજીપૂર્વક નાગય્યાથી દૂર રહેતો હતો. જોકે પૂજારી એટલો ભાગ્યશાળી નહોતો. હથોડી તેના મોટા પેટ પર વાગી અને તે નીચે પડ્યો અને એ પણ પીડાથી કણસવા માંડ્યો. પત્તરાય કંઈ કરી શકે એ પહેલાં નાગય્યા પૂજારી પરથી કૂદીને બહાર ભાગી ગયો.

પ્રતાપે પોતાના માણસોને બૂમ પાડી પણ તરત જ પત્તરાયે તેને રોક્યો. તેણે ચકમકથી દીવો પાછો સળગાવ્યો. જમીન પર એક તિરાડમાં ભરાયેલા ચમકદાર પથ્થર પર તેની નજર પડી. બીજું કોઈ જુવે એ પહેલાં તેણે ચપળતાથી એ પથ્થર ઉપાડી લીધો અને પોતાના કમરબંધમાં ખોસી દીધો. તેના બંને મિત્રો હજુ પીડાના માર્યા કણસી રહ્યા હતા. એ પથ્થર પોતાના કબજામાં આવી ગયા પછી પત્તરાયે મિત્રોની દરકારનું નાટક કર્યું અને તેમના ઘાવની સારવાર માટે વૈદ્યને બોલાવવા માણસ મોકલ્યો.

'હું એ હરામજાદાની હત્યા કરી નાખીશ. મારી હાથ નીચે રહેલા બધા જ દંડકારોની સેના મોકલીને એને તો હું શોધી જ કાઢીશ. હું એની જીવતેજીવ જ ચામડી ઉતરડી નાખીશ,' દાંત કચડતાં પ્રતાપ બોલ્યો.

પત્તરાય બોલ્યા, 'કદી પણ દંડકારોને તો મોકલતો જ નહીં. એમના ગણવેશમાં તો કદી નહીં. તારા માણસોને એટલી સૂચના આપજે કે એ જ્યાં પણ મળે ત્યાં જ એને ચીરી નાખે. આપણે જે કરી રહ્યા છીએ, એ વિષે જો એણે જરા પણ વટાણા વેર્યા, તો...' કહીને પત્તરાયે પોતાની પહેલી આંગળી પોતાના ગળા ફરતે ફેરવી.

પ્રતાપે તાલી પાડી અને બે દંડકારો દોડી આવ્યા અને ઝૂકીને તેને વંદન કર્યાં. તેણે તેમને અમુક સૂચનાઓ આપી અને તેઓ ઝડપથી દોડી ગયા. થોડી વાર પછી પાઘડીના છેડાથી જેમનો ચહેરો ઢંકાયેલો હતો. તેવા છ માણસો મંદિરના પરિસર બહાર ઘોડા દોડાવતા ગયા.

'હવે આપણે શું કરવું જોઈએ?' રૂદ્ર ભટ્ટે પૂછ્યું.

'એવી પ્રાર્થના કરો કે એ હરાજાદાની ટૂંક સમયમાં જ હત્યા થઈ જાય,' કહીને પત્તરાય પોતાના રથમાં ચડ્યો. 'એક વાર આ વૈદ્ય તમારા સોજા દૂર કરવાની દવા લગાડી લે અને તમે બંને બાળકોની જેમ કકળાટ કરવાનું બંધ કરો પછી દરબારમાં આવવાનો પ્રયત્ન કરજો. આપણી ગેરહાજરીથી કોઈનું ધ્યાન ખેંચાય એવું કરવાની જરૂર નથી.'

પત્તરાયે ઘોડાઓને ચાબુક ચમકાવી અને રથ રાજમહેલ તરફ દોડવા લાગ્યો.

૫

શિવગામી

'બેટા, ' પોતાની આગળની બેઠકમાંથી તિમ્માનો તૂટક અવાજ તેને સંભળાયો. તેઓ તેના રથમાં બેઠાં હતાં. તે અદબ વાળીને, બહાર જોતી બેઠી હતી, તેનો ચહેરો તિમ્માથી વિરુદ્ધ દિશામાં. થોડાક દિવસો પહેલાં, તેનો એક માત્ર મિત્ર રાઘવ જતો રહ્યો હતો. એ તેને હજુ પણ યાદ આવતો હતો પણ હવે તેનો કંઈ અર્થ નહોતો. એ આખો પરિવાર હવે તો તેને યાદ આવવાનો હતો. તે હંમેશાં માટે તિમ્માનું ઘર છોડીને જઈ રહી હતી. જ્યારથી તિમ્મા તેને પોતાના રથમાં બેસાડીને ત્યાં લઈ ગયો હતો, ત્યારથી એ જ તેનું ઘર હતું. તિમ્માની પત્ની ભામા તેની એ મા બની રહી હતી જે તેણે કદી પણ જોઈ જ નહોતી. તિમ્માની સૌથી નાની પુત્રી અખિલા તેની બહેન બની રહી હતી. પણ હવે નહીં. તે લોકો એને હવે રાખવા નહોતા માંગતાં.

તેની પાસે નાનકડી અખિલા ડૂસકાં ભરતી બેઠી હતી. શિવગામી સાથે વાત શરૂ કરવાના ઘણા નિષ્ફળ પ્રયત્નો અખિલા કરી ચૂકી હતી પણ શિવગામીએ તેની દિશામાં જોવાની દરકાર પણ નહોતી કરી. એ આઠ વર્ષની બાળકી તેની પાસે મોઢું ફુલાવીને બેઠી હતી અને છીપલાં રમી રહી હતી. અખિલાએ જીદ કરી હતી કે શિવગામીને મૂકવા માટે તે આવશે જ. રસ્તા પર એક ખાડો આવતાં રથ હલબલી ઉઠ્યો. તિમ્માએ પોતાની ચાબુક વીંઝી.

'બેટા, અમને નફરત કરવાનો તને પૂરો અધિકાર છે, પણ એક દિવસ તને સમજાશે કે આ બધું અમે તારા જ સારા માટે કર્યું છે. દેવરાય મારો ખાસ મિત્ર જ નહીં પણ મારા ભાઈ જેવો હતો અને હું એવું કશું પણ ન કરું જે તેની પુત્રીને નુકસાનકર્તા હોય. હું તને શાહી અનાથાલયમાં મૂકી રહ્યો છું, કારણ કે...'

'વાંધો નહીં,' કહીને તેણે બીજી દિશામાં નજર કરી. તેની આંખમાંથી એક આંસુ સરી પડ્યું અને પોતાની આ નબળાઈ બદલ તેને પોતાની જાત પ્રત્યે ઘૃણા થઈ આવી. તે એવું નહોતી ઇચ્છતી કે તિમ્મા એનાં આંસુ જુવે.

'ત્યાં તને ઘણા બધા મિત્રો મળી રહેશે,' તેણે કહ્યું.

'ઠીક છે,' કહીને તેણે પોતાનાં આંસુ વહેવા દીધાં પણ એને લૂછવાની દરકાર કરી નહીં. તે નહોતી ઇચ્છતી કે તિમ્મા એવું જાણે કે તે રડી રહી હતી. તે દેવરાયની પુત્રી હતી.

'બેટા, મને જે પણ આવડે છે એ બધું જ મેં તને શીખવ્યું છે. હવે તું શસ્ત્રવિદ્યા સારી રીતે જાણે છે, આત્મરક્ષણ કરી શકે છે અને સરસ રીતે લખી-વાંચી પણ શકે છે. હું કંઈ વિદ્વાન નથી પણ મેં મારાથી બનતો શ્રેષ્ઠ પ્રયત્ન કર્યો છે. હું તારા માટે જે પણ કરી શકું એ બધું મેં કર્યું છે. મારા પર વિશ્વાસ રાખજે, મારા મનમાં તારું હિત જ સમાયેલું છે. અત્યારે હું જે કરવા જઈ રહ્યો છું, એ માટે તું એક દિવસ આ ડોસાનો અવશ્ય આભાર માનીશ,' તિમ્મા બોલતો જ રહ્યો.

'તમે જે કર્યું એ બધા માટે તમારો આભાર,' તેણે કહ્યું.

તિમ્માએ કંઇ જવાબ આપ્યો નહીં પણ તે જાણતી હતી કે તેના શબ્દોથી તિમ્માને માઠું લાગ્યું હતું. તેને પોતાને પણ લાગી આવ્યું પણ તેણે પોતાનું મન મક્કમ કર્યું. તિમ્મા એટલું કહેવાને લાયક તો હતા. જો એને રાખવી જ નહોતી, તો એના ઘરમાં એ લાવ્યા જ શું કામ ? એ પોતાના પિતાની જેમ શા માટે "વર્ત્યા"? હા, આ "વર્તવું" શબ્દ જ બરોબર હતો. તે ભૂમિપતિ દેવરાયની પુત્રી હતી. પોતાના પિતાને અને તેમના શબ્દો ભૂલી જવા બદલ જ ભગવાન તેને આ સજા આપી રહ્યો હતો. તેની અને તિમ્મા વચ્ચે અકળાવનારી શાંતિ છવાઈ ગઈ. પથરાળ રસ્તા પર ઘોડાનું તબડક તબડક આ અકળામણમાં જાણે વધારો કરી રહ્યું હતું.

તેણે પોતાની નાનકડી પોટલી કસીને પકડી. તેમાં તેની તમામ દુન્વયી મત્તા હતી. એ પોટલી પર તેણે પોતાની હથેળી ફેરવી અને જ્યારે પેલા જૂના પુસ્તકની ધાર પર તેની આંગળી અડી ત્યારે તેનો હાથ અટકી ગયો. તેનાથી તેના મગજમાં તેના પિતાની સ્મૃતિ તાજી થઇ ગઈ અને સાથે-સાથે જ પેલી રાતનું રાઘવનું ગુસ્સો અપાવનારું વર્તન પણ તેને યાદ આવી ગયું.

તે મનોમન વિચારતી રહી કે તેણે તિમ્માને આ પુસ્તક વિષે કહેવું જોઈએ કે નહીં. એ મારા પિતાનું પુસ્તક છે, અને તેની પર મારો સંપૂર્ણ અધિકાર છે , તેના મગજમાં એક અવાજ ઊઠ્યો. કોઈને એ વિષે વાત કરવા તે બંધાયેલી નહોતી. ધરમશાળા પાસેથી રથ પસાર થયો ત્યાં સુધી આ બહાના હેઠળ તે પોટલી દબાવીને બેસી રહી.

'અક્કા, હું તમારી સાથે રહેવા આવી શકું ?' અખિલાએ પૂછ્યું. શિવગામીએ જવાબ આપ્યો નહીં.

'બહુ બધા મિત્રો હોય, તો કેટલી બધી મજા આવે. હવે તો રાઘવ અન્ના પણ ભણવા માટે ક્યાંક દૂર જતા રહ્યા છે. મને તમારી સાથે રહેવા દો ને, સાચું કહું છું.' અખિલાએ શિવગામીના ખભા હલાવ્યા. શિવગામીએ ખભા ઊંચા કરીને તેના હાથ દૂર કર્યા અને પસાર થતાં દૃશ્યોને તાકતી તે બેસી રહી. શહેરની ગલીઓ અસપષ્ટ અને ઝાંખી દેખાતી હતી. તેને ખ્યાલ આવ્યો કે ઘણા પ્રયત્ન છતાં તેની આંખો ભરાઈ આવી હતી.

'હું નન્નાને નફરત કરું છું. એ તને કેમ મોકલી રહ્યા છે ?' અખિલાએ મોઢું ચડાવ્યું.

શિવગામીને થયું કે એને જવાબ ખબર હોત તો કેવું સારું હતું. અખિલા ચૂપ રહે તો પણ સારું, એમ પણ તેને વિચાર આવ્યો.

'અક્કા, અક્કા, જુઓ મને ગઈકાલે આ લીલા પથ્થર મળ્યા છે. હવે મારી પાસે એક હજાર ત્રણસોને ચોર્યાસી પથ્થરો છે અને ચારસો છીપ છે. આ જુઓ, આ જુઓ, અક્કા.' આઠ વર્ષની છોકરીએ પોતાનો કાપડનો નાનકડો બટવો બતાવ્યો જેમાં તે પોતાનો આ અજબ-ગજબનો સંગ્રહ રાખતી હતી. તેને રંગ-બે-રંગી પથ્થરો, છીપ અને મોતી ભેગાં કરવાં બહુ જ ગમતાં હતાં. તે હંમેશાં પોતાની સાથે કાપડનો બટવો રાખતી અને તેને જે પણ વસ્તુ ગમી જાય, તે વસ્તુ તે એમાં મૂકી દેતી. જ્યારે એ બટવો ભરાઈ જાય ત્યારે તેમાંનો સંગ્રહ એ પોતાના પલંગ નીચેની લાકડાની પેટીમાં ઠાલવી દેતી.

'હવે તું કૃપા કરીને ચૂપ રહીશ ?' શિવગામીએ ગુસ્સો કર્યો. તેને અત્યારે એ છોકરી અને તેના લવારામાં રસ નહોતો. અખિલા રથની બેઠકની બીજી બાજુ સરકી ગઈ અને મોઢું ફુલાવીને બેસી ગઈ. તે પથ્થરો ગણવા માંડી અને તેમને અલગ અલગ રંગો મુજબ ગોઠવવા માંડી.

માહિષ્મતીની ગલીઓ પ્રવૃત્તિથી ધમધમી રહી હતી. દુનિયાભરના વેપારીઓ અહીં

પોતપોતાના વૈવિધ્યપૂર્ણ પોશાકોમાં દેખાતા હતા. ગામડાંઓમાંથી આવેલા કારીગરો પોતે બનાવેલી વસ્તુઓ ઘાંટા પાડી પાડીને વેચી રહ્યા હતા. કાપડિયાઓ તાકા પાથરી પાથરીને ગ્રાહકો સાથે ભાવતાલ કરી રહ્યા હતા. કુરુવા જાતિનાં કેટલાંક સ્ત્રી-પુરુષો તેના રથ પાસેથી પસાર થયાં. તેમનાં બાળકો નાચવાવાળા રીંછ અને વાંદરાને તેમની પાછળ ઘસડી રહ્યા હતા. પુરુષો ઘોડા પર બેસીને ભીડમાં રસ્તો કરી રહ્યા હતા. ભીડભાડવાળા બંદરે ફસાઈ ગયેલાં જહાજોની જેમ કેટલાક હાથીઓ પર ગુસ્સે ભરાયેલા ઉમરાવો ફસાઈ ગયા હતા. કોળાં, કેરી, ફણસ અને તડબૂચ લાદેલા ગાડાને કારણે વાહનવ્યવહાર અટકી જતો અને વિવિધ ભાષા અને બોલીના અમુક શબ્દોની આપ-લે પછી જાદુઈ રીતે પાછો ચાલવા પણ માંડતો. જોકે આમાંની કોઈ વસ્તુ શિવગામીનું ધ્યાન ચળાવી શકી નહીં. તેનું હૃદય એકદમ ભારે હતું.

રાઘવ, હું તને ખરેખર યાદ કરું છું, હું ખૂબ દિલગીર છું . તેણે રાઘવને મારવું જોઈતું નહોતું. પણ, એણે પણ એ રાત્રે જે કર્યું, એ નહોતું કરવા જેવું. તેણે તો એને કાયમ પોતાનો ભાઈ જ માન્યો હતો અને એના મનમાં એ આવી લાગણીઓ ભરીને બેઠો હતો, એ જાણીને તેને ખરેખર ચીડ ચડતી હતી.

રથ એવા સાંકડા માર્ગ પર વળ્યો, જ્યાંથી એ માંડ માંડ પસાર થઈ શકે એમ હતો. રસ્તા હેઠળની ગટરો ઊભરાઈ રહી હતી અને તેમાંથી ગંધાતું, કાળું પાણી બહાર આવી રહ્યું હતું. ખૂણામાં એક મંદિર હતું અને કૃશ સ્ત્રી-પુરુષો એક કતારમાં ઊભાં-ઊભાં ધીરજપૂર્વક ભોજન મળવાની રાહ જોઈ રહ્યાં હતાં. બાફેલા ચોખા અને ઊકળતા રસમની સુગંધ ગટરના પાણીની દુર્ગંધ સાથે ભળી જઈને ચારે બાજુ ફેલાઈ રહી હતી. રથ એ ટોળાને પસાર કરીને આગળ વધ્યો.

‘ખા મા, ખા.’ ભામા કાકીનો અવાજ સંભળાયો. શિવગામીને આશ્ચર્ય થયું અને તેણે ચારેકોર નજર ફેરવી. પછી તેણે માથું ધુણાવીને એ સ્મૃતિ ખંખેરી કાઢવાનો પ્રયત્ન કર્યો. તેણે હોઠ દબાવીને એ ડૂસકું દબાવી દેવાનો પ્રયત્ન કર્યો જે બહાર આવવાનો ધરખમ પ્રયત્ન કરી રહ્યું હતું. આજે કદાચ તેણે ભામા કાકીના હાથે બનેલું ભોજન છેલ્લી વાર ખાધું હતું. ધીમે-ધીમે એ વાસ્તવિકતા તેનામાં સ્વીકૃતિ પામી રહી હતી, પણ તેનાથી કંઈ એની પીડા ઓછી નહોતી થઈ રહી. એ લોકો હવે તેને રાખવા નથી ઇચ્છતાં. તે પારકી હતી અને એ કુટુંબની સભ્ય નહોતી. હવે એનું કોઈ જ નહોતું.

‘પણ...કેમ?’ આ શબ્દોથી તેને ડૂમો ભરાઈ આવ્યો. શા માટે એ લોકો મને દૂર કરી રહ્યાં છે ?

રથ ઝડપથી આગળ વધતો હતો અને તેઓ જેમ જેમ આગળ વધતાં જતાં હતાં તેમ તેમ એ ગલી વધુ ને વધુ સાંકડી બની રહી હતી. કાકા તેને ક્યાં લઈ જઈ રહ્યા છે, એ વિષે તે વિચારી રહી હતી. જ્યારે તેણે વિચાર્યું કે કોઈ ગલી આનાથી વધારે ખરાબ તો હોઈ જ ન શકે, ત્યારે રથ અચાનક જ ડાબે વળી ગયો અને એક ગંધાતી ગલીમાં તે આગળ વધવા લાગ્યો. ખરબચડા રસ્તા અને ખાબોચિયાંને લીધે રથ આમ-તેમ ફંગોળાતો હતો. કેટલાંક નગ્ન ટાબરિયાં પોતાનાં છાપરાવાળાં ઘર પાસેથી ચિચૂડાટ કરતા રથને પસાર થતો જોઈ રહ્યા. મરઘીઓ અવાજ કરીને રથના માર્ગથી દૂર ખસી જતી હતી. તળાતી માછલી અને ઊભરાતી ગટરની ગંધનું મિશ્રણ તેમના નાક પર આક્રમણ કરી રહ્યું હતું. ‘આ ટૂંકો રસ્તો છે,’ પગદંડીની કોરે જડેલા ફાનસ લટકાવેલા થાંભલાને રથ ઘસાતાં તિમ્માએ કહ્યું.

થોડી-થોડી વારે આકાશનો ટુકડો દેખાઈ જતો ત્યારે-ત્યારે દૂર રહેલા એક મોટા અખાડાનું છાપરું દેખાઈ જતું હતું. તેને જ્યારે ખ્યાલ આવ્યો કે રથ એ શાપિત સ્થળ પાસેથી

પસાર થવાનો છે, ત્યારે તેનો ભય વધી જવા પામ્યો. લટકતા પીંજરામાં તેના પિતા, તેમને જીવતા જ ઠોલી રહેલી ચકલીઓ અને કાગડાઓ, એ દૃશ્ય તેની આંખ સામે તરવરવા લાગ્યું. જોકે રોજ રાત્રે તેને એ દૃશ્ય યાદ આવતું જ. તેણે જોશથી પોતાની બેઠક પકડી રાખી અને પોતાની આંખો મક્કમ રીતે બંધ કરી દીધી. રથે જમણી બાજુ વળાંક લીધો અને સાંકડી ગલીની આજુબાજુની ભાંગી-તૂટી ઇમારતો ઘટવા માંડી. હવે શિવગામીને સમજાયું કે શા માટે તિમ્માએ આ રસ્તો પસંદ કર્યો હતો. તેના પિતાને જે જગ્યાએ લટકાવવામાં આવ્યા હતા, તે રસ્તેથી તિમ્મા પસાર થવા નહોતો માંગતો. તેમ છતાં, એ પીડાકારક યાદોથી દૂર ભાગવાનો કોઈ જ ઉપાય નહોતો.

અચાનક જ રથ અટકી ગયો અને તેણે પોતાની આંખો ખોલી. રસ્તાની વચ્ચોવચ્ચ રસ્તો રોકીને બે ગાયો બેઠી હતી. તિમ્માના મોઢામાંથી ગાળ નીકળી ગઈ અને તેમને હાંકી કાઢવા તે રથની નીચે ઊતર્યો. આગળ પડતી નજીક નજીક ઘરવાળી ગલી વળાંક લઈને ઉપર જતી હતી.

આ જ તેનો મોકો હતો. શિવગામી રથમાંથી નીચે ઊતરી અને ભાગી. છોકરી ભાગી નીકળી છે એવો ખ્યાલ આવવામાં તિમ્માને એકાદ ક્ષણ લાગી ગઈ. સંધિવાવાળા પગને ભાંડતો અને શિવગામીના નામની બૂમો પાડતો એ ડોસો રથ છોડીને લંઘાતો લંઘાતો તેની પાછળ ભાગવા લાગ્યો.

અખિલા પોતાની પાછળ દોડી રહી છે, એમ શિવગામીને સંભળાતું હતું. ગલી ગંધાતી હતી અને ગાયે કરેલા પોદળા પર પસાર થયેલાં વાહનોને કારણે લપસણી પણ હતી. અખિલા લપસી પડી હતી, તે પણ તેને સંભળાયું હતું. એક ક્ષણ માટે તો તેને ઇચ્છા થઈ આવી કે તે પાછળ ફરીને એ બાળકીને ઊભી કરે પણ પછી તેણે જોયું કે અખિલા તો ઊભી થઈ શકી હતી અને ફરી પાછી તેની પાછળ જ ભાગવા માંડી હતી. એટલે શિવગામીએ દોડવાનું ચાલુ રાખ્યું.

ગલીના છેવાડ પહોંચીને શિવગામી એક અંધારી ગલીમાં વળી ત્યારે પણ અખિલા તો તેની પાછળ દોડતી જ હતી. ઊભરાતી ગટરોને કારણે જમીન કાદવવાળી હતી, દીવાલો પર મૂત્રવિસર્જનના ડાઘા હતા અને નાસિકાઓ હલબલાવી નાખે તેવી દુર્ગંધ પણ આવી રહી હતી. અચાનક બીજી બાજુની ગલીમાંથી એક કાળો ઓળો બહાર આવ્યો અને અખિલાને ભટકાયો. અખિલા નીચે પડી, પેલો માણસ પણ ભટકાવાથી લપસ્યો અને અખિલા ઉપર જ પડ્યો. શિવગામી અટકીને એમની તરફ ફરી. તે ચીસ પાડીને અખિલાની દિશામાં દોડી. નજીક આવીને તેણે જોયું તો અખિલાનો બટવો ખૂલી ગયો હતો અને તેણે ભેગા કરેલા પથ્થરો ચારે બાજુ વિખરાયેલા પડ્યા હતા. પેલો માણસ એ પથ્થરો માટે અખિલા સાથે લડી રહ્યો હતો.

શિવગામીએ તેને ધક્કો મારીને અખિલાથી દૂર કર્યો. ઊંડી ઊતરી ગયેલી આંખો અને ગંદા દાંતવાળો તે પાતળો માણસ માત્ર લંગોટભેર જ હતો. તે ગાળ બોલ્યો અને ઊભો થવા મથ્યો પણ ફરી વાર લપસ્યો અને ફરી વાર પડ્યો.

જાનવર જેવી ચીસ પાડીને એ માણસ અખિલા તરફ કૂદ્યો પણ અખિલાએ એ પથ્થરો પોતાની પીઠ પાછળ છુપાવી દીધા અને બોલી, 'ના, મારા છે, આ બધા મારા છે. હું એમાંથી એક પણ આપવાની નથી.'

આઠ વર્ષની છોકરી સાથે પથ્થરો માટે લડી રહેલો આ માણસ પાગલ છે ? શિવગામી એને કંઈક કહેવા જ જતી હતી પણ એણે જોયું કે તેની આંખો ભયથી વિસ્ફારિત થઈ રહી હતી. એ માણસ શિવગામીની પાછળની દિશામાં કશુંક તાકી રહ્યો હતો. એ કોનાથી ડરી રહ્યો છે એ જોવા શિવગામીએ પાછળ જોયું, એ દરમિયાન તો એ માણસ ભાગી ગયો.

એક ક્ષણ પછી તે ફાનસ લટકાવેલા એક થાંભલા સાથે અથડાયો અને બેહોશ થઈને નીચે પડ્યો. શિવગામી તેની દિશામાં દોડી પણ એ તેની પાસે પહોંચે એ પહેલાં તો ગલીમાં ઘોડાના પગલાની ધડબડાટી સંભળાવા લાગી. એ માણસે ભયથી બૂમ પાડી અને પોતાનું માથું દબાવીને ઊભો થયો અને દોડવા લાગ્યો. શિવગામીએ જોયું કે કાળી પાઘડી પહેરેલો એક માણસ તેમની દિશામાં ઘોડા પર આવી રહ્યો હતો અને તેના હાથમાંનો ભાલો પણ તેમની તરફ જ તકાયેલો હતો. તે નીચે ઝૂકીને અખિલા પાસે ગઈ, તેનું કાંડુ પકડ્યું અને તેને લઈને ધડબડાટી કરી રહેલા ઘોડાથી અલગ દિશામાં ગઈ. જ્યારે ઘોડા તેમની બાજુમાંથી પસાર થઈ ગયા ત્યારે તે ઊભી રહી અને જોર-જોરથી શ્વાસ ખાવા લાગી. અખિલા ભયાર્ત હતી પણ તેણે પોતાનો ફાટેલો બટવો એવી રીતે પકડી રાખ્યો હતો જાણે તેનું જીવન જ તેની પર ટકેલું હોય. શિવગામીએ પેલા ભાગી રહેલા માણસની દિશામાં જોયું તો તેને તેની છાતીની આરપાર ઊતરી ગયેલો ભાલો જોવા મળ્યો. એ માણસ એવી હાલતમાં પણ થોડાંક ડગલાં તો દોડ્યો પણ પછી મોઢાભેર જમીન પર પટકાયો.

તેની પાછળ પડેલો માણસ ઘોડા પરથી નીચે ઊતર્યો અને એ મૃત માણસ તરફ ચાલ્યો. તેણે પેલાના શરીરમાંથી ભાલો ખેંચી કાઢ્યો અને તેની પર રહેલું લોહી પોતાના અંગૂઠા વડે લૂછ્યું. તેણે એ મરેલા માણસને ચત્તો કર્યો અને તેને તપાસવા લાગ્યો.

શિવગામીએ વિચાર્યું કે પેલો ઘોડેસવાર તેમની નોંધ લે એ પહેલાં જ સરકી જવામાં સાર છે એટલે તેણે અખિલાને ખેંચી. અખિલાના હાથમાંના ફાટેલા બટવામાંથી પેલા પથ્થરો નીચે પડ્યા એટલે તે રડવા માંડી અને શિવગામીથી છૂટવા માટે જોર કરવા માંડી. તેને પોતાના રંગબેરંગી પથ્થરો પાછા જોઈતા હતા. શિવગામીએ તેને પકડી રાખવાનો પ્રયત્ન કર્યો પણ અખિલા તેની પકડમાંથી છૂટવામાં સફળ રહી. નીચે વળીને તેણે પોતાના પથ્થરો વીણવા શરૂ કર્યા.

પેલો માણસ મડદાને તપાસવાનું અટકાવીને ઊભો થયો. તેણે પોતાની જીભથી ડચકારો કર્યો અને તેમની દિશામાં આવવા લાગ્યો. દર બીજા ડગલે તે ભાલાની બુઠ્ઠી ધારને જમીન સાથે અથડાવતો હતો. પોતાની છાતીના પીંજરામાં જોર જોરથી ધબકી રહેલા હૃદયના ધબકારા શિવગામી સાંભળી શકતી હતી. તેણે અખિલાને કોણી મારી પણ અખિલા તો પોતાના બધા જ કીમતી પથ્થરો વીણી ન લે ત્યાં સુધી ત્યાંથી હલવા માટે તૈયાર જ નહોતી.

પેલો માણસ તેમના સુધી પહોંચે ત્યાં સુધીમાં તો અખિલાએ બધા પથ્થરો વીણીને પોતાના ફાટેલા બટવામાં ભરી લીધા હતા. પેલા માણસે ચપટી વગાડી અને પોતાની હથેળી લંબાવી. પેલો બટવો તેને આપી દેવાનો તેણે અખિલાને ઇશારો કર્યો. અખિલાએ માથું ધુણાવીને ના પાડી અને તે શિવગામીની પાછળ છુપાવા માટે દોડી. તેને પકડવા માટે પેલો માણસ દોડ્યો પણ શિવગામીએ એના માર્ગમાં પોતાનો પગ લંબાવીને તેને પાડ્યો. એ માણસ જમીન પર ચત્તોપાટ પડ્યો. શિવગામીએ અખિલાનો હાથ પકડ્યો અને દોડી. એ માણસને ઊભો થતો તેણે સાંભળ્યો. એ જાણતી હતી કે એ માણસ તેમની પાછળ જરૂર પડશે.

'બેટા, તું ક્યાં જતી રહી છે ? શિવગામી, બેટા !' ગલીના બીજા છેડેથી, શિવગામીની પાછળથી, તિમ્માનો અવાજ સંભળાયો.

'નન્ના,' અખિલાએ બૂમ પાડી. તિમ્મો ગલીના છેડેથી પ્રગટ થયો અને ત્યાં જ એ થીજી ગયો. અખિલા તિમ્માની દિશામાં દોડી અને તેના પગને વળગી પડી. શિવગામી પેલા માણસની દિશામાં ફરી અને તિમ્માને પોતાની પાછળ છુપાવા લાગી. તે પેલા માણસ સાથે લડી લેવા તૈયાર હતી. પાઘડીવાળો માણસ તેમની દિશામાં જ ચાલી રહ્યો હતો. એ માણસનો ચહેરો

આમ તો ઢંકાયેલો હતો પણ શિવગામીને લાગ્યું કે લાકડીના ટેકે ચાલી રહેલા વૃદ્ધ અને એક નાનકડી બાળકીને બચાવવાના પોતાના જેવી કિશોરીના પ્રયત્નો માટે તે હસી રહ્યો હતો. શિવગામીને વિશ્વાસ નહોતો કે આટલા કદાવર માણસ સામે તે એકલે હાથે લડી શકશે. તેને વિચાર આવ્યો કે તેની તલવાર તેની પાસે હોત તો કેવું સારું હોત. જોકે આવા બધા વિચારો કરવાનો અત્યારે સમય નહોતો.

પાઘડીવાળા માણસે ભાલાને એક હાથમાંથી બીજા હાથમાં લીધો, પોતાના સૂકા હોઠ પર જીભ ફેરવી અને થોડાક હાથ દૂર ઊભો રહ્યો. શિવગામીએ વિચાર્યું કે માણસ હુમલો કરે એ પહેલાં હુમલો કરી દેવો જ શ્રેષ્ઠ રહેશે, પણ તેના ખભા પર હાથ મૂકીને તિમ્માએ તેને અટકાવી. તે એક ડગલું આગળ આવ્યો અને તેને બાજુમાં ખસી જવાનો ઇશારો કર્યો. ખચકાટ સહ, તે અખિલાને લઈને જમણી બાજુ ખસી.

એ માણસ બંને પગ પહોળા કરીને હુમલો કરવાની મુદ્રામાં જ ઊભો હતો. તેણે અખિલાના બટવા તરફ ઇશારો કર્યો પણ તિમ્માએ નકારમાં માથું ધુણાવીને કહ્યું, 'અમલદાર, શરણાગતિ સ્વીકારી લો. તમે કાયદો તોડ્યો છે. હવે હવે તમે ભૂમિપતિ તિમ્માની સામે ઊભા છો.'

ઉત્તરમાં એ માણસે તિમ્માની દિશામાં પોતાના ભાલાનો ઘા કર્યો. ભાલો સુસવાટો બોલાવતો તિમ્માની બાજુમાંથી પસાર થઈ ગયો પણ તિમ્માની પાંપણ પણ ફરકી નહીં. એ તિમ્માની એકદમ પાસેથી જ પસાર થયો અને તેની પાછળની દિશામાં ખૂંપી ગયો. બધું એટલું ઝડપથી બની ગયું કે શિવગામી નક્કી કરી શકી નહીં કે હુમલાખોર પોતાનું નિશાન ચૂક્યો હતો કે તિમ્મા હુમલાથી બચવા બાજુમાં ખસી ગયા હતા.

ગાળ બોલતાં-બોલતાં એ માણસે પોતાના મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી અને તે તિમ્માની દિશામાં ધસી ગયો. બંને છોકરીઓ ભયની મારી ચીસ પાડી ઊઠી. શિવગામીએ જોયું કે પાછળની દીવાલમાં ખૂંપેલો ભાલો હાથવગો કરવા માટે તિમ્માએ શરીર મરોડ્યું હતું પણ એ પ્રયાસ નિરર્થક હતો તેનો શિવગામીને ખ્યાલ આવી ગયો. આવા કદાવર યોદ્ધા સામે તિમ્માની જીતની કોઈ જ તક નહોતી.

પછીની જ ક્ષણે શિવગામીએ જોયું કે હુમલાખોર જમીન પરથી ઊંચકાયો અને બાજુની દીવાલ પર ભટકાયો. તે દીવાલ પર ઉંધો લટકી ગયો અને તેનું માથું જમીનથી છ હાથ જેટલું ઊંચું થઈ ગયું. તેના પેટમાંથી ભાલાનો બુઠ્ઠો ભાગ બહાર આવેલો દેખાતો હતો. તેને ભાલો પરોવીને દીવાલમાં લટકાવી દેવામાં આવ્યો હતો અને કસાઈની દુકાને લટકતા ભૂંડની જેમ તે લટકતો હતો. તેણે પોતાના પેટ પર હાથ દબાવ્યો એટલે તેના હાથમાં રહેલી તલવાર ખણણણ કરતી નીચે પડી. તેણે ઉધરસ ખાધી, તેના મોઢામાંથી લોહી બહાર પડ્યું અને તે મૃત્યુ પામ્યો.

શિવગામી જોઈ જ રહી, આશ્ચર્યથી તેનું મોઢું ખુલ્લું હતું. તેણે સપનામાં પણ નહોતું વિચાર્યું કે તેના ઘરડા તિમ્મા કાકામાં આટલી શક્તિ અને ચપળતા હશે. આનંદથી ઊછળતી ઊછળતી અખિલા પોતાના પિતા પાસે દોડી ગઈ. તિમ્મા તેને ભેટીને શિવગામીની દિશામાં આવ્યો. તેની ખોડંગાતી, ધીમી, સંધિવાવાળી ચાલ પાછી આવી ગઈ હતી. શિવગામી તેની સામે મૂંઝવણ અનુભવતી ઊભી રહી. તેના મનમાં હજાર પ્રશ્ન ઊઠતા હતા પણ તેનામાં એટલી બધી લાગણીઓ ઊભરાઈ રહી હતી કે તે કશું જ પૂછી શકી નહીં.

'બેટા, મારા જેવા ઘરડા બાપને પણ જો પોતાનાં બાળકોનું જીવન બચાવવાનું હશે, તો એનામાં ગમે તેટલી શક્તિ આવી જશે,' તિમ્માએ સસ્મિત કહ્યું. શિવગામીની આંખોમાં આંસુ

ઊભરાઇ આવ્યાં. તે તિમ્મા ની દિશામાં દોડી ગઈ અને તેની છાતીએ વળગીને રડવા માંડી. તિમ્માએ તેના વાળમાં હાથ પસવારીને કહ્યું, ‘આ બહુ ખરાબ ગલીઓ છે, બેટા. આ સમય પણ ખરાબ જ ચાલી રહ્યો છે. અહીંયાં તેં જે જોયું હતું એ માત્ર તારા સુધી જ રાખજે.’

તેઓ એક સાથે જ ચાલીને રથ સુધી ગયાં. તેઓ રથમાં ચડી રહ્યાં હતાં ત્યારે તિમ્માએ શિવગામીનો ખભો દબાવીને કહ્યું, ‘તું જેમ દેવરાયની પુત્રી છે, તેમ મારી પણ પુત્રી જ છે. જેનો સામનો કરવાનો હોય તેનાથી કદી, ક્યારેય ભાગવું નહીં. હંમેશાં એક વાત યાદ રાખજે કે હું જે પણ કરીશ તેમાં તારી ભલાઈ જ હશે.’

શિવગામીએ હકારમાં માથું હલાવ્યું અને તિમ્માએ તેના માથા પર ચુંબન કર્યું. રથ તેના માર્ગે આગળ વધ્યો. અખિલા તેની બાજુમાં બેઠી-બેઠી બબડતી રહી અને પોતાના પથ્થરો ખખડાવતી રહી. એ નાનકડી છોકરી શું બોલી રહી છે, તે શિવગામીને સંભળાતું નહોતું. તિમ્મા રથ ચલાવી રહ્યો હતો. અત્યાર સુધી, એના જીવનનો રથ પણ તિમ્મા જ ચલાવી રહ્યો હતો. હવે તે મોટી થઈ ગઈ હતી. તેણે એવો. વિચાર આવ્યો કે તે પણ અખિલા જેટલી બાળકી જ રહી હોત તો કેટલું સારું હોત. પોતે જે છોડીને જઈ રહી હતી તેની યાદ અને તિમ્મા પ્રત્યેના પ્રેમને કારણે તેની ધૂંધળી આંખોમાં ફરી વાર આંસુ ઊભરાઇ આવ્યાં. અખિલાને પોતાની પાસે ખેંચીને શિવગામી તેને વળગી પડી અને તેણે પોતાની આંખો ચસોચસ બંધ કરી દીધી. પોતાના ગાલ પર વહી રહેલાં આંસુને તે રોકી શકે તેમ નહોતી, પણ આ પીડાકારક યાદોને, તેની એક એક ક્ષણને, તે પોતાના મનમાં સંઘરી રહી હતી.

શિવગામીનું નવું જીવન શરૂ થવાનું હતું.

૬

કટપ્પા

'હવે જ્યારે કોઈ મૂર્ખામી કરવાનું સૂઝે ત્યારે આ યાદ રાખજે.' કહીને મલયઅપ્પાએ શિવપ્પાના ચહેરા પર તમાચો જડી દીધો. કટપ્પા જડવત્ ઊભો ઊભો પોતાના પગના અંગૂઠા આસપાસ પડતા પડછાયાને જોઈ રહ્યો હતો. તેમના માથા ઉપર સૂરજ આગના ગોળાની જેમ તપી રહ્યો હતો.

'પણ એણે મને પડકાર આપ્યો હતો,' તેના ભાઈના અવાજમાં રહેલી કર્કશતાથી કટપ્પાના શરીરમાં ધ્રુજારી આવી ગઈ. શિવપ્પા સાચો હતો, પણ એ ખોટા પણ હતો. એ સાચા કરતાં વધારે તો ખોટો જ હતો. પિતાજીને આમાં વધારે સમજણ પડે, એમ તેણે વિચાર્યું.

'તું તારું સ્થાન ભૂલી ગયો,' મલયઅપ્પાએ કહ્યું.

'તો એણે પણ એક રાજકુમાર થઈને ગુલામને પડકાર ફેંકવો જોઈતો નહોતો,' શિવપ્પાએ કહ્યું. તેની આંખમાંથી ક્રોધનાં આંસુ વહી રહ્યાં હતાં.

'તો તારે હારી જવું જોઈતું હતું, મૂર્ખ,' તેના પિતાએ તેને ફરી વાર લાફો માર્યો.

'સેનાપતિ હિરણ્યએ વિચાર્યું હતું કે હું હારી જઈશ પણ હું હાર્યો નહીં.'

ફરી એક સણસણતો તમાચો.

'તમે મને મારીને જીતી શકશો નહીં,' શિવપ્પા રોષ અને તિરસ્કારથી રડી પડ્યો. એક ક્ષણ માટે તંગ ચુપકીદી છવાઈ રહી. કટપ્પાએ જ્યારે મોઢું ઊંચું કર્યું, ત્યારે તેણે જે જોયું તેનાથી તે ભયભીત થઈ ઊઠ્યો. તેના નાના ભાઈએ તેના પિતાનો હાથ પકડી લીધો હતો અને આખું દૃશ્ય કોઈ નાટ્યાત્મક દૃશ્યની જેમ થીજી ગયું હતું. પિતા અને પુત્ર એકબીજાની આંખોમાં આંખ પરોવીને ઊભા હતા. જ્યારે શિવપ્પાની આંખો કટપ્પાની આંખો સાથે મળી, ત્યારે તેણે પિતાનો હાથ છોડી દીધો. તેમના પિતાજી ભારે પગલે, આગળ જોતા જોતા બહાર નીકળી ગયા. કટપ્પાએ જોયું કે તેમની આંખોમાંથી ક્રોધ નીતરી રહ્યો હતો.

'નન્ના,' કટપ્પા બોલ્યો, પરંતુ તેની તરફ જોવાની દરકાર કર્યા વિના તેના પિતા તેની બાજુમાંથી પસાર થઈ ગયા.

'અન્ના, હું....' શિવપ્પાનો અવાજ તરડાઈ ગયો. પોતાના ભાઈને બોલતો અટકાવવા કટપ્પાએ હાથ ઊંચો કર્યો. તે આંખો બંધ કરીને ઊભો રહી ગયો. તેના ભાઈ અને પિતા વચ્ચેનો તણાવ દિનપ્રતિદિન વધતો જતો હતો અને તે એ બંનેની વચ્ચે ફસાઈ જતો હતો. તેના ભાઈએ તે દિવસે હાથે કરીને હાથી છૂટો મૂકી દીધો હતો એ વાત તે હવે નકારી રહ્યો હતો અને કટપ્પાને તેની ચિંતા થઈ રહી હતી. તેના ભાઈનું વર્તન દિવસે-દિવસે વધુ પડતું વિચિત્ર બની રહ્યું હતું અને તેનાથી તેની પોતાની ચિંતા વધી જવા પામી હતી.

'અન્ન, સેનાપતિ હિરણ્યએ મને રાજકુમાર મહાદેવ સાથે દ્વંદ્વમાં ઊતરવાનું કહ્યું હતું. હું

જીતી ગયો એ મારો ગુનો ?'

કટપ્પા પોતાના ભાઈ તરફ ફર્યો અને તેણે ઊંડો શ્વાસ લીધો. 'એનો મતલબ એવો નથી કે તારે આટલા કઠોર બની જવું જોઈએ. તને ખબર તો છે કે રાજકુમાર મહાદેવ—'

'ડરપોક છે,' શિવપ્પા હસ્યો. 'એ બધા એક સમાન જ છે. એ બધા ડરપોક છે પણ બહાદુર હોવાનો દેખાવ કરે છે કારણ કે આપણે એમ કરવા દઈએ છીએ. તે લોકો મોટા થઈને ફરે છે કારણ કે આપણે લોકો મનથી આપણી જાતને નાની માની લઈએ છીએ. માત્ર આપણી ચામડી કાળી છે અને એમની થોડીક ધોળી છે એટલે—'

'ચૂપ થઈ જા,' કટપ્પાએ કહ્યું. તે જાણતો હતો કે વાત કયા પાટે આગળ વધી રહી હતી. તેને ભય હતો કે જો તે શિવપ્પાની વાત સાંભળતો રહેશે, તો એક દિવસ એ પોતે પણ શિવપ્પાની જેમ જ વિચારતો થઈ જશે. કદાચ તેના પિતાને પણ એ વાતનો જ ભય હશે. નાની તલવારો અને ચાબૂકવાળી તલવારોનો ભારો પોતાના ખભે નાખીને કટપ્પા નીચે ચાલ્યો. તેની સાથે થવા માટે શિવપ્પા દોડ્યો.

'આપણે કેટલા સમય સુધી ગુલામ રહીશું? બીજા દેશોમાં તો મુક્ત માણસો હોય છે. તમે તમારા ઉત્પાદનનો અમુક હિસ્સો રાજાને આપો એટલે એ તમને મુક્ત જીવન જીવવા દે છે. જંગલમાં તો એવાં સ્ત્રી અને પુરુષો પણ રહે છે કે જે કોઈ રાજાને નમતા જ નથી.'

'પણ એ લોકો ફાંસીના માંચડે લટકીને કે રાજાના હાથીના પગ તળે ચગદાઈને યુવાનીમાં જ મોત પણ પામે છે,' કટપ્પાએ હાંફતાં હાંફતાં કહ્યું.

'જાણે અહીંયાં તો મહારાજાના હુકમથી કોઈને મારવામાં જ નથી આવતા. દરેક ભૂમિપતિ પોતે જ કાયદા બનાવે છે. વરસાદ પછી નીંદણ ઊગી નીકળે એમ દરેક ગામમાં ઉમરાવો પણ ફૂટી નીકળ્યા છે. જેની પાસે એક ઘોડો અને રસોડામાં વપરાતી છરી હોય, એ બધાં જ પોતાની જાતને મહાવીર કહેવડાવે છે. થોડાક રૂપિયા અને એક ગીતના સાટામાં રાજા આવાં પદો વેચે છે. અને નાના માણસોની વાત કરો તો કોઈ કુંવારી કન્યા કે કોઈ પુરુષ સલામત જ નથી. આના કરતાં તો કૂતરા વધારે સારું જીવન જીવે છે.'

'તું આવી ને આવી વાતો કરતો રહે અને થોડા સમયમાં તારા ધડ પર માથું જ નહીં રહે. નન્નાને તારી ચિંતા થાય એમાં નવાઈ શાની ?'

'એમણે તો પોતાના માથાની ચિંતા કરવી જોઈએ. આપણા કેટલા પૂર્વજો પોતાની પથારીમાં જ મર્યા છે?' શિવપ્પા થૂંક્યો.

કટપ્પા પાસે એનો કોઈ જ જવાબ નહોતો. માહિષ્મતીના રાજાઓ માટે મરી ચૂકેલા પોતાના પૂર્વજોની વાતો સાંભળીને તો એ મોટો થયો હતો. ત્રણસો વર્ષ પહેલાં ગાદીએ આવેલા પહેલાં રાજા જેટલી જ પ્રાચીન એ વાર્તાઓ હતી. તેણે એવી વાતો સાંભળી હતી કે અઢાર પેઢીઓ પહેલાં જ્યારે તેના પૂર્વજો મુક્ત માણસો હતા ત્યારે તેઓ પોતાની જાતને ગૌરી પર્વતપુત્રો તરીકે ઓળખાવતા હતા.

'આ ભાર ઊંચકવામાં મને મદદ કેમ નથી કરતો ?' કટપ્પાએ પૂછ્યું.

'અન્ના, તમારા માટે એ કામ હું કરી લઈશ. મને બીજા લોકોનો બોજો ઉઠાવવામાં મજા નથી આવતી,' કહીને શિવપ્પાએ એ ભારો પોતાના માથે નાખ્યો.

તેઓ ચાલતા રહ્યા અને ફરી એક વાર શિવપ્પાએ પૂછ્યું, 'અન્ના, આપણે કેમ ગુલામો છીએ ?'

'એ જ તો આપણું નસીબ છે,' કટપ્પા ગણગણ્યો.

'આપણે આપણું નસીબ બદલી કેમ ન શકીએ?'

'શિવપ્પા, મને આવા વિચારોનો ભય લાગવા માંડ્યો છે. તું નન્નાના હૃદયને ભારે આઘાત પહોંચાડીશ. તે એમ વિચારે છે કે તારું ભવિષ્ય બહુ ઊજળું છે.' કટપ્પાએ પોતાના ભાઈ પર આંખો ઠેરવી. તેના હોઠો પર રહેલું ઉપહાસજનક સ્મિત તેને ગમ્યું નહીં.

'ભવિષ્ય ? ગુલામોને ભવિષ્ય હોય ખરું, અન્ના ? શું કોઈ રાજકુમારનાં એઠાં વાસણો ઊંચકવા એ ભવિષ્ય છે ? જ્યારે એ કોઈ ખેડૂતની પુત્રી પર બળાત્કાર કરતા હોય ત્યાર ચૂપચાપ ઊભા રહેવું અને પછી તેમનું વીર્ય લૂછવા માટે રૂમાલ આપવો, એ ભવિષ્ય કહેવાય ? ના, આભાર. હું મારું ભવિષ્ય જાતે જ ઘડીશ.'

કટપ્પા ખરેખર ભયભીત થઈ ઊઠ્યો હતો. અમુક ગુલામો એવી વાતો કરતા હતા કે તેના ભાઈના ચિત્ર-વિચિત્ર સાથીઓ છે. આવી રીતે વાત કરવા જેટલો પાકટ શિવપ્પા નહોતો. એ પોતે જ્યારે શિવપ્પાની ઉંમરનો હતો ત્યારે તેણે પોતાના પિતાના શબ્દોથી આગળ જઈને કશું પણ વિચારવાની હિંમત પણ નહોતી કરી. અને તેના પિતા કહેતા હતા કે ગુલામોએ વિચારવાનું નથી હોતું. તેણે માત્ર સેવા કરવાની હોય છે. અને જો જરૂર પડે, તો તેના માલિક માટે જીવ આપવાનો હોય છે.

તેઓ શસ્ત્રાગારના પાછલા દરવાજે પહોંચી ગયા હતા. શસ્ત્રોનો આ જથ્થો જમા કરાવીને કટપ્પાએ બિજ્જલના ભવન ભણી દોડી જવું પડ્યું.

'અન્ના, આ પકડો તો, શિવપ્પાએ કહ્યું અને કટપ્પા એ ભારો હાથમાં લે તેની રાહ જોયા વિના તેણે એ નીચે નાખ્યો. ભારો જમીન પર પડ્યો એટલે તલવારોનો ખણણણ અવાજ થયો અને એ અવાજથી શસ્ત્રાગારનો એ સૂતેલો કારકુન જાગી ગયો જે હથિયારોનો હિસાબ-કિતાબ રાખતો. તેણે બગાસું ખાઈને ગુલામો તરફ કંટાળાપૂર્વક જોયું.

'હવે હું તારી રજા લઉં છું,' શિવપ્પાએ કહ્યું.

કટપ્પા કોઈ પ્રતિક્રિયા આપે તે પહેલાં તો એ અદૃશ્ય થઈ ગયો હતો.

કટપ્પાએ બઘવાયા થઈને આસપાસ નજર ફેરવી. થોડે દૂર તેને એક યુવતી ભોંય વાળતી દેખાઈ. તેના ચહેરા પર લોહી ધસી આવ્યું. તેમના પિતાએ શિવપ્પાને એ છોકરી સાથે વાતો ન કરવા ઘણી વાર ચેતવ્યો હતો. કટપ્પાએ મનોમન નક્કી કર્યું કે હવે જ્યારે તેમના પિતા શિવપ્પાને ચાબુક વડે ફટકારશે, ત્યારે તે ચૂપ રહેશે. પોતાના શેતાની ભાઈને ચાબુકના ફટકાની જેટલી જરૂર છે, એટલી કોઈને નથી.

'એવું સાંભળવા મળ્યું હતું કે તારા નાના ભાઈએ નાના રાજકુમારનું નાક તોડી નાખ્યું ?' કહીને કારકુને તલવારો ગણી અને તાડના એક પાંદડા પર તેની નોંધ કરી.

'એ...એ તો અકસ્માત થયો હતો,' કટપ્પા થોથવાયો. પેલી બાજુ તેના ભાઈ અને પેલી યુવતી વચ્ચે જે ચાલી રહ્યું હતું, તેનાથી કટપ્પાનું ધ્યાન એ બાજુ ખેંચાયું હતું. એ કારણે પેલા કારકુનની નજર પણ એ બાજુ ખેંચાઈ અને તેણે ખિખિયાટો કર્યો.

'તારો ભાઈ છે તો હોશિયાર. આમ તો, વધારે પડતો જ હોશિયાર છે, જે એના માટે સારું ન કહેવાય,' કહીને એ ઘરડો કારકુન પોતાની આંગળીઓ વડે કાન ખોતરવા માંડ્યો.

'એ અહીંયાં અવારનવાર આવે છે, સ્વામી ?' મુઠ્ઠીઓ ભીડીને કટપ્પાએ પૂછ્યું. ત્યાં જઈને પોતાના ભાઈને ખેંચી જવા માટે તેના હાથમાં ખંજવાળ આવી રહી હતી.

'એ બંને અવારનવાર સાથે જોવા મળે છે. બધાં વાતો કરે છે — ગુલામ છોકરો અને ઉમરાવના ઘરની છોકરી,' કહીને કારકુને ભારો જમીન પર જ ખોલ્યો અને દીવાલ પર

લટકાવવા માટે વારાફરતી તલવારો બહાર કાઢવા માંડ્યો.

'એ અનૌરસ છોકરી છે, સ્વામી,' કટપ્પાએ કહ્યું. બોલતાં બોલતાં તેણે પોતાના મોઢા પર હાથ રાખ્યો હતો જેથી તેના શ્વાસથી પેલો કારકુન ભ્રષ્ટ ન થઈ જાય.

'અનૌરસ સંતાન, પણ કોનું ? ભૂમિપતિ પત્તરાયના ભાઈનું અનૌરસ સંતાન. ક્રિષ્ના, ક્રિષ્ના. જ્યારે ભૂમિપતિ આ વાત જાણશે. ત્યારે એ શું કરશે એની તો હું કલ્પના પણ નથી કરી શકતો,' કહેતાં કહેતાં કારકુને છેલ્લી તલવાર દીવાલ પર લટકાવી અને પોતાના હાથ ધોયા. તેણે વિધિ અનુસાર હાથ ધોવા પડ્યા, કારણ કે તેણે એ તલવારોનો સ્પર્શ કર્યો હતો જેને કટપ્પા પણ સ્પર્શ્યો હતો. આ કારકુન ઘરે જઈને પોતાની પત્નીને મારવાનું શરૂ કરે એ પહેલાં વિધિ અનુસાર સ્નાન પણ કરશે , કટપ્પાએ વિચાર્યું. હે ભગવાન, શિવપ્પાના વિચારોનો ચેપ તેને લાગી પણ ગયો હતો.

'સ્વામી, જો ભૂમિપતિને આ છોકરીની કંઈ પરવા હોત, તો એ અનાથાશ્રમમાં રહેતી ન હોત, કે આમ કચરો વાળતી ન હોત,' કટપ્પાએ કહ્યું. એનો ભાઈ પેલી છોકરીનો હાથ પકડીને ઊભો હતો અને આટલા અંતરેથી પણ તે જોઈ શકતો હતો કે એ છોકરીના ગાલ પર શરમના શેરડા ફૂટી આવ્યા હતા.

'છોકરા, લોહી છેવટે લોહી જ હોય છે. એને ધન સાથે કંઈ જ લેવાદેવા નથી. એ છોકરીનો બાપ મરી ગયો છે, એટલે ભૂમિપતિ પત્તરાયે એમ વિચાર્યું હશે કે આ છોકરીનો ઉછેર શાહી અનાથાલયમાં વધારે સારી રીતે થઈ શકશે. પણ જ્યારે લોહીની વાત આવે ત્યારે…હંમમમ…પણ એમાં તારા ભાઈનો વાંક કોણ કાઢે ? તેં એ છોકરીની છાતી જોઈ છે ? કેરીઓ જેવી રસદાર દેખાય છે !' એ છોકરીની દાદાની ઉંમરના કારકુને એ છોકરી પર ખરાબ નજર નાખી લીધી.

'તને એ છોકરીનું નામ ખબર છે, ગુલામ છોકરા ? આાહ ! કામાક્ષી, કામુક આંખોવાળી ! સત્તર વર્ષની ઉંમર અને એના શરીરના દરેક અંગમાંથી …રામ, રામ, આ ઘરડી ઉંમરે મારે શા માટે આવી વાતો કરવી જોઈએ ? એક ગુલામ હોવા છતાં તારો ભાઈ બહુ હોશિયાર છે, પણ ભગવાને તેને જીવન બહુ ટૂંકું આપ્યું છે.'

કટપ્પાના ચહેરા પર ગુસ્સો તરી આવ્યો. પોતાના ભાઈ વિષે ખરાબ બોલવા માટે એ પેલા કારકુનનું માથું દીવાલ પર પટકવા ઇચ્છતો હતો. પણ તેની આંખો સામે તેના પિતાનો ચહેરો તરવા લાગ્યો. તે શિવપ્પા જેટલો ચતુર નહોતો પણ એ આજ્ઞાંકિત અને શિસ્તબદ્ધ અવશ્ય હતો. તેણે પોતાનો ગુસ્સો કાબૂમાં રાખ્યો, કારકુનને ઝૂકીને વંદન કર્યાં અને શસ્ત્રાગારની બહાર આવ્યો. તેનો ભાઈ હજી પોતાની પ્રેમિકા સાથે જ ઊભો હતો અને તેને ક્યાંય જવાની ઉતાવળ હોય એમ લાગતું નહોતું.

કટપ્પાને મોડું થઈ રહ્યું હતું અને એટલે જ તેને ગભરામણ થઈ રહી હતી. પણ જતા પહેલાં પોતાના ભાઈને બે શબ્દો કહેવા તેને જરૂરી લાગ્યા. તે દરવાજા પાસે રાહ જોતો ઊભો રહ્યો, પીઠ પાછળ હાથ બાંધે, ખોલે અને એ સાંકડા રસ્તા પર આમથી તેમ આંટા મારે. ગલીના પેલા છેડે રહેલી પાઠશાળામાં બ્રાહ્મણ છોકરાઓ વેદોની ઋચાઓનું ગાન કરી રહ્યા હતા અને તેનો અર્થ સમજવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. એના કારણે તેનો ગુસ્સો કાબૂમાં રહ્યો હતો. છેવટે, શિવપ્પા જ્યારે પ્રગટ થયો, ત્યારે પડછાયા લાંબા થવા માંડ્યા હતા અને પશ્ચિમ દિશામાંથી આવતા પવને જોર પકડ્યું હતું. શિવપ્પા મનોમન હરખાતો હતો અને બહુ ખુશ દેખાતો હતો. જોકે તેની રાહ જોઈ રહેલા કટપ્પાને જોઈને તેનું મોઢું ખુલ્લું રહી ગયું.

'અન્ના, તારે કંઈ કામ નથી ? જેમ કે પેલા દારૂડિયા રાજકુમારના પગની માલિશ ?'

શિવપ્પાએ થોડાક સ્મિત સાથે પૂછ્યું. કટપ્પાએ આ અપમાનની અવગણના કરી. શિવપ્પાએ થોડાક ગભરાટ સાથે પાછળ ફરીને તપાસી લીધું કે કામાક્ષી જતી રહી છે.

'નન્નાએ આ પહેલાં પણ તને ચેતવણી આપી જ છે,' કટપ્પાએ કહ્યું.

શિવપ્પાએ નજર નીચી કરીને કહ્યું, 'પણ હું તેને પ્રેમ કરું છું.'

કટપ્પાએ આ વાત આ પહેલાં પણ ઘણી વાર સાંભળી હતી.

'અને એનાથી તું સિદ્ધ શું કરવા માંગે છે ?'

'ટૂંક સમયમાં જ હું તેને પરણવાનો છું,' શિવપ્પાએ કહ્યું અને તેના અવાજમાં રહેલો અવજ્ઞાનો સૂર સાંભળીને કટપ્પાના શરીરમાં ફરી વાર ઝણઝણાટી થઈ આવી. આ છોકરો કહે છે, એ કરી પણ બતાવશે.

'જાગી જા, શિવપ્પા ! તું એમ નહીં કરી શકે,' કહીને તેણે શિવપ્પાના ખભા હલાવ્યા.

'કેમ નહીં ?' કહીને શિવપ્પાએ પોતાના ખભા પરથી કટપ્પાનો હાથ દૂર કર્યો અને એ થોડાંક ડગલાં પાછળ હઠ્યો.

'કારણ કે...આપણે કોને અને ક્યારે પરણીશું એ રાજા નક્કી કરે છે અને જો ...'

'કોઈ રાજા મારા જીવન વિષે નિર્ણય લેશે નહીં. હું તેને પરણીશ જ.'

'તું હજી પરણવા માટે બહુ જ નાનો છે.'

'તેને એક બાળક આપવા જેટલો યુવાન તો હું છું જ. એ પૂરતું છે.'

કટપ્પાએ તેના ચહેરા પર તમાચો જડી દીધો. શિવપ્પાના ચહેરા પર પીડા કરતાં વધારે આઘાતના હાવભાવ ઊપસી આવ્યા. તેણે કદી પણ પોતાના ભાઈને ગુસ્સે થતાં જોયો નહોતો.

'હવે તું ક્યારેય કોઈ પણ સ્ત્રી વિષે અપમાનજનક વાત કરીશ, તો હું તારી જીભ ખેંચી કાઢતાં ખચકાઈશ નહીં.' કટપ્પા ક્રોધથી ધ્રૂજી રહ્યો હતો.

તેના ભાઈએ પોતાના ચહેરો બીજી દિશામાં ફેરવી લીધો. તેણે કહ્યું, 'હું...મારો કહેવાનો એવો મતલબ નહોતો. એ તો ખાલી...'

એક ક્ષણ માટે કટપ્પાને તેના ભાઈના ચહેરા પર દોષની લાગણી તરી આવતી દેખાઈ, પણ તરત જ તેના ચહેરા પર કાયમ રહેતા યુદ્ધારૂઢતાના હાવભાવ પાછા આવી ગયા.

'તું એટલું કેમ નથી સમજી શકતો કે હું તેને ચાહું છું ? તું કેમ બહુ મોટો માણસ થઈ ગયો હોય એવી વાત કરે છે ? મને જીવનમાં પહેલી વાર પ્રેમ એટલે શું તે જાણવા મળ્યું છે. આ પહેલાં મને માત્ર શિસ્ત, ફરજ અને નિયમો વિષે જ જાણવા મળતું હતું... હું ત્રાસી ગયો છું. હવે મારું નિયંત્રણ તારા હાથમાં નથી. મારે શું કરવું અને શું ન કરવું, એ તારે નક્કી નથી કરવાનું. શા માટે મારે હંમેશાં ગુલામ જ રહેવું?'

કોઈ પણ જવાબ આપ્યા વિના કટપ્પા ચાલવા લાગ્યો પણ શિવપ્પાએ તેનું કાંડુ પકડી લીધું. 'મને જવાબ આપ્યા વિના તું ક્યાંય જઈ નહીં શકે.'

'મારી પાસે કોઈ જવાબ નથી. અને, ભયાનક પ્રશ્નોને હું મારા મગજમાં પ્રવેશવા દેતો પણ નથી. જતો રહે અહીંથી. તું શું કરે છે, એની હવે મને જરા પણ પરવા નથી,' કટપ્પાએ અવાજ ઊંચો કરીને કહ્યું. બંને ભાઈઓ એકબીજા સામે જોઈ રહ્યા.

પવનની દિશા બદલાઈ અને સૂકાં પાંદડાં ઊડતાં ઊડતાં તેમની ઉપર આવીને પડ્યાં. શસ્ત્રાગારનો દરવાજો બંધ થતો કટપ્પાને સંભળાયો અને થોડીક વારમાં તો પેલો કારકુન બહાર આવતો પણ દેખાયો. જ્યારે તેણે શિવપ્પાને જોયો ત્યારે તેણે ડચકારો કર્યો અને શિવપ્પા અંગે

અશ્લીલ મજાક પણ કરી. શિવપ્પાની આંખોમાં ક્રોધ ઊભરાઈ રહ્યો હતો. કટપ્પા તેની આંખોમાં આંખો પરોવીને જોઈ રહ્યો અને તેના ભાઈના તંગ ખભા થોડાક હળવા થયા.

પેલો કારકુન કોઈ એવી ગણિકાનું અશ્લીલ ગીત ગાતો હતો. જેણે એક સાથે હાથી, ઘોડો, આખલો અને વીસ પુરુષો સાથે સમાગમ કર્યો હતો. એ કારકુન દૂર ગયો ત્યાં સુધી તેમણે રાહ જોઈ.

પછી કટપ્પા ફર્યો અને ચાલવા લાગ્યો. તેની હથેળી હજુ પણ ચચરતી હતી અને પોતાના નાના ભાઈને આટલા જોરથી મારવા બદલ તેને અફસોસ પણ થયો.

'હું દિલગીર છું, અન્ના,' કટપ્પાને પાછળથી શિવપ્પાનો મૃદુ અવાજ સંભળાયો અને તે અટકી ગયો. તેનો ભાઈ તેને ભેટી પડ્યો. ભાઈનાં આંસુ તેનો ખભો ભીંજવી ગયાં.

'આપણી જે પણ સંપત્તિ છે, આપણે હાથમાં જે તલવાર ધરીને ફરીએ છીએ, અરે આપણું જીવન પણ આપણા માલિકનું છે. આપણા માન સિવાય આપણું પોતાનું કંઈ નથી, શિવા. તું તારા આવા કામથી એ માન પણ રોળી નાખીશ, ભાઈ ?' કટપ્પાના અવાજમાં ખખરી બાજી ગઈ હતી.

'પણ ઉમરાવો પણ સ્ત્રીઓ વિષે આમ જ વાત કરે છે,' ડૂસકાંઓ વચ્ચે તેનો ભાઈ બોલ્યો. કટપ્પાએ સ્મિત કર્યું. તેનો ભાઈ અત્યારે બાળક જેવો લાગતો હતો. શું આ એ જ છોકરો હતો જે હમણાં કોઈ રાજવી ઘરની છોકરીને પરણવા તૈયાર થયો હતો ?

'એ રીતે વાત ન કરવાનું વધુ એક કારણ, શિવા. જો કોઈ આપણી મા વિષે ખરાબ વાત કરે, તો તને કેવું લાગે ?' કટપ્પાએ મૃદુતાથી પૂછ્યું.

'આપણી મા મરી ગઈ છે,' તેના ભાઈએ કહ્યું અને કટપ્પા ટટ્ટાર થયો. તેની આંખોમાં ધુમ્મસ તરી આવ્યું અને તેણે પોતાના હોઠ દાંત નીચે દબાવ્યા. તેણે પોતાની માની વાત નહોતી કરવી જોઈતી. તેનો ભાઈ હજુ પણ એ આઘાતમાંથી બહાર નહોતો આવી શક્યો, અને કટપ્પા પોતે પણ.

તેમની બાજુમાંથી એક બળદગાડું રણકતું રણકતું, ડોલતું ડોલતું પસાર થયું. બળદો પૂરતી ઝડપથી જ ચાલી રહ્યા હતા, તેમ છતાં ગાડું હાંકનારો તેમની પીઠ પર ચાબુક વરસાવે જતો હતો.

'તને પેલા બળદ દેખાય છે, ભાઈ ? આપણે તેના જેવા છીએ. આપણા પગ ખોટા નહીં પડી જાય ત્યાં સુધી આપણે આપણા માલિકોનાં ગાડાં ખેંચતા રહીશું.' કટપ્પાએ કહ્યું. બળદગાડાનો રણકાર ધીમે-ધીમે ઓસરતો ગયો.

'અને જ્યારે આપણા પગ ખોટા પડી જશે ત્યારે એ લોકો આપણને કાપી નાખશે.' શિવપ્પાના અવાજમાં પાછો ક્રોધ ભળી ગયો હતો, જેનાથી તેના ભાઈને ગભરાટ થતો હતો.

'હા, આપણે તો મરીને પણ માલિકને ઉપયોગી જ થવાનું. એમના ભોજન તરીકે, તેમનાં જૂતાંનાં તળિયા તરીકે, તેમની તલવારના મ્યાન તરીકે. બળદનું જીવન અને મૃત્યુ કેટલાં અર્થપૂર્ણ છે!' કટપ્પાએ કહ્યું.

તેનો ભાઈ તેનાથી દૂર ખસી ગયો.

'હું કોઈનું પાળેલું ઢોર બનવા તૈયાર નથી,' શિવપ્પાએ કહ્યું. કટપ્પા કંઈ કહે એ પહેલાં તે કૂદીને ચોખાનાં ખેતરોમાં ઊતરી ગયો. તેના પગ ઘૂંટણ સુધી કાદવમાં ખૂંપી ગયા, કારણ કે એ કાદવ પાકને લીધે દેખાતો જ નહોતો. તેને કાદવમાંથી બહાર કાઢવા માટે કટપ્પાએ પોતાના હાથ લંબાવ્યો.

‘શિવપ્પા, મારા ભાઈ…’

‘ના, બહુ થયું. તું મને પણ બગાડી મૂકીશ. હું જઉં છું.’ શિવપ્પાએ કહ્યું. આંખના પલકારામાં તો એ ચોખાના ખેતરમાં અદૃશ્ય થઈ ગયો.

‘તું ક્યાં જઈ રહ્યો છે ? તું એમ જ ક્યાંય જઈ શકે નહીં, શિવા. ઓહ, હું પિતાજીને શું જવાબ આપીશ?’ ખેતરમાં ઊતરતા કટપ્પાએ બૂમ પાડીને કહ્યું. તેના ભાઈની જરાઅમથી નિશાની પણ હવે નહોતી દેખાતી. શિવપ્પા તો અહીંનો ભોમિયો હતો. તેણે પહેલેથી જ આયોજન કરી રાખ્યું હશે. કટપ્પાને લાગ્યું કે તેને ફરી વાર ક્રોધ આવી રહ્યો છે. તેના ભાઈએ તેને મૂર્ખ બનાવ્યો હતો.

‘શિવા, અટકી જા. આ ખેતરોમાં ઝેરી નાગ હોય છે,’ કટપ્પાએ બૂમ પાડી.

‘એ બધાં પણ અમુક માણસો જેટલા ઝેરી નથી હોતા,’ તેના ભાઈનો જવાબ સંભળાયો.

‘તું ક્યાં જાય છે ?’ કટપ્પાએ ફરી વાર બૂમ પાડી. ચોખાના ડૂંડાની હલનચલન પરથી તે પોતાના ભાઈના રસ્તાનું અનુમાન કરી રહ્યો હતો.

‘સ્વાતંત્ર્યની દિશામાં.’ તેના ભાઈનો અવાજ ઘણની જેમ તેના માથે અફળાયો.

કટપ્પાએ ગાળ ભાંડી. સૂરજ આથમી રહ્યો હતો અને ખેતર તો દરિયા જેવું હતું, જેના સોનેરી પાકમાં હવાને કારણે એક પછી એક મોજાં આવી રહ્યાં હતાં. તેના ભાઈનું કોઈ જ નિશાન દેખાતું નહોતું.

પોતાના પિતાને આ અંગે શું જવાબ આપશે એ કટપ્પા નહોતો જાણતો. શિવપ્પા ભાગી છૂટ્યો છે એ વાત તે પોતાના પિતાને જણાવશે કઈ રીતે ? ભાગી છૂટેલા ગુલામનું એ લોકો શું કરે છે એ તે સારી રીતે જાણતો હતો. થોડાક જ સમયમાં સેનાપતિ હિરણ્યના ભયાનક કૂતરાઓ તેને શોધી રહ્યા હશે. પાસેના ઝાડ પર જ ભાગી છૂટેલા ગુલામને લટકાવી દેવો, એવા હુકમો લઈને દંડકારો ચારેકોર ફરતા હશે. તેના માથા પર ઇનામ રાખવામાં આવશે, અને થોડા સમયમાં તો આખું ગામ તેના ભાઈની શોધમાં લાગી ગયું હશે. કટપ્પાના પગ પાણી પાણી થઈ ગયા હોય, એમ લાગ્યું. ખેતરમાંથી રસ્તા પર આવતાં આવતાં તો તેને ઠેસ પણ લાગી. તે મહેલની દિશામાં દોડવા લાગ્યો. પશ્ચિમ ક્ષિતિજ પર સૂર્ય તપેલા ગોળા જેવો દેખાતો હતો અને પૂર્વમાંથી રાત આવી ચડી હતી. તેણે તેના પિતાને મળીને ગમે તેમ કરીને પોતાના ભાઈને પાછો લાવવો પડશે.

બહુ મોડું થઈ જાય, એ પહેલાં.

૭

શિવગામી

મહાપ્રધાન પરમેશ્વર નતમસ્તકે માહિષ્મતીના રાજા સમક્ષ ઊભો હતો. રૂપક તેની પાછળ પડછાયાની જેમ જ હાજર હતો.

'મહાપ્રધાન, આ તો ગંભીર વાત છે. એક અઠવાડિયા સુધી તમે એક એવા ગુલામને શોધી શક્યા નહીં કે જે પથ્થરો સાથે ભાગી ગયો. હવે તમે અમને એમ અહેવાલ આપો છો કે એ ગુલામ અન્ય એક માણસ સાથે મૃત અવસ્થામાં મળી આવ્યો છે. અને એ પથ્થરો ક્યાં ગયા છે, એ વિષે તમારી પાસે કોઈ જ કડી નથી. અમે નિરાશ થયા.'

પરમેશ્વરે એમ વિચાર્યું કે જો આ વાત ખાનગીમાં થઈ હોત તો સારું હતું અને પોતાના માણસ રૂપક તેમજ રાજા પાછળ ઊભેલા પેલા ગુલામ મલયઅપ્પાની ગેરહાજરીમાં થઈ હોત, તો વધારે સારું હતું. રૂપક પર તેને પૂરો ભરોસો હતો પણ મલયઅપ્પા તો છેવટે એક ગુલામ જ હતો. આમ તો તેના પિતા અને પૂર્વજો પેઢીઓથી માહિષ્મતી માટે જ જીવતા-મરતા આવ્યા છે, પણ પરમેશ્વર કદી પણ કોઈ ગુલામનો ભરોસો કરી શકતો નહીં. તે હંમેશાં એવું જ માનતો હતો કે ગુલામો અંદરથી તો ઊકળતા ચરૂ જેવા જ હશે, અને પોતાના માલિક સામે બદલો લેવાની એકાદ ક્ષણ શોધતા રહેતા હશે.

'તમામ સરહદો બંધ કરી દેવામાં આવી છે મહારાજ. તમામ વેપારી જહાજો, વહાણો, હોડીઓ, ગાડાં અને કારવાંને ચકાસવામાં આવી રહ્યાં છે. એ પથ્થરો માહિષ્મતીની બહાર તો ગયા જ નથી,' પરમેશ્વરે કહ્યું પણ મહારાજની સામે જોવા માટે તે આંખ ઊંચી કરી શક્યો નહીં.

'પુરવઠો કેટલો છે ? આપણે મહામકામ સુધી ટકી શકીશું?' મહારાજા સોમદેવે પૂછ્યું.

'એ તહેવાર આવવાને છ મહિના જેટલો સમય છે. મુશ્કેલી તો પડશે જ પણ જો એ સમય દરમિયાન બીજા પથ્થરો મળી રહેશે તો અમે પહોંચી વળીશું. હું આશા કરું છું કે ભૂમિપતિ તિમ્મા પોતાનું કામ બરોબર કરી રહ્યા હશે,' પરમેશ્વરે કહ્યું.

'ભૂમિપતિ તિમ્મા ભલે ઘરડા અને નબળા થઈ ગયા છે, પણ એ વફાદાર અને વિશ્વાસપાત્ર છે.'

'મને થોડીક શંકા છે,' પાછળથી રૂપકે કહ્યું.

'ખરેખર ? એમ કેમ ?' સોમદેવે તીણા સ્વરે પૂછ્યું.

જવાબ જોકે પરમેશ્વરે આપ્યો. 'દેવરાયની પુત્રીને રાજવી અનાથાલયમાં દાખલ કરવાની વાત લઈને એ આવ્યા છે. તે એવું શા માટે કરે, સિવાય કે તેને દેશ છોડીને જ ભાગી જવું હોય ? મને શંકા છે કે એક વાર મહામકામનો તહેવાર પૂરો થઈ જાય પછી તે ગૌરીપર્વત અરુચિકર કામ કરવા આવશે કે કેમ. તે દેવરાયનો ખૂબ જ અંગત મિત્ર હતો.'

મહારાજ ફાનસની જ્યોતને થોડો સમય સુધી તાકી રહ્યા. તેમના માથા ઉપર ગુલામ દ્વારા વિંઝાઈ રહેલા વીંજણા સિવાય વાતાવરણમાં બીજો કોઈ જ અવાજ આવતો નહોતો.

'એ વસ્તુ અટકે એમ અમે પણ ઇચ્છીએ છીએ, પણ અમારી પાસે પસંદગીનો અવકાશ નથી. મા ગૌરી દયા નથી દાખવી રહ્યાં. આ પથ્થરો તે પોતાના ગર્ભમાં ઊંડ ને ઊંડે છુપાવતાં જાય છે,' સોમદેવે કહ્યું. તેમના શબ્દો ભારેખમ વાતાવરણમાં તરતા રહ્યા અને તેના કારણે વાતાવરણનો સન્નાટો વધારે ઘેરો બન્યો.

'આ બધું માહિષ્મતીના વિકાસ માટે જ છે,' પરમેશ્વરે કહ્યું, પણ તેના બોદા અવાજમાં તેને પોતાને પણ વિશ્વાસ નહોતો. શું દેવરાય ખરેખર સાચું કહેતો હશે ?

'તિમ્મા પર નજર રાખો,' મહારાજાએ કહ્યું.

'એ બહાર જ છે મહારાજ, તેને મુલાકાત જોઈએ છે.' પરમેશ્વરે કહ્યું.

મહારાજ સોમદેવે નિસાસો નાખ્યો. 'એને અંદર મોકલો મહાપ્રધાન. જૂના અધિકારી માટે અમે થોડીક નિમિષો અવશ્ય વાપરી શકીશું.'



શિવગામી રાજભવનની બહાર રાહ જોતી હતી. અખિલા જમીન પર બેઠી-બેઠી પોતાના પથ્થરો સાથે રમી રહી હતી. તિમ્મા રાજભવનની બહારની પરસાળમાં જ અધીરાઈથી આંટા મારી રહ્યો હતો. અચાનક, એક યુવાન, શ્યામ ગુલામ દોડતો દોડતો આવ્યો અને હાંફતો હાંફતો દરવાજા પાસે ઊભો રહ્યો. દરવાનોએ તેને દૂર ખસી જવા કહ્યું અને તેણે તેમને કશુંક કહ્યું. તેમણે તેને પરસાળનો બીજો છેડો ચીંધ્યો અને તે નિરાશ થઈને એ દિશામાં ચાલ્યો ગયો. શિવગામી એ ગુલામને જોઈ રહી — એના વ્યક્તિત્વમાં કશુંક એવું હતું જે કોઈનું પણ ધ્યાન જકડી રાખે તેવું હતું.

રાજભવનનો દરવાજો અચાનક જ ખૂલ્યો અને તેમને અંદર લઈ જવામાં આવ્યા. અખિલાને બહાર રાહ જોવાનું કહેવામાં આવ્યું. બહાર આવી રહેલા પરમેશ્વરે પોતાના કાર્યાલય તરફ જતાં-જતાં તિમ્માને વંદન કર્યાં. રૂપકે બહાર આવીને તિમ્માની તંદુરસ્તી વિષે બે-ચાર પ્રશ્નો કર્યા અને બહાર જતા પહેલાં તે તિમ્માને પગે પણ લાગ્યો. શિવગામી ઊંચી છતવાળા વિશાળ ખંડમાં પ્રવેશી. રાજા દીવાન પર બેઠા હતા. એક ગુલામ પણ તેમની પાછળ ઊભો હતો. પેલી રાત્રે તેણે રાજાને જોયા તેના કરતાં અત્યારે તે ઘરડા લાગી રહ્યા હતા. યાદો તેને વીંટળાઈ વળી અને તેના શરીરનું તાપમાન વધી ગયું. તેની નાસિકાઓ ફુંગરાવા

લાગી. આ જ માણસે તેના પિતાના દેહાતદંડનો હુકમ કર્યો હતો અને અત્યારે તે એમની સામે જ ભીખનો કટોરો લઈને ઊભી હતી. નસીબ તેની સાથે ક્રૂર મજાક કરી રહ્યું હતું.

'પ્રભુ, પ્રભુ.'

જે રીતે તિમ્મા કાકા નિર્બળ બનીને રાજા સામે ઊભા હતા તેનાથી તેના મનમાં જુગુપ્સા થઈ આવી. એ વૃદ્ધ માણસ માથું ઝુકાવી, હાથ જોડીને, વાંકો વળીને સાવ પામર બનીને ઊભો હતો. તેની કમરે બાંધેલું અંગવસ્ત્ર પણ ઊંચું થઈ ગયું હતું.

'બોલો, તિમ્મા,' ઊભા થતાં થતાં સોમદેવે સ્મિત પણ આપ્યું. આજના દિવસનું કામકાજ પૂરું કરવા તે ઊભા થયા હતા. એમને વધારે સમય મળવાનો નહોતો. રાજાના સ્મિતથી તેમની અધીરાઈ છુપાતી નહોતી.

'મહારાજ, ગૌરી માના આશીર્વાદ સદાય આપની પર અને માહિષ્મતી સામ્રાજ્ય પર રહે. મારે એક નમ્ર અરજ કરવાની છે.'

'કરો.'

તિમ્માએ શિવગામીને આગળ આવવાનો ઇશારો કર્યો. ભારે પગલે શિવગામી એ માણસની દિશામાં આગળ વધી જેણે પોતાના પિતાના દેહાતદંડનો હુકમ કર્યો હતો.

તિમ્માએ એકદમ હળવેથી તેને વંદન કરવાનું કહ્યું. શિવગામીએ પરાણે પગે લાગવાનો અધકચરો દેખાવ કર્યો. રાજાએ પણ તેનો ખચકાટ નોંધ્યો, પણ તે કંઈ બોલ્યા નહીં.

'મહારાજ, આ દેવરાયની પુત્રી છે, શિવગામી.'

રાજાએ પોતાની વિશાળ હથેળી તેના માથા પર આશીર્વાદની મુદ્રામાં મૂકી અને શિવગામીને પોતાના શરીરમાં જુગુપ્સાની લાગણી પેદા થઈ આવી. ના, આ દુષ્ટ માણસ તેને સ્પર્શે એવું તે નહોતી ઇચ્છતી.

'મહારાજ, મારે આપની સાથે તેના વિષે જ વાત કરવી છે,' તિમ્માએ કહ્યું. રાજાએ હવે ચાલવાનું શરૂ કરી દીધું હતું અને તિમ્મા પણ તેમની પાછળ ઉતાવળે ચાલવા લાગ્યો હતો. 'આપ તો બહુ કૃપાળુ છો, તો કૃપા કરીને તેને રાજ અનાથાલયમાં રહેવાની પરવાનગી આપો. એ છોકરી તેજસ્વી છે.'

'એમાં કોઈને શંકા નથી. તેનામાં તેના પિતાના ગુણો અવશ્ય ઊતર્યા હશે.' રાજા શિવગામીને તાકી રહ્યો અને તિમ્મા અચકાતાં અચકાતાં બોલ્યો.

'તે તો હજુ બાળક છે. તેને જેવો ઘાટ આપવો હશે, તેવો આપી શકાશે, મહારાજ.'

રાજા હસ્યા. 'અલબત્ત, ઘરડો તિમ્મા એમ વિચારે છે કે જો તક્ષકને રાજવી દૂધ પીવડાવવામાં આવશે, તો તે અપ્સરા બની જશે.'

'મહારાજ, હું તો માત્ર થોડીક વાસી કાંજી અને માથા પર છત, એટલું જ માંગી રહ્યો છું. મહારાજ જે હજારો ચાકરોને ખવડાવે છે, તેમાંથી જ એક તે બની રહેશે. મારી પત્નીને તે ગમતી નથી. મેં તેને મારા ઘરે રાખવા પણ પ્રયત્ન કર્યો છે. તે સારી છોકરી છે. અને તે એટલી નાની છે કે—'

'એ હવે લગભગ સ્ત્રી બની જ ચૂકી છે, તિમ્મા. એ પણ દેવરાય જેવી જ નહીં બની રહે તેની શું ખાત્રી ?'

'સ્વામી, દેવરાયના કુટુંબે પેઢીઓથી માહિષ્મતીની સેવા કરી છે.'

'તિમ્મા, તું એમ કહેવા માંગે છે કે અમે કૃતઘ્ન બની રહ્યા છીએ ? શું અમે તેને જીવનદાન નથી આપ્યું ?'

'આપની કૃપા અસીમ છે, સાગર જેટલી અસીમ, મહારાજ.'

'બહુ શક્તિ ન બગાડીશ, તિમ્મા.'

'થોડીક જ જગા...તે અઢાર વર્ષની થઈ જાય ત્યાં સુધી જ. હવે થોડાંક જ મહિનાની વાર છે...હું માત્ર એટલું જ માગું છું.'

'તિમ્મા, તારા જેવો જૂનો વિશ્વાસુ માણસ કંઈ માંગે ત્યારે અમને પાછળથી પસ્તાવો થશે એવું જાણવા છતાં ના પાડવી અમારા માટે બહુ કઠિન થઈ જાય છે.' તેણે પોતાના ગુલામ તરફ ફરીને પોતાનો હાથ લંબાવ્યો. મલયઅપ્પાએ તેમના હાથમાં એક તાડપત્ર અને રૂક્કો મૂક્યો. રાજાએ તેની પર કંઈક લખ્યું અને પોતાનો શાહી રૂક્કો તેની પર માર્યો.

‘આ લે, રૂપકને એ આપજે. બાકીનું બધું એ સંભાળી લેશે. યાદ રાખજે, એ અઢાર વર્ષની થાય, માત્ર ત્યાં સુધી જ. જો તે કંઈ આડુંઅવળું કરશે કે તેનામાં તેના બાપનું એક પણ લક્ષણ દેખાશે, તો તેની હાલત પણ એના બાપ જેવી જ થશે.’

‘આપની કૃપા અસીમ છે, મહારાજ.’ તિમ્માએ દંડવત્ પ્રણામ કર્યાં. રાજાએ હાથ હલાવીને તેમને બહાર જવા ફરમાવ્યું. ગુલામ રાજાનાં ઘરેણાં ગોઠવવા લાગ્યો.

જ્યારે તેઓ બહાર આવ્યા, ત્યારે અખિલા દોડીને શિવગામીને ભેટી પડી. તેને આ પ્યારી છોકરી સૌથી વધારે યાદ આવશે, શિવગામીએ વિચાર્યું. તિમ્માએ હાથમાં પેલું રાજવી તાડપત્ર પકડી રાખ્યું હતું અને તે એક ફુવારાને તાકતો ઊભો રહ્યો.

ઉદ્‌ઘોષકે ઘોષણા કરી કે રાજા હવે અંતઃપુરમાં પ્રવેશી રહ્યા છે. ચોકીદારો સાવધાન થઈ ગયા. વિશાળ દરવાજા ખૂલ્યા અને સોમદેવ બહાર આવ્યા. તિમ્માએ ઝૂકીને વંદન કર્યાં પણ શિવગામી માથું ઊંચું રાખીને જ ઊભી રહી. તેને સીધી જ ઊભેલી જોઈને રાજાની આંખ ફરકી. એ જોઈને તેણે ખચકાટસહ ઝૂકીને વંદન કર્યાં અને રાજા આગળ જોવા લાગ્યા.

આખલા જેવા ખભાવાળો એક સુદૃઢ બાંધાનો માણસ રાજની દિશામાં આગળ વધ્યો અને તેણે ઝૂકીને રાજાને વંદન કર્યાં. તેની પાછળ, કદાચ શિવગામીની ઉંમરનો જ એક યુવાન છુપાઈને ઊભો હતો.

‘બોલો, સેનાપતિ હિરણ્ય?’ એ માણસ ઊભો થતો હતો એ સમયે રાજાએ પૂછ્યું.

એ માણસે કહ્યું, ‘મહારાજ, રાજકુમાર મહાદેવનો વિકાસ બહુ સંતોષજનક નથી. તેને તો ગુલામના પુત્રએ જ હરાવી દીધો. તાલીમથી તેમનામાં સુધારો દેખાતો નથી.’

રાજકુમાર પોતાના પગના અંગૂઠા જોઈ રહ્યો હતો. રાજાએ કહ્યું, ‘મહાદેવ!’

‘હું દિલગીર છું, પિતાજી,’ રાજકુમાર બબડ્યો. રાજા એક ક્ષણ રાજકુમારને જોઈ રહ્યા અને પછી આગળ ચાલવા લાગ્યા.

સેનાપતિએ ફરી વાર ઝૂકીને પૂછ્યું, ‘મહારાજ, હવે શું કરવું જોઈએ?’

‘એને વધારે સારી તાલીમ આપો,’ કહીને રાજાએ રાજકુમારનો ખભો થપથપાવ્યો અને તેઓ આગળ વધી ગયા. સેનાપતિ હિરણ્ય નિઃશબ્દ ઊભા રહ્યા અને શાહી કાફલાને આગળ વધતો જોઈ રહ્યા.

શિવગામીએ નોંધ્યું કે રાજકુમારના ચહેરા પર એક સ્મિત આવ્યું. તેણે એ પણ નોંધ્યું કે તે સુંદર દેખાય છે. પછી તેણે તરત જ પોતાની જાતને યાદ અપાવ્યું કે એ શત્રુનો પુત્ર છે. રાજકુમારે અચાનક આંખ ઊંચી કરી અને તે બંનેની આંખો મળી. રાજકુમારના ગાલ પર પડેલા શરમના શેરડા જોઈને શિવગામીને આશ્ચર્ય થયું. પોતાના ગાલ પણ શરમના માર્યા લાલ થઈ ગયા છે, એ ખ્યાલ આવતાં શિવગામીએ ઝડપથી પોતાનું મોઢું બીજી દિશામાં ફેરવી નાખ્યું.

તિમ્મા તેને બોલાવતો હતો એમ સંભળાતાં શિવગામી એ બાજુ દોડી ગઈ. રાજકુમાર હજુ ત્યાં ઊભો ઊભો તેને જોઈ રહ્યો હતો.

૮

કટપ્પા

જેટલી ઝડપથી દોડી શકાય એટલી ઝડપથી દોડીને કટપ્પા મહેલે પહોંચ્યો હતો. શિવપ્પા ભાગી ગયો છે એમ તે પોતાના પિતાને કહેવા માંગતો હતો પણ મહારાજાની હાજરીમાં એ શક્ય નહોતું. ચોકીદારો તેને તો તેના પિતાને મળવા દેવા પણ તૈયાર નહોતા. તે બગીચામાં ઊભા ઊભા બહુ મોડું થઈ જાય એ પહેલાં પોતાના પિતા સાથે વાત કરવાની તક શોધી રહ્યો હતો.

કટપ્પા વિચારી રહ્યો હતો કે તે પોતાના પિતાને આ સમાચાર કેવી રીતે આપશે. તે જાણતો હતો કે તેના પિતા તેના કરતાં પણ વધારે શિવપ્પાને ચાહતા હતા. એક એવો સમય પણ હતો કે તેને એ બાબતની ઈર્ષા પણ આવતી હતી. પણ, બાવીસ વર્ષની ઉંમરે કટપ્પા એટલું તો અવશ્ય સમજી ગયો હતો કે તેનો ચહેરો બહુ સુંદર નહોતો. તેનામાં કોઈ વિશિષ્ટ ગુણો નહોતા, એ પણ તે જાણતો હતો. તેના વાળ ઊતરી રહ્યા હતા અને ટાલ પડવી પણ શરૂ થઈ ગઈ હતી. અને હવે, પોતાના પિતાની જેમ તેણે પણ મુંડન કરાવવું પડે, એવો સમય બહુ દૂર નહોતો.

પણ તેનો ભાઈ...તેના ભાઈનું સ્મિત જ મોહક હતું.

શિવપ્પાના વિચારે જ તે વર્તમાનમાં પાછો આવી ગયો. ગમે તેમ કરીને એ છોકરાને પાછો તો લાવવો જ પડશે. તેણે પોતાના પિતાની આંખમાં આંખ મેળવવાનો પ્રયત્ન કર્યો પણ તેના પિતાની આંખો એક ક્ષણ પૂરતી પહોળી થઈ અને આટલે દૂરથી પણ કટપ્પાને સમજાઈ ગયું કે આવી રીતે ઊભા રહીને કટપ્પાએ સમય બગાડવાનો નથી. તેનું સ્થાન તેના માલિક પાસે છે. ભારે હૃદય અને ભારે કદમો સાથે કટપ્પા બિજ્જલના ભવન તરફ ચાલવા માંડ્યો.

કટપ્પાને હવે તો એ વાતની પણ ચિંતા થવા માંડી હતી કે બિજ્જલ હવે તેને રાખશે કે નહીં. શિવપ્પાએ રાજકુમાર મહાદેવને ઘાયલ કર્યો પછી બિજ્જલે હુકમ કર્યો હતો કે કટપ્પાએ તેનું મોઢું પણ બતાવવું નહીં. તેના પિતા હંમેશાં એમ કહેતા હતા કે માલિકે ગુસ્સામાં કહેલા શબ્દો ગંભીરતાથી લેવા નહીં. જો માલિકે એમ કહ્યું હોય કે ગુલામે તેનો ચહેરો પણ બતાવવો નહીં, તો પણ ગુલામને જતા રહેવાનો અધિકાર મળતો નથી. તે માલિકની સામે ન આવે પરંતુ તેણે એટલા અંતરે તો અવશ્ય રહેવું જોઈએ કે જેથી માલિક જ્યારે પણ પોતાનો નિર્ણય બદલે ત્યારે તે હાજર થઈ શકે.

જ્યારે તે બિજ્જલના ભવને પહોંચ્યો ત્યારે દરવાજો બંધ હતો એટલે તે બહાર જ ઊભો રહ્યો. તેણે દરવાજા પર ટકોરા મારીને કે અન્ય કોઈ રીતે પોતાની હાજરીની નોંધ લેવડાવવાની નહોતી. કિલ્લા બહાર, દરબાર પૂરો થયા પછી ટોળું વિખરાઈ રહ્યાનો અવાજ તેને સંભળાતો હતો. એક ક્ષણ તેણે વિચાર્યું કે જો તેના ભાઈનું ગુલામો વિનાના જગતનું સ્વપ્ન સાચું પડે તો શું થાય? તો એ પણ સ્વતંત્ર માણસ હોય, અને કદાચ રાજાના દરબારની બહાર ન્યાયની રાહ

જોતો હોય. અથવા તે ગૌરીપર્વતની ખીણમાં પત્ની અને બાળકો સાથે રહેતો એક ખેડૂત પણ હોઈ શકે. તેણે પોતાની પત્નીનો ચહેરો કલ્પવાનો પ્રયત્ન કર્યો. શું તેની પત્ની તેના ભાઈની પ્રેમિકા કામાક્ષી જેટલી સુંદર હશે?

વિચાર તો આનંદદાયક હતો અને તેનાથી તેને વિચિત્ર રીતે અસુખ પણ અનુભવાયું. તેના મનમાં કંઈક ગુનો કર્યાની લાગણી ઉત્પન્ન થઈ. પોતાના માટે નહીં પણ પોતાના વિચારો માટે. અમ્મા ગૌરી, મારા વિચારોને ભટકવા દેશો નહીં, એમ તેણે પ્રાર્થના કરી અને ફરી વાર તેને પોતાના ભાઈની ચિંતા થઈ આવી. શું આવા દુષ્ટ વિચારો કરવા, સ્વાતંત્ર્યના વિચારો કરવા યોગ્ય વાત હતી? કશું વિચારવું જ નહીં એ વધારે સારી વાત છે, એમ તેને પોતાના પિતાના શબ્દો સંભળાયા. તેણે ઊંડો શ્વાસ લીધો, પોતાના ખભા ટટ્ટાર કર્યા અને કરોડરજ્જુ સીધી કરી. બિજ્જલના દરવાજામાંથી સ્વાદિષ્ટ સુગંધ આવી રહી હતી જેનાથી તેને ભૂખ લાગી ગઈ. તે પોતાના સ્વપ્નો થિજાવી, સ્વાદગ્રંથિઓ બુઠ્ઠી કરી, ઘ્રાણેન્દ્રિયો બંધ કરીને પૂતળાની જેમ ઊભો રહી ગયો.

'એય કાળિયા, તારો રૂપાળો ભાઈ ક્યાં છે?'

કટપ્પા એ અવાજ બહુ સારી રીતે ઓળખતો હતો. તે અવાજ એ વ્યક્તિનો હતો જેને એ ક્યારેય મળવા માંગતો નહીં. આ કિન્નર અહીંયાં શું કરી રહ્યો હતો? કાલિકાએ આવા ઘણા કિન્નરોને કામે રાખ્યા હતા, પણ બૃહન્નલ્લા સિવાય બીજા કોઈ કિન્નરને તેણે માહિષ્મતી મહેલમાં જોયો નહોતો.

કટપ્પા સીધો જ ઊભો રહ્યો અને જે દિશામાં એ પહેલાં જોતો હતો, ત્યાં જ જોઈ રહ્યો, જાણે કે કેકિનું અસ્તિત્વ જ નથી. તેને ચાલી રહેલા કેકિના ઝાંઝરનો રણકાર સંભળાતો હતો. એ ચાલીને તેની તરફ જ આવી રહ્યો હતો. તેની ચાલમાં પણ એક ચોક્કસ લય હતો. જ્યારે એ રણકાર સંભળાતો બંધ થઈ ગયો ત્યારે કટપ્પાએ ઊંડો શ્વાસ લીધો. કેકિ તેની એટલો પાસે આવીને ઊભો હતો કે કટપ્પાને તેની સુગંધ પણ આવતી હતી. રંગ-બેરંગી બંગડીઓ પહેરેલો હાથ જ્યારે તેના ખભા પર મૂક્યો ત્યારે કટપ્પા શરમનો માર્યો સંકોચાઈ ગયો. કેકિએ પોતાની આંગળીને કટપ્પાના ખભાથી હડપચી સુધીનો અને પછી હડપચીથી કાન સુધીનો રસ્તો બતાવ્યો. કટપ્પાએ આ દરમિયાન નિ:સ્પૃહી રહેવાનો પ્રયત્ન કર્યો.

'અરે, મારો સાયબો મારાથી રિસાયો છે,' કેકિએ લજ્જાપૂર્વક આંખો પટપટાવી અને સ્મિત કર્યું. કેકિની આંખો સુંદર હતી અને પાંપણો પણ મરોડદાર અને ગાઢ હતી. તેના ગાલ હંમેશાં ગુલાબી જ લાગતા અને હોઠ એકદમ ભરાવદાર. પહેલી નજરે તો તે સુંદર સ્ત્રી જેવો જ લાગતો. પણ તેના ઘોઘરા અવાજને કારણે તે પુરુષ તરીકે ઓળખાઈ જતો. કટપ્પાના ધબકારા વધી ગયા. તેણે લગાવેલું અત્તર ગંધાતું હતું. તેણે કટપ્પાના ચહેરા પર હાથ ફેરવ્યો ત્યારે તેની બંગડીઓ રણકી ઊઠી. કટપ્પા તો તેના ચહેરાને જોયા વિના કે તેની હાજરીની નોંધ પણ લીધા વિના, પીઠ પાછળ પોતાના હાથ જોડીને એવી રીતે ઊભો હતો કે જેથી બિજ્જલના ભવનમાં પ્રવેશવાનો માર્ગ રોકાઈ જાય.

'શું હું...હંઅઅઅ... તને ખુશ કરું, મન્મથ? ઓહ, તું કેટલો સ્વાદિષ્ટ લાગે છે, કામદેવ જેવો,' કેકિએ ઘેરા અવાજે કહ્યું. તેની આંગળીઓ કટપ્પાની ધોતીની ગાંઠ પર ફરી રહી હતી. કટપ્પાએ તેના હાથને ખસેડવાનો પ્રયત્ન કર્યો તો કેકિએ તેનો હાથ પકડી લઈને તેની પર ચુંબન કર્યું. તેણે ઝટકો મારીને પોતાનો હાથ પાછો ખેંચી લીધો. તે કટપ્પાના કાનમાં કંઈક બોલ્યો અને કટપ્પાના ચહેરા પર લોહી ધસી આવ્યું, જેથી એ વધારે શ્યામ લાગવા માંડ્યો. તેના પર કેકિની જે અસર પડી રહી હતી તેના કારણે તેણે પોતાની જાતને જ ગાળ આપી.

'મારા સાયબા, તારે થોડીક રાહ જોવી પડશે. મારે રાજકુમારને મળવાનું છે. થોડો પ્રેમ દર્શાવ કામદેવ, તારી રતિને રાજકુમારને મળી લેવા દે,' તેણે કહ્યું અને તે કટપ્પાની બાજુમાંથી અંદર જવા ગયો. તેનો રસ્તો રોકવા માટે કટપ્પાએ ઝડપથી પોતાનો હાથ લંબાવી દીધો. તેના હાથ કેકિના સ્તનો પર ઘસાયા અને કેકિએ નાટ્યાત્મક નિસાસો નાખ્યો. તેણે પોતાના હોઠ ફુલાવ્યા, પોતાની પાંપણો નચાવી અને કહ્યું, 'સાયબા, કેમ મારો રસ્તો રોકીને ઊભો છે?'

કટપ્પાએ પોતાનો હાથ પાછો ખેંચી લેવાનો પ્રયત્ન કર્યો પણ તેણે એમ કરવા દીધું નહીં. કટપ્પાને લાગ્યું કે એના હાથનો જે ભાગ કેકિના સ્તનને સ્પર્શ્યો છે, તે જાણે સળગી રહ્યો હોય. એ કટપ્પા જેટલો જ ઊંચો અને મજબૂત દેખાતો હતો. છેવટે કટપ્પા પોતાનો હાથ છોડાવી શક્યો અને તેણે જોયું કે કેકિના નખથી તેની શ્યામ ત્વચા પર સફેદ નિશાન ઉપસી આવ્યા હતા.

'તને એક ભેટ આપું?' કેકિએ પોતાના ઘોઘરા અવાજમાં ધીમેથી કહ્યું. તેનો હાથ તેની કંચુકીમાં અદૃશ્ય થઈ ગયો. કટપ્પાને ભય એ વાતનો હતો કે કોઈ તેમને આ રીતે જોઈ જશે. એના કારણે તો એની બદનામી થઈ જાય અને બીજા ગુલામો માટે એ મજાકનો વિષય બની જાય. એ ગમે તે કરે, પણ એ બરોબરનો ફસાઈ ગયો હતો. અચાનક જ દરવાજો ખૂલ્યો, અને રાજકુમારને વંદન કરવા કટપ્પા ઝડપથી અંદર જતો રહ્યો. તેનો ચહેરો શરમથી સળગી રહ્યો હોય, એમ લાગતું હતું. તે બિજ્જલની સામે જોવા માંગતો નહોતો.

જ્યારે તેણે કેકિનો અવાજ સાંભળ્યો ત્યારે તે ફરી વાર ધ્રૂજી ગયો. 'આપના ગુલામનો ચહેરો દુર્ભાગી છે પણ શરીર તો પોલાદનું બનેલું છે, રાજકુમાર. એને તમે મારે ત્યાં કેમ નથી મોકલતા ? એ કેટલો સ્વાદિષ્ટ દેખાય છે,' કહીને કેકિએ પોતાના હોઠ પર જીભ ફેરવી.

બિજ્જલ ખડખડાટ હસ્યો એટલે કટપ્પા વધારે અસુખ અનુભવવા લાગ્યો. કેકિએ કટપ્પાનો ખભો દબાવ્યો અને તે આગળ વધ્યો ત્યારે તેણે પોતાની શાલ કટપ્પાના ચહેરા પર ફેરવી લીધી.

'પણ આપ તો એકદમ રૂપાળા લાગો છો,' કહીને કેકિએ રાજકુમારની પ્રશંસા કરી અને બિજ્જલનો ચહેરો લાલ થઈ ઉઠ્યો. કેકિએ પોતાની મોતીઓની માળા સરખી ગોઠવી.

'બધા આપની રાહ જોઈ રહ્યાં છે, રાજકુમાર,' કહીને કેકિ ઊલટો ફર્યો અને ચાલવા લાગ્યો ત્યારે તેના નિતંબ માદક લયમાં હલતા હતા. કટપ્પા પાસેથી પસાર થતી વખતે તેણે કટપ્પાના ગાલ પર પોતાના હોઠ ફેરવી લીધા. ગુલામ કોઈ પ્રતિક્રિયા આપે એ પહેલાં તો તે દૂર જતો રહ્યો હતો.

બિજ્જલ ઉતાવળા પગલે તેની પાછળ ચાલ્યો. 'આપણે ઝડપ કરવી પડશે,' રાજકુમારે ઉત્તેજનાપૂર્વક કહ્યું. તેમને અનુસરવા કે નહીં તે વિષે કટપ્પા અસમંજસમાં હતો. રાજકુમાર સાથે રહેવાની તેની ફરજ હતી. એટલે એક ક્ષણના ખચકાટ પછી, પોતાની તલવારની મૂઠ પર હાથ રાખીને, હળવા પગલે, સીધી નજર રાખીને કટપ્પા તેમની પાછળ ચાલ્યો.

રાજકુમાર બિજ્જલે ઉત્તમ વસ્ત્રો પહેરેલાં હતાં. એ ચાલતો હતો. ત્યારે હવામાં અત્તરની તીવ્ર સુગંધ ફેલાતી હતી. તે ઉત્તેજનાપૂર્વક કેકિ સાથે વાતો કરી રહ્યો હતો. કટપ્પા સમ્માનજનક અંતર રાખીને તેમને અનુસરતો હતો. તેઓ જ્યારે વળાંકદાર સીડી ઊતરી રહ્યા હતા ત્યારે રાજકુમાર મહાદેવ બરાબર તેમની સામે આવ્યો.

'ક્યાં જઈ રહ્યો છે, બિજ્જલ ?' મહાદેવે સાશ્ચર્ય પૂછ્યું.

'એ તારે જાણવાની જરૂર નથી,' બિજ્જલે તેને ધક્કો મારીને બાજુમાં ખસેડ્યો અને

ચાલવાનું ચાલુ રાખ્યું.

'પણ માતાજી તને શોધી રહ્યાં છે.'

'અહીંથી જતો રહે.'

બિજ્જલ અને કેકિ વળાંક આવતાં વળી ગયા. મહાદેવે કટપ્પાનું કાંડું પકડ્યું અને ગુલામ આઘાત પામીને ફર્યો. સદ્નસીબે, આ ઘટના જોવા ત્યાં કોઈ હાજર નહોતું. કોઈ રાજકુમારને સ્પર્શવાની તેમને મંજૂરી નહોતી સિવાય કે તેમનું જીવન બચાવવાનું હોય. 'શું તું મને કહીશ કે એ લોકો ક્યાં જઈ રહ્યા છે?' મહાદેવે પૂછ્યું.

કટપ્પા જાણે કશુંક અદૃશ્ય નીરખી રહ્યો હોય, તેમ દૂર દૂર કશુંક જોઈ રહ્યો હતો. મહાદેવે અધીરાઈથી હુંકારો કર્યો, તેને છોડીને લાકડાની સીડી ચડવા લાગ્યો. તેનાં ભારે પગલાં ધીમે-ધીમે દૂર જતાં રહ્યાં અને કટપ્પા પોતાની પાછળ પાછળ જવા લાગ્યો. બિજ્જલ અને કેકિ સ્તંભોની હારમાળા વાળી એ પરસાળના અંતિમ છેડા સુધી પહોંચી ગયા હતા. તેમની સાથે થવા માટે કટપ્પાએ ઝડપ વધારી. તેની બંને બાજુ પોતાની પૂંછડી મોઢામાં દબાવીને પથ્થરના વીસ હાથ ઊંચા દૈત્યો ઊભા હતા. શતરંજના પટની જેમ ગોઠવેલી શ્વેત-શ્યામ ભોંય પર ચાલી રહેલા ગુલામને એમ થયું કે એ દૈત્યો જાણે તેને જોઈ રહ્યા છે.

'શું આ વાનરે આપણી સાથે આવવું આવશ્યક છે, પ્રભુ ?' કેકિએ થોડાક અણગમા સાથે પૂછ્યું.

'કૂતરું પાછળ પાછળ ફરે તો પણ પરવા કોને છે ? જરૂર પડે ત્યારે ભસવા માટે આપણે તેને દરવાજે ઊભો રાખવાનો,' બિજ્જલ હસ્યો.

'આપણે સ્કંદદાસના ચમચાઓનું ધ્યાન રાખવું પડશે. હું તમને જ્યાં લઈ જઈ રહ્યો છું તેની જો મહારાજને ગંધ પણ આવશે, તો...' બોલતાં બોલતાં કેકિનો અવાજ ડૂબી ગયો.

'જાણે કે મારા પિતાજી પહેલાંથી ઘરડા જ હશે. આ ઉંમરે પણ કાલિકાની દેવદાસીઓનો આનંદ ઉઠાવવામાં તેમને જરા પણ સંકોચ થતો નથી. મેં તો જાણે એમની લીલાઓનાં અશ્લીલ ગીતો સાંભળ્યાં જ નહીં હોય !' બિજ્જલ ખડખડાટ હસ્યો. 'ખાલી મારાં માતાજી ન જાણે એટલી જ આશા હું કરું છું.'

'અને જો મહારાણીને ખબર પડી ગઈ તો ?'

'તો હું એમ કહીશ કે તું મને પરાણે ખેંચી ગયો હતો,' બિજ્જલે જવાબ આપ્યો. કેકિનો ચહેરો સફેદ પડી ગયો પણ પછી તે આ આઘાતમાંથી ઝડપથી બહાર આવી ગયો. 'અલબત્ત, પ્રભુ, એમ જ હોય. આ સુંદર સ્ત્રીના માથે તમે ગમે ત્યારે ગમે તે આરોપ મૂકી શકો છો. તમારા માટે તો હું ગમે તે કરવા તૈયાર છું, રાજકુમાર,' કહીને કેકિએ બિજ્જલના ખભા પર આંગળીઓ ફેરવી લીધી.

'તારો હાથ મારાથી દૂર રાખ,' બિજ્જલે વડચકું ભર્યું. 'અને મને જ્યાં લઈ જવાનું વચન આપ્યું છે, ત્યાં લઈ જા.'

'આપણે ઉતાવળ કરવી પડશે અને કોઈને આપણે યાદ આવીએ એ પહેલાં તો આપણે પાછા આવી જવું પડશે,' કહીને કેકિએ એક દરવાજો ખોલ્યો જે રાજમહેલની નજીકના પશ્ચિમી બગીચામાં ખૂલતો હતો. 'આ બાજુ, મારા પ્રભુ.'

તેઓ મહારાજાના હરમની ફરતે ચાલીને તેના પાછલા દરવાજે પહોંચ્યા. ત્યાં પહોંચતાં સુધીમાં તો બિજ્જલ હાંફવા માંડ્યો હતો. 'ચિંતા ન કરશો પ્રભુ. થોડી વારમાં તો મહારાજા સેનાપતિ હિરણ્ય સાથે કુંતલા રાજ્ય જવા નીકળી જશે અને પખવાડિયા પહેલાં તો પાછા

આવશે જ નહીં,' કેકિએ કહ્યું.

'એ હું જાણું જ છું. મને એમ કહે કે આપણે અહીંયાં કેમ આવ્યા છીએ?' બિજ્જલે પૂછ્યું.

જવાબમાં કેકિએ દરવાજા ઉપર પોતાના નખ ઘસ્યા. કોઈકે દરવાજો ખોલ્યો અને તેઓ અંદર પ્રવેશ્યા. દીવાન પર આડા પડેલા એક માણસની સામે એક સ્ત્રી નાચી રહી હતી.

'અરે, બૃહન્નલ્લા, શું બધું તૈયાર છે?' કેકિએ પૂછ્યું. એ સ્ત્રી આકર્ષક સ્મિત સાથે તેમની દિશામાં ફરી. હજુ એક કિન્નર, કટપ્પા ધ્રૂજી ગયો. બિજ્જલનો ચહેરો પણ ગુસ્સાથી લાલ થઈ ગયો હતો.

'આ તો અંતઃપુરનો વડો છે, અપ્સરા નથી. મને અહીંયાં શા માટે લાવ્યો છે, સાલા કિન્નર?' બિજ્જલ ક્રોધથી તમતમતો હતો.

કેકિ જવાબ આપે તે પહેલાં બૃહન્નલ્લા આગળ વધીને નજાકતપૂર્વક વંદન કર્યાં. 'યુવરાજ, મારી સહેલી કેકિએ મને આપની આવશ્યકતા વિષે જણાવ્યું છે. અને આ બૃહન્નલ્લા આપની સેવા માટે સદા તત્પર છે. આપની આવશ્યકતા મુજબ બધી જ વ્યવસ્થા થઈ ગઈ છે.' તેણે તાલી વગાડી અને દીવાન પર સૂતેલો પુરુષ અંદર ગયો. થોડીક ક્ષણોની તંગ ચુપકીદી પછી એક દાસી મોટો થાળ લઈને આવી જેની પર વેપારીનો પોશાક સરસ રીતે વાળીને ગોઠવાયેલો હતો. 'આ વસ્ત્રોમાં તમે બહુ જ મોહક લાગશો, મારા યુવરાજ,' કહીને કેકિએ પોશાકની અદૃશ્ય કરચલીઓને દૂર કરવા તેની પર હાથ પસારવા લાગી.

'ગંધાતા વેપારીઓ આવું પહેરે. હું માહિષ્મતીનો યુવરાજ છું અને હું આવું પહેરીશ એમ તમે માનો છો?' બિજ્જલ ગર્જ્યો.

'ગોપનીયતા માટે આવશ્યક છે, યુવરાજ. કે પછી આપ એમ ઇચ્છો છો કે તમારી આ મુલાકાત વિષે બધાં લોકો વાતો કરે?' પોતાની છાતી પર હાથ રાખી, કંઈક વધારે પડતું જ નમીને બૃહન્નલ્લાએ કહ્યું.

'અથવા કદાચ તમે એકવીસ વર્ષના થઈ જાવ પછી જ આ કામ તમારે કરવું છે? થોડાક મહિના રાહ જોવી છે? પછી તો કોઈ પણ તમારી તરફ આંગળી ઉઠાવી શકશે નહીં, મહારાણી પણ નહીં,' કેકિ ખડખડાટ હસ્યો.

એક ક્ષણ માટે તો કટપ્પાને એમ લાગ્યું કે બિજ્જલ આ જનાવરને બહાર ફેંકી દેશે અને ક્રોધિત થઈને પોતાના ભવનમાં પાછો જતો રહેશે. અને કટપ્પાને તો એટલું જ જોઈતું હતું. જોકે, બિજ્જલે એ કપડાં લઈ લીધાં અને તે એક સ્તંભ પાછળ જતો રહ્યો. કેકિએ સ્મિત કર્યું.

'આપનું સુંદર શરીર અમને બતાવવાની શરમ આવે છે, મારા યુવરાજ? આપ મને લલચાવી રહ્યા છો.'

બિજ્જલે જોખી જોખીને જવાબ આપ્યો અને કેકિ ખડખડાટ હસ્યો. 'એક રાજકુમાર માટે આ ભાષા શોભનીય નથી. રાજકુમારે માત્ર દેવભાષા જ વાપરવી જોઈએ, અમારા જેવા ગરીબ માણસોની ભાષા નહીં. પણ જો આપને ખરેખર એ ભાષામાં રસ હોય, તો કેકિના ઘરે એ થોડી વધારે શીખવા મળશે.'

બિજ્જલ સ્તંભ પાછળથી પ્રગટ થયો. વેપારીનાં વસ્ત્રોમાં એ થોડીક અગવડ અનુભવતો હતો. પોતાની મોતીની માળા અને સોનાનાં કડાં કાઢીને એ કટપ્પાને આપવા જ જતો હતો કે કેકિએ તે ઝડપી લીધાં. 'આભાર, પ્રભુ. તમે બહુ જ ઉદાર છો.'

તેણે તરત જ સીટી વગાડી અને પાલખી લઈને ચાર માણસો આવ્યા. તેણે એ ચારેયને

અંદર આવવોનો ઇશારો કર્યો.

'હું કંઈ ઘરડી દાસી છું કે આમાં જઈશ, સાલા કિન્નર?' બિજ્જલે ફરી વાર ક્રોધ કર્યો.

'શું આપને હાથી પર બેસીને સરઘસ કાઢવું છે? સાથે આપણે એક ઢંઢેરો પીટવાવાળો પણ રાખીએ તો કેવું! તમે કાલિકાને ત્યાં પહોંચશો એટલે એ તમારા નામની છડી પણ પોકારશે. એકદમ ખાનગી રહેશે એ બધું, નહીં?'

થોડીક ક્ષણો બિજ્જલ તેની તરફ તાકી રહ્યો અને પછી એ પાલખીમાં ચડી ગયો.

'પ્રભુ, આપની તલવાર કોઈને પણ શંકા જન્માવે એવી છે. મારા માણસો એ સાચવશે.'

'એ તો ભૂલી જ જા હવે. આમ પણ હવે મને કોઈ જોઈ શકવાનું નથી. હું અત્યારે મારી દાદીની જેમ જ જઈ રહ્યો છું. એક સાડી જ બાકી છે ખાલી,' બિજ્જલ બબડ્યો.

'સાડીમાં તો તમે કેટલા રૂપાળા લાગત અને સાચું કહું છું, એના કારણે તમારી ગોપનીયતા પણ વધારે સારી રીતે જળવાત. આવતી વખતે હું એની પણ વ્યવસ્થા કરી રાખીશ. તમારી તલવાર આપી દો અથવા આપણે આ સાહસ બે વર્ષ પછી કરીશું.'

'તારી જીભની કિંમત તારે ચૂકવવી પડશે, કિન્નર,' બિજ્જલે કહ્યું અને પોતાની તલવાર તેને આપી દીધી.

'મારી જીભથી તો હું જીવું છું, પ્રભુ. આ શહેરમાં ઘણા લોકોને મેં એનાથી મજા કરાવી છે અને એમાંના અમુક નામ તો તમને સાંભળવા ગમશે નહીં. જીભ છોડો અને આંગળીઓ કામે લગાડો, એમ અમે કાલિકાને ત્યાં કહીએ છીએ. તમને આ ટુચકામાં ખબર ન પડી? કદાચ થોડાક મહિના પછી? હવે થોડાક અંદર ખસો તો તમારો ગુલામ પણ અંદર બેસી શકે.'

'તારી હિંમત જ કેવી રીતે થઈ? આ અસ્પૃશ્ય ગુલામ કોઈ કાળે મારી સાથે બેસી શકે નહીં.'

'આપનો ગુલામ આ પાલખીની બાજુમાં ચાલતો હોય એના કરતાં વધારે સહેલું તો એ પડે કે આ પાલખી પર એક પાટિયું જ ચીતરાવીને મુકાવી દઈએ કે માહિષ્મતીના યુવરાજ રંડીબાજી કરવા જઈ રહ્યા છે,' કેકિએ વ્યંગ કર્યો. કટપ્પાને નવાઈ એ વાતની લાગતી હતી કે આ કિન્નર કઈ રીતે રાજકુમાર સાથે આટલી જીભાજોડી કરી શકતો હતો.

બૃહન્નલ્લા વચ્ચે પડ્યો. 'પ્રભુ, આપણે વેશપલટો કર્યો છે, તો તેને પૂરેપૂરા વળગી રહેવું પડશે. તમે હરમની સ્ત્રીઓને વસ્તુઓ વેચીને બહાર જઈ રહેલા વેપારી છો. આપણી તરફ કોઈનું ધ્યાન ખેંચાય, એ યોગ્ય નથી,' તેણે મૃદુતાથી વાત રજૂ કરી.

'શું દ્વાર પર તપાસ નહીં થાય? પેલા હરામી સ્કંદદાસના માણસે તો બધે જ મારી પાછળ-પાછળ આવતા હોય છે.'

'સ્કંદદાસને આપની સલામતીની પરવા હોય છે, પ્રભુ. પેલી હાથીવાળી ઘટના પછી મહારાજે એવો હુકમ કર્યો છે કે ચોવીસે કલાક આપનું રક્ષણ કરવું. સ્કંદદાસ માત્ર તેની ફરજ નિભાવી રહ્યો છે. પણ તેની ચિંતા કરશો નહીં. આ વાતની તો તેને ગંધ પણ આવશે નહીં,' બૃહન્નલ્લાએ કહ્યું. કેકિએ પોતાની આંખો નચાવી.

'પણ દ્વાર પર તેમને ખબર પડી જ જશે. અંદર-બહાર જતા દરેક લોકોને એ તપાસે છે,' બિજ્જલે ભારપૂર્વક કહ્યું.

'આપ સાચું કહો છો, રાજકુમાર. દ્વાર પર તો તેઓ પાલખી પણ ચકાસે છે,' બૃહન્નલ્લાએ કહ્યું.

'પણ તેમનાથી બચવાનો એક માર્ગ છે અમારી પાસે. આ આયોજનમાં તમે માત્ર તમારું પાત્ર બરાબર ભજવો અને બધું જ સરળતાથી પતી જશે. યુવરાજે પોતાના ગુલામને તો પોતાની સાથે બેસાડવાની મંજૂરી આપવી જ પડશે. નહીંતર કોઈનું પણ ધ્યાન તેની તરફ અવશ્ય ખેંચાશે.' બૃહન્નલ્લાના મૃદુ શબ્દો વિશ્વાસ કરી શકાય તેવા લાગતા હતા.

બિજ્જલ કટપ્પા સામે ઘૃણાથી જોઈ રહ્યો. બૃહન્નલ્લાએ હાથ જોડીને વિનંતી કરી. બિજ્જલે માથું હલાવીને હા પાડી અને તરત જ પોતાની નજર બીજી દિશામાં ફેરવી લીધી.

'યુવરાજ બહુ જ કૃપાળુ છે,' બૃહન્નલ્લાએ નમીને વંદન કર્યાં.

'હવે પાલખીમાં સવાર થાવ, મારા વરરાજા,' કહીને કેકિએ કટપ્પાના ગાલ પર હાથ ફેરવ્યો.

પોતાને એ જ પાલખીમાં બેસવાનું છે જેમાં રાજકુમાર પણ બેઠા છે, એ વિચારથી કટપ્પાને ખરેખર ભય લાગ્યો. તેના પિતા શું કહેશે? તે ખચકાયો અને પોતાની તલવારની મૂઠ મક્કમતાથી પકડીને ઊભો રહ્યો.

કેકિએ મોઢું ફુલાવ્યું. 'શું મારા મનનો ભરથાર મારાથી રિસાયો છે? તારા કાળા હોઠ પર ચુંબન આપીને તને મનાવી લઉં? હા? ના? અરે, તેં તો મારા મનના ભુક્કા કરી નાખ્યા. જો હું ત્રણ ગણું એ પહેલાં તું અંદર બેઠો નથી, તો હું તારા હોઠ પર દીર્ઘ ચુંબન આપીશ. અને તારા માલિકને એવી ઈર્ષા થશે કે હું માલિકના બદલે ગુલામને શા માટે ચૂમી રહી છું? તારા માલિકને તારે ગુસ્સે કરવા છે, વ્હાલા?'

કટપ્પા આગળનું સાંભળવા રોકાયો નહીં. તેણે પાલખીમાં બેસવાનો પ્રયત્ન કર્યો પણ તેને પોતાની તલવાર નડી રહી હતી. એ તલવાર લેવા માટે કેકિએ હાથ લંબાવ્યો.

કટપ્પાએ ભયભીત સ્વરે રાજકુમારને કહ્યું, 'પ્રભુ, આ તલવાર પવિત્ર છે. મહારાજે પોતાના હાથે જ તે આપેલી છે. મારા મૃત્યુ સુધી તેને મારાથી અલગ કરવાની મને અનુમતિ નથી.'

'આ કાળા વાનરને અહીં જ રહેવા દઈએ. એ અહીં બેઠો બેઠો પોતાની તલવાર ચાવશે,' કેકિએ પાનની પિચકારી મારી તે પોતે જ પાલખીમાં બેસવા ગયો. કટપ્પાએ તેને અંદર જતા રોક્યો અને કેકિ ઘૂરક્યો, 'મારા રસ્તામાંથી હઠી જા.'

'રાજકુમાર મારા વિના ક્યાંય જશે નહીં,' કટપ્પાએ કહ્યું.

'કોણે કીધું?' બિજ્જલે અંદરથી અવાજ કર્યો.

'ક્ષમા કરો, પ્રભુ, પણ આ તો મહારાજા સોમદેવનો હુકમ છે.'

'પેલા બગીચામાં તને તળાવ દેખાય છે? એમાં કેમ કૂદી મરતો નથી? યુવરાજ, આ ગુલામડાની વાત પર ધ્યાન આપવાની શું જરૂર છે?' કેકિએ પૂછ્યું.

'કારણ કે એ મારા પિતાજીને કહી દેશે. એ તો મારા ગળે બંધાયેલો ઘંટ છે,' દાંત કચડીને કટપ્પાને જોતાં જોતાં બિજ્જલે કહ્યું. 'સમય બગાડ્યા વિના, એ તલવાર આપીને અંદર કેમ નથી આવતો, કૂતરીના?'

'મને ક્ષમા કરો, પ્રભુ. પણ મૃત્યુ સિવાય આ તલવારથી મને કોઈ અલગ કરી શકશે નહીં.'

કેકિએ નિસાસો નાખ્યો. 'એને એની તલવાર રાખવા દો. થોડાક અંદર ખસો, સિવાય કે એનો કાળો પછવાડો આપે આપના ખોળામાં રાખવો હોય.'

'મારી પાસે નહીં. કેકિ, તું અમારી બંનેની વચ્ચે બેસ.'

'અને આ દુનિયાને જોવા દઉં કે એક ગુલામ પાલખીમાં ફરી રહ્યો છો. એ અદ્‌ભુત દૃશ્ય હશે. આ શહેરના બધા જ તોફાની ટાબરિયાઓ અને તેમના ગુલામો આ જોવા ટોળે વળશે.' કેકિએ કટપ્પાનું કાંડુ પકડ્યું અને બોલ્યો, 'અંદર બેસ હવે.'

કટપ્પા બિજ્જલના હુકમની રાહ જોવા લાગ્યો પણ બિજ્જલે બીજી દિશામાં મોઢું ફેરવી લીધું. કટપ્પાએ મનોમન પ્રાર્થના કરી. તે બધા જ નિયમોનું ઉલ્લંઘન કરી રહ્યો હતો. તેણે પોતાની જાતને અંદર ગોઠવી, રાજકુમારને તેનું શરીર સ્પર્શી ન જાય તેની પૂરી કાળજી રાખીને. પોતાની તલવાર તેણે બંનેની વચ્ચે મૂકી.

કેકિ સૌથી છેલ્લે અંદર ચડ્યો અને બિજ્જલ બાજુનો પડદો પાડવા ઝૂક્યો. તેના સ્તન કટપ્પાના ચહેરાને સ્પર્શ્યા અને એનાથી એ હલબલી ગયો એટલે કેકિએ તેને આંખ મારી અને તેની તરફ એક ચુંબન હવામાં રવાના કર્યું. કટપ્પા સંકોચાઈ ગયો. એક ઝટકા સાથે પાલખી ઊંચકાઈ, ભોયાઓ વજન મુજબ ગોઠવાયા એ દરમિયાન પાલખી આમ-તેમ ડોલી પણ ખરી અને પછી ચાલવા લાગી. તેઓ 'હો-હો, હો-હો-હો'નો નાદ લગાવતા હતા અને તેમના દરેક પગલે આગળ રહેલા બે માણસે ઘંટડી પણ વગાડતા હતા જેથી લોકો માર્ગ મોકળો કરી દે.

મહેલના મુખ્ય પ્રવેશદ્વારે તેમને અટકાવવામાં આવ્યા અને દ્વારપાળો સાથે વાત કરવા માટે કેકિ પાલખીમાંથી કૂદીને નીચે ઊતર્યો. એણે કહ્યું કે તે એક વેપારીને કાલિકાની જગ્યાએ લઈ જઈ રહ્યો છે અને કટપ્પાએ એ સાંભળ્યું. તેણે મનોમન પ્રાર્થના કરી લીધી કે ચોકીદારો પાલખીની તપાસ કરવા ન આવે તો સારું. તેની પાસે બેઠેલા બિજ્જલને પણ પરસેવો પડી રહ્યો હતો.

કટપ્પાએ જોયું કે કેકી ચોકીદારો સાથ મજાક કરી રહ્યો હતો. રૂપિયાનો હાથબદલો પણ તેણે જોયો અને વિચાર્યું કે કોઈને ચોરીછૂપીથી મહેલની બહાર લઈ જવો હોય, તો કેટલું સરળ હતું. પછી તેને વિચાર આવ્યો કે જો કોઈને સરળતાથી બહાર લઈ જઈ શકાતો હોય, તો કોઈ શત્રુને પણ એટલી જ સરળતાથી અંદર લાવી શકાય કે નહીં. ભ્રષ્ટાચારને કારણે તેના શહેરની સલામતી વ્યવસ્થાને પણ કાટ લાગી રહ્યો હતો. તેણે મનોમન નક્કી કર્યું કે તે આ વિષે તેના પિતા સાથે વાત કરીને ગમે તેમ આ મુદ્દો મહારાજાના ધ્યાનમાં લાવશે.

કેકિ કૂદીને અંદર બેઠો અને તરત જ પાલખી મુખ્ય દ્વારની બહાર નીકળી ગઈ અને ઝડપથી ગલીઓમાંથી પસાર થવા માંડી. અંદરનું વાતાવરણ બફારો અને ભેજવાળું લાગતું હતું. કિન્નરના શરીની દુર્ગંધ અને રાજકુમારના શરીરની વાસ ભેગી થઈને કટપ્પાને ઉલટી કરાવી દેશે એવું તેને લાગતું હતું. કિન્નરનો ખભો તેના ખભા સાથે ઘસાતો હતો પણ એ અંગે તે કશું કરી શકે તેમ નહોતો. તેના મગજમાં એવી લાગણી પેદા થઈ રહી હતી કે આ મુસાફરીનો અંત મોટી મુશ્કેલી સાથે જ આવશે. તેણે આંખો બંધ કરીને પ્રાર્થના કરી અને પોતાની તલવારને મક્કમ રીતે પકડી રાખી.

૯

બૃહન્નલ્લા

રાજકુમાર બિજ્જલને લઈ જતી પાલખી કિલ્લાના દરવાજા બહાર નીકળી ત્યાં સુધી બૃહન્નલ્લાએ પ્રતીક્ષા કરી. અંધારું થઈ ચૂક્યું હતું. હવામાં ભેજ હતો. પૂર્વ આકાશમાં વીજળીઓ ઝબૂકતી હતી. હવાની લહેરખીઓ તેની સાડી અને ચળકતા વાળ સાથે રમી રહ્યા હતા. એકદમ સરસ રહેશે, તેણે વિચાર્યું. ભગવાનની ઉદારતા ઉપર તેણે સ્મિત કર્યું. તે અંતઃપુરમાં પાછો જતો રહ્યો.

ચાકરો અંદર દીવા-ફાનસો પ્રગટાવી રહ્યા હતા. તેના શિષ્યોએ ગાવાનું શરૂ કરી દીધું હતું. સૌથી ઉપરના માળેથી ઝાંઝરોનો રણકાર સંભળાઈ રહ્યો હતો. થોડાક સમયમાં તો અંતઃપુર મધુર ગીતોથી ગુંજી ઊઠશે. વાંસળી અને વીણા વગાડનારા આવવા માંડ્યા હતા. મહારાજા બહાર ગયા હોવાથી, ગાયન અને નર્તન બહુ ઊંચા પ્રકારનું નહીં થાય. જોકે રાજ્યના મહેમાનો, મહત્ત્વના વેપારીઓ અને રાજકારભારીઓ હાજર હતા, જેમનું મનોરંજન કરવાનું હતું.

બૃહન્નલ્લા અંદર ધસી ગયો અને ચારે દિશામાં હુકમો છોડવા માંડ્યો. સૌથી ઉપરના માળેથી તેની કેટલીક છોકરીઓ તેનું નામ પોકારી રહી હતી. એ બધી તેને ઉપર આવીને તેમની સાથે નૃત્ય કરવાનું કહી રહી હતી. બૃહન્નલ્લાએ તેમને કહ્યું કે તે સાંજ માટેનાં સુંદર વસ્ત્રો પહેરીને તેમની સાથે જોડાશે.

તે પોતાના અંગત ભવનમાં પ્રવેશી. ત્યાં એક પુરુષ માત્ર અંતઃવસ્ત્રો પહેરીને બેઠો હતો. તે જ્યારે અંદર પ્રવેશી ત્યારે તે ઊભો થયો. બૃહન્નલ્લાએ દરવાજો બંધ કર્યો.

તેણે પોતાનો કબજો અને ચણિયો ઉતારી નાખ્યો અને માત્ર લંગોટભેર અરીસા સામે ઊભો રહ્યો. તે હવે કિન્નર નહીં પણ પૂર્ણ પુરુષ હતો.

'આ હજુ કેટલું લાંબુ ચાલશે, ધનંજય?' પેલા પુરુષે પૂછ્યું.

'આપણું સ્વપ્ન સિદ્ધ થવામાં જેટલો સમય લાગે તેટલું ચાલશે, નલ,' બૃહન્નલ્લાએ કહ્યું અને પછી એ વેપારી તરફ નમીને કહ્યું, 'આ પહેલાં પણ મેં તને ચેતવ્યો છે, ભાઈ, કે તારે મને બૃહન્નલ્લા સિવાય અન્ય કોઈ સંબોધન કરવું નહીં.'

'હું દિલગીર છું.'

બૃહન્નલ્લાએ પોતાના સ્નાયુઓને કસરત કરાવી અને દીવાલ પર લટકાવેલી તલવાર હાથમાં લીધી. તેણે એક યોદ્ધા જેટલી ચોકસાઈથી તલવારના દાવપેચનો અભ્યાસ કરવા માંડ્યો. હવે પેલી સ્ત્રૈણ નજાકત જતી રહી હતી અને તેની જગ્યાએ એવા યોદ્ધાની દૃઢતા આવી ગઈ હતી જેને પોતાના પગ અને તલવાર પર પૂરો ભરોસો હતો.

'નલ, મેં પચીસ વર્ષ પહેલાં મારી માતાને વચન આપ્યું હતું કે હું ફરી એક વાર પુરુષ બનીશ.' — કહેતાં કહેતાં તેણે મેજ પર રાખેલાં તડબૂચોમાંથી સૌથી ઉપર રહેલા તલવારના

એક જ ઝાટકે બે ટુકડા કરી નાખ્યા અને ઢગલાના બીજા તડબૂચ તો હલ્યા પણ નહીં — 'આપણે નિર્દયી માહિષ્મતી રાજ્યનો ખાત્મો બોલાવી દઈએ તે પછી.'

'માતાજીએ મને એ વિષે—' નલે વાતની શરૂઆત કરી.

'એમણે તને દત્તક લીધો હતો, નલ. તેણે જે સહન કર્યું છે એની અડધી વાત પણ તને નહીં કરી હોય. હું તો એ નર્કમાં જીવ્યો છું. આપણી માતાએ જે સહન કર્યું છે તેની સરખામણીએ આ કિન્નરનો અભિનય તો કંઈ નથી.'

નલે ગંભીરતાપૂર્વક માથું હલાવ્યું. 'તું ધ્યાન રાખજે ભાઈ.'

બૃહન્નલ્લા ખડખડાટ હસ્યો. 'તું ધ્યાન રાખજે. અને એ વાત ન ભૂલતો કે આપણી માતા અચિ નાગમ્મા છે, અને આપણે જે ધારીશું તે સિદ્ધ કરીને જ રહીશું, મારા ભાઈ. હવે સંગીતકારો સાથે થઈ જા. આ મૃદંગ તારી સાથે લઈ જા,' ખૂણામાં રાખેલા એક મૃદંગ તરફ આંગળી ચીંધીને તેણે કહ્યું. 'એ લોકોને તૈયાર રાખજે. કાલિકાને ત્યાંથી રાજકુમાર પાછો ફરે એની તેમને રાહ જોવડાવજે. પણ પેલા ગુલામથી ચેતવાનું પણ તેમને કહેજે.'

નલે કહ્યું, 'આ વખતે વીસ હશે. જો જરૂર પડશે તો અમે એ ગુલામને વાઢી નાખીશું.'

બૃહન્નલ્લાએ સ્મિત કર્યું. 'વિજયીભવ, ભાઈ.'

નલ સંગીતકારનાં વસ્ત્રો પહેરીને પોતાના ભાઈને ભેટ્યો અને મૃદંગ લઈને બહાર જતો રહ્યો. જ્યારે તેણે દરવાજો ખોલ્યો ત્યારે સૌથી ઉપરના માળેથી વહેતું વહેતું સંગીત ઓરડામાં ધસી આવ્યું અને દરવાજો બંધ થતા, જાણે સંગીત પણ બંધ થઈ ગયું.

બૃહન્નલ્લાએ શણગાર કરવા માંડ્યો અને થોડી વારમાં તો તે આકર્ષક સ્ત્રી બની પણ ગયો. તલવારને પાછી લટકાવતા પહેલાં તેણે તેની ધાર પર હાથ ફેરવી લીધો. તેણે માથામાં જૂઈનું ફૂલ લગાવ્યું અને ઝાંઝર સરખાં કર્યાં. તેને રણકાવીને તેણે સ્મિત કર્યું.

'દા ધા ધિન,' બોલીને તેણે થોડો અભ્યાસ કર્યો અને તે હસ્યો.

તે ઉપર દોડી ગયો અને તાળીઓના ગડગડાટથી તેને વધાવી લેવામાં આવ્યો. તેણે પોતાના હાથ ફેલાવ્યા અને ગોળ ગોળ ફરવા લાગ્યો. તેનો ચણિયો ફરવાથી ફૂલી ગયો અને તેની સાથે જ ઊડવા લાગ્યો. તેની નર્તકીઓ દોડીને તેની સાથે જોડાઈ ગઈ અને તેની સાથે ગોળ ગોળ ફરવા લાગી. આ નૃત્યમાંથી સ્ફૂટ થતી ઊર્જાથી જ સંગીતકારો જોશીલું સંગીત વગાડવા પ્રેરાયા. દર્શકો નર્તકીઓ પર ધન અને ફૂલોની વર્ષા કરવા લાગ્યા અને મહેફિલની રંગત બરોબર જામી.

આજે તે તેના શ્રેષ્ઠ નૃત્યનું પ્રદર્શન કરી રહ્યો હતો.

૧૦

શિવગામી

'તું બચી ગઈ,' તિમ્માએ તેને કહ્યું. તેણે હાથમાં પેલું રાજવી તાડપત્ર પકડી રાખ્યું હતું. તેણે શિવગામીનો હાથ પકડ્યો અને રાજમહેલની પરસાળમાંથી ઝડપથી ચાલ્યો. તેમણે આમતેમ ફરતા સૈનિકો, નીચે બેસીને અડદિયા પથ્થરથી મઢેલી ભોંય પર ચતુરંગ દોરીને રમતા ચોકીદારો તેમજ શેકેલા માંસ અને તળેલી માછલીની સુગંધથી મઘમઘતાં રસોડાંઓ વટાવ્યા. ઘણા બધાની નજરો પોતાના પર શિવગામી અનુભવી શક્તી હતી. બધે જ રોકાઈને અખિલા આ બધું જ નિહાળવા માંગતી હતી પણ તિમ્મા તેમને ઉતાવળે ખેંચી ગયો. ફૂલોવાળા છોડના ઝુંડની બાજુમાંથી વળાંક લઈને નીચે જતા પથ્થરિયા પગથિયાં હવે ઠંડા પડવા માંડ્યાં હતાં. મશાલોના અજવાળામાં ઝાડીઓ પ્રજ્વલિત થઈ ઊઠી હતી. શિવગામીએ નોંધ્યું કે રાજમહેલ અતિ વિશાળ હતો, જેમાં અલગ અલગ ભવનો હતાં અને ભુલભુલામણીઓ જેવા રસ્તાઓ હતા.

તેઓ એક એવી જૂની ઇમારત પાસે ઊભાં રહ્યાં જેની પાસે બહુ ઊંચું આંબાનું વૃક્ષ હતું. તેની ઘટામાંથી ચળાઈને આવતી ચાંદનીથી એ ઇમારતના આંગણામાં પ્રકાશના છૂટાછવાયા ટુકડા પડતા હતા. આંગણામાં બધાં છૂટાંછવાયાં ઊભાં હતાં અને અમુક લોકો તો પગથિયાની પાસે પણ અડ્ડો જમાવીને બેઠાં હતાં.

દરવાજા પાસે રહેલા લહિયાને તિમ્માએ તાડપત્ર આપ્યું. લહિયાએ ત્રાંસી નજરે તે જોયું અને પછી જમીન પર બેસીને ઝડપથી કંઈક લખી રહેલા બીજા લહિયા તરફ આંગળી ચીંધી. તિમ્મા થોડીક વાર તેની સામે જઈને ઊભો રહ્યો, પછી લહિયાએ તેના હાથમાંથી તાડપત્ર લીધું, વાંચ્યું અને કહ્યું કે તેનો ઉપરી બહાર ગયો છે. ડોસો અને છોકરી રાહ જોવા લાગ્યા. અમુક લહિયાએ પોતાના કિત્તા અને ખડિયા ઢાળિયાની અંદરના ખાનામાં મૂકી રહ્યા હતા કે તેમની પોટલીઓ બાંધી રહ્યા હતા.

વૃક્ષોમાં પોતાની પહોળી પાંખો વીંઝી રહેલા ને કિકિયારીઓ કરી રહેલા ચામાચીડિયાં જોતી જોતી શિવગામી ઊભી રહી. અખિલાએ તેમના અવાજની નકલ કરવાનો પ્રયત્ન કર્યો અને તેના પિતા તેને વઢ્યા પણ ખરા. તિમ્મા ચિંતિત લાગતો હતો અને મહાપ્રધાનના નાયબ રૂપક વિષે પૂછે રાખતો હતો.

જ્યારે એક સેવક તેમને રૂપકના ભવનમાં લઈ ગયો ત્યારે નગરપાલકો રસ્તાની કોરે થાંભલાઓ પર લટકાવવામાં આવતાં ફાનસો પેટાવી રહ્યા હતા. બરુના સાંઠાથી બનાવેલી મોટી ચટાઈ પર એ બેઠો હતો અને તેની સામે વિશાળ કદનું મેજ હતું. તેની સામે પ્રગટાવેલા તેલના દીવાની જ્યોત હલબલી રહી હતી એટલે તેના ગોળમટોળ ચહેરા પર વિશેષ પ્રકારની સોનેરી આભા રચાઈ રહી હતી. તિમ્માએ તેને રાજવી તાડપત્ર આપ્યું અને તેને વાંચવા માટે

રૂપક આગળની દિશામાં થોડોક નમ્યો. પછી તેણે તેમને રાહ જોવાનું કહ્યું અને એ પોતે એક વિશાળ ખંડની અંદર ગયો. અંદર કંઈક વાતચીત થઈ રહી હોવાના અવાજો શિવગામીને સંભળાતા હતા. જાડી દીવાલમાં હવા આવવા માટે રાખેલા નાનકડા કાણામાંથી એક ફૂદું ઊડતું ઊડતું અંદર આવ્યું અને એક મશાલની જ્વાળાની આસપાસ ફરવા લાગ્યું. એ જ્વાળાની આસપાસ ઝડપથી ફરવા લાગ્યું અને શિવગામીને ખ્યાલ આવી જ ગયો કે થોડીવારમાં તો એ જ્વાળામાં અવશ્ય કૂદી પડશે. પણ તેને એ ઘટના જોવા મળે એ પહેલાં તો તેમને અંદર લઈ જવામાં આવ્યા.

મહાપ્રધાન પરમેશ્વર એક દીવાન પર ટેકો દઈને બેઠા હતા. તેમના નાજુક દેહની આસપાસ ઘણાં બધાં ઓશીકાં ગોઠવીને તેમને ટેકો આપવામાં આવ્યો હતો. એક ચાકર શિવગામીના કદથી બમણી ઊંચાઈનો એક દીવો પ્રગટાવી રહ્યો હતો. જ્યારે એ દીવાની સાતમી વાટ પ્રગટી રહી ત્યારે પરમેશ્વરે હાથ જોડીને મનોમન પ્રાર્થના કરી લીધી. તિમ્માએ પણ એમ જ કર્યું. શિવગામી આ વિશાળ ખંડમાં ખચકાટ અનુભવતી ઊભી રહી. તેની નજર મેજ પર ગોઠવેલા દૂધના પ્યાલા અને સૂકા મેવા પર પડી.

'રૂપકે મને રાજવી ફરમાન વાંચી સંભળાવ્યું છે,' પરમેશ્વરે મૃદુ અવાજે કહ્યું અને રૂપક તેની સાથે સહમત થયો.

પરમેશ્વરે શિવગામી તરફ જોતાં કહ્યું, 'મને શંકા છે કે તેને અંદર ગમશે કે કેમ. આ કંઈ રહેવા માટેની ઉત્તમ જગ્યા નથી.'

તિમ્માએ જવાબ આપ્યો નહીં. પરમેશ્વરે નિસાસો નાખ્યો. 'હું જાણું છું કે બીજો કોઈ જ ઉપાય નથી. હું એના પિતા માટે કંઈક સારું કરી શક્યો હોત તો સારું હતું. તે સારો માણસ હતો. પણ મહારાજ પાસે બીજો કોઈ વિકલ્પ જ ક્યાં હતો?'

શિવગામીના કાન લાલ થઈ ગયા. તેઓ ફરી વાર તેના પિતા વિષે વાત કરી રહ્યા હતા. ઉખાણાની ભાષામાં. બાળપણથી જ તે બધાને પોતાના પિતા વિષે પૂછતી હતી. એ દેશદ્રોહી હતો અને તેને લટકાવી દેવાની સજા આપવામાં આવી હતી, આટલી વાત સિવાય તેને કશું પણ જણાવવાની કોઈ દરકાર કરતું નહીં. તેના પ્રશ્નોના કોઈ જ જવાબ આપતું નહીં. હવે તે જાણતી હી કે તેને આ પ્રશ્નોના જવાબ જાતે જ શોધવા પડશે.

'હું અક્કા સાથે અહીં રહી શકું?' અચાનક જ અખિલાએ પૂછી નાખ્યું.

તિમ્માએ તેને ચૂપ રહેવાનો સિસકારો કર્યો પણ પરમેશ્વરે તેને પોતાની પાસે બોલાવી.

'હંઅઅઅ...તારું નામ શું છે?'

'અખિલા,' એ છોકરીએ સંકોચસહ જવાબ આપ્યો.

'તારું સૌથી નાનું બાળક, તિમ્મા?' પરમેશ્વરે એટલું પૂછીને એ બાળકીને ઊંચકીને પોતાના ખોળામાં બેસાડી. તિમ્માએ ડોકું હલાવીને હા પાડી. પરમેશ્વરે છોકરીને પૂછ્યું, 'તારે વળી અહીંયાં કેમ રહેવું છે? શું તારા પિતાજી બહુ જ કડક છે?'

અખિલાએ તિમ્મા સામે જોઈને પોતાનું માથું હલાવ્યું. તેણ કહ્યું, 'મારે તો ખાલી અક્કા સાથે રહેવું છે.'

તે શિવગામી સામે હસી. શિવગામીના ગળે લાગણીઓનો ડૂમો બાઝી ગયો.

'તું તોફાન કર્યા વિના રહીશ?' પરમેશ્વરે તેને માયાળુ સ્મિત કરીને પૂછ્યું,

'મે કોઈ દિવસ તોફાન કર્યું જ નથી, દાદા,' અખિલા બોલી ગઈ.

'શિસસસસ! મહાપ્રધાન...એમને મહાપ્રધાન કહે,' તિમ્માએ તેને ઠપકો આપ્યો, પણ પરમેશ્વર તો મૂછમાં હસતા હતા.

'અરે, એના માટે તો હું વડદાદા જેવો છું. જો, તારે બદામ ખાવી છે?'

અખિલા ખચકાઈ. તેની આંખો એમ પૂછી રહી હતી કે જો તે ના પાડે તો મહાપ્રધાનનું અપમાન થયું ગણાય? તેણે તિમ્મા સામે જોયું. તિમ્માએ હળવેથી તેનું માથું ધુણાવ્યું અને કહ્યું, 'ના, મહાપ્રધાન...આપનો ખૂબ ખૂભ આભાર.'

પરમેશ્વરે પોતાના નાયબ સામે ઇશારો કર્યો. તે નમન કરીને બહાર જતો રહ્યો.

'આ નાનકડા બટવામાં શું છે?' પરમેશ્વરે અખિલાને પૂછ્યું.

'અરે, આ તો મારો ખજાનો છે,' અખિલા ધીમેથી બોલી. 'તમારે જોવો છે, દાદા?' તેણે પૂછ્યું અને ફાટેલા બટવાને માંડ માંડ બાંધી રાખતી દોરી તે ખોલવા લાગી.

'અખિલા, બહુ થયું. મહાપ્રધાનને વધારે હેરાન કરવાની જરૂર નથી,' તિમ્માએ કડક અવાજે કહ્યું. 'માફ કરજો, મહાપ્રધાન. આ છોકરી જાતજાતના પથ્થરો, કાંકરા, કાચના ટુકડા અને નકલી ઝવેરાત જેવી નકામી વસ્તુઓ ભેગી કરતી રહે છે. બધું નકામું જ છે,' તેણે પરમેશ્વરની માફી માંગી.

અખિલા હજુ પણ બટવાની દોરી ખોલવા મથી રહી હતી. પરમેશ્વરે મૃદુતાથી કહ્યું, 'ફરી ક્યારેક જોઈશું, બેટા. પણ પહેલાં મને એમ કહે કે તને વાંચતાં આવડે છે?'

'અક્કાએ મને વાંચતાં શીખવાડ્યું છે,' અખિલાએ સગર્વ કહ્યું. તિમ્માએ સાશ્ચર્ય શિવગામી સામે જોયું.

'ઓહ, એમ છે? ચાલ મને જોવા દે કે તારી અક્કાએ તને શું શીખવાડ્યું છે. મને આ વાંચી સંભળાવ, વાંચીશ ને?'

પરમેશ્વરે તેને એક તાડપત્ર આપ્યું. રેખા નીચે અક્ષરો લટકતા હોય એમ લાગતું હતું. એ પોતાનું માથું ખંજવાળવા લાગી પણ તે કશું જ ઉકેલી શકી નહીં.

પરમેશ્વર ખડખડાટ હસ્યો અને તેના હાથમાંથી એ હસ્તપ્રત લીધી. 'ન આવડ્યું?'

અખિલાએ શરમથી માથું નમાવી દીધું. 'ચિંતા ન કરીશ. આ ભાષા કંઈ બહુ લોકો વાંચી શકતા નથી. તે દેવભાષા સંસ્કૃત છે, દેવોની ભાષા. તમે ગમે તેટલું શીખી લો પણ કંઈ ને કંઈ તો શીખવાનું બાકી જ રહી જશે.'

અખિલા એ તાડપત્રને આશ્ચર્યથી જોઈ રહી. મહાપ્રધાને જોયું કે અખિલા તેના ભવનની દીવાલો પર નજર ફેરવી રહી હતી કારણ કે એ દીવાલોમાં પણ આવી જ હસ્તપ્રતોથી ભરેલાં ખાનાં હતાં.

'મેં આમાંથી મોટા ભાગની વાંચેલી છે. મારી આંખો નકામી બની ગઈ ત્યાં સુધી હું વાંચતો જ હતો. હજી પણ જ્યારે જ્યારે આ ઘરડા માણસ માટે રૂપક પાસે સમય હોય ત્યારે ત્યારે હું તેની પાસે વંચાવડાવી લઉં છું.'

ચૂપચાપ આ દૃશ્યનો ભાગ બની રહેલી શિવગામીના મનમાં આટલી બધી હસ્તપ્રતો વાંચનાર માણસ માટે માન ધીમે ધીમે વધી રહ્યું હતું. તેના પિતાનું પણ અંગત પુસ્તકાલય હતું પણ એમાં તો આનાથી અડધી સંખ્યા પણ નહોતી.

આશ્ચર્યચકિત થઈને પુસ્તકો જોઈ રહેલી શિવગામીને જોઈને પરમેશ્વર હસ્યો, 'આ પુસ્તકો હજારો વર્ષ જૂનાં છે અને માનવજાતને આવડે છે એવી મોટાભાગની ભાષાઓમાં

લખાયેલા છે. મારાથી વધારે સારા, વધારે ચતુર અને વધારે મજબૂત એવા પૂર્વ મહાપ્રધાનોએ આ પુસ્તકોનો સંગ્રહ ઊભો કર્યો છે.'

'કોઈ સ્ત્રી એ પદ પર કદી પણ આવી નથી?' શિવગામીએ પૂછ્યું.

પરમેશ્વર ઘણીવાર સુધી તેની સામે તાકી રહ્યો અને તિમ્માએ બધાને સંભળાય એવો ઊંડો શ્વાસ લીધો. છેવટે માહિષ્મતીનો મહાપ્રધાન હસ્યો. 'હતા. એક અસામાન્યા હજારો વર્ષો પહેલાં આ પદ પર હતાં, પ્રથમ સામ્રાજ્યના શરૂઆતનાં વર્ષોમાં, મહિષી. કેટલાક લોકો એમ કહે છે કે તેઓ ડાકણ હતાં. કેટલાક એમ કહે છે કે એ શાપિત અપ્સરા હતાં. એ ગમે તે હોય, પણ લોકોને મારવામાં તેમને આનંદ આવતો હતો. કદાચ તેમને ધિક્કારતા લોકોએ તેમના નામ સાથે આ જુઠ્ઠાણું જોડી કાઢ્યું હોય એમ પણ બને. કદાચ તેમાં થોડુંક સત્ય પણ હોઈ શકે. કોને ખબર? પણ તેમના પછી, માહિષ્મતીના ઇતિહાસમાં કોઈ સ્ત્રી મહાપ્રધાન બની નથી.'

'પણ માહિષ્મતી સામ્રાજ્યને તો માંડ ત્રણસો વર્ષ જ થયાં હશે. તો તમે ક્યા હજારો વર્ષ પહેલાંના પ્રથમ સામ્રાજ્યની વાત કરો છો?' શિવગામીએ પૂછ્યું.

'રાજાઓ બદલાઈ ગયા, રાજવંશ આવ્યા અને ગયા, પણ મહાપ્રધાનપદની પરંપરા કદી પણ બદલાઈ નથી. અમે આ જ્ઞાનભંડારના દ્વારપાળ છીએ. માહિષ્મતી સામ્રાજ્યના સિંહાસન પર જે પણ બેઠું હોય તેની અમે સેવા કરીએ છીએ.'

'તો પછી ક્યા કારણથી અન્ય કોઈ સ્ત્રી માહિષ્મતીની મહાપ્રધાન બની શકી નથી?' શિવગામીએ ફરી વાર એ જ પ્રશ્ન પૂછ્યો.

મહાપ્રધાન હસ્યા પણ એ કંઈ જવાબ આપે એ પહેલાં જ રૂપક અંદર આવ્યો અને તેની સાથે એક જાડી સ્ત્રી પણ અંદર આવી.

'અરે, જુઓ મારો સક્ષમ નાયબ અનાથાશ્રમનાં વડાં સાથે આવી ગયો. રેવમ્મા, આ તમારી નવી જવાબદારી. પુત્રી, તારું નામ જણાવ અને તેના આશીર્વાદ લે.'

શિવગામી એ અદોદળી સ્ત્રીને નમી અને તેણે મહાપ્રધાન સાથે વાત કરતાં કરતાં બેધ્યાનપણે આશીર્વાદ આપવા હાથ લંબાવ્યો.

'સ્વામી, અમારી પરિસ્થિતિ તમે સમજતા જ નથી. અનાથાશ્રમમાં અત્યારે આમ પણ જગ્યા કરતાં વધારે જ લોકો છે. પાછલાં બે વર્ષથી હું વધારે ભંડોળ માટે બૂમો પાડું છું. આ બધા બારકસો રાક્ષસની જેમ ખાય છે. અને હવે તમે મારી પર બીજા એક માણસનો ભાર નાખી રહ્યા છો.'

'રૂપક, રેવમ્મા દેવીએ તેમના હિસાબના ચોપડા જમા કરાવી દીધા છે?' મહાપ્રધાને તેના નાયબને પૂછ્યું.

રૂપક જવાબ આપતા ખચકાયો.

'હા, મેં જમા કરાવ્યા જ છે, પણ હજી તો ગયા વર્ષનો ખર્ચ પણ મંજૂર નથી થયો, ને નવા ભંડોળની તો વાત જ શું કરવી? અને જો હું પાયસામમાં જરા જેટલી મીઠાશ ઘટાડું તો પણ આ બારકસો મહારાણીને ફરિયાદ કરવા દોડી જાય છે. પછી મારે જ ખુલાસા આપવા પડે છે. મારે વધારે ભંડોળની જરૂર છે, વધારે માણસની નહીં, સ્વામી.'

'સ્કંદદાસ હિસાબો તપાસી રહ્યા છે. તેમને ઘણા બધા ખર્ચ બિનજરૂરી કે વધારે દેખાયા છે. ઉપરાંત, તેમનું એમ પણ કહેવું છે કે ગૃહપતિના પતિના જુગારનો ખર્ચ આ દેશ ઉઠાવી શકે નહીં,' રૂપકે વચ્ચે પડીને કહ્યું.

'આ તો બિનજરૂરી આરોપ છે. મારા સાવ નકામા પતિનું મારે શું કરવું? અને મારા પતિ

જેવા મોટાભાગના જુગારીઓ જ્યાં કૂતરાની જેમ પડ્યા-પાથર્યા રહે છે, એ જુગારના અડ્ડાઓ કોણ ચલાવે છે? શું દેવદાસી કાલિકા જ આ દેશમાં સૌથી વધારે કર નથી ભરતી? એ જ કાલિકા, જે રાજાનું હરમ ચલાવે છે? કોઈ એની વાત તો કરતું નથી. બધાને મારા જેવી ગરીબ સ્ત્રીની જ વાતો કરવી છે કારણ કે હું પહેલાં જેવી યુવાન કે સુંદર રહી નથી,' રેવમ્માએ બળાપો કાઢ્યો.

'ઓહ, એવું ક્યારે હતું? આઠ દસકા પહેલાં?' રૂપકે પૂછ્યું.

'સ્વામી, આ ઉદ્ધત માણસની હાજરીમાં મારે કોઈ જ વાત નથી કરવી.'

'રૂપક, મારી વસ્તુઓ લઈને મારો રથ તૈયાર કરાવ,' પરમેશ્વરે હુકમ કર્યો અને પોતાના ખોળામાંથી અખિલાને હળવે રહીને નીચે મૂકી.

'સ્વામી,' રેવમ્માએ વાત શરૂ રાખી, 'તમે તો એક હાથેથી લઈને બીજા હાથે આપો છો. હું આવી રીતે આ બધું ચલાવી શકું નહીં. હવે મારે આ કરવું જ નથી. દૂર પૂર્વમાં, નદી પાસે મારું એક ખેતર છે. હું રાજીનામું આપીને નિવૃત્ત થઈને ત્યાં જતી રહીશ. એક એક સિક્કા માટે લડીને મારે મારું જીવન હવે બરબાદ નથી કરવું.'

'આવું તો એ પાછલાં દસ વર્ષથી કહી રહી છે,' મહાપ્રધાનની વસ્તુઓ એકઠી કરતાં કરતાં રૂપકે કહ્યું.

'બસ, રૂપક,' પરમેશ્વરે ઘુરકાટ કર્યો અને તેમના નાયબે માફી પણ માંગી લીધી.

'હું તો વર્ષો પહેલાં જ જતી રહી હોત, પણ આપ જાણો જ છો કે મારા વતનમાં કાલભૈરવના કબિલાનો ત્રાસ છે. ક્યારેક વૈતાલિકો પણ ખરા. એમની ઇચ્છા થાય ત્યારે એ લોકો ધાડ પાડે અને છોકરાં કે ઢોર-ઢાંખર ઉપાડી જાય. વિખ્યાત માહિષ્મતી સેનાએ હજુ સુધી કશું જ કર્યું નથી,' રેવમ્માએ આક્રોશમાં કહ્યું.

મહાપ્રધાને ઊંડો શ્વાસ લઈને કહ્યું, 'હું સ્કંદદાસ સાથે વાત કરીશ, રેવમ્મા. હું હિરણ્યને પણ કહીશ કે તે જંગલમાં આવેલાં ગામડાંઓમાં કાલભૈરવોની ધાડ અને વૈતાલિકોના હુમલાની બાબતમાં તપાસ કરે. મેં તને કોઈ કામ માટે બોલાવી અને તેં તો આ તકનો લાભ લઈને મારી પર સમસ્યાઓનો ઢગલો કરી નાખ્યો. ઘણીવાર હું પોતે વિચારું છું કે આ કૃતઘ્ન પદને વળગી રહેનાર હું કેટલો ગાંડો કહેવાઉં. મારે તો શાંતિથી પુસ્તકો વચ્ચે જ જીવન વિતાવવું છે.'

'એ પણ આ વાત પાછલા દસ વર્ષથી કહી રહ્યા છે,' રેવમ્માએ રૂપકને સંભળાવ્યું અને અખિલા હસી પડી. જ્યારે બધા તેની સામે જોવા લાગ્યા ત્યારે તેણે મોઢા પર પોતાના હાથ દબાવીને પોતાના હાસ્યને ખાળવાનો પ્રયત્ન કર્યો. તેને જોઈને શિવગામીએ પણ સ્મિત કર્યું.

'મારી સમસ્યાઓમાં વધારો જ થશે,' રેવમ્માએ કહ્યું.

'એ બહુ સારી છોકરી છે,' તિમ્માએ કહ્યું અને રેવમ્મા તેની દિશામાં ફરી.

'ભૂમિપતિ તિમ્મા ! હંઅઅ...' પહેલાં આશ્ચર્યથી અને પછી સમજવાના કારણે રેવમ્માની આંખો પહોળી થઈ ગઈ. 'તેનો અર્થ એમ થયો કે આ છોકરી...'

'હા, રેવમ્મા, તમારી ધારણા સાચી છે,' રૂપકના સહારે પરમેશ્વર ઊભો થયો. 'આજે પણ મારે મોડું થઈ ગયું છે. ડીસીમા તો રિસાયાં જ હશે, પાછલાં પાંસઠ વર્ષોની જેમ જ. તમે તો તમારા પદને જ પરણ્યાં છો, એવું તે નવોઢા હતી ત્યારે કહેતી હતી. હવે તો તે એવું કહેવાની પણ પરવા નથી કરતી. હવે તો એ છોકરાના છોકરા અને એમનાય છોકરાઓમાં જ વ્યસ્ત રહે છે. ઓહ, મારા ગોઠણ. રાજવૈદ્યને બોલાવ્યા હોત તો સારું થાત. આ ગોઠણની પીડા તો...'

'સ્વામી, હું આ નહીં કરી શકું...' રેવમ્માએ કહ્યું. શિવગામી જાણતી હતી કે વાત કઈ દિશામાં ધપી રહી હતી. આ અદોદળી સ્ત્રી સાથે જવાની આમ પણ તેને ઇચ્છા નહોતી. તેને ઘરે જવું હતું. તેને અખિલા સાથે રમવું હતું, ભામાકાકીના હાથે પરાણે પરાણે પેટ ભરીને જમવું હતું ને રાઘવ સાથે લડવું હતું.

મહાપ્રધાન દરવાજા સુધી પહોંચી ગયા હતા. રેવમ્મા દોડીને તેમની સામે ઊભી રહી ગઈ. હાથ જોડીને તેણે વિનંતી કરી, 'મેં માહિષ્મતીનાં બધાં જ શહીદોનાં પુત્રો-પુત્રીઓ સંભાળ્યાં છે. હવે મને એક દેશદ્રોહીની પુત્રીનું રક્ષણ કરવાની જવાબદારી સોંપીને મારું નામ ડુબાડશો નહીં. કૃપા કરો, સ્વામી, હું વિનંતી કરું છું. કૃપા કરીને સાપને દૂધ પીવડાવવાનું કામ મને સોંપશો નહીં.'

શિવગામી તિમ્માનો હાથ છોડાવીને ત્યાંથી ભાગી છૂટવા માંગતી હતી. કોઈ એને રાખવા નહોતું માંગતું, અનાથાશ્રમના ગૃહપતિ પણ.

'તું તારી શક્તિ વેડફી રહી છે, રેવમ્મા. વિનંતી કરવી જ હોય તો મહારાજ સમક્ષ કર. આ તેમનો હુકમ છે,' મહાપ્રધાને કહ્યું અને બહાર તેમનો રથ આવી પહોંચ્યો હોય એવો અવાજ સંભળાયો. રૂપક મહાપ્રધાનને રથમાં ચડવાની મદદ કરી રહ્યો હતો તે સમયે શિવગામી તેમની તરફ દોડી ગઈ.

'મારે એ જાણવું છે કે મારા પિતાએ એવું તે શું કર્યું હતું કે તમે બધા મને આવી રીતે નફરત કરો છો,' તેણે પૂછ્યું.

પરમેશ્વરે તેને જવાબ આપ્યો નહીં. તેણે સારથિને ઇશારો કર્યો અને માર્ગમાં પથરાયેલા કાંકરા કચડતો રથ ઝટકા સાથે આગળ વધ્યો. ત્યાં જ ઊભા ઊભા શિવગામી રથને બંને બાજુ વૃક્ષોની હારમાળાવાળા રસ્તે આગળ વધતો અને પછી મોટી કમાનવાળા દરવાજાની બહાર અદૃશ્ય થતો જોઈ રહી. થોડી ક્ષણો પછી તો તેના હલબલતા ફાનસનો પ્રકાશપુંજ પણ દેખાતો બંધ થઈ ગયો અને તેના ઘૂઘરાનો રણકાર પણ સંભળાવો બંધ થઈ ગયો.

તિમ્માને રડતો સાંભળીને શિવગામી એ દિશામાં ફરી. બાજુમાં જ પોતાના પિતાની ધોતી પકડીને અખિલા પણ ડૂસકાં ભરી રહી હતી. તેમની પાછળ રૂપક અને રેવમ્મા કોઈ બાબતે દલીલો કરી રહ્યાં હતાં. તિમ્માએ શિવગામીને પકડી રાખીને કહ્યું, 'આખી પરિસ્થિતિ આવા વળાંકે આવીને ઊભી રહી તે બદલ હું ખરેખર દિલગીર છું. તું એક ભૂમિપુત્રની દીકરી છે અને તને એ મુજબ જ જીવન મળવું જોઈતું હતું. તને આમ મૂકીને જવા માટે હું બહુ જ દિલગીર છું. મા...મા ગૌરીપર્વત હંમેશાં તારી સાથે જ રહેજો.'

એ ડોસો ડૂસકાં ભરતો હતો. શિવગામીને બોલવા માટે કોઈ શબ્દ જ મળતા નહોતા. તે જડ બનીને ઊભી રહી. અનાથાશ્રમ કેવો લાગતો હશે તેની તેને જાણ નહોતી. કદાચ તેને ત્યાં નવા મિત્રો પણ મળે. કદાચ તે પોતાના ભૂતકાળ વિષે ભૂલી જાય અને નવું ઘર પામે એમ પણ બને. અને આમ પણ આ વ્યવસ્થા તો થોડાક મહિના પૂરતી જ હતી. અઢાર વર્ષની થઈ ગયા પછી તેણે કદાચ કોઈ ઉમરાવના ઘરના નોકર તરીકે પણ કામ કરવું પડે. કદાચ...

'શિવગામી,' તિમ્મા તેને બાજુમાં લઈ ગયો.

તિમ્માનો અવાજ એકદમ ગંભીર હતો. 'મને માફ કરજે, બેટા, પણ તને આમાં મોકલી દેવાનું પણ એક કારણ છે. એક દિવસ તને એ સમજાશે. એવાં ભયંકર રહસ્યો છે જે તારે અત્યારે જાણવાની જરૂર નથી. પણ એટલું યાદ રાખજે કે તારો બાપ મહાન માણસ હતો. જેનામાં માનવતાનો એક અંશ પણ હોય, તેણે એ જ કર્યું હોત જે તારા બાપે કર્યું હતું. હવે એ

જવાબદારી મારા ખભે આવી પડી છે. હવે મને મારો મિત્ર વધારે સારી રીતે સમજાય છે. એણે જે કરવાનો પ્રયત્ન કર્યો, એમાં એ સફળ થયો હોત, તો વધારે સારું હતું, પણ ભાગ્યમાં કંઈક બીજું જ લખાયું હશે. તેણે જે કરવાનો પ્રયત્ન કર્યો હતો, તે કામ પૂરું કરવાનો પ્રયત્ન હવે હું કરી રહ્યો છું. કોઈ પુસ્તક છે જેમાં આ સમસ્યના ઉકેલની અમુક કડીઓ મળી શકે તેમ છે. તારા બાપે મને કહ્યું હતું, એને સજા થઈ તેનાં થોડાંક જ અઠવાડિયા પહેલાં. હું ખરેખર દિલગીર છું. આવી કોઈ વાત કરીને હું તને દુ:ખી કરવા નહોતો માંગતો. તમારી હવેલી પર મહારાજે તાળાબંધી કરાવી દીધી છે અને તેને ખોલવા માટે તેમની મંજૂરીની આવશ્યકતા હોય છે. મેં–' તિમ્માએ પાછળ ફરીને ચોકસાઈ કરી લીધી કે રૂપક કે રેવમ્મા તેમની વાત સાંભળી શકે તેમ નથી. એ લોકો તો જોકે એકબીજા સાથે દલીલો કરવામાં જ વ્યસ્ત હતાં.

તિમ્માએ એકદમ ધીમા અવાજે કહ્યું, 'હું તો તમારી હવેલીની દીવાલ કૂદીને અંદર પણ જઈ આવ્યો, એ પુસ્તક શોધવા માટે. આ દસથી પણ વધારે વર્ષ પહેલાંની વાત છે…એ સમયે હું યુવાન હતો. મને એ પુસ્તક મળ્યું નહીં અને ફરી વાર એવો પ્રયત્ન કરવો બહુ જોખમી હતો. મેં ગોપનીય રીતે તારા પિતાના કેટલાક નોકરોની પૂછપરછ પણ કરી જોઈ પણ એમાંથી કોનો વિશ્વાસ કરવો અને કોનો નહીં, એ કઈ રીતે સમજાય ? મહામકામને એક દસકની વાર હતી અને ધીમે ધીમે મેં એમ વિચારીને મારી જાતને મૂર્ખ બનાવી કે સમય જતાં કોઈ ઉપાય આપોઆપ જ જડી આવશે. હવે મહામકામ નજીક આવી રહ્યો છે, ત્યારે બેટા, હું ભયભીત થઈ ઊઠ્યો છું. આ બધું મેં તને પહેલાં નહોતું કહ્યું, કારણ કે તું બહુ જ જિજ્ઞાસુ છે અને તે મને હજારો સવાલ પૂછ્યા હોત. અને હજુ પણ હું એ પુસ્તક શોધી જ રહ્યો છું. કદાચ તારા બાપે એ પોતાના ઘરમાં નહીં પણ બીજે ક્યાંક રાખ્યું હશે..અને, આમ પણ હું મારા ભાઈબંધના ઘરે ફરી વાર જવા નથી માંગતો. તેની સાથે ઘણી બધી દર્દનાક યાદો જોડાયેલી છે. આમ તો એ મારા તાબા હેઠળ જ છે, પણ પેલા એક પ્રયત્ન પછી હું ક્યારેય ત્યાં ગયો નથી. તેમાં શું છે એ મને ખબર નથી, બેટા, પણ તારા પિતાને વિશ્વાસ હતો કે તેના વડે એ જરૂર કોઈ ઉપાય શોધી શકશે. જો મને એ પુસ્તક મળી જશે, તો હું બધું જ બરાબર કરી નાખીશ. જો ન મળ્યું, તો મારું મન કહેશે એમ કરીશ.'

શિવગામીના મનમાં શંકાઓ અને પ્રશ્નો ઊભરાઈ આવ્યા. એક ક્ષણ માટે તેને પેલું પુસ્તક બતાવી દેવાની ઇચ્છા થઈ આવી પણ તેણે પોતાની જાતને રોકી રાખી. તેણે પોતાના પિતા વિષે કંઈ પૂછવા માટે મોઢું ખોલ્યું પણ તિમ્માએ તેને અટકાવી. 'વધારે જાણવાથી તારું જીવન પણ જોખમમાં આવી પડશે.'

તે તેને ભેટ્યો અને પછી એક પણ વાર પાછળ જોયા વિના પોતાના રથની દિશામાં ચાલવા માંડ્યો. અખિલા શિવગામીને વળગી પડી. શિવગામી તેના ચહેરા સુધી ઝૂકી.

અખિલાએ કહ્યું, 'નન્ના કહે છે કે હું તમારી સાથે રહી શકું નહીં. એમને સમજાવોને ?'

શિવગામીએ તેના ખભા પકડ્યા અને તેની આંખોમાં આંખો પરોવીને કહ્યું, 'મારી વ્હાલી, તારે તો તારાં મા-બાપ સાથે જ રહેવું પડશે. હું તને થોડાંક જ દિવસોમાં મળવા આવીશ. કદાચ તું પણ મને નવરાત્રિ કે સંક્રાંતિમાં મળવા આવી શકે છે. અક્કા તારા માટે સરસ ભેટ લાવી રાખશે.'

અખિલાની આંખોમાં આનંદ છલકાઈ ઉઠ્યો. 'ખરેખર ! વચન આપો છો ?'

શિવગામી તેને ભેટી પડી. 'હું વચન આપું છું, વ્હાલી.'

આવજો કહેતી અખિલા તેના પિતાની દિશામાં દોડી ગઈ. તિમ્માનો રથ થોડીક ક્ષણો બાદ અદૃશ્ય થઈ ગયો અને શિવગામીને તેના નવા જીવનમાં છોડતો ગયો.

'તારી દલીલો સાંભળવા મારી પાસે આખી રાત નથી, સ્વામી,' રેવમ્માએ રૂપકને કહ્યું અને તે શિવગામીની દિશામાં ફરી, 'ચાલ,' તેણે તોછડાઈથી કહ્યું.

'છોકરીને બહુ હેરાન ન કરતી,' રૂપકે કહ્યું.

'થૂ...' રેવમ્મા થૂંકી. 'દેશદ્રોહીની છોકરીની શું હાલત કરવી તે મને બરોબર આવડે છે. આ ઘરડી રેવમ્માને કોઈએ શીખવવા આવવાની જરૂર નથી.'

ખભા ઊંચા કરીને રૂપક ચાલવા લાગ્યો. ઘરડી સ્ત્રી અને તેની નવી જવાબદારી જ હવે ત્યાં રહ્યાં હતાં.

'ચાલવા માંડ,' રેવમ્માએ તેને ધક્કો મારીને કહ્યું. શિવગામીએ ચાલવાનું શરૂ કરી દીધું અને એ અદોદળી સ્ત્રી તેની પાછળ હાંફતી હાંફતી આવવા લાગી. હાથમાં પોતાની પોટલી પકડીને શિવગામી આગળ નજર રાખી, મક્કમ ડગલે ચાલી રહી હતી. અંદર રહેલા પોતાના પિતાના પુસ્તક પર તે બહારથી આંગળીઓ ફેરવતી રહી. એક વિચાર આવતાં તે અટકી ગઈ. શું તિમ્મા કાકા આ પુસ્તકની જ વાત કરી રહ્યા હતા ? ના, આ તો નહીં જ હોય, તેણે પોતાની જાતને ફરી વાર ખાત્રી કરાવડાવી. પણ એ વિચાર તેને ફરી ફરી ડરાવતો રહ્યો. તેણે વિચાર્યું કે તેણે તિમ્મા સમક્ષ આ પુસ્તકની વાત કરી લીધી હોત, તો સારું હતું. એ તેને સાચી વાત જણાવી શક્યા હોત, પણ એ પણ કંઈક છુપાવી રહ્યા હતા. એટલે પોતાનાં રહસ્યો તેમને જણાવી દેવા એ પણ બંધાયેલી નહોતી. એ એના પિતાનું પુસ્તક છે, હવે એનું પુસ્તક છે, આ વાત તે મનોમન વારંવાર યાદ કરતી રહી. પણ કંઈક ખોટું કર્યાની લાગણી મનમાંથી ગઈ નહીં.

દરવાજા પાસે ઊભેલા સૈનિકે રેવમ્મા વિષે કંઈક અભદ્ર ટિપ્પણી કરી અને એ સ્ત્રી થૂંકીને તેમને ગાળો આપવા ઊભી રહી.

રેવમ્મા સૈનિકો સાથે ગાળાગાળી કરી રહી હતી તે દરમિયાન શિવગામીએ નદીકિનારે ઊભેલી એક પાલખી અને તેની આસપાસ રાહ જોતા કેટલાક પુરુષોને જોયા. આટલી રાત્રે આ લોકો શું કરી રહ્યા હશે ? રેવમ્માએ પણ પછી તેમને જોયા અને તે આગળ જવામાં ખચકાટ અનુભવવા લાગી. પાલખીમાંથી એક ઊંચી આકૃતિ પ્રગટ થઈ. શિવગામીએ આંખો ઝીણી કરીને નક્કી કરવાનો પ્રયત્ન કર્યો કે ઊતરનાર સ્ત્રી હતો કે પુરુષ. એ વ્યક્તિની ઊંચાઈ સ્ત્રીઓ કરતાં વધારે હતી પણ તેની ચાલ સ્ત્રૈણ હતી. એ આકૃતિ તેમની તરફ આવી રહી હતી, એ જોઈને રેવમ્માએ ઊંડો શ્વાસ લીધો. ચંદ્રના પ્રકાશમાં એ આકૃતિના નાકમાં રહેલી હીરાની નથણી ચમકી ઊઠી અને શિવગામીએ અનુભવ્યું કે પોતાના કાંડા પર રેવમ્માના હાથની પકડ વધારે સજ્જડ બનતી જતી હતી.

'આ છે એ છોકરી ?' એ સ્ત્રીએ ઘોઘરા અવાજે પૂછ્યું.

૧૧

મહાદેવ

રાજકુમાર મહાદેવ રાણી હેમવતીના ભવનમાં હતો. તેના પિતાથી વધારે ભય તેને તેની માતાનો લાગતો હતો. એ ગભરાયેલો હતો. ગુનો કર્યાની અને જુઠ્ઠું બોલ્યાની ભાવના તેના ચહેરા પર દેખાતી હતી. એ પોતાની માતાનો સામનો કરવા માંગતો નહોતો.

'હું જ્યારે વાત કરતી હોઉં ત્યારે મારી સામે જોવાનું,' તેની માતા પોતાના આસન પરથી ઊભી થઈને રાજકુમાર સુધી ચાલતી ગઈ. તેણે ખચકાતાં ખચકાતાં પોતાનો હાથ ઊંચો કર્યો.

'હવે મારી આંખોમાં જોઈને કહે કે તારો ભાઈ ક્યાં ગયો છે.'

મહાદેવ બરોબર ફસાઈ ગયો હતો. એનો ભાઈ ક્યાં ગયો છે એ વાતની તેને બરાબર જાણ હતી. પણ એ વાત એ પોતાની માતાને કઈ રીતે કહી શકે ? બધાં જાણતાં હતાં કે કેકિ કોણ હતો અને એ કયાં કામ કરતો હતો. તેની માતા ખરેખર ગુસ્સાથી ઊછળી પડશે.

રાણી હેમવતીએ હંમેશાં એ વાત પર ભાર મૂક્યો હતો કે તેના પુત્રો બધા રાજકુમારો જેવા બગડેલા રાજકુમારો ન બને. છેક ઉત્તરમાં આવેલા એ હિમાચ્છાદિત પ્રદેશથી તે આવતી હતી જ્યાં ઋષિમુનિઓ તપ કરવા માટે આવતા હતા. પોતાના પુત્રોને ઉછેરવા માટે તેના ખ્યાલો એકદમ ચુસ્ત હતા અને એ બાબતમાં અવારનવાર તેના અને રાજામાં અસહમતી રહેતી. મહારાજા સોમદેવને આ બાબતમાં કંઈ સમસ્યા દેખાતી નહોતી. તેમનું પોતાનું હરમ હતું જ્યાં તેઓ સૌથી સુંદર સ્ત્રીઓનાં નૃત્યો માણતાં, અર્ધનગ્ન સ્ત્રીઓના, જો અફવાઓ સાચી માનવામાં આવે તો. અને રાણી પૂજાખંડમાં ધ્યાનમાં બેસતી.

મહાદેવને ઘણી વાર આ બંને વચ્ચે ફસાઈ ગયાની લાગણી થતી. તેની માતા હંમેશાં ઉમદા વસ્તુઓની વાતો કરતી જ્યારે તેના પિતા, જ્યારે સમય મળે ત્યારે, વ્યવહારુ વસ્તુઓની વાત કરતા. જ્યારે તે પોતાના ગુરુઓને આ મૂંઝવણ અંગે જણાવતો ત્યારે તેઓ તેને સલાહ આપતા કે તેનું મન કહે તેમ જ કરવું. જાણે એને ખબર હોય કે એનું મન શું કહે છે ! કેટલીક વાર તેનું મન તેની માતાની પ્રાર્થનામાં લાગેલું રહેતું તો કેટલીક વાર તેના ભાઈની આનંદપ્રમોદની કલ્પનાઓમાં રાચવા લાગતું. મહાદેવને એટલું તો માનવું જ પડતું કે તેનો ભાઈ આમ તો હેરાન કરનારો અને ધાક જમાવનારો હતો પણ તેની સાથે આમ તો તેને મજા જ આવતી. તેનો ભાઈ સાહસિક હતો, જોશ અને જીવનથી ભરપૂર અને તેના ઘણા રસપ્રદ મિત્રો પણ હતા. એનો ભાઈ કદી પણ એની માતાની સલાહો ગણકારતો નહીં અને પોતાને પસંદ પડે એમ જ કરતો. મહાદેવની ગતિ તેનાથી બરોબર વિપરીત દિશામાં હતી.

'તારા ગળામાં કંઈ ફસાઈ ગયું છે? મેં તને પ્રશ્ન પૂછ્યો છે.' તેની માતાના અવાજમાં ધાર હતી.

'એ...એ બહાર ગયો છે,' મહાદેવે ગોથું ખાધું.

'વાહ, મને એની તો જાણ જ નહોતી. મને એમ કે એને તો અદૃશ્ય થવાનું વરદાન મળ્યું છે અને એ અત્યારે તારી બાજુમાં જ ઊભો છે,' રાણીના હોઠ ઠપકો આપવા માટે તૈયાર થયા. 'તું એક સરળ પ્રશ્ન સમજીને મને તેનો સીધો જવાબ પણ આપી શકતો નથી ? મારી સામે જો, જમીન સામે નહીં. અને અંગૂઠા મચડવાની જરૂર નથી. હવે બરોબર. હવે મને જવાબ આપ. તે છેલ્લે તારા ભાઈને ક્યાં જોયો ?'

'પરસાળમાં,' મહાદેવે ફરીવાર નીચે જોઈ લીધું.

'એક પુત્ર બદમાશ છે અને બીજો ડરપોક. મેં સાંભળ્યું કે પેલા ગુલામ છોકરોએ આજે તને દ્વંદ્વના અભ્યાસમાં હરાવી દીધો.'

'મને દ્વંદ્વથી નફરત છે,' મહાદેવે ઉપર જોયા વિના જ કહ્યું. તેની માતાએ ઊંડો શ્વાસ લીધો, એ તેને સંભળાયું.

'હું એ ગુલામ છોકરાને ચાબુકના ફટકા ખવડાવીશ. બધાની સામે તારું અપમાન કરવાની એની હિંમત કેવી રીતે ચાલી ?'

'એ નિયમસર રમ્યો અને જીત્યો. અને ત્યાં થોડાક સૈનિકો અને મલયઅપ્પા મામા સિવાય કોઈ હતું પણ નહીં.'

'હું તારી જીભ ખેંચી કાઢીશ. મામા ! ગુલામને મામા કહે છે ! સૈનિકો માહિષ્મતીના ડરપોક રાજકુમાર ઉપર હસતા જ હશે. મેં તારા જેવા ડરપોકને જન્મ કઈ રીતે આપ્યો ?'

પોતાની માના મેણાંટોણા સાંભળીને મહાદેવ જડ થઈ ગયો હતો. ઘણા સમયથી તેને આવાં મેણાંટોણાની અસર પણ નહોતી થતી.

'ઓહ મહાદેવ,' કહીને રાણીએ પોતાના દાંત ભીંસ્યા અને મહાદેવે નજર ઊંચી કરી.

'હું તને નહોતી કહેતી, હું તો ભગવાન મહાદેવને કહેતી હતી. શંભુ મહાદેવને. હે મહાદેવ, મેં ગયા જન્મમાં એવાં તે શું પાપ કર્યાં હશે. કે મને આવા નાલાયક છોકરા થયા છે. બોલ તો ખરો, મારો બદમાશ છોકરો ક્યાં ગયો છે ?'

મહાદેવે ફરી વાર નજર નીચી કરી દીધી. એ વિચારવા માંડ્યો કે એના પિતા કઈ રીતે એની માતાને સંભાળતા હશે. શું એટલે જ એ આખો દિવસ હરમમાં પડ્યા રહેતા હશે ? એ મોટો થશે પછી એને પણ આવી દાબ રાખનારી જ પત્ની મળી તો ? કોઈ પણ કારણ વિના તેના મગજમાં એ સુંદર છોકરીનું ચિત્ર ઊપસી આવ્યું જે એ વખતે પરસાળમાં ઊભી હતી જ્યારે તે પોતાના પિતાની સાથે વાત કરી રહ્યો હતો. જે રીતે હવામાં એના વાંકડિયા વાળ ઊડતા હતા...

'મને જવાબ આપ, મહાદેવ !' તેની માતાના ઊંચા થયેલા અવાજે તેના દિવાસ્વપ્નનો ભંગ કર્યો.

'મને એમ કે તમે ભગવાન મહાદેવને પૂછતાં હશો,' તેણે કહ્યું અને બોલ્યા પછી તરત જ તેને પસ્તાવો પણ થયો. તેને ખ્યાલ ન આવ્યો કે આવી રીતે સામો જવાબ આપવાની હિંમત અચાનક તેનામાં ક્યાંથી આવી ગઈ.

'સરસ, તે કંઈક તો હિંમત બતાવી. તું હિંમત બતાવે એ મને ગમે છે – પણ એ બીજાની સામે,' હેમવતીએ પોતાની હડપચી ઊંચી કરીને તેની આંખોમાં આંખો પરોવીને કહ્યું, 'મારી સામે નહીં.'

મહાદેવે ડોકું હલાવ્યું.

'તું કોઈ છોકરીનો વિચાર કરી રહ્યો હતો?' હેમવતીએ અચાનક પૂછ્યું અને મહાદેવનો ચહેરો શરમથી લાલ થઈ ગયો. તેણે ફરીવાર પોતાનું માથું હલાવ્યું.

'બાપ એવા બેટા ! આ મહેલમાં એક કામદેવ છે એ પૂરતું છે. મારા છોકરાઓ નૈતિક મૂલ્યો અને આદર્શો વિના ઊછરે એવું હું ઇચ્છતી નથી. તમે મારા પુત્રો છો અને તમારા શરીરમાં ત્ર્યંબકોનું લોહી વહે છે. મહાભારતના યુદ્ધકાળમાં મારા પૂર્વજો પણ શાસકો હતા. અમે કંઈ એવા ભાડૂતી લડવૈયાના ખાનદાનના નથી. જે પોતાના માલિકની હત્યા કરીને સત્તા પર ચડી બેઠા હોય. માહિષ્મતી વંશથી વિપરીત, અમારો વંશ તો હજારો વર્ષોથી ચાલ્યો આવે છે. હું ઇચ્છું છું કે મારા પુત્રો મારા પિતા જેવા બને, નહીં કે કોઈ...'

મહાદેવે આ શબ્દો ઓછામાં ઓછા હજાર વખત સાંભળ્યા હશે. તેને આ ભવનમાંથી છટકવું હતું. જો તે બહાર ખુલ્લામાં ફુવારા પાસે જઈ શકે, તો તેણે ઘાસ પર આડા પડીને આકાશમાં હજારો તારા ગણવા હતા. તેને કદાચ પેલી છોકરીનાં સપનાં પણ જોવાં હતાં.

'મહાદેવ, મેં તને કહ્યું જ છે કે તારા ભાઈ પર નજર રાખ અને તેની ચાલ-ચલગતનો અહેવાલ મને આપે રાખ. હજારમી વખત પૂછું છું, બિજ્જલ ક્યાં ગયો છે ?'

જોકે બિજ્જલે તો એને જવાબ આપવાનું ટાળ્યું જ હતું પણ એ જાણતો હતો કે કેકિ એને પેલા બદનામ અડ્ડા પર લઈ ગયો હતો. છેવટે તેણે નિર્ણય લીધો કે એ તેની માને કેકિ વિષે કશું જ કહેશે નહીં.

'તેને...તેને સ્કંદદાસે બોલાવ્યો હતો,' તે માંડ માંડ કહી શક્યો. 'સ્કંદદાસ બિજ્જલને કરની ઉઘરાણી વિષે કંઈક જણાવવા માંગતા હતા.'

આવું માની શકાય તેવું જૂઠ્ઠાણું સૂઝી આવવા બદલ મહાદેવે પોતાના નસીબનો આભાર માન્યો. સાંજના આવા સમયે માત્ર સ્કંદદાસ જ કામ કરતો હોય છે. બીજા બધા તો પોતપોતાના ઘરે કે કોઈ પીઠામાં કે કોઈ દેવદાસીને ત્યાં જતા રહેતા હોય છે. તેની માએ ગુસ્સો કર્યો.

'મને ખબર નહોતી કે બિજ્જલને અભ્યાસમાં આટલો બધો રસ છે, અને એ પણ કર વિષે ! તું જૂઠ્ઠું તો નથી બોલતો ને ?'

'એણે...એણે તો એમ જ કહ્યું હતું,' મહાદેવ થોથવાઈ ગયો. તેના ધબકારા અચાનક વધી ગયા.

'એણે તને મૂરખ બનાવ્યો છે, હંમેશની જેમ જ,' મહારાણીએ ધિક્કારપૂર્વક કહ્યું. 'એને શોધીને મારી પાસે લઇ આવ. જો એ સ્કંદદાસને ત્યાં હોય અને કર વિષે કંઈક શીખી રહ્યો હોય, તો હું કાલથી ગલીઓમાં કચરો વાળવા તૈયાર છું.'

મહાદેવ પોતાની માતાના કક્ષમાંથી બહાર દોડી ગયો. તેને રાહત હતી કે તેને પોતાને પ્રમાણમાં કંઈ ખાસ હાનિ પહોંચી નહોતી. અંતઃપુરમાંથી હવામાં એક ગીત રેલાયું. એ વિચારવા લાગ્યો કે એ બિજ્જલને કઈ રીતે શોધશે. કાલિકાનો અડ્ડો ક્યાં આવ્યો છે એની તેને જાણ નહોતી, અને આ કંઈ એવો વિષય નહોતો કે જેના વિષે તે જાહેરમાં પૃચ્છા કરી શકે. તે આમતેમ નિરર્થક ફરતો રહ્યો. અંતઃપુરમાંથી સંભળાતા ગીતનો અવાજ વધુ ને વધુ મોટો થતો જતો હતો. મૃદંગ અને વીણાના તાલ સાથે કોઈ નર્તકીના ઝાંઝર તાલ મેળવતાં હતાં. તેણે નર્તકીના ચહેરાની કલ્પના કરવાનો પ્રયત્ન કર્યો. અને સાંજે જોયેલી પેલી છોકરીનો ચહેરો તેને ફરી વાર યાદ આવી ગયો એ વાતનું તેને પણ આશ્ચર્ય થયું. તેણે એ તસવીર મગજમાંથી ખંખેરી નાખવાનો પ્રયત્ન કર્યો. આટલી સુંદર સ્ત્રીને કોઈ ને કોઈ પ્રેમી તો અવશ્ય હોવાનો જ.

મહાદેવે અચાનક પોતાની જાતને રોકી – આ કેવા મૂર્ખામીપૂર્ણ વિચારોમાં તે રાચી રહ્યો હતો. તેણે પોતાનું માથું ધુણાવ્યું અને મનોમન મરકી લીધું.

રાત્રિ યૌવન અને તાજગીસભર હતી. જૂઈનાં ઘાટાં લીલા પાંદડાં પર ચાંદની વરસી રહી હતી. હવામાં નિશીગંધાની સુગંધ ફેલાયેલી હતી અને ફરી ક્યાંક પરસાળમાં પેલી છોકરી તેને નૃત્ય કરતી દેખાતી હતી. પોતે પાગલ થઈ ગયો છે, એમ એને વિચાર આવ્યો. શું એ પ્રેમમાં પડ્યો હતો ? તેને થયું કે એ કોઈ સાથે આ બાબતે વાત કરી શકે તો કેવું સારું થાત ? અરે, અત્યારે તો બિજ્જલ પણ ચાલત. શું એ છોકરી ગાઈ શકતી હશે ? તેને ખબર નહોતી, પણ એની કલ્પનામાં તો એ છોકરી ગાઈ શકતી હતી. અને તેનું ગીત પેલા ફુવારામાંથી સંભળાઈ રહ્યું હતું.

ચાંદનીમાં પાણી પીગળેલી ચાંદીની જેમ ચમકતું હતું. અને તેને એ છોકરી ત્યાં પણ દેખાઈ. તે ફુવારાની બાજુમાં બેઠી હતી, તેના પગ ઘૂંટી સુધી પાણીમાં ડૂબેલા હતા અને તેણે જૂઈનો હાર પહેરેલો હતો. કાલિદાસે શકુંતલાનું જે વર્ણન કર્યું હતું, તે તેને યાદ આવ્યું. માત્ર એક જ વસ્તુની ખામી હતી અને તે હતું એક હરણ. તેને આ વિચાર પર હસવું આવ્યું અને તે એ છોકરીની દિશામાં દોડી ગયો. તેને એનું ગીત સંભળાતું હતું અને તેના ઝાંઝરનો રણકાર પણ.

પણ તેણે ફરી વાર ત્યાં નજર કરી, તો એ અદૃશ્ય થઈ ગઈ હતી. એનો ભાઈ એને ચીડવતો હોય, એમાં શું નવાઈ ! એનું હૃદય જ કવિનું હતું. પણ કવિઓ કે લેખકો જે કવિતા-વાર્તા લખે, માત્ર તેમાં જ છોકરીઓ કવિઓ કે લેખકોના પ્રેમમાં પડતી હતી, વાસ્તવિક જીવનમાં નહીં. આવા વિચારથી તેને નિરાશા થઈ આવી. તે મૂર્ખની જેમ વર્તી રહ્યો હતો. તે એવી છોકરીના પ્રેમમાં પડી રહ્યો હતો જેને તો એના અસ્તિત્વની પણ જાણકારી નહોતી. તે આત્મવિશ્વાસથી કેટલી ભરપૂર લાગતી હતી, એક સિંહણ જેવી. મહાદેવે કદી પણ આત્મવિશ્વાસ અનુભવ્યો નહોતો. તેના પિતા ક્યારેક તેને મંદિરમાં મંત્રોચ્ચાર કરવા કહેતા ત્યારે પણ પગ પાણી-પાણી થઈ જતા અને ગળું તરસથી સુકાવા માંડતું. તે જ્યારે મંત્રોચ્ચાર પૂરો કરતો ત્યારે લોકો તેનાં વખાણ કરતા પણ એ જાણતો હતો કે આ લોકો તો માત્ર માહિષ્મતીના રાજકુમાર પ્રત્યે નમ્રતા જ દાખવી રહ્યા હતા.

સાચી વાત તો એ હતી કે તેને તો કદી એ રાજકુમાર છે એમ લાગતું જ નહોતું. તેણે જે વાર્તાઓ વાંચી અને સાંભળી હતી તેમાં આવતા રાજકુમારો તો બહાદુર પુરુષો હતા. તેઓ ભયાનક વસ્તુઓનો સામનો કરતા અને વિજેતા બની રહેતા. તેઓ રાક્ષસો અને દાનવોને હણીને સુંદર રાજકુમારીઓને બચાવતા. તેને આવાં કોઈ જ કામ કરવાની કલ્પના પણ નહોતી આવતી. મહાદેવ જાણતો હતો કે તે બહાદુર નહોતો. તે પોતાની તલવાર ચલાવી જાણતો અને તેના ગુરુ તેને એમ પણ કહેતા કે તે ઘણી ઝડપી તલવાર ચલાવી જાણે છે. પણ કોઈને ઘાયલ કરવાની ઇચ્છાશક્તિનો જ તેનામાં અભાવ હતો. તેને તો લોહી જોઈને પણ ભય લાગતો હતો. આમ તો બહુ લોકોને આ વાતની જાણ નહોતી પણ તેને ભય હતો કે તેના પિતાજી તો આ વાત જાણતા જ હતા.

ફુવારા પાસે થઈને દ્વાર તરફ જતાં તેણે નિસાસો નાખ્યો. જરા પણ બુદ્ધિ ધરાવતી છોકરીને એનામાં પ્રેમ કરવા જેવું કશું પણ લાગે નહીં, એમ તે માનતો. અને જો તે એ છોકરીનું હૃદય જીતી પણ લે, તો પણ તેની માતા તેને કોઈ સામાન્ય છોકરી સાથે પરણવા દેવાની નહોતી. એટલે એ છોકરી વિષે કશું વિચારવું પણ અર્થહીન હતું – એને એ છોકરી બીજી વાર જોવા પણ નહોતી મળવાની. આ બધું સમજવા છતાં તે પોતાના મગજમાં એ છોકરીના

વિચારો અટકાવી શકતો નહોતો.

એ ધીમે ધીમે કિલ્લાના દક્ષિણી દરવાજે પહોંચ્યો હતો અને એ કિલ્લામાંથી બહાર નીકળવા જતો હતો કે ત્યાં ચોકી કરતા સૈનિકોએ તેને અટકાવ્યો. સ્કંદદાસે તેમને સૂચના આપી રાખી હતી કે ચોકીદારો વિના રાજકુમારને કિલ્લાની બહાર જવા દેવો નહીં. પોતાના સ્વાતંત્ર્ય પર આવી પાબંદીઓને મહાદેવ ધિક્કારતો હતો પણ એણે કંઈ કહ્યું નહીં. તેની શૈલી એવી હતી કે સમસ્યાને પડકારવી નહીં પણ તેનો ઉકેલ શોધી લેવો. તેને નદીકિનારે બેસીને સપનાં જોવાં બહુ જ ગમતાં હતાં. એણે જે કરવું હતું એ કરતાં એને કોઈ પણ રોકી શકવાનું નહોતું.

હવે એણે શું કરવું પડશે એ પણ એ સારી રીતે જાણતો જ હતો. આ વિશાળ રાજમહેલ સંકુલમાં તો નાનકડો બાળક હતો ત્યારથી અસંખ્ય વાર ભટક્યો હતો અને તેણે ઘણી બધી વસ્તુઓ શોધી કાઢી હતી. એવા ખૂણાઓ હતાં જ્યાં કોઈ પણ આવતું નહીં, એવી સીડીઓ હતી જે ક્યાંય જતી નહીં અથવા તો ગોળ ફરીને એ જ જગ્યાએ પાછી આવતી, શત્રુઓને મૂંઝવી દેવા માટે ગુપ્ત માર્ગો અને ભોંયરાઓ બનાવવામાં આવ્યાં હતાં. નદીકિનારે લઈ જતો આવો જ એક ગુપ્ત માર્ગ પણ એ જાણતો હતો. તેને એ માર્ગ વિષે અકસ્માતે જ જાણવા મળ્યું હતું.

ઘણાં વર્ષો પહેલા, પરમેશ્વરના કાર્યાલય નજીક તે ફરતો હતો. ત્યારે એક ત્યજી દેવાયેલા કૂવામાં પડી ગયો હતો. કૂવામાં પાણી તો એકદમ ઓછું હતું પણ પોચી માટીને લીધે તેને પડ્યાનો બહુ મોટો માર વાગ્યો નહીં. તેણે બહુ જ બૂમો પાડી, ચીસાચીસ કરી, પણ એ સાંભળવાવાળું કોઈ જ હતું નહીં. તેણે ધીમે-ધીમે ઉપર ચડવાનો પ્રયત્ન કર્યો અને એ પ્રયત્નો દરમિયાન એવા એક પથ્થર પર પગ જમાવ્યો જે વાસ્તવમાં ગુપ્ત માર્ગ ખોલવાની કળ હતી. એ માર્ગ કૂવામાં જ ખૂલતો હતો. જિજ્ઞાસાવશ, તે એ માર્ગમાં દાખલ થયો અને તેને એક ગુપ્ત ભોંયરું જોવા મળ્યું. તેને આગળ વધવાનો ભય લાગ્યો હતો પણ તેણે એટલું તો નક્કી કરી જ લીધું કે એક દિવસ તે આ ભોંયરામાં અવશ્ય પાછો આવશે. તે દિવસે તો એ ગમે તેમ કરીને કૂવામાંથી બહાર આવી ગયો હતો.

પછીથી એણે ધીમે-ધીમે એ ભોંયરામાં જવાનું શરૂ કર્યું અને તેને ખ્યાલ આવ્યો કે એ ભોંયરું ખરેખર તો એક ભુલભુલામણી સમાન ભોંયરું હતું. મોટા ભાગે તો તે અંદર ને અંદર કોઈ એવા માર્ગે આવી પહોંચતો કે જે જમીનની અંદર જ પૂરો થઈ જતો હોય અને તેણે ચાલીને પાછા આવવું પડતું. પણ એ ભુલભુલામણી તેને કોયડા સમાન લાગતી હતી અને તેની બુદ્ધિને પડકાર મળી રહેતો હતો. તેને કોયડા ઉકેલવા બહુ જ ગમતા. છેવટે તેને એ ભુલભુલામણીમાંથી બહાર નીકળવાનો માર્ગ મળ્યો અને એ માર્ગ નદીકિનારે જ ખૂલતો હતો, તે જોઈને તેને આનંદ પણ થયો હતો. ત્યાર બાદ તેણે નદીકિનારે નદીને જોતાં જોતાં, મગજમાં કવિતાઓ રચતાં રચતાં ઘણા કલાકો વિતાવ્યા હતા. ક્યારેક ઘરડો હોડીવાળો ભૈરવ પણ તેની સાથે બેસતો હતો. તેઓ દુનિયાના કોઈ પણ વિષય અંગે વાતો કરતા. ભૈરવ કદી પણ તેને રાજકુમારની જેમ રાખતો નહીં એ વાત મહાદેવને વધારે ગમતી હતી.

આજે પણ તેણે એ જ માર્ગ વાપરવાનું નક્કી કર્યું. પરમેશ્વરના કાર્યાલયની ફરતે થઈને એ ગયો. એ વૃદ્ધ માણસ જોકે ઘરે જતો રહ્યો જ હતો. કૂવા પાસે પહોંચીને તે નીચે ઊતરવા લાગ્યો.

જ્યારે તે ભોંયરાના છેવાડે નદીકિનારે નીકળ્યો ત્યારે તેને આઝાદ પંખી જેવી લાગણી થઈ આવી. તેના પિતાના અંતઃપુરમાંથી જે ગીત તેને સંભળાતું હતું, એ ગીત પણ તેના હોઠ પર રમવા માંડ્યું. થોડેક દૂર પથ્થરોથી બનાવવામાં આવેલો એક મંડપ ચાંદનીમાં નહાઈ રહ્યો હતો.

એ મંડપની દિશામાં ચાલતો હતો ત્યારે નદી પરથી આવતો ઠંડો પવન તેના ચહેરાને સ્પર્શીને તેને આહ્લાદક અનુભવ કરાવી રહ્યો હતો. શાહી જેવા વાદળી રંગની દેખાતી માહિષ્મતી નદી તેની ડાબી બાજુ હતી. તેના પાણીના તરંગો ચાંદની પર કાચના ટુકડાની જેમ ચમકતા હતા. દૂર દૂર ઝાડીઓમાંથી દેડકાંઓ ડ્રાંઉ ડ્રાંઉ અવાજ કરી રહ્યા હતા. નદીની પેલે પારથી ગામડાંઓમાં ઢબૂકી રહેલા ઢોલનો અવાજ પણ સંભળાઈ રહ્યો હતો.

એકદમ દૂર, ધુમ્મસનો ધાબળો ઓઢીને ગૌરી પર્વત પણ ઊભેલો પણ સંભળાતો હતો. આ બહુ સુંદર જગ્યા હતી. ખડકો વચ્ચે ભરાયેલા પાણીથી રચાયેલા એકદમ શાંત કુંડોમાં તરતાં તરતાં તેણે અહીંયાં ઘણી સાંજ વીતાવી હતી. તેણે આંખ બંધ કરીને કલ્પના કરી કે એ ત્યાં પહોંચી ગયો છે અને કુંડમાં તરી રહ્યો છે, થોડાક હાથ દૂર ધોધ પણ પડી રહ્યો છે. બહુ શાંતિદાયક અને આનંદદાયક કલ્પના હતી. ઠંડા પવનની લહેરખી તેના શરીરને સ્પર્શી ગઈ. પવનમાં તરતા પાંદડાની જેમ તે પાણીમાં હળવેથી ઊતર્યો અને પાણીના પ્રવાહમાં તણાવા લાગ્યો. શરીર આમળીને પછી તેણે તરવાનું પણ શરૂ કર્યું. આ સુંદર દુનિયામાં તે એકલો જ હતો.

એ સમયે જ તેણે, ધોધના નેપથ્યમાં એક ખડક પર એને ઊભેલી જોઈ. એ જ છોકરી... એ અહીંયાં શું કરી રહી હતી? તે આરસમાંથી કંડારેલી મૂર્તિની જેમ ઊભી હતી, પવનની લહેરખી સાથે વાળ ઊડી રહ્યા હતા અને તેણે ઉપરની દિશામાં હાથ ફેલાવી રાખ્યા હતા. શું એ છોકરીએ તેને જોયો હતો ? એના શ્વાસ ઉત્તેજનાથી થંભી ગયા હતા. તેના ગાલ પર ગરમી ફેલાઈ ગઈ. એ છોકરીએ આંખો ખોલી અને તેની તરફ ફરી. અચાનક ભાન આવ્યું હોય, તેમ તેણે ઊંડો શ્વાસ લીધો. એ બહુ જ સુંદર લાગતી હતી. તે પાણીમાં ઊતરી. પાણી બહુ ઠંડું છે, એમ એ પેલી છોકરીને ચેતવવા માંગતો હતો. પણ તેના મોઢામાંથી શબ્દો બહાર જ નહોતા આવતા. એ તો તેને નીરખતો જ રહ્યો. તેની કમરની નીચેનો ભાગ પાણીથી ઢંકાયેલો હતો એનો તેણે મનોમન આભાર માની લીધો. એ છોકરીનાં ભીનાં વસ્ત્રોથી તેના શરીરના વળાંકો સ્પષ્ટ દેખાતા હતા. છોકરીએ પાણીમાં ડૂબકી લગાવી અને મહાદેવનું હૃદય પાંસળીઓ વચ્ચે જોરથી ધબકવા માંડ્યું.

એ છોકરી તરીને તેની તરફ આવી રહી હતી. તે હલ્યા વિના ઊભો રહ્યો. તેને ચિંતા એ વાતની હતી કે જો એ છોકરી તેની વધારે પડતી પાસે આવી, તો તેની હાજરીથી પોતાના પર જે અસર પડી છે, તેને એ છોકરી જોઈ જશે. તે શરમાતો પણ હતો અને ઉત્તેજિત પણ હતો. તે પાણીમાં જ થોડીક ઊંચી થઈ. તેના વાળ ભીના હતા અને તેમાંથી પાણી ટપકી રહ્યું હતું. તેની નજર પાણીના એ નાનકડા ઝરણા તરફ ખેંચાઈ જે તેના સ્તનયુગ્મની મધ્યેથી વહી રહ્યું હતું. એ ફરી પાછો શ્વાસ લેવાનું ભૂલી ગયો. એ છોકરીએ તેની તરફ સ્મિત કર્યું. તેના અધરો પર ચાંદની ચમકી રહી હતી. પાણી સરકીને તેના નાભિપ્રદેશ સુધી જતું જોઈને તેનું મોઢું ખૂલી ગયું, જેના વાટે તેણે ઊંડો શ્વાસ લીધો.

'હું તને ક્યા નામથી બોલાવું ?' તેના અવાજમાં ધ્રુજારી હતી.

મોટા તીણા અવાજથી મહાદેવનો સ્વપ્નભંગ થયો. તે પાણીમાં પડી જવામાં જ હતો. થોડે દૂર જમીન પર પાલખી મુકાયેલી હતી અને બે સ્ત્રીઓ એકબીજા સામે બૂમાબૂમ કરી રહી હતી. એક જાડી સ્ત્રીએ પોતાના હાથ ફેલાવ્યા હતા અને તે બીજી ઊંચી સ્ત્રીનો માર્ગ રોકી રહી હોય એમ લાગતું હતું. મહાદેવ મનોમન ચર્ચતો રહ્યો કે કિલ્લાની અંદર ભાગી જવું કે મદદ માટે બૂમો પાડવી. બીજા કોઈના ઝઘડામાં તેણે સામેલ નહોતું થવું. એ કિલ્લાની દિશામાં દોડવા જ જતો હતો કે પેલી જાડી સ્ત્રી થોડીક ખસી અને તેની પાછળ છુપાયેલી વ્યક્તિ દેખાઈ – એ

હતી. પેલી છોકરી !

એ તેમની તરફ દોડ્યો. તેણે જોયું કે પાલખીમાંથી એક પુરુષ બહાર આવવા જતો જ હતો અને એ અચાનક પાલખીમાં પાછો જતો રહ્યો. એ પુરુષ પરિચિત લાગતો હતો પણ મહાદેવ તેને બરાબર ઓળખી શક્યો નહીં. અને એ પુરુષ પાલખીમાં કેમ હતો ? એ માણસ કંઈ વૃદ્ધ કે અશક્ત તો નહોતો લાગતો. એ કોઈ અમીર ઉમરાવ પણ નહોતો લાગતો. વાસ્તવમાં, એકદમ ઝડપથી તેની જે ઝાંખી થઈ હતી, તેમાં તો તે કોઈ ગુલામ હોય, એમ લાગ્યું હતું. પણ કોઈ ગુલામ વળી પાલખીમાં કઈ રીતે જઈ શકે ? તેણે એ શક્યતા નકારી કાઢી અને એ દૃશ્ય રચાયું હતું તે દિશામાં એ જવા લાગ્યો.

એને આવતો જોઈને પાલખીના ભોયાઓએ તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો. ઊંચી સ્ત્રીએ જાડી સ્ત્રીને પકડી અને તેને જમીનદોસ્ત કરી. પછી તે પેલી છોકરીની દિશામાં ધસી ગઈ. પણ એ છોકરી ચપળતાથી ખસી ગઈ અને ઊંચી સ્ત્રી મોઢાભેર પટકાઈ.

'શું...શું...શું ચાલી રહ્યું છે અહીંયાં ?' મહાદેવે પૂછ્યું. પોતાના અવાજમાં સત્તાનો રણકો ઉમેરવાનો તેણે બને તેટલો પ્રયત્ન કર્યો.

'તું તારું કામ કર,' જમીન પરથી ઊભી થતાં પેલી ઊંચી સ્ત્રી બોલી. મહાદેવ મૂંઝાઈ ગયો, કારણ કે એ સ્ત્રીનો અવાજ પુરુષ જેવો લાગતો હતો. ભોયાઓએ તેને ધક્કો મારીને પાછળ ધકેલ્યો.

'રાજકુમાર મહાદેવ, મારી મદદ કરો,' પેલી જાડી સ્ત્રીએ આર્તનાદ કર્યો. મહાદેવને ધક્કો મારી રહેલા ભોયાએ અચાનક જ અટકી ગયા. તેમણે એકબીજાની સામું જોઈ લીધું. તેઓ મૂંઝાઈ ગયા હતા અને ભયભીત પણ થઈ ગયા હતા. જે પહેલાં માણસને પરિસ્થિતિ સમજાઈ, તે ગોઠણિયે પડી ગયો અને માથું જમીનને અડાડીને બબડ્યા, 'ક્ષમા, રાજકુમાર, ક્ષમા. અમને ખબર નહોતી.' તેના સાથીદારો પણ તરત જ તેને અનુસર્યા. જાડી સ્ત્રી પણ તેને નમવા લાગી.

પાલખીની અંદરથી કોઈક ગાળ બોલ્યું. એ અવાજ પરિચિત લાગતો હતો. મહાદેવ પાલખી તરફ ચાલ્યો એ સમયે પેલી ઊંચી સ્ત્રી તેની દિશામાં દોડી. કેકિ ! તેને ભય લાગ્યો કે કેકિ તેને પણ પટકી દેશે. અને પોતાના ચહેરા પર મુક્કો ખાવા માટે પણ તે તૈયાર થઈ ગયો. જોકે કેકિએ પણ નીચે પડીને વંદન કર્યાં અને તેણે તો રાજકુમાર પગ પકડી લીધા.

'દયા કરો રાજકુમાર, દયા કરો,' તેણે કહ્યું.

મહાદેવે હિંમત એકઠી કરીને બને તેટલો કઠોર અવાજ કરીને પૂછ્યું, 'તું અહીંયાં શું કરે છે, કેકિ ? અને આ ડીસી સાથે કેમ લડી રહી છે ?'

'એ લોકોએ મને પૈસા આપવાના છે, રાજકુમાર. તેના પતિએ. એ મારે ત્યાં આવીને જુગાર રમે છે.'

હવે આમાં શું સમજવું એ જ મહાદેવને સમજાયું નહીં. તે જાણતો હતો કે માહિષ્મતીમાં જુગાર પ્રતિબંધિત હતો પણ બધે જ રમાતો હતો. મહેલની અંદર પણ ક્યારેક ચોકિયાતો કે પ્રધાનો અંદર અંદર જુગાર રમી લેતા હતા.

'તમે જુગાર રમી શકો નહીં,' તે એટલું કહી શક્યો.

'અરે, આ જીવન જ જુગાર છે અને એમાં હું તો આનંદનો ધંધો કરું છું, રાજકુમાર,' કેકિએ સસ્મિત કહ્યું.

આનંદનો ધંધો ! તેને સંકોચ થઈ આવ્યો. પેલી છોકરી તેની સામે તાકી રહી હતી એ જોઈને તેના કપાળ પર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં.

'હું કાલિકાની પુષ્પચક્ર જગ્યા સંભાળું છું. અને ત્યાં અમે રાજકુમારોનું મનોરંજન પણ કરીએ છીએ. વાસ્તવમાં, અમે એ કામનો જ હવે વિસ્તાર કરવાના છીએ. રાજકુમારોનું મનોરંજન કરવામાં અમે હોશિયાર છીએ. જો તમે મારી સાથે આવવાની કૃપા કરશો, તો હું આપને એક નવા જ જગતનાં દર્શન કરાવીશ.'

'હું. ના…ના…' મહાદેવ થોથવાઈ ગયો. તેણે ઉધરસ ખાઈને પોતાનો સંકોચ છુપાવ્યો. એ વિચારવો લાગ્યો કે કઈ રીતે આ સમસ્યાનો અસરકારક ઉપાય કાઢવો.

'ઓહ રાજકુમાર, અસંખ્ય અદ્ભુત ક્ષણો આપની પ્રતીક્ષામાં છે. શા માટે આજે રાત્રે અમારી સાથે આવતા નથી ? આજે તો અમારે ત્યાં એક વિશેષ અતિથિ પધાર્યા છે અને આપ આવશો તો બે વિશેષ મહાનુભાવોની હાજરીથી અમારી જગ્યા પાવન થઈ જશે.'

મહાદેવ જાણતો હતો કે કેકિ બિજ્જલની વાત કરી રહ્યો હતો. અને તેણે જે પેલો ગુલામ ઝડપથી પાલખીમાં જતા જોયો એ બીજું કોઈ નહીં પણ બિજ્જલનો ગુલામ કટપ્પા જ હશે. પોતાની સાથે એક જ પાલખીમાં કોઈ ગુલામને મુસાફરી કરવાની મંજૂરી પોતાના ભાઈએ આપી, એ બાબતથી તેને ખરેખર મૂંઝવણ થઈ આવી. વાસનાને કારણે લોકો કેવી વિચિત્ર વસ્તુઓ કરી બેસે છે, તેણે વિચાર્યું. તે જાણતો હતો કે તેણે પોતાના ભાઈની ગોપનીયતા તો જાળવી રાખવી જ પડશે. જો આ જાડી સ્ત્રીને ખ્યાલ આવી જશે કે પાલખીમાં બિજ્જલ છે, અને એ કાલિકાને ત્યાં જઈ રહ્યો છે, તો એ વાત આખા શહેરમાં દાવાનળની જેમ ફેલાઈ જશે. પેલા ગુલામને પણ માલિક સાથે પાલખીમાં મુસાફરી કરવાની હિંમત કરવા બદલ સજા થશે. ઉપરાંત, પેલી છોકરી માહિષ્મતીના એ રાજકુમાર વિષે શું વિચારશે જે કાલિકાને ત્યાં જતો હોય ? એના ઉપરથી એ પોતાના વિષે પણ કેવી કેવી કલ્પનાઓ કરશે ?

'હું તને સજા કર્યા વિના જવા દઈ રહ્યો છું, તેનું એક જ કારણ છે…' કહીને મહાદેવ કારણ શોધવા લાગ્યો.

'કારણ કે ?' કેકિએ સ્મિત કર્યું અને પોતાનું માથું હલાવીને તે મહાદેવને ચીડવતો રહ્યો.

'કારણ કે…' મહાદેવ હજુ પણ મૂંઝાયેલો જ હતો. તેના મનમાં કોઈ કારણ આવતું નહોતું.

'કારણ કે, રાજકુમાર, આપ બહુ જ કૃપાળુ છો,' કેકિએ જ જવાબ આપ્યો અને મહાદેવે રાહતનો શ્વાસ લીધો. જો આ વાત એણે પોતે કહી હોત, તો એ બહુ મૂર્ખામીપૂર્ણ લાગત પણ કેકિના મોઢેથી એ એટલી ખરાબ નહોતી લાગતી.

કેકિએ પેલી જાડી સ્ત્રી સામે ચાળો કર્યો, નીચા નમીને વંદન કર્યાં અને પાલખીમાં બેસી ગઈ. આ સમયે મહાદેવે જોઈ લીધું કે બિજ્જલ પાઘડીના ફૂમતા પાછળ ચહેરો છુપાવીને બેઠો હતો અને કટપ્પાએ પોતાનું મોઢું પોતાનાં ગોઠણો વચ્ચે છુપાવ્યું હતું. કેકિએ જરૂરતથી થોડોક વધારે સમય જ પડદો ઊંચો પકડી રાખ્યો કે જેથી મહાદેવ ચોકસાઈથી જોઈ શકે. પછી એ કેન્નરે મહાદેવની દિશામાં એક ચુંબન તરતું મૂક્યું અને પાલખીનો પડદો પાડી દીધો. ભોયાઓએ પાલખી ઉપાડી અને ચાલવા માંડ્યું. તેઓ 'હો-હો,' અવાજ કરવા લાગ્યા. ધીમે ધીમે એ અવાજ હવામાં ઓગળી ગયો અને મશાલો પણ ક્ષિતિજ પર એક ટપકા જેવી દેખાવા લાગી.

'રાજકુમાર, શું અમને જવાની મંજૂરી છે? અનાથાશ્રમ જવાનો રસ્તો ઘણો લાંબો છે,' પેલી જાડી ડોસીએ કહ્યું.

'દેવી,' મહાદેવે કહ્યું, 'હું તમારી સાથે આવીશ જેથી બીજું કોઈ આપને હેરાન કરે નહીં. સમય બહુ ખરાબ છે.'

'આપ ખરેખર બહુ જ કૃપાળુ છો, રાજકુમાર. જો આપને તકલીફ ન હોય, તો અમને તો કોઈ જ વાંધો નથી,' ડોસીએ કહ્યું.

'જરા પણ નથી,' મહાદેવે કહ્યું. તેણે શિવગામીના હાથમાંથી પોટલું લેવા હાથ લંબાવ્યો અને કહ્યું, 'દેવી, મને આપો.' તે થોડી આગળ ખસી ગઈ, જે જોઈને રાજકુમારને ખરાબ લાગ્યું. 'તમારું પોટલું ઊંચકવામાં હું મદદ કરી શકું છું, દેવી,' તેણે કહ્યું. તેના અવાજમાં તેની તીવ્ર ઇચ્છા દેખાઈ ન જાય એવી તેણે આશા કરી.

પાછળ ફરીને તેની સામે જોવાની પણ દરકાર કર્યા વિના શિવગામી ચાલવા માંડી હતી. એ તેની પાછળ દોડ્યો. જ્યારે મહાદેવે તેના હાથમાંથી પોટલી લઈ લીધી ત્યારે પણ તે કંઈ જ બોલી નહીં. તેણે મહાદેવનો આભાર પણ માન્યો નહીં, એ બાબત તેને અપમાનજનક પણ લાગી. સામાન્ય માણસ જે રીતે ઝૂકી ઝૂકીને રાજકુમારને વંદન કરે એવું કંઈ પણ તેણે કર્યું નહોતું. રાજકુમારને પોટલું લઈ લેવાની અનુમતિ આપવા બદલ ડોસી તેને ઠપકો આપી રહી હતી અને તેનો પણ તેણે કંઈ જ જવાબ આપ્યો નહીં. તે માત્ર ચાલતી જ રહી અને તેની બાજુમાં ડોસી પણ હાંફતી-હાંફતી ચાલતી હતી. જોકે એ ડીસીએ છોકરીનું નામ વાપર્યું હતું, શિવગામી, અને એ માટે રાજકુમાર એ ડોસીનો આભારી હતો.

ચંદ્રએ આખી પૃથ્વીને ચાંદનીમાં નવડાવી દીધી હતી. તેની બાજુમાં જ નદી શાંતિથી વહી રહી હતી. ઝાડીઓમાંથી ક્યાંક કોઈ નિશાચર પક્ષીનું ગાન સંભળાઈ રહ્યું હતું. તમરાની તમતમાટી પણ અત્યારે તેને સંગીતમય લાગી રહી હતી. દરેક ઘાસની ટોચ હીરાની જેમ ચમકી રહી હતી. ઘણે દૂર, ધુમ્મસમાંથી ગૌરી પર્વત ડોકાઈ રહ્યો હતો. એ અડધો જ દેખાતો હતો અને બાકીનો અડધો ભાગ આકાશમાં ઓગળી ગયો હોય એમ લાગતું હતું જેથી એ એકલો અટૂલો પણ દૈવી લાગતો હતો.

શિવગામી, મારી શિવગામી, એને વારંવાર તેનું નામ બોલવું હતું. તે એટલી પાસે હતી કે જો મહાદેવ પોતાનો હાથ લંબાવે, તો તે તેના વાળને પણ સ્પર્શી શકે તેમ હતો. શિવગામીના ગાલને સ્પર્શતો પવન તેના ગાલને પણ સ્પર્શી રહ્યો હતો. બીજું તો તેને શું જોઈએ? તેના હાથમાં રહેલી પોટલી પહેલાં શિવગામીના હાથમાં હતી. શિવગામીએ તેને પોતાની છાતીએ વળગાડી રાખી હતી એટલે પોટલીએ તેના હૃદયના ધબકારા અવશ્ય સાંભળ્યા હશે. પોટલીમાંથી તેના શરીરની સુગંધ પણ આવતી હતી. એના માટે તો એ ગમે તેટલું વજન લઈને દુનિયાના છેડા સુધી ચાલવા પણ તૈયાર છે એમ તેણે પોતાના મનને કહ્યું અને પછી તેને પોતાને જ એ વાત મૂર્ખામીપૂર્ણ પણ લાગી અને આનંદદાયક પણ ખરી.

૧૨

પત્તરાય

ભૂમિપતિ પત્તરાયનો રથ પોતાના ઘરના રસ્તાનો છેલ્લો વળાંક વળ્યો. મૂર્ખાઓ ! પત્તરાય પોતાના ગુસ્સા પર નિયંત્રણ રાખી શક્યા નહીં. તે ગતાગમ વિનાના અને મૂર્ખા માણસોથી ઘેરાયેલો હતો. તેણે પોતાના સારથિના માથે ટકોરો માર્યો. 'આ લોકો દરબારના આંગણને કેમ સરખી રીતે અજવાળી નથી શકતા.' એવું નહોતું કે આ અજવાળાના અભાવ માટે તેનો સારથિ જવાબદાર હોય. તેમ છતાં કોઈ પર ગુસ્સો કાઢવાથી સારું લાગતું હતું. બધા લોકો કામચોર હતા અને બધાને તેનું ધન જ જોઈતું હતું.

પેલા પથ્થરો હજુ મળ્યા નથી એ વાત જાણીને તેને આઘાત લાગ્યો હતો. ગુલામ નાગૈયા પાછળ પ્રતાપે મોકલેલા દંડકારને કોણે માર્યો હતો ? એ માણસે દંડકારને માર્યો પણ હતો અને એ પથ્થરો પણ લઈ લીધા હતા. તેના પથ્થરો ! પત્તરાયે પોતાના દાંત કચડ્યા. તેણે પોતાના કાંડા પર જ બીજા હાથની આંગળીઓ ઘસી. નાગૈયા ભાગી રહ્યો હતો ત્યારે તેણે જે એક પથ્થર ચોરીછૂપીથી લઈ લીધો હતો, તે હજુ તેની પાસે જ હતો. પોતાની પુત્રી મેખલાને તે જરૂર આશ્ચર્યચકિત કરી શકશે. તે ખરેખર પ્રભાવિત થઈ જશે.

પત્તરાય જાણતો હતો કે એ ભારે જોખમી રમત રમી રહ્યો હતો. તેનાથી માહિષ્મતીનું ભવિષ્ય બદલાઈ શકે તેમ હતું. પ્રતાપ અને રૂદ્ર ભટ્ટ પણ હમણાં આવી પહોંચશે. તેમણે આમાંથી કોઈ રસ્તો કાઢવો જ પડશે.

પોતાના ઘરમાં પ્રવેશ્યો ત્યારે એ હાંફી રહ્યો હતો. તેણે લાત મારીને દરવાજો ખોલી નાખ્યો અને બૂમ પાડી, 'મેખલા.'

'મેખલા, હું ઘરે આવી ગયો છું,' કહીને તેણે પોતાની કમરે બાંધેલો ચાવીઓનો ઝૂડો છોડ્યો. તેની પુત્રીએ કંઈ જવાબ આપ્યો નહોતો. અને તેણે જવાબની આશા પણ નહોતી રાખી.

ઘરે આવતા બાપને આવકારવા દોડી જવાની તેની ઉંમર તો દસ વર્ષ પહેલાં જ વીતી ગઈ હતી. તેને પહેલાં માળે થઈ રહેલા નૃત્યના અભ્યાસનો અવાજ સંભળાતો હતો.

'ફાનસ લેતી આવ, ઝડપથી,' છેવટે જ્યારે તેને નીચે ઊતરતી પોતાની પુત્રીનાં પગલાં સંભળાયાં ત્યારે તેણે કહ્યું. એક ગુપ્ત દરવાજાના તાળામાં તેણે ચાવી નાખી. ચિચૂડાટ કરતો દરવાજો ખૂલ્યો અને તેની અંદર ડાબી બાજુ રહેલો બીજો ગુપ્ત દરવાજો દેખાયો.

'પિતાજી, તમારે આ બધું કરવાની જરૂર છે ? આપણી પાસે પૂરતું છે, ખરેખર તો જરૂરતથી વધારે છે,' કહીને મેખલાએ પોતાના પિતાજીને દરવાજો ખોલવામાં મદદ કરી.

'આ બધું હું તારા માટે જ કરી રહ્યો છું, મેખલા,' પત્તરાયે લાગણીથી કહ્યું.

'તમે કંઈ પણ ખોટું કરો એમ હું ઇચ્છતી નથી, પિતાજી,' મેખલાએ કહ્યું અને તેઓ

અંદર પ્રવેશ્યાં. તેમના દીવાનખંડની નીચે જ એક ભેજવાળું ભોંયરું હતું જેમાં ઊતરતી સીડી પણ હતી.

‘કશું જ સાચું કે ખોટું નથી હોતું, બેટા. એનો આધાર તો તમે જીવનને કેવી રીતે જુઓ છો, તેની પર છે,’ પત્તરાયે કહ્યું અને તેઓ નીચે ઊતરવા લાગ્યાં.

તેની પુત્રી ફાનસ લઈને તેની પાસે જ ચાલતી હતી. ફાનસના પ્રકાશમાં પગથિયાંની ખરબચડી ધાર ઉજાગર થતી હતી.

તેનાં પગલાં અંધારામાં પડઘાતાં હતાં. તેમના રસ્તાને કાપતો એક કરોળિયો દોડી ગયો. ભોંયરાની વાસી હવા તેની ઇન્દ્રિયો પર આક્રમણ કરી રહી હતી.

‘આ જગ્યા તો ગંધાય છે,’ એવું તેણે મેખલાને કહેતાં સાંભળી.

છેક નીચે પહોંચતા સુધીમાં તો પત્તરાય હાંફવા માંડ્યો હતો. ચાલતી વખતે તે સતત જમીનનું નિરીક્ષણ કરી રહ્યો હતો. પાછલી મુલાકાત સમયે જે પગલાંની છાપ પડી હતી તે હવે ભૂંસાવા માંડી હતી. તેના સિવાય તો બધે જ એક આંગળ જેટલું ધૂળનું પડ રચાયેલું હતું. દરેક વખતે તે અંદર જવાનો અલગ જ રસ્તો પકડતો જેથી તેમણે લીધેલી દરેક મુલાકાતની નિશાની આ પગલા રૂપે જળવાઈ રહે. દર વર્ષે એક વાર એ પોતે જ આ ભોંયરું સાફ કરતો. સામાન્યતઃ કોઈ વૈશ્ય આવું કામ કરતો નહીં પણ આ તો તેની ચુસ્ત સલામતી વ્યવસ્થાનો જ એક નિયમ હતો. પોતાનો ખજાનો તેણે જ્યાં રાખ્યો હતો ત્યાં એ કોઈ પણ નોકરની નજર પડવા દેવા માંગતો નહોતો. એક વાર એ ખજાનો ગણી લેતો અને તિજોરી બરાબર વાસી લેતો, એ પછી તે ફરી વાર જમીન પર લાકડાનો વહેર ભભરાવી દેતો. ઊંચી-નીચી છત પર બધે જ કરોળિયાનાં જાળાં બાઝેલાં હતાં અને અમુક જાળાં તો તિજોરી ઉપર પણ હતાં. તે કોઈને આ જાળાં સાફ કરવા દેતો નહીં. તિજોરીના હાથા અને તાળા પર પણ ધૂળ જામેલી હતી. એ જોઈને તેને સંતોષ થતો કે પોતાની અંતિમ મુલાકાત પછી એ જગ્યાએ કોઈ આવ્યું નથી.

તેણે તાળાના કાણામાં એક હાથ જેટલી લાંબી ચાવી નાખી અને બંને હાથથી જોર લગાવીને તેને ફેરવી. થોડો સમય તો તાળાએ લડત આપી પણ પછી ખૂલી ગયું. મોટેથી ચિચૂડાટ કરતો દરવાજો ખૂલ્યો.

‘હે ભગવાન,’ ફાનસના અજવાળામાં સોનાનાં ઘરેણાં, હીરા, માણેક, મોતીની માળાઓ અને સોનાનાં કડાં એ લોખંડની તિજોરીમાં ચળકી ઊઠ્યાં અને એ ચળકાટ જોઈને મેખલા બોલી ઊઠી. સુતરાઉ કોથળામાં ભરેલા સોનાના સિક્કાની ધાર પણ પ્રકાશમાં ચળકતી હતી. પાંચ હાથ લાંબા દીવા પર બનાવવામાં આવેલા સોનાના મોરની માણેકની આંખો ઝગારા મારતી હતી. એક ક્ષણ માટે તો પત્તરાય પોતાની તમામ સમસ્યાઓ ભૂલી ગયો. તેની છાતી ગર્વથી ફૂલી ગઈ. તેણે જ્યારે ધંધો શરૂ કર્યો હતો ત્યારે તેને વારસામાં તિજોરીના અંધારા ખૂણે થોડાક તાંબાના સિક્કા પડેલા મળ્યા હતા.

એ સમયે તેની ઉંમર ચૌદ વર્ષની હતી અને તેણે પોતાની માંદી માને પણ સાચવવાની હતી. તેના દાદાએ બનાવેલી ખખડધજ હવેલીમાં તે લોકો રહેતા હતા. સાડા ત્રણ દાયકાનો સંઘર્ષ કરીને તે અત્યારે છે ત્યાં પહોંચ્યો હતો. તેણે જીવનમાં ઘણું મેળવ્યું હતું.

‘નન્ના, મને ડર લાગે છે. આ તો બહુ વધારે છે, વધારેથી પણ બહુ વધારે છે,’ મેખલાએ કહ્યું અને તેની વાતથી પત્તરાય આ ભોંયરાના ભેજવાળા વાતાવરણમાં પાછો ફર્યો.

પત્તરાયે પોતાના કમરપટ્ટામાંથી એક પથ્થર બહાર કાઢ્યો અને તેને મેખલા સામે ધર્યો. તેની પ્રતિક્રિયાની પત્તરાયે રાહ જોઈ.

'શું છે?' મેખલાએ પૂછ્યું.

'આ પથ્થર જો. પહેલાં ક્યારેય આવું કંઈ જોયું છે તે ?' પત્તરાયે અભિમાનથી કહ્યું.

'હા, મેં જોયું છે. ઘણા બધા જોયા છે. ઉનાળામાં જ્યારે નદી સુકાઈ જાય છે, ત્યારે નદીના પટમાં આવા ઘણા બધા પથ્થરો હોય છે,' મેખલાએ સસ્મિત કહ્યું.

'એમ, ખાલી નદીનો પથ્થર છે, એમ ને ?' પત્તરાયે પણ સ્મિત કર્યું અને પછી તેણે પોતાની પુત્રીના હાથમાંથી ફાનસ લીધું. એ ફાનસને તેણે પેલા પથ્થર નજીક ધર્યું. ધીમે-ધીમે તેમાંથી આછો વાદળી રંગ પ્રગટવા માંડ્યો. પત્તરાય પોતાની પ્રેમાળ પુત્રીની પ્રતિક્રિયા નીરખી રહ્યો. જેવો પથ્થરમાંથી પ્રકાશ નીકળવો શરૂ થયો કે મેખલાનો ચહેરો પણ વાદળી રંગનો લાગવા માંડ્યો. થોડી વારમાં તો આખો ઓરડો વાદળી રંગથી ભરાઈ ગયો. તેણે એ પથ્થર મેખલાની હથેળીમાં મૂક્યો અને તેમાંથી નીકળતા અલૌકિક પ્રકાશમાં તે પોતાની પુત્રીનો ચહેરો જોઈ રહ્યો.

'પ્રભાવક છે,' એક અવાજ આવ્યો. મેખલાએ પત્તરાયની પાછળ જોયું અને તે ચીસ પાડી ઊઠી. પથ્થર તેની હથેળીમાંથી નીચે જમીન પર પડી ગયો. ટમટમતા વાદળી અજવાળામાં એક ભૂત જેવો ચહેરો પત્તરાય સામે હસી રહ્યો હતો. આશ્ચર્યચકિત પત્તરાય એક ડગલું પાછળ હટ્યા.

'તું…તું અહીંયાં ?' પત્તરાય બોલતાં થોથવાયો. તેના હાથ ધ્રૂજ્યા અને હાથમાં પકડેલું ફાનસ પણ ધ્રૂજવા લાગ્યું. આખા ઓરડામાં પડછાયા ભૂતાવળની જેમ નાચવા લાગ્યા.

'ખરેખર પ્રભાવક છે,' કહીને એ ભૂતિયો ચહેરો તિજોરીના દરવાજામાં પ્રવેશ્યો. અંદર રહેલા હીરા અને મોતી ગૌરીકાંતના વાદળી અજવાળામાં ચમકી રહ્યા હતા.

એ માણસે એક હાર પોતાના હાથમાં લઈ તેના વજનનો અંદાજ માંડ્યો અને મેખલાને કહ્યું, 'મારી સામે આ રીતે જોઈશ નહીં, યુવતી. મને શરમ આવે છે. હું કંઈ ભૂત નથી, એક બિચારો વામન માણસ જ છું, દેવી,' કહીને એ ઠીંગણો માણસ હસ્યો અને તેણે ઝૂકીને વંદન કર્યાં.

વામને તિજોરીની ભોંય પર પડેલા મોતીના ઢગલામાંથી મુઠ્ઠો ભરીને મોતી લીધાં અને તેને પોતાની જાડી આંગળીઓમાંથી નીચે સરકી જવા દીધાં. મેખલા આશ્ચર્યથી આ દૃશ્ય જોઈ રહી.

એ મોતી તિજોરીની લોખંડની ભોંય પર અવાજ કરતાં પડ્યાં.

'અયોગ્ય રીતે ભેગી કરેલી આ સંપત્તિ બદલ અભિનંદન, જાડિયા. તું તો પ્રેરણાદાયક છે.' એ વામનનો અવાજ ભોંયરામાં પડઘાયો.

પત્તરાયના પગ ધ્રૂજવા માંડ્યા હતા.

'તું અહીં આવ્યો જ કઈ રીતે ?' પોતાની પુત્રીને તાકી રહેલા એ વામનને પત્તરાયે કહ્યું.

'તે અઢળક સંપત્તિ ભેગી કરી છે એટલું જ નહીં, પણ એક સુંદર પુત્રી પણ ઉછેરી છે, જાડિયા. એ તો મંદિરની કોઈ મૂર્તિ જેવી લાગે છે. પાતળી કમર, ગોળ સ્તનયુગ્મ, ભરાવદાર નિતંબ…'

મેખલાના ગાલ પર લોહી ધસી આવ્યું અને પત્તરાયે ગુસ્સામાં પોતાના દાંત ભીંસ્યા.

'ચૂપ થઈ જા, હરામજાદા,' પત્તરાયે બૂમ પાડી. તેણે મેખલાને દૂર ખસી જવા ઇશારો કર્યો. ગૌરીકાંત હવે પાછો નિરસ ભૂખરા રંગનો થઈ રહ્યો હતો.

'ઓહ પત્તરાય, તારી પુત્રી સમક્ષ આવી અભદ્ર ભાષાનો પ્રયોગ ! આવી જ રીતે તેં એનો

ઉછેર કર્યો છે ? ક્ષમા કરજો, દેવી, મેં આપના પિતાને ગુસ્સે કર્યા અને અભદ્ર ભાષા વાપરવા મજબૂર કર્યા. તમારા સુંદર કર્ણ આવા શબ્દોને યોગ્ય નથી, ભલેને એ આપના પિતાજીએ ઉચ્ચાર્યા હોય. ખાસ કરીને તમારા પિતાજીએ ઉચ્ચાર્યા હોય. એમની જીભ બહુ જ ગંધાતી છે. અરે, આપણો પરિચય જ હજુ સુધી નથી કરાવવામાં આવ્યો. મને નથી લાગતું કે આપના પિતાજી એ કામ કરશે કારણ કે એ મારી પર બહુ જ ગુસ્સે થયા હોય એમ લાગે છે. એટલે મને જ મારો પરિચય આપવા દો,' વામને કહ્યું, 'હું છું ખાનીપતિ હિડંબા. આપના પિતાજીનો ભત્રીજો, દૂરનો ભત્રીજો, જોકે એની પર બહુ ધ્યાન આપવાની આવશ્યકતા નથી. એક નાનકડો ભૂમિપતિ છું હું, અડધો માણસ અને અડધો ઉમરાવ. મારું કદ વામન હશે, પણ મારું હૃદય અત્યંત વિરાટ છે.' ફરી વાર વામને ઝૂકીને વંદન કર્યાં અને સ્મિત પણ. તેના સોને મઢેલા રાક્ષસી દાંત ફાનસના અજવાળામાં ચળકી ઊઠ્યા.

પત્તરાયે પોતાની પુત્રીને ધક્કો મારીને બાજુમાં કરી અને એ પોતે વામન તરફ ધસી ગયો. વામન હાથમાં એક સોનાનો હાર લઈને તેના વજનનો અંદાજ કાઢી રહ્યો હતો.

'તું અહીંયાં કેમ આવ્યો છે ? તારે તો—' બોલીને એ અટકી ગયો.

'સીધું જ કાલિકાના અડ્ડા પર જવાનું હતું અને એ નર્કમાં તમારી રાહ જોવાની હતી,' વામને સસ્મિત કહ્યું. પત્તરાયે પોતાની પુત્રી પર નજર રાખી લીધી. એણે વધારે ધ્યાન રાખવાની જરૂર હતી.

'તું અંદર કેવી રીતે આવ્યો ?' વાત બદલવા પત્તરાયે ઝડપથી પૂછ્યું.

'મને આશ્ચર્ય થાય છે. મને એમ કે તમને જાણ હશે...' વામને પોતાના ઘાટઘૂટ વિનાના પગ તરફ જોયું. 'એક નવી તકનીક શોધાઈ છે, જેને ચાલવું કહેવાય છે. તમે એક પગ આગળ બીજો પગ મૂકતા જાવ અને એ તમને કેટલે દૂર સુધી લઈ જશે, એ જાણીને તમને અવશ્ય આશ્ચર્ય થશે.'

'હવે નહીં લઈ જાય, ચંડાળ. તારા ચાલવાના દિવસો પૂરા થઈ ગયા છે.' પત્તરાયે તિજોરીનો દરવાજો ધડામ કરતો બંધ કરી દીધો. દરવાજાનો નકૂચો બંધ કરવામાં તેને મુશ્કેલી પડી. ચાવી નીચે પડી ગઈ. અંદરથી વામન દરવાજો ઠોકી રહ્યો હતો, એ તેને સંભળાતું હતું.

'મેખલા,' ચાવી શોધવા નીચે ફંફોસી રહેલા પત્તરાયે કહ્યું, 'આ ઠીંગણો જુઠ્ઠું બોલી રહ્યો છે. એની વાતો માનીશ નહીં. શું તને એમ લાગે છે કે હું ક્યારેય...'

'નન્ના, કોઈ પણ છોકરીએ પોતાના પિતા વિષે આવી વાત સાંભળવી ન જોઈએ,' મેખલાનો અવાજ ધ્રૂજી ઊઠ્યો.

પત્તરાય હથેળી વડે પોતાના કપાળ પર ઊપસી આવેલા પરસેવાનાં ટીપાં લૂછતો ઊભો રહ્યો. સાલો ઠીંગણો, તેણે મનોમન ગાળ દીધી અને નીચે પડેલ ગૌરીકાંતને લેવા તે ઝૂક્યો.

'એ જૂઠ્ઠું બોલતો હતો, મેખલા. અને તેની એ વાતની સજા પણ મળશે જ. એને અહીં પૂરી દઈએ અને એક અઠવાડિયા સુધી સજા ભોગવવા દઈએ.' કહીને પત્તરાય તિજોરી તરફ ફર્યો અને તેને બેવડાં તાળાં મારવા લાગ્યો.

'નન્ના,' મેખલા બોલી પડી. તેના અવાજમાં ભય હતો.

પત્તરાયે એ વામનને તિજોરીમાં પૂરી દીધો. જ્યારે તેને અંદરથી દરવાજો ઠોકી રહલા હિડંબાનો અવાજ સંભળાયો, ત્યારે એણે લોખંડના દરવાજા પર લાત મારીને કહ્યું, 'તું એ જ લાગનો છે, ઠીંગણા. થોડા દિવસ પછી તારા નામે જે વધ્યું હશે એ હું મારા કૂતરાઓને ખવડાવી દઈશ. ત્યાં સુધી શાંતિ રાખ.'

'નન્ના,' મેખલા ફરી વાર બોલી પડી.

'હું કોઈ દયા દાખવવાનો નથી, પુત્રી. તેણે મારા ઘરમાં ઘૂસીને મારી નિંદા કરવાની હિંમત કરી છે. એ કહે છે કે હું કૂટણખાનામાં જાઉં છું. હું, સારામાં સારો માણસ. એણે તેની કિંમત તો ચૂકવવી જ રહી.'

'નન્ના...' તેની પુત્રીએ ચીસ પાડી. જ્યારે પત્તરાય ફર્યો, ત્યારે તેના હાથમાંથી ચાવી પડી ગઈ. તેના ઘરમાં બે કદાવર માણસો હતા. બંને સરખા જ દેખાતા હતા અને બંનેના હાથમાં એક ખંજર હતું જે તેમણે મેખલાના ગળા પર ધરી રાખ્યું હતું.

પત્તરાય તેમની તરફ ધસી ગયો, પણ એ બેમાંથી એક માણસે પત્તરાયની દિશામાં ચાકુ વીંઝ્યું. તેણે તિજોરીના દરવાજા તરફ ઇશારો કર્યો. પત્તરાય ચાવી માટે ફરી વાર જમીન ફંફોસવા લાગ્યો. ફરી વાર તેના કપાળ પર પરસેવાનાં બુંદ ઊપસી આવ્યાં. ચાવી તો નીચે ગમે ત્યાં પડી હશે, એ ખ્યાલ આવતાં તે નીચે ભાંખોડિયા ભરતા બાળકની જેમ બેસી ગયો અને ચાવી શોધવા લાગ્યો. તેની પુત્રી ચીસો પાડી રહી હતી. જ્યારે તેણે મેખલાની દિશામાં જોયું, ત્યારે તેણે જોયું તેની નાજુક ગરદનમાંથી લોહીની નાનકડી ધાર વહી રહી હતી.

'કૃપા...કૃપા...' ચાવી શોધતાં શોધતાં તેણે આજીજી કરી. છેવટે તેને ચાવી મળી આવી, તેણે ઝડપથી દરવાજો ખોલ્યો અને વામનને બહાર આવવા દીધો.

'ઓહો...' કહેતો હિડંબા ડોલતાં ડોલતાં તિજોરીની બહાર નીકળ્યો. 'સરસ સ્વાગત થયું તારા ઘરમાં જાડિયા. અંદર મારી સાથે તારી છોકરી હોત તો વધારે મજા આવત. તો આવતા વર્ષે અમે તારા પૌત્રનું જટાકર્મ ઊજવતા હોત. કેવી સોનેરી તક ખોઈ દીધી તેં !'

આ ગંદા ટુચકા પર ત્રણેય ઠગ હસી પડ્યા. પત્તરાયે જોયું કે વામને પોતાના કમરબંધના પટ્ટામાં ઠાંસોઠાંસ હીરા અને માણેક ભરી લીધા હતા. પત્તરાયની આંખોમાં નપુંસક ગુસ્સો જોઈને વામન હસ્યો.

'દરવાજો ખોલવામાં તમે બહુ ઉતાવળ કરી નાખી, કાકા. મારે જે લેવું હતું તે લેવા જેટલો સમય તમે મને આપ્યો જ નહીં. વાંધો નહીં. ઓહ, હે ભગવાન, મારા માણસો તો તારી પુત્રી સાથે બહુ ક્રૂરતાથી વર્ત્યા છે.'

પેલા બંને કદાવર માણસોએ મેખલાને છોડી અને હસ્યા.

'સન્નારીની માફી માંગો, બદમાશો,' હિડંબાએ કહ્યું. એટલે એક માણસ ગોઠણભેર બેસી ગયો અને મેખલાનો હાથ પકડીને બોલ્યો, 'ક્ષમા.' મેખલાએ પોતાના પિતા તરફ જોયું અને તેની આંખોમાં રહેલી દોષારોપણની અગ્નિ જોઈને એ શિથિલ બની ગયો.

'કેવા સરસ છે બંને, નહીં? જેના ડાબા ગાલ પર ઘાવનું નિશાન છે, એ રંગા છે. અને એની બાજુમાં, એનો બાપ હમણાં મર્યો હોય, એમ હસી રહેલો એનો જોડિયો ભાઈ ઠુંગા છે. એ બંને જોડિયા છે, તે નોંધ્યું ન હોય, તો કહી દઉં. આમ તો થોડાંક ગાંડા છે, પણ એમની રીતે ઉપયોગી પણ છે. મારી આસપાસ કદાવર માણસો હોય, એ મને ગમે છે અને કારણ તો સ્પષ્ટ જ છે.' કહીને હિડંબાએ ઉપર જવા માટે સીડીઓ ચડવા માંડી.

મેખલાની મદદથી પત્તરાય પણ તેની પાછળ ચાલ્યો.

જ્યારે એ પોતાના દીવાનખંડમાં પહોંચ્યો અને ભોંયરાનો દરવાજો બંધ કર્યો, ત્યારે પેલા વામનને તેણે પોતાની પ્રિય ખુરશી પર બેઠેલો જોયો અને તેને ભયંકર ક્રોધ આવ્યો. પણ તે પોતાના ક્રોધને ગળી ગયો અને પોતાની પુત્રીને તેના શયનખંડ સુધી લઈ ગયો. તે ખૂબ જ ભયભીત હતી અને તેની સલામતી પત્તરાયની પહેલી ચિંતા હતી. તેને શાંત પાડવા પત્તરાય

થોડાક શબ્દો બબડ્યો અને શયનખંડમાંથી બહાર ધસી ગયો.

બહાર આવ્યો ત્યારે પત્તરાયે જોયું કે હિડંબા તિજોરીમાંથી બહાર લાવેલી વસ્તુઓમાંથી એક માણેકની સુંદરતા પ્રશંસી રહ્યો હતો. તેણે એક ખુરશી ખેંચી અને તે વામનની સામે બેઠો. ‘તને એક કામ માટે બોલાવવામાં આવ્યો હતો અને તું આવું વર્તન કરે છે ? બોલાવ્યા વિના મારા ઘરમાં ઘૂસી આવવાની હિંમત તેં કઈ રીતે કરી ?’

‘બોલાવ્યા વિના જ આવી જવાના ઘણા ફાયદા હોય છે,’ કહીને હિડંબાએ લીંબુ જેટલા એક માણેક પર પોતાની નજર ઠેરવી અને પછી તેને પ્રકાશ સામે ધર્યો.

બાજુના ટેબલ પર પત્તરાયે પોતાની મુઠ્ઠી પછાડી જેનાથી છાસ ભરેલો લોટો ઢોળાઈ ગયો.

હિડંબાએ સ્મિત કર્યું. ‘શાંત થાવ, કાકા. ગરીબ ભત્રીજા માટેના થોડાંક માણેક અને મોતીથી તમે કંઈ બરબાદ નથી થઈ જવાના. એમાં ગુસ્સે થવાની જરા પણ જરૂર નથી.’

તું મારા ઘરમાં ઘૂસી આવે છે, મારો ખજાનો ચોરી લે છે, મારી દીકરી પર નજર બગાડે છે. શું આટલા લાભ મળ્યાની ખુશી વ્યક્ત કરું ?’

હિડંબાએ ખુરશીની ગાદીની ધાર પર બરોબર બેઠક લીધી અને પત્તરાય તરફ નમીને કહ્યું, ‘શું તમે એમ માનો છો કે તમે તમારી સુંદર છોકરીને જે બતાવ્યું એ મેં નથી જોયું? એ વખતે હું પણ તિજોરીની અંદર જ હતો અને તમને જ જોઈ રહ્યો હતો.’ વામનની આંખો ક્રોધથી ચમકી ઊઠી.

પત્તરાયના ચહેરાનો રંગ ઊડી ગયો. ‘હું...હું...’

‘તને ધૂતવા માટે મેં કંઈ આટલું મોટું જોખમ નથી લીધું,’ કહીને હિડંબાએ પણ પોતાની મુઠ્ઠી મેજ પર પછાડી.

‘એ...એ તો ખાલી એક પથ્થર જ હતો. હું એની કિંમત અવશ્ય ચૂકવીશ.’

‘ઓહ, ખાલી એક જ પથ્થર. એની કિંમત તો તારે અવશ્ય ચૂકવવી જ પડશે. પણ બીજા પથ્થરોનું શું થયું ?’

‘તારો કહેવાનો મતલબ શું છે ?’ પત્તરાય હાથ મસળતો ઊભો થઈ ગયો.

‘મેં આવા ચોવીસ પથ્થરોની વ્યવસ્થા કરી હતી. રાજગુરુને પણ ઘણા જવાબ આપવા પડશે. તારે અને પેલા મૂરખ દંડનાયક પ્રતાપે પણ જવાબો આપવા પડશે. અને, પેલા ગુલામ નાગૈયાને કેમ મારી નાખવામાં આવ્યો ? હવે બધાની ગરદન પર તલવાર લટકતી થઈ ગઈ,’ વામને કહ્યું.

‘એને કોઈ મારવા માંગતું નહોતું પણ એ પથ્થરો લઈને ભાગી ગયો,’ પત્તરાયને એ વાતનો ગુસ્સો આવતો હતો કે પોતાના ગોઠણ સુધી જ આવતા માણસ સામે તેણે ખુલાસા કરવા પડતા હતા.

‘કેવી સરસ ગોઠવણ કરી છે. ખરેખર પ્રભાવક. જોકે ખામી એક જ વાતની છે કે આપણી પાસે નથી એ પથ્થરો કે નથી એ લુહાર જે ગૌરીકાંત પર કામ કરી શકે.’ હિડંબાએ ગુસ્સામાં ત્રાડ પાડી.

‘કદાચ જ્યાં ગુલામની લાશ મળી હતી, એની પાસેની ગંદી નાળીમાં એ વહી ગયા હોય. એ હજુ પણ ત્યાં જ હોઈ શકે કે પછી વહીને નદીમાં જતા રહ્યા હોય, એમ પણ બને.’

જોકે એના પોતાના કાનને પણ એ દલીલ માનવા જેવી લાગતી નહોતી.

'અહીંયાં બેઠાં બેઠાં તુક્કા લડાવે છે એ દરમિયાન મણિકર્ણિકાને ચુકવણું કઈ રીતે કરીશ. એ પણ વિચારી લેવું હતુંને? આપણે પથ્થર અને ગૌરીધૂળી બનાવવામાં જાણકાર એક ગુલામ તેને આપવાનો હતો. એક એવો માણસ જે એ સ્ત્રીના રાજ્યમાં ગૌરીધૂળી બનાવવાની પ્રયોગશાળા ચાલુ કરી આપે અને તેના માણસોને પણ તૈયાર કરે. કાદરીમંડલમ્‌ની એ હરામજાદી રાજકુમારી આપણી એવી કોઈ વાત માનવાની નથી. આપણો ગુલામ પથ્થરો લઈને ભાગી ગયો અને પછી એનું ખૂન થઈ ગયું. જો એ આ રહસ્ય ખોલી નાખશે તો શું થશે, એ તો તું જાણે જ છે,' કહીને હિડંબાએ પત્તરાય સામે આંગળી ચીંધી.

પત્તરાયે કહ્યું, 'એ હરામજાદી રાજકુમારીનું ચુકવણું કરવાનું એક આયોજન છે મારી પાસે. એ બાબતમાં મારો વિશ્વાસ કર.'

'આ બધું થયા પછી પણ તારો વિશ્વાસ કરું ? હા, હા, હા, છોકરાઓ,' વામન બોલ્યો. રંગાએ આવીને તેને ઊભા થવામાં મદદ કરી. હિડંબાએ પોતાની પાઘડી સરખી કરી. 'ચલો કાલિકાના અડ્ડે જઈને થોડીક મજા કરીએ. જ્યારે આપણે મરીએ અને નર્કમાં પહોંચીએ ત્યારે યમરાજ મને એમ ન પૂછે કે મારા સૌથી મહત્ત્વના અંગનો મેં શું ઉપયોગ કર્યો છે. આ મૂર્ખાઓને લીધે મારા માથા પર તલવાર લટકવા માંડી છે અને હું ફાંસીના માંચડે નાચતો-ગાતો જવા માગું છું.'

'ઊભો રહે,' પત્તરાયે વામનને અટકાવ્યો. 'ઊભો રહે, મૂરખ. અને આ બધું મારી પર છોડી દે...'

'એ તો છોડવું જ પડશે. પણ યાદ રાખજો કે આપણા બધામાં સૌથી વધુ જોખમ મેં લીધું છે. તમે બધાએ તો તમારાં નામ સરસ રીતે છુપાવી રાખ્યાં છે. પણ, પત્તરાય કાકા, યાદ રાખજો કે જો હું ફાંસીએ ચડીશ, તો તમે પણ મારી સાથે જ હશો. તમે બધાં જ ગૌરીકાંત પથ્થર પાછા મેળવી નહીં લો, ત્યાં સુધી હું આ યોજનામાં જરા પણ સામેલ નથી.'

'તો મારે શું કરવું જોઈએ, હિડંબા ? હું મારાથી બનતું બધું જ કરી રહ્યો છું. જો તારી પાસે વધારે સારું આયોજન હોય, તો મને કહે...'

'તમારા રસોડાના આંગણામાં કૂવો છે?' હિડંબાએ પૂછ્યું.

'કૂવો ? હા...'

'અને ઘંડીનું પડ ? જે તમે ઢોસાનું ખીરું બનાવવા વાપરો છો ?'

'મારી મજાક ઉડાવે છે ?' પત્તરાયની આંખોમાં ક્રોધ સળવળી ઊઠ્યો.

'હું તો સારી સલાહ જ આપી રહ્યો હતો, કાકા. તમે મારી સલાહ પૂછી તો મેં સલાહ આપી કે ગળે ઘંટીનું પડ બાંધીને કૂવામાં કૂદી પડો. તમારી છોકરીને થોડો સમય ઢોસા વિના ચલાવવું પડશે, પણ મને લાગે છે કે એ ટકી જશે.'

'તારી આ હિંમત !' પત્તરાય હિડંબાને લાફો મારવા ધસી ગયો. પણ રંગા અને ઠુંગાએ તેને પકડીને બેસાડી દીધો. પત્તરાય ગુસ્સાથી હાંફી રહ્યો હતો. તેણે પોતાની જાતને શાંત પાડી અને ઝડપથી વિચારવા લાગ્યો. તેણે આ વામનને તો ઠેકાણે પાડવો જ રહ્યો. તેણે તેને કાલિકાના અડ્ડે લઈ જવો પડશે.

'માત્ર તું જ અમને બચાવી શકે છે, હિડંબા. મારા આયોજનમાં તારું પાત્ર બહુ જ મોટું છે,' પત્તરાયે હાર સ્વીકારી લીધી હોય એવા અવાજે કહ્યું.

પછી એ વામનના જવાબની રાહ જોયા વિના બહાર નીકળીને રથમાં બેસી ગયો. હિડંબા અને તેના બંને અંગરક્ષકોને પત્તરાયના વર્તનમાં આવેલા આ અચાનક પરિવર્તનથી આશ્ચર્ય થયું

પણ તેઓ તેની પાછળ ગયા અને રથમાં બેઠા અને રથ કાલિકાના અડ્ડાની દિશામાં ઊપડ્યો. મુસાફરી દરમિયાન એ વામનનાં દરેક મહેણાં, અપમાન અને મર્મભેદી વચનોને પત્તરાયે સ્મિત સાથે સહી લીધા અને ઠંડકથી માત્ર એક જ જવાબ આપ્યો કે એક વાર પ્રતાપ અને રૂદ્ર ભટ્ટ તેમની સાથે હોય પછી એ બધું જ સરળતાથી સમજાવી શકશે. થોડા સમય પછી હિડંબા એકદમ શાંત થઈ ગયો. નદીકિનારે એક વળાંક આગળ તેમના મિત્રોની મુલાકાત માટે રથ અટક્યો ત્યાં સુધી એ શાંત જ રહ્યો.

રંગા અને ઠુંગાએ હિડંબાને રથમાંથી નીચે ઉતાર્યો અને ધીમેથી જમીન પર મૂક્યો. તે બંને ઉઘાડી તલવાર સાથે રથ પાસે ઊભા રહ્યા. પત્તરાય આમથી તેમ ચાલતો હતો, અંધારામાં નજર માંડીને માથું ધુણાવતો હતો, હાથની અદબ વાળતો અને ખોલતો હતો. જ્યારે હિડંબા ઘાસનું એક ડાળખું ચાવતો ચાવતો બાળક જેવા નિર્દોષ સ્મિત સાથે ઊભો હતો. તેમની પાછળ માહિષ્મતી નગરના બહારના કિલ્લાની ઊંચી દીવાલો ઝળૂંબી રહી હતી. આ એકદમ શાંત જગ્યા હતી અને કિલ્લા ફરતેનો રસ્તો નદીકિનારે વળતો હતો. બહુ ઓછા લોકો આ અંધારિયા રસ્તે આવતા હતા. મોટા ભાગના લોકો એ રાજમાર્ગ પસંદ કરતા હતા જે કિલ્લાની દીવાલોની અંદરથી પસાર થતો, જેને અજવાળવામાં આવતો અને સંત્રીઓ અવારનવાર તેની પર કૂચ કરતા રહેતા. આ રસ્તો અસ્પૃશ્યો અને ગુલામો માટે હતો અને એ લોકો અંધારામાં ભાગ્યે જ બહાર નીકળતા.

'આ આવ્યા એ લોકો,' કહેતાં હિડંબાએ મોઢામાંથી ઘાસનો ટુકડો થૂંકી કાઢ્યો. પ્રતાપ અને રૂદ્ર ભટ્ટને આવકારવા પત્તરાય ધસી ગયો. હિડંબાને જોઈને રાજગુરુ અટકી ગયો.

'સૌથી મહાન રણનીતિજ્ઞ રૂદ્ર ભટ્ટ, પધારો,' હિડંબાએ ટીખળ કરી. એકદમ આછી ચાંદનીમાં પણ પત્તરાયને રૂદ્ર ભટ્ટના ચહેરા પર દબાવી રાખેલી ગુસ્સાની રેખાઓ જોવા મળી. આ વામનમાં લોકોની દુખતી નસ દબાવવાની આવડત હતી.

'હિડંબા, ચાલો આપણે બધા સ્વીકારી લઈએ કે એક ભૂલ થઈ ગઈ છે. હવે ઘા પર મીઠું ભભરાવવાની તારે શું જરૂર છે?' દંડનાયક પ્રતાપે પરિસ્થિતિની તંગદિલી ઓછી કરવા કહ્યું.

'એક ભૂલ ?' હિડંબાએ પોતાના બાંઠિયા હાથ ઊંચા કર્યા. 'કેટલો સરળ શબ્દ, કેટલું સરળ બહાનું. માથું તો મારું લાગ્યું છે દાવ પર. મે સંપર્ક સાધ્યો, મેં નાગૈયાનો શોધ્યો, મેં જ તમને ખાનગી દરવાજા અને ભરતી-ઓટ વિષે જણાવ્યું. અને તમે લોકોએ બધું ખોઈ નાખ્યું, બધું જ !'

પ્રતાપ અને રૂદ્ર ભટ્ટના ચહેરા શરમથી લાલ થઈ ગયા. પત્તરાયે કહ્યું, 'હિડંબા, મેં તને કહ્યું જ છે કે અમારી પાસે બીજું આયોજન છે અને તેના માટે જ આપણે કાલિકાના અડ્ડે જઈ રહ્યા છીએ.'

હિડંબા આગળ-પાછળ ચાલતો જ રહ્યો. તેનું માથું વિચારની મુદ્રામાં નમેલું હતું. પ્રતાપ અને રૂદ્ર ભટ્ટ મનોમન ગભરાટ અનુભવતા હતા. પત્તરાયની નજર એ વામન પર જ હતી, પણ તેમના મગજમાં જાતભાતનાં આયોજનો દોડી રહ્યાં હતા. આ વામન હતો તો ખતરનાક, પણ તેને સંભાળી શકાય તેમ હતો.

'તારા માણસને કોણે માર્યો એ આપણે શોધવું પડશે, પ્રતાપ,' હિડંબાએ કહ્યું.

'એ અમે શોધીશું જ. હું માનું છું કે એ સ્કંદદાસનો જાસૂસ જ હતો,' પ્રતાપે કહ્યું.

'તમને લોકોને એટલું સમજાય છે કે તમે લોકોએ કેવી મોટી સમસ્યા સર્જી છે ? આપણે મણિકર્ણિકા પાસેથી અઢળક ધન લીધું છે. હવે આપણે તેને શું જવાબ આપીશું? પત્તરાય

દાવો તો કરે છે કે એની પાસે આયોજન છે પણ આપણે બધા જાણીએ છીએ કે ગઈ વખતના આયોજનની શી હાલત થઈ છે,' હિડંબાએ ટોણો માર્યો.

પત્તરાયે આ અપમાનની અવગણના કરી. 'મારો વિશ્વાસ કર, તેને શાંત રાખવાનું મારી પાસે આયોજન છે. આપણે તેને કંઈક વધારે સારું આપીશું.'

'શું આપશ્રી એની સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મૂકવાના છો ?' હિડંબાએ કહ્યું અને તેના બંને ચમચાઓ ખિખિયાટા કરવા લાગ્યા. પત્તરાયે આ વખતે પણ તેની અવગણના કરી.

'આપણે તેને ગૌરીધૂળી જ આપીશું, તૈયાર બનેલો ભૂકો જેનાથી માહિષ્મતીનાં હથિયારો આટલાં શક્તિશાળી બને છે. જ્યાં સુધી આપણને એવો બીજો ગુલામ ન મળે કે જે ત્યાં જઈને બધું સ્થાપી શકે, ત્યાં સુધી આપણે તેને ગૌરીધૂળી આપતા રહીશું. તેણે આપણને પૂરતું વળતર અવશ્ય આપવું પડશે. પૂરતાથી પણ વધારે વળતર આપવું પડશે,' પત્તરાય હસ્યો.

આઘાતના માર્યા બધા ચૂપ થઈ ગયા હતા. તેમને કળ વળવાની પત્તરાય રાહ જોઈ રહ્યો. રૂદ્ર ભટ્ટ ચિંતિત દેખાતો જ હતો. પ્રતાપ ઊંડા વિચારોમાં ગરકાવ થઈ ગયો હતો. પત્તરાયે હિડંબા સામે જોયું.

હિડંબાએ કહ્યું, 'ઓહ, તો મારે માની લેવું પડશે કે તમારી પાસે એનો પૂરતો જથ્થો છે. આપણે જાણીએ જ છીએ કે શાકભાજીના બજારમાં બે તાંબિયાનો મુઠ્ઠો ભરીને ભૂકો મળે જ છે, બરાબર? હઠ !'

પત્તરાયે સ્મિત કર્યું, 'ના, જરા પણ નથી. પણ એનો સ્રોત છે, એમાંથી જ હું એ લઈશ.'

'કેવી રીતે ?' પ્રતાપે પૂછ્યું. 'ત્યાં માત્ર રાજવી પરિવાર અને મહાપ્રધાન જ જઈ શકે છે. ગુલામોને તો બહારની દુનિયાની ઝાંખી પણ કરવા નથી મળતી. એ રાષ્ટ્રીય સલામતીને લગતું રહસ્ય છે અને ભારે સુરક્ષા હેઠળ હોય છે. ત્યાંથી તમે ગૌરીધૂળી કઈ રીતે લાવશો ?'

'જો માત્ર રાજવી પરિવાર જ ત્યાં જઈ શકતો હોય, તો આપણે રાજવી પરિવારને જ ત્યાંથી એ લાવવાનું કહીશું.'

'અરે હા, અમને આ વિચાર પહેલાં કેમ ન આવ્યો ?' હિડંબાએ ટોણો માર્યો. 'મહાન પત્તરાય મહારાજ પાસે જઈને કહેશે, "મહારાજ, મેં એક એવા ખંડિયા રાજ્યની હરામજાદી રાજકુમારી પાસેથી લાંચ લીધી છે, જે આપના રાજ્યનો નાશ કરી દેવાનું આયોજન કરી રહી છે. તેને થોડીક ગૌરીધૂળીની આવશ્યકતા છે. શું તમે પોતે એ પહોંચતી કરવાની કૃપા કરશો કે મારે ગાડાં મંગાવવાં પડશે ?" પછી મહારાજા પોતાનો ભંડાર ખોલીને ઘોષણા કરશે, "પત્તરાય, મારા સૌથી ખાસ, આ બધું તારું જ છે. તારે જોઈએ એ લઈ જા." વાહ અદ્‌ભુત વિચાર છે ! મારે તમને વંદન કરવાં જોઈએ. ના, ના, મારે તો તમારા દૈવી ચરણોનો સ્પર્શ કરીને તમારા શિષ્ય બની જવું જોઈએ.'

રંગા અને ઠુંગા ખડખડાટ હસ્યા. વામન પણ પોતાના બુદ્ધિચાતુર્ય પર મરક્યો. રૂદ્ર ભટ્ટ અને પ્રતાપ તેની તરફ ઘૃણાથી જોઈ રહ્યા.

પત્તરાયે મગજ પર કાબુ રાખીને કહ્યું, 'રાજા પાસે સીધેસીધા જઈને માંગવા કરતાં ઘણી સરળ રીતો છે જ. ઉદાહરણ તરીકે, યુવરાજને જ એમ કરવાનું કહી શકાય એમ છે.'

'આજે કેટલું મદિરાપાન કર્યું છે, પત્તરાય ?' હિડંબાએ હાથ ઊંચા કરીને પોતાનું માથું હલાવ્યું. પ્રતાપ અને રૂદ્ર ભટ્ટ પણ અસ્વસ્થતા અનુભવી રહ્યા હતા.

'મારો વિશ્વાસ કરો, મિત્રો,' પત્તરાયે કહ્યું. 'એ કારણે જ તો મેં તમને બધાને કાલિકાના અડ્ડે બોલાવ્યા હતા. ખાસ કરીને મારા પ્રિય મિત્ર હિડંબાને.'

પત્તરાયે બધાને પોતાનું આયોજન સમજાવ્યું. હિડંબાના ચહેરા પર ખચકાટભર્યું સ્મિત આવી ગયું.

'એ સ્ત્રી વિશ્વાસપાત્ર છે ?' રૂદ્ર ભટ્ટે પૂછ્યું.

'વેશ્યાથી વધારે વફાદાર કોઈ હોય નહીં,' પત્તરાયે કહ્યું. પ્રતાપ તો રથ તરફ ચાલવા માંડ્યો હતો.

'કૂટણખાનામાં જવું તો મહાપાપ છે. હું એક બ્રાહ્મણ છું,' રૂદ્ર ભટ્ટે મોઢું ફુલાવ્યું.

'આ બ્રાહ્મણને રાજદ્રોહ પાપ નથી લાગતો, કૂટણખાનામાં જવું જ પાપ લાગે છે,' કહીને વામન પણ રથની દિશામાં ચાલ્યો. ઠુંગાએ તેને ઊંચકીને રથમાં મૂક્યો.

પત્તરાયે ઘરડા પૂજારીનો હાથ પકડ્યો, તેને રથ સુધી દોરી ગયા અને અંદર ચડાવ્યા. તેણે પોતાના સારથિને કાલિકાના અડ્ડે જવાનો હુકમ કર્યો.

એક ઝટકા સાથે રથ ઊપડ્યો અને રથની અંદર બેઠેલા પુરુષો અંધારામાં જ બેસી રહ્યા. દરેક જણ પોતાના જ વિચારોમાં ખોવાયેલો હતો. જ્યાંથી અવર્ણોનો માર્ગ વળીને રાજમાર્ગને મળતો હતો અને કાલિકાને ત્યાં જવાતું હતું, ત્યાંથી તેને એમ લાગવા માંડ્યું હતું કે આ રસ્તા પર કોઈ નજર રાખી રહ્યું છે. તે પોતાના આધિકારિક રથમાં નહીં પણ અંગત રથમાં સવાર હતો અને તેણે આ રથ ખાસ આવા કામ માટે જ રાખ્યો હતો. પણ તેને ચિંતા થવા માંડી હતી. શું તેમને પથ્થરો ગાયબ થયાની જાણ થઈ ગઈ હશે ? તે વિચારવા લાગ્યો. કંઈક ખોવાયું છે, એટલી જાણ તો તેમને હતી, એમ અવશ્ય લાગતું હતું. ચેતતો રહેજે, તેણે પોતાની જાતને કહ્યું. પ્રતાપ અને રૂદ્ર ભટ્ટ પાછળની બેઠકમાં શાંત બેઠા હતા. વામન ચતુરંગ રમી રહ્યો હતો.

અમુક લટકતાં ફાનસ તો બુઝાઈ ગયાં હતાં અને આ સૂમસામ રસ્તા પર એ બુઝાયેલા ફાનસવાળા થાંભલાની આસપાસ જ અંધારું ભેગું થયું હોય, એમ લાગતું હતું. લીસા રાજમાર્ગ પર રથ સરકતો રહ્યો. ઘોડાના ઘૂઘરા અને ખરીની તડબડાટીનો તાલબદ્ધ અવાજ ઊંઘ લાવી દે તેવો હતો. પત્તરાયે વિચાર્યું કે જો કોઈ તેમને જોશે, તો પણ એમ જ વિચારશે કે કેટલાક ઉમરાવો દેવદાસીને ત્યાં જઈ રહ્યા છે. તેમને કશું પણ અસામાન્ય નહીં લાગે.

એકાદ-બે ગુપ્તચરો તો અવશ્ય તેમની પાછળ લાગ્યા જ હશે. કાલિકાના અડ્ડામાં પણ ગુપ્તચરો તો હશે જ, પત્તરાયે વિચાર્યું. તે આ રમત ઘણી વાર રમ્યો હતો. તેમનું રહસ્ય છતું થઈ જવાનો ભય તેના મગજના છાના ખૂણે અવશ્ય હતો, તેમ છતાં તે આ રમત માટે તૈયાર થઈ રહ્યો હતો. તેની નજર પહોંચે ત્યાં સુધી તેણે નદી પર આંખો ખેંચી ખેંચીને જોઈ લીધું. શહેરની દિશામાં આવી રહેલી કોઈ આકૃતિ કે કાળા સઢવાળું વહાણ તેને દેખાયું નહીં. શહેરમાં જીમોતાના પોતાના માણસો પણ હતા અને અને એ ચાંચિયા વેપારીને અવશ્ય સમાચાર મળી ચૂક્યા હશે કે બંદર પર લાંગરી રહેલાં બધાં જહાજોને સ્કંદદાસ તપાસી રહ્યો છે. જ્યારે પ્રવાહ વિરુદ્ધ દિશાનો હોય, ત્યારે તેનાથી અળગા રહેવા જેટલી બુદ્ધિ તો એનામાં અવશ્ય છે.

પત્તરાયના ખભા નજીક ઝૂલી રહેલા ફાનસની આસપાસ એક જીવડું બણાબણી રહ્યું હતું. જ્યારે પણ એ જીવડું તેના કાન પાસે બણાબણતું, ત્યારે તે દરેક વખતે તેને મારવા માટે હાથ વીંઝતો અને તેના કારણે તેના વિચારોનો પ્રવાહ અવરોધાતો. દંડકારને કોણે માર્યો અને પેલા પથ્થરોની ચોરી કોણે કરી, એ તેણે શોધવું જ પડશે. કે પછી ખરેખર તો એ પથ્થરો નાળીમાં વહી નહોતા ગયા ને ? તેણે ઝડપથી એ પથ્થરો પાછા મેળવવા પડશે. પત્તરાય માટે સમય ખૂટી રહ્યો હતો.

રાજમાર્ગ અને નદીકાંઠો છોડીને રથ નીચે ઊતર્યો એટલે રથ ડોલવા માંડ્યો. રથની ઘંટડીઓ જોરથી વાગવા માંડી અને પત્તરાયે રથ કાળજીપૂર્વક ચલાવવાની સારથિને ગુસ્સાપૂર્વક સૂચના આપી. પેલું જીવડું તેના ગાલ પર બેઠું અને પત્તરાયે ગુસ્સાપૂર્વક પોતાના જ ગાલ પર તમાચો માર્યો. તેને જીવડાના ગરમ લોહીનો અનુભવ થયો. તેણે પોતાના ગાલ પરથી ચીકાશ સાફ કરી. ફાનસના ડોલતા અજવાળામાં તેણે જીવડાનો તરફડાટ જોયો અને તેને તેણે પોતાની હથેળીમાં જ મસળી નાખ્યું. સ્કંદદાસ ખરેખર સમસ્યાકારક બની રહ્યો હતો. તેણે અઘરા નિર્ણયો લેવા જ પડશે. તેણે જોશપૂર્વક જીવડાને મસળ્યું, જીવડાનો તરફડાટ શમી ગયો અને તેણે સ્મિત કર્યું.

૧૩

શિવગામી

તેઓ જ્યારે કિલ્લાના છેવાડે આવેલા અનાથાલયમાં પહોંચ્યાં ત્યારે શિવગામીનું હૃદય બેસી ગયું. રાજવી અનાથાલયમાં એક જ બાબત રાજવી હતી, તેનું નામ. એ સાવ ખખડધજ ઇમારત હતી અને તેને જોઈને પણ મનમાં નિરાશાની લાગણીઓ ઉદ્‌ભવતી હતી. દરવાજા પાસે રખાયેલા નાનકડા ફાનસમાં પગથિયાં માંડ માંડ દેખાતાં હતાં. દરવાજો કાટ ખાધેલો અને એકદમ નાજુક દેખાતો હતો. ઉપરની બાજુએ લગાવેલાં નળિયાંમાંથી અમુક તો નીકળી પણ ગયાં હતાં અને એક મહત્ત્વાકાંક્ષી વેલે તો છાપરાના કાણામાંથી આકાશની દિશામાં આગળ વધવાનો પ્રયત્ન પણ કરી નાખ્યો હતો. પગથિયા પર એક છોકરો સૂતો હતો અને તેના માથા પર તેણે ફાટેલો કોથળો ઓઢ્યો હતો. રેવમ્માએ તેને લાત મારીને જગાડ્યો અને છોકરાએ ગાળોનો વરસાદ વરસાવી દીધો. આમ તો એ છોકરો માંડ દસ વર્ષનો જ લાગતો હતો પણ એની ભાષાથી તો કોઈ રીઢો સૈનિક પણ હબકી જાય.

'હટ રાક્ષસ, તારી જીભ સંભાળ. અમારી સાથે કોઈ મહત્ત્વની વ્યક્તિ આવી છે,' રેવમ્માએ ફૂંફાડો માર્યો.

એ છોકરો શિવગામી સામે થોડીક ક્ષણો સુધી તાકી રહ્યો અને પછી હસ્યો. 'આ હલકટ છોકરી?' એની ભાષાથી શિવગામીને આઘાત લાગ્યો હતો. રેવમ્માએ તેના કાન નીચે એક વળગાડી. પછી તેણે મહાદેવને જોયો.

'નવો છોકરો?' એ છોકરાએ મહાદેવની પ્રદક્ષિણા કરી અને તેને ઝીણવટથી જોયો. 'પણ એણે કપડાં તો રાજકુમારો જેવાં પહેર્યાં છે.'

'જો તારું માથું સલામત રાખવું હોય, તો તારું ડાચું બંધ રાખ. એ માહિષ્મતીના રાજકુમાર જ છે,' કહીને રેવમ્માએ તેને ધક્કો મારીને ખસેડ્યો અને ખખડધજ દવાજો ખોલ્યો.

'રાજકુમાર? શું રાજા ગુજરી ગયા કે રાજકુમારને અનાથાલયમાં મોકલવો પડ્યો?' એ છોકરાએ માથું ખંજવાળતાં પૂછ્યું.

મહાદેવના અસ્તિત્વને વીસરી ચૂકેલી શિવગામીએ તેની તરફ નજર કરી. એ શરમાઈ રહ્યો હતો અને બહુ જ મૂંઝાયેલો લાગતો હતો. રેવમ્માએ પેલા છોકરાને અવગણીને રાજકુમારને અંદર આમંત્ર્યો.

'જુઓ રાજકુમાર, અમારી દયનીય પરિસ્થિતિ જોશો તો તમારું હૃદય અવશ્ય પીગળી જશે. કૃપા કરીને અંદર પધારો અને એક દૃષ્ટિ નાખો.'

શિવગામીને ખ્યાલ આવી ગયો કે રાજકુમાર અંદર આવવા નથી ઇચ્છતો પણ એ એવો માણસ હતો જે કોઈને ના પાડી શકતો નહીં. મહાદેવે કોઈ વાંધો ઉઠાવ્યો નહીં અને રાજકુમારના સ્વાગતની તૈયારી કરવા રેવમ્મા અંદર દોડી ગઈ.

પેલા છોકરાએ શિવગામીને પૂછ્યું, 'આ ખરેખર રાજકુમાર છે?' શિવગામીએ તેની કોઈ નોંધ લીધી નહીં. પછી એ છોકરાએ એ જ પ્રશ્ન મહાદેવને પૂછ્યો અને જાણે એ સત્યથી શરમાતો હોય, એમ રાજકુમારે ખચકાટસહ માથું હલાવ્યું. 'દંભી,' શિવગામી બબડી. માહિષ્મતીના રાજપરિવારના સ્મિત પાછળ પણ ઝેર જ રહેલું હોય છે. એક દિવસ, તે આ બધાને મારી નાખશે. તે માહિષ્મતીના રાજવંશનો જ નાશ કરી નાખશે.

પેલો છોકરો એવી રીતે ચૂપચાપ ઊભો રહ્યો જાણે તેના મગજમાં હજી આ સમાચાર ઊતરી રહ્યા હોય. પછી રાજકુમાર મહાદેવ મુલાકાતે આવ્યા છે એવી બૂમો પાડતો તે દોડ્યો. બે માળના ઝરૂખામાંથી ડોકાં દેખાવા લાગ્યાં. ચિચૂડાટ કરતા દરવાજા ખૂલવા લાગ્યા. ઘણાં બધાં પગલાં લાકડાની સીડી પર પડવાથી ધડધડાટી સંભળાવા લાગી. આ ભાગદોડમાં કોઈક પડી ગયું અને તેણે ગાળ પણ આપી. હસવાનો અવાજ સંભળાવા લાગ્યો અને પાછળથી કોઈએ હુરિયો બોલાવ્યો હોય, ઉત્તેજનાથી કંઈક વાતો કરતા હોય, તેવા અવાજ પણ સંભળાવા લાગ્યા. થોડીક વારમાં તો છોકરા-છોકરીઓ અને કેટલાંક સ્ત્રી-પુરુષોથી એ જગ્યા ભરાઈ ગઈ.

મહાદેવ ત્યાં સંકોચાઈને ઊભો હતો. શિવગામીએ જોયું કે તેનું પોટલું હજી મહાદેવના હાથમાં જ હતું. તેણે મહાદેવના હાથમાંથી પોટલું લઈને ધીમેથી આભાર પ્રગટ કર્યો. અનાથાલયમાં રહેતા લોકોની નજરમાંથી આ ઘટના છટકી શકી નહીં. કોઈક ધીમેથી એમ પણ બોલ્યું કે આ છોકરી તો રાજકુમારની બહેન છે, માહિષ્મતીની રાજકુમારી. શિવગામીને એ શબ્દો માનભંગ જેવા લાગ્યા અને તે ચોખવટ કરવા જ જતી હતી કે બીજું કોઈ એમ બોલ્યું કે એ તો રાજકુમારની પ્રેમિકા લાગે છે. શિવગામીને ભયંકર ગુસ્સો આવ્યો. તે બૂમ પાડીને કહેવા માંગતી હતી કે તે માહિષ્મતી રાજવંશને નફરત કરે છે અને એના પિતાની એ લોકોએ જે હાલત કરી છે તે બદલ એ રાજવંશના દરેક સભ્યનાં મોત જ ઇચ્છે છે.

એટલામાં રેવમ્મા પાછી આવી અને ત્યાં અજવાળું કરવા માટે તેણે બૂમો પાડી. થોડીક જ વારમાં વાતાવરણમાં દીવામાં બળી રહેલા તેલની વાસ પ્રસરી ગઈ. હવે શિવગામીને ચહેરા વધારે સ્પષ્ટતાથી દેખાતા હતા. લગભગ બસો જેટલાં છોકરા-છોકરીઓ હતાં અને છોકરાઓ કરતાં છોકરીઓની સંખ્યા વધારે જણાતી હતી. એ બધાની ઉંમર છ વર્ષથી માંડીને અઢાર વર્ષ સુધી જણાતી હતી.

રેવમ્માએ એક મોટો વાટકો પકડ્યો હતો જેમાં કેસર અને હળદરનું પાણી હતું અને એ પાણીમાં એક દીવો તરતો હતો, જેના વડે આરતી ઉતારીને રાજકુમારનું પારંપરિક રીતે સ્વાગત કરવાનું હતું. રાજકુમારની બાજુમાં ઊભેલી શિવગામીને મનોમન વિચાર આવ્યો કે વર-વધૂ પહેલી વાર ઘરમાં પગ મૂકે ત્યારે જે વિધિ થતી હોય છે, આ એવી જ વિધિ થઈ રહી હોય, એવું દૃશ્ય સર્જાયું હતું. એટલે કોઈ જુવે નહીં તેમ તે થોડાંક ડગલાં પાછળ હટી ગઈ.

મધઝરતા અવાજે રેવમ્માએ રાજકુમારને અનાથાલયની મુલાકાત લેવાનું આમંત્રણ આપ્યું. તે રાજકુમારને અંદર દોરી ગઈ અને તેમની પાછળ પાછળ બાળકોનું મોટું ટોળું પણ આવ્યું. શિવગામી હજુ આંગણની મધ્યમાં જ પોતાનો તમામ દુન્વયી અસબાબ ધરાવતી પોટલીને છાતીએ ચાંપીને ઊભી હતી.

'એ ડોસી તો નાગણ છે, નાગણ; ના, એ તો નાગણથી પણ ઝેરીલી છે,' પોતાની પાછળથી આવેલા અવાજથી શિવગામી આશ્ચર્યચકિત થઈ ગઈ. તેની જ ઉંમરની એક યુવતી તેની તરફ સ્મિત કરતી ઊભી હતી.

'હું કામાક્ષી,' એ યુવતીએ સસ્મિત કહ્યું. તેની ત્વચા આરસપહાણ જેવી હતી. તે જ્યારે

સ્મિત કરતી ત્યારે એના થોડાંક વાંકા રાક્ષસી દાંતને કારણે તેનું સ્મિત બાળક જેવું તોફાની લાગતું. તેની આંખો જુસ્સાથી ચમકતી હતી.

'શિવગામી.'

'મેં રેવમ્માના મોઢેથી તારું નામ સાંભળ્યું,' કામાક્ષીએ કહ્યું. 'તારું પોટલું વળી તેં માહિષ્મતીના રાજકુમાર પાસે કેવી રીતે ઉંચકાવ્યું?' તેણે પૂછ્યું.

'તને વળી એની શું ચિંતા?' શિવગામીએ પૂછ્યું. કોઈ અજાણ્યું આવો અંગત પ્રશ્ન કઈ રીતે પૂછી શકે, એ વાતનું શિવગામીને આશ્ચર્ય થતું હતું. પણ જ્યારે કામાક્ષીનો ચહેરો પડી ગયો ત્યારે તેને સમજાયું કે તેનો જવાબ વધારે પડતો જ ઉદ્ધત હતો. એ છોકરી તો ખાલી મિત્રતા જ કેળવી રહી હતી.

'આ અનાથાલયમાં કેટલા લોકો રહે છે?' શિવગામીએ ઝડપથી વાત બદલી નાખી.

'એનો કોઈ અર્થ ખરો? અત્યારે તો આપણે બે જ છીએ,' કહીને કામાક્ષીઓ ખાલી આંગણમાં નજર ફેરવી અને પછી એ ખડખડાટ હસી પડી. શિવગામી હજુ પણ અક્કડ અને સાવધ જ હતી.

'આજ સાંજ સુધી અહીંયાં બસો બત્રીસ જણા હતા. તને કદાચ વિચાર આવતો હશે કે મને આટલા ચોક્કસ આંકડાની જાણ કઈ રીતે છે. તો તને જણાવી દઉં, કે તું અત્યારે આ અનાથાલયની છોકરીઓની મુખ્યા સામે જ જોઈ રહી છે. સ્વાભાવિક છે કે અડધી છોકરીઓ તો મને નફરત જ કરતી હશે. તું નવી છે અને તને મારી દુષ્ટતાની માહિતી નથી એટલે મને થયું કે તારી જોડે મૈત્રી કેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ.' કામાક્ષીની આંખોમાં મસ્તી છલકતી હતી. પોતાની જાતને રોકવા છતાં શિવગામી હસી પડી. આખું ટોળું રાજકુમાર સાથે પહેલાં માળે જઈ રહ્યું હતું એનો અવાજ તેમને સંભળાયો. આ બધામાં પણ રેવમ્માનો અવાજ તો સંભળાઈ જ જતો.

'ચાલ, હું તને તારો ઓરડો બતાવી દઉં,' કામાક્ષીએ કહ્યું. 'મારા ઓરડામાં રહેતી છોકરી ગઈ એટલે એમાં એક પથારી ખાલી જ પડી છે. રેવમ્મા તારા માટે કોઈ બીજી વ્યવસ્થા કરે ત્યાં સુધી તું ત્યાં રહી શકે છે.'

શિવગામીએ ખખડધજ ઇમારત પર નજર ફેરવી અને તે ધ્રૂજી ઊઠી. ધીમે-ધીમે પરિસ્થિતિની વાસ્તવિકતા તેનામાં ઊતરી રહી હતી. હવે પછીના થોડાક મહિના તો તેણે અહીં જ કાઢવાના હતા, આ લોકો વચ્ચે, એવી ખખડધજ ઇમારતમાં જેને જોઈને જ લાગતું હતું કે એ પહેલાં વરસાદમાં જ કડડભૂસ થઈ જશે. એ પછી પણ કોઈ ઘરમાં નોકરાણી બન્યા સિવાય એની પાસે કોઈ ઉપાય નહોતો. તેણે આ નિરાશાજનક વિચાર ખંખેરી નાખ્યો. આ બધું વિચારવા માટે પછીથી પૂરતો સમય મળી રહેશે.

તેણે જોયું કે એક છોકરો ઝાંખા અજવાળા ઓરડામાં સરકી ગયો. કામાક્ષીએ વાતો અટકાવી અને શિવગામીની નજર જ્યાં હતી તે દિશામાં જોયું.

'એ તો પેલો રાક્ષસ ઉઠંગા છે,' તેણે કહ્યું. તે બિલ્લીપગે ઓરડામાં ગઈ અને શિવગામી પણ તેની પાછળ પાછળ એ જ રીતે ગઈ. શિવગામીએ આસપાસ નજર ફેરવી. હારબંધ ચૂલા હતા જેમાં રાખનો ઢગલો થઈ ગયો હતો. જમીન પર મોટા કોલસા પણ પડ્યા હતા. એક ખૂણામાં કાળા તળિયાવાળાં તાંબાનાં તપેલાં ખડકાયેલાં હતાં. એ અનાથાલયનું રસોડું હતું. પેલો છોકરો છાજલીઓ ફંફોસી રહ્યો હતો અને તેમને જોઈને ચમકી ઊઠ્યો. શિવગામી આવી ત્યારે દરવાજાના પગથિયામાં સૂતો હતો એ જ છોકરો હતો એ.

'ચોર!' કામાક્ષીએ તેનો કાન પકડ્યો અને એ છોકરો ઘૂરક્યો.

'તું મને પકડી ન શકે, રાંડ,' છોકરાએ કહ્યું. કામાક્ષીએ ફરી વાર તેના કાન આમળ્યા. છોકરાએ ચીસ પાડી.

'હવે જો ફરી વાર તારા મોઢામાંથી એક પણ ગંદો શબ્દ નીકળ્યો, તો આ રાખ હું એમાં ભરી દઈશ,' કામાક્ષીએ ધમકી આપી.

'ઐયો, મને છોડી દે, અક્કા. દુઃખે છે.'

કામાક્ષીએ ફરી વાર કાન આમળ્યો. 'અક્કા! હવે સુધરી ગયો. મને લાગે છે કે આ રીત જ બરોબર છે.'

'ઐયો, આ કંઈ મારા માટે નથી. એ તો થોંડકા માટે છે. એ લોકો પીવાનું ગોઠવી રહ્યા છે.'

'પીવાનું! ચલો રેવમ્માને કહીએ,' કામાક્ષીએ ઉઠંગાનો બીજો કાન પકડીને તેને પણ આમળ્યો.

'કૂતરી, એનો ધણી જ તાડી લઈને આવે છે. તું મને કેમ મારે છે? તારી હિંમત હોય તો થોંડકાને જ પૂછને. તું મારી મુખ્યા નથી, છોકરીઓની મુખ્યા છે. મને મારો મુખ્યા જે કહેશે એ હું કરીશ,' ઉઠંગા બોલ્યો અને કામાક્ષીની પકડમાંથી છૂટવા માટે અમળાવા મંડ્યો.

'હું રાજકુમારને એની માહિતી આપીશ,' તેને છોડીને કામાક્ષીએ કહ્યું.

'તું કોઈ રાજકુમારને ઓળખતી નથી,' ઉઠંગાએ કહ્યું અને તે પોતાના બંને કાન પર હાથ ફેરવવા લાગ્યો.

'નથી ઓળખતી. પણ આ અક્કા ઓળખે છે,' તેણે શિવગામી તરફ આંગળી ચીંધીને કહ્યું. 'હવે મારા ઓરડામાં આવીને સફાઈ કરી નાખ. આપણે અક્કા માટે વ્યવસ્થા કરવાની છે,' કામાક્ષીએ હુકમ આપ્યો અને એ છોકરાને ધક્કો મારીને રસોડાની બહાર કાઢ્યો. તેણે ખૂણામાં પડેલું ઝાડું ઉઠાવીને એ છોકરાના હાથમાં આપ્યું. તેણે શિવગામીના હાથમાં રહેલું પોટલું લઈને એ છોકરાના માથે મૂક્યું.

થોડાંક ડગલાં ભરીને ઉઠંગા ઊલટો ફર્યો, 'જો એ રાજકુમારની પ્રેમિકા હોય, તો પછી આ અનાથાલયમાં કેમ રહેવા આવી છે?' ઉઠંગાએ કહ્યું અને તે શિવગામી તરફ સાશંક દૃષ્ટિએ જોઈ રહ્યો. શિવગામીના ચહેરા પર લાલી છવાઈ ગઈ. આ લોકોને આવી અફવા ફેલાવવાનો કોઈ જ અધિકાર નથી. એ કોઈની પ્રેમિકા નથી. તેઓ જેવા એકલા પડે કે તેમણે કામાક્ષીને આ વાત જણાવવી જ પડશે.

'નાના માણસોએ બહુ મોટી વાતમાં માથું મારવું જોઈએ નહીં. દોડ, ચાંપલા, હું કહું છું એટલું કર, નહીં તો આ અક્કા રાત્રે તારા પછવાડે ચાબુકના ફટકા મરાવડાવશે.'

તે બંને એ છોકરાની પાછળ કુંતલાકાર સીડી ચડ્યા. દરેક પગથિયું વજન આવતા ચિચુડાટ કરતું હતું. આંગણના બીજા છેડે છોકરા-છોકરીઓની વચ્ચે ઊભેલી રેવમ્મા તેમને દેખાતી હતી. રાજકુમારને લૂંટી લેવામાં આવ્યો હશે, શિવગામીએ વિચાર્યું. તેઓ કામાક્ષીના ઓરડામાં પ્રવેશ્યા. ઉઠંગાએ ગાભા અને મેલાં કપડાંનો ઢગલો એક બાજુ કરીને પલંગ બીજી બાજુ ખસેડી લીધો હતો. તે ઉભડક બેસીને કચરો વાળી રહ્યો હતો અને શિવગામીનું પોટલું જમીન પર જ પડ્યું હતું.

'રાજકુમારની પ્રેમિકાને શોભે એવું ભવન તો નથી પણ…' કામાક્ષીએ કહ્યું.

'મને એની પ્રેમિકા કહેવાનું બંધ કરશો? હું કોઈની પ્રેમિકા નથી. હું તો એને હમણાં જ મળી છું,' શિવગામીએ કહ્યું. પલંગ નીચેથી ઉઠંગા એક તરફડતા ઉંદરને પૂંછડીએથી પકડીને બહાર નીકળ્યો.

'એય, તું ક્યાં જાય છે?' કામાક્ષીએ ઉઠંગાને પકડીને કહ્યું.

'એ કંઈ રાજકુમારની પ્રેમિકા નથી. મેં એના જ મોઢેથી સાંભળ્યું. મને છોડી દે, કૂતરી,' ઉઠંગાએ કહ્યું અને તે કામાક્ષીની પકડ છોડાવવા માટે મથવા લાગ્યો.

'હું કહીશ એમ જ તું કરીશ, રાક્ષસ.' જેવું કામાક્ષીએ આમ કહ્યું કે ઉઠંગાએ પોતાના હાથમાં રહેલું ઉંદર તેના ચહેરા પર ફેંકયું. કામાક્ષી બૂમ પાડીને કૂદકો મારીને પોતાના પલંગ પર ચડી ગઈ. છોકરાએ ભાગી જવાનો પ્રયત્ન કર્યો પણ શિવગામીની પોટલીને કારણે ગડથોલું ખાઈને મોઢાભેર જમીન પર પડ્યો. તેને ઊભો કરવા માટે શિવગામી ધસી ગઈ.

ઉઠંગો જાતે જ ઊભો થયો અને તેના હાથમાં એના પિતાનું પેલું પુસ્તક હતું, એ જોઈને શિવગામી થીજી ગઈ. થોડીક ક્ષણો સુધી એ છોકરો વારાફરતી પુસ્તક સામે અને શિવગામીના ચહેરા સામે જોઈ રહ્યો. શિવગામીએ તેના હાથમાંથી એ લેવાનો પ્રયત્ન કર્યો પણ એ પાછો ખસી ગયો.

'ઓહ, ઓહ, આ શું છે? ચુડેલવિદ્યા?' તે બોલ્યો. શિવગામીએ એ પુસ્તક તેના હાથમાંથી ઝૂંટવી લેવાનો પ્રયત્ન કર્યો પણ ઉઠંગા એ પુસ્તક લઈને ઓરડાની બહાર દોડી ગયો. એ પરસાળમાં દોડ્યો અને શિવગામી તેની પાછળ દોડી. એ તેની તરફ કૂદી. છોકરો પેલી સર્પાકાર સીડીની ધારે જ ઊભો હતો અને શિવગામીથી છટકવા માટે એ નમ્યો. એનો પગ લપસ્યો અને શિવગામી નિઃસહાયતા અને ભયથી તેને નીચે પડતો જોઈ રહી. ઉઠંગાનું માથું દરેક પગથિયે અથડાતું હતું. શિવગામીએ ચીસ પાડી. એ છોકરો હવે જમીન પર ચત્તોપાટ પડ્યો હતો. તેના માથામાંથી લોહી નીકળી રહ્યું હતું અને એ જરા પણ હલી રહ્યો નહોતો. પેલું પુસ્તક તેનાથી થોડેક દૂર પડ્યું હતું. તેને અનાથાલયની બીજી બાજુથી બૂમાબૂમ સંભળાતી હતી. લોકોએ આ છોકરાના પડવાનો અવાજ કે કદાચ એની ચીસ સાંભળી હતી. લોકો આ દિશામાં જ દોડીને આવી રહ્યા હોય, તેવો અવાજ પણ સંભળાતો હતો.

પેલું પુસ્તક! તેનું હૈયું ઊછળીને તેના ગળામાં આવી ગયું હોય એમ લાગતું હતું. બીજા બધા જ વિચારો રોકીને તે કૂદતી, પડતી-આખડતી, ઝડપથી સીડી ઊતરવા માંડી. ટોળું ત્યાં પહોંચે તેની એકાદ ક્ષણ પહેલાં જ તે ત્યાં પહોંચી. તેણે ઝડપથી એ પુસ્તક લઈને પોતાની કંચુકીમાં છુપાવી દીધું. ત્યાં સુધીમાં બધાં જ ત્યાં આવી પહોંચ્યાં હતાં.

'ઐયો, ઐયો, આ છોકરો તો મરી ગયો છે,' રેવમ્મા માથું કૂટવા માંડી હતી. શિવગામી થીજી ગઈ હતી. બધા ગુસ્સામાં અંદરોઅંદર કંઈક ગણગણાટ કરી રહ્યા હતા.

'એને ધક્કો મારતાં મેં આ છોકરીને જોઈ હતી,' એક ઘોઘરો અવાજ સંભળાયો અને શિવગામીએ પોતાનું માથું ઊંચું કર્યું. તેની આંખો આંસુથી ભરાયેલી હતી એટલે બોલનારનો ચહેરો તેને સ્પષ્ટ દેખાયો નહીં.

'ના, એ પડી ગયો અને શિવગામીએ તો એને બચાવવાની કોશિશ કરી હતી,' શિવગામીની પાછળથી કામાક્ષીનો અવાજ સંભળાયો.

ના, કામાક્ષી, મેં એને મારી નાખ્યો, શિવગામી જોરથી ચીસ પાડવા માંગતી હતી. તેણે પોતાના હોઠ ભીંસીને નહીં રડવાનો પ્રયત્ન કર્યો પણ દોષની લાગણી તેની આંખોમાંથી ઊભરાઈ આવી. 'મા ગૌરી, આ મેં શું કરી નાખ્યું, આ મેં શું કરી નાખ્યું,' તે બબડી. કોઈ ઉત્તરની તો

તેને અપેક્ષા હતી જ નહીં.

કામાક્ષી અને પેલા છોકરા વચ્ચે દલીલો થવા માંડી અને બીજા લોકો પણ એમની સાથે જોડાઈ ગયા. રેવમ્મા પાગલની જેમ રડી રહી હતી. શિવગામી સ્તબ્ધ થઈ ગઈ હતી. પોતે આવું કરી જ કઈ રીતે શકે, એમ તે વારંવાર પોતાની જાતને પૂછતી રહી.

'એ મરી નથી ગયો, એની નાડી ચાલે છે.' પહેલાં તો તેને આ શબ્દોનો અર્થ જ ન સમજાયો. તેને રાજકુમાર મહાદેવનો અવાજ થોડોઘણો ઓળખાયો હતો. આંસુ ભરેલી આંખે તેણે જોયું તો રાજકુમાર મહાદેવ પોતાના રેશમી અંગવસ્ત્ર વડે એ અનાથના ચહેરા પર રહેલું લોહી લૂછી રહ્યો હતો. તેણે પોતાનું માથું એ છોકરાની છાતી પર મૂક્યું અને કહ્યું, 'મને ધબકારા સંભળાય છે. જો આપણે તેને રાજવૈદ્ય પાસે લઈ જઈશું, તો એ બચી જશે. તમારી પાસે ગાડું છે?'

રેવમ્મા ખચકાઈ. અનાથાલયનું આધિકારિક ગાડું લઈને તો તેનો પતિ કોઈક કૂટણખાને ગયો હશે.

એક પણ શબ્દ બોલ્યા વિના રાજકુમારે ઉઠંગાને પોતાના ખભે ઊંચક્યો. રેવમ્મા બોલી ઉઠી, 'રાજકુમાર, આ છોકરાઓમાંથી જ કોઈ એને ઊંચકી લેશે. તમારાં રાજવી વસ્ત્રો બગાડશો નહીં. એ તો એક અનાથ છે.'

પણ મહાદેવે રેવમ્માના શબ્દો ધ્યાન પર લીધા નહીં અને પોતાના ખભા પર એ છોકરાના નાજુક શરીરને લઈને તે અનાથાલયની બહાર નીકળ્યો, એ શિવગામી જોઈ રહી. દરવાજાની બહાર નીકળતી વખતે એણે પાછા ફરીને શિવગામીની નજર પકડી પાડી. શિવગામીની કરોડરજ્જુમાં ધ્રુજારી પસાર થઈ ગઈ. શું એ જાણતો હતો કે મેં શું કર્યું છે? એ જમીન પર બેસી પડી. તેનું હૃદય એટલું ભારે થઈ ગયું હતું કે તેના પગ તેનું વજન ઊંચકી શક્યા નહીં.

'બીજા બધા માની લેશે કે એ પડી ગયો હશે પણ હું જાણું છું કે તેં એને ધક્કો માર્યો હતો. આ થોંડકા જાણે છે. તારે એની કિંમત ચૂકવવી પડશે, કૂતરી,' શિવગામીએ જોયું કે જે યુવાને સૌ પ્રથમ તેની પર આરોપ મૂક્યો હતો, એ જ તેને સંભળાવી રહ્યો હતો. હા, મેં જ એને ધક્કો માર્યો હતો, એ ચીસ પાડીને કહેવા માંગતી હતી, મને સજા કરો. તે રડવા માંગતી હતી પણ કામાક્ષીના હાથે તેનો ખભો દબાવ્યો.

'જુઠ્ઠાણું ફેલાવીશ નહીં, થોંડકા,' કામાક્ષીએ એ યુવાનને ઊંચા અવાજે કહ્યું.

'એ મારો નાનકડો મિત્ર હતો અને જો એ મરી ગયો, તો પછી તું તારા દિવસો ગણવા માંડજે,' થોંડકાએ તેના કાનમાં કહ્યું અને તે રાજકુમારની પાછળ જવા માટે દોડી ગયો. જરા પણ હલ્યા વિના શિવગામી બેસી રહી, તેનું મોઢું તેના હાથમાં છુપાયેલું હતું.

'એ માત્ર અકસ્માત હતો,' કામાક્ષીએ કહ્યું. શિવગામીએ નકારમાં માથું ધુણાવ્યું. તેણે એ છોકરોને મારી નાખ્યો હતો. આટલા ભાર સાથે એ કઈ રીતે જીવી શકશે? 'હે અમ્મા ગૌરી, એ છોકરાને જીવવા દેજે અને સાજો સારો રહેવા દેજે,' શિવગામીએ ચહેરો છુપાવીને જ પ્રાર્થના કરી. આ દુનિયાનો સામનો કરવાની હિંમત તેનામાં નહોતી. તેની કંચુકીમાં રહેલું પેલું પુસ્તક ભારે લાગતું હતું પણ તેનું હૃદય તો તેનાથી પણ ભારે થઈ ગયું હતું. તેની બાજુમાં રહેલી કામાક્ષીના શ્વાસોશ્વાસ સિવાય સમગ્ર અનાથાલયમાં ભયાવહ શાંતિ છવાઈ ગઈ હતી.

૧૪

કટપ્પા

પાલખી નદીકિનારે આવેલા રસ્તા પર જ આગળ વધી રહી હતી પણ હવે કાંઠા નજીકનો વિસ્તાર વધારે ને વધારે ટેકરીઓ વાળો બની રહ્યો હતો. ચાંદનીમાં ઝાડીઓ અંધારા ઓળા જેવી લાગી રહી હતી. બંને બાજુ વૃક્ષો હોવાને કારણે નદીનો અવાજ દબાઈ જતો હતો. તેઓ કોઈ ટેકરી ચડી રહ્યા હતા. કટપ્પાએ રાહતનો શ્વાસ લીધો. રાજકુમાર મહાદેવવાળા પ્રસંગમાંથી માંડ માંડ બચ્યા હતા. કેકિએ ફરીને જોયું તો બિજ્જલ પરસેવે રેબઝેબ હતો. તે થોડો ઝૂક્યો, હાથે કરીને પોતાનાં સ્તન તેણે કટપ્પાના ચહેરા પર અડાડ્યા અને પછી રાજકુમારનો ખભો થપથપાવીને બોલ્યો, 'મારો વિશ્વાસ કરો, પ્રભુ, આ મુસાફરીનું ફળ આટલી મુશ્કેલીઓ વેઠવા જેવું છે. આવતીકાલે તો આપ આ કિન્નરનો આભાર માનતા હશો અને તેની પર હીરા-મોતી વરસાવતા હશો.'

ફરી વાર પોતાની જગ્યાએ બેસતી વખતે તેણે કટપ્પા સામે આંખ મારી. 'કાળિયા,' તે કટપ્પાના કાનમાં બબડ્યો અને તેની કાનની બૂટ ચાટી લીધી. 'એવી કઈ વસ્તુ છે જે મરતા પહેલાં તું અવશ્ય કરવા ઇચ્છીશ?'

કટપ્પા સાવધાન થઈ ગયો અને પોતાની અડધી તલવાર તેણે મ્યાનમાંથી ખેંચી કાઢી.

'શાંત, ગુલામ, શાંત,' કેકિએ કહ્યું 'આ તો માત્ર એક પ્રશ્ન હતો. અમારા અડ્ડામાં કાળી છોકરીઓ પણ છે. તારો નાનકો કેવું કામ કરે છે એ પણ આપણે જોઈ લઈશું,' કહીને કેકિએ કટપ્પાનું પુરુષાતન પકડી લીધું. તેની પ્રતિક્રિયા સ્વરૂપે આપોઆપ જ કટપ્પાની કોણી ઊંચકાઈ અને કેકિના ચહેરા પર વાગી. કેકિના હોઠ ફાટી ગયા. પાલખી ધ્રૂજી ગઈ અને બિજ્જલનું માથું પાલખીની છત સાથે ભટકાયું.

'સાલા ગુલામ,' બિજ્જલે બૂમ પાડી.

કેકિએ અવળા હાથેથી હોઠ પરનું લોહી લૂછ્યું અને કહ્યું, 'ભૂલ મારી હતી, રાજકુમાર. આ કાળિયો જરા વધારો પડતો જ રૂપાળો લાગે છે એટલે બિચારી કેકિ પોતાનું નિયંત્રણ ખોઈ બેઠી.'

કટપ્પાએ તલવારની મૂઠ ભાર દઈને પકડી રાખી અને સીધું જ જોઈ રહ્યો. પાલખી હાલક-ડોલક થતી રહી અને આગળ ધપતી રહી. ભોયાઓના 'હો-હો-હો-હો' અવાજ સિવાય વાતાવરણમાં માત્ર માહિષ્મતીના વહેણનો હળવો અવાજ જ સંભળાતો હતો. કેકિએ એક શિંગડું ધર્યું ત્યાં સુધી રાજકુમાર ચૂપ જ હતો, એ શિંગડું ખૂલતાં જ પાલખીમાં મીઠી, તીવ્ર સુવાસ પ્રસરી રહી. બિજ્જલની આંખો પહોળી થઈ ગઈ.

'અશ્વશક્તિ — ગોમેદકા ટેકરી પર ઊગતા શ્રેષ્ઠ ઘાસનો નિચોડ,' કેકિએ કહ્યું, 'એનો એક ઘૂંટ લેવાથી પરમેશ્વર જેવો ડોસલો પણ પ્રેમ કરવાની કલામાં ઉસ્તાદ બની જતો હોય છે.

કામદેવ અને રતિનું પીણું!'

ધ્રૂજતા હાથે બિજ્જલે એ પકડ્યું. 'મારા માટે?' હાથમાં પહેલું રમકડું આવતાં જેમ કોઈ બાળક બોલે, તેમ તેણે પૂછ્યું. કેકિએ સ્મિત કર્યું. એ શિંગડું લઈને નદીમાં ફેંકી દેવાનો વિચાર કટપ્પાના મનમાં આવી ગયો. રાજકુમારે તેને સૂંઘ્યું અને પછી તે આખું શિંગડું ગટગટાવી ગયો. એના પછી જે રૂંવાડાં ઊભાં કરી નાખતી ચીસ સંભળાઈ તેનાથી આસપાસ રહેલા બધા જ લોકો ડરી ગયા. રસ્તાની બન્ને બાજુનાં વૃક્ષો પર સૂતેલાં પક્ષીઓ પણ ઊડી ગયાં. પાલખી ઝટકો ખાઈને રોકાઈ ગઈ.

'તેં મને મારી નાખવાનો પ્રયત્ન કર્યો છે,' બિજ્જલે કહ્યું. એ મોઢામાંથી જીભ બહાર કાઢીને બેઠો હતો. પોતાના હાથ વડે એ જીભને હવા નાખી રહ્યો હતો.

કેકિ ખડખડાટ હસી પડ્યો. 'આપે એક સમયે એક ઘૂંટડો પીવો જોઈએ, સ્વામી. પણ હવે હું તમારી પ્રશંસક બની ગઈ છું. શીંગડું ભરીને અશ્વશક્તિ એક જ ઘૂંટમાં! એક હાથી પણ એનાથી બેહોશ થઈ ગયો હોત. કાલિકાની છોકરીઓને તો આજે મજા પડી જવાની છે. એ બધીઓ બેહોશ થઈ જશે અને સવારે એમની પાસે સાંભળવા જેવી અદ્‌ભુત વાતો હશે. જે માણસ એક જ ઘૂંટમાં આટલી અશ્વશક્તિ પી જાય, એ માણસ અશ્વ કરતાં તો વધારે શક્તિશાળી જ હોય,' કહીને કેકિએ પોતાના શ્યામલ હોઠ પર પોતાની જીભ ફેરવી.

'હું અશ્વથી પણ વધારે શક્તિશાળી છું,' બિજ્જલ બોલ્યો. તેની જીભ હજુ તોતડાઈ રહી હતી. 'હું દિલગીર છું, હિક...હું બે અશ્વોથી પણ વધારે શક્તિશાળી છું.' રાજકુમાર ખડખડાટ હસી પડ્યો અને તેણે કેકિના ચહેરા સામે ત્રણ આંગળીઓ ધરી રાખી. પછી હસીને તે ગણવા લાગ્યો, 'એક, બે અને ત્રણ. મેં કેટલા હાથી કહ્યા, પ્રિય કેકિ?'

'માત્ર બે જ, પ્રભુ. અને તમે અશ્વો કહ્યા, હાથી નહીં.'

'ઓહ, ખરેખર! હું આશા કરું છું કે તને એનો વાંધો નહીં હોય, કેકિ. હિક.' બિજ્જલે એક આંગળી વાળી લીધી. 'હવે તું ખુશ છે? હવે ગણિત બરોબર છે? હજી વધારે છે પેલું, વ્હાલી કેકિ?' રાજકુમારે નમીને કેકિના નરમ ગાલ પર ચુંબન કર્યું. કેકિએ બિજ્જલના હાથ પર ચુંબન કર્યું અને તેના હાથમાં બીજું શીંગડું મૂક્યું.

'મારા રાજકુમાર માટે હું ગમે તે કરી શકું છું, પણ તમને પહેલાંથી જ ચેતવી દઉં છું, મારા પ્રભુ, આ પીણું તો પહેલાં કરતાં પણ વધારે તેજ છે.'

બિજ્જલે એ શીંગડું ઝડપી લીધું અને કટપ્પા આંખ પલકાવે એ પહેલાં તો ખાલી પણ કરી નાખ્યું. હવે રાજકુમાર ખડખડાટ હસી રહ્યો હતો. તેણે મજાકમાં કટપ્પાની પીઠ પર ધબ્બો માર્યો. 'તું કેવો મધુરો કૂતરો છે! ગંધાતો કૂતરો પણ મારો કૂતરો,' બિજ્જલે કહ્યું અને એ પોતાની જ ટીખળ પર હસવા માંડ્યો.

કેકિએ કહ્યું, 'આપણે કાલિકાના અડ્ડે પહોંચીએ ત્યાં સુધી રાહ જુઓ. ત્યાં તો તમને આ પીણામાં તરવા મળશે.'

'તરવા મળશે?'

'હા, તરવા મળશે; અને એ પણ નગ્ન અપ્સરાઓ સાથે.'

'આ અશ્વશક્તિ પીણામાં?'

'હા, સ્વામી.'

'અપ્સરાઓ સાથે?'

'ખરેખર, સ્વામી.'

'અને એ બધી નગ્ન હશે?'

'અલબત્ત, સ્વામી.'

'ઓહ, કેવું સરસ,' બિજ્જલ થોડોક તોતડાયો અને બેહોશ થઈને ઢળી પડ્યો. પાલખી તો હાલકડોલક થતી આગળ ધપતી જ રહી. હવે તેઓ નદીકિનારાવાળો રસ્તો છોડીને એક ટેકરી ચડી રહ્યા હતા અને ભોયાઓ તો હાંફી રહ્યા હતા. કટ્ટપ્પાએ બિજ્જલના મોઢામાંથી નીકળતી લાળ લૂછી. વિચિત્ર વસ્તુઓ બની રહી હતી અને શું કરવું જોઈએ તેની જાણ હોત તો સારું થાત, એમ કટપ્પા વિચારવા લાગ્યો. એના શરીરની દરેક નસો તંગ થઈ ગઈ હતી અને ઝળૂંબી રહેલા જોખમનો અણસાર આપી રહી હતી.

પડદાની આરપાર તેને દેખાતું હતું કે દૂર, ટેકરીની ટોચ પર, ઝાંખુ અજવાળું પથરાયેલું હતું. ગીત, સંગીત અને હસવાના અવાજો જંગલમાંથી ચળાઈને ધીમા-ધીમા સંભળાતા હતા. કેકિની નજરો પોતાના પર તકાયેલી છે, એમ કટપ્પાને લાગ્યું. પોતાની ગરદન પર કટપ્પાને કેકિનો શ્વાસ અનુભવાયો. તેણે ઝટકો મારીને પાછળ ફરીને જોયું તો તેને પોતાના શરીરની એકદમ પાસે જ કેકિનો ચહેરો દેખાયો. તેના ચહેરા પર ધૂર્ત માણસનું સ્મિત હતું. એ જોઈને કટપ્પાની કરોડમાં ઝણઝણાટી પ્રસરી ગઈ. કટપ્પા એક પૂતળાની જેમ બેસી રહ્યો. બિજ્જલ પોતાના જ ખભે માથું ટેકવીને નસકોરાં બોલાવી રહ્યો હતો. આટલી ચિંતા જાણે ઓછી હોય, એમ કટપ્પાને પોતાના ભાઈની પણ ચિંતા થતી હતી. તેને શોધીને પાછો લાવવાનો હજુ બાકી જ હતો.

છેવટે પાલખી અટકી અને કેકિએ પડદા ખોલ્યા. તે કૂદીને બહાર ઊતર્યો અને હાથ ફેલાવીને આળસ મરડી. કટપ્પાએ જેમ-તેમ કરીને બિજ્જલને જગાડ્યો અને ટેકો આપીને પાલખીની બહાર ઉતાર્યો.

રાજકુમાર મૂર્ખની જેમ હસી રહ્યો હતો અને તેણે કટપ્પાના ખભા ફરતે એવી રીતે હાથ રાખ્યો હતો કે કટપ્પા ગુલામ નહીં પણ તેનો લંગોટિયો મિત્ર જ કેમ ન હોય. કટપ્પાએ મનોમન એટલી જ પ્રાર્થના કરી કે આ વિડંબનાનો કોઈ સાક્ષી ન હોય. જો કોઈને ખબર પડે તો કાલે સવારે તેને ફટકા પડે.

કાલિકાના અડ્ડા તરફ જવાની ગલીમાં તેઓ વળ્યા ત્યારે તેમને એ ગલીમાં આડેધડ મૂકી દેવાયેલા રથ અને પાલખીઓનો જમાવડો જોવા મળ્યો. તેઓ ગલીમાં જેમ જેમ આગળ વધ્યા તેમ તેમ ઢોલક, મૃદંગ, માણ, ગાયિકાઓ, સિટીઓ, ચીસો, હાસ્યનો સંયુક્ત અવાજ વધતો ગયો. એ અડ્ડાની સુરક્ષા કોઈ રાજાના કિલ્લાની જેવી હતી, એ કટપ્પાએ તરત જ નોંધ્યું. ગલીના બીજા છેડે આવેલો દરવાજો લગભગ હજાર હાથ જેટલો દૂર હતો તેમ છતાં કટપ્પાને ત્યાં ઊભેલા બારથી વધારે સૈનિકો દેખાયા. ઊંચી દીવાલના અવશેષો પર બીજા સૈનિકો ધારદાર ભાલા લઈને ઊભા હતા એ પણ કટપ્પાએ જોયું. રસ્તાની બંને બાજુ જાતભાતનાં ઓસડિયાં, સુગંધીદાર તેલ, રેશમી વસ્ત્રો અને સસ્તા દારૂની હાટડીઓ મંડાયેલી હતી. ઉમરાવના નોકરો, સારથિઓ, ગાડાવાળા અને ભોયાએ પોતાના માલિકો માટે કે પોતાના માટે ખરીદી કરી રહ્યા હતા. પુષ્ટ શરીર અને સુંદર દેખાવની સ્ત્રીઓ ઝરૂખામાં બેઠી હતી અને તેમના દલાલો ગ્રાહકો માટે બૂમો પાડી રહ્યા હતા. તેઓ જેતે ઘરોના દરવાજા પાસે ઊભા રહીને તેમની સ્ત્રીઓની પ્રેમ કરવાની કલાની વિશેષતાઓના ઘાંટા પાડી રહ્યા હતા.

બિજ્જલ તો ફાટી આંખે આ દૃશ્ય જોઈ રહ્યો. એક બોખા દલાલે આવીને રાજકુમારનો હાથ પકડ્યો. 'અંદર આવો, સ્વામી, મોહિનીના મહેલમાં આવો. કેરી જેવા સ્તન અને દ્રાક્ષ

જેવી ડીંટડીઓવાળી છોકરીઓ તમારી રાહ જ જોઈ રહી છે.'

બીજા એક પુરુષે કટપ્પાને ઝડપી લીધો. 'સાહેબ, અંદર આવો. કાળા લાંબા વાળ, કાળિયાર જેવી મુલાયમ ચામડી, માદક આંખો અને રસીલા હોઠવાળી રાગિણીને ત્યાં પધારો.'

કેકિ અને તેના માણસોએ આ દલાલોને તો ભગાડી દીધા પણ બીજા આવતા જ રહ્યા. દલાલો દોડી દોડીને છોકરીઓની, તેમનાં અંગોની અને કઈ રીતે એ છોકરીઓ શરીરના દરેક અંગને આનંદ આપવામાં માહેર છે તેની જાહેરાત કરતા રહ્યા. કટપ્પા પર એક રેશમી વસ્ત્ર આવી પડ્યું અને તેણે ઉપર નજર કરી. એક છોકરી પોતાના ઝરૂખાની થાંભલીઓનો ટેકો લઈને ઊભી હતી. તેના સ્તન ખુલ્લા હતા અને તેને પકડીને તે કટપ્પાની દિશામાં તેને હલાવી રહી હતી. આ દૃશ્ય જોઈને કટપ્પા ધ્રૂજી ગયો અને પછી તેને ખ્યાલ આવ્યો કે તેણે હાથમાં જે પકડ્યું હતું, એ પેલી છોકરીની કંચુકી હતી. તેને ઉપરથી માદક હાસ્ય સંભળાયું અને ગમે તેટલું નિયંત્રણ રાખવા છતાં તેના શરીરમાં ઉત્તેજના આવી ગઈ. આ પાપ છે અને આ પાપનું નગર છે, એ પોતાની જાતને કહેતો રહ્યો.

બિજ્જલ તો એ ગલીના પહેલાં જ ઘરમાં જવા માંગતો હતો પણ કેકિએ તેનો હાથ પકડ્યો અને ડાબી બાજુ આવેલી એક હવેલી તરફ તેને ખેંચી ગઈ.

'આ ખાનગી રસ્તો છે, રાજકુમાર,' કેકિએ કહ્યું અને તેઓ હવેલીમાં પ્રવેશ્યા.

અંદર અંધારું હતું પણ બિજ્જલને જમીન પર કે કીચૂડાટ બોલાવતા પલંગ પર, વિવિધ સંભોગમુદ્રાઓમાં ગૂંથાયેલી, અમળાતી, હાંફતી ઘણી બધી આકૃતિઓ દેખાતી હતી. વાતાવરણમાં કોઈ પ્રાણી જેવી વાસ આવી રહી હતી. પાપ જેવી જ અંધારી જગ્યામાંથી ઊંહકારા, સિસકારા, બુચકારા અને માદક હાસ્યના અવાજ સંભળાઈ રહ્યા હતા.

'આ બાજુ, આ બાજુ,' કેકિએ કહ્યું. તેણે બિજ્જલનું કાંડુ તો છોડ્યું જ નહોતું. ઠોકરો ખાતો ખાતો કટપ્પા પણ આ સાંકડી અંધારી પરસાળમાં તેમની પાછળ પાછળ જઈ રહ્યો હતો. ઓરડામાં દીવાઓ બળી રહ્યા હતા, જેનો ધુમાડો નીચી છત હેઠળ ભેગો થઈને ઘટ્ટ થતો હતો. દરેક ઓરડામાં એક યુગલ તો હતું જ, અમુકમાં તો એકથી વધારે યુગલ પણ હતાં. આવા કશાય પર નજર ન પડે તેની કાળજી સાથે જ કટપ્પા ચાલતો હતો પણ અવાજથી કઈ રીતે બચવું? એક ઓરડામાંથી એક છોકરી દોડતી દોડતી બહાર આવી અને તેની પાછળ પાછળ એક પુરુષ પણ દોડતો હતો. એ કટપ્પા સાથે અથડાઈ એટલે કટપ્પાએ તેની તરફ જોયું અને તેને ખ્યાલ આવ્યો કે એ છોકરી તો તેના જન્મના સમયની જેમ સંપૂર્ણ નગ્ન અવસ્થામાં હતી એટલે તે એકદમ જ ઓઝપાઈ ગયો. એણે કટપ્પાને જોઈને ખિખિયાટા કર્યા પણ તેની પાછળ દોડતો પુરુષ તેને પાછળથી વળગી પડ્યો. તેઓ કટપ્પાની આગળ જ પડ્યાં અને હસવા અને ચીસો પાડવા માંડ્યાં. કટપ્પા કોઈ પ્રતિક્રિયા દાખવે એ પહેલાં તો એ પુરુષે શ્વાનની મુદ્રામાં સંભોગ શરૂ કર્યો. આ યુગલને કારણે કટપ્પા બિજ્જલથી વિખૂટો પડી ગયો. કટપ્પા થીજી ગયો. હવે શું કરવું એ જ તેને સમજાતું નહોતું. એ પરસાળ એટલી સાંકડી હતી કે આ યુગલની બાજુમાંથી કોઈ રીતે પસાર થઈ શકાય એમ નહોતું.

કેકિ અને બિજ્જલ અસંખ્ય પરસાળોમાંથી એક પરસાળમાં વળવા જ જતા હતા. એટલે કટપ્પાએ આંખો બંધ કરી અને એ પેલા યુગલની ઉપરથી પસાર થવા ગયો. પેલી છોકરીએ તેનો પગ પકડી લીધો. 'આવી જા. હું તને ઇચ્છું છું,' એ બોલી અને તે કટપ્પાની ધોતી પકડવા ગઈ. પેલા પુરુષે એ છોકરીના નિતંબ પર થપાટ મારી એટલે તે હસી અને આનંદથી ચિચિયારી પાડવા માંડી.

કટપ્પાએ એ છોકરીની પકડમાંથી છૂટવા માટે મથામણ કરી. જ્યાં સુધીમાં એ છૂટો થયો

ત્યાં સુધીમાં તો બિજ્જલ અને કેકિ અદૃશ્ય થઈ ગયાં હતાં. એટલે એ ઠોકરો ખાતો, પેલી છોકરીની પોતાના પુરુષાતન વિષેની અભદ્ર ટિપ્પણીઓની અવગણના કરતો, દોડ્યો. તેણે બિજ્જલ અને કેકિને એક દીવાલમાં પડતા નાનકડા દરવાજામાં અદૃશ્ય થતા જોયા. એ દોડીને જ્યારે એ દરવાજામાં પહોંચ્યો ત્યારે એ દરવાજો સંપૂર્ણ બંધ થઈ ગયો હતો. કટપ્પાએ બળપૂર્વક દરવાજો ગમે તેમ કરીને થોડોક ખોલ્યો ત્યારે તેણે જોયું કે કેકિ બિજ્જલને કોઈ સીડીનાં પગથિયાં ઉતારી રહ્યો હતો. દરવાજાના દબાણથી તેના હાથ કચડાઈ જશે એમ લાગતું હતું. દીવાલના પોલાણમાં ચક્રો રહ્યાં હોય અને કોઈ ગુલામો તેને ફેરવી રહ્યા હોય, એવા અવાજો તેને સંભળાતા હતા. એ જાણતો હતો કે જો તેણે જરા પણ મચક આપી તો એ કાલિકાના અડ્ડાની બહાર જ રહી જશે અને રાજકુમાર સંપૂર્ણ પણે કેકિના નિયંત્રણમાં આવી જશે. એટલે તેણે પોતાનું સંપૂર્ણ જોર લગાડીને દરવાજાને ધક્કો માર્યો અને મહામહેનતે પોતાનો ખભો એ દરવાજા વચ્ચે ઘુસાડ્યો. એનાથી દરવાજો ખોલવાની તેની મુશ્કેલી થોડીક ઓછી થઈ. તે અંદર સરકી ગયો અને સીડી ઊતરવા માંડ્યો. તેની પાછળ દરવાજો ધડામ કરતો બંધ થયો. તેણે જોયું કે કેકિએ પાછળ ફરીને જોયું અને તેને જોઈને ઝડપ વધારી દીધી. સીડી ઊતરતી વખતે કટપ્પાને લાગ્યું કે તેણે એ કિન્નરની આંખોમાં ગુસ્સો ચમકતો જોયો હતો. કેકિ અને બિજ્જલ એક દરવાજા પાછળ અદૃશ્ય થવામાં જ હતાં કે કટપ્પા તેમની પાસે પહોંચી ગયો.

'તું પીછો નહીં જ છોડે, ખરુંને? હરામજાદા,' કેકિએ ગુસ્સાથી કહ્યું.

'મારી જગ્યા મારા માલિકની બાજુમાં જ છે,' એ ખાલી, અંધારી પરસાળમાં કટપ્પાનો અવાજ ગુંજી રહ્યો.

જેવો દરવાજો ખૂલ્યો કે મધુર વીણાવાદનનો અવાજ બહાર સંભળાયો. ઉંદરની લીંડીઓની વાસવાળી અંધારી અને ભેજવાળી પરસાળમાંથી તેઓ અચાનક જ ઝળહળતા પ્રકાશમાં આવી ગયા. વાતાવરણમાં અત્તરની માદક સુવાસ ફેલાયેલી હતી. થોડીક જ ક્ષણો પહેલાં કટપ્પાએ જે જગત જોયું હતું તેનાથી આ જગત સાવ જ નિરાળું હતું. તેના પગ મુલાયમ ગાલીચામાં ખૂંપી ગયા. બારીક કોતરણીવાળા સ્તંભો બહુ ઊંચે જઈને અંધારામાં ક્યાંક ઓગળી જતા હોય, એમ લાગતું હતું. કામસૂત્રમાં વર્ણવેલી વિવિધ મુદ્રાઓ અનુસાર કોતરેલાં યુગલોનાં શિલ્પથી દીવાલો શણગારાયેલી હતી. સ્તંભો પર સુંદર યક્ષિણીઓ કોતરેલી હતી જેમની કમર એકદમ પાતળી, નિતંબ સુડોળ, અને ઉન્નત ડીંટડીઓવાળા સ્તન એકદમ ગોળાકાર હતા. તેમની હથેળીઓમાં દીવા મુકાયેલા હતા. બધા જ દીવા પ્રગટેલા હતા અને તેમના સોનેરી અજવાળામાં યક્ષિણીઓ જીવંત અને ભવ્ય ભાસતી હતી.

ખંડની મધ્યમાં જમીન પર ભરાવદાર ગાદી-તકિયા ગોઠવાયેલા હતા. તકિયાની પાસે સોનાનો ઢોળ ચડાવેલા હુક્કા રાખવામાં આવ્યા હતા. એ જગ્યાની આસપાસના સ્તંભો પર અતિઅલંકૃત અરીસાઓ લટકાવવામાં આવ્યા હતા. તેની પાસે જ મોર આકારના સોનેરી દીવા રાખવામાં આવ્યા હતા જેનાથી એ આખી જગ્યા ઝળહળતી હતી અને તેનો દેખાવ સ્વર્ગીય લાગતો હતો.

'દેવસભા,' બિજ્જલ તો જાણે મૂર્છિત જ થઈ જવાનો હતો.

'હા, મારા રાજકુમાર, અને થોડીક વારમાં તો અહીંયાં અપ્સરાઓ પણ આવી જશે,' કેકિએ કહ્યું અને તેણે રાજકુમારને ગાદી પર બેસાડીને એક હુક્કો તેની બાજુ ખસેડ્યો. કટપ્પા બિજ્જલની પાછળ જ ઊભો રહ્યો અને આ જગ્યાની ભવ્યતાને આંખોથી પીવા માંડ્યો. માહિષ્મતીનો દરબાર પણ આટલો ભવ્ય તો નહોતો લાગતો. ક્યાંકથી આવતી પવનની

લહેરખીને કારણે દીવાની જ્યોત નાચવા માંડતી, જેના કારણે દીવાલોમાં જડેલાં રત્નો ચમકી ઊઠતાં. અચાનક એક મૃદંગનો તાલ સંભળાવા લાગ્યો અને રાજકુમાર બિજ્જલની આંખો આશ્ચર્ય અને આનંદથી પહોળી થઈ ગઈ. વીણાની ગતિ વધી ગઈ અને વાંસળીનો સૂર પણ ઊંચો થઈ ગયો. હજી નશાની અસર હેઠળ રહેલા બિજ્જલના પગ થરકવા માંડ્યા. કટપ્પા એકદમ સ્થિર જ ઊભો હતો. તેના બંને હાથ તલવારની મૂઠ પર હતા અને તેની આંખો દીવાની જ્યોત ઉપર જ સ્થિર હતી.

'અપ્સરાઓ ક્યાં છે?' બિજ્જલે પૂછ્યું. તેના અવાજમાં અધીરાઈ અને ઉત્તેજના છલકાઈ રહી હતી. કેકિએ સ્મિત કર્યું અને હાથ ખભાથી પણ ઊંચા લઈ જઈને તેણે તાલી વગાડી. તેમની આસપાસની દીવાલો ખસીને ઘણાબધા ઓરડાઓમાં ખૂલી ગઈ. એક ક્ષણ માટે એ દીવાલો પાછળના ઓરડાઓમાં સુંદરતમ વસ્ત્રોમાં આચ્છાદિત અને નૃત્યની મુદ્રામાં ઊભેલી સ્ત્રીઓની ઝાંખી થઈ. બીજ જ ક્ષણે એ દીવાલો ખસીને યથાસ્થાને પાછી આવી ગઈ અને વધ્યા માત્ર કેકિ અને બે પુરુષો. કેકિ જ્યારે પણ તાલી વગાડતી ત્યારે એ દીવાલો ખસી જતી અને નર્તકીઓ અલગ અલગ મુદ્રાઓમાં દેખાતી. બિજ્જલ આનંદથી ચિચિયારીઓ પાડી ઊઠ્યો. એ પણ કેકિ સાથે તાલી પાડવામાં જોડાઈ ગયો. મૃદંગની ગતિ પણ વધવા માંડી અને તેની અસર પણ અદ્ભુત દેખાતી હતી. બિજ્જલ હવે ગાદી-તકિયા પર બેસી શક્યો નહીં. તે એક નર્તકીની દિશામાં દોડી ગયો પણ એ નર્તકીને એ પકડે એ પહેલાં તો એ દીવાલ બંધ થઈ ગઈ અને તેની વિરુદ્ધ દિશામાં વધારે માદક મુદ્રામાં બીજી નર્તકી દેખાવા લાગી. બિજ્જલ ઉત્તેજનાપૂર્વક હસવા માંડ્યો. તે ઉત્તજનામાં અભદ્ર ભાષા અને ગાળો બોલવા માંડ્યો, બીભત્સ ટિપ્પણી કરવા લાગ્યો અને એક નર્તકીથી બીજી નર્તકી સુધી દોડવા માંડ્યો. બિજ્જલને ચીડવવાનું ત્યાં સુધી ચાલુ રહ્યું જ્યાં સુધી તે ભયાનક ક્રોધે ન ભરાયો. પછી ક્રુદ્ધ થઈને તેણે એક હુક્કો પેલી સ્ત્રી તરફ ફેંક્યો જે બંધ થઈ રહેલી દીવાલ પર ભટકાયો.

હુક્કો તો એ સ્ત્રીને વાગ્યો નહીં પણ રૂદ્રવીણાના રણકાર જેવા કોઈના હાસ્યના અવાજથી રાજકુમાર આશ્ચર્યચકિત થઈ ઊઠ્યો. જ્યારે તે અવાજની દિશામાં ફર્યો ત્યારે એક અતિસ્વરૂપવાન સ્ત્રી તેના માટે પાથરેલા ગાદલામાં સૂતી હતી અને તેની તરફ જ જોઈ રહી હતી. રાજકુમારનું મોઢું પહોળું થઈ ગયું અને તે એ સ્ત્રી તરફ ધસી ગયો.

કટપ્પાએ પોતાની નજર સામેની દીવાલ તરફ માંડી રાખી પણ પોતાનાથી થોડાક જ હાથ દૂર સૂતેલી સુંદરીની હાજરીથી તે બરાબર અવગત હતો. એ સ્ત્રી તકિયાના ટેકે સૂતી હતી અને બિજ્જલ તરફ લલચાવનારી નજરે જોઈ રહી હતી. એ પોતાની જાતને તેના તરફ જોતાં રોકી શક્યો નહીં. જાણે કોઈ અદ્ભુત શિલ્પકારે તેને ઘડી હોય, એવો તેનો દેખાવ હતો. દીવાલ પર જડેલા કાચ અને હીરાથી પરિવર્તિત થતા પ્રકાશમાં તેની ત્વચા સપ્તરંગી લાગતી હતી. તેના પર બહુ જ ઓછાં વસ્ત્રોનું આચ્છાદન હતું. તેના સુડોળ સ્તનો પર એક રેશમી ટુકડો બંધાયેલો હતો અને એક નાનકડી ધોતી તેની નાભિથી ઘણે નીચે શરૂ થતી અને તેના સાથળનો ઉપરનો ભાગ પણ માંડ માંડ ઢાંકતી હતી. તેણે પોતાનો નાજુક હાથ લંબાવીને દર્શિકાના ઇશારાથી બિજ્જલને બોલાવ્યો.

'આવા, મારા રાજકુમાર, આ કાલિકાને તું કેટલી પ્રતીક્ષા કરાવડાવીશ?' તેનો અવાજ ઘેરો હતો અને તેમાંથી મધ ઝરતું હોય, એમ લાગતું હતું. કટપ્પાની તલવારની મૂઠ પરની પકડ વધારે સખત બની. તે ગમે તેટલો પ્રયત્ન કરે તેમ છતાં એ સ્ત્રીના શરીરમાંથી ઊઠતી સુગંધથી મનના ઊંડાણમાં રહેલી ઇચ્છાઓ જાગૃત થઈ ઊઠતી હતી.

હલતા પડદા પાછળથી વાંસળીની એક ધૂન શરૂ થઈ. એ પરિચિત શૃંગારિક રાગ હતો.

તેણે એ રાગ ઓળખવાનો પ્રયત્ન કર્યો. કાલિકાની સુંદરતાથી મોહિત ન થવા માટે એ ગમે તે દિશામાં પોતાના વિચારો પરોવવા મથી રહ્યો હતો. ખંબોજી — આ નામ પાડ્યું હતું વિદ્વાનોએ આ રાગનું. જાણે રાગનું નામ જાણવાથી ગુલામને કંઈ લાભ થવાનો હોય! તેણે પોતાની આંખો બંધ કરી અને પાછી ઝડપથી ખોલી નાખી કારણ કે બંધ આંખે પણ તેને કંઈ દેખાતું હોય, તો એ હતી કાલિકા. ફરી વાર તેને પોતાની આંખો મીંચતાં પણ ભય લાગ્યો. તેના પિતા સાચું જ કહેતા હતા. તેણે હજુ પોતાની ઇન્દ્રિયો પર નિયંત્રણ મેળવવાનું બાકી હતું, તેની બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા અધૂરી હતી અને હજુ પણ દુષ્ટ વિચારો તેને સતાવતા હતા.

કટપ્પા જાણતો હતો કે રાજકુમાર આ સુંદર સ્ત્રીની બરોબર પકડમાં આવી ગયો હતો. તેણે રાજકુમારને અહીંયાં આવતાં રોકવો જોઈતો હતો. કટપ્પાએ રાજકુમાર પર નજર નાખી લીધી. રાજકુમાર એ જગ્યાએ એ રીતે ખોડાઈ ગયો હતો જાણે કે એને ત્યાં જ મૂળ ઊગી આવ્યાં હોય.

કેકિએ બિજ્જલને હાથેથી પકડ્યો અને, વાગી રહેલ મૃદંગના તાલ સાથે તાલ મેળવતો મેળવતો, માદક રીતે રાજકુમારને કાલિકા સુધી લઈ ગયો. રાજકુમાર એવી રીતે ચાલતો હતો જાણે એ સ્વપ્નમાં હોય. તેની આંખો જમીન પર કમાનની જેમ પડેલી સ્ત્રી પર જ મંડાયેલી હતી.

'એ હવે આખેઆખી આપની જ છે, રાજકુમાર,' કેકિએ ઝૂકીને કહ્યું. બિજ્જલે ગળામાંથી મોતીની માળા કાઢીને એ કિન્નરની દિશામાં નાખી. કિન્નરે માળા ઝડપી લીધી. 'બહુ નાનકડી ભેટ છે, રાજકુમાર, પણ હું ફરિયાદ નહીં કરું. જો દરેક વખતે મહાન ભેટની આશા રાખે તો ખાસ મિત્રો શું કામના?'

બિજ્જલ તો ખુશીનો માર્યો પાગલ થઈ ગયો હતો. તે ગોઠણભેર બેસી ગયો અને કાલિકાને સ્પર્શવા માટે તેણે પોતાનો હાથ લંબાવ્યો. કાલિકાએ પોતાનો જમણો પગ બિજ્જલની છાતી પર મૂકીને તેને અટકાવ્યો. તેના હાથીદાંત જેવાં સાથળો પરથી કટપ્પાએ આંખ હટાવી લેવી પડી.

'આગળ વધો, એને ચૂમી લો, રાજકુમાર,' કેકિ બિજ્જલના કાનમાં બોલ્યો. કટપ્પા તંગ થયો. તેણે આશા રાખી કે વેશ્યાના પગ ચૂમવા જેટલો તો રાજકુમાર નીચે નહીં જ ઊતરે.

બિજ્જલે કાલિકાનો પગ પોતાના હાથમાં લીધો અને તેનો અંગૂઠો ચૂસવા લાગ્યો. કાલિકા કણસી અને તેના વળાંકદાર શરીરે ઓશીકું વીંટાળીને તે અમળાવા લાગી.

'થોડાક આગળ વધો, સ્વામી,' કેકિએ કહ્યું. બિજ્જલે કાલિકાની પિંડીઓ ચૂમી, પછી ગોઠણ અને તેના સાથળ તરફ તે આગળ વધવા લાગ્યો. સંગીતનો તાલ વધવા માંડ્યો. કટપ્પાએ પોતાની નજર હટાવી લીધી પણ તેને જે નહોતું જોવું એ જ દૃશ્ય ચોમેર લગાવેલા અરીસાઓમાં દેખાતું હતું અને તેને ન જોવાનો કોઈ ઉપાય નહોતો. બિજ્જલ જ્યારે તેની નાભિ સુધી પહોંચ્યો ત્યારે કાલિકાએ તેને હળવેથી ધક્કો મારીને પાછળ ખસેડ્યો. તે બેઠી થઈ અને પોતાના હાથ પીઠ પાછળ લઈ ગઈ. બિજ્જલે ઊંડો શ્વાસ લીધો એ પણ કટપ્પાને સંભળાયું. તે પોતાનાં સ્તનો પર બંધાયેલું રેશમી વસ્ત્ર છોડી રહી હતી. બિજ્જલે જ્યારે તેને મદદ કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેણે હળવેથી તેના હાથ પર ટપલી મારીને તેને દૂર ખસેડી દીધો. તેની આંખોમાં આંખો પરોવીને કાલિકા હસી. બિજ્જલ ઉત્તેજનાથી ધ્રૂજી રહ્યો હતો. કાલિકાની આંગળીઓ એ વસ્ત્રની ગાંઠ સાથે રમી રહી હતી અને રાજકુમારની ધીરજની પ્રતીક્ષા કરી રહી હતી. પોતાના બંને હાથથી એના બંને સ્તન પકડી લેવા રાજકુમાર કાલિકાની દિશામાં ધસી ગયો. અચાનક જ એ રાજકુમાર નીચેથી સરકીને દોડી અને હસવા લાગી. બિજ્જલ ગાળ દઈને

ઊભો થયો. તેની ધોતી અસ્તવ્યસ્ત હતી. તે નિરાશા અને ગુસ્સામાં ઘૂરક્યો.

થોડેક દૂર જઈને કાલિકા મોહક અંગભંગિમા રચીને ઊભી રહી અને તેની મોહક આકૃતિ આસપાસ ગોઠવાયેલા બધા જ અરીસાઓમાં પ્રતિબિંબિત થવા માંડી. જ્યારે બિજ્જલ તેની પર ધસી ગયો, ત્યારે કાલિકા ફરી વાર સરકી ગઈ અને બીજી બાજુ પ્રગટ થઈ. તેને પકડવા માટે બિજ્જલ તેની પાછળ પાછળ આખા ઓરડામાં ફરતો રહ્યો. કેકિ હસતો રહ્યો અને રાજકુમારને પ્રોત્સાહિત કરતો રહ્યો. કટપ્પા પૂતળાની જેમ ઊભો હતો અને તેની નજર સરકી રહેલી દીવાલના કોઈ અદૃશ્ય બિંદુ પર સ્થિર હતી. થોડી થોડી વારે કાલિકા બિજ્જલની પકડમાં આવતી, ત્યારે બિજ્જલ તેની પર ચુંબનોનો વરસાદ વરસાવી દેતો. એક વાર તો તેણે બિજ્જલના હાથને પોતાના કંચુકીબંધની અંદર પણ સરકવા દીધા પણ પછી તે તરત જ તેની પકડમાંથી સરકી ગઈ.

ધીમે ધીમે બિજ્જલ ગુસ્સે થઈ રહ્યો હતો. હવે તે જ્યારે પ્રગટ થાય ત્યારે તેની નસીહત કરવા માટે તે બરોબર તૈયાર હતો. હવે તેનામાં રહેલા યોદ્ધાના ગુણો જાગૃત થઈ ચૂક્યા હતા. કાલિકાના આશ્ચર્ય વચ્ચે, તે ચાબુકની જેમ ધસી ગયો અને તેને ઝડપી લીધી. તેના હાથ કાલિકાના કંચુકીવસ્ત્રની ગાંઠ ફંફોસવા માંડ્યા પણ એ ગાંઠ તે ખોલી શકે એ પહેલાં કાલિકાએ તેના હોઠ પર ભરપૂર ચુંબન કર્યું. બિજ્જલે આંખો બંધ કરી દીધી. કાલિકાના ઉત્તેજક હોઠનો સ્વાદ તે માણતો રહ્યો. તેણે જ્યારે આંખો ખોલી ત્યારે કાલિકાની કંચુકી તેના હાથમાં હતી પણ તે ફરી વાર અદૃશ્ય થઈ ગઈ હતી. સંગીત અચાનક જ બંધ થઈ ગયું હતું.

બિજ્જલ ગુસ્સાથી ઘૂરક્યો. તેણે કેકિને પૂછ્યું કે કાલિકા ક્યાં છે. કેકિ ખડખડાટ હસ્યો. બિજ્જલે કટપ્પાના ખભા પકડીને તેને હચમચાવ્યો અને ચીસ પાડીને તેને પૂછ્યું કે તેણે કાલિકાને ક્યાં જતી જોઈ છે. કટપ્પાએ કાલિકાને અર્ધનગ્ન હાલતમાં જોઈ હતી અને તેના કારણે એ એટલો શરમાઈ ગયો હતો કે તેણે પોતાની નજરો તરત જ ફેરવી લીધી હતી. તે શરમથી માથું ઝુકાવીને ઊભો રહ્યો અને બિજ્જલ તેને ગાળો આપતો રહ્યો. કેકિ ખડખડાટ હસતો રહ્યો. છેવટે રાજકુમારે કટપ્પાની તલવાર ખેંચીને તેના ગળા પર મૂકી ત્યારે તે હસતો બંધ થયો.

'હવે એને લઈ આવ,' રાજકુમારે બૂમ પાડી. ભયથી કેકિની આંખો પહોળી થઈ ગઈ. એ આખા દિવસમાં પહેલી વાર કટપ્પાએ રાહત અનુભવી. તેણે એમ વિચાર્યું કે જો રાજકુમાર થોડુંક જોર લગાવીને એ તલવાર આ વિચિત્ર પ્રાણીના ગળામાં હુલાવી દે અને તેને ત્યાં ને ત્યાં પતાવી દે તો સારું.

'હું તો આપની જ છું, રાજકુમાર,' કાલિકાના મધુર અવાજે એ બધાને ચમકાવી દીધા. આખા ઓરડાનો દેખાવ બદલાઈ ગયો હતો. કાચવાળી દીવાલો એવી રીતે ખસી ગઈ હતી કે હવે એક મોટો ખંડ દેખાતો હતો. તેના છેવાડે કોઈ મહારાણીની જેમ કાલિકા બેઠી હતી. તેણે ચમકદાર આભૂષણો અને માથા પર રંગીન પીંછાંથી શણગારેલો મોટો મુગટ ધારણ કરેલો હતો. તેણે મોતીઓની ઘણી બધી સેર પરોવીને બનાવેલું એવું વસ્ત્ર પહેર્યું હતું જેમાં તેનું શરીર ગરદનથી પગની ઘૂંટી સુધી ઢંકાયેલું હતું. તેની ડાબી હાંસડી પર એ વસ્ત્ર એક ગાંઠ મારીને બાંધેલું હતું.

કેકિને એક બાજુ ધક્કો મારીને બિજ્જલ કાલિકા તરફ દોડી ગયો. કટપ્પા પણ તેની પાછળ દોડ્યો. જમીન પર પડેલી કેકિએ કટપ્પાનો પગ પકડી લીધો.

'ઓય ગુલામ, તું ક્યાં જઈ રહ્યો છે?' કહીને તે કટપ્પાના પગને વળગી પડ્યો. ગુલામે તો આગળ વધવાનું ચાલુ રાખ્યું એટલે કેકિ તેની સાથે ઘસડાવા લાગ્યો પણ તેણે પગ છોડ્યો

નહીં. બિજ્જલ તો ઉઘાડી તલવાર સાથે કાલિકા સુધી પહોંચી ગયો હતો.

'તારી રમતો હવે બહુ ચાલી, કૂતરી. આવી જા હવે,' બિજ્જલે બૂમ પાડી. તે છોકરા જેવા અવાજે બોલ્યો અને કાલિકા ખડખડાટ હસી પડી એટલે તેનો ચહેરો લાલ થઈ ગયો.

'વ્હાલા, મારા મધુરા રાજકુમાર, આપ ગુસ્સામાં કેટલા સુંદર લાગો છો!' તેણે ઊભા થતાં થતાં કહ્યું. તેના હાથ તેના વસ્ત્રની ગાંઠ સાથે રમી રહ્યા હતા અને તેના હોઠ માદક આમંત્રણ આપી રહ્યા હતા.

'આવો, પધારો કામદેવ,' તેણે કહ્યું અને બિજ્જલે સાવચેતીથી ડગલું ભર્યું. કાલિકાએ એક ઝાટકો મારીને ગાંઠ ખોલી નાખી અને બધાં મોતી ચારે દિશામાં સડસડાટ વેરાઈ ગયાં.

નગ્ન કાલિકા ભવ્ય મુદ્રામાં તેની સામે ઊભી હતી, તેનો ડાબો હાથ તેના નિતંબ પર હતો, જમણો હાથ નિતંબને સ્પર્શી રહ્યો હતો અને તેનું માથું પાછળની દિશામાં નમેલું હતું. ઉત્તેજક રંગોનાં મોતી ચારે દિશામાં આમ-તેમ ઊછળી રહ્યાં હતાં અને દીવાલો, સ્તંભો, પગથિયાંઓને ભટકાઈ રહ્યાં હતાં અને જાણે પોતાની માલકણની નગ્નતાથી શરમાતાં હોય, એમ ઊછળકૂદ કરતાં દૂર ને દૂર ખસી રહ્યાં હતાં. બિજ્જલ એકદમ સ્થિર થઈને ઊભો ઊભો તેની સુંદરતા નજરોથી પી રહ્યો હતો. કટપ્પા પણ થીજી ગયો હતો, આ દૈવી દૃશ્યથી પરથી તે નજર હટાવી શકતો નહોતો. જ્યારે છેલ્લું મોતી ઊછળકૂદ કરતું શાંત થયું ત્યારે ફરી ઉત્તેજક સંગીત શરૂ થયું અને વીણા વડે એક નાજુક રાગ છેડાયો. છતમાંથી રંગીન ધુમાડો નીકળવો શરૂ થયો અને આખા ઓરડામાં જૂઈની સુગંધ રેલાવા માંડી. કાલિકાએ પોતાની આંગળી વડે પોતાની નાભિથી હોઠ સુધી એક અદૃશ્ય રેખા ખેંચી અને પોતાના ઘેરા અવાજે બોલી, 'આપે મને જીતવી પડશે, રાજકુમાર.'

'એ માટે મારે શું કરવું પડશે? તારા શત્રુઓ સાથે લડું, ચીન દેશથી રેશમ લાવી આપું, અરેબિયાનું અત્તર લાવી આપું કે બર્બરોની ભૂમિથી હોશિયાર ઢીંગલીઓ લાવી આપું? કહે કે હું શું કરું...' કાલિકાએ પોતાના હોઠ પર આંગળી મૂકી એટલે બિજ્જલ અધવચ્ચે જ અટકી ગયો.

'આપ ખૂબ કૃપાળુ છો, રાજકુમાર. આ બધાનું સ્વાગત છે પણ હું મારી જાતનું સમર્પણ માત્ર એ લોકો સમક્ષ જ કરું છું જે રમતો રમી શકે,' કાલિકાએ કહ્યું અને પોતાના હોઠ તેણે ભીના કર્યા. કટપ્પા સચેત બની ગયો. કશુંક યોગ્ય લાગતું નહોતું.

'હું કઈ રમત રમું એમ તું ઇચ્છે છો? શું હું કૃદ્ધ આખલાને મારા હાથેથી પરાસ્ત કરી દઉં? કે પછી મારી તલવારથી શ્રેષ્ઠ તલવારબાજને હરાવી દઉં? કઈ રમત?' બિજ્જલે પૂછ્યું અને ખડખડાટ હસતી કાલિકા તેના ઊંચા આસન પર ધબાક કરતી પડી.

બંને પગ ભેગા કરીને પોતાનું આકર્ષણ છુપાવીને તે બોલી, 'હું જાણું છું કે એ બધી રમતો તો મારા યોદ્ધા માટે એકદમ સરળ છે.'

કાલિકાએ એક ચતુરંગની રમત ગોઠવેલું મેજ આગળ કર્યું. 'મારે જોવું છે કે તમે કેટલું સારું રમી શકો છો,' કહીને તેણે બારીક કોતરણીવાળી ચંદનની નાનકડી પેટી ખોલી. 'કેકિ?'

કટપ્પાનો પગ છોડીને કેકિ કાલિકા તરફ દોડ્યો. કાલિકાએ તેના હાથમાં એ પેટી મૂકી. કેકિ ચતુરંગની બિછાત પર કૂકરીઓ ગોઠવવા લાગ્યો. બિજ્જલે ચિંતિત નજરે કટપ્પા સામે જોયું. ગુલામ જાણતો હતો કે તેનો માલિક ચતુરંગમાં સાવ અણઘડ હતો. રાજકુમાર કદી પણ સારી રીતે ચતુરંગ રમી શકતો નહીં. વાસ્તવમાં, મગજ ચલાવવું પડે એવાં કોઈ પણ કામ તે સારી રીતે કરી શકતો નહીં.

'રાજકુમાર,' કટપ્પાએ ઝૂકીને બિજ્જલને કહ્યું, 'આપણો પાછા ફરવાનો સમય થઈ ગયો છે.'

બિજ્જલે કાલિકા સામે જોયું. એ બેઠી બેઠી સ્મિત ફરકાવી રહી હતી. તેના નગ્ન સૌંદર્યને જોઈને રાજકુમારે ગળા હેઠળ થૂંક ઉતાર્યું. બિજ્જલની આંખોમાં વાસનાનો અગ્નિ જોઈને કટપ્પા સમજી ગયો કે એનો દાવ નિષ્ફળ ગયો છે. રાજકુમારે કહ્યું, 'હું રમવા માટે તૈયાર છું. કોઈ સ્ત્રીને તો હું બંધ આંખે પણ હરાવી શકું છું.'

બિજ્જલ બિછાત સામેની બેઠક પર ગોઠવાઈ ગયો અને કાલિકા ઊભી થઈને તેની સામે ગોઠવાય તેની રાહ જોવા લાગ્યો. બિછાત પર બધી કૂકરીઓ ગોઠવીને કેકિ પાછળ ખસી ગયો. તેણે પાસા કાલિકાના હાથમાં મૂક્યા.

'હું બહુ જ પ્રભાવિત થઈ છું, મારા રાજકુમાર,' કાલિકાએ કહ્યું અને તેણે પાસા હાથમાં રમાડ્યા. 'પણ હું આપની સામે નથી રમવાની.'

બિજ્જલ તેની સામે ગુસ્સા અને મૂંઝવણથી જોઈ રહ્યો. 'જો તું નથી રમવાની તો કોણ રમવાનું છે? આ ધૃણાસ્પદ કિન્નર કે મારો મૂર્ખ ગુલામ ?'

'હું રમીશ, સ્વામી.'

કટપ્પા અને બિજ્જલની ગરદન અવાજની દિશામાં ફરી. એ બાજુથી એક વામન ડોલતો ડોલતો પ્રગટ થયો.

'ખાનીપતિ હિડંબા આપની સેવામાં હાજર છે, રાજકુમાર. હું આપની સામે રમીશ.'

'આ વામન ?' બિજ્જલે હસવાનું શરૂ કરી દીધું. 'આ વામન મારો પ્રતિસ્પર્ધી ?' તેણે હસતાં હસતાં પોતાની જાંઘ ઠોકી. કાલિકાએ પાસા હવામાં ઉછાળ્યા અને એ જમીન પર પડે એ પહેલાં તો બિજ્જલે તે ઝડપી લીધા. તેણે પાસા હાથમાં રમાડ્યા અને કહ્યું, 'ઓહ, ખરેખર મજા પડવાની છે.'

'અલબત્ત, રાજકુમાર. મજા માટે તો આપણે ભેગાં થયાં છીએ. ચલો કોઈ શરત લગાવીએ અને અમુક સાક્ષી પણ રાખીએ. વાસ્તવમાં આપણી રમતના સાક્ષી થવા માટે મેં માહિષ્મતીના સૌથી ઉમદા માણસોને બોલાવી રાખ્યા છે,' વામને કહ્યું. જાણે આ શબ્દોની જ રાહ જોઈ રહ્યો હોય તેમ ભૂમિપતિ પત્તરાય, રાજગુરુ રૂદ્ર ભટ્ટ અને દંડનાયક પ્રતાપ અંદર પ્રવેશ્યા. તેમનું સ્વાગત કરવા માટે કાલિકા ઊભી થઈ. તે પત્તરાય અને પ્રતાપને ભેટી અને તેમના ગાલ પર ચુંબન પણ કર્યું. બિજ્જલે પોતાના દાંત કચકચાવ્યા. રૂદ્ર ભટ્ટ પરસેવે રેબઝેબ થઈ ગયો હતો અને કાલિકાની ચમકતી નગ્નતાની વિરુદ્ધ દિશામાં જોઈ રહ્યો હતો. કાલિકાએ તેનો ચરણસ્પર્શ કરીને આશીર્વાદ માંગ્યા. રૂદ્ર ભટ્ટે ઉતાવળે આશીર્વાદ આપ્યા અને પોતાના અંગવસ્ત્રથી પરસેવો લૂછયો.

કાલિકાની નગ્નતાને પાછળથી જોઈ રહેલા રૂદ્ર ભટ્ટની નજર કેકિએ પકડી પાડી અને એ બોલ્યો, 'જોવામાં કંઈ પાપ નથી રાજગુરુ, અને કોઈ કિંમત પણ ચૂકવવાની નથી. તમારા મનને સંતોષ થાય ત્યાં સુધી જોયે રાખો.' રાજગુરુના મિત્રો ખડખડાટ હસી પડ્યા અને રાજગુરુનું મસ્તક શરમથી ઝૂકી ગયું.

'તો આપણે શરૂ કરીએ? શરત શું છે?' હિડંબાએ પૂછ્યું. જવાબમાં બિજ્જલે પોતાનો હીરાજડિત બાજુબંધ કાઢીને મેજ પર પટક્યો. હિડંબાએ પોતાના મિત્રોની દિશામાં જોયું. તેના ચહેરા પર એવું તિરસ્કારસૂચક સ્મિત ફરકી ગયું કે જેના કારણે તે વધારે વિકૃત લાગતો હતો. તેણે પણ સામે પોતાનાં મોતી મૂક્યાં. હિડંબાએ પાસા ફેંક્યા અને ચીસ પાડી, 'પકિડો, પકિડા

બાર.' મેજ પર પાસા પડ્યા એ જ સમયે કોઈ અદૃશ્ય ખંડમાં બેઠેલા મૃદંગકારે મૃદંગ પર ઊંચો સ્વર છેડ્યો.

હિડંબાના મિત્રોના ખડખડાટ હાસ્યના કારણે રમત શરૂ થઈ એ પહેલાં જ કટપ્પા સમજી ગયો હતો કે રાજકુમાર હારી ચૂક્યો છે.

૧૫

સ્કંદદાસ

સ્કંદદાસ પોતાના ભવનમાં પાછો ફર્યો ત્યારે મધ્યરાત્રિ થઈ ચૂકી હતી. મહારાણી હેમવતીએ તેને બોલાવ્યો હતો. મહારાણીના બંને પુત્રો મળતા નહોતા. મહારાણીનો ચહેરો નિસ્તેજ થઈ ગયો હતો. મહારાણીએ ઊંચા અવાજે કહી પણ દીધું હતું કે જો એના પુત્રોને કંઈ પણ થયું છે તો તેનું માથું ધડથી અલગ કરી દેવાશે. મહારાણીનો ગુસ્સો યોગ્ય પણ હતો. જ્યારે મહારાણી તેનું અપમાન કરી રહી હતી અને તેના નીચ કુળને ભાંડી રહી હતી ત્યારે પણ સ્કંદદાસ તો નતમસ્તક જ ઊભો હતો. મહારાણીની જગ્યાએ મહારાજા નહોતા એ તેનું સદ્નસીબ હતું, નહીંતર તેને રાજકુમારોને શોધવા માટે સવાર સુધીનો સમય પણ આપવામાં આવત નહીં.

સ્કંદદાસે પોતાની ત્રેવીસ વર્ષની કારકિર્દીમાં મહેનત અને સમર્પણની ભાવનાથી જ પોતાની ઇજ્જત જમાવી હતી. પિસ્તાલીસ વર્ષની ઉંમરે પણ તે અપરિણીત જ રહ્યો હતો. એણે વાસ્તવમાં પોતાના કામ સાથે જ લગ્ન કરી લીધાં હતાં. કોઈ પણ કામ કાર્યદક્ષતાથી કરી બતાવવાની પોતાની ક્ષમતા પર તેને ગર્વ હતો. જ્યારે રાજકુમાર બિજ્જલ લગભગ હાથી વડે કચડાઈ જ ગયાની ઘટના બની હતી, ત્યારે દરબારમાં સેનાપતિ હિરણ્ય અને દંડનાયક પ્રતાપની અસક્ષમતાનો સૌથી બોલકો વિરોધ કરનારો એ પોતે જ હતો. સેનાપતિ અને દંડનાયક કઈ રીતે રાજકુમારનું રક્ષણ કરવામાં નિષ્ફળ નીવડ્યા હતા, તે અંગે તેણે મહારાજા સોમદેવ સામે રીતસરનું વક્તવ્ય જ આપી દીધું હતું. મહારાજાએ ધીરજપૂર્વક તેની વાત સાંભળી હતી, જ્યારે હિરણ્ય અને પ્રતાપ આકુળવ્યાકુળ અને ચિંતાગ્રસ્ત બની ગયા હતા. એક વાર તે પોતાના આસન પર બેઠો પછી સોમદેવે થોડીક ક્ષણો પરમેશ્વર સાથે મસલત કરી અને પછી જાહેર કર્યું હતું કે તે દિવસથી રાજકુમાર અને કિલ્લાના રક્ષણની જવાબદારી સ્કંદદાસને સોંપવામાં આવે છે.

સ્કંદદાસે મક્કમતાપૂર્વક એ કામ હાથમાં લીધું હતું પણ થોડાક જ સમયમાં તેને સમજાઈ ગયું હતું કે એ કામ સરળ નહોતું. માહિષ્મતી મહેલ લગભગ ત્રણસો વર્ષ પહેલાં બાંધવામાં આવ્યો હતો અને પછી વર્ષોવર્ષ તેમાં થયેલા સુધારાવધારાને કારણે તે એકદમ સંકીર્ણ બની ગયો હતો. દરેક રાજાએ પોતાને ઠીક લાગે તેવા સુધારા કરાવ્યા હતા. ભોંયરાઓની માયાજાળ અને ભરમાવી દેનારી પરસાળો હતી, ગુપ્ત ઓરડાઓ અને ભોંયરાંઓ હતા. જો કિલ્લાનો નકશો હોત, તો તેનું પ્રબંધન થોડું સરળ હોત. સ્કંદદાસને વિશ્વાસ હતો કે આવા કોઈ નકશાનું અસ્તિત્વ તો અવશ્ય હશે જ એટલે તેણે એ નકશો માંગ્યો પણ પરમેશ્વર તેની સામે એવી રીતે જોઈ રહ્યા જાણે વાત માનવામાં જ ન આવતી હોય. પરમેશ્વરે કહ્યું કે આવી કોઈ વસ્તુ હોવી જ એકદમ મૂર્ખામીપૂર્ણ વાત કહેવાય. જો એવું હોય, તો કોઈ પણ શત્રુને સુરક્ષાકવચ ભેદવા માટે માત્ર એ નકશો જ મેળવવાનો રહે. અમુક વસ્તુઓ માત્ર સ્મૃતિમાં જ સંઘરી રાખવી એ જ તેની સુરક્ષાનો ઉત્તમ ઉપાય છે, એમ પરમેશ્વરે તેને મુરબ્બી ભાવે સમજાવ્યું હતું. પોતાના

ઉપરીની આ વાતનો વિચાર આવતાં તેને હજી પણ આશ્ચર્ય થતું હતું. સ્મૃતિમાં સંઘરી રાખવી કેટલી પ્રાથમિક પદ્ધતિ હતી, તેણે વિચાર્યું. જો કિલ્લા વિષેની અમુક ખાસ બાબતો કોઈ એક માણસ જાણતો હોય અને તે કોઈ યુદ્ધમાં મૃત્યુ પામે તો ? તેણે પરમેશ્વર સાથે કોઈ દલીલ તો કરી નહોતી પણ ગુપ્ત રીતે તેણે સમગ્ર પરિસરનો નકશો બનાવવાનું શરૂ કરાવી દીધું હતું. સ્કંદદાસ પદ્ધતિસર કામ કરનારો માણસ હતો. કામ બહુ મોટું હતું અને તે પૂરું થતાં વર્ષો લાગવાનાં હતાં પણ એ કંઈ સરળતાથી કોઈ વાત પડતી મૂકનારો માણસ નહોતો. આ વાતને કારણે તો તેને પેઢીઓ સુધી યાદ રાખવામાં આવશે, એમ તે પોતાને મનોમન કહ્યે રાખતો.

તેણે રાજકુમારોના આવાગમન પર સખત પ્રતિબંધ પણ મૂક્યા હતા. એટલે જ એ બંને તેને મૂર્ખ બનાવીને બહાર નીકળી ગયા છે, એ જાણીને સ્કંદદાસનો અહમ્ ઘવાયો હતો. અને તેમ છતાં એમ જ બન્યું હોય, એવી તે આશા કરી રહ્યો હતો. કોઈકે તેમનું અપહરણ કર્યું હશે, એ વિચારમાત્રથી તે ભયભીત થઈ ઊઠતો હતો.

તે પોતાની જાતને પરમેશ્વરનો યોગ્ય અનુગામી પુરવાર કરવા માંગતો હતો. તેની પાસે ન તો કુળના નામનો વારસો હતો કે ન તો ધનનો. તે નીચી જાતિમાં જન્મ્યો હતો અને ખંતપૂર્વક મહેનત કરીને પોતાના દૃઢ નિર્ધારથી અહીંયાં સુધી પહોંચ્યો હતો. મહાપ્રધાન બનવું તેની મહેચ્છા હતી. જ્યારે ત્રીસ વર્ષ પહેલાં તે માહિષ્મતી નગરમાં ભૂખ્યા, ગરીબ માનવ તરીકે આવ્યો હતો ત્યારે તેણે મનોમન પ્રતિજ્ઞા કરી હતી અને એ ત્રીસ વર્ષની મહેનતનું સર્વોચ્ચ ફળ હતું મહાપ્રધાનનું પદ.

હવે લોકો જ્યારે તેને સંનિષ્ઠ, પ્રમાણિક અને શ્વાન જેટલો વફાદાર કહેતા હતા, ત્યારે તેની છાતી ગર્વથી ફૂલી જતી હતી. તે પ્રમાણિક હતો, કારણ કે એ જ તેનો સ્વભાવ હતો. તે વફાદાર હતો, કારણ કે તેને જીવનમાં એક જ વાર તક આપવામાં આવી હતી અને એ તક તેણે બંને હાથે ઝડપી લીધી હતી. મહાપ્રધાન પરમેશ્વરે તેને એ તક આપી હતી. તેણે વીશીમાં પોતાં માર્યાં હતાં, તાડીના પીઠામાં એઠાં વાસણો પણ ધોયાં હતાં અને જ્યારે પણ સમય મળે ત્યારે કોઈ શાળાની બહાર ઊભા રહીને પાઠ સાંભળીને ભણાય એટલું ભણ્યો પણ હતો. એની નીચી જાતિને કારણે કદી પણ તેને અંદર પ્રવેશ આપવામાં આવ્યો નહોતો અને જો આપવામાં આવ્યો પણ હોત, તો તેનો ખર્ચ તે ઉઠાવી શકે તેમ નહોતો.

જો પરમેશ્વરે તેની પ્રતિભા પારખીને તેને તૈયાર ન કર્યો હોત, તો એ હજી પણ કોઈ ગામના તાડીના પીઠામાં નોકર જ હોત. અથવા તો તે પોતાના ગામ પાછો જતો રહ્યો હોત અને રીંછ નચાવવાનો પારંપરિક ધંધો કરવામાં લાગી ગયો હોત. વૃદ્ધ મહાપ્રધાનની દીર્ઘદૃષ્ટિને કારણે જોકે એવી પરિસ્થિતિ નહોતી આવી. તેણે એક એક ઈંટ મૂકીને જે ઇમારત ચણી હતી, તે ભાંગી પડવાનો ભય અત્યારે તોળાઈ રહ્યો હતો. પોતાની ખુરશીમાં બેસીને તે પોતાના માથા પર હાથ ફેરવવા લાગ્યો. થોડા સમય પછી તેણે નક્કી કર્યું કે આ રહસ્યનો તાગ મેળવવા માટે તેણ પોતાની કાયમી પદ્ધતિનો જ ઉપયોગ કરવો પડશે. તે પદ્ધતિસર સમસ્યાને તપાસશે. તેણે દરેક દરવાજાની આવાગમનની નોંધ મંગાવી અને તપાસવા લાગ્યો કે કિલ્લામાંથી કોણ બહાર ગયું હતું અને કોણ અંદર આવ્યું હતું. ઘણાં બધાં ગાડાં અને પાલખીઓ અંદર આવ્યા હતા અને બહાર ગયા હતા અને તેમાંથી જ ગમે તે એકમાં કોઈ રાજકુમાર સંતાયો હોય, એ શક્યતા નકારી શકાય તેમ નહોતી.

બે કલાક સુધી બધી નોંધ તપાસ્યા પછી સ્કંદદાસે તારવ્યું કે બહાર ગયેલા ઢોલીઓની સંખ્યા અંદર આવેલા ઢોલીઓની સંખ્યા કરતા વધારે હતી. એનો અર્થ શું તારવવો એની તેને જાણ નહોતી. રાજકુમાર બિજ્જલ કોઈ ઢોલીના રૂપમાં બહાર જાય, એ વાત તે માની શકતો

નહોતો. તેના કદથી જ સૈનિકો તેને ઓળખી ગયા હોય. હરમનાં વડાંની પૂછપરછથી શરૂઆત કરવાનું તેણે નક્કી કર્યું.

બૃહન્નલ્લા બહુ જ ખરાબ મિજાજ સાથે અંદર પ્રવેશ્યો. સ્કંદદાસ જાણતો હતો કે આટલી મોડી રાત્રે બૃહન્નલ્લાને બોલાવવામાં આવ્યો છે એટલે એ તેને મનોમન ભાંડતો જ હશે.

'હું બેસી શકું ?' તેણે ઘોઘરા અવાજે પૂછ્યું.

'ના,' સ્કંદદાસે કહ્યું. સ્કંદદાસનું પદ તો બૃહન્નલ્લા કરતાં ઊંચું જ હતું પણ બધા જાણતા હતા કે તે મહારાજની કેટલો નજીક છે એટલે લોકો તેનાથી ડરતા અને તેને માન પણ આપતા. જોકે સ્કંદદાસના મનમાં લેશમાત્ર ભય નહોતો. તે પોતાના પ્રમાણિક પ્રયત્નોથી જ આગળ વધ્યો હતો. તેને કોઈની મહેરબાનીની જરૂર નહોતી.

બૃહન્નલ્લા ખુરશીના માથું ટેકવવાના ભાગ પર આંગળીઓ રમાડતો ઊભો રહ્યો. એની અધીરાઈની સ્કંદદાસે નોંધ લીધી. પ્રવેશદ્વારની નોંધનો થપ્પો તેણે બૃહન્નલ્લા તરફ સરકાવ્યો.

'આ તાડપત્રો તપાસો. એક વધારાનો ઢોલી કિલ્લા બહાર ગયો છે. બહાર ગયેલા ઢોલી કરતાં અંદર આવેલા ઢોલીની સંખ્યા એક ઓછી છે,' બૃહન્નલ્લા તરફ નજર સ્થિર રાખીને તેણે કહ્યું.

'તો ? કેટલા ઢોલી અંદર આવ્યા, ગયા, કિલ્લા પરથી કૂદીને મરી ગયા, એ ગણવાનું કામ મારું નથી. હું અંતઃપુર સંભાળુ છું, પ્રવેશદ્વાર નહીં,' બૃહન્નલ્લાએ ચહેરા પર વ્યંગસૂચક સ્મિત સજાવીને કહ્યું.

સ્કંદદાસ તેને જવાબ આપવાનો જ હતો કે તેની હવેલીનો દરવાજો ખૂલ્યો અને થોડાક લોકો દોડતા દોડતા અંદર પ્રવેશ્યા. એક યુવાન પોતાના ખભા પર બીજા યુવાનને લઈને આવ્યો હતો. ઘણા બધા ઉત્તેજિત સૈનિકો પણ તેની સાથે સાથે આવી રહ્યા હતા.

'રાજકુમાર મહાદેવ ! આ બધું શું છે, રાજકુમાર ? શું થયું ?' એ યુવાનને ઓળખી જતાં સ્કંદદાસે પૂછ્યું.

'આ છોકરાને રાજવૈધની સારવારની તાત્કાલિક આવશ્યકતા છે પણ કોઈ વિચિત્ર કારણોસર આ સૈનિકો મને અહીંયાં લઈ આવ્યા છે,' મહાદેવે કહ્યું.

સ્કંદદાસે ઘણા પ્રશ્નો પૂછવા હતા પણ રાજકુમાર જે છોકરાને ઊંચકીને આવ્યા હતા તેની પરિસ્થિતિ જોઈને તેમણે તાત્કાલિક રાજવૈધ માટે કહેણ મોકલ્યું. પોતાના મેજ પર એ છોકરાને સુવડાવવામાં સ્કંદદાસે રાજકુમારની મદદ પણ કરી. ભવનમાં સૈનિકો અને અનાથાલયથી આવેલા લોકોનું ટોળું જમા થઈ ગયું હતું. મહાદેવને એ છોકરાની બહુ જ ચિંતા થતી હતી. એ વારે વારે તેની પાંપણો ઊંચી કરીને તપાસતો હતો, તેના ધબકારા સાંભળતો હતો અને રાજવૈધને આવવામાં કેમ આટલી વાર થઈ રહી છે, એમ બોલ્યે જતો હતો.

જ્યારે રાજવૈધ માધાવરુ આવ્યા, ત્યારે એ છોકરાને જોવા તે થોડીક ક્ષણો અટક્યા. પોતાના દર્દીની પાસે આવતાં આવતાં તેમનો ચહેરો ગંભીર થઈ ગયો. તેણે એ છોકરાની પાંપણો અને નાડી તપાસી. તેમણે પોતાનું માથું એ છોકરાની છાતી પર રાખ્યું અને નાખુશી દર્શાવી.

'હું ક્ષમા માંગુ છું,' તેણે કહ્યું.

'આ ગરીબ છોકરો મૃત્યુ પામ્યો છે?' રાજકુમારે પીડા અને ગુસ્સા મિશ્રિત અવાજથી પૂછ્યું.

માધાવરુએ પોતાનું માથું નકારમાં ધુણાવ્યું. 'એ મૃત્યુ પામ્યો હોત, તો તો સારું જ હતું

પણ એનું દુર્ભાગ્ય તો એનાથી પણ ખરાબ છે. એ જીવંત તો છે, પણ નામનો જ. જો તે પોતાની આંખો ખોલશે, તો પણ એ કદીય ચાલી નહીં શકે. અને એ આંખો ખોલશે કે કેમ એ જ બાબતે મને તો શંકા છે. વાસ્તવમાં તે હવે પોતાના શરીરનો ઉપયોગ નહીં કરી શકે. જો તે આમ જ મૃત્યુને પામે, તો એ એના જીવવા કરતા વધારે સારું રહેશે.'

'ના, ના, ના,' રાજવૈદ્યનો હાથ પકડીને રાજકુમાર બોલ્યો, 'આપણે તેને મરવા દઈ શકીએ નહીં. આપણે જ તેની કાળજી લઈશું.'

રાજવૈદ્યે ગંભીરતાથી માથું હલાવ્યું અને ઉઠંગાના માથાના ઘાવ પર પાટાપિંડી કરવા લાગ્યા. સ્કંદદાસે રેવમ્માને પૂછ્યું, 'આ છોકરાને કઈ રીતે ઈજા થઈ ?'

'એ સીડી પરથી પડી ગયો,' બીજું કોઈ જવાબ આપે એ પહેલાં રાજકુમાર મહાદેવ બોલી ઊઠ્યો.

'એને ધક્કો મરાયો હતો,' પાછળથી કોઈનો અવાજ આવ્યો. બધાએ એક સાથે ઊંડો શ્વાસ લીધો.

'ધક્કો માર્યો ? કોણે ?' સ્કંદદાસે તરત જ પૂછી લીધું. બધા એકદમ ચૂપ થઈ ગયા.

'આજે જ નવી આવેલી છોકરીએ. પેલા દેશદ્રોહીની છોકરીએ, જેને લટકાવી દેવામાં આવ્યો હતો,' પાછળથી ફરી વાર એ જ અવાજ સંભળાયો.

'કોણ કહે છે ? આગળ આવીને નિર્ભય બનીને વાત કરો,' સ્કંદદાસે કહ્યું અને થોંડકા ટોળામાંથી આગળ આવ્યો.

'સ્વામી, એ જૂઠ્ઠું બોલે છે. એ માત્ર અકસ્માત જ હતો,' રેવમ્માએ ઉતાવળે કહી દીધું અને રાજકુમારે તેને સમર્થન આપ્યું. બીજા લોકોનો આ બાબતમાં કોઈ ચોક્કસ મત નહોતો. સ્કંદદાસને હવે રાજકુમારની વાત માનવી જ રહી પણ તેણે મનોમન નક્કી કર્યું કે તે આ બાબતની તપાસ અવશ્ય કરશે.

'આ છોકરો જયાં સુધી સાજો ન થાય ત્યાં સુધી એને રાજવૈદ્યને ત્યાં રાખી શકાશે ?' રાજકુમાર મહાદેવે પૂછ્યું.

'એ અયોગ્ય રહેશે. મારે ત્યાં તો અત્યારે પણ ઘણા બધા દર્દીઓ હાજર જ છે અને આ છોકરાની સતત કાળજી લેવાય તે આવશ્યક છે. સ્વામી, જો એને મારે ત્યાં જ રાખવો હોય, તો અનાથાલયમાંથી કોઈ તેની સેવામાં સતત હાજર રહે એવું ગોઠવવું પડશે. શ્વાસ લેવા સિવાયની તમામ વસ્તુઓમાં તેને મદદની જરૂર પડશે અને આવા આશાવિહીન કામ માટે હું કોઈને ફાળવી શકું નહીં. મેં કહ્યું એમ, મને એમ લાગે છે કે…'

'ના, રાજવૈદ્ય, કોઈએ આ છોકરાને મારી નાખવાની વાત પણ કરવાની નથી. તમને તો શરમ આવવી જોઈએ,' રાજકુમાર મહાદેવનો ચહેરો ક્રોધથી લાલ થઈ ગયો હતો. 'તમે તો લોકોનાં જીવન બચાવવાનું પ્રણ લીધેલું છે અને તમે જ કોઈને મારવાની સલાહ આપો છો !'

'એ એક જ રીતે આપણે હવે તેની પર દયા દાખવી શકીએ તેમ છીએ,' રાજવૈદ્ય માધવરુએ કહ્યું. રાજકુમારના ક્રોધની તેમના પર કોઈ જ અસર થઈ નહોતી.

'તમારી દયાની કોઈ જ આવશ્યકતા નથી. રેવમ્મા?' રાજકુમાર અનાથાલયના વડાં તરફ ફર્યો. 'રાજવી અનાથાલયમાં જ તેની શુશ્રૂષા થાય એમ હું ઇચ્છું છું.'

'સ્વામી–'

'એને આ પરિસ્થિતિમાં જ જીવતાં કે મરતાં ત્રણ દસક લાગી જાય, તો પણ આપણે તેની

શુશ્રૂષા કરીશું.'

'પણ સ્વામી, એ તો બહુ ખર્ચાળ થઈ પડશે,' રેવમ્મા પોતાના કાન ખંજવાળતાં બોલી.

'તમામ ખર્ચની વ્યવસ્થા થઈ જશે,' રાજકુમારે કહ્યું. ટોળામાં ગણગણાટ થવા માંડ્યો. રેવમ્મા ખુશ જણાતી હતી. થોડીક જ વારમાં ઘાયલ ઉઠંગા પાછળ આખું ટોળું અનાથાલયની દિશામાં ઊપડ્યું. ઘાયલની સારવારની સૂચનાઓ આપવા માટે રાજવૈદ્ય પણ તેમની સાથે ગયા. સ્કંદદાસ પોતાના ભવનમાં પાછો ફરવા જતો હતો કે તેણે રાજકુમારને ત્યાં જ ઊભેલો જોયો.

'રાજકુમાર, મારે આપને થોડાક પ્રશ્નો પૂછવા છે,' સ્કંદદાસે કહ્યું. રાજકુમાર મહાદેવ તો જાણે ઊંડા વિચારમાં ઊતરી ગયો હોય, તેમ અદબ વાળીને માથું નમાવીને ઊભો હતો.

'જો તમે મને એમ પૂછવાના હોવ, કે હું બહાર કઈ રીતે ગયો હતો, તો એ હું તમને નથી જણાવવાનો, સ્કંદદાસ. હું પીંજરાના પોપટ જેવા જીવનથી કંટાળી ગયો છું. મને ખબર છે કે એક દિવસ તમે મારો એ ગુપ્ત માર્ગ પણ શોધી કાઢીને બંધ જ કરી દેશો, પણ ત્યાં સુધી મારે લૂંટાય એટલો આનંદ લૂંટી લેવો છે,' મહાદેવે કહ્યું.

'રાજકુમાર, મેં તો આપની જ સુરક્ષા અને સલામતી માટે પાબંદીઓ મૂકી છે. એ બધું મહારાજના આદેશ મુજબ થયું છે,' સ્કંદદાસે કહ્યું અને નીચે સુધી ઝૂકીને વંદન કર્યાં. એ રાજકુમારનો ગુસ્સો સમજી શકતો હતો પણ તેણે તો પોતાની ફરજ નિભાવવી જ રહી.

થોડીક ક્ષણો સુધી રાજકુમાર ઊંડા વિચારમાં ઊભો રહ્યો. પછી તે સ્કંદદાસ તરફ ફર્યો અને કહ્યું, 'સ્કંદદાસ, હું તમારી પર વિશ્વાસ કરી શકું?'

સ્કંદદાસ ટટ્ટાર થયો અને બોલ્યો, 'હંમેશા, મહારાજ. મારી વિશ્વસનીયતા પર તો આપના પિતાજી પણ રુક્કો મારશે.'

એ શબ્દો બોલાયા એ જ સમયે સ્કંદદાસને ખ્યાલ આવી ગયો કે તેણે ભૂલ કરી હતી. પોતાના પિતાના ઉલ્લેખથી રાજકુમાર વધારે ઊંડા વિચારમાં ઊતરી ગયો હતો. પોતાના ભવનની અંદરથી બૃહન્નલ્લા ગીતનો ગણગણાટ તેને સંભળાઈ રહ્યો હતો. મહાદેવે એવી રીતે આજુબાજુ નજર ફેરવી કે જાણે કોઈ તેમની વાત સાંભળી લેવાનું હોય. સ્કંદદાસની ધીરજ ખૂટી રહી હતી.

'રાજકુમાર...'

'મારા ભાઈ પર જોખમ તોળાઈ રહ્યું છે.'

અચાનક બોલાયેલા આ વાક્યએ સ્કંદદાસને ચમકાવી નાખ્યો. સ્કંદદાસની આઘાતજનક ચુપકીદીનો રાજકુમારે એવો અર્થ તારવ્યો કે સ્કંદદાસ આ વાત માનવા તૈયાર નથી. તેણે સ્કંદદાસનો હાથ પોતાના હાથમાં લઈને પાલખીમાં જે જોયું હતું, તે કહી સંભળાવ્યું. તેણે એમ પણ કહ્યું કે અત્યાર સુધીમાં તો તેનો ભાઈ સંભવતઃ કાલિકાના અડ્ડામાં પહોંચી ગયો હશે અને તે પોતે પોતાના ભાઈ માટે ભય અનુભવી રહ્યો છે.

સ્કંદદાસે રાજકુમારને પોતાની વાત પૂરી કરવા દીધી. તેના મગજમાં ચેતવણીની ઘંટડીઓ વાગવા માંડી હતી. કેકિ રાજમહેલમાં આવ્યો હતો અને બૃહન્નલ્લાને મળ્યો હતો, એ અહેવાલ તો તેને મળ્યો જ હતો. જીમોતાના જહાજના આગમન પર નજર રાખવા તેણે કેટલાક ગુપ્તચરો બંદર પર ગોઠવ્યા હતા. તેમણે એવો અહેવાલ મોકલ્યો હતો કે પત્તરાયનો રથ કાલિકાના અડ્ડા તરફ જતો જોવા મળ્યો છે. એ સમયે તેણે એવી ધારણા બાંધી હતી કે કેકિ પત્તરાય અને અન્ય કેટલાક લોકો માટે કાલિકાની દલાલી કરવા આવ્યો હશે.

સ્કંદદાસની નીતિમત્તામાં આવી કોઈ વસ્તુ આવતી નહીં પણ એ જાણતો હતો કે

આનંદપ્રમોદ માટે આવી મુલાકાતો સામાન્ય બાબત છે. રાજા કે મહાપ્રધાન પરમેશ્વરને તેની બહુ ચિંતા નહોતી. લોકો પોતાના શરીરના કોઈ પણ અંગનો શું ઉપયોગ કરે છે એ વિષે રાજ્યે ચિંતા કરવાની આવશ્યકતા નહોતી, એવું મહાપ્રધાન તેને યાદ અપાવતા રહેતા. માહિષ્મતી પ્રત્યે આ તેની બીજી ફરિયાદ હતી. તેની પ્રામાણિકતા, દયા કે મૂલ્યોની કોઈને કદર નહોતી. પોતાની ભક્તિની પણ એ લોકોને કદર નહોતી. એકવાર કેટલાક ઉમરાવોને વેશ્યાઓ સાથે ઉઘાડા પાડવાનો તેણે પ્રયત્ન કર્યો હતો પણ આખા દરબારે તેની મજાક ઉડાડી હતી. સ્કંદદાસના કુંવારા હોવા વિશે પીઠાંઓમાં દારૂ પીધા પછી અમુક લોકો જે બબડાટ કરતા તેના વિષે પણ તેના ગુપ્તચરો તેને માહિતી આપતા રહેતા. તેના ગુપ્તચરો એમ પણ કહેતા કે આ પ્રકારની વાતચીતનો અંત હંમેશાં સ્કંદદાસની સંભવિત નપુંસકતા પર આવીને જ થતો.

જોકે સ્કંદદાસે વર્તમાન સમસ્યા પર જ ધ્યાન કેન્દ્રિત કર્યું. રાજકુમાર બિજ્જલ સાવ મૂર્ખની જેમ એક ભયાનક જગ્યાએ ગયો હતો. કાલિકાના અડ્ડા પર કોઈ રાજકુમાર બિજ્જલનું અપહરણ કે હત્યા કરી નાખે, અને એ પણ એની ફરજ દરમિયાન, એ વિચારથી સ્કંદદાસ ધ્રૂજી ગયો. ભગવાને પોતાનાં પાપ ધોવાની આ તક આપી છે, એમ માનીને પણ તેણે ત્યાં જઈને રાજકુમારને તો બચાવવો જ રહ્યો.

'રાજકુમાર, હું અત્યારે જ કાલિકાના અડ્ડે જઈને મોટા રાજકુમારને કોઈ પણ પ્રકારનું નુકસાન પહોંચે નહીં તેનો પ્રબંધ કરું છું. જોકે રાજકુમારની સલામતી જોખમમાં મૂકનાર કોઈને પણ હું સજા આપ્યા વિના જવા દઈ શકું નહીં. એમની સામે ખટલો ચાલશે અને તેમણે રાજદરબારમાં જવાબો આપવા પડશે. જોકે કોઈ શરમમાં ન મુકાય એટલે એ ખટલો ખાનગીમાં ચાલે એવો પ્રયત્ન હું અવશ્ય કરીશ.'

'સ્કંદદાસ, કૃપા કરીને...' રાજકુમાર મહાદેવની આંખો ભરાઈ આવી.

આ મોટા ઘરના છોકરાઓ નાનામાં નાની સમસ્યાના સમયે પણ કેવા હિંમત હારી જાય છે, સ્કંદદાસે વિચાર્યું.

તેણે પોતાનું માથું થોડું પાછળ નમાવ્યું, કરોડરજ્જુ સીધી કરી અને એકદમ ટટ્ટાર બનીને ઊભો રહ્યો. 'મને ક્ષમા કરશો રાજકુમાર, પણ જો તમે એમ માન્યું હોય કે સલામતીને લગતો આટલો મોટો મુદ્દો હું મહારાજના ધ્યાન પર નહીં લાવું, તો તમે ખોટા માણસ પાસે આવ્યા છો.'

રાજકુમાર મહાદેવ વંદન કરી, ઊલટો ફરીને જતો રહ્યો. રાજકુમાર ઝૂકેલા ખભે, ચિંતામાં માથું ઝુકાવીને ચાલી રહ્યો હતો. એ દૃશ્ય સ્કંદદાસને ખરેખર ખરાબ લાગ્યું.

તેણે અંદર જઈને એકદમ હળવેથી દરવાજો બંધ કર્યો. એ જ્યારે ફર્યો, ત્યારે દૃશ્ય જોઈને થીજી ગયો. બૃહન્નલ્લા તેની ખુરશીમાં બેઠો બેઠો તાડપત્રમાં આવાગમનની નોંધ વાંચી રહ્યો હતો.

જ્યારે બૃહન્નલ્લાએ તેને જોયો ત્યારે તે સ્મિત ફરકાવતો ઊભો થઈ ગયો. તેણે જ્યારે પોતાનું માથું ફેરવ્યું ત્યારે તેની નથણીમાં રહેલો હીરો ચમકી ઊઠ્યો પણ તેના દાંતમાં તો એના કરતા પણ વધારે ચમક હતી.

'મારા આધિકારિક દસ્તાવેજોને હાથ લગાડવાની હિંમત તે કઈ રીતે કરી?' સ્કંદદાસે પૂછ્યું. પોતાનો ગુસ્સો કાબૂમાં રાખવા તે ભારે પ્રયાસ કરી રહ્યો હતો.

'લો, તમે પોતે તો મને આ તાડપત્રો તપાસવાનું કહ્યું હતું. એ મેં તપાસી લીધાં છે અને બધું બરોબર છે. તમે ફરી એક વાર તપાસી લેશો ?' બૃહન્નલ્લાએ સ્મિત કર્યું.

સ્કંદદાસને ખાત્રી હતી કે એક વધારાના ઢોલીની નોંધનો તેણે નાશ કરી નાખ્યો છે. સ્કંદદાસને બૃહન્નલ્લા કદી ગમતો નહીં. આમ તો કેકિ પણ કપટી જ હતો પણ એ બંનેની સરખામણી કરવામાં આવે તો બૃહન્નલ્લા વધારે ધૂર્ત હતો.

'તું...તું.' સ્કંદદાસને ક્રોધ વ્યક્ત કરવાના શબ્દ નહોતા મળતા. તેનો હોઠ ક્રોધથી ધ્રૂજી ઊઠ્યા અને તેણે બૃહન્નલ્લા તરફ આંગળી ચીંધેલી હતી.

'તમે તો ક્રોધનું સાક્ષાત્ સ્વરૂપ બની ગયા છો, સ્કંદદાસ,' કિન્નરે કહ્યું અને નમીને વંદન કર્યાં.

તેની ઉદ્ધતાઈ સ્કંદદાસને હંમેશાં ખટકતી હતી. જો એ કિન્નર ન હોત, તો અત્યાર સુધીમાં તો તેણે એને બહાર ફેંકાવી દીધો હોત.

'એટલું ભૂલીશ નહીં કે તું અત્યારે આ દેશના ઉપપ્રધાન સાથે વાત કરી રહ્યો છે,' સ્કંદદાસે ક્રોધના માર્યા મુઠ્ઠી વાળી દીધી.

'સ્વામી, એ તો હું કઈ રીતે ભૂલી શકું? અંતઃપુરની છોકરીઓ તો એમ વાતો કરતી હોય છે કે તમે તો રીંછ નચાવનારા જેવા લાગો છો પણ હું હંમેશાં એમની સામે દલીલ કરતી હોઉં છું કે તમારું હૃદય તો સોનાનું છે, સોનાનું. તમે સુંદર ન દેખાતા હોવ, તો શું થઈ ગયું ? અમે બધા તમારો આદર કરીએ છીએ, સ્વામી.' તેણે ફરી વાર નમીને, બે હાથ જોડીને વંદન કર્યાં.

સ્કંદદાસે આંખો બંધ કરીને ઊંડો શ્વાસ લીધો. 'રીંછ નચાવનારો' શબ્દો તેની જાતિનો આડકતરો ઉલ્લેખ હતા. અને એ તો ઓછામાં ઓછું અપમાન હતું. પણ આ બધાથી ય વધારે તો સ્કંદદાસને તેના વિનમ્રતાના દેખાડાથી ચીડ ચડતી હતી.

બૃહન્નલ્લાને પોતે મારી ન બેસે એ માટે સ્કંદદાસે પોતાની જાત પર ભયાનક નિયંત્રણ રાખવું પડ્યું. તેને મનોમન એમ વિચાર આવી ગયો કે આના કરતાં તો એને બોલાવ્યો જ ન હોત, તો સારું હતું. એની સાથે કઈ રીતે વાત કરવી એ જ તેને ખબર નહોતી પડતી. તારામાં રમૂજવૃત્તિનો અભાવ છે, તેના કાનમાં પરમેશ્વરના શબ્દો ગુંજી ઉઠ્યા.

'તારી મૂર્ખામીપૂર્ણ વાતો માટે મારી પાસે સમય નથી, કિન્નર. હું તને કાલે મળીશ. અત્યારે તું જતો રહે.'

'ક્રોધ કરીને આ બિચારા કિન્નરનું હૃદય તમે શા માટે તોડી રહ્યા છો, સ્વામી ? તમને મેં ક્રોધ અપાવ્યો હોય, તો હું તમારી ક્ષમા માંગું છું.'

'ચોકીદાર,' સ્કંદદાસે બૂમ પાડી.

'શાંત, સ્વામી, શાંત. ઐયો, તમે તો કેટલા ઝડપથી ગુસ્સે થઈ જાવ છો.'

'ચોકીદાર!'

બૃહન્નલ્લાએ જમીન પર પડીને દંડવતની મુદ્રામાં કહ્યું, 'ક્ષમા, જો મેં કોઈ રીતે તમારું અપમાન કર્યું હોય, સ્વામી.'

બે સૈનિકો ભવનમાં પ્રવેશ્યા અને નમીને ઊભા રહ્યા. 'મૂર્ખાઓ,' સ્કંદદાસે વિચાર્યું, 'મેં બોલાવ્યાના કેટલા સમય પછી તમે આવ્યા ?'

'ચોવીસ સશસ્ત્ર સૈનિકો અને મારો ઘોડો તૈયાર કરો,' સ્કંદદાસે કહ્યું.

સૈનિકો વંદન કરીને બહાર જતા રહ્યા.

'તમે ક્યાં જઈ રહ્યા છો, સ્વામી ?' બૃહન્નલ્લાએ પૂછ્યું.

'કાલિકાના અડ્ડે.'

'આહ, આહ, તમારી આ સમર્પણ ભાવનાની સાક્ષી બનવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું. તમે તો પરોઢની પ્રતીક્ષા કરવા પણ તૈયાર નથી. આ દેશનું હિત ખરેખર તમારા હૈયે વસેલું છે. કેવી દેશભક્તિ, કેવી ફરજનિષ્ઠા! તમે તો માહિષ્મતીનું સમ્માન છો. તમે રાજકુમાર બિજ્જલને બચાવવા જઈ રહ્યા છો.'

સ્કંદદાસ તેની તરફ તાકી રહ્યો. બૃહન્નલ્લાને પોતાની ભૂલનો ખ્યાલ એકાદ ક્ષણ પછી આવ્યો.

'રાજકુમાર બિજ્જલ કાલિકાના અડ્ડે છે, એ વાતની તને કઈ રીતે ખબર ?' તેણે પૂછ્યું. બૃહન્નલ્લાનો ચહેરો ચાદર જેવા સફેદ થઈ ગયો.

'આ તારી જીભે જ તને ફસાવી દીધો, નહીં ?' સ્કંદદાસ તેની મૂંઝવણ પર હસ્યો.

'જો મારા સ્વામી ઇચ્છે, તો હું હંમેશાં માટે બોલવાનું બંધ કરી દઈશ. તમે કેટલા મહાન માણસ છો. માહિષ્મતીને તમારા જેવા વધારે માણસોની જરૂર છે. હું તો હંમેશાં તમારી દાસી જ છું, સ્વામી. જય માહિષ્મતી !' કહીને બૃહન્નલ્લાએ સ્કંદદાસના ભવનમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કર્યો.

સ્કંદદાસ તેની તરફ હસ્યો. એકદમ ઝડપથી તેણે પોતાની તલવાર મ્યાનમાંથી કાઢી અને તેના ગળા પર લગાડી દીધી. 'તું મારી સાથે આવી રહી છે, મારી દાસી. તારી સમર્પણભાવનાથી હું પણ પ્રભાવિત થયો છું. કાલિકાની માતાએ જ તને એ અડ્ડા પર તાલીમ આપી છે, એ હું જાણું છું. તું એ જગ્યાના તસુએ તસુથી માહિતગાર છે. તો પછી આ ધ્યેય સિદ્ધ કરવામાં તારાથી વધારે મારી મદદ કોણ કરી શકશે ? ચાલો, આપણે બંને આ દેશની સેવા કરીએ, દેશભક્ત,' સ્કંદદાસે લુચ્ચા સ્મિત સાથે કહ્યું.

કોણ કહે છે મારી વિનોદવૃત્તિ ઓછી છે, એમ તેણે મનોમન વિચાર્યું અને બૃહન્નલ્લાના ચહેરા પર છવાયેલો ભય જોતો જોતો એ પોતાની જ રમૂજ પર હસી પડ્યો.

૧૬

શિવગામી

ઉઠંગાને અનાથાલય પાછો લાવીને ભંડારકક્ષમાં લઈ જવામાં આવ્યો. સૂકાં મરચાં, મરી અને આદુંના કોથળા એક બાજુ કરવામાં આવ્યા. બીજી બાજુ ચોખાના કોથળા ગોઠવવામાં આવ્યા. પકવવા માટે જે કાચાં કેળાં લટકાવવામાં આવ્યાં હતાં, તે ઉતારીને છાપરા પર મૂકવામાં આવ્યાં. જગ્યા કરવા માટે જમીન વાળવામાં પણ આવી. અમુક ઉંદરડાઓને ફટકા મારીને મારી નાખવામાં આવ્યા અને તેમની સાથે અમુક કરોળિયા પણ યમલોક સીધાવ્યા. તૂટેલા પાયાવાળા એક પલંગનું ઝડપથી સમારકામ કરવામાં આવ્યું અને એ ભંડારકક્ષના એક ખૂણે તેને પાથરવામાં આવ્યો.

ચીસો અને બૂમો વચ્ચે એ છોકરાને ઊંચકીને ત્યાં લાવવામાં આવ્યો અને પલંગ પર પાથરવામાં આવેલા કોથળાઓ પર તેને સુવડાવવામાં આવ્યો. અમુક લોકો થોડાક ગાભા લઈ આવ્યા અને તેનું પોટલું વાળીને ઓશીકું પણ બનાવી દેવામાં આવ્યું. ઉઠંગાના ડગમગતા માથાને એ ઓશીકાની ઉપર ગોઠવવામાં આવ્યું. રેવમ્માની જૂની સાડીના બે ટુકડા કરીને ઉઠંગાનું ઓઢવાનું બનાવવામાં આવ્યું.

શિવગામી એક સ્તંભ પાછળ એવી રીતે ઊભી હતી કે તે બને તેટલી અદૃશ્ય રહી શકે. ત્યાં ઊભાં ઊભાં તે આ બધું જોઈ રહી હતી. ઉઠંગાની ચોમેર વળેલું ટોળું જ્યારે પણ થોડુંક આઘુંપાછું થતું અને શિવગામીને એ છોકરો દેખાતો કે તે પોતાના નખ ચાવી જતી. હે ભગવાન, આ મેં શું કરી નાખ્યું, આ મેં શું કરી નાખ્યું એમ એ મનોમન બબડતી રહેતી હતી. એ હૈયાફાટ રુદન કરવા માંગતી હતી પણ તે એમ કરી શકી નહીં.

‘ભગવાનનો આભાર કે એ મરી નથી ગયો.’

પોતાના કાન નજીક આ શબ્દો સંભળાતાં શિવગામી ચમકી ગઈ.

‘કામાક્ષી,’ પોતાના હૃદય પર હાથ રાખીને તે બોલી. તેની આંખો ઊભરાઈ આવી અને તે ઊલટી ફરીને બાજુના એક સ્તંભ પર માથું ટેકવીને ઊભી રહી. ‘મારે મરી જવું છે. મેં શું કરી નાખ્યું !’ તે બોલી ઊઠી. કામાક્ષીએ તેને પોતાની છાતીએ વળગાડી લીધી અને શિવગામી ડૂસકાં ભરવા માંડી. એનામાં દોષની લાગણી ઊભરાઈ આવી હતી અને કામાક્ષીના મૃદુ શબ્દો કે તેની પીઠ પસવારી રહેલો કામાક્ષીનો હાથ, તેને સાંત્વના આપી શકતા નહોતા.

‘હવે તો તું બહુ ખુશ હોઈશ, કૂતરી,’ અચાનક તેમને કર્કશ અવાજ સંભળાયો.

થોંડકા પીઠ પાછળ હાથ રાખીને ઊભો હતો. તેની પાછળ ત્રણ છોકરાઓ હતા. તેમની આંખોમાંથી નફરત વરસી રહી હતી.

‘થોંડકા, કોઈ જ નાટક કરવાની જરૂર નથી,’ કામાક્ષીએ તેને ચેતવણી આપી. થોંડકાએ તેને ધક્કો મારીને બાજુમાં ખસેડી અને તેની તરફ ધસી ગયો. આંખના પલકારામાં શિવગામીના

ચહેરાની બાજુમાંથી એક ચાકુ પસાર થઈ ગયું. જો તે ક્ષણાર્ધમાં બાજુમાં ખસી ન હોત, તો તેનું નાક ચિરાઈ ગયું હોત. કામાક્ષી જોરજોરથી ચીસો પાડીને રેવમ્મા કે મદદે આવનાર કોઈને પણ બોલાવવા માંડી.

શિવગામીએ જોયું કે પેલા ત્રણ છોકરા પણ તેની તરફ લાકડીઓ અને લોખંડના સાંબેલા લઈને ધસી રહ્યા હતા. ચાકુનો બીજો હુમલો પણ તેણે ખાળ્યો અને થોંડકાને ધક્કો મારીને બાજુમાં ખસેડ્યો. તેણે નોંધ્યું કે એ રસોડાનું ચાકુ હતું. કોઈના પેટમાં હુલાવી દેવા માટે કંઈ બહુ ઉપયોગી નહોતું. એનાથી બહુ બહુ તો ચીરો જ પડી શકે. એ જોખમનું આકલન કરી રહી હતી તે દરમિયાન પેલા છોકરાઓમાંથી એકે કામાક્ષીની ડાંબી આંખ પર મુક્કો માર્યો અને તે નીચે પડી, એ પણ શિવગામીએ જોયું. એ જોઈને તેને ભયાનક ગુસ્સો આવ્યો.

'મેં કશું જ કર્યું નહોતું, કંઈ જ નહીં, હરામજાદા,' તેણે ચીસ પાડી. ફરી વાર જ્યારે ચાકુથી હુમલા થયો ત્યારે તેણે એ પકડી લીધું. તેની ધારથી પોતાની આંગળીઓ કપાઈ રહી છે, એની પીડા પર શિવગામીનું ધ્યાન જ નહોતું. તેની ડાબી કોણીએથી થોડુંક ગરમ લોહી ટપકી રહ્યાનો જરાક અણસાર તેને હતો.

એ દરમિયાન જ તેના જમણા ખભામાં ભયાનક પીડા ઊઠી. એ છોકરો ફરી વાર તેની પર લાકડી વીંઝી રહ્યો હતો. શિવગામીનો એક પગ તે છોકરાના બંને પગ વચ્ચે વીંઝાયો. તે છોકરો પોતાના વૃષણો દબાવીને નીચે પડ્યો. તેના માથાનું નિશાન લઈને સાંબેલું પણ વીંઝાયું પણ એ છોકરાના ગોઠણ પર જોરથી લાત મારીને તેણે એ છોકરાને પણ પાડી દીધો. દસ્તો દીવાલ પર વાગ્યો અને તેના માથા પર ઈંટોના ટુકડા અને ચૂનાનો વરસાદ થઈ ગયો. તેની પાંસળી પર એક મુક્કો વાગ્યો એટલે એકાદ ક્ષણ પૂરતો તો તેનો શ્વાસ રોકાઈ ગયો.

જગ્યા, જગ્યા જોઈએ છે મારે , તેણે વિચાર્યું અને શ્વાસ લેવા હવાતિયાં માર્યાં. તેના પેડુ પર લાત પડવાથી તેની ચાકુ પરની પકડ ઢીલી પડી. ચાકુ સરકતું સરકતું તેની હથેળી ચીરી ગયું. એ તાજા ઘાવમાંથી લોહી વહેવા માંડ્યું. થોંડકાએ ચાકુ ઊંચું કર્યું એ સમયે ચાકુનો ચમકારો તેને દેખાયો. અચાનક જ ઊર્જાનો ઊભરો આવ્યો હોય, તેમ શિવગામીએ થોંડકાનું કાંડુ પકડ્યું અને પોતાના ખભાની ઉપર લઈને તેને ચિત્ત કર્યો. થોંડકા પોતાના મિત્રોની ઉપર જઈ પડ્યો. એનાથી શિવગામીને ખૂણામાંથી બહાર નીકળવાનો થોડોક મોકો મળ્યો. એ બધાની ઉપરથી હવામાં ગુલાંટ મારીને તેણે કામાક્ષીને ઝટકો મારીને ઊભી કરી અને દોડી. એ બધા તેમની પાછળ જ આવી રહ્યાનો અવાજ તેને સંભળાતો હતો. એ અને કામાક્ષી માણસોથી ભરચક વરંડાની વચ્ચેથી જ દોડ્યાં ત્યારે છોકરા-છોકરીઓ બૂમાબૂમ કરી રહ્યાં હતાં. તેઓ એના લોહી માટે બુમરાણ મચાવી રહ્યાં હતાં. પણ શિવગામીને એની જરા પણ પરવા નહોતી. થોંડકા તેમની પાછળ જ હતો અને તે જંગલીની જેમ ચાકુ વીંઝી રહ્યો હતો.

કંઈક અણધાર્યું જ કરવું, એમ એના તિમ્મા કાકા તાલીમ દરમિયાન તેને વારંવાર કહેતા હતા અને એ શબ્દો અત્યારે તેના કાનમાં ગુંજી રહ્યા.

તે થોડીક ધીમી પડી જેથી થોંડકા તેના સુધી પહોંચી શકે. તે એક સ્તંભનો ટેકો લઈને હાંફતી ઊભી રહી. થોંડકા અને તેના મિત્રો પાસે આવી રહેલા જોઈને કામાક્ષી ધ્રૂજતી અને બરાડતી હતી. એ લોકોને આવતા સાંભળ્યા જ નથી એમ કરીને શિવગામી ઊભી રહી. તેણે આશા રાખી હતી તેમ થોંડકા તેની તરફ ચાકુ ઊંચું કરીને ધસી આવ્યો. છેલ્લી ઘડીએ તે નીચે નમી, ફરી અને તેને છાતી અને પેટની વચ્ચેના ભાગથી પકડ્યો. એની જ ગતિનો ઉપયોગ કરીને શિવગામીએ એને સ્તંભની દિશામાં ઉછાળી દીધો.

પથ્થરના સ્તંભ પર થોંડકાનું મોઢું અથડાયું અને બહાર નીકળી આવેલા તેના આગળના

દાંત ખરી પડ્યા. તેના હાથમાં રહેલું ચાકું ખડિંગ કરતું જમીન પર પડ્યું. એ જમીન પર છાતીભેર પડ્યો અને તેના કપાયેલા હોઠ અને નાકનું લોહી તેની આસપાસ ખાબોચિયાની જેમ ઊભરાવા માંડ્યું. એને ચક્કર આવતાં હોય એમ લાગતું હતું. પોતાના ગોઠણથી વજન આપીને શિવગામીએ તેની પાંસળીઓ કચડી નાખી અને એ સંપૂર્ણ ધ્વસ્ત થઈ ગયો. એ જોઈને બીજા છોકરાઓ ખચકાયા. શિવગામીએ જમીન પર પડેલું ચાકુ ઉઠાવ્યું અને તેમની તરફ ધર્યું. એ લોકોએ થોડાંક ડગલાં પાછાં ભર્યાં. શિવગામીએ કામાક્ષીનો હાથ પકડ્યો અને સીધી જ એ છોકરાઓની દિશામાં ગઈ. જે છોકરાના વૃષણ પર તેણે લાત મારી હતી, તેણે શિવગામી પર લાકડી વીંઝવાનો પ્રયત્ન કર્યો પણ તેની દિશામાં ચાકુ ચલાવવા માટે તો શિવગામીને તેની દિશામાં નજર પણ ફેરવવી પડી નહીં. એક હાથનું ચિરાયેલું કાંડુ બીજા હાથથી દબાવીને તે નીચે પડ્યો અને બીજા બે છોકરાઓ આ જોઈને ભાગી છૂટ્યા.

શિવગામી આઘાત પામેલાં છોકરા-છોકરીઓની પાસેથી પસાર થઈ. રેવમ્મા તો પાગલની જેમ બૂમો પાડી રહી હતી કે દેશદ્રોહીની છોકરીએ તેના છોકરાઓને મારી નાખ્યા. તેની દિશામાં નજર પણ કર્યા વિના શિવગામી તેની બાજુમાંથી પસાર થઈ ગઈ.

'એ રાક્ષસી છે, યક્ષી છે…નહીંતર એ મને હરાવી જ ન શકે. ભગવાન જ આપણને આ ડાકણથી બચાવી શકશે,' તેને થોંડકાનો અવાજ સંભળાયો. થોડી વારમાં તો 'યક્ષી' અને 'રાક્ષસી'ના આક્રોશસભર નારા ગુંજવા લાગ્યા. તેણે ઊલટી ફરીને પેલું ચાકુ થોંડકા તરફ ફેંક્યું. એ ચાકુ થોંડકાના ગળે લસરકો કરીને સ્તભની પાછળ રહેલી દીવાલમાં અથડાયું. પછી જે ચુપકીદી છવાઈ ગઈ તેમાં દીવાલમાં ખૂંપેલા ચાકુની ધ્રૂજી રહેલી મૂઠનો અવાજ પણ સંભળાતો હતો.

શિવગામી કામાક્ષીને લઈને ભંડારકક્ષમાં ગઈ અને તેનો દરવાજો તેણે બંધ કરી દીધો. તે પોતાના ગોઠણ પર બેસી પડી અને પોતાની હથેળીઓમાં તેણે પોતાનો ચહેરો છુપાવી દીધો. તેનો ચણિયો લોહીથી ભીંજાયેલો હતો અને દરેક શ્વાસે તેની છાતીમાં બળતરા ઊઠતી હતી. મરી અને મરચાની તીખી ગંધથી એ બળતરામાં વધારો થતો હતો. પોતાની હથેળીમાંથી વહેતું લોહી અટકાવવા માટે શિવગામીએ આસપાસ કંઈક શોધ્યું. પછી તે એ પલંગ પાસે ઘસડાઈને આવી જેની પર ઉઠંગાનું બેભાન શરીર પડ્યું હતું.

કામાક્ષી તેના ઘાવ પર હળદર લગાવી રહી હતી તે દરમિયાન તે બેભાન ઉઠંગાને તાકી રહી. પછી પણ શિવગામી પૂતળાની જેમ જ બેસી રહી, ઉઠંગા તરફથી નજર જરા પણ ખસેડ્યા વિના કામાક્ષીએ તેની કંચુકી ખોલીને જમણા સ્તન નીચેના ઘાવનો સ્પર્શ કર્યો ત્યારે પણ શિવગામી હલી નહીં. તેના સ્તનની નીચે લીંબુ જેવડો ઘા પડ્યો હતો અને તેમાં લોહી જામી ગયું હતું.

કામાક્ષીએ શિવગામીની પાંસળીઓ દબાવીને પૂછ્યું, 'દુ:ખે છે?' પણ શિવગામીએ કોઈ જ જવાબ આપ્યો નહીં.

'સદ્‌નસીબે કંઈ તૂટ્યું હોય એમ લાગતું નથી,' શિવગામીના ચહેરા, પીઠ અને સ્તનો પરથી લોહી લૂછતાં લૂછતાં કામાક્ષીએ કહ્યું. તેણે બધા ઘા પર હળદર લગાવી અને તેની કંચુકી બાંધી પણ દીધી.

ઉઠંગા જે પલંગ પર સૂતો હતો તેના પર શિવગામીએ પોતાનું માથું ટેકવી દીધું. તેની આંખમાંથી આંસુ સરવા માંડ્યાં અને તે ડૂસકાં ભરવા માંડી, 'મને માફ કરજે, મને માફ કરજે,' તે બબડતી રહી.

'એને સારું થઈ જશે. એમાં તું આશા ખોઈશ નહીં. તે કશું કર્યું જ નહોતું, શિવગામી.

એટલે એ બાબતમાં તારે દોષની લાગણી અનુભવવાની કોઈ જ જરૂર નથી,' કામાક્ષીએ કહ્યું પણ શિવગામીએ એ વાતનો કોઈ જ જવાબ આપ્યો નહીં. કામાક્ષીએ નિસાસો નાખ્યો અને પોતાની આંખ તપાસવા એ દીવા પાસે ગઈ. 'હું ભયાનક લાગું છું.' પોતાની કાળી પડી ગયેલી આંખ જોઈને કામાક્ષીએ કહ્યું, 'હું એ છોકરાનું ખૂન કરી નાખીશ.'

શિવગામી હજુ પણ કંઈ બોલી નહીં. કામાક્ષીએ પોતાની બહેનપણીનો ખભો હલાવ્યો અને તેનું માથું પણ હલાવ્યું પણ જોયું કે શિવગામી તો ચૂપચાપ રડી જ રહી હતી.

'મને એમ કે તું તો બહુ બહાદુર છોકરી છે,' કામાક્ષીએ કહ્યું. પણ શિવગામીએ પોતાનું મૌનવ્રત તોડ્યું નહીં એટલે તેને સુવાડવા માટે કામાક્ષીએ જગ્યા કરવા માંડી.



શિવગામી જાગી ત્યારે પણ હજી તો અંધારું જ હતું. એ ક્યારે ઊંઘી ગઈ એનો તેને ખ્યાલ જ નહોતો રહ્યો. ઓરડામાં માત્ર ઉઠંગાના શ્વાસનો અવાજ જ સંભળાતો હતો.

છાપરામાં રહેલી એક નાનકડી તિરાડ વાટે ચાંદની અંદર આવી રહી હતી. તેને થોડાંક દબાયેલા અવાજો પણ સંભળાયા. કે પછી પવનને લીધે પાંદડાં હલી રહ્યાં હતાં ? તેણે કાન દઈને સાંભળવાનો પ્રયત્ન કર્યો. કોઈ રડી રહ્યું હતું. 'કામાક્ષી?' તે બોલી પણ કોઈ જવાબ મળ્યો નહીં.

તે ઊભી થઈ અને પોતાને થતી પીડા દબાવવા તેણે પોતાના હોઠ દબાવ્યા. તે દરવાજા સુધી ગઈ અને તેને ધક્કો માર્યો. કિચૂડાટ કરતો એ દરવાજો મુખ્ય આંગણામાં જ ખૂલ્યો. વાદળવિહીન આકાશમાં લટકી રહેલો ચંદ્ર તેને દેખાતો હતો. કોઈકે ઉધરસ ખાધી અને શિવગામી થીજી ગઈ. જ્યારે કોઈ હલનચલન વરતાઈ નહીં, ત્યારે તે દરવાજા તરફ આગળ વધી અને અંધારામાં જ ધીરે ધીરે તે વરંડામાં ગઈ.

તેને આશ્ચર્ય એ વાતનું થયું કે મુખ્ય દરવાજો ખાલી જ વાસેલો હતો, તાળા વિના. તેણે દરવાજો ખેંચીને ખોલ્યો અને તેના અવાજની કોઈ પ્રતિક્રિયાની રાહ જોઈ રહી. જ્યારે કંઈ પણ બન્યું નહીં ત્યારે તેણે બહાર ડગલું માંડ્યું. કોઈ બીજા છોકરાએ ઉઠંગાની જગ્યા લઈ લીધી હતી પણ શિવગામી તેને ઓળખતી નહોતી. ખચકાટ સહ તેણે એ સૂતેલા છોકરાને ઓળંગ્યો અને તે અનાથાલયની બહાર આવી ગઈ.

પાછા ફરીને શિવગામીએ એ ઇમારત પર નજર કરી. આછી ચાંદનીમાં તેની આકૃતિ ઊપસી આવેલી જણાતી હતી પણ રાત્રે આ અનાથાલય દિવસથી પણ વધારે ખરાબ દેખાતું હતું. એ કઈ રીતે...એમણે મારી સાથે આ કરવા જેવું નહોતું. હું તો એમને પિતા સમાન માનતી હતી . પોતાનામાં તિમ્મા પ્રત્યે ઊભરાઈ રહેલી નફરત તેણે દબાવવાનો પ્રયત્ન કર્યો. તેણે મનોમન વિચાર્યું કે આ જગ્યાથી ક્યાંય ભાગી જવું જોઈએ? તે કોઈ ઉમરાવના ઘરમાં દાસી તરીકે અવશ્ય ટકી શકશે. તેને લખતાં-વાંચતાં પણ આવડતું હતું એટલે તે બાળકોને ભણાવીને પણ ગુજારો કરી શકશે. આ નર્કમાંથી છૂટવા માટે તો ગમે તે કરવું પડે તો કરવું જોઈએ. એણે પોતાનું પોટલું શોધીને એમાં તેના પિતાનું પુસ્તક છે કે નહીં તેની ખાત્રી કરીને ભાગી છૂટવાનું જ હતું. એકદમ સરળ વાત હતી. કોઈને એની જાણ પણ નહીં થાય અને કોઈને એની પરવા પણ નહોતી.

પછી અચાનક જ ઉઠંગાનો બેભાન ચહેરો તેની આંખો સામે તરવા માંડ્યો અને શિવગામીમાં નિરાશા વ્યાપી ગઈ. ના, એ ઉઠંગાને આવી રીતે છોડીને જઈ શકે એમ નહોતી.

તેણે પોતાના પહોંચાથી ભરાઈ આવેલી આંખો લૂછી.

તેને ફરીવાર કોઈની ગુસપુસ સંભળાઈ. શું એ કોઈ પુરુષનો અવાજ હતો ? તે સાવચેત થઈ ગઈ. ગલીમાં તો ચકલુંય ફરકતું નહોતું અને અવાજ તો ઇમારતની બાજુમાંથી આવી રહ્યા હતા. તે બિલ્લીપગે અવાજની દિશામાં ગઈ. તે અનાથાલયના પડછાયામાં જ રહેવાની કાળજી સાથે આગળ વધી. એ લોકોને તેણે એક મોટા અંજીરના વૃક્ષ નીચે જોયાં – એક સ્ત્રી અને પુરુષ ગાઢ આલિંગનમાં હતાં. તેમની પાછળ થોડેક દૂર નકામી ઘોડાગાડીઓથી ભરેલો તબેલો દેખાતો હતો.

શિવગામી હળવે હળવે તેમની દિશામાં આગળ વધી. તે તેમની એટલી નજીક ગઈ કે જેથી તેમની વાતચીત સંભળાઈ શકે. તે એક ઝાડી પાછળ છુપાઈ ગઈ. તેને માત્ર તેમનો આકાર જ દેખાતો હતો પણ નજીક જતાં તેને દેખાયું કે તે યુવાન યુગલ હતું, કદાચ તેની જ ઉંમરના હશે.

એ છોકરો છોકરીને એટલા જોશથી ચૂમી રહ્યો હતો કે શિવગામી શરમાઈ ગઈ. છોકરી આમ તો એનો વિરોધ કરી રહી હતી પણ જે રીતે તેના હાથ પેલા છોકરાની ગરદન ફરતે વીંટળાયેલા હતા, તેનાથી તો એ પણ છોકરા જેટલી જ ઉત્તેજિત જણાતી હતી. છેવટે છોકરી ધક્કો મારીને છોકરાને દૂર ખસેડવામાં સફળ થઈ અને પાસેના વૃક્ષને ટેકો દઈને ઊંડા શ્વાસ ભરતી એ ઊભી રહી. પોતાના ચહેરા પરથી તેણે વાળ હટાવ્યા. કામાક્ષી ! એ અહીંયાં શું કરી રહી છે ? અને પેલો છોકરો કોણ છે ?

‘મહેરબાની કરીને મારી વાત સાંભળ, શિવા,’ કામાક્ષીએ આજીજી કરી.

‘હું પણ આ જીવનથી કંટાળી જ ગયો છું, કામો. હું થોડા સમયમાં તો તારા માટે પાછો આવીશ અને પછી આપણે સાથે ક્યાંક જતાં રહીશું.’ છોકરાએ જવાબ આપ્યો.

કામાક્ષીએ પોતાનો ચહેરો ફેરવી લીધો. ‘આપણે અત્યારે જ શા માટે ન જઈ શકીએ ? મને તો અહીંયાં રહેવાનો બહુ જ ડર લાગે છે. પેલો કિન્નર અહીં આવીને મારી માંગણી કરતો રહે છે. અત્યાર સુધી તો રેવમ્માના લોભને કારણે જ હું બચવા પામી છું.’

કિન્નર ? શિવગામી વિચારવા લાગી. અને રેવમ્માના લોભથી કામાક્ષી કઈ રીતે બચે છે ?

‘હવે નવી છોકરી આવી છે એટલે કેકિ કદાચ એની પર પોતાની નજર ઠેરવશે. આમ પણ થોડાક જ દિવસની વાર છે, પ્રિયે,’ છોકરાએ કહ્યું.

‘શિવગામીને કંઈ પણ થાય એવું હું ઇચ્છતી નથી. એ મારી પ્રિય સહેલી છે, શિવા.’

‘પોતાની સલામતીનો પ્રશ્ન હોય ત્યારે તમારે સ્વાર્થી બનવું જ પડે છે, કામા. તારા બદલે કેકિના ફંદામાં નવી છોકરી ફસાય એ મને વધારે ગમશે.’

‘તું આવી વાત જ ન કરે એમ હું ઇચ્છું છું.’ કામાક્ષી તેનાથી અવળી ફરી ગઈ. છોકરાએ પોતાની હથેળીઓથી તેનો ચહેરો ઢાંકવાનો પ્રયત્ન કર્યો.

આ લોકો શું વાત કરી રહ્યા છે? કેકિ? ગઈ સાંજે અનાથાલય આવતા રસ્તામાં જે કિન્નરે તેમને અટકાવ્યા હતા, એ કેકિ? શિવગામીના મનમાં અંકોડા મળવા લાગ્યા. અનાથાલયમાં તેનાથી કોઈ મોટી છોકરી નહોતી, સિવાય કે કામાક્ષી. શિવગામીએ બે વત્તા બે ચાર કરી લીધા. જ્યારે તેણે ફરી વાર પેલા યુગલની દિશામાં જોયું, તો પેલો છોકરો કામાક્ષીને પોતાની એકદમ નજીક રાખીને ઊભો હતો. તે નીચી નજર કરીને કામાક્ષીના ચહેરાને નીરખી રહ્યો હતો. ‘કામા, હું દિલગીર છું. થોડાક વધારે દિવસ ધીરજ ધર. અમારું આયોજન કંઈક મોટું છે. એ પછી કશું જ પહેલાં જેવું નહીં રહે – પછી કોઈ ગુલામ કે અનાથ નહીં હોય. રાજાઓ અને

ઉમરાવોનું શાસન ભૂતકાળ બની જશે. બધાને એક સમાન હક મળશે. આપણું શાસન કોણ સંભાળશે, એ આપણે જ ભેગાં મળીને નક્કી કરીશું.'

કામાક્ષીએ નિસાસો નાખ્યો. 'તું દિવાસવપ્ન જેવી વાતો કરે છે. દુનિયામાં ક્યાંય એમ નથી થતું. શું એવું નથી કે ભગવાનની ઇચ્છાથી જ કોઈ રાજા બને, કોઈ નાનો માણસ બને અને કોઈ...'

'અને કોઈ મારા જેવું ગુલામ બને, જેની સાથે જાનવરોથી પણ ખરાબ વ્યવહાર કરવામાં આવે છે, ખરુંને કામા ?' છોકરાના અવાજમાં રહેલી ધારથી શિવગામી સચેત બની ગઈ.

'મારો...મારો એવો અર્થ નહોતો, શિવા. મહેરબાની કરીને મારી સામે જો.'

કામાક્ષીએ તેની ગરદન ફરતે હાથ વીંટાળી દીધા અને તેને ચૂમવા લાગી. તેણે કામાક્ષીને ધક્કો મારીને પોતાનો વિરોધ નોંધાવ્યો. એ તેને વધારે જોરથી ભેટી પડી અને જ્યારે એણે કંઈક કહેવા મોઢું ખોલ્યું ત્યારે તે તેને ફરી વાર ચૂમવા લાગી. છોકરાની આંગળીઓ કામાક્ષીની આંગળીઓ સાથે ભિડાઈ ગઈ અને તેણે તેને વૃક્ષ સાથે દબાવી દીધી. કામાક્ષીના હોઠ પરથી પોતાના હોઠ હઠાવ્યા વિના જ તેના હાથ તેની કંચુકીનું ભીતર ખોજવા લાગ્યા. તેણે બંને હાથમાં તેના સ્તન પકડી લીધા અને કામાક્ષીએ ચહેરો બાજુમાં ફેરવીને ઉંહકારો કર્યો.

શિવગામીનો ચહેરો રતુંબડો થઈ ગયો અને તેને શરમ પણ આવી. તે દોડીને પોતાના ઓરડામાં જવા માંગતી હતી પણ તેની ઇચ્છા છતાં તેના પગ ઊપડતા નહોતા. ત્યાં સુધીમાં કામાક્ષીની કંચુકી તો ખૂલી ચૂકી હતી અને તેનો પ્રેમી અત્યારે તેના ડાબા સ્તનને પોતાની જીભથી રમાડી રહ્યો હતો. તેના હાથ કામાક્ષીના અસ્તવ્યસ્ત વાળમાં ફરી રહ્યા હતા. કામાક્ષીએ તેના હોઠ ચૂમવા માટે તેને ઉપર ખેંચ્યો. તેણે એમ કરવા દીધું પણ ફરી વાર એ થોડો નીચે ઊતરી ગયો અને કામાક્ષીના શરીર પર બધે ચુંબનો કરવા લાગ્યો. કામાક્ષીની આંગળીઓ તેની ધોતીની ગાંઠ સાથે રમી રહી હતી.

અચાનક છોકરાએ પોતાની જાતને મુક્ત કરી અને તે એક ડગલું પાછળ હઠી ગયો. કામાક્ષીએ પોતાની આંખો ખોલી. શિવાના અભિગમમાં આવેલા અચાનક પરિવર્તનને કારણે કામાક્ષીને આશ્ચર્ય થયું.

'શું થયું, શિવા?' કામાક્ષીએ પૂછ્યું એ શિવગામીને સંભળાયું. પણ છોકરાએ કોઈ જવાબ આપ્યો નહીં.

'તું ગુસ્સે છે?' કામાક્ષીએ પૂછ્યું.

'ના, પ્રિયે. પણ હું હંમેશાં શુદ્ધ જ રહેવા માગું છું,' તેણે કહ્યું અને તે કામાક્ષીની કંચુકી બાંધવા લાગ્યો.

'હું હંમેશાં તારી જ હતી અને તારી જ રહીશ.' કામાક્ષીના અવાજમાં ધ્રુજારી હતી.

'જો હું જીવતો પાછો ન ફરું, તો...'

કામાક્ષીએ તેના મોઢા પર પોતાનો હાથ રાખી દીધો. 'તને કશું જ નહીં થાય. ભગવાન જ તારી રક્ષા કરશે.'

'ભગવાન, હંઅઅઅ,' કામાક્ષીના વાળમાં હાથ ફેરવતાં તેણે તિરસ્કારપૂર્વક કહ્યું. 'હંમેશાં અમારી બધાની રક્ષા કરી છે, એ જ રીતે ? ભગવાન પાસે અમારી માટે સમય જ નથી, કામા.'

'શીસસસ, તું આવી રીતે વાત ન કરીશ,' કહીને કામાક્ષી ફરી વાર તેને ચૂમવા લાગી. આ વખતે શિવાએ પણ તેને નજાકતથી ચુંબન કર્યું. થોડી ક્ષણો બંને હોઠ પર હોઠ ચાંપીને, હાથમાં હાથ અને હૃદય સાથે હૃદયના તાર જોડીને મગ્ન અવસ્થામાં ઊભાં રહ્યાં. હળવો હળવો પવન

કામાક્ષીના વાળને રમાડી રહ્યો હતો. ચાંદનીએ તેના વાળને ચાંદીના રંગે રંગી નાખ્યા હતા. શિવગામીની આંખો ભરાઈ આવી. પોતાના જીવનમાં જોયેલું આ શ્રેષ્ઠતમ દૃશ્ય હતું, એમ તેને લાગ્યું. એ દૃશ્ય એટલું દૈવી અને આશ્વસ્ત કરનારું હતું કે એક ક્ષણ માટે તો શિવગામીને એવી ઇચ્છા પણ થઈ આવી કે એ છોકરીની જગ્યાએ પ્રેમીના આલિંગનમાં પોતે હોત, તો કેવું સારું હોત. તેણે મનોમન સ્મિત કર્યું અને તે પોતાના પ્રેમીનો ચહેરો ઘડવા લાગી અને તેણે અચાનક જ પોતાની જાતને રોકી. ના, એ વ્યક્તિ તો નહીં જ. પોતાના પિતાને મારી નાખનાર રાજાનો છોકરો તો નહીં જ, એ મૂર્ખ, નકામો, મૃદુભાષી મહાદેવ તો નહીં જ.

‘જો મારો ભાઈ મારી સાથે જોડાયો હોત, તો…’ શિવગામીને શિવપ્પાનો અવાજ સંભળાયો. કામાક્ષીના ખભા પર હાથ રાખીને તે ઊભો હતો. કામાક્ષી પોતાની આંગળીઓથી તેની છાતી પર આકૃતિઓ દારી રહી હતી.

‘તે સૌથી મોટો છે, અમારા કુળનો વંશજ છે, બહુ જ પ્રતિભાવાન પણ છે. હું તો એની નબળી નકલ માત્ર છું. તેની શક્તિ કે બુદ્ધિનો મુકાબલો હું ન કરી શકું. અમારા નેતાને મળવા મારે એને લઈ જ જવો પડશે. અમારે તેની આવશ્યકતા છે.’ શિવપ્પાના શબ્દોમાં જુસ્સો હતો.

‘બધું બરોબર થઈ જશે. તું જરૂર જીતીશ. તારા બધાં જ સપનાં સાકાર થશે. આ કામ કંઈ તું માત્ર તારા જ માટે નથી કરી રહ્યો. તું તારું જીવન બીજા માટે જોખમમાં મૂકી રહ્યો છું. ભગવાન પણ એ લોકોને જ પ્રેમ કરે છે અને એમના જ પક્ષે રહે છે જે લોકો નિ:સ્વાર્થભાવે બીજા માટે કામ કરતા હોય છે,’ તેની આંખોમાં આાંખો પરોવીને કામાક્ષીએ કહ્યું.

‘કામા, મને તો માત્ર તારો જ પ્રેમ જોઈએ છે. એના કારણે જ હું જીવતો છું અને ભવિષ્ય વિષે વિચારતો રહું છું. હું ચોક્કસ પાછો આવીશ, કામા, અને ત્યાં સુધીમાં બધાં જ સ્ત્રી-પુરુષો સ્વતંત્ર પણ થઈ ગયાં હશે. કોઈ રાજા કે રાણી નહીં હોય, કોઈ ઉમરાવ, ઊંચી જાત કે નીચી જાત નહીં હોય કે કોઈ ગુલામ પણ નહીં હોય. મુક્ત જગત, મુક્ત ભવિષ્ય.’

કામાક્ષીએ સ્મિત કર્યું. ‘નસીબને બહુ લલચાવીશ નહીં. તું વધારે પડતા મોટાં જ સપનાં જુવે છે.’

શિવપ્પા હસ્યો. ‘તો તું જ નક્કી કર. મારે સપનાં જોવાં જોઈએ કે નહીં?’

‘સપનાં જો, પણ નાનાં નાનાં સપનાં જો.’

‘નદીકિનારે વસેલી નાનકડી ઝૂંપડી?’

‘હમ્મ્મ્…’

‘વાડામાં ગાયો ?’

હમ્મ્મ્ …’

‘મારી બાજુમાં સુંદર છોકરી…’

‘હમ્મ્મ્ …’ કહીને કામાક્ષીએ પોતાનું શરમાળ મોટું બાજુમાં ફેરવી લીધું.

‘જેને હું જ્યારે ચાહું ત્યારે ચૂમી શકું.’ શિવપ્પાએ તેના ગાલ પર એક ચુંબન કર્યું. ‘જ્યાં ઇચ્છું ત્યાં…’ તેણે કામાક્ષીનો હોઠ ચૂમવા તેનો ચહેરો પોતાની દિશામાં ફેરવવાનો પ્રયત્ન કર્યો પણ કામાક્ષીએ સામે જોર કર્યું. તેણે કામાક્ષીની આંગળીઓ હાથમાં લઈને ગણવી શરૂ કરી, ‘એક, બે, ત્રણ….દસ બાળકોને રમાડવાનાં, ચીસાચીસ કરવાની અને ધમકાવવાનાં .’

કામાક્ષીએ તેને ધક્કો માર્યો. ‘બહુ થયું. આ કંઈ નાનું સપનું નથી. તું વધારે પડતો જ લોભ કરી રહ્યો છે.’

શિવગામી લગભગ હસી જ પડી. રાજા સામે લડવા માટે બળવાખોરો ભેગા થયા છે, એ વાત જાણીને તે ઉત્તેજિત થઈ ગઈ હતી. તે આ દૃશ્યમાં પ્રગટ થઈને કામાક્ષી જેને શિવા કહેતી હતી તેની સાથે જોડાવા માટે તત્પર હતી. પણ તિમ્માએ ભણાવેલા ધીરજ અને સાવચેતીના પાઠને કારણે એ જે જગ્યાએ હતી, ત્યાં જ ઊભી રહી. તેણે આ વિષે વધારે તો જાણવું જ પડશે.

'મારા જવાનો સમય થઈ ગયો છે, કામા,' શિવાએ કહ્યું.

'હું દરેક શ્વાસે, દરેક ક્ષણે તારી માટે પ્રાર્થના કરતી રહીશ,' કામાક્ષીએ કહ્યું અને શિવા તેને છેલ્લી વાર ભેટ્યો. ઝાડીઓ પર ધુમ્મસ છવાઈ રહ્યું હતું, પાંદડાં પર ઝાકળ જામી રહ્યું હતું. શિવગામી ભીની આંખે જોઈ રહી અને તે કામાક્ષીના આલિંગનમાંથી છૂટો પડ્યો અને ત્યજાયેલા તબેલાના પડછાયામાં ઓગળી ગયો. શિવપ્પા જે દિશામાં ગયો હતો એ દિશામાં કામાક્ષી તાકી રહી, તેના ખભા ધ્રૂજી રહ્યા હતા. તેણે વૃક્ષનો ટેકો લીધો પણ તેણે નીચે બેસવું જ પડ્યું. તેણે ધ્રૂસકાં ભરવાનાં ચાલુ કર્યાં.

શિવગામી ચાલીને તેની પાસે ગઈ અને ધ્રુસકે ધ્રુસકે રડી રહેલી એ છોકરીની બાજુમાં જઈને બેઠી. તેણે પોતાની બહેનપણીને પોતાની પાસે ખેંચી. શિવગામીને જોઈને કામાક્ષીને આશ્ચર્ય થયું પણ તે એક પણ શબ્દ બોલી નહીં. શિવગામીના ખભે માથું ઢાળીને તે રડતી રહી.

શિવગામી કામાક્ષીને માત્ર એક જ દિવસથી ઓળખતી હતી પણ તેને એમ લાગતું હતું કે તે કામાક્ષીને વર્ષોથી ઓળખે છે. બંનેમાંથી કોઈ એક પણ શબ્દ બોલ્યું નહીં અને તેની આવશ્યકતા પણ નહોતી. કામાક્ષીની પીડા અને તડપને શિવગામી અનુભવી શકતી હતી. દૂર, વાદળોને ચીરતું ગૌરી પર્વતનું માત્ર શિખર જ દેખાતું હતું. શુક્રનો તારો તેમની સામે હસી રહ્યો હતો, એ તારો જેને જોઈને ઇચ્છા કરવાથી એ પૂરી થતી હોય છે, એમ માનવામાં આવતું. એની સહેલીનાં બધાં જ નાનાં-મોટાં સપનાં ફળે, એવી ઇચ્છા શિવગામીના મનમાં ઊગી આવી. તે વિચારવા લાગી કે તારો તેની સામે હસ્યો હતો કે કેમ ?

૧૭

પત્તરાય

બધું આયોજન મુજબ જ થઈ રહ્યું હતું. રાજકુમાર બિજ્જલ હિડંબા સામે બે લાખથી વધારે સુવર્ણમુદ્રા તો હારી ચૂક્યો જ હતો. તે એટલો નશામાં પણ હતો કે તે વધુ ને વધુ દેવામાં ડૂબી રહ્યો છે, એ વાતનો પણ તેને ખ્યાલ આવે તેમ નહોતો. પત્તરાય મનોમન હસ્યો. એ ધન માટે આ રમત નહોતો રમી રહ્યો. એને તો નિયંત્રણ જોઈતું હતું. આજે રાત્રે જે બની રહ્યું છે, એની વાત તો રાજકુમાર કદી કોઈની સાથે કરી શકે એમ નહોતો. એટલે એ પત્તરાયના હાથની કઠપૂતળી જ બની જશે. અને એનો ઉપયોગ કરીને પત્તરાય એ ભવન સુધી પહોંચશે જેમાં ગૌરીધૂળી રાખવામાં આવે છે.

તેને હિડંબાનો જીતવાનો અવાજ ફરી એક વાર સંભળાયો અને બિજ્જલનો હારવાનો.

'આપ ફરી વાર હારી ગયા, યુવરાજ. કેવું ખરાબ !' કેકિએ કહ્યું.

'આ તો શનિની પનોતી છે યુવરાજ. તમારે બ્રાહ્મણોને જમાડવા જોઈએ અને મંદિરમાં વધારે દાન આપવું જોઈએ,' નગ્ન કાલિકાની દિશામાં પીઠ કરીને બેઠેલો રૂદ્ર ભટ્ટ બોલ્યો.

ગુલામ તો એવી રીતે એકદમ સ્થિર બનીને, આંખનો પલકારો પણ માર્યા વિના ઊભો હતો જાણે કે તે આ ખંડનો એક સ્તંભ જ ન હોય. તેનો ભરાવદાર હાથનો સ્નાયુ થોડોક ફરકતો હતો, કારણ કે તેણે તલવારની મૂઠ પર પકડ જમાવી રાખી હતી.

'હજી એક પ્રયત્ન કરો યુવરાજ કે પછી તમે હાર સ્વીકારવા તૈયાર છો ?' પૂછીને હિડંબા હાથમાં પાસા રમાડવા લાગ્યો. રાજકુમાર બિજ્જલે કંઈક અસ્પષ્ટ અવાજ કર્યો અને નશાનો એક ઘૂંટ માર્યો. તેની સામે બેઠા બેઠા કાલિકા તેની ગરદન પર સુગંધીદાર તેલ લગાવી રહી હતી. મોર જેવા આકારના દીવામાંથી આવી રહેલા ધ્રૂજતા પ્રકાશમાં તેનાં સ્તન ચળકી રહ્યાં હતાં. પત્તરાયે જોયું કે બિજ્જલે કાલિકા તરફ ચોરીછૂપીથી નજર નાખી લીધી અને એ દેવદાસીએ તેની તરફ સ્મિત પણ કર્યું. આ જુવાન નોકરડી બિચારા છોકરાને પાગલ બનાવી દેશે, પત્તરાયે વિચાર્યું. આ આયોજનમાં કાલિકાને સામેલ કરવાનું પગલું બહુ જ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યું હતું. જોખમ ભરેલું પણ ફાયદાકારક પગલું હતું. પાસાના દરેક દાવ સાથે એ પોતાના લક્ષ્યની વધુ ને વધુ સમીપ પહોંચી રહ્યો હતો.

સ્કંદદાસ વિરુદ્ધ સાથ આપવા માટે તેણે અન્ય ભૂમિપતિઓને લાંચ આપી હતી. જો તેના આયોજન મુજબ જ બધું થાય તો એને કોઈના સાથની આવશ્યકતા નહોતી, પણ મહાપ્રધાન બનવા માંગતા રાજકારણી પાસેથી આ પ્રકારના પગલાની અપેક્ષા રાખવામાં આવતી.

તે જાણતો હતો કે આયોજન ગમે તેટલું શ્રેષ્ઠ હોય, તો પણ રાજકારણમાં ગમે ત્યારે પાસું પલટાઈ શકે છે, કારણ કે વફાદારી અવારનવાર પક્ષ બદલી નાખે છે, પીઠમાં છરી ભોંકવાની તો જાણે પ્રથા પડી ગઈ છે અને નીતિમત્તાની તો માત્ર વાતો જ કરવામાં આવે છે. પણ

પત્તરાયને આમાંથી કશાનો વિરોધ નહોતો. આ બધાના કારણે તો રમતમાં ઉત્તેજના આવતી હતી. આ દિવસ આખી રમત બદલી નાખનારો દિવસ બની રહેશે, એમ તેણે પોતાના સાથી-કાવતરાખોરોને વચન આપ્યું હતું.

મહાપ્રધાન બનવાની મહત્ત્વાકાંક્ષા દર્શાવવી એ તો માત્ર દેખાડો જ હતો. કાદરીમંડલમ્‌ની હરામજાદી રાજકુમારી મણિકર્ણિકા પણ પત્તરાયને માત્ર ધન અને સત્તાનો જ લોભી ગણતી હતી. પત્તરાયે જ્યારે રાજકુમારી સાથે વાત ચલાવવી શરૂ કરી ત્યારે પણ કદાચ રાજકુમારીએ તો એમ જ વિચાર્યું હશે કે તેને માહિષ્મતીની અંદર એક માણસ મળી ગયો છે. પણ તેને જાણ નહોતી કે પત્તરાય તો તેનો પણ ઉપયોગ જ કરી રહ્યો હતો.

‘અરે, યુવરાજ તો આ બાજી જીતી ગયા, દુષ્ટ વામન,’ કેકિએ તાલી પાડતાં પાડતાં કહ્યું અને તેણે ટચાકા ફોડીને રાજકુમારનાં ઓવારણાં લીધાં.

‘આ શનિનો જ પરચો છે, યુવરાજ. તમે સો બ્રાહ્મણોને જમાડવાનો વિચાર જ કર્યો અને શનિદેવ આપને ફળ આપવા માંડ્યા. આવા ઉમદા વિચારો કરતા રહો અને પછી જુઓ કે તમારું નસીબ કેવું પલટાય છે,’ રૂદ્ર ભટ્ટે કહ્યું.

કાલિકા પોતાની જગ્યાએથી ઊભી થઈ, બિજ્જલ પાસે જઈને તેનો હાથ પકડ્યો અને તેની આંગળીઓ પર ચુંબન કર્યું. પછી તે એટલી ધીમી ચાલીને પોતાની બેઠક પર ગઈ કે જેથી તેનું રસપાન કરવાનો પૂરતો મોકો રાજકુમારને મળી રહે. રૂદ્ર ભટ્ટે ઝડપથી પોતાની આંખો બંધ કરી લીધી અને કસ્તૂરીની સોડમ ઓછી થઈ પછી જ તેણે આંખો ખોલી. ગુલામની આંખો થોડીક ખેંચાઈ.

‘આપનું નસીબ ખરેખર પલટાઈ ગયું છે યુવરાજ. હવે તમે દાવ પર શું લગાડો છો ?’ હિડંબાએ ઉદાસ ચહેરે પૂછ્યું.

‘પચાસ હજાર સુવર્ણમુદ્રાઓ,’ કાલિકાને જોતાં જોતાં રાજકુમારે કહ્યું. કાલિકાએ માથું હલાવ્યું અને સુગંધિત તેલ પોતાના શરીર પર લગાવતી જ રહી. પત્તરાય જોઈ શકતો હતો કે કસ્તુરીની સુગંધથી બિજ્જલની કામવાસના વધારે સતેજ થઈ જતી હતી.

‘આવી અપ્સરાની આટલી ઓછી કિંમત, યુવરાજ ?’ કેકિએ કહ્યું, પછી તે કાલિકા પાસે ગઈ અને તેના વળાંકો પર પોતાની આંગળીઓ ફેરવી. ‘જુઓ તો ખરા કેટલી સુંદર છે એ ! તેનામાંથી કેવી સ્વર્ગીય સુગંધ આવે છે.’ તેણે કાલિકાની ગરદન પર પોતાનું નાક મૂકીને ઊંડો શ્વાસ લીધો.

‘એક લાખ સુવર્ણમુદ્રાઓ’, બિજ્જલ ચિત્કારી ઊઠ્યો.

આ મૂર્ખને એટલી પણ સાથે હશે કે એક લાખમાં કેટલા શૂન્ય હોય, પત્તરાયે વિચાર્યું. થોડોક વિરોધ થયો, થોડુંક ચીડવવાનું થયું અને રમત પાછી શરૂ થઈ. હજુ એક કલાક રમત ચાલ્યા પછી પોતાની માંગ નકારવાની રાજકુમારમાં શક્તિ નહીં હોય. એક વાર તેના હાથમાં ગૌરીધૂળી આવી જાય પછી શું કરવું એ અંગે તેણે બહુ મોટાં આયોજન કરી રાખ્યાં હતાં. નવા ગૌરીકાંતા પથ્થરો વિષે પણ તેણે આયોજન કરી રાખ્યું હતું. તેણે એ તમામ આયોજન કરી રાખ્યાં હતાં જે તેને માહિષ્મતીના સિંહાસન સુધી પહોંચાડી શકે તેમ હતાં.

‘યુવરાજ ફરી વાર જીતી ગયા. લેતો જા હરામખોર વામન,’ કેકિએ ટહુકો કર્યો. બિજ્જલે તાલીઓ પાડી અને આશાભરી નજર કાલિકા તરફ નાખી. કાલિકાએ ઊભા થઈને સ્મિત કર્યું. બિજ્જલે તેની તરફ મૂર્ખામીપૂર્ણ સ્મિત કર્યું. કમરે મોતીની પાતળી સેર સિવાય કશું જ ન પહેરેલી કાલિકા રાજકુમારની દિશામાં ચાલી. પછી રાજકુમારથી થોડેક જ દૂર તે એવી રીતે

આડી પડી કે તેનું માથું તેની હથેળી પર ટેકવાયેલું હોય. તેની કમરથી નીચેનો ગોઠણ સુધીનો ભાગ રાજકુમારને વચ્ચે પડેલા હુક્કાને કારણે દેખાતો નહોતો. કાલિકાએ તેની સામે આંખ મારી. રાજકુમાર ઊભો થવા ગયો પણ હિડંબાએ તેનું કાંડુ પકડી લીધું.

'આટલું જલદી નહીં, યુવરાજ. તમારી ચારમાંથી એક જ કૂકરી હજી ઘરમાં પહોંચી છે. બીજી ત્રણ તો હજુ બાકી જ છે. તો આ વખતે શું દાવ પર લગાડશો ?'

બિજ્જલે વામનની દિશામાં નજર કરી અને પછી આશાભરી આંખે તેણે કાલિકા સામે જોયું. તેણે પોતાના હાથથી જ પોતાનાં સ્તન દબાવ્યાં અને હકારમાં માથું હલાવીને તેને ખાત્રી આપી. રાજકુમારે પાસા હાથમાં લઈને પોતાની બંધ મુઠ્ઠીના પોલાણમાં હલાવ્યા. 'બે લાખ સુવર્ણમુદ્રાઓ,' તે બોલ્યો.

'જોયું, આ છે મારા બહાદુર રાજકુમાર, મારા નસીબદાર રાજકુમાર,' કહીને કેકિએ બિજ્જલના કાન પર ચુંબન કર્યું અને રાજકુમારનો ચહેરો લાલ થઈ ઊઠ્યો. તેણે કાન પર લાગેલી કિન્નરની લાળ અવળા હાથે લૂછી અને બોલ્યો, 'પકિડો-પકિડા બાર.'

પત્તરાયને રાજકુમારની દયા આવતી હતી. કેટલો મૂર્ખ હતો એ. માહિષ્મતીને વધારે સારા શાસકનો અધિકાર હતો. આવા મૂર્ખ શાસકનો નહીં. ટૂંકી ધોતી અને ટૂંકી કંચુકી પહેરેલી એક છોકરીએ બધાને નશાકારક પીણું પીરસ્યુ પણ પત્તરાયે એ પીણું લીધું નહીં. તેણે કદી પણ પોતાના જીવનમાં મદિરાપાન કર્યું નહોતું અને તેને એની ક્યારેય આવશ્યકતા પણ લાગી નહોતી. કાલિકાની કોઈ છોકરીઓથી પણ એ લલચાયો નહોતો. જ્યારે એની પત્ની જીવતી હતી ત્યારે તેણે તેને ખૂબ જ પ્રેમ કર્યો હતો. એની પત્ની સરળ અને જાડી હતી પણ એ તેને પૂરેપૂરો સમર્પિત હતો. તેના જીવનમાં એ એકમાત્ર સ્ત્રી આવી હતી. હવે તે જે કંઈ પણ કરી રહ્યો હતો, એ પોતાની પુત્રી માટે જ. જ્યારે તેની પત્ની મૃત્યુ પામી ત્યારે મેખલા માત્ર બે વર્ષની જ હતી. એને પુત્ર નહોતો એનું દુ:ખ અવશ્ય હતું પણ એના કારણે પોતાની પુત્રી માટેના એના પ્રેમમાં જરા પણ ઓટ આવી નહોતી. તેને ક્યારેય બીજા લગ્નનો વિચાર આવ્યો નહોતો. પુત્ર કરતાં પુત્રી વધારે સારી, એવો એને ક્યારેક વિચાર આવતો.

નિરાશાજનક વાત એક જ હતી કે તેની પુત્રીમાં તેની માતાનાં લક્ષણો અને બુદ્ધિ આવ્યાં હતાં. તે એકદમ સરળ અને પ્રમાણિક હતી. પ્રમાણિકતાનું ફળ કદી નથી મળતું એ વાત પત્તરાય ઘણા કડવા અનુભવો પછી સમજયો હતો. સારા માણસો ઘણી વાર ખોવાઈ જતા હોય છે. જીવનમાં આગળ વધવા માટે માણસે કપટી અને હોશિયાર બનવું પડે છે. જીવન એક સંઘર્ષ જ છે. મેખલા જ્યારે નાની હતી, ત્યારે તે તેને જંગલમાં લઈ જતો હતો. તે મેખલાને બતાવતો કે કઈ રીતે દરેક પ્રાણી શિકાર કરવા માટે અને શિકારીથી બચવા માટે છળકપટ અને હોશિયારીનો ઉપયોગ કરતું હતું. એ તેને કહેતો કે દરેક માણસને જીવનમાં માત્ર બે જ વિકલ્પો મળે છે, શિકાર કરવો અથવા શિકાર બનવું. પણ મેખલા એમ કહીને તેનો વિરોધ કરતી કે પ્રાણીઓ તો જીવવા માટે શિકાર કરે છે. તેમનામાં કોઈ લોભ નથી હોતો. જીવવા માટે લોભ આવશ્યક છે એમ તે તેને સમજાવતો. લોભ અને હોશિયારી એ માણસનાં બે શિંગડાં છે, આખલાને હોય છે એમ જ, તે સમજાવતો. તેના વિના આખલો શક્તિશાળી હોવા છતાં જંગલમાં ટકી શકે નહીં.

મહત્ત્વાકાંક્ષા અને રણનીતિ એ સમડીની બે પાંખ જેવાં અંગો છે અને તેના વિનાનો રાજકારણી પાંખ વિનાના પંખી જેવો છે, એ તેને કહેતો. મેખલા જવાબ આપતી કે રાજકારણીઓ સમડી જેવા નહીં પણ ગીધ જેવા હોય છે જે યુદ્ધના મડદા પર જીવતા હોય છે. પત્તરાય કહેતો કે યુદ્ધ પછી માત્ર એક જ જીવ ટકે છે અને તે છે મડદા ખાનારું ગીધ. માત્ર

ગીધને જ યુદ્ધના પરિણામની કોઈ અસર થતી નથી. તેના માટે યુદ્ધની હાર કે જીતનું મહત્ત્વ રહેતું નથી, કારણ કે ગમે તે જીતે, તેનું પેટ તો ભરાવાનું જ હતું. તેમની દલીલો અને મતભેદો અનંત હતા પણ પત્તરાય એમ કહીને મન મનાવતો કે એની પુત્રી ધીમે ધીમે આ દુનિયાના નિયમો સમજી જશે. એ હજુ નાની અને બિનઅનુભવી હતી. તે હંમેશાં કોઈના શરણમાં જ જીવી છે અને તેણે કદી પણ મુશ્કેલીઓનો સામનો નથી કર્યો. તેને પ્રમાણિકતાની વાતો કરવી પોષાય એમ છે, કારણ કે તેણે કદી પણ ભૂખ અને પરાજયનો સામનો નથી કર્યો.

તેની યુવાનીમાં તેના મિત્રો જુગાર પણ રમતા અને ગણિકાઓને ત્યાં પણ જતા, ત્યારે તેણે બહુ મહેનત કરીને તેના પિતા છોડી ગયા હતા એ દેવું ભરપાઈ કર્યું હતું. તેના હાથ ખોટકાઈ જતા ત્યાં સુધી એ કામ કરતો, વેપારી તરીકે દેશદેશાવરમાં ફરતો રહેતો અને તેના પિતાના નામે રહેલું પાઈ પાઈનું દેવું તેણે ચૂકતે કર્યું હતું, પછી ભલેને એ દેવાની કોઈ નોંધ હોય કે નહીં. તેના કારણે જ તેને ઘણા મિત્રો બન્યા હતા. પણ જેમનાં દેવાં ચૂકતે થયાં હતાં એ લોકો પણ તેને પ્રમાણિક કહી શકતા નહોતા.

'લો, આ વખતે તો આપ હારી ગયા, યુવરાજ,' હિડંબા બોલ્યો અને બિજ્જલે ગાળ દીધી.

'સ્વામી, યુવરાજ માટે કોઈ નવો મંત્ર નથી ? બ્રાહ્મણોને ગાયો આપવાનું કેવું રહેશે ? તમે લોકો ભેટમાં સાપ સ્વીકારો છો ? વાઘ કેવા રહેશે ? શું એનાથી રાજકુમારનું નસીબ પલટાઈ જશે ?' હિડંબાએ રૂદ્ર ભટ્ટને મહેણું માર્યું.

રૂદ્ર ભટ્ટ વામનને ગાળ દેવા ઊલટા ફર્યા પણ કાલિકાની ઉત્તેજક અંગભંગિમા તેમની નજરે પડી ગઈ એટલે શરમના માર્યા લાલ લાલ થઈ ગયા અને પાછા મંત્રોચ્ચાર કરવા માંડ્યા. આ વામન ખરેખર કાબો છે. એકદમ સ્વાભાવિક અભિનય કરે છે , પત્તરાયે વિચાર્યું. આમ તો કપટી અને ખતરનાક પણ ખરો . પત્તરાય જાણતા હતા કે એ આગ સાથે રમી રહ્યા છે પણ તેમણે જે આયોજન કર્યું હતું તેમાં આવા વિસ્ફોટક લોકોની આવશ્યકતા હતી.

રાજકુમારી મણિકર્ણિકા વિષે તેમના મનમાં શંકાઓ હતી. પણ દરિયાનું બંદર કાદરીમંડલમ્‌નો હવાલે હતું એટલે તેને કાદરીમંડલમ્‌ના સહકારની આવશ્યકતા રહેવાની હતી. પોતાના બાકીના આયોજન પર અમલ કરવા માટે તેનો મુખ્ય આધાર હતો જીમોતા અને તેનાં વહાણો. એ જે લોકોનો સાથ લઈ રહ્યો હતો, તેમાંથી એક પણ માણસ વિશ્વાસપાત્ર નહોતો. જોકે વિશ્વાસપાત્ર લોકો તો દેશદ્રોહ કરે પણ નહીં , એમ તેને કટુ વિચાર પણ આવી ગયો. એણે અત્યાર સુધી જે પણ કર્યું હોય, પણ હજુ સુધી માહિષ્મતીની સેનાનો અને તેના સેનાપતિ હિરણ્યનો ક્યાસ કાઢવાનો હતો અને મહારાજા સોમદેવનું કપટ કે ઘરડા શિયાળ પરમેશ્વરની શક્તિઓ ઓછી આંકવાની મૂર્ખામી પણ એ કરી શકે તેમ નહોતો. બીજા ભૂમિપતિઓ પણ પોતાની રીતે તો ભયાનક હતા અને તેમના વિષે પણ પૂર્વાનુમાનો કરવાં તો અઘરાં જ હતાં. એની ચતુરંગની રમતની દરેક કૂકરી હોશિયાર હતી અને રમત જેમ જેમ આગળ વધતી જાય તેમ તેમ તેણે લેવાનું દરેક પગલું વધારે ને વધારે જોખમી બનતું જવાનું હતું. તેમણે બધી કૂકરીઓને એક પછી એક કરીને રમતમાંથી દૂર કરવાની હતી. દેવરાયને તો તેણે પહેલાં જ દાવમાં સરળતાથી મહાત કરી દીધો હતો. સીધાં વૃક્ષો કાપવામાં સરળ હોય છે. હવે સ્કંદદાસનો વારો હતો.

'લો, પાછા આપ જીતી ગયા યુવરાજ ! વામન, આ પવિત્ર માણસની મજાક ઉડાડવા બદલ જ ભગવાને તને સજા કરી છે,' કેકિએ કહ્યું.

પત્તરાયે જોયું કે કાલિકા ધીરે ધીરે બિજ્જલની નજીક સરકી રહી હતી. રાજકુમારે તેનો

સ્પર્શ કરવાનો પ્રયત્ન કર્યો પણ કાલિકાએ અદાથી રાજકુમારની આંગળીઓ રમાડીને અટકાવી દીધી. 'મારા રાજકુમાર તો બહુ અધીરા છે. હવે બીજા ત્રણ દાવ જીતી બતાવો અને હું આખેઆખી તમારી,' તે બોલી.

'ક્ષમા કરશો યુવરાજ, પણ હું આપનાથી વધારે સારો ખેલાડી છું અને હું તો આપને નહીં જ જીતવા દઉં.' વામને લંપટ સ્મિત કરતાં કહ્યું.

તેણે કાલિકાના નિતંબ પર હાથ ફેરવ્યો અને દેવદાસીએ તેનો હાથ દૂર ખસેડ્યો. 'તું જીતે નહીં ત્યાં સુધી મને સ્પર્શવાની હિંમત જ કરીશ નહીં.'

'તો ચાલો,' તેણે હથેળીમાં પાસા રમાડ્યા અને તે કોઈ મંત્ર બોલ્યો.

'ના, ના, એ કોઈ કાળો જાદુ કરી રહ્યો છે,' કેકિ બોલી ઊઠ્યો અને બિજ્જલ ગુસ્સે થઈ ગયો. તેણે વામનના હાથમાંથી પાસા ખૂંચવી લેવાનો પ્રયત્ન કર્યો. વામને પાસા નાખ્યા અને હસવા માંડ્યો, 'જુઓ, હું તો જીતી ગયો.'

'છેતરપિંડી,' વામનને લાફો મારવા બિજ્જલ વાંકો વળ્યો પણ કાલિકાએ તેના ચહેરા પર પોતાના હાથ ઢાંકી દીધા. બિજ્જલની હથેળી કાલિકાના હાથ પર વાગી અને તે બોલી ઊઠી, 'તમે તો મને માર્યું, મારા રાજકુમાર.'

બિજ્જલ ગોઠણિયે બેસી ગયો. 'હું દિલગીર છું, હું દિલગીર છું,' તેણે આજીજી કરી અને કાલિકાની આંખો આંસુથી ઊભરાઈ ગઈ. પત્તરાય ખડખડાટ હસવા માંગતો હતો પણ ઉધરસના બહાના હેઠળ તેણે એ લાગણી છુપાવી દીધી. બિજ્જલે કહ્યું, 'મારી પર ગુસ્સે ન થઈશ. હું એની ભરપાઈ કરી દઈશ.'

'કેવું સરસ,' કેકિએ ઉદ્ગાર કાઢ્યો.

કાલિકાએ રડતાં રડતાં સ્મિત કર્યું, 'સ્વામી, તમે કેટલા કૃપાળુ છો.'

બિજ્જલે ચતુરંગની બિછાત તરફ જોયું ત્યારે હિડંબાએ કૂકરી તો ચલાવી દીધી હતી.

'છેલ્લા દાણા ગણવાના નહોતા,' બિજ્જલ ઘૂરક્યો.

'મારા દાણા ખોટા હોય જ નહીં,' વામને સ્મિત કર્યું.

'ચલો દંડનાયકને જ ન્યાય કરવાનું કહીએ,' કેકિએ કહ્યું અને બધાએ પ્રતાપ સામે જોયું.

તેણે થોડોક સમય વિચાર્યું પછી તે બોલ્યો, 'યુવરાજ સાચું કહે છે, છેલ્લા દાણા ગણવા જોઈએ નહીં.'

'જોયું, હંમેશાં સત્યનો જ વિજય થાય છે,' કેકિએ વિજયનો આનંદ વ્યક્ત કર્યો અને હિડંબા પરાજયના ભારથી ખભા નમાવીને બેસી ગયો.

બિજ્જલના ચહેરો હાસ્યથી ઝળહળવા માંડ્યો. 'હવે હું વીસ લાખનો દાવ લગાવું છું.'

કાલિકાએ ઉદ્ગાર કાઢ્યો, 'ઓહ, આ તો બહુ વધારે કહેવાય, સ્વામી. આ બિચારી સ્ત્રી કંઈ એટલી કીમતી નથી.'

બિજ્જલે તેની તરફ આંખ મારી અને ઉત્તેજનાપૂર્વક પાસા હાથમાં લીધા.

કેકિએ પોતાના સાથળ ઠપકારીને કહ્યું, 'આને કહેવાય રાજવી લોહી. જો કદરૂપા વામન, જો.'

'એમને એનો અફસોસ થશે.' હિડંબાએ કહ્યું.

'એનો અફસોસ તો તને થશે, દેડકા,' કેકિએ કહ્યું અને તે બિજ્જલ તરફ ફર્યો. 'મારા રાજકુમાર, તમારે ઈશ્વરના આશીર્વાદની આવશ્યકતા છે. આ રાજગુરુના આશીર્વાદ લો.'

પત્તરાયે મનોમન વિચાર્યું કે તેનું સંદેશવાહક ઘુવડ પેલા કુખ્યાત વેપારી સુધી પહોંચી ગયું હોય તો સારું. અમુક લોકો તેને જીમોતા ચાંચિયો કહેતા પણ તેની પાસે વેપાર કરવાનો રાજાનો પરવાનો હતો. એટલે કહેવા પૂરતો તો એક સામાન્ય વેપારી જ હતો. આ દેશમાં ઠગ , પૂજારી અને વેપારી વચ્ચેની ભેદરેખા બહુ પાતળી છે , પત્તરાયે નિરાશાપૂર્વક વિચાર્યું.

બિજ્જલ હાથ જોડીને આંખો બંધ કરીને રાજગુરુ સમક્ષ બેસી ગયો અને તેને દસ હજાર સુવર્ણમુદ્રાનું વચન આપ્યું. હિડંબા ચહેરા પર કંટાળાના ભાવ લાવીને બેસી રહ્યો. રૂદ્રએ પોતાના હાથ રાજકુમારના માથા પર રાખ્યો અને કોઈ મંત્રો ભણવા લાગ્યો. ગુલામ પાંપણ પલકાવ્યા વિના ઊભો જ હતો. પત્તરાયે જોયું કે પોતાની તરફ પીઠ રાખીને બેઠેલા પૂજારી તરફ કાલિકાએ પોતાનો પગ લંબાવ્યો હતો. પૂજારી મંત્રોચ્ચાર કરી રહ્યો હતો એ દરમિયાન કાલિકા પોતાના પગનો અંગૂઠો તેની કરોડરજ્જુની ઉપરથી નીચે સુધી ફેરવી રહી હતી. મંત્રોચ્ચારનો અવાજ બદલાઈ ગયો અને પૂજારી પરસેવે રેબઝેબ થઈ ગયો. સામાન્ય રીતે અતડો રહેતો પ્રતાપ પણ પૂજારીની આ પરિસ્થિતિ જોઈને સ્મિત ફરકતું અટકાવી શક્યો નહીં. પોતાનો પગ છુટ્ટો કરવા માટે પત્તરાય ઊભો થયો અને આ પ્રહસન જોઈને તે પણ હસી રહ્યો હતો.

ગલીમાં પડતી બારી તરફ તે ગયો. તેણે બારીના દરવાજા ખોલ્યા અને ઠંડા પવનની લહેરખી આખા ઓરડામાં ફરી વળી અને આજુબાજુ રહેલા આનંદધામમાં વાગતા સંગીતના સૂરો પણ ઓરડામાં ધસી આવ્યા.

ત્રણ માળ નીચે આવેલી ગલી રાતના આ સમયે પણ ભીડ ભરેલી હતી. આકાશમાં આડી-અવળી સફેદ રંગની લીટીઓ સ્વરૂપે વાદળો ક્યાંક ક્યાંક દેખાતાં હતાં. નર્શાત માણસો આમતેમ રખડી રહ્યા હતા, કેટલાકના હાથમાં સ્ત્રીઓ હતી તો કેટલાક ટોળીમાં ચાલતાં ચાલતાં બીભત્સ ગીતો ગાઈ રહ્યા હતા. અમુક દારૂડિયા તો રસ્તાની કોરે જ ફેલાઈને પડ્યા હતા. ગલીના વેપારીઓ હવે પોતાનો વેપાર સમેટી રહ્યા હતા.

પત્તરાયે આળસ મરડી અને બગાસુ ખાધું. આજનો દિવસ બહુ જ લંબાયો હતો. તે પોતાની બેઠક તરફ પાછો ફરવા જ જતો હતો અને થીજી ગયો. એણે જે જોયું એ શું હતું ? જોવામાં કંઈ ભૂલ તો નથી થતીને, એમ ખાતરી કરવા તેણે આંખો ઝીણી કરી. તેની છાતીમાં ધબકી રહેલા હૃદયને તે સાંભળી શકતો હતો. હરામજાદો ! વેશ્યાપુત્ર ! સ્કંદદાસ કાલિકાના અડ્ડા તરફ ઘોડા પર ધસી રહ્યો હતો, તેની સાથે સશસ્ત્ર સૈનિકો હતા અને બૃહન્નલ્લા તે બધાને રસ્તો બતાવી રહ્યો હતો.

પત્તરાય ક્રોધે ભરાયો. જોકે મનમાં ઊંડે ઊંડે તેણે સ્કંદદાસની પ્રશંસા પણ કરી નાખી. રાજકુમાર અહીં આવ્યો છે એ વાતની જાણ આને કઈ રીતે થઈ હશે ? કોઈકે જરૂર કંઈ લોચો માર્યો હશે. આ મોટા મોઢાવાળી કેકિ કે પછી કદાચ પૂજારી...તે બિજ્જલને બહાર નીકળી જવાની ચેતવણી આપવા જતો હતો કે તેને અચાનક જ બીજો વિચાર આવ્યો. ગૌરીકાંતા પથ્થર ! તેના હાથમાં તો માહિષ્મતીનું મોટામાં મોટું રહસ્ય હતું. એક એવા ગુનાનો પુરાવો તેની પાસે હતો, જે પકડાય તો તેનું માથું ધડથી અલગ થાય જ.

તેની પાસે કેટલો સમય છે એ જાણવા માટે તેણે બહાર નજર કરી. સ્કંદદાસ અને તેની ટોળી અદૃશ્ય થઈ ગઈ હતી. તેઓ સંભવતઃ ખાનગી માર્ગે આવી રહ્યા હતા. બૃહન્નલ્લા તેમને એ માર્ગેથી લાવી રહ્યો હશે, જેની જાણ બહુ જ ઓછા લોકોને હતી. તેઓ કોઈ પણ ક્ષણે અહીંયાં આવી પહોંચશે. પત્તરાયને એવું લાગ્યું કે જાણે તેના શ્વાસ અટકી ગયા હતા. તેણે ઝડપથી પગલા ભરવાનાં હતાં પણ તેનું મગજ તો નિષ્ક્રિય થઈ ગયું હોય, એમ લાગતું હતું.

હળવે પગલે અમુક લોકો ઉપર આવી રહ્યા હોય, એમ તેને સંભળાતું હતું. કે પછી આ

તેના ડરેલા મગજની કલ્પના માત્ર જ હતી ? તે જુગાર રમવામાં વ્યસ્ત પચરંગી ટોળી તરફ દોડી ગયો.

તેણે ગૌરીકાંતા પથ્થર જેમાં મૂકેલો એ બટવો ફેંક્યો અને બોલ્યો, 'આ મારો મોટામાં મોટો દાવ. જો રાજકુમાર જીતે, તો આ પથ્થર હું તેમને આપી દેવાનું વચન આપું છું.'

બિજ્જલે એ બટવો જમીન પરથી ઉઠાવ્યો અને તેને બાંધવામાં આવેલી દોરીઓ ખોલી. પછી તેણે એ પથ્થર પોતાના હાથમાં લીધો. 'નદીનો પથ્થર? તમે મારી મજાક કરી રહ્યા છો, ભૂમિપતિ?'

પત્તરાયને મનોમન એમ થયું કે તે આ મૂર્ખને એમ સમજાવે કે આ એક પથ્થરનું મૂલ્ય જ અડધા માહિષ્મતી નગર જેટલું છે. તેણે પોતાના મિત્રોના ચહેરા પર આવેલા આશ્ચર્ય અને ગુસ્સાના હાવભાવની અવગણના કરી અને કહ્યું, 'યુવરાજ, આ તો એક વિનમ્ર ભેટ છે. હું પાછી માંગુ નહીં ત્યાં સુધી આપની પાસે જ રાખો. આપ મને એ જ્યારે પાછો આપશો ત્યારે હિડંબા આપનું અડધું દેવું માફ કરી દેશે.'

'હું પાછો કરી દઈશ એમ ? તમે નશામાં છો, પત્તરાય ? લાખો સુવર્ણમુદ્રાઓ દાવ પર લાગી રહી છે,' હિડંબાએ કહ્યું. હવે પગલાં સ્પષ્ટ સંભળાતાં હતાં. પત્તરાયે વામનના હાથમાંથી પાસા ઝૂંટવી લીધા અને મેજ પર ફેંક્યા. પાસા ફરતા બંધ ન થયા ત્યાં સુધી તેણે વામનનો હાથ પકડી રાખ્યો.

'આપ જીતી ગયા, રાજકુમાર, હવે એ પથ્થર. આપ જ રાખો. આપ મને એ જ્યારે પાછો આપશો ત્યારે આપનું અડધું દેવું ચૂકતે ગણાશે,' પત્તરાયે કહ્યું.

વામને એ વાતનો જોરદાર વિરોધ નોંધાવ્યો અને પોતાને આવડતી હતી. તે બધી ગાળો તેણે પત્તરાયને ભાંડી. પત્તરાયને એવી ઇચ્છા થઈ આવી કે એ વામનના ટૂંકા પગ પકડીને તેને પેલી બારીની બહાર ફેંકી દે. એટલામાં જ ઓરડાના બીજા છેડે રહેલા દરવાજા પર ટકોરા પડ્યા.

'ગુલામ, તારા માલિકને લઈને દોડવા માંડ.'

'કેમ ?' બિજ્જલે હજુ પથ્થર હાથમાં લીધો નહોતો. એ હજુ મેજ પર જ પડ્યો હતો.

'સ્વામી,' દાંત કચકચાવતાં પત્તરાય બોલ્યો, 'તમારો ભેદ ખૂલે નહીં એમ જો આપ ઇચ્છતા હોવ, તો દોડવા માંડો. ઉપપ્રધાન સ્કંદદાસ થોડીક જ ક્ષણોમાં અહીં આવી પહોંચશે.'

'પરંતુ મારી અપ્સરા, મારી કાલિકાનું શું ?' બિજ્જલે કાલિકા તરફ જોયું. તે હવે સાવચેત બનીને ટટ્ટાર બેઠી હતી.

પત્તરાયે આંખો બંધ કરી, સ્વ-નિયંત્રણ માટે મનોમન જ પ્રાર્થના કરી લીધી અને પછી બોલ્યો, 'આપ હજુ તેને જીત્યા નથી. આવતી વખતે આપ...'

'તો હું જ્યાં સુધી જીતીશ નહીં ત્યાં સુધી રમતો જ રહીશ,' કહીને બિજ્જલે હાથમાં પાસા લીધા.

પત્તરાયે પોતાના હાથ મેજ પર પછાડ્યા એટલે બધી જ કૂકરીઓ ઊછળી અને ચતુરંગની બિછાત વિખરાઈ ગઈ. 'ગુલામ, અત્યારે જ તારા માલિકને લઈને દોડવા માંડ. બહાર નીકળ, અત્યારે જ બહાર નીકળ,' બારી તરફ આંગળી કરીને તો બોલ્યો.

કટપ્પા ખચકાયો. હવે દરવાજા પર ટકોરાના બદલે ફટકા પડવા માંડ્યા હતા. પત્તરાયે કહ્યું, 'હું દિલગીર છું, યુવરાજ.' અને તેણે યુવરાજના ચહેરા પર મુક્કો માર્યો જેનાથી બિજ્જલ બેહોશ થઈ ગયો. પત્તરાય કટપ્પા તરફ ફર્યો અને ગજર્યો, 'આ જીવને લઈને ભાગ.'

કટપ્પાએ ઓરડાના બીજે છેડે આવેલા દરવાજા તરફ જોયું, જે હવે તૂટી પડવાની તૈયારીમાં જ હતો. બહાર લડાઈ ચાલી રહી હોય એવું પણ તેમને સંભળાતું હતું. કદાચ, કાલિકાના સૈનિકો તેમને રોકવા આવ્યા હશે પણ એથી કંઈ વધારે સમય મળે એમ નહોતો.

કટપ્પાએ બિજ્જલને પોતાના ખભા પર લાધો. તે ખુલ્લી બારી તરફ ધસી ગયો અને તેણે નીચેની ગલી તરફ નજર કરી. પત્તરાયે તેના નામની બૂમ પાડી એ તેણે સાંભળ્યું અને તે ફર્યો. ભૂમિપતિએ તેની તરફ એક પથ્થર ફેંક્યો. કટપ્પાએ એ પથ્થરને હવામાં જ ઝડપી લીધો અને પોતાની કમરમાં ખોસી દીધો. એ ગમે તે હોય, પણ તેનાથી પોતાના માલિકનું થોડુંક દેવું ચૂકતે થાય એમ હતું. તેણે ઊંડો શ્વાસ લીધો અને ખભા પર બેભાન બિજ્જલને લઈને તે અંધારામાં કૂદી પડ્યો.

એ જ સમયે ધડામ કરતો દરવાજો તૂટ્યો અને સ્કંદદાસ સૈનિકો સાથે અંદર ધસી આવ્યો. તેણે બૃહન્નલ્લાની ગરદન પર તલવાર ધરી જ રાખી હતી. તેણે જોયું કે પત્તરાય અને પ્રતાપ સાપ-સીડીની રમતમાં વ્યસ્ત હતા. ખાનીપતિ હિડંબા પોતાનાથી બમણા કદના ઓશીકા પર મદહોશ થઈને સૂતો હતો. કેકિ કાલિકાને એક છીપલામાં નશાકારક પીણું આપી રહ્યો હતો. એ દેવદાસીએ રાજગુરુનું માથું પોતાના બે પગ વચ્ચે ડાબ હાથથી પકડી રાખ્યું હતું, એ જોઈને સ્કંદદાસને ઘૃણા થઈ આવી.

પત્તરાયે રમતમાંથી નજર ઊંચી કરીને પૂછ્યું, ‘ઉપપ્રધાન સ્કંદદાસ, આપનું સ્વાગત છે. આસન ધારણ કરો,’ તે બોલ્યો અને પાછો રમવા માંડ્યો.

સ્કંદદાસે ઓરડામાં નજર ફેરવી. રાજકુમાર બિજ્જલનો અંશ પણ દેખાતો નહોતો પણ આ બદમાશોએ તેને ગમે ત્યાં છૂપાવ્યો હોય, તે શોધી નાખશે, એમ સ્કંદદાસે વિચાર્યું.

કાલિકાએ પીણાનો એક ઘુંટ લીધો અને સ્કંદદાસ તરફ સ્મિત કરીને બોલી, ‘પ્રિયે, તમે બહુ ઉતાવળમાં લાગો છો. તમે મારો દરવાજો પણ તોડી નાખ્યો છે. પણ તમારે પ્રતીક્ષા કરવી પડશે, કારણ કે તમે કતારમાં છો. આ સજ્જનો તો સાંજથી રાહ જોઈ રહ્યા છે પણ આ પૂજારી અટકવાનું નામ જ નથી લેતો. નટખટ ડોસો !’

૧૮

કટપ્પા

ક્રોધથી ખળભળતો સ્કંદદાસ મુખ્ય દરવાજાની બહાર નીકળ્યો. પોતાની સશસ્ત્ર ટુકડી સાથે આવેલા ઉપપ્રધાનને કારણે ગલીમાં પણ ખળભળાટ મચી ગયો હતો. કેકિ પણ તેની સાથે નાચતો અને બૂમો પાડતો બહાર આવ્યો હતો, અને એ દૃશ્ય જોનારા પણ થોડાંક લોકો તો હતાં. 'જુઓ, અમારી શેઠાણીને મળવા કોણ આવ્યું છે, મહાન ઉપપ્રધાન સ્કંદદાસ !'

કેકિ તેમને મેણાં મારતો રહ્યો અને તેના ચહેરા પર પોતે થપ્પડ ન મારી બેસે એ માટે સ્કંદદાસે પોતાના પર બહુ જ નિયંત્રણ રાખવું પડ્યું. પણ એનાથી વધારે ગુસ્સો તેને બૃહન્નલ્લા પર આવતો હતો. કેકિ જ્યારે પણ કોઈ બીભત્સ મજાક કરતો તે દરેક વખતે બૃહન્નલ્લા તેનો હાથ પકડીને તેના કાનમાં એમ બબડતો, 'કેકિની અવગણના કરો. અત્યારે માત્ર બૃહન્નલ્લાનો જ વિશ્વાસ કરી શકાય એમ છે.'

સ્કંદદાસે ગુસ્સે થઈને તેને ચૂપ રહેવા કહ્યું પણ એનાથી તો જાણે બૃહન્નલ્લાને ખોટું લાગી ગયું હોય એમ એ બોલ્યો, 'હું તો તમને સાથ આપી રહી છું, સ્કંદદાસ. અને તમારે આટલી સરળતાથી પિત્તો ગુમાવવાની આવશ્યકતા નથી.' આસપાસ ભેગા થયેલા ટોળામાં હાસ્ય ફૂટી નીકળ્યું.

કેકિ બોલ્યો, 'એ તો જેવા અંદર ગયા એવા તરત જ બહાર આવી ગયા. મિત્રો, કેટલા ઝડપી છે એ ! આપણા પ્રિય ઉપપ્રધાન બહુ જ ઝડપી છે. એકદમ ઝડપી, જોરદાર ઝડપી.'

થોડાંક દલાલોએ સ્કંદદાસનો હાથ પકડીને તેને ખેંચવાનો પ્રયત્ન કર્યો. 'સ્વામી, કાલિકાને ભૂલી જાવ. અમારી પાસે તો વધારે સારી સ્ત્રીઓ છે. મહેરબાની કરીને અમારે ત્યાં આવી જુઓ.'

કેટલીક ગણિકાઓ પણ બહાર આવીને પોતાની કંચુકીઓ ઉતારીને તડબુચ જેટલાં સ્તન ઉપપ્રધાનની સામે હલાવવા લાગી એટલે ટોળાને વધારે મજા પડી. જ્યારે ફરી એક વાર બૃહન્નલ્લાએ ઉપપ્રધાનના બાવડાનો સ્પર્શ કર્યો અને ફરી વાર એ સ્કંદદાસના કાનમાં કંઈક બોલ્યો ત્યારે સ્કંદદાસે પોતાના સૈનિકોને હુકમ આપ્યો કે બૃહન્નલ્લાને તેની પાસે આવવા દેવો નહીં. સૈનિકોએ તરત જ સ્કંદદાસની ફરતે વર્તુળ રચી દીધું અને બૃહન્નલ્લાને તેની બહાર કાઢ્યો. દલાલો અને ગણિકાઓ એ વર્તુળની વચ્ચે ઘૂસવાનો અને સ્કંદદાસને સ્પર્શવાનો પ્રયત્ન કરવા લાગ્યા. કોઈએ સ્કંદદાસ તરફ ફૂલો ફેંક્યાં. સ્કંદદાસે ક્યારેય આવી નિ:સહાય પરિસ્થિતિ અનુભવી નહોતી.

તેને રાજકુમાર બિજ્જલની ચિંતા હતી. તેણે કાલિકાનો અડ્ડો બરોબર. તપાસ્યો હતો પણ રાજકુમાર ક્યાંય મળ્યો નહોતો. શું એ આસપાસની કોઈ ગણિકાને ત્યાં છુપાયો હશે ? આ ભરચક ગલીના દરેકેદરેક ઘરમાં જઈને તપાસ કરવાના વિચારથી સ્કંદદાસ ધ્રૂજી ગયો. તેણે પોતાના ઉપરીની મંજૂરી તો નહોતી જ લીધી અને અત્યારે તો એ મજાકનો વિષય પણ બની

ગયો હતો. જો મહારાજા તેને પ્રશ્ન પૂછશે તો પોતે શું જવાબ આપશે એ પણ તે જાણતો નહોતો. કાલે જ તેના વર્તન વિષે ફરિયાદ થશે, એમ એ જાણતો જ હતો. જોકે વધારે મહત્ત્વની વાત તો એ હતી કે જો તે રાજકુમાર બિજ્જલને શોધી શક્યો નહીં અથવા તો રાજકુમારને જ કંઈ થઈ ગયું, તો તેની કારકિર્દીનો તો અંત જ આવી જવાનો હતો. અને માત્ર નોકરી જ ગુમાવવી પડે, તો તો એનું સદ્નસીબ કહેવાય. મહારાણીએ તો એનું માથું જ વાઢી નાખવાની ધમકી આપી હતી. મહારાણી કદાચ ચિંતામાં હતાં એટલે એમ બોલી ગયાં હશે પણ માહિષ્મતીમાં તો લોકોએ સાવ નાની બાબતોમાં પણ માથાં ગુમાવ્યાં જ હતાં.

અચાનક, તેને લાગ્યું કે તેણે કાલિકાની બાજુની ઇમારત પરથી કોઈને કૂદતાં જોયો. એ કૂદનારના ખભા પર એક નાજુક શરીર હતું, એમ પણ તેને લાગ્યું. તે સ્પષ્ટ રીતે એ ચહેરો જોઈ શક્યો નહીં પણ તેને મનથી તો એમ જ લાગ્યું કે એ બિજ્જલનો ગુલામ જ હતો.

એ માણસ નીચે કૂધો અને લોકોને ધક્કો મારીને રસ્તો કરતો આગળ વધવા માંડ્યો ત્યારે એ ગલીમાં બૂમાબૂમ મચી ગઈ. સ્કંદદાસ ત્યાં પહોંચવા માટે ઉતાવળ કરવા લાગ્યો.

અચાનક જ બૃહન્નલ્લાનો અવાજ સંભળાયો, ‘ઉદાત્ત ઉપપ્રધાન તમને બધાને ભેટ આપશે.’

સ્કંદદાસની આસપાસ ઊભેલા લોકોએ બૂમો પાડીને આ જાહેરાત વધાવી લીધી. અંગરક્ષકોના શ્રેષ્ઠ પ્રયત્ન કરવા છતાં કેટલાય હાથ ઉપપ્રધાન સુધી લંબાવા માંડ્યા.

સ્કંદદાસ આ દૃશ્યને નિ:સહાયતાથી જોઈ રહ્યો. તે દલાલો અને ગણિકાઓના ટોળાથી ઘેરાયેલો હતો.



કટપ્પા કૂદકો મારીને નીચે ઊતર્યો ત્યારે એના પગ જોરથી જમીન પર પછડાયા. સ્કંદદાસ આવ્યો ત્યારે તે બહુ જોખમી રીતે એક બારીની નીચે બનાવેલી પાતળી પાળી પર પગ ટેકવીને ઊભો રહ્યો હતો. પછી તે ધીમેથી બાજુના મકાનના ઝરૂખા પર ચડી ગયો હતો. ત્યાં તે છુપાઈ રહ્યો હતો. જ્યારે તેને ખાત્રી થઈ ગઈ કે સ્કંદદાસ જતો રહ્યો છે, ત્યારે જ તે ખભા પર બિજ્જલ સાથે કૂધો હતો. ત્યારે જ તેને ખ્યાલ આવ્યો કે થોડાક જ હાથ દૂર સ્કંદદાસ ગણિકાઓના ટોળામાં ઘેરાયેલો હતો.

ઉપપ્રધાને તેને ઓળખ્યો ન હોય તેવી પ્રાર્થના કરતો કરતો કટપ્પા ટોળામાં દોડવા માંડ્યો. ભીડને દૂર કરવા તે ભયાનક ઝડપથી તલવાર વીંઝી રહ્યો હતો. એ જોઈને સ્ત્રીઓ ચીસ પાડી ઊઠતી અને પુરુષો ગુસ્સાથી ગાળ બોલી જતા. અટકીને કોઈને ઘાયલ કર્યાં કે કેમ તે જોવાનો સમય કટપ્પા પાસે નહોતો. તેણે તો પોતાના માલિકને બચાવવાનો હતો અને એ સમયે બીજી તમામ વસ્તુઓ ગૌણ હતી. રથ ઊથલી પડતાં એ ભયના માર્યા ઘોડાઓ હણહણી ઊઠતા. તેણે બાજુમાંથી પસાર થઈ રહેલા એક રથના ઘોડાની લગામ પકડી લઈને રથ અટકાવ્યો. તેણે બિજ્જલને રથની પાછળના ભાગમાં સુવાડ્યો. રથમાં રહેલી એક દેવદાસી ભયની મારી ચિત્કારી ઊઠી. કટપ્પાએ તેને ઊંચકીને હળવેથી ગલીમાં ઉતારીને માફીના શબ્દો પણ ઝડપથી ઉચ્ચારી લીધા. સારથિ પોતાની જગ્યાએથી ખસી જઈને મુસાફરની જગ્યાએ જતો રહ્યો અને ત્યાંથી તેણે બેઠાં બેઠાં જ કટપ્પા તરફ ચાબુક વીંઝી. પહેલો જ ફટકો તેના ચહેરા પર વાગ્યો પણ જ્યારે બીજો ફટકો વીંઝાયો ત્યારે કટપ્પાએ તે પકડી લીધો. ચાબુકને તેણે એવો ઝટકો માર્યો કે સારથિ નીચે પડી ગયો. કટપ્પાએ ઘોડા પર ચાબુક વીંઝી અને રથને

વિરુદ્ધ દિશામાં વાળ્યો. આવી રીતે વળવા માટે ગલી ખૂબ જ સાંકડી હતી. અમુક હાટડીઓ પડી ગઈ અને રથનાં પૈડાં નીચે માટીનાં વાસણો કચડાયાનો અવાજ પણ આવ્યો.

તો પણ ડગમગતો અને અવાજ કરતો રથ ઝડપથી એ ગલીમાં આગળ વધ્યો. એક ટોળું તેમની પાછળ દોડી રહ્યું હતું અને પોતાના સામાનનો નાશ કરનારા વેપારી અને તેના ગુલામને ભાંડી રહ્યું હતું. અમુક લોકો પથ્થરો પણ મારી રહ્યા હતા, જેમાંથી કેટલાક તો કટપ્પાને વાગ્યા પણ ખરા. તેને પીડા તો થઈ પણ તે ઘોડાને વધારે ઝડપથી ભગાવવા માટે ચાબુક વીંઝતો જ રહ્યો. ગલી પૂરી થતી હતી ત્યાં ગાડા તથા રથ ગોઠવીને તેનો માર્ગ રોકવામાં આવ્યો હતો, તે પણ તેણે જોયું. ત્યાં અલગ અલગ દેવદાસીઓ માટે કામ કરતા સૈનિકો લાકડીઓ અને તલવારો લઈને ઊભા હતા. કટપ્પાએ પોતાના રથની ગતિ ઘટાડી નહીં અને તે એ જમઘટમાં ઘૂસી ગયો. જેથી ત્યાં ગોઠવેલાં ગાડાં અને રથ ઊલળી ગયા અને તેમની દિશામાં તકાયેલી લાકડીઓ ફેંકાઈ ગઈ. તેણે વેરેલાં વિનાશનાં ચિહ્નો પાછળ મૂકીને કટપ્પા રથને નદીની દિશામાં ટેકરીની નીચે સડસડાટ ઉતારવા લાગ્યો.

તે આગળ ધપી રહ્યો હતો ત્યારે જંગલની દિશામાંથી ઘુવડનો અવાજ સંભળાયો પણ તેણે તેની અવગણના કરી. જોકે એ એક મોટા અંજીરના વૃક્ષ પાસેથી પસાર થયો ત્યારે ફરી વાર તેને ઘુવડનો અવાજ સંભળાયો અને જ્યારે તેણે નદીને સમાંતર રસ્તા પર જવા માટે રથ વાળ્યો, ત્યારે ત્રીજી વાર એવો જ અવાજ સંભળાયો ત્યારે કટપ્પાને અંત:સ્ફુરણા થઈ કે આ કોઈ સામાન્ય ઘુવડ નથી. તે સચેત થઈ ગયો અને વૃક્ષની ઉપર જોવા માટે થોડોક ધીમો પણ પડ્યો. ત્યાં જ ઉપરથી એક મોટી જાળ તેમની ઉપર આવી પડી. કટપ્પાએ એને નીચે આવતી જોઈ અને તેણે જોરથી ચાબુક વીંઝી કે જેથી તે લોકો આ જાળમાં ફસાવાથી બચી જાય પણ રથનાં પૈડાં જ એ જાળમાં ગૂંચવાઈ ગયાં હતાં. કટપ્પાએ રથ અટકાવ્યો નહીં. એ તેની ભૂલ હતી. રથ ઘસડાઈને રસ્તાની નીચે ઊતરી ગયો અને એક ખડકને જઈ ભટકાયો. બિજ્જલ ઊછળીને થોડાક હાથ દૂર જઈને પડ્યો. કટપ્પા રથથી થોડેક જ દૂર પીઠભેર પટકાયો અને તેની થોડેક જ આગળ રથ પાસે ઘોડો પણ ધડામ અવાજ કરતો પડ્યો. કટપ્પા તો આંખના પલકારામાં જ ઊભો થઈ ગયો પણ ઘોડો ઊભો થવા માટે ભયાનક જોર અજમાવી રહ્યો હતો. ત્યાં જ બારેક જેટલા વૈતાલિકોએ તેને ઘેરી લીધો. કટપ્પાએ પોતાની સૌથી પાસે ઊભેલા વૈતાલિક પર કૂદકો માર્યો અને તેને વળોટીને જે બાજુ બિજ્જલ પડ્યો હતો, એ બાજુ તે દોડ્યો. પોતાના હાથમાં તેણે પોતાની તલવાર મક્કમ રીતે પકડી રાખી હતી અને તે પોતાના માલિક માટે મરવા પણ તૈયાર હતો. આકાશમાં વીજળીનો ચમકારો થયો.

તેણે ઝડપથી જોઈ લીધું કે બારથી પણ વધારે માણસો તલવારો અને ભાલા લઈને આવ્યા હતા. તે એકલો હતો અને તેનો માલિક નશામાં બેહોશ થઈને પડ્યો હતો. અંધારુ તો હતું જ અને અચાનક જ વરસાદ પડવો શરૂ થયો એટલે સમસ્યામાં વધારો જ થવાનો હતો. જ્યારે હુમલો થયો, ત્યારે જે તીવ્રતાથી હુમલો થયો, તેના કારણે તેને આશ્ચર્ય થયું હતું. તેને તલવારોનો જરા પણ ભય નહોતો. તે પોતે તો એવા કોઈને ઓળખતો નહોતો જે તેના કરતાં વધારે ઝડપથી તલવાર ફેરવી શકતું હોય. એના પિતાએ એને તલવારબાજી તો સરસ જ શીખવી હતી. અને એ વાતની સાબિતી એ હતી કે હુમલો કરનારા પહેલાં ત્રણ જણને તો તેણે કાપી જ નાખ્યા હતા.

પણ વૈતાલિકો અવારનવાર રણનીતિ બદલતા રહ્યા. છ માણસોએ એક સાથે તેની પર હુમલો કર્યો, ચાર જણાએ તલવાર વડે અને બે જણાએ ભાલા વડે. તલવારો તો તેણે રોકી પાડી પણ ખરી સમસ્યા તો ભાલાની હતી. વૈતાલિકો ભાલો લઈને દોડતા આવતા, ભાલો તેના

શરીરમાં ખૂંપાવતા અને દોડતા દોડતા તેની પહોંચ બહાર જતા રહેતા. તેણે બીજા બે વૈતાલિકોને વાઢી નાખ્યા. વરસાદ પણ ધોધમાર પડવા માંડ્યો હતો. વરસાદથી જમીન કીચડવાળી અને પાણી અને લોહીના મિશ્રણથી તલવાર પકડેલી હથેળી લપસણી બની ગઈ. પોતાના માલિકને તો તેણે ભાલાના પ્રહારથી બચાવવાના જ હતા. આ લડાઈની અધવચ્ચે જ બિજ્જલ હોશમાં આવીને બેઠો થયો, હજી તેની માનસિક પરિસ્થિતિ તો ડામાડોળ જ હતી. કટપ્પાના શરીરમાં ચારે બાજુથી લોહી વહી રહ્યું હતું તેમ છતાં તે લડતો રહ્યો. એક ક્ષણ માટે તેને વિચાર આવ્યો કે તેનો માલિક તેને મદદ કરે તો સારું. જો નશામાં ન હોય, તો બિજ્જલ સારો યોદ્ધો હતો. જોકે આટલા નશામાં તે સાવ નિરુપયોગી જ હતો. એટલે બિજ્જલની કોઈ મદદ મળશે એવા વિચારને કટપ્પાએ ખંખેરી નાખ્યો. આમ પણ માલિકને બચાવવાની ફરજ તો ગુલામની ગણાય. અને પોતાના માલિકના રક્ષણ માટે મરી છૂટવું તો ખરેખર ગર્વની વાત હતી. કટપ્પાને વિશ્વાસ હતો કે તે હવે મરી જ જવાનો છે પણ તેણે મનોમન એવો નિર્ધાર કર્યો કે તેના શરીરમાં લોહીનું એક પણ ટીપું વહેતું હશે, ત્યાં સુધી એ લડતો જ રહેશે. જાણે એના ગર્વનું ખંડન જ કરવા ઇચ્છતો હોય, તેમ તેના પેટમાંથી તીવ્ર પીડાનો સણકો તેને આવ્યો. તેણે જોયું કે એક તીરે તેના પેટને વીંધી નાખ્યું છે. કટપ્પાની આંખે અંધારા આવવા લાગ્યાં અને તેનું માથું ગોળ ગોળ ઘૂમતું હોય, તેમ તેને અનુભવાયું. પોતાના મોઢેથી ચીસ ન પડી જાય તે માટે તેણે હતું તેટલું જોર લગાવી દીધું અને પોતાની તલવારથી તે પ્રહાર રોકતો રહ્યો અને વળતા પ્રહાર કરતો રહ્યો. ઘણા બધા ઢળી પડ્યા હતા પણ કેટલા ઢળી પડ્યા હતા તે ગણવાની કટપ્પામાં શક્તિ નહોતી. બીજું એક તીર તેના ખભામાં ઘૂસી ગયું જેથી તલવાર ઊંચી કરવી પણ તેના માટે અઘરી બની ગઈ. 'મા ગૌરી,' તેણે બૂમ પાડી, 'મને શક્તિ આપ.' તેને ઉત્તર મળ્યો આકાશમાં થયેલા વીજળીના ભયાનક ગડગડાટ સ્વરૂપે કે જેનાથી આખું જંગલ ધ્રૂજી ઊઠ્યું. 'ભગવાન કેવા કૃપાળુ છે…માલિકની સેવા કરતાં કરતાં જ મૃત્યુ પામવાની પોતાની ઇચ્છા પૂરી થશે', એમ કટપ્પાને લાગ્યું.



સ્કંદદાસે બધું જ ગણિકાઓને આપી દેવું પડ્યું. એ જાણતો હતો કે આવતી કાલે પોતે અહીં આવ્યો હતો એ વાતની સાબિતી રૂપે આ વસ્તુઓની તો શોભાયાત્રા નીકળવાની હતી. આ દેશની વફાદારીથી સેવા કરવા માટે મહારાજાએ તેને જે વીરશૃંખલા આપી હતી, તે પણ એ લોકોએ લઈ લીધી. કદાચ આવતી કાલે આ ગલીમાં તેની હરાજી થશે. અને લોકો એવી વાતો કરવી પણ શરૂ કરી દેશે કે મહારાજાએ અર્પણ કરેલું ઇનામ ઉપપ્રધાન કોઈ ગણિકાના ચરણોમાં મૂકી આવ્યો. સ્કંદદાસ નિત્ય બ્રહ્મચારી હતો અને તે પોતાના કર્તવ્યને જ વરેલો હતો, તેનું કેવું અપમાન થશે ! એના પછી કેવી લંપટ અફવાઓ ચાલતી હશે, તેનો વિચાર પણ સ્કંદદાસને આવી ગયો: જોયું, રીંછ નચાવનારને આટલો મોટો હોદ્દો આપો, તેનું આવું જ પરિણામ આવે . આટલાં વર્ષોની તેની કર્તવ્યપરાયણતા અને તેણે કરેલાં કામ માત્ર આ એક જ ઘટનાને કારણે ધોવાઈ જશે. આ ગણિકાઓ સાથે લડવાનો તેણે વિચાર કર્યો. પણ દલાલો અને ગણિકાઓના હાથે થયેલું મૃત્યુ તો વર્તમાન પરિસ્થિતિથી પણ ખરાબ મિનાશે, એમ તેણે તારવ્યું.

છેવટે જ્યારે એ બધાને ખ્યાલ આવ્યો કે ઉપપ્રધાન પાસે હવે આપવા જેવું કંઈ જ નથી, ત્યારે એ ટોળું તેમને છોડીને ગયું. આ જે બધું બની ગયું તેનાથી માનસિક રીતે પોતાની જાતને

અલગ કરીને સ્કંદદાસ તો સ્વસ્થ રીતે જ આગળ વધતો હતો. જ્યારે તે પોતાના રથ સુધી પહોંચ્યો અને રથ પર ચડ્યો ત્યારે આખું ટોળું શાંત થઈ ગયું. પોતાના માણસો આવે તેની તે રાહ જોવા લાગ્યો. તેના માણસો આવ્યા ત્યારે માથું શરમથી ઝુકાવીને આવ્યા, શરમ એ વાતની કે તેઓ પોતાના માલિકનું રક્ષણ કરી શક્યા નહોતા. સ્કંદદાસે તેમના ખભા થપથપાવ્યા અને કહ્યું, 'તમે તમારી ફરજ સારી રીતે જ નિભાવી છે. જે બની ગયું તેને મગજ પર સવાર થવા દેશો નહીં. આપણી સાચી ફરજ તો આ દેશ પ્રત્યે છે. આપણે બીજા કોઈ સમક્ષ આપણી સજ્જતા પુરવાર કરવાની કોઈ જ આવશ્યકતા નથી.'

એ બધા વધારે આદર સાથે ઉપપ્રધાનની સામે જોવા લાગ્યા. તેઓ પોતપોતાના ઘોડા પર સવાર થઈ ગયા અને ઉપપ્રધાનને અનુસરવા લાગ્યા. બૃહન્નલ્લા દોડતો આવીને એ રથમાં ચડી ગયો. સ્કંદદાસને વિચાર આવ્યો કે તેને નીચે ફેંકી દેવો જોઈએ પણ તે પોતે જ તેને અહીંયાં લઈ આવ્યો હતો એટલે તેને પાછા લઈ જવાની પણ તેની ફરજ હતી, એમ તેને લાગ્યું. તેણે મનોમન માત્ર એટલી જ પ્રાર્થના કરી કે બૃહન્નલ્લા પોતાની આદત મુજબ મહેણાં મારવાનું શરૂ ન કરે તો સારું થશે. તેને લાગતું હતું કે તેના સ્વ-નિયંત્રણની તો પૂરતી પરીક્ષા લેવાઈ ચૂકી છે. તેની દુનિયા હલબલી ગઈ હતી, તેનું સમ્માન જતું રહ્યું હતું અને કોઈ કિન્નર તેને આ પરિસ્થિતિમાં મહેણાં મારે એવી તેની જરા પણ ઇચ્છા નહોતી.

તેના આશ્ચર્ય વચ્ચે બૃહન્નલ્લાએ તેના ચરણસ્પર્શ કર્યા. 'તમે તો બહુ મહાન છો, સ્વામી,' તે બોલ્યો.

એક ક્ષણ માટે તો સ્કંદદાસની છાતી ગર્વથી ફૂલી ગઈ. પછી તેનામાં ક્રોધે પ્રવેશ કર્યો. આવી યુક્તિમાં ફસાઈ જવા જેટલો તે મૂર્ખ નહોતો. બૃહન્નલ્લાએ તો હજી ઘણી વાતોના જવાબ આપવાના બાકી હતા. તેને યાદ આવ્યું કે આ બૃહન્નલ્લાએ જ એમ જાહેર કર્યું હતું કે એ બધાને ભેટ આપવાનો હતો અને એણે જ ટોળાને ઉશ્કેર્યું હતું. તેણે એવું શા માટે કર્યું હતું ? શું એ હાથે કરીને તેને મોડું કરાવવા માંગતો હતો ? જ્યાં સુધી તે આ બધા સવાલોના જવાબ ન મેળવે, ત્યાં સુધી તે જંપવાનો નહોતો. પણ જો બિજ્જલને શોધી શકાયો નહીં, તો આવતીકાલે તો હું જીવતો જ નહીં હોઉં , તેણે નિરાશાથી વિચાર્યું.

સશસ્ત્ર માણસોની એક ટોળીએ તેના રથને અટકાવ્યો. સ્કંદદાસના સૈનિકોએ પોતાની તલવારો ખેંચી કાઢી પણ તેમને રોકવા માટે સ્કંદદાસે પોતાનો હાથ ઊંચો કર્યો.

એક વૃદ્ધ માણસ આગળ આવીને બોલ્યો, 'એક વેપારીએ અમારી વસ્તુઓ તોડી પાડી છે અને હાટડીઓ પણ પાડી નાખી છે. અમારે ન્યાય જોઈએ છે.'

સ્કંદદાસનો ચહેરો ચમકી ઊઠ્યો. 'કોઈ ગુલામ રથ ચલાવતો હતો ?' તેણે ઉત્તેજિત સ્વરે પૂછ્યું.

એ માણસોએ અંદરોઅંદર ગણગણાટ કર્યો અને પછી પેલો વૃદ્ધ બોલ્યો, 'હા, એક કદાવર કાળો ગુલામ. તેણે ઘણાને ઘાયલ પણ કર્યા છે. જો એ અમારે હાથ ચડ્યો, તો અમે તેના ટુકડેટુકડા કરી નાખીશું.'

'એ કઈ બાજુ ગયો છે ?' સ્કંદદાસે પૂછ્યું.

'જો એ અમે જાણતા હોત, તો અમે તમારી રાહ શું કરવા જોવત, સ્વામી ?' વૃદ્ધ તિરસ્કારસૂચક સ્મિત સાથે કહ્યું.

'સ્વામીનો સમય બગાડીશ નહીં, મૂર્ખ, બાજુમાં ખસ,' બૃહન્નલ્લા બોલ્યો અને તેના કારણે ટોળામાં ઉશ્કેરાટ ફેલાઈ ગયો.

'તું હવે ચૂપ મરીશ,' સ્કંદદાસે કિન્નરને ખખડાવ્યો અને તે ઉશ્કેરાયેલા ટોળા તરફ ફર્યો.

'તમારી ટોળીના બે ભાગ કરી નાખો. એક ભાગ નદી સુધી જતા રાજમાર્ગની ચોકી કરશે અને બીજો ભાગ મારી સાથે આવશે. આપણે જંગલવાળો રસ્તો તપાસીશું. પણ યાદ રહે કે કોઈએ પેલા વેપારી કે તેના ગુલામને હાથ લગાડવાનો નથી. પહેલાં તેમને મારી પાસે લાવવાના રહેશે. અને આ હુકમ માહિષ્મતીના મહારાજનો હુકમ છે.'

ફરી વાર ટોળામાં ગણગણાટ થવા માંડ્યો પણ પેલો વૃદ્ધ બોલ્યો, 'અમારે ન્યાય જોઈએ છે. અમારે એટલી ખાત્રી જોઈએ છે કે એક વાર અમે પેલા વેપારીને શોધી કાઢીએ પછી અમને થયેલા નુકસાનની ભરપાઈ કરવામાં આવશે.'

સ્કંદદાસને મનોમન ગુસ્સો આવ્યો. જો તેની શંકા સાચી હોય, તો એ કોઈ વેપારી નહીં પણ રાજકુમાર બિજ્જલ હોવો જોઈએ.

'કોઈ નુકસાનની ભરપાઈ કરવામાં નહીં આવે,' બૃહન્નલ્લાએ બૂમ પાડી, 'તમે એવી આશા રાખીને બેઠા છો કે રાજા દલાલો અને વેશ્યાઓના નુકસાનની ભરપાઈ કરશે, હરામજાદાઓ ?'

બધા માણસો ગુસ્સામાં બૂમો પાડવા માંડ્યા. સ્કંદદાસે બૃહન્નલ્લા સામે કરડી નજરે જોયું. બૃહન્નલ્લાએ નજર ફેરવી લીધી.

'હું તમને ખાતરી આપું છું કે તમારા નુકસાનની ભરપાઈ કરી દેવામાં આવશે. હવે જરા પણ સમય વેડફવાની જરૂર નથી. રાજમાર્ગ અને જંગલમાં શોધવા માંડો,' સ્કંદદાસે કહ્યું.

ટોળાના બે ભાગ પડી ગયા અને સ્કંદદાસ પોતાના સૈનિકો અને પેલા વૃદ્ધની આગેવાની હેઠળના ટોળા સાથે જંગલમાં પ્રવેશ્યો.

તેણે બૃહન્નલ્લા સામે જોયું. એ કેમ ગભરાહટ અનુભવતો હોય એમ લાગતું હતું ?



છેલ્લા બે વૈતાલિકોને મારી શકે એ પહેલાં તો કટપ્પા ઢળી પડ્યો. એ લોકો સાવચેતીપૂર્વક તેની દિશામાં આગળ વધી રહ્યા હતા. એકના હાથમાં તલવાર હતી અને બીજાના હાથમાં ધનુષ હતું. તીરથી જ કટપ્પા ઘાયલ થયો હતો. એ અત્યારે લોહીના ખાબોચિયામાં પીઠભેર પડ્યો હતો અને હજુ પણ અમુક તીર તેના શરીરમાં ખૂપેલાં હતાં અને તે જમીન પર પડેલો હતો. એટલે છોડ જેવા એકદમ સીધા જ લાગતા હતા.

હવે પરોઢ થઈ ચૂકી હતી અને ધોધમાર વરસાદ હવે ઝરમર ઝરમર વરસાદમાં બદલાઈ ગયો હતો. કટપ્પાને શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડી રહી હતી. તેના શરીર પર પડી રહેલું વરસાદનું દરેક ટીપું તેને શરીરમાં પ્રવેશી રહેલા તીરની જેમ પીડી રહ્યું હતું. તેણે બિજ્જલ પર નજર કરી. રાજકુમાર હજુ પણ બેઠો જ હતો. તેના હોઠ અને નાક હજુ છુંદાયેલાં જ લાગતાં હતાં પણ બીજે ક્યાંય તેને ઈજા થઈ જણાતી નહોતી. 'હું નિષ્ફળ રહ્યો, પ્રભુ,' કટપ્પા બબડ્યો. 'મને મારી નાખીને એ લોકો રાજકુમારની પણ એ જ હાલત કરશે,' તેણે વિચાર્યું. કટપ્પાએ આંખો બંધ કરી ને તેમાંથી આંસુ ઊભરાઈ આવ્યાં. તે પોતાના પિતાની, પોતાના કુટુંબની પરંપરા નિભાવવામાં નિષ્ફળ રહ્યો હતો. તે પોતાના કુટુંબનો એવો પ્રથમ ગુલામ હતો જે પોતાના માલિકની રક્ષા કરી શક્યો નહોતો. 'મને ક્ષમા કરજો, પિતાજી, હું દિલગીર છું,' તે બબડ્યો અને આવનારા મોતની રાહ જોવા લાગ્યો.

તલવારવાળો માણસ તેની પાસે આવીને તેની છાતી પર પગ મૂકીને ઊભો રહ્યો. તેણે બંને હાથે તલવાર કટપ્પાના માથા ઉપર ઊંચી કરી. એ તલવાર પોતાની છાતીમાં ઊતરીને હૃદયને ચીરી નાખે તેની કટપ્પા રાહ જોવા લાગ્યો. તેના બદલે એ માણસના પગ ધીમેથી વળ્યા અને તે કટપ્પા ઉપર જ પડ્યો. તેના હાથમાંથી તલવાર બાજુમાં પડી ગઈ. કટપ્પાએ જોયું કે બિજ્જલ ભાલો લઈને ઊભો હતો. ધનુર્ધારીએ પોતાના ધનુષ પર બાણ ચડાવવાનો પ્રયત્ન કર્યો પણ તેની તરફ ફરીને બિજ્જલે પોતાના ભાલા વડે ધનુષને જ દૂર ફગાવી દીધું. ધનુર્ધારી ઊભી પૂંછડીએ ભાગી છૂટ્યો અને બિજ્જલે તેની દિશામાં ભાલાનો ઘા કર્યો. ભાલો નિશાન ચૂકી ગયો અને ધનુર્ધારી ઝાડીઓમાં અદૃશ્ય થઈ ગયો. જંગલમાંથી કોઈ આવી રહ્યું છે, એ પણ કટપ્પાએ જોયું. એ વ્યક્તિ આ ખૂનામરકી જોઈને એક ક્ષણ માટે તો થંભી જ ગઈ. જ્યારે તે વ્યક્તિએ પોતાની દિશામાં પીઠ કરીને ઊભેલા બિજ્જલને જોયો ત્યારે તેણે પોતાની તલવાર ખેંચી કાઢી. કટપ્પાએ પોતાનું માથું ઊંચું કર્યું અને તેણે જે જોયું તેનાથી તેને આઘાત લાગ્યો. એ વ્યક્તિ બીજું કોઈ નહીં પણ શિવપ્પા હતો.

એ જ ક્ષણે સ્કંદદાસનો ધસમસતો રથ એ જગ્યાએ આવી પહોંચ્યો અને તેની પાછળ પાછળ ઘણા બધા સશસ્ત્ર સૈનિકો અને લોકો પણ ધસી આવ્યા. કટપ્પાએ જોયું કે શિવપ્પા પાછો ઝાડીઓમાં અદૃશ્ય થઈ ગયો હતો.

ભાલા સાથે ઊભેલા બિજ્જલને જોઈને સ્કંદદાસની પાછળ પાછળ આવેલા ટોળાએ એકબીજા સામે જોઈ લીધું. શું આ એ જ વેપારી નહોતો જેણે તેમના માલસામાનને નુકસાન પહોંચાડ્યું હતું? તેમણે જોયું કે સ્કંદદાસ વેપારી તરફ દોડતો ગયો અને તેને ઝૂકીને પ્રણામ કરવા લાગ્યો. તેમણે એ પણ સાંભળ્યું કે સ્કંદદાસ તેને રાજકુમાર કહી રહ્યો હતો. સ્કંદદાસ બિજ્જલ સાથે વાત કરી રહ્યો હતો તે દરમિયાન પેલા આગેવાન વૃદ્ધ પોતાના ટોળાને કહ્યું, 'હવે કોઈ તમાશો ઊભો ન કરતા. જો એ ખરેખર રાજકુમાર જ હોય, તો આપણે પાછળથી ઘણું વધારે ધન મેળવી શકીશું. શું કરવું એ કાલિકા તો અવશ્ય જાણતી જ હશે.' થોડાક લોકોએ ગુસ્સાપૂર્વક અસહમતિ દર્શાવી પણ વૃદ્ધ માણસ એ બધાની ઉપરવટ થઈ શક્યો.

તેણે મુઠ્ઠી વાળી પોતાનો હાથ ઊંચો કર્યો અને બૂમ પાડી, 'માહિષ્મતીનો જય હો. રાજકુમાર બિજ્જલનો જય હો.' થોડી જ વારમાં બધા લોકો જોરજોરથી રાજકુમારની જય બોલાવવા લાગ્યા. રાજકુમાર હજુ અડધો નશામાં જ હતો. એટલે આ બધું શું થઈ રહ્યું છે, તે કંઈ સમજી શક્યો નહીં. પણ પોતાના નામનો જયઘોષ સાંભળીને તેણે જમીન પર પડેલો એક ભાલો ઉઠાવ્યો અને હવામાં ઊંચો કર્યો. ટોળાનો ઉત્સાહ ચરમસીમાએ પહોંચી ગયો.

જ્યારે સ્કંદદાસ ઘાયલ કટપ્પા પાસે ગયો ત્યારે કટપ્પાએ હાથ જોડીને એટલું જ કહ્યું, 'રાજકુમાર બિજ્જલે મારો જીવ બચાવ્યો.'

૧૯

શિવગામી

ત્રણ મહિના પછી.

શિવગામી પોતાના માથા પર રહેલા લાકડાના ભારાનું સમતોલન રાખવા મથી રહી હતી. પરસેવો તેના ગાલ પર થઈને હડપચીના માર્ગે તેના ઝાંખા કપડાં પર પડી રહ્યો હતો. રસોડાના છેલ્લાં થોડાંક પગથિયાં ચડતાં તે હાંફી ગઈ અને પછી તેણે ધડામ કરતો એ ભારો નીચે પટક્યો. તેમાંથી એક કરોળિયો બહાર નીકળ્યો અને દોડી ગયો.

શિવગામી ઉભડક બેસીને એ ભારો બાંધવા માંડી. ત્યારે તેને અનાથાલયના આંગણની મધ્યમાંથી અવાજ સંભળાયો. તેણે જોયું કે રસોયો. બકુલ પણ આંગણની દિશામાં જ જોઈ રહ્યો હતો. જોકે રસોયો પણ તેને જોઈ ગયો અને તેણે તરત જ શિવગામીને કૂવામાંથી પાણી ભરી આવવાનો હુકમ ફરમાવ્યો. કૂવા પાસે કામાક્ષી ખંતપૂર્વક કંઈક કામ કરી રહી હતી એ તેણે જોયું. જ્યારે કામાક્ષીની નજર પોતાની બહેનપણી પર પડી, ત્યારે તેણે સ્મિત કર્યું.

રાજવી અનાથાલયમાં આવે તેને ત્રણ મહિના થઈ ગયા હતા. પેલા ચાકુવાળા પ્રસંગ પછી થોંડકા અને તેની ટોળકી તેનાથી સમ્માનજનક અંતરે જ રહેતી. એ લોકો આડકતરી રીતે તેને ટોણા મારતા પણ તેની સાથે સીધો ઝઘડો ટાળવાની કાળજી પણ રાખતા. શિવગામી અને કામાક્ષીએ ઉઠંગાની કાળજી લેવાની જવાબદારી પોતાની પવિત્ર ફરજ માનીને સ્વીકારી લીધી હતી. ઉઠંગાની પરિસ્થિતિ હજુ યથાવત્ જ હતી. એ લોકોએ તેને રાબ પીવડાવવી પડતી જેને એ બહુ જ મુશ્કેલીપૂર્વક ગળે ઉતારતો. તેની આંખો કાચ જેવી હતી અને રાત્રે બેમાંથી એક છોકરી પોતાના હાથે એ આંખો બંધ ન કરે ત્યાં સુધી તેની આંખે કશીક દૂરની વસ્તુ તાક્યા કરતી હોય, એમ સ્થિર રહેતી. એ બંને તેનાં પલળેલાં કપડાં બદલતાં, દર અઠવાડિયે ભીના કપડાથી તેનું શરીર સાફ કરતાં અને પથારીમાં પડ્યા રહેવાથી શરીર આળું ન પડી જાય, તેનું પણ ધ્યાન રાખતાં.

એ બંને તેની સાથે દિલ ખોલીને વાતો પણ કરતાં. કામાક્ષી એ બેહોશ છોકરા સાથે વધારે વાતો કરતી. તે પોતાના પ્રેમીની સ્થિતિની અને પોતાના પ્રેમના અચોક્કસ ભવિષ્યની વાતો કરતી. તે હસતી અને રડતી અને તેની આ પરિસ્થિતિ જોઈને શિવગામીને બહુ જ પીડા થતી.

રેવમ્મા કે અનાથાલયના બીજા રહેવાસીઓને તો એ કોઠારમાં નજર નાખવાની પણ દરકાર નહોતી. જોકે રાજકુમાર મહાદેવ અવારનવાર ઉઠંગાની ખબર પૂછવા આવી જતો. એ સમયે શિવગામી બહુ જ અગવડ અનુભવતી. મહાદેવ એવો તો તેના પ્રેમમાં પાગલ હતો કે ઘણી વાર તો શિવગામીને એ વાતની ચીડ પણ ચડતી. જ્યારે પણ રાજકુમાર રાજવૈદ્યને લઈને આવતો ત્યારે તે એક કે બીજું બહાનું કાઢીને રાજકુમારને ટાળતી જ રહેતી. રેવમ્મા રાજકુમારની ખુશામત કરતી રહેતી અને તેનો લેવાય એટલો લાભ લેતી રહેતી. એ ડોસી તો

આ બેહોશ છોકરાની હાજરી અને તેનામાં રાજકુમારના વિશેષ રસને કારણે ફાયદામાં જ હતી.

જોકે અનાથાલયની રાજકુમારની મુલાકાતો કરતાં વધારે ડર તો તેમને કેકિની મુલાકાતોનો લાગતો. રેવમ્માનો પતિ અનાથાલયની છોકરીઓને કાલિકાના અડ્ડા માટે વેચી મારતો. ઘણી વાર તો જેવી કોઈ છોકરી અનાથાલયમાં દાખલ થતી કે તે એ છોકરીના બદલામાં આગોતરી રકમ પણ ત્યાંથી લઈ લેતો. આ આખા કાંડમાં રેવમ્મા પણ ભાગીદાર હતી અને તેને જ્યાં સુધી છોકરી માટે સૌથી વધુ બોલી લગાવનાર મળતો નહીં, ત્યાં સુધી જ તે રાહ જોતી. એ બંને ભ્રષ્ટ અધિકારીઓને લાંચ આપતા એટલે ભ્રષ્ટ અધિકારીઓ પણ છોકરીઓ જાતે જ દેવદાસી બનવા તૈયાર થઈ છે, એ મુજબનો ભરમ જાળવી રાખતા. એવી અફવા પણ ચાલતી કે કાલિકા પોતાની છોકરીઓની સારી કાળજી લે છે અને તેમને વૈભવમાં રાખે છે એટલે બહુ છોકરીઓ આ કાંડનો વિરોધ પણ કરતી નહીં અને ખુશી ખુશી આ ઠંડુંગાર અનાથાલય છોડી જતી.

કામાક્ષીનો સોદો હજુ થયો નહોતો, કારણ કે તેની સુંદરતા જોઈને રેવમ્માને થતું કે જો પૂરતી રાહ જોવામાં આવે તો વધારે કિંમત અવશ્ય મળી શકશે. કેકિ એના માટે આવતી રહેતી અને દરેક વખતે તે વધારે કિંમતનો પ્રસ્તાવ મૂકતી જતી. સારી તક હાથમાં આવી છે એમ ખ્યાલ આવતાં રેવમ્મા પણ આ વખતે મચક આપવા નહોતી માંગતી. એ યોગ્ય સમયની રાહમાં જ હતી. ક્યારેક ને ક્યારેક તો યોગ્ય ભાવ મળતાં કામાક્ષી કાલિકાના અડ્ડાની અંધારી ગલીઓમાં ખોવાઈ જ જવાની હતી. એમ પણ શક્ય હતું કે તે પ્રેમની કલા વધારે ઝડપથી શીખી લે. તો પછી તેને અંતઃપુરની પ્રતિષ્ઠિત દાસી પણ બનાવી શકાય જેનો લાભ રાજાઓ અને રાજકુમારો જ લેતા. કામાક્ષી માટે તો આ દુષ્ચક્રમાંથી છૂટવાની એક જ આશા હતી, શિવપ્પા.

આજે પૂજાનો દિવસ હતો. એટલે બંને છોકરીઓ ચિંતામાં હતી. આજે અમાસ હતી અને અમાસના દિવસે રેવમ્મા મહાપૂજા કરતી.

શિવગામી પોતાને સોંપવામાં આવેલું કામ કરી રહી હતી પણ તેનું મન તો બહાર જ લાગેલું હતું. લોકોની ચીસાચીસ અને વાતોના જે અંશો તેના કાન પર પડતાં તેના પરથી શિવગામીને એટલું સમજાયું હતું કે અનાથાલયમાં કોઈ નવું આવ્યું છે. અને છોકરાઓ એ નવા આવનારની મજાક ઉડાડી રહ્યા છે. આ નર્કાગારમાં જે પણ આવ્યું હોય, તેની અત્યારની પરિસ્થિતિ પ્રત્યે શિવગામીને પૂરી સહાનુભૂતિ હતી. એ પોતે અનાથાલયમાં આવી તે પહેલો દિવસ યાદ આવતાં, આજે ત્રણ મહિને પણ તેને કમકમાટી છૂટી આવતી હતી.

પોતાનું કામ પતાવીને એ અનાથાલયના આંગણમાં ગઈ ત્યાં સુધીમાં તો પડછાયા પણ લાંબા થઈ ગયા હતા અને ધીમા પગલે રાત પણ આવી પહોંચી હતી. અનાથાલયની બધી જ વસતી ત્યાં આવી પહોંચી હતી અને શોરબકોર કરી રહેલા છોકરા-છોકરીઓથી આંગણું ઊભરાઈ ગયું હતું. શું થઈ રહ્યું છે, એ તે જોઈ શકી નહીં. પણ કોઈ છોકરાનો રડવાનો નિર્બળ અવાજ તેને સંભળાતો હતો. દીવા પ્રગટાવવાનો સમય થઈ ગયો હતો પણ કોઈને એમ કરવાની પડી નહોતી. હવામાં પરસેવાની દુર્ગંધ ફેલાયેલી હતી.

'હવે, જાડિયા, અમને એમ બતાવ કે કઈ રીતે હનુમાન કૂદીને લંકા ગયા હતા !' એના પછી બધા ખડખડાટ હસ્યા. શિવગામીને થોંડકાનો અવાજ સંભળાતો હતો. થોડાક જ મહિનામાં એ અઢાર વર્ષનો થઈ જશે અને સેનામાં જોડાઈ જતો રહેશે. ત્યાં સુધી તેણે અને કામાક્ષીએ તેનું ધ્યાન રાખવું પડશે.

'જોયું, એનું પેટ કેવું કૂદે છે ?' થોંડકાએ આનંદથી ચીસ પાડી અને અનાથાલયની આખી

ઇમારત હસવાના અવાજથી ધ્રુજી ઊઠી.

'એ તો આમ પણ વાંદરા જેવો જ લાગે છે,' મલિકાનો તીણો અવાજ પણ સંભળાયો અને એ છોકરો ધીમે ધીમે રડી રહ્યો હોય, એવો અવાજ પણ તેને સંભળાયો.

'કદાચ કોઈ વાંદરો જ એનો બાપ હશે,' થોંડકાએ આનંદથી પોતાની જાંઘ પર થપાટ મારી અને ફરી વાર ખડખડાટ હાસ્યનું મોજું ફરી વળ્યું. 'તારો બાપ ઘરે આવ્યો હતો કે તારી મા જંગલમાં ગઈ હતી, જાડિયા?' થોંડકાએ ચીબરી જેવા અવાજે કહ્યું. ફરી વાર બધા ખડખડાટ હસવા માંડ્યા અને આનંદથી બૂમો પાડવા માંડ્યા.

શિવગામીને એ છોકરાની દયા આવી ગઈ. આંગણામાં શું ચાલી રહ્યું છે, એ જોવા માટે તે એ દિશામાં ગઈ. ત્યાં ઊભા રહીને આ અનાથાલયના રહીશોનો ત્રાસ તે વેઠી ચૂકી હતી.

'આ બધું શું ચાલી રહ્યું છે?' શિવગામીને અવાજ સંભળાયો અને સાથે સાથે નેતરની સોટીનો સુસવાટો પણ. છોકરા-છોકરીઓ ત્યાંથી વિખરાઈ ગયાં. રેવમ્મા પગથિયાં ચડીને ઉપર આવી ત્યારે શિવગામી અને નવા છોકરા સિવાય બધાં જ ત્યાંથી આંખના પલકારામાં અદૃશ્ય થઈ ગયાં હતાં.

'એ લોકો મને ખીજવતા હતા,' જાડા છોકરાએ ગુસ્સે થયેલી ડોસીને કહ્યું.

'તું અહીંની નવી વહુ છે, નહીં?' કહીને રેવમ્માએ એ છોકરાના ભરાવદાર ગાલ પર નેતરની સોટીનો જોરદાર પ્રહાર કર્યો. છોકરો પીડાનો માર્યો કણસી ઊઠ્યો. એ છોકરો ભાગવા માંડ્યો ત્યારે ડોસી તેની પાછળ પડી અને જ્યાં સુધી નેતરની સોટી ભાંગી નહીં ત્યાં સુધી તેને મારતી રહી. ગર્ભમાં રહેલા બાળકની જેમ એ છોકરો જમીન પર ટૂંટિયું વાળીને પડ્યો પડ્યો કણસતો રહ્યો. એ છોકરાને બે લાતો મારીને એ શિવગામીની દિશામાં ફરી. 'તું શું ભાળી રહી છે ? કંઇ કામ નથી તારે ?' ડોસીએ બરાડો પાડીને શિવગામીને કહ્યું.

શિવગામી જાણતી હતી કે દલીલ કરવાનો કોઈ અર્થ નહોતો. તે રસોડાની દિશામાં ઝડપથી ચાલી. રાતના ભોજન પહેલાં બગડેલાં વાસણોનો ઢગલો ખડકાયેલો હતો. તે કૂવા પાસે કામાક્ષી જોડે બેસીને રાખ વડે વાસણ માંજવામાં તેની મદદ કરવા લાગી. તેમણે દબાયેલા અવાજે નવા આવેલા છોકરાની વાત કરી લીધી.

'આપણા જેવો બીજો બિચારો છોકરો,' વાસણની ધારે ચોંટેલ તેલ દૂર કરવા માટે જોર લગાવતી કામાક્ષી બોલી. શિવગામીએ કોઈ જવાબ આપ્યો નહીં. તેના જેવું નસીબ તો કોઈનું નહોતું. થોડા દિવસ એ છોકરાને ચીડવી લીધા પછી આ બધાં તેને સ્વીકારી લેશે. એ કંઈ દેશદ્રોહીનો છોકરો તો હતો નહીં. થોડા દિવસ પછી આ જ છોકરો તેને ખીજવવામાં બધા સાથે જોડાઈ ગયો હશે. એ બહિષ્કૃત હતી, કારણ કે એ તો દેશદ્રોહીની છોકરી હતી અને બીજાં બધાં તો શહીદોનાં સંતાનો હતાં ને ? એના દરેક પગલાને શંકાની નજરથી જોવામાં આવતું. બધા તેની પીઠ પાછળ તેને ડાકણ જ કહેતા. થોંડકા કદી કોઈ છોકરા સામે પણ નહોતો હાર્યો પણ શિવગામીએ તેને ધૂળ ચાટતો કરી દીધો હતો. એના કારણે તો લોકોને વિશ્વાસ થઈ ગયો હતો કે એ ડાકણ જ હતી.

તેના વિચારો તેના પિતાના પેલા પુસ્તક તરફ ફંટાઈ ગયા. તે ઘણીવાર વિચારતી કે એ પુસ્તકમાં શું લખ્યું હશે. તેને વાંચતાં આવડતું પણ આ ભાષા તે વાંચી શકતી નહીં અને કામાક્ષી તો માંડ માંડ વાંચી શકતી હતી.

તિમ્માએ તેને કહ્યું હતું કે તેના પિતાએ એ પુસ્તક પ્રાચીન પૈશાચી ભાષામાં લખ્યું હતું. પોતાના પિતા સિવાય એવા કોઈ માણસને એ જાણતી નહોતી જે પૈશાચી ભાષા વાંચી શકતો

હોય.

શિવગામી ઘણીવાર એમ પણ વિચારતી કે શા માટે એના પિતાએ આ બધું પૈશાચીમાં લખ્યું હશે. આ ભાષા કંઈ વધારે માણસો નહોતા જાણતા. કે પછી આ પુસ્તક તેમને બીજા કોઈ પાસેથી મળ્યું હશે ? એ પુસ્તક કોઈને બતાવવાનો પણ તેને ભય લાગતો હતો અને મોટાભાગે તે એને પોતાની છાતીએ જ વળગાડીને રાખતી. તેના ચામડાના પૂંઠા પર કોઈ પર્વતનું ચિત્ર કોતરેલું હતું. ઘણી વાર રાત્રે તે બારી પાસે બેસતી અને ચાંદનીમાં એ પુસ્તકમાં શું લખ્યું છે એ ઉકેલવાનો પ્રયત્ન કરતી. એમ કરવું જોખમી હતું. અમુક છોકરીઓએ તેને પૂછ્યું પણ હતું કે એ શું છુપાવી રહી હતી.

આંગણની મધ્યમાં રહેલી કાલિ માની મૂર્તિ સમક્ષ એક છોકરી દીવો પ્રગટાવી રહી હતી. એક પછી એક છોકરી-છોકરી પ્રાર્થના કરવા માટે બહાર આવી રહ્યાં હતાં. રેવમ્માએ સાડી પહેરી લીધી હતી અને તે પલાંઠી વાળીને મૂર્તિની સામે બેઠી હતી. અગરબત્તીનો ધુમાડો તેમની ઉપર ધુમ્મસની જેમ છવાયેલો હતો અને તેમાંથી સુગંધના બદલે દુર્ગંધ આવતી હતી. રેવમ્માએ જ્યારે ઘંટ વગાડ્યો ત્યારે બધા જ આંગણમાં દોડી ગયા. રેવમ્મા એવા સ્વરે શ્લોક ગાવા માંડી જે સાંભળીને કોઈ ભેંસને પણ પોતાના અવાજ પર ગર્વ થયો હોત. શિવગામીએ પોતાના વસ્ત્રથી જ પોતાના હાથ લૂછ્યા અને તે પણ બહાર દોડી ગઈ. આરતીના સમયે બધાએ આંગણમાં હાજર રહેવું પડતું.

‘ઓહ, આ કોણ આવ્યું? કેવી રૂપાળી, મોહક છોકરીઓ !’ એક પરિચિત અવાજ સંભળાયો.

તેઓ ઉંબરે આવીને જ અટકી ગયા અને કેકિ મટક મટક ચાલતો ચાલતો તેમની તરફ આવ્યો. તે કામાક્ષીની સામે આવીને ઊભો અને રેવમ્માને કહ્યું, ‘આ ઢીંગલીને હું મારા ઘરે લઈ જાઉં ?’

કામાક્ષી પાછળ હઠી ગઈ. કેકિએ હાથ લંબાવીને કામાક્ષીના સ્તનને એક વાર દબાવ્યું. ‘કેટલા કડક, કેટલા...’ એટલામાં જ શિવગામીનો હાથ કેકિની ગરદન પર ભિડાઈ ગયો. ગભરાયેલી કામાક્ષી શિવગામીની પાછળ જતી રહી. કેકિ હસ્યો અને તેણે થપાટ મારીને શિવગામીનો હાથ હટાવી નાખ્યો. પછીની જ ક્ષણે તેની આંખથી એકાદ આંગળ દૂર જ એક ચાકુ તકાયેલું હતું. કેકિ થીજી ગયો.

‘ચાલ,’ શિવગામીએ શાંત અવાજે કહ્યું.

‘શાંત થા, શાંત. તું મજાક પણ નથી સમજી શકતી ? આપણે બધી તો સ્ત્રીઓ છીએ સમજી ? એક સ્ત્રી બીજી સ્ત્રીને અડે એમાં ખોટું શું છે?’ કેકિ બોલ્યો.

શિવગામીએ એક હાથથી કેકિનું માથું પકડ્યું અને બીજા હાથથી તેની આંખની એકદમ પાસે ચાકુ ધરી રાખ્યું. આ વખતે તો ચાકુ એ કિન્નરના ડોળાને અડવામાં જ હતું. કેકિનો ભય શિવગામી પામી ગઈ પણ કેકિએ હસીને વાત ટાળવાનો પ્રયત્ન કર્યો. શિવગામીએ મનોમન પ્રાર્થના કરી કે આ કિન્નર કોઈ મૂર્ખામી ન કરે તો સારું. તેને ખાત્રી નહોતી કે તે કેકિના મગજ સુધી આ ચાકુ ઉતારી શકશે. તેણે આજ સુધીમાં થોંડકા અને એની ટોળકી સિવાય કોઈને ઈજા નહોતી પહોંચાડી અને એ પણ આત્મરક્ષણમાં જ કરવું પડ્યું હતું. આજે પહેલી વાર તે હુમલાખોર બની રહી હતી. એના કારણે તેને શક્તિનો અનુભવ થઈ રહ્યો હતો અને એ અનુભવનો તેને ડર પણ લાગવા માંડ્યો હતો.

‘ડાકણ ફરી વાર શિકાર કરવા નીકળી છે,’ શિવગામીને થોંડકાનો અવાજ સંભળાયો.

બધાની આંખો તેની પર મંડાયેલી છે, એમ તેણે અનુભવ્યું. કામાક્ષી તેની પાછળ ડૂસકાં ભરી રહી હતી. શિવગામીએ કેકિને ધક્કો મારી દૂર ધકેલ્યો. ધક્કાથી કિન્નર ઘૂમરી ખાઈ ગયો, તેનું માથું સ્તંભ સાથે ભટકાયું, પછી તે પાછો ફર્યો અને હસ્યો.

'રેવમ્મા, મારે આ છોકરી જોઈએ છે. તું કિંમત બોલ અને હું એને ઉપાડી લઉં. એ તો ખજાનો છે, ખજાનો,' કેકિએ કહ્યું. શિવગામીએ પોતાના હાથમાં રહેલું ચાકુ વીંઝ્યું અને કેકિના નાક પર ઘસરકો પાડ્યો.

પોતાના લોહી ટપકતા નાકને પકડીને કેકિ બોલ્યો, 'હે ભગવાન, તેં તો મને મારી જ નાખ્યો હોત, મારી જ નાખ્યો હોત. ઓહ, હું તને ખૂબ જ ચાહું છું. તું કેટલી કમનીય છે. રેવમ્મા, મારે તો આ છોકરી જોઈએ છે. એ જ છોકરી હવે મારે જોઈએ છે,' કહીને એ કિન્નર નાચવા લાગ્યો. તે તાબોટા પાડીને શિવગામીના ચહેરા સામે સિસકારા કરવા લાગ્યો. 'હવે તું જો હું તને કઈ રીતે ઝડપી લઉં છું.' શિવગામી એકદમ શાંત બનીને ઊભી હતી, પણ તેનું હૃદય જોર જોરથી ધબકી રહ્યું હતું. કિન્નર નાચતો રહ્યો. તેણે પોતાના વાળ ખોલી નાખ્યા અને પોતાનું માથું ગોળ ગોળ ફેરવીને પોતાના લોહીનાં ટીપાં તે ચારેબાજુ પાડવા લાગ્યો અને બોલ્યો, 'અમ્મા, અમ્મા,' અને પછી તે કાલિની મૂર્તિ સમક્ષ જઈને નાચવા લાગ્યો.

શિવગામી કામાક્ષીને ભંડારકક્ષમાં લઈ ગઈ. ત્યાં એ અને કામાક્ષી રહેતાં હતાં અને ઉઠંગાની સેવા કરતાં હતાં. તે કામાક્ષીને ત્યાં મૂકીને આવી.

જ્યારે એ પાછી આવી ત્યારે બકુલ ઘંટ વગાડી રહ્યો હતો અને એક છોકરો મૂર્તિની સામે કપૂર સળગાવી રહ્યો હતો. થોંડકા નહાઈ-ધોઈને, કપાળ પર મોટું તિલક લગાવીને આવ્યો હતો અને મૂર્તિ પર ફૂલો વરસાવી રહ્યો હતો. તેની આંખો ભક્તિભાવથી બંધ હતી અને તે રેવમ્મા કરતાં પણ ઊંચા અવાજમાં આરતી ગાવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. પોતાના વાળ ચારે બાજુ ફેલાવીને કેકિ મધ્યમાં બેઠો હતો અને જાણે ભૂત વળગ્યું હોય એમ માથુ હલાવીને ધૂણી રહ્યો હતો.

શિવગામીએ ઉતાવળે પ્રાર્થના કરી લીધી. તેણે માત્ર એક જ વસ્તુની પ્રાર્થના કરવાની હતી: તેના પિતાની હત્યા કરનારા લોકોનું મૃત્યુ.

પ્રાર્થનાનો લય એકદમ ઊંચો થઈ ગયો અને રેવમ્માએ પોતાના મોટા શરીરને ધ્રુજાવવાનું શરૂ કર્યું. આજે તેને કાલિ માતા આવ્યાં હોય, એમ લાગતું હતું. બધા 'અમ્મા કાલિ'ની બૂમો પાડવા માંડ્યા. આ દૃશ્ય પહેલી વાર જોયું ત્યારે તો શિવગામી ડરી ગઈ હતી. હવે તેને આ નાટકનો કંટાળો આવતો હતો. તેણે પોતાના શરીરનું વજન ડાબા પગ પરથી જમણા પગ પર લીધું. મચ્છરો ઊડતા હતા અને એક મચ્છર તો તેના નાક પર આવીને બેઠું. તેણે ડાબી આંખ ખોલીને મચ્છર મારવાનો પ્રયત્ન કર્યો અને જાણે તેના વિચારો જાણી ગયું હોય, તેમ મચ્છર છેલ્લી ઘડીએ ઊડી ગયું.

એ પોતાની આંખ બંધ કરવા જ જતી હતી કે તેણે જોયું કે પેલો નવો આવેલો છોકરો રસોડામાં ઘૂસી ગયો હતો. એ ભયભીત થઈ ગઈ. શું એ છોકરો પાગલ હતો ? તે હળવેથી મેદાનમાંથી ખસી ગઈ અને રસોડાની દિશામાં દોડી. ચૂલો સળગાવેલો જ હતો અને તેની પર રાખેલા મોટા તપેલામાંથી પાણી ઊકળવાનો અવાજ પણ તેને સંભળાતો હતો. ઝાંખા અજવાળામાં તેણે જોયું કે એ છોકરો જેની પર ખાવાનું રાખવામાં આવતું હતું એ મેજ પર ઝૂકેલો હતો.

'એય,' તેણે બૂમ પાડી અને એ છોકરો ભયનો માર્યો છળી ઊઠ્યો. તેનાથી પેલું તપેલું ઢોળાઈ ગયું અને અંદર રહેલું પ્રવાહી ચારે દિશામાં ફેલાઈ ગયું. શિવગામીને ભય હતો કે કોઈ

આ બધું સાંભળી ન ગયું હોય તો સારું. તેને રાહત એ વાતની હતી કે રેવમ્માની પૂજાના ઘોંઘાટમાં આ અવાજ દબાઈ ગયો હતો. બહાર આંગણમાં તો દરેક માણસ બીજા કરતાં વધારે ઊંચા અવાજે આરતી ગાઈને પોતાની ભક્તિ શ્રેષ્ઠ પુરવાર કરવાનો પ્રયત્ન કરી રહ્યું હતું.

'તું અહીંયાં શું કરી રહ્યો છે ?' એ છોકરાની દિશામાં આગળ વધતાં તેણે પૂછ્યું. તે ભયનો માર્યો સંકોચાઈ ગયો હોય એમ લાગતું હતું. તેના હોઠ ધ્રજતા હતા.

'હું...હું...હું કંઈક ખાવાનું શોધતો હતો,' તેણે કહ્યું.

'એ તો મને દેખાય છે,' અદબ વાળીને શિવગામીએ કહ્યું, 'પ્રશ્ન એ છે કે કેમ ?'

એ મૂંઝાઈ ગયો અને આ પરિસ્થિતિમાંથી બહાર નીકળવાનો માર્ગ શોધવા માંડ્યો. પણ શિવગામી બરોબર દરવાજા પાસે જ ઊભી હતી, બહાર નીકળવાનો માર્ગ રોકીને. તે પોતાના પગના અંગૂઠા તરફ જોવા લાગ્યો.

'કેમ ?' તેણે એ જ પ્રશ્ન ફરી વાર પૂછ્યો પણ થોડીક કઠોરતાથી અને અધીરાઈથી પોતાના પગ જમીન પર ઊંચાનીચા કર્યાં.

'મ...મને...મને ભૂખ લાગી હતી,' તે બબડ્યો.

શિવગામી ખડખડાટ હસી પડી. આ છોકરાએ એકદમ સરળ રીતે ગુનો કબૂલી લીધો પણ એટલી રમૂજી રીતે કે તિમ્માનું ઘર છોડ્યા પછી શિવગામીને પહેલી વાર રમૂજ થઈ. અત્યાર સુધીના દિવસો નીરસ હતા, રાત થકવી નાખનારી અને આ અનાથાલયમાં કામાક્ષી સિવાય કોઈ તેને બે સારા શબ્દો પણ કહેતું નહીં. અને અહીંયાં રમૂજની તો કોઈ તક જ નહોતી. છોકરાના સીધા-સરળ શબ્દો અને રસોડાનું દૃશ્ય, આ બંને વસ્તુના સંયોજનથી શિવગામીને ખડખડાટ હસવું આવી ગયું.

'તું છે ભારે રમૂજી,' શ્વાસ ખાધા પછી તે બોલી. આંગણમાંથી 'અમ્મા, અમ્મા'ની ચીસો સંભળાતી હતી. રેવમ્માના ભૂંકવાની સાથેસાથે કેકિનો તીણો અવાજ પણ સંભળાતો હતો. એમ લાગતું હતું કે એ ડોકરીને ખરેખર માતાજી આવ્યાં હતાં. એ આમ ને આમ બરાડતી જ રહી. તેના વાળ ખુલ્લા હતા, આખું શરીર ધ્રૂજી રહ્યું હતું અને થોડી વારમાં તો તે રડતાં રડતાં કૂદકા મારવા લાગી. થોંડકા એવી રીતે ઢોલ પીટી રહ્યો હતો, જાણે એ તેનો શત્રુ હોય અને પેલો રસોઇયો. આ દૃશ્ય સાથે તાલ મેળવ્યા વિના જ ઘંટનાદ કરી રહ્યો હતો. આંગણમાં પ્રગટાવેલી અગરબત્તી અને કપૂરની ગંધ હવે છેક રસોડા સુધી આવતી હતી.

જાડિયો છોકરો બારીના સળિયાની બહાર જોઈ રહ્યો હતો. હવે આખું ટોળું તાલીઓ પાડતું પાડતું ઉપર-નીચે કુદી રહ્યું હતું. ઢોલ અને ઘંટ વચ્ચે જાણે ઘોંઘાટ કરવાની સ્પર્ધા થઈ રહી હતી.

'આ લોકો પાગલ છે ?' એ છોકરાએ પૂછ્યું.

શિવગામી ફરી વાર ખડખડાટ હસી પડી. 'ના, ના, એ લોકો તો માત્ર ભક્તિ કરી રહ્યા છે,' તેણે જવાબ આપ્યો.

'તારું નામ શું છે ?'

'ગુંડુ રામુ,' છોકરાએ સંકોચપૂર્વક જવાબ આપ્યો.

'ગુંડુ રામુ ?' તેણે પૂછ્યું.

'ગુંડુ રામુ,' એ ફરી વાર બોલ્યો.

'શિવગામી,' તે બોલી.

'ના, ના, ગુંડુ રામુ,' તો બોલ્યો.

એ આશ્ચર્યથી તેની સામે જોઇ રહી પછી ખડખડાટ હસી પડી.

'ગુંડુ...' હસતાં હસતાં તે બોલી.

'રામુ,' જાણે શિવગામીને પોતાના નામનો બીજો ભાગ ઉચ્ચારવામાં તકલીફ પડતી હોય, તેમ તે બોલ્યો.

શિવગામી નીચે બેસીને પેટ પકડીને હસવા માંડી.

'મેં તને મારું નામ જણાવ્યું હતું, પાગલ,' તેણે કહ્યું.

'ના, એ નામ તો મારું પોતાનું છે,' તેણે કહ્યું. શિવગામીએ ઊભા થઈને તેના પેટમાં રમતિયાળ મુક્કો માર્યો. 'મેં કહ્યું કે મારું નામ શિવગામી છે.'

'અને મારું નામ...'

'ગુંડુ રામુ. હા, હા, હવે, તે અત્યાર સુધીમાં સો વાર તો કહી જ દીધું છે. કેવું રમૂજી નામ ! તને શોભે છે પણ—' તે બોલી.

'મારું એ એક જ નામ છે,' એ બોલ્યો અને બંને સાથે હસી પડ્યાં.

બહાર તો ભક્તિનું પાગલપન હદ વટાવી રહ્યું હતું. હવે તો રસોઇયાને પણ માતાજી આવ્યાં હતાં અને આગળની હરોળમાં ઊભેલી અમુક છોકરીઓ તો બેહોશ પણ થઈ ગઈ હતી.

'તું ક્યાંનો છે અને અહીંયાં કેવી રીતે પહોંચ્યો ?' શિવગામીએ પૂછ્યું. તેના હોઠ પરથી સ્મિત હજુ સાવ ગયું નહોતું. ઘણા લાંબા અંતરાલ પછી હસવાથી તેને સારું લાગતું હતું.

'હું ખાવાનું પૂરું કરી લઉં? હું બહુ જ ભૂખ્યો છું,' તેણે કહ્યું.

'જો કોઈ તને ખાતું જોઈ જશે, તો પેલી ડાકણ તારી પીઠ ઉતરડી નાખશે,' શિવગામીએ કહ્યું અને ગુંડુ રામુનો ચહેરો પડી ગયો. શિવગામીને તેની આંખોમાં ભય દેખાતો હતો. છોકરાને માર પડ્યો હતો એ બરોબર યાદ હતો. તેણે ઉત્કંઠાપૂર્વક ભોજન સામે જોયું અને પછી ગળા હેઠળ થૂંક ઉતાર્યું. શિવગામીએ રસોડામાંથી એક થાળી લીધી અને તેમાં તે બધું જ પીરસવા માંડી. એ બધાની ઉપર તેણે રેવમ્મા માટે બનાવેલી મીઠાઈ પણ મૂકી અને તેને જમીન પર મૂકી.

'અહીંયાં બેસ, અને તારા ભાગનું પેટ ભરીને ખા,' શિવગામી બોલી.

'પણ તેં તો કહ્યું કે...એ લોકો ?' તેણે ઠાવકાઈથી કહ્યું અને ભગવાનના નામે કૂદી રહેલા ટોળા સામે નજર કરી.

જવાબમાં શિવગામીએ બીજી થાળી લીધી અને તે પણ પીરસી. તે તેની સામે જ બેસી ગઈ, પલાંઠી વાળીને. ગુંડુએ પાછળ ફરીને ખાતરી કરી લીધી કે કોઈ તેમની તરફ આવી નથી રહ્યું.

'એ મને ફરીથી મારશે ?'

'હાસ્તો. દરરોજ, ગમે તે કરો, કોઈ કારણ હોય કે ના હોય.'

'મારા બાપુ મને કદી નહોતા મારતા,' કહીને એ છોકરો નીચે જોવા માંડ્યો. શિવગામીએ જોયું કે તેની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં હતાં.

'ઓહ, એ હવે ક્યાં છે ?' પૂછ્યા પછી જ તેને ખ્યાલ આવી ગયો કે આ પ્રશ્ન જ મૂર્ખામીપૂર્ણ હતો. જેની મા કે બાપ જીવતાં હોય, તે આ જગ્યાએ આવી જ ન શકે પણ એ

વિચાર્યા વિના બોલી જ ગઈ હતી અને હવે એ શબ્દો પાછા ખેંચવાનો અવકાશ નહોતો. ગુંડુ રામુના ખભા ધ્રુજવા માંડ્યા અને તેની આંખોમાંથી આંસુ વહેવા માંડ્યાં. દસ વર્ષના છોકરાને આમ રડતો જોવો. આમ તો રમૂજી દૃશ્ય હતું. શિવગામીએ પોતે તો રડવાનું ક્યારનું છોડી દીધું હતું. હવે કોઈ વસ્તુ તેને રડાવી શકે એમ નહોતી.

'તારુ ખાવાનું ખાઈ લે, ગુંડુ, કોઈ આવે એ પહેલા,' તેણે કહ્યું.

ગુંડુએ રડવાનું બંધ કર્યું નહીં પણ તેણે ખાવાનું તો ગળા નીચે ઉતારવાનું શરૂ કરી જ દીધું હતું.

'હું તમલ્યા ગામનો છું. એ ચારણો અને ગાયકોનું પ્રખ્યાત ગામ છે. તે મારા ગામ વિશે સાંભળ્યું છે ?' તેણે પૂછ્યું અને ભાતના બીજા ઢગલા પર તેણે હુમલો શરૂ કર્યો. શિવગામીએ સંભારની તપેલી તેની બાજુ ખસેડી. એ જ્યારે સંભારના એક પછી એક વાટકા ભાત પર રેડવા માંડ્યો ત્યારે શિવગામીની આંખો આશ્ચર્ય પહોળી થઈ ગઈ. ગુંડુ શિવગામી સામે આશાભરી આંખે જોઈ રહ્યો હતો પણ શિવગામીને તેના ગામ કે એ ગામના જગવિખ્યાત ચારણો વિશે કોઈ જ માહિતી નહોતી. પણ એ ગુંડુને નિરાશ નહોતી કરવા માંગતી.

'હા, મેં...મેં સાંભળ્યું છે. આખી દુનિયામાં પ્રખ્યાત છે. તમલ્યા....'

ગુંડુના ચહેરા પર ચમક આવી ગઈ અને ખોટું બોલવા બદલ શિવગામીનો ચહેરો ઝંખવાઈ ગયો.

'અને તેં મદનઅપ્પાનું નામ તો સાંભળ્યું જ હશે.'

'ઓહ, મદનઅપ્પા, એ તો સાંભળ્યું જ હોય ને. મહાન ગાયક. આખી દુનિયામાં પ્રખ્યાત છે,' તેણે કહ્યું. 'એ તારા બાપુ ?'

'મદનઅપ્પા !' ગુંડુ ભયભીત થઈ ઊઠ્યો. 'ના, એ તો પાગલ છે. એ તો ગધેડાની જેમ ભૂંકે છે. એ મારા બાપુનો સૌથી મોટો દુશ્મન હતો. તેણે મારા બાપુને કદી વિખ્યાત થવા જ ન દીધા.'

'ઓહ...'

'શિવગામી, તું મારી મજાક કરી રહી છે,' ગુંડુએ ખચકાટ સાથે કહ્યું.

'ના...હું...' હવે શિવગામી ખચકાઈ ગઈ.

'તું એ તો જાણતી જ હશે કે મદનઅપ્પા અમારા ગામનો પ્રમુખ છે.'

'ખરેખર? મારો મતલબ છે, હા, ખરેખર. થોડા વધારે ભાત જોઈએ છે ?' તેણે પૂછ્યું અને વિષય બદલવાનો પ્રયત્ન કર્યો.

'ના, ના, હવે જો હું વધારે ખાઈશ તો મારું પેટ બગડશે અને મારું સાંજનું ખાવાનું બગડશે,' તે બોલ્યો તો ખરો પણ બીજા ભાત પણ તેણે પોતાની થાળીમાં લઈ તો લીધા જ.

શિવગામી જાણતી હતી કે હવે કંઈ સાંજનું ખાવાનું મળવાનું નહોતું. તેમણે જે કર્યું છે એ રેવમ્મા એક વાર જાણશે પછી, તો ત્રણ દિવસ સુધી ખાવાનું મળવાનું નહોતું. પણ એ ગુંડુને એવું કંઈ જણાવવા નહોતી માંગતી. આ પાગલ છોકરો એમ વિચારતો હતો કે આ કોઈ વીશી છે અને તેને પોતાના ભાગનું ખાવાનું તો મળવાનું જ છે. આજે અનાથાલયમાં ઘણા લોકો ભૂખ્યા રહેવાના હતા. પણ શિવગામીએ એમ વિચાર્યું કે આ છોકરાને હેરાન કર્યો એની સજા તો તેમને મળશે અને તેને આ વિચાર ગમ્યો પણ ખરો. જોકે તેને પોતાને પણ રેવમ્માની પ્રતિક્રિયાનો ભય તો લાગતો જ હતો. થોડા જ સમયમાં માતાજી તેના શરીરમાંથી જતાં રહેશે

અને ડાકણ પાછી પ્રવેશી જશે. ગુંડુના શા હાલ થશે, એ વિચારીને જ તેને ગુંડુની દયા આવતી હતી. તેણે ગુંડુની થાળીમાં મીઠાઈનો એક ટુકડો મૂક્યો.

'ના, ના, મીઠાઈ ખાવાથી જાડા થઈ જવાય છે,' કહીને તેણે મીઠાઈને થાળીમાં એક બાજુ મૂકી. 'હું શું કહેતો હતો?' કહીને તેણે ભાત અને સંભાર ચોળયાં અને તેની પર પાપડનો ભૂકો કર્યો.

'તું જગવિખ્યાત મદનઅપ્પાની વાત કરતો હતો,' શિવગામીએ પોતાનું હાસ્ય દબાવીને કહ્યું.

'ના, મદનઅપ્પા કંઈ જગવિખ્યાત નથી. એ એક ગામનો મૂર્ખ પ્રમુખ છે જેને કોઈની પ્રતિભા ઓળખતાં જ નથી આવડતી. મારા બાપુ જગવિખ્યાત હતા. જોકે, એ હજુ જગવિખ્યાત નહોતા થયા પણ થવાના હતા, જો એ યુદ્ધમાં ન મર્યા હોત તો,' ગુંડુએ કહ્યું અને તેના હોઠ ધ્રૂજવા માંડ્યા. 'તેમણે અમારા ગામને જગવિખ્યાત બનાવ્યું હોત.'

શિવગામી એક ક્ષણ માટે ચૂપ થઈ ગઈ. 'પણ ગુંડુ, કોઈ ગાયક કઈ રીતે યુદ્ધમાં મરી શકે ?' તેણે પૂછ્યું.

'ત્યાંના સેનાનાયકે મારા બાપુને તેની વાર્તા લખવાનું સોંપ્યું હતું. તેણે મારા બાપુ પાસે જાતભાતનાં જુઠ્ઠાણાં લખાવ્યાં હતાં. તેણે મારા બાપુ પાસેથી એવું પણ ગવડાવ્યું હતું કે એ ભગવાન રામનો વંશજ છે. મારા બાપુનું કામ એ હતું કે તે સેનાનાયકનાં મહાન કાર્યો વિશે લખે અને તેને અમર બનાવવા માટે ગીતો બનાવે. ઓહ, કેવાં અદ્‌ભુત ગીતો બનાવતા મારા બાપુ !'

'તને તો એ ગીતો બહુ જ ગમતાં હશે, નહીં ?'

'ના, હું તો એ ગીતોને નફરત કરતો હતો. એ બધાં ગીતો જુઠ્ઠાણાં જ હતાં,' કહીને તેણે બીજા પાપડનો ભૂકો કર્યો. આંગણમાં છેલ્લી આરતી ચાલી રહી હતી. શિવગામી જાણતી હતી કે હવે કોઈ પણ ક્ષણે ગમે તે અંદર આવશે. ભાતની ટોપલી લગભગ અડધી ખાલી થઈ ગઈ હતી.

'બધી વાર્તા અને ગીતો જુઠ્ઠાણાં જ હોય છે. કોઈ વાર્તાકાર પ્રમાણિક હોતો જ નથી. જે પૈસા ચૂકવે એ પોતાને ગમતું હોય એવું જ લખાવે,' તે બોલી. તેણે આ બધું જોયું, અનુભવ્યું હતું. તેના પિતાના કહેવાતા દેશદ્રોહ વિશે લોકોએ જે ગીતો બનાવી નાખ્યાં હતાં એ તેને યાદ આવ્યાં. તેને બધા કવિઓ, લેખકો અને ચારણો માટે નફરત જ હતી.

'મારા બાપુને જુઠ્ઠાણાંથી નફરત હતી. એ બહુ પ્રમાણિક માણસ હતા. પણ એમને જગવિખ્યાત થવું હતું અને એમાં ને એમાં એ મૃત્યુ પામ્યા. એક બાજુ તેમની મહત્ત્વાકાંક્ષા હતી,' કહીને ગુંડુને ભાતને એક બાજુ કર્યાં, 'અને બીજી બાજુ તેમની પ્રમાણિકતા હતી. પ્રમાણિકતા અને મહત્ત્વાકાંક્ષા, મહત્ત્વાકાંક્ષા અને પ્રમાણિકતા. એ આ બંને વચ્ચે બરોબર ફસાઈ ગયા હતા.'

ગુંડુએ થાળીની એક બાજુએ રાખેલો મીઠાઈનો ટુકડો ઉપાડ્યો અને એક જ બટકામાં તેને ગળા હેઠળ ઉતારી ગયો. શિવગામી તેને યાદ અપાવવા માંગતી હતી કે મીઠાઈ ખાવાથી જાડા થઈ જવાય પણ તેણે પોતાની જાતને રોકી લીધી. બહારથી 'અમ્મા, અમ્મા' એવી છેવટની બૂમો સંભળાઈ. હવે માતાજી રેવમ્મામાંથી જઈ રહ્યાં હતાં. હવે તેવો માતાજીને ધરવા માટે બનાવેલો પ્રસાદ લેવા આવશે.

માતાજી માટેનો પ્રસાદ એ અને ગુંડુ ખાઈ ગયાં છે એ જાણીને એ લોકોના ચહેરા કેવા થશે એમ શિવગામીએ વિચારી લીધું. એ મનોમન ખુશ થઈ. એ આની કિંમત ચૂકવવા તૈયાર

જ હતી પણ એના બદલે રેવમ્માનો પડી ગયેલો ચહેરો જોવા મળશે, એ તેનો ફાયદો હતો. બિચારો ગુંડુ જોકે નહોતો જાણતો કે એ શું કરી રહ્યો હતો.

'મીઠાઈનો બીજો એક ટુકડો આપીશ ?' તેણે પૂછ્યું.

'કેમ નહી ? એક શું કરવા, ત્રણ લે.'

'ના, એક ચાલશે. મારે પાતળા પણ થવાનું છે,' તેણે કહ્યું અને મીઠાઈના ત્રણેય ટુકડા તો લઈ જ લીધા. 'તો, હું એ કહેતો હતો કે મારા બાપુ એમની મહત્ત્વાકાંક્ષા અને એમની પ્રમાણિકતા વચ્ચે ફસાઈ ગયા હતા. એ ઘણી વાર કહેતા કે તેમણે કોઈ રાજકારણી કે રાજના નોકરિયાત જ બનવા જેવું હતું કારણ કે એમને બહુ જ જુઠ્ઠું બોલવું પડતું હતું. પણ અમે ગરીબ હતા અને અમારી પાસે ખાવાનું પણ કંઈ નહોતું. મારી મા મરી ગઈ પછી એમણે જ મારી સંભાળ રાખવી પડતી. એ કહેતા કે એ આ બધું એટલે કરી રહ્યા છે કે જેથી મને બે કોળિયા ખાવા મળે.' ગુંડુએ અવળા હાથે પોતાનાં આંસુ લૂછ્યાં.

'બે કોળિયા ! હમમમ, પછી ?'

'એટલે એ સેનાનાયકને જોઈએ એવાં ગીતો બનાવી આપતા. પણ એક દિવસ એમની પ્રમાણિકતાએ બળવો પોકાર્યો. એટલે એમણે વચ્ચેનો રસ્તો લીધો. તેમણે હકીકતો અને કલ્પનાઓ ભેગી કરવા માંડી.' ગુંડુએ થાળીની કોરે કોરે રહેલા ભાતના બે ઢગલા ભેગા કર્યા અને અને શિવગામી સામે આશાભરી આંખે જોઈ રહ્યો. શિવગામીએ સંભારની તપેલી તેની થાળીમાં ઠાલવી નાખી અને જે કંઈ અંદર ચોંટ્યું હતું એ પણ દાળવાટકાથી ઉખાડીને તેને પીરસી દીધું. આ ગઈ રેવમ્માની ઉજાણી, તેણે વિચાર્યું.

'એમણે બધી જ પંક્તિઓના અંતે મૂકવા માંડ્યું "તમે માની શકો છો ?" લોકોને એ બહુ જ પસંદ આવવા માંડ્યુ પણ મને ક્યારેય સમજાયું નહીં કે કેમ,' ગુંડુ પોતાની આંગળીઓ ચાટતો હતો. 'સેનાનાયકને જોકે જરા પણ ગમ્યું નહીં.'

શિવગામી ખડખડાટ હસી. ગુંડુને ખોટુ લાગ્યું એટલે શિવગામીએ તેને ચાર વાટકા ભાત પીરસી દીધો. ગુંડુએ સંભારની ખાલી તપેલી લીધી અને તેને પોતાની થાળી ઉપર હલાવવા માંડ્યો.

'એ ગીત કંઈક આવું હતું...' ગુંડુએ પોતાનું ગળું સાફ કર્યું.

'મહાનાયક, સેનાનાયક, ભગવાન ઇન્દ્રથી પણ બહાદુર, તમે માની શકો છો ?

લોકનાયક, વીરનાયક, ભગવાન ચંદ્રથી પણ રૂપાળા, તમે માની શકો છો ?

ભૂમિપાલક, શૂરનાયક, ભગવાન હનુમાનથી પણ શક્તિશાળી, તમે માની શકો છો ?

રાજ્યરક્ષક, શત્રુનાશક, ભગવાન શ્રીકાંતથી પણ ભયાનક, તમે માની શકો છો ?'

ગુંડુએ અવળા હાથે લીંટ લૂછ્યું અને વધ્યું એ ઉપર ચડાવ્યું. 'સેનાનાયકની સેનાના સૈનિકોને એ ગીત બહુ જ ગમ્યું. દરેક પંક્તિ પછી જ્યારે મારા બાપુ પૂછતા "તમે માની શકો છો ?"ત્યારે એ બધા જ બોલતા "હા, અમે માનીએ છીએ" અને હસતા. મને લાગે છે કે એ લોકો હસતા હતા એટલે જ સેનાનાયકને કાળ ચડ્યો હશે. તેમણે મારા બાપુને પશ્ચિમી સરહદ પર પહેરો ભરવા જવાનો હુકમ ફરમાવ્યો. મારા બાપુ કોઈ પણ કવિ કરતાં વધારે સારી રીતે કિત્તો વાપરી શકતા અને એ કહેતા કે કિત્તો તલવાર કરતાં પણ વધારે શક્તિશાળી હોય છે. એ...એ કિરાત લોકોના હુમલામાં માર્યા ગયા. હું...હું અનાથ બની ગયો. ગામના લોકો મને ખવડાવવા નહોતા માંગતા. એ બધા કહેતા કે હું બહુ જ ખાઉં છું. કોઈક મારા વિરુદ્ધ અફવા ફેલાવી રહ્યું હતું. કદાચ મદનઅપ્પાએ જ એમ કર્યું હશે. મારા બાપુની પ્રતિભાને એ નફરત

કરતો હતો. એ મારા કુટુંબને જ નફરત કરતો હતો અને હું જતો રહું એમ જ એ ઇચ્છતો હતો. એ કહેતો હતો કે હું ગામની પનોતી છું. જ્યારે મને ખબર પડી કે મારા બાપુને કોઈએ કાપી નાખ્યા છે અને હું અનાથ બની ગયો છું ત્યારે હું આખો દિવસ રોયો હતો. એક આખો દિવસ મેં કંઈ ખાધું પણ નહોતું. પછી મેં ઘરે ઘરે ફરીને ખાવા માટે ભીખ માંગી. અમુક મહિલાઓએ મને ખાવા માટે કંઈક આપ્યું પણ ખરું પણ મારું પેટ ભરાય એટલું તો નહીં જ. એટલે એ લોકોએ મને જ્યારે એમ કહ્યું કે આ અનાથાલયમાં મને ભરપેટ ખાવા મળશે, ત્યારે મેં એક ક્ષણનો પણ વિચાર કર્યો નહીં. એ બધાં કહેતાં હતાં કે અહીં તો મને માન આપવામાં આવશે, કારણ કે મારા પિતા તો માહિષ્મતી માટે શહીદ થયા હતા. અને અહીંયાં...અહીંયાં...પેલી ડાકણે મને સોટીએ સોટીએ ફટકાર્યો. અહીંયાં તો બધા દુષ્ટો જ છે,' ગુંડુ ડૂસકાં ભરવા માંડ્યો.

પછી તેણે શિવગામી સામે જોઈને ઉમેર્યું, 'ના, બધા નથી. તું સારી છે. મને નથી લાગતું કે તું દુષ્ટ હોય. તું બધા જેવી દુષ્ટ જ છે ?'

શિવગામી હસી પણ તેની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. 'મને આશા છે કે હું દુષ્ટ નથી, ગુંડુ.'

'ના, તું તો જરા પણ દુષ્ટ નથી. તેં તો મને નાસ્તો કરાવ્યો છે,' ગુંડુએ સસ્મિત કહ્યું.

'નાસ્તો ! એ નાસ્તો નહોતો, ગુંડુ. એ ઘણા બધા લોકોનું એક ટંકનું ખાવાનું હતું.'

'ખાવાનું ? ઓહ...' તેનો ચહેરો પડી ગયો. 'એટલે તું એમ કહે છે કે હવે મને રાતનું જમવાનું નહીં આપે ?'

'ના, અત્યારે તો નહીં જ,' તે બોલી. તેને આ છોકરાની દયા આવતી હતી. જો એ બંને નસીબદાર હશે, તો તેમને ત્રણ દિવસ પછી જમવા મળશે. રેવમ્મા તેમને મારી મારીને બેહોશ કરી નાખશે અને એ લોકો ત્રણ દિવસે તો ભાનમાં આવશે.

'ઓહ, હું હવે સમજ્યો તું શું કહેવા માંગે છે. અહીંયાં રાતે મોડેથી જમવાનું અપાય છે. બહુ મોડું ના કરે તો સારું,' તેણે કહ્યું અને આખી થાળી ચાટીને સાફ કરી નાખી. શિવગામીએ નિસાસો નાખ્યો. તેણે ખાવાનું શરૂ કર્યું. હવે એ લોકો ગમે તે ક્ષણે આવી પહોંચશે.

'તમને ખબર છે, શિવગામી અક્કા.. ? હું તમને શિવગામી અક્કા કહી શકું, નહીં ? આપણો હવે મિત્રો છીએ, બરોબર ? તું કોઈ મોટા ઘરે કે ઉમરાવને ત્યાં જન્મી હોય એવી તો નથી લાગતી. મને મોટા લોકોનો ડર લાગે છે. ના, તું એવી તો ન જ હોઈ શકે. તું તો મારા જેવી જ છે. સામાન્ય માણસની છોકરી,' ગુંડુએ તેના ઝાંખા પડી ગયેલાં કપડાં જોઈને કહ્યું. શિવગામીએ સ્મિત કર્યું.

'તુ મને શિવગામી અક્કા કહી શકે છે. અને હું તારા જેવી જ છું.'

'તારાં મા-બાપને શું થયું ? તારા બાપુ તો સૈનિક જ હશે, નહીં ?' ગુંડુએ પૂછ્યું.

શિવગામીની આંખો અચાનક જ ઊભરાઈ આવી. લટકાવેલા પીંજરામાં પુરાયેલા તેના પિતાની તસવીર તેની આંખો સમક્ષ તરી આવી. 'એ તો મૃત્યુ પામ્યા છે,' તેણે કર્કશ અવાજે કહ્યું.

'ઓહ, કોઈ યુદ્ધમાં ?'

તેના હોઠ ધ્રૂજવા માંડ્યા અને પોતાની આંગળીઓ વડે તે ભાત દબાવવા માંડી. તેને એ વિષયમાં વાત જ નહોતી કરવી, કોઈ તેને એ દિવસની યાદ અપાવે એમ પણ એ નહોતી ઇચ્છતી. તેણે નક્કી કર્યું હતું કે તે ત્યારે જ પોતાના પિતા વિશે વાત કરશે જ્યારે તેણે માહિષ્મતીના રાજવંશને ખતમ કરી નાખ્યો હશે. પોતાના મિત્રના મનમાં પોતે લાગીણીઓનું

કેવું ઘોડાપૂર પ્રગટાવી દીધું છે એ વાતથી અજાણ ગુંડુએ તો બબડવાનું ચાલુ જ રાખ્યું હતું.

'હંમેશાં સામાન્ય માણસ જ મરે છે. કોઈ રાજા કે ભૂમિપતિએ તારા બાપુને પોતાના માટે લડવાનો હુકમ કર્યો હશે, મેં તો આવી ઘણી વાતો સાંભળી છે. મારા બાપુએ મને ઘણાં ગીતો શીખવ્યા છે. એમાંનાં કેટલાંક ગીતો તો એવી ભાષામાં છે કે જે હવે કોઈ બોલતું પણ નથી. એમણે તો મને એ લોકોની ભાષા શીખવવાનો પ્રયત્ન પણ કર્યો હતો જે લોકો હજારો વર્ષ પહેલાં માહિષ્મતી પર રાજ કરતા હતા. એ ભાષામાં સૌથી વધારે ગીતો છે, એમ એ મને કહેતા. એવાં ગીતો જે ઇન્દ્ર ભગવાનના અવતાર પહેલાંના છે. ભગવાન રામ અને ક્રિષ્નએ જન્મ લીધો એ પહેલાં થયેલાં સાહસોનાં ગીતો. એ જૂની ભાષામાં એક ચોપડી છે જેમાં આખી દુનિયાની સૌથી વધારે વાર્તાઓ છે. દૈત્યો, વાઘ, બીજાં પ્રાણીઓ, રાજકુમારો, ભૂત, પ્રેત, પિશાચ, યક્ષ, કિન્નર, ગંધર્વ, દેવ, અસુર, રાક્ષસ, વૈતાલિક, અપ્સરા – તું કોઈ પણ નામ લે, એની વાર્તા એ ચોપડીમાં હશે જ. એ ચોપડી...અરેરેરે...હું એનું નામ ભૂલી ગયો. હા, યાદ આવ્યું, યાદ આવ્યું. એનું નામ છે બૃહત કથા. રામાયણથી પણ લાંબી છે. મહાભારતથી પણ વિશાળ છે. દક્ષિણનાં મહાકાવ્યોથી પણ મોટી છે. મારા બાપુને એ ચોપડીની ઘણી વાર્તાઓ, ગીતો યાદ હતાં. પણ એ ભાષા બહુ વિચિત્ર રીતે લખાતી હતી. એ દેવભાષાની જેમ નહોતી લખાતી, આપણી ભાષાની જેમ પણ નહીં. પણ એ બધા ભૂલી ગયા છે. અક્કા, મારી સામે આવી રીતે કેમ જુવે છે ? શું થયું ?' ગુંડુ રામુ શિવગામીને તાકી રહ્યો.

'તેં હમણા શું કહ્યું ?' શિવગામીએ તેનો હાથ પકડી લીધો.

'તમને કંઈ ખરાબ લાગે એવું મેં કહ્યું, અક્કા ?'

'ના, પાગલ, તું કઈ ભાષાની વાત કરે છે ?' તેણે તેને હલબલાવીને પૂછ્યું.

'ભાષા ? હું એ ભાષાનું નામ તો ભૂલી ગયો છું. હે ભગવાન ગણેશ, હું તમને સો મોદક ચડાવીશ, પણ મને એ ભાષાનું નામ યાદ કરાવી દો. હા, છેવટે યાદ આવ્યું ખરું. ભગવાન ગણેશ મહાન છે. એને પૈશાચી કહે છે.'

પૈશાચી ? શિવગામીના માન્યામાં ન આવતું હોય, એમ તે ગુંડુ સામે જોઈ રહી. તે ઊભી થઈ, આંગળી પર ચોંટેલા ભાત ખંખેર્યા અને ભંડારકક્ષ તરફ દોડી ગઈ. તેણે પોતાનું પોટલું હલાવ્યું અને અંદરથી પેલું હસ્તલિખિત પુસ્તક નીચે પડ્યું. તેણે એ પુસ્તક લીધું અને તે ગુંડુ રામુ પાસે દોડી ગઈ.

'આમાં શું લખ્યું છે, એ તું મને કહી શકીશ ?' કહીને તેણે એ પુસ્તક તેના ચહેરા સામે ધરી દીધું. એ છોકરો આશ્ચર્ય અને આઘાત એકસાથે અનુભવી રહ્યો હતો.

'આ વાર્તાની ચોપડી છે કે ગીતોની ?' તેણે પૂછ્યું. એ મૂંઝાયેલો લાગતો હતો. પછી તેણે એ ચોપડી પોતાના હાથમાં લીધી અને તેનાં પાનાં ફેરવવા લાગ્યો.

'ઝડપ કર. એ લોકો આવે એ પહેલાં વાંચી લે,' કહીને તેણે ગુંડુના ખભા પકડીને તેને હચમચાવી નાખ્યો.

'કયા લોકો આવશે ?'

'રેવમ્મા અને બીજા લોકો.'

'રાતનું ખાવાનું આપવા ?' તેણે આશાભર્યા અવાજે પૂછ્યું.

'વાંચ, પાગલ. એ વાંચ, વાંચ, વાંચ.'

ગુંડુ પાનાં ફેરવવા લાગ્યો અને એક પાના પર દોરેલા એક ત્રિકોણના ચિત્રને તાકી રહ્યો. 'શિવગામી અક્કા...'

'શું ?' તેનું હૃદય પીંજરે પુરાયેલા પોપટની જેમ ફફડી રહ્યું હતું. તેણે ગુંડુનું કાંડુ પકડ્યું.

'આ કોઈ ટેકરી છે ?' તેણે પૂછ્યું.

'એ ત્રિકોણ છે, મૂરખ. તેની નીચે શું લખ્યું છે એ વાંચ.'

'પણ...'

'પણ શું ? એ વાંચ,' તેણે ઊંચા અવાજે કહ્યું. તેને પગલાંના અવાજ સંભળાઈ રહ્યા હતા. એ લોકો આવી જ રહ્યાં હતાં.

'મને વાંચતાં તો જરાય નથી આવડતું,' ગુંડુએ મૂંઝાયેલા ચહેરે કહ્યું.

શિવગામીના મોઢામાંથી એક ચીસ નીકળી ગઈ. એ તેના ટુકડેટુકડા કરી નાખવા માંગતી હતી. એ તેની પર કૂદી અને એ છોકરો પીઠભેર પડ્યો. તે તેના ચહેરા પર એક પછી એક તમાચા મારવા માંડી.

'અહીંયાં શું ચાલી રહ્યું છે ? વર-વહુ ચાંદની રાતમાં સુહાગરાત ઊજવી રહ્યાં છે ?'

શિવગામીને થોંડકાના હાસ્યનો તીણો અવાજ સંભળાયો. તે ઊભી થાય એ પહેલાં તો તેની પીઠ પર નેતરની સોટી વીંઝાઈ. તેની પર સોટીઓ વરસવા માંડી એટલે તે નહીં રડવાના મક્કમ ઇરાદા સાથે ઊભી થઈ.

'આ રાક્ષસો બધો જ પ્રસાદ ખાઈ ગયાં છે અને એવું કંઈક કરી રહ્યાં હતાં જેના વિશે કંઈ બોલી પણ શકાય નહીં. અબ્રહ્મણ્ય. અબ્રહ્મણ્ય. આપણી બધી જ સેવા-પૂજા નકામી ગઈ, મૂદેવી.' રેવમ્માએ ફરી વાર શિવગામીને જોશથી મારવાનું શરૂ કર્યું. શિવગામી મુઠ્ઠીઓ વાળીને ખડકની જેમ ઊભી હતી. તેણે જ્યારે જોયું કે ચૂલામાં અંગારા પલટવા જે લાકડી વપરાતી એ લઈને બકુલ ગુંડુ રામુને મારવા આગળ વધ્યો છે, ત્યારે તેનો નિર્ધાર છૂટ્યો.

'મહેરબાની કરો...' તેણે આજીજી કરી પણ જવાબમાં તેનો ગાલ ચીરાઈ ગયો.

ગુંડુ રામુના શરીર પર પહેલો પ્રહાર થાય એ પહેલાં તો તે બરાડવા માંડ્યો હતો, 'મને ના મારશો. મહેરબાની કરો. હું તો એક કવિનો છોકરો છું. મહેરબાની કરો... આહ... ઐયો... ઐયો... મહેરબાની કરો. મારા બાપુ જગવિખ્યાત કવિ છે...મહેરબાની કરો...મહેરબાની કરો...ઐયો.'

પોતે રડશે નહીં એવો નિર્ધાર કર્યો હોવા છતાં શિવગામીની આંખમાંથી આંસુ સરી પડ્યાં.

'હું માફી માંગુ છું, બહુ જ દિલગીર છું,' તે બબડી.

'માફી...તારી માફી કોને જોઈએ છે ?' રેવમ્માએ ફરી વાર તેને ફટકારી.

તે બૂમ પાડીને કહેવા માંગતી હતી કે તે રેવમ્માની નહીં પણ પેલા છોકરાની માફી માંગી રહી હતી પણ પછી તેણે વિચાર્યું કે એનાથી તો વાત વણસી જશે એટલે તે ચૂપ જ રહી.

અચાનક જ થોંડકાએ બૂમ પાડી, 'હે ભગવાન ! આ શું છે ?' શિવગામીને પોતાનું માથું ગોળ ગોળ ફરતું લાગ્યું. થોંડકાએ જમીન પર પડેલું પેલું પુસ્તક ઉપાડ્યું અને તે સૂંઘવા લાગ્યો. તેના વિચિત્ર ભાષાના લખાણને જોઈને તે ગૂંચવાઈ ગયો હતો. રેવમ્માએ એ પુસ્તક તેના હાથમાંથી ખૂંચવી લીધું, તેનું પૂંઠું જોયું અને શિવગામી સામે તાકી રહી.

'મને લાગે છે કે આ શું છે એ હું જાણું છું,' ક્રૂર સ્મિત સાથે કેકિ બોલ્યો અને તેણે એ પુસ્તક રેવમ્માના હાથમાંથી લીધું.

શિવગામીના પગ પાણી પાણી થઈ રહ્યા હોય, એમ તેને લાગ્યું.

૨૦

કટપ્પા

શિવપ્પા ભાગી ગયાને ત્રણ મહિના જેટલો સમય થઈ ગયો હતો. વૈતાલિક સાથેના યુદ્ધમાં કટપ્પાને જે ઘાવ પડ્યા હતા તે હજુ પૂરા ભરાયા નહોતા. તે પોતાની ઝૂંપડીમાં લંગડાતો ચાલતો હતો. તેનો હાથ હજુ ઝોળીમાં જ હતો અને કંઈક ખાવાનું શોધી રહ્યો હતો. રાજની જેમ જ, ખાવાનું તો શું, કંઈ ચગળવાનું પણ નહોતું. વરસાદની ઋતુ આવી પહોંચી હતી અને ગુલામોનું કામ અનેકગણું વધી ગયું હતું. એના પિતા તો રાજાની સેવામાં જ વ્યસ્ત હતા. પોતાના નાના પુત્રને ગુમાવવાનું દુઃખ ભુલાવી દેવા તેમણે કામમાં વધુ ને વધુ ખૂંપી જવાનો નિર્ણય કર્યો હોય એમ લાગતું હતું. દર પખવાડિયે એકાદશીના દિવસે ગુલામોને આરામનો ફરજિયાત દિવસ મળતો પણ એ દિવસે પણ તેમણે આરામ કરવાનું ટાળ્યું હતું. મલયઅપ્પાએ કદી પણ કટપ્પાને સીધેસીધું નહોતું કહ્યું કે એ તેને ધિક્કારતો હતો, પણ પોતાના કામ અને વાતચીતમાં એ ક્યારેય એવું સૂચવવાનો મોકો નહોતો છોડતો કે પોતાના નાના પુત્રના મૃત્યુ માટે કટપ્પા જ જવાબદાર છે.

કટપ્પાએ બધા સમક્ષ આ જુઠ્ઠાણું ચલાવ્યું હતું. તે અને શિવપ્પા બિજ્જલ સાથે જંગલમાં શિકાર કરવા ગયા હતા. પાતાલગંગા ધોધ પાસે શિવપ્પાનો પગ લપસ્યો હતો અને તે ધોધના પ્રવાહમાં તણાયો હતો. રાજકુમાર અને કટપ્પાએ તેને બચાવવાનો બહુ જ પ્રયત્ન કર્યો હતો. શિવપ્પાને બચાવવા પહેલાં તો રાજકુમાર જ કૂદી પડ્યા હતા. એટલે પોતાના માલિકની પાછળ ગયા સિવાય કટપ્પાનો છૂટકો જ નહોતો. ત્રણેય જણા પાણીના ઝડપી પ્રવાહમાં તણાવા માંડ્યા હતા અને ધોધના પાણી સાથે નીચે પટકાયા હતા. બિજ્જલ અને કટપ્પા બચી ગયા એ પણ એક ચમત્કાર જ હતો. તેઓ કાંઠે આવ્યા ત્યારે વૈતાલિકોએ તેમની ઉપર હુમલો કર્યો હતો. બિજ્જલે બહાદુરીપૂર્વક લડીને એ બધાને મારી નાખ્યા હતા. કટપ્પાનું જીવન પણ બિજ્જલે જ બચાવ્યું હતું.

પોતે કેટલું સરળતાથી જુઠ્ઠું બોલી શકે છે એ જાણીને કટપ્પાને આશ્ચર્ય થયું હતું. એનાથી એને ચિંતા પણ થઈ હતી. સૌથી વધુ ચિંતા તો એ વાત જાણીને થઈ હતી કે સત્યનો સામનો કરવાની તેની તાકાત નહોતી. તેણે પોતાના મનને એમ કહીને મનાવવાનો પ્રયત્ન કર્યો કે એ પોતાના માલિકને બચાવવા જુઠ્ઠું બોલ્યો છે અને માલિકને બચાવવા એ કોઈ પણ ગુલામની સૌથી મોટી ફરજ છે, તેનો ધર્મ છે. જોકે તે પોતે જાણતો હતો કે તે પોતાના ભાઈની સલામતી માટે જ જુઠ્ઠું બોલ્યો હતો.

થોડાક મરજીવાઓને શિવપ્પાનું શરીર લાવવા માટે મોકલવામાં આવ્યા હતા પણ એ લોકો ખાલી હાથે પાછા ફર્યા હતા. થોડીક ડૂબકીઓ માર્યા પછી તેમણે જાહેર કર્યું હતું કે કદાચ શિવપ્પાનું શરીર તણાઈ ગયું હશે. મૃત ગુલામ છોકરા માટે પોતાનો જીવ જોખમમાં

મૂકવા તે લોકો તૈયાર નહોતા. ઘણા દિવસો સુધી કટપ્પા પોતાના ભાઈનું નામ લઈને રડતો રહ્યો હતો. તેના અભિનયથી પ્રભાવિત થઈને સ્વયં મહાપ્રધાન તેને આશ્વાસન આપવા આવ્યા હતા. પોતે છેતરવાની કળામાં કેવો પાવરધો થઈ ગયો છે એ વિચારીને કટપ્પાને તો પોતાની પર જ ગુસ્સો પણ આવતો હતો અને દુઃખ પણ થતું હતું.

રાજા પાછળ સ્તંભની જેમ ઊભા રહેતા પોતાના પિતાનો ચહેરો જોઈને પણ તેને દુઃખ થતું હતું. તે જોઈ શકતો હતો કે તેના પિતાની ઉંમર રાતોરાત વધી ગઈ હોય, એમ લાગતું હતું. એ જાણતો હતો કે તેના પિતા નાના દીકરાને કેટલો પ્રેમ કરતા હતા. તેને મનોમન એમ થતું કે બીજા કોઈને નહીં તો છેવટે પોતાના પિતાને પણ સાચી વાત કહી શકત, તો કેવું સારું થાત. પણ એ ભયજનક પગલું હતું. જો કોઈને પણ ગંધ આવી ગઈ કે શિવપ્પા ભાગી છૂટ્યો છે, તો તેઓ સારામાં સારા મુઢોલ કૂતરાઓને તેની ગંધ પારખવા છૂટા મૂકી દેશે. મરેલા ગુલામની કિંમત તો મરેલા ઘોડાના શબ કરતાં પણ ઓછી હોય છે કારણ કે ગુલામની ચામડીનાં પગરખાં તો બનતાં નથી.

પોતાના જુઠ્ઠાણા બાબતે કટપ્પા અત્યંત દુઃખી હતો પણ તેણે પોતાના મનને એમ સમજાવ્યું હતું કે એ ઘટનાસભર રાત્રે બિજ્જલ ક્યાં હતો એ વાત મહારાજાથી છુપાવવાનો આ એક માત્ર રસ્તો હતો. પાછલા કેટલાક મહિનામાં તેને કશું જ કરવાનું નહોતું એટલે તે પોતાની ઝૂંપડીમાં પડ્યો પડ્યો માત્ર વિચાર જ કરતો રહેતો હતો અને પોતાની નિષ્ફળતા માટે પોતાની જાતને દોષ આપે રાખતો હતો. તેના પિતા તેને ક્યારેક મળતા અને તેને આશ્ચર્ય તો એ વાતનું થતું હતું કે તેને બિજ્જલ યાદ આવતો હતો. આ પરિસ્થિતિમાં પણ તે પોતાના માલિકની સેવા કરવા ઇચ્છુક હતો પણ એ જ્યાં સુધી સંપૂર્ણતઃ સાજો ન થઈ જાય ત્યાં સુધી રાજમહેલમાં આવવું નહીં, એવો તેને હુકમ હતો. રાજકુમારના ઘાવ પણ ધીમે ધીમે ભરાઈ રહ્યા હતા.

પોતાના પુત્રની ઘાયલ અને બેભાન અવસ્થા જોઈને મહારાણી બહુ જ દુઃખી થઈ ગયાં હતાં અને તેને સલામત ન રાખી શકવા બદલ તેમણે કટપ્પાને ઘણો ભાંડ્યો હતો. મહારાણીને એમ પણ જાણવા મળ્યું હતું કે એક નકામા ગુલામને બચાવવા માટે રાજકુમારે પોતાનો જીવ જોખમમાં મૂક્યો હતો. તેણે બિજ્જલને પોતાના ભવનમાં જ સુવડાવ્યો હતો અને એમ ઘોષણા કરી હતી કે જ્યાં સુધી બિજ્જલ સાજો ન થઈ જાય, ત્યાં સુધી તે તેની પાસેથી ખસવાની નથી.

ચારણોને હવે એક નવો વિષય મળી ગયો હતો. ગુલામ છોકરાઓને બચાવવા માટે સહાનુભૂતિ ધરાવતો બહાદુર રાજકુમાર કઈ રીતે પાતાળગંગાના ઘૂઘવતા પાણીમાં કૂદી પડે છે, ખાલી હાથે કઈ રીતે મગરો સામે લડે છે, કઈ રીતે બંને હાથમાં એક એક ગુલામ છોકરાને પકડીને સામા પ્રવાહે તરે છે, એક છોકરો પાપી હોવાને લીધે મરી જાય છે અને બીજા છોકરાને બચાવવા માટે કઈ રીતે રાજકુમાર જલદેવને પ્રાર્થના કરે છે કે જેથી તેની સેવા માટે એક ગુલામ બચી રહે, આ બધી ઘટનાનાં ગીતો દેશના ખૂણે ખૂણે ગવાવા માંડ્યાં હતાં.

જ્યારે પણ બિજ્જલને ખભે નાખીને ભાગી છૂટવાવાળી રાત યાદ આવતી ત્યારે કટપ્પાનું મોઢું પિત્તથી ભરાઈ આવતું. પોતાનું ગળું સાફ કરવા માટે તે લંગડાતો લંગડાતો બહાર પણ જઈ આવતો. એક વાર આવી જ રીતે કટપ્પા પોતાની ઝૂંપડીની બહાર નીકળ્યો ત્યારે ભીની ધરતી પર આકાશ ગોરંભાયેલું હતું. વૃક્ષોનાં ચમકદાર લીલાં પર્ણો ટપકી રહ્યાં હતાં. પીંખાયેલા અને ભીનાં પીંછાંવાળા એક કાગડાએ કટપ્પાને બહાર આવતાં જોયો અને તેણે પોતાનું ડોકું એવી આશા સાથે વાંકું કર્યું કે કદાચ આવનાર માણસ તેના માટે કંઈક ખાવાનું લાવ્યો હોય. થોડી વાર તે આશાભરી નજરે જોઈ રહ્યો પછી નજીકના ઝાડ પર બેસીને પોતાનો વિરોધ નોંધાવવા લાગ્યો. દૂર દૂર વાદળછાયા આકાશમાં ગૌરી પર્વત દેખાઈ રહ્યો હતો. શું શિવપ્પા

જંગલમાં છુપાઈ રહ્યો હતો ? કટપ્પાએ નિસાસો નાખ્યો અને હજારમી વાર પોતાની જાતને તેણે વચન આપ્યું કે તે પોતાના નાના ભાઈની શોધમાં જશે. શિવપ્પા વૈતાલિકો સાથે શું કરી રહ્યો હતો ? એ વૈતાલિકોએ પોતાના ભાઈના નિર્દોષ મગજમાં કેટલું ઝેર ભર્યું હતું ?

'કટપ્પા.'

કોઈ અવાજ સાંભળીને કટપ્પાની વિચારશૃંખલા તૂટી. સ્કંદદાસ. એ તેને મળવા આવશે જ, એવો કટપ્પાને વિશ્વાસ હતો. મહારાજાએ સ્કંદદાસને સજા રૂપે પરાણે કોઈ જાત્રા પર મોકલી આપ્યો હતો. એ જાત્રાથી તેનાં નૈતિક મૂલ્યોમાં સુધાર આવવાનો હતો. મહારાણી તો સ્કંદદાસને સેવામાંથી જ મુક્ત કરવા માંગતી હતી પણ મહાપ્રધાન પરમેશ્વરે એમ થતું અટકાવ્યું હતું. સ્કંદદાસ કોઈ પણ ક્ષણે પાછો આવી પહોંચશે એનો કટપ્પાને ભય હતો જ. તે જાણતો હતો કે ઉપપ્રધાને તેનું જુઠ્ઠાણું સ્વીકાર્યું નથી.

'પુત્ર, હું સીધી જ વાત કરુ છું. બોલ, તું સાચું કહેતો હતો ?'

આ સીધા પુછાયેલા પ્રશ્નએ કટપ્પામાંથી જાણે કે હવા જ કાઢી નાખી. તે એક ક્ષણ માટે શાંત ઊભો રહ્યો. તેના ગાલ પરથી આંસુ વહેવા માંડ્યાં. તેણે હળવેથી ગોઠણભેર બેસીને સ્કંદદાસના ચરણસ્પર્શ કર્યાં.

'સ્વામી, હવે મારાથી મારા જુઠ્ઠાણાનો ભાર ખમાતો નથી. અમે કંઈ શિકાર કરવા નહોતા ગયા. પણ અમે ક્યાં ગયા હતા એ હું તમને કહી શકીશ નહીં. એ મારા ધર્મથી વિરુદ્ધ છે, સ્વામી. હું મારા માલિકનો દ્રોહ કરી શકીશ નહીં,' કટપ્પાએ તૂટેલા અવાજે કહ્યું.

'મને માત્ર એટલું જ કહે કે તમે બહાર કઈ રીતે નીકળ્યા ? મારે બીજી કોઈ જ વિગતો જોઈતી નથી. કાલિકાના અડ્ડામાં કોણ કોણ હતું, તે હું જાણું જ છું.'

કટપ્પા ચૂપ જ રહ્યો.

સ્કંદદાસે કહ્યું, 'આ દેશ પર ભયાનક ખતરો તોળાઈ રહ્યો છે. કદાચ રાજપરિવાર પર જોખમ તોળાઈ રહ્યું છે. તારા શબ્દો મને કદાચ એ જોખમ ટાળવામાં મદદરૂપ બની શકશે.'

એક ક્ષણના ખચકાટ પછી કટપ્પાએ કહ્યું, 'કેકિ એક પાલખી લાવ્યો હતો. અમે તેમાં બહાર નીકળ્યા હતા.'

'બરોબર. પણ તે વખતે બીજું કોઈ સાથે હતું ?'

'બીજું કોઈ નહોતું, સ્વામી.'

'મને જ્યારે તમે લોકો મળ્યા ત્યારે રાજકુમારે વેપારીનો પોશાક કેમ પહેર્યો હતો ?' સ્કંદદાસે પૂછ્યું. ઘટનાની એ રાત્રે બિજ્જલ વૈતાલિકો સાથે લડ્યો હતો અને કટપ્પાને તેણે બચાવ્યો હતો, એવા દાવો થયો ત્યારથી સ્કંદદાસના મગજમાં આ પ્રશ્ન રમી રહ્યો હતો. એ જાણતો હતો કે કટપ્પા જુઠ્ઠું બોલી રહ્યો હતો પણ એ જાણવા માંગતો હતો કે રાજકુમાર માટે વસ્ત્રો કોણ લાવ્યું હતું.

કટપ્પાએ જવાબ આપ્યા વિના જ નજર નીચે માંડી રાખી.

'તુ રાજકુમાર માટે વેપારીનાં વસ્ત્રો ક્યાંથી લાવ્યો હતો ?'

'હું નહોતો લાવ્યો સ્વામી. રાજમહેલનો કિન્નર બૃહન્નલ્લા એ વસ્ત્રો લાવ્યો હતો,' નજર ઉપર કર્યા વિના જ કટપ્પા બોલ્યો.

હવે સ્કંદદાસને બધું જ સમજાઈ ગયું. પેલો એક વધારાનો ઢોલી અને એ ક્યાંથી આવ્યો હતો, એ બાબતે સ્કંદદાસ ચિંતિત હતો જ. હવે તેને સમજાયું કે બૃહન્નલ્લાએ કોઈ વેપારીનાં

વસ્ત્રો બિજ્જલને લાવી આપ્યાં હતાં અને પછી તે એ વેપારીને કોઈ ઢોલી રૂપે બહાર લઈ ગયો હશે.

સ્કંદદાસે હંમેશાં બૃહન્નલ્લાને શંકાસ્પદ લોકોની યાદીમાં રાખ્યો જ હતો. તેની ધારણા એવી જ હતી કે બૃહન્નલ્લા અને કેકિએ ભેગાં મળીને રાજકુમારને કાલિકાના અડ્ડામાં જુગાર રમવા માટે લઈ જવાનું છટકું ગોઠવ્યું હશે. જોકે આ માત્ર સીધોસાદો જુગાર અને લોભનો જ ખેલ નથી, એવું સ્કંદદાસને અંદરથી લાગી રહ્યું હતું. કંઈક કાવતરું ચાલી રહ્યું છે એમ તેને લાગતું હતું પણ એ શું છે એ વાત તેને સમજાતી નહોતી. એ એમ વિચારતો હતો કે આ શું માત્ર ઉત્તેજનાઓ સંતોષવાનો જ ખેલ હતો કે બીજું કંઈ. પરંપરા મુજબ રાજકુમારો એકવીસ વર્ષના થાય ત્યાં સુધી તેમણે બ્રહ્મચર્ય પાળવાનું રહેતું. જોકે રાજ્યનાં ત્રણસો વર્ષના ઇતિહાસમાં બિજ્જલ આ નિયમ તોડનાર પહેલો રાજકુમાર નહોતો. હજુ અમુક વસ્તુના તાળા નહોતા મળતા. બિજ્જલ અને કાલિકાની મુલાકાત યોજવામાં આટલા બધા લોકો કેમ સામેલ હતા ? એમ તો મહારાજાના હરમમાંથી પણ કોઈ સ્ત્રીની વ્યવસ્થા થઈ શકી હોત. માહિષ્મતીના ભાવિ રાજા સાથે સૂવા માટે ઘણી બધી સ્ત્રીઓ ખુશીથી તૈયાર થઈ ગઈ હોત. ના, હજુ પણ કંઈક ખૂટે છે.

એ વેપારી કોણ હતો અને એ ક્યાં ગયો છે, એ તેણે શોધવું પડશે. એ કોઈ સામાન્ય વેપારી હતો જેને બૃહન્નલ્લાએ તેનાં વસ્ત્રો માટે કિંમત ચૂકવી હતી કે પછી એ કોઈ બીજું કપટી પાત્ર હતું ? બિજ્જલ એ રસ્તા પર, એ સમયે આવશે એવી વૈતાલિકોને કઈ રીતે ખબર પડી ? આ બધામાં પત્તરાયનો હાથ કોઈ ને કોઈ રીતે છે એમ તેને લાગતું હતું પણ તેની કોઈ સાબિતી નહોતી. દેવદાસી ગલીમાં જઈને કોઈ સાક્ષી શોધવાની શક્યતા નહોતી.

'શું તારા માલિકે કોઈ દેવદાસી ભોગવી હતી ?' સ્કંદદાસે ગુલામને પૂછ્યું.

કટપ્પાએ માથું ધુણાવ્યું. સ્કંદદાસ હવે નિરાશ થઈ ચૂક્યો હતો. આ વાતચીતથી કોઈ ચોક્કસ માહિતી મળી રહી નહોતી.

'શું એમણે જ વાસ્તવમાં તને બચાવ્યો કે તેં એમને બચાવ્યા હતા ? મેં જ્યારે તને જોયો ત્યારે તું ભયાનક રીતે ઘાયલ થયેલો હતો અને મરવાની અણી પર જ હતો જ્યારે રાજકુમારને તો નાક ફૂટ્યા સિવાય કોઈ જ ઈજા થઈ નહોતી. મને એ બાબત વિચિત્ર લાગે છે,' સ્કંદદાસે હુકમનો એક્કો ઊતરવાનું નક્કી કર્યું હતું.

ગુલામના હોઠ ધ્રૂજવા માંડ્યા હતા. તેણે સ્કંદદાસ સમક્ષ દંડવત્ પ્રણામ કર્યાં અને રડવા માંડ્યો, 'કોઈને કહેતા નહીં, સ્વામી. આ બાબતની જાણ કોઈને થવી જોઈએ નહીં. જો કોઈ જાણશે કે મારા માલિક નશામાં ગર્ત હતા અને પોતાનું જીવન બચાવવા તેમણે એક ગુલામનો સહારો લેવો પડ્યો, તો એમનું બહુ મોટું અપમાન થઈ જશે. કૃપા કરીને કોઈને કહેતા નહીં…'

સ્કંદદાસના હૃદયને ગુલામના શબ્દો સ્પર્શી ગયા. આ દેશ માટે પોતે ઘણી બદનામી સહન કરી છે એ વાતનો તેને ગર્વ હતો. અને આ બાજુ આ ગુલામ પોતાના માલિક માટે એટલું લડ્યો કે મરતાં મરતાં બચ્યો છે, તેણે પોતાના જીવનની પણ પરવા કરી નથી. ગુલામની નિષ્ઠાની ભાવનાથી સ્કંદદાસના ગર્વનો ફુગ્ગો ફૂટી ગયો. નિષ્કર્મ કર્મી – કોઈ પણ ફળની આશા વિના કામ કરનાર માણસ. સ્કંદદાસને આ શબ્દનો અર્થ સાક્ષાત્ જોવા મળ્યો હતો.

એ જ્યારે બોલ્યો ત્યારે પોતાના ગળે બાજેલો ડૂમો એ છુપાવી શક્યો નહીં. 'પુત્ર, તારું રહસ્ય મારી સાથે જ ચિતાએ જશે. તારા જેવા વધારે માણસો આપણી પાસે હોત, તો કેવું સારું હોત.'

તેણે કટપ્પાને ઊભો કર્યો અને તેને અંદર લઈ ગયા. કટપ્પા લંગડાતો લંગડાતો અંદર આવતો હતો, એ સમયે સ્કંદદાસનો પગ અકસ્માતે તેની ધોતીમાં ભરાઈ ગયો અને ધોતી ખૂલી ગઈ. ધોતી જમીન પર પડે એ પહેલાં તો કટપ્પાએ તેને પકડી લીધી અને ફરીથી બાંધી પણ દીધી. સ્કંદદાસે પોતાની આંખો ફેરવી લીધી. પાછળથી તેને આ આખી ઘટના યાદ આવવાની હતી પણ ત્યારે બહુ મોડું થઈ જવાનું હતું.

સ્કંદદાસે અચાનક જ ગુલામને આપેલો ટેકો છોડી દઈને પૂછ્યું, 'બિજ્જલને કોણે ઘાયલ કર્યા હતા ?'

કટપ્પાએ જવાબ આપ્યો નહીં.

'એ કાલિકાના અડ્ડામાં થયું હતું ?'

કટપ્પા ફરી વાર ચૂપ જ રહ્યો.

સ્કંદદાસ હવે ગુસ્સે થઈ ગયો હતો. 'એ વૈતાલિક સાથેના યુદ્ધમાં થયું હતું ? મને ખબર છે કે એ શક્ય જ નથી. બિજ્જલના હાથમાં ભાલો હતો. કોઈ તેના નાક પર મુક્કો મારવા જેટલું પાસે આવ્યું હોય, તો ભાલાથી માર્યું ગયું હોય. એ મુક્કો તો લડાઈ શરૂ થયા પહેલાં જ મારવામાં આવ્યો હતો. હું સાચું કહું છું ને ?'

સ્કંદદાસને લાગ્યું કે તેણે હળવેથી કટપ્પાને હકારમાં માથું હલાવતાં જોયો હતો. હવે તેને કશું જ વધારે જાણવા મળવાનું નહોતું એટલે તેણે આ મુલાકાત ટૂંકાવી દેવાનું નક્કી કર્યું.

તેણે કટપ્પાને પથારી સુધી જવામાં મદદ કરીને વિદાય લીધી. દરવાજા સુધી જઈને તે છેલ્લે સુધી જાળવી રાખેલું પાનું ઊતર્યો. 'તારો ભાઈ તો વૈતાલિકો સાથે ફરી રહ્યો છે.'

'ક્યાં ?' કટપ્પાએ પૂછી નાખ્યું અને પછી પોતાની જીભ કચડી લીધી.

કટપ્પાએ પોતાનો ચહેરો હથેળીઓમાં છુપાવી દીધો. તેને પોતાની ભૂલ થોડીક મોડી સમજાઈ. તેણે પોતાના ભાઈનું રહસ્ય છતું કરી નાખ્યું હતું. સ્કંદદાસે ફેંકેલી ગલ ગળી જઈને તેણે એટલું તો જાહેર કરી જ નાખ્યું હતું કે તેનો ભાત જીવતો હતો. અત્યાર સુધી તે આ બાબતે જુઠ્ઠું જ બોલ્યો હતો.

હવે ઉપપ્રધાન શું કરશે એ વિચારથી કટપ્પા ભયભીત થઈ ઊઠ્યો. તેના મગજમાં મુઢોલ કૂતરાના ભસવાના અવાજો સંભળાવા માંડ્યા હતા. સ્કંદદાસ સામે જોવાની હિંમત કર્યા વિના એ સ્થિર બેસી રહ્યો. તેને ભય હતો કે જો એ સ્કંદદાસની સામે જોશે તો સ્કંદદાસ તેનાં બધાં જ રહસ્યો જાણી જશે. તેને ખ્યાલ આવ્યો કે ઉપપ્રધાન જતા રહ્યા છે, તેમ છતાં તે પોતાની પથારીમાં એકદમ સ્થિર જ હતો. તેને શ્વાસ લેવાનો પણ ડર લાગતો હતો. જ્યારે તેની પાડોશમાં રહેતી એક ડોસી તેના માટે રાબ લઈને આવી ત્યારે પણ તે એમ જ બેઠો હતો. એ રાબ ઠરી ગઈ અને તેની આસપાસ જીવડાં ફરવા માંડ્યાં ત્યાં સુધી એ સ્થિર જ બેઠો. નદી આસપાસની ઝાડીમાં રહેતાં પક્ષીઓ કલબલાટ કરતા પોતાના માળા તરફ પાછાં ફરી રહ્યાં હતાં કારણ કે દિવસ હવે આથમી ગયો હતો. એવું લાગતું હતું કે એની ઝૂંપડીમાંથી છાનુંમાનું બહાર નીકળીને અંધારુ ચારે બાજુ ફેલાઈ ગયું હોય.

ટપકાંવાળા ઘુવડના અવાજથી તે પોતાના વિચારવમળમાંથી બહાર ખેંચાઈ આવ્યો. ફરી વાર ઘુવડ બોલ્યું ત્યારે તો તે ધ્રૂજી ગયો. ઠંડા પવનની લહેરખી છતાં તેને પરસેવો વળવા માંડ્યો હતો. બહુ મોડું થાય એ પહેલાં તેણે પોતાના ભાઈને શોધવો જ રહ્યો. તે ઊભો થયો અને લાકડીના ટેકે લંગડાતો લંગડાતો દરવાજા સુધી ગયો. તે ઉંબરે આવીને ઊભો રહી ગયો.

પેલી રાત પછી એ પહેલી વાર ઝૂંપડી છોડીને બહાર નીકળી રહ્યો હતો અને તેને એ

વાતથી અકળામણ પણ થવા માંડી હતી. વધારે પડતા શંકાશીલ બનવા બદલ તેણે પોતાની જાતને ઠપકો પણ આપ્યો. પત્તરાયે આપેલો પથ્થર તેણે કમર પર જ્યાં બાંધ્યો હતો એ ભાગે તેણે અડી જોયું. પછી તેણે ધડામ કરીને દરવાજો બંધ કર્યો અને ઘૂંટણ સમાણા કાદવમાં તે ચાલી નીકળ્યો.

તે ગુલામોની ઝૂંપડીઓ પાસેથી લંગડાતો લંગડાતો પસાર થઈ ગયો. તેને મનોમન એમ થયું કે તેની તલવાર તેની પાસે હોત તો સારું થાત, પણ તલવાર તો તેના પિતાએ લઈ લીધી હતી. જો બિજ્જલ તેને પોતાની સેવામાં પાછો લે, તો જ તેને તલવાર પાછી મળે તેમ હતી. ચારેકોર અંધરું હતું, વાતાવરણમાં બહુ જ ભેજ હતો અને જાણે આકાશ ઓગળી રહ્યું હોય, એમ વરસાદ પડી રહ્યો હતો. શિવપ્પાની શોધ તેણે ક્યાં કરવી જોઈએ, એ વિશે તેને કોઈ જ અંદાજ નહોતો. તેના પગમાં પીડાના લબકારા ઊઠી રહ્યા હતા અને નદી સુધી પહોંચતાં તો તેને શ્વાસ પણ ચડી ગયો હતો. થોડી વાર સુધી તેણે કિનારે ઊભા ઊભા નદીના કાજળભર્યા પ્રવાહને જોયા કર્યો. વરસાદના અવાજમાં પણ તેને પાતાળગંગા ધોધનો અવાજ તો થોડોઘણો સંભળાતો જ હતો. તરીને સામે કાંઠે જવું તો આત્મહત્યા સમાન જ બની જશે, એમ તેણે વિચાર્યું. ભારે હૃદયથી તે પાછો ફરવા જતો હતો કે તેને કોઈની ઉધરસનો અવાજ સંભળાયો. સૌથી પહેલાં તો તેનો હાથ તલવાર લેવા માટે જ લંબાયો, પણ તલવાર તો હવે હતી જ નહીં.

તેના હાથમાંથી લાકડી છૂટી ગઈ અને તે નદીમાં જઈ પડી. એ લાકડી પકડે એ પહેલાં તો એ નદીના પ્રવાહમાં તણાઈ ગઈ. તેને ફરી વાર કોઈની ઉધરસનો અવાજ સંભળાયો. તે અંધારામાં તાકી રહ્યો. તેને પોતાની ડાબી બાજુ પાણીના કિનારે હોડીઓ રાખવાનું છાપરું દેખાયું. તે લંગડાતો ત્યાં સુધી ગયો અને એ છાપરાના ટેકામાં રાખવામાં આવેલા એક વાંસના ટેકે ઊભો ઊભો હાંફવા લાગ્યો.

‘મને પેલે પાર લઈ જશો ?’ છાપરાની અંદર લપાઈને બેઠેલા એક ડોસાને તેણે પૂછ્યું. એ માણસ સડાક કરતો ઊભો થઈને કટપ્પાના ચહેરાની એકદમ પાસે જઈને ઊભો રહ્યો.

‘પેલે પાર જવું છે ? પલે પાર ? બધાને ક્યાંક ને ક્યાંક જવું છે. લોકો જ્યાં છે ત્યાં જ કેમ ખુશ નથી રહી શકતા ? જ્યારે યમ તેમને તેમની કાયમી જગ્યાએ લઈ જવા આવે છે, ત્યારે એ લોકો રોવે છે, બૂમો પાડે છે, માથાં પછાડે છે ? કેમ ? જવાબ આપ મને !’

પાગલ માણસ. એ માણસનાં ગંધાતાં કપડાં અને શરીરને કારણે કટપ્પા એક ડગલું પાછળ હઠી ગયો.

‘ક્યાં…હોડીવાળો ક્યાં છે ?’ તેણે માંડ માંડ પૂછ્યું.

‘ગયો. નદીના તળિયે ગયો. ઉપર સ્વર્ગે ગયો. મને ક્યાંથી ખબર હોય ? મને એની શું પરવા ? હું જ્યારે અહીંયાં આવ્યો, ત્યારે આ જગ્યા ખાલી જ હતી. હું અહીંથી જઈશ એટલે આ જગ્યા ફરી વાર ખાલી થઈ જશે. કે નહીં થાય ? શું કોઈ જગ્યા ખાલી હોય છે ? મને જવાબ આપ ! જવાબ આપ મને !’

જવા માટે કટપ્પા ઊલટો ફર્યો પણ કોઈએ મક્કમ હાથે તેનો ખભો પકડી લીધો. ‘ભાઈ, પેલે પાર જવું છે ?’

‘હા.’

‘સરસ. તો તું તરીને કેમ નથી જતો ?’

કટપ્પાએ ડોસાની પકડ છોડાવવાનો પ્રયત્ન કર્યો.

‘મરવાનો ભય લાગ છે ?’ કટપ્પાને અંધારામાં તેનો ચહેરો તો નહોતો દેખાતો પણ તેના

અવાજમાં ભળેલી મજાક તે સમજી શકતો હતો.

'ના,' કટપ્પાએ કહ્યું.

'જુઠ્ઠો.'

એ કંઈ જવાબ અપે તે પહેલાં ડોસાએ છાપરા સાથે બાંધેલી એક બરુની બનેલી નાનકડી હોડી છોડી. તે ફરી વાર હસ્યો અને તેણે કટપ્પાનું કાંડુ પકડ્યું. કટપ્પાને લાગ્યું કે તેને ઘસડીને નદી તરફ લઈ જવામાં આવી રહ્યો છે. ઘણી બધી વાર રસ્તામાં પડેલા પથ્થરો સાથે અથડાવાથી કટપ્પાના પગમાં પીડાના લબકારા ઊઠતા હતા. ડોસાએ બરુની નાનકડી હોડી નદીના પ્રવાહમાં નાખી અને બરાડ્યો, 'શંભુ મહાદેવ,' અને પાણીમાં કૂદી પડ્યો. તેનું માથું પાણીના ઝડપી પ્રવાહની અંદર ડૂબી ગયું. કટપ્પા નદીકિનારે ખચકાટ અનુભવતો ઊભો રહ્યો. તેને ખ્યાલ નહોતો આવતો કે શું કરવું જોઈએ. બીજી જ ક્ષણે નદીમાંથી એક હાથ બહાર આવ્યો અને તેણે કટપ્પાને નદીમાં ખેંચ્યો. કટપ્પાનું માથું પથ્થર સાથે અથડાયું પણ પાણીના પ્રવાહમાં તેની ચીસ ડૂબી ગઈ. તે બેહોશ થઈ ગયો.

જ્યારે હોશમાં આવ્યો ત્યારે તે બરુની ઘૂમરી ખાઈ રહેલી હોડીમાં પડ્યો હતો અને અંધારામાં હોડી આગળ ધપી રહી હતી. પેલો ડોસો હોડીના બીજા છેડે એવી રીતે પડ્યો હતો કે તેના બંને હાથ હોડીની બહાર પાણીમાં હલેસાની જેમ ફેલાયેલા હતા. તેનું શરીર ધનુષાકાર થઈ ગયું હતું અને માથું પાછળની તરફ એવી રીતે લબડેલું હતું કે દેખાતું જ નહોતું. કટપ્પા પોતાનું પેટ પકડીને ઊલટી કરવા માંડ્યો. તેનાં ફેફસાંમાં ભરાયેલું પાણી ઉધરસ સાથે બહાર આવતું હતું અને તેને આ દુનિયા ગોળ ગોળ ફરી રહી હોય એમ લાગતું હતું. થોડી વાર પછી તેણે હોડીની ધાર પકડીને પોતાની જાતને સ્થિર કરી.

તેઓ નદીની વચ્ચે હતા અને તેમની પર વરસાદ વરસી રહ્યો હતો. તેઓ ઉપરથી નીચે સુધી ભીંજાયેલા હતા. ડોસો કોઈ અજાણી ભાષામાં કંઈક ગાઈ રહ્યો હતો. ગીતની વચ્ચે વચ્ચે તે હસી પણ લેતો અને બૂમો પણ પાડી લેતો હતો. કટપ્પાએ પોતાના નસીબને ભાંડ્યું. આ પાગલના સકંજામાંથી કઈ રીતે છૂટવું, એ વિષે તે વિચારવા લાગ્યો.

'તારે પેલે પાર કેમ જવું છે ?' અચાનક એ ડોસાએ પૂછ્યું. તે કટપ્પાની બાજુ આવ્યો એટલે હોડી થોડીક નમી અને ધ્રૂજી.

'તારે એનાથી કંઈ લેવાદેવા નથી,' કટપ્પાએ તોછડાઈપૂર્વક કહ્યું.

ડોસો ખડખડાટ હસ્યો અને તેણે હોડીને ગોળ ફેરવી. કટપ્પાએ હોડીની ધાર એટલી કસીને પકડી રાખી હતી કે તેની હથેળીઓમાંથી લોહી પડવા માંડ્યું.

'મોતનો ડર લાગે છે ?'

કટપ્પાએ કંઈ જવાબ આપ્યો નહીં.

'સરસ. તારી ચુપકીદી તો જૂઠ્ઠું નથી જ બોલતી. થોડુંક સત્ય પણ બોલીશ ? આ મૂર્ખામીપૂર્ણ મુસાફરીનો હેતુ શું છે ?'

'હું મારા ભાઈને શોધવા નીકળ્યો છું.'

ડોસો ફરી વાર ખડખડાટ હસ્યો. 'કોઈ કોઈનો ભાત નથી, છોકરા. આ દુનિયા જંગલ છે અને એમાં રહેતો દરેક માણસ એકલો જ છે. દરેકેદરેક માણસ શિકારી પણ છે અને શિકાર પણ છે. મારો અથવા મરી જાવ. આ જંગલમાં માત્ર ચતુર જ ટકી શકે છે. તારો ભાઈ ચતુર છે, તું નથી. તું મૂર્ખ છે અને તારા મગજમાં ફરજના મૂર્ખામીપૂર્ણ વિચારો ઘૂસેલા છે. જો તું તારી જાતને આ રોગમાંથી ઉગારીશ નહીં, તો તને કોઈ જ બચાવી શકશે નહીં.'

'તું કોણ છે ?' કટપ્પાએ પૂછ્યું.

'હું તો સર્વસ્વ છું. હું કશું જ નથી. હું યમ છું, હું શિવ છું, હું જ વિષ્ણુ છું અને હું જ બ્રહ્મા છું. આ પાગલ, મહાપાગલ જગતમાં એક માત્ર હું જ ડાહ્યો છું. મને લોકો ઓળખે છે ભૈરવના નામથી, ભૈરવ પાગલ.'

કટપ્પાએ પોતાના પિતા પાસેથી આ પાગલ ભૈરવ વિષે સાંભળ્યું હતું. એક સમયે તે માહિષ્મતીના રાજાનો ગુલામ હતો અને તે વર્ષો સુધી શ્વાન જેટલો વફાદાર પણ રહ્યો હતો. પણ એ ગુલામના આખા કુટુંબને રાજાના હુકમથી એક એવા ગુના માટે મારી નાખવામાં આવ્યું હતું જે ગુનો પણ હવે તો કોઈને યાદ નહોતો. આ ઘટનાથી તે પાગલ થઈ ગયો હતો અને તેણ રાજા પર હુમલો કર્યો હતો. પાગલ હોવાને લીધે તેનો છુટકારો તો થઈ ગયો હતો પણ તે એકાંતમાં સડતો હતો, એમ કહેવાતું હતું. કટપ્પાએ તો એમ ધારી લીધું હતું કે તે મૃત્યુ પામ્યો હશે. એટલે ઘૂઘવતી માહિષ્મતી નદીની વચ્ચે, આવી તોફાની રાતમાં, આટલી નાનકડી હોડીમાં તેની સાથે પોતે એકલો જ છે, એ વાતથી કટપ્પાને ખરેખર ભય લાગ્યો. એ ક્યાં ખોવાઈ ગયો, એની પણ કોઈને જાણ નહીં થાય.

'કૂદ,' પાગલ ભૈરવે કહ્યું.

'શું ?'

શું થઈ રહ્યું છે એ વાત કટપ્પાને સમજાય એ પહેલાં તો હોડી ઊંધી વળી ગઈ અને કટપ્પા પાણીમાં ડૂબવા માંડ્યો. તે તરવાનો પ્રયત્ન કરવા લાગ્યો અને ભય તેને ઘેરી વળ્યો હતો. પ્રવાહ બહુ તેજ હતો પણ તેના હાથમાં બરુ આવી ગયું હતું. બરું ! તેણે જોયું તો તેના પગ નદીકિનારાના પોચા કાદવમાં ખૂંપેલા હતા. પાણી તેની છાતી સુધી જ આવતું હતું. પેલા પાગલનું હાસ્ય ધીમે ધીમે દૂર થઈ રહ્યું હોય, એમ તેને લાગતું હતું. તે ઘસડાતો ઘસડાતો કિનારા સુધી ગયો. જ્યારે તે કિનારે પહોંચ્યો ત્યારે તે કિનારા પર જ ઢળી પડ્યો અને ઊંડા શ્વાસ લેવા લાગ્યો.

પછીની જ ક્ષણે વેલાની બનાવેલી દોરડીઓ તેના શરીર પર વીંટળાઈ ગઈ અને તે બૂમ પાડી શકે એ પહેલાં તો તેના શરીર ફરતે કસોકસ ભીંસાઈ પણ ગઈ. તેને બંધાયેલી અવસ્થામાં જ ઊંચો કરવામાં આવ્યો. તે બૂમો પાડતો રહ્યો અને છૂટવા મથતો રહ્યો. પણ તે આંખ પણ મટકાવી શકે એ પહેલાં તો તેને ગાઢ જંગલની અંદર ઊંચકીને લઈ જવામાં આવી રહ્યો હતો. વૈતાલિકોની વાસ તેના નાકને પજવી રહી હતી. ખરબચડા હાથે તેને પકડી રાખ્યો હતો. તેની આસપાસનું જગત ફરતું અને ઊછળતું દેખાતું હતું. ક્યારેક આકાશ નીચે અને જંગલ ઉપર દેખાતું હતું. ક્યારેક તે એકદમ નીચે પડતો અને છેલ્લી ઘડીએ તેને ઊંચો કરવામાં આવ્યો. વૈતાલિકો તેને એક વૃક્ષ પરથી બીજા વૃક્ષ પર લઈ જઈ રહ્યા હતા. નીચે નાનાં નાનાં ઝરણાંઓ હતાં અને ધસમસતો ધોધ પણ આવી ગયો હતો.

જેમ અચાનક આ મુસાફરી શરૂ થઈ હતી, તેમ અચાનક અટકી પણ ગઈ હતી. એક જ ઝાટકે તેના શરીરે વીંટળાયેલાં દોરડાં ખૂલી ગયાં અને તે નીચે પછડાયો. તેણે ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ તેના ઘાયલ પગ અને પાંસળીઓમાં પીડા થવા લાગી. નગારાંના અવાજ અને ચિત્કારોમાં તેની પીડાની ચીસો દબાઈ ગઈ. કટપ્પા શું થઈ રહ્યું છે એ જોઈ રહ્યો. અચાનક જ તેની નજર સમક્ષ એક મશાલ સળગાવવામાં આવી. તેને રંગાયેલો ચહેરો, પીંછાનો મુગટ અને ભાલાનું ચળકતું ફણું દેખાયું. થોડી વારમાં તો તેની આસપાસ આવી ઘણી બધી મશાલો પ્રગટી ઊઠી. નગારાંનો અવાજ કાન ફાડી નાખે એટલો મોટો થઈ ગયો અને બધી મશાલો તેની દિશામાં આગળ વધવા લાગી. તે લંગડાતા પગે ઊભો થયો. તેના હાથની મુઠ્ઠીઓ વળી ગઈ

હતી અને શરીરની નસો એકદમ તંગ થઈ ગઈ હતી. તેણે જંગલી પ્રાણીની જેમ એ બધા સામે ચીસ પાડી. એ લોકો અટકી ગયા. તેણે એ લોકોને જણાવી દીધું હતું કે એ લડત આપ્યા વિના શરણે નહોતો થવાનો.



દરમિયાન, સ્કંદદાસના ભવનમાં ઉપપ્રધાન રાજવી પુસ્તકાલયમાંથી લાવેલા પ્રાચીન ગ્રંથોનો અભ્યાસ કરી રહ્યો હતો. ઘણાં કામ કરવાનાં હતાં અને તેની ત્રણ મહિનાની ગેરહાજરીના કારણે કામનો ભરાવો પણ થઈ ગયો હતો. અચાનક દરવાજા પર ટકોરો પડ્યો. પોતાની થાકેલી આંખો ચોળતો સ્કંદદાસ દરવાજો ખોલવા ગયો. એક માણસ અંધારામાં ઊભો હતો અને તે સ્કંદદાસના હાથમાં રહેલા ફાનસના અજવાળાથી દૂર રહેવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

'ગુલામે નદી ઓળંગી લીધી છે,' તેણે કહ્યું અને અંધારામાં અદૃશ્ય થઈ ગયો. સરસ , સ્કંદદાસે વિચાર્યું. કટપ્પાએ કાંટો ગળી લીધો હતો. વૈતાલિકો માટે તેણે જે મોટું છટકું ગોઠવ્યું હતું, તેનું આ પહેલું પગલું હતું.

તે પાછો પુસ્તકોમાં ખૂંપી ગયો અને તેનાં પાના ફેરવવા લાગ્યો. અચાનક તેને એક વિચાર આવ્યો અને તેનું હૃદય જાણે કૂદીને તેના ગળામાં આવી ગયું. મૂર્ખ, મૂર્ખ, મૂર્ખ ! તેણે મેજ પર પોતાની મુઠ્ઠી પછાડી અને તેની પર રાખેલાં પુસ્તકો ચારે દિશામાં વિખરાઈ ગયાં. મેજ પરનો દીવો ઓલવાઈ ગયો અને દિવેટ બળ્યાની વાસ પણ તેના નાકે અનુભવી. સ્કંદદાસને બાજુના સ્તંભ પર માથું પછાડવાનું મન થતું હતું. તેણે પોતાનું ઘરકામ બરોબર નહોતું કર્યું, તેણે પૂરતો અભ્યાસ નહોતો કર્યો. તે પોતાના પદને લાયક જ નહોતો, એવો તેને વિચાર આવ્યો.

દિવો પ્રગટાવવા તેણે ધ્રૂજતા હાથે ચકમક ઘસ્યા. છેલ્લે તેણે જે પુસ્તક વાંચ્યું હતું, તે પુસ્તક તેણે શોધી કાઢ્યું. એ પુસ્તકને તે દિવાની પાસે લાવ્યો. કોઈ જ ભૂલ નહોતી થતી. ત્રણસો વર્ષ જુની એ હસ્તપ્રતમાં અપક્વ ગૌરીકાંતા પથ્થરનું ચિત્ર હતું. એ પથ્થર તેણે થોડાંક સમય પહેલાં જ જોયો હતો, ગુલામ કટપ્પાના કમરબંધ સાથે બંધાયેલો. ખોવાયેલા પથ્થરોમાંથી એક. તેને પકડીને તેની પાસે એ પથ્થર કઈ રીતે આવ્યો એ વિષે પૂછવાના બદલે પોતે તેને નદી પાર મોકલી આપ્યો હતો. તે માનતો હતો એટલો કંઈ આ ગુલામ સીધો નહોતો. સ્કંદદાસને દગો થયાની લાગણી થઈ આવી. તેણે દાંત કચકચાવ્યા અને આ કડવો ઘૂંટ ગળા હેઠળ ઉતાર્યો. ફરી વાર જોશ એકઠું કરીને તે કામે લાગ્યો. તેણે અમ્મા ગૌરીના સમ ખાધા કે પોતાની માતૃભૂમિ વિરુદ્ધ થયેલા આ ભયાનક કાવતરાને તે ઉઘાડું પાડશે અને દરેક ગુનેગારને ફાંસી મળે તેવું કરશે.

૨૧

જીમોતા

પાણીના પ્રવાહની દિશામાં વહેતું વહેતું વેપારી વહાણ માહિષ્મતી નગરની દિશામાં આગળ વધી રહ્યું હતું. ગોમુખ નદીની બંને બાજુ રહેલું જંગલ નદી પર એવી રીતે ઝળુંબી રહ્યું હતું જાણે કે નદીમાં છુપાયેલું કોઈ રહસ્ય શોધવા તે મથી રહ્યું હોય. જ્યારે જહાજ પસાર થતું ત્યારે કિનારે બેઠેલા જીવો નદીમાં ડૂબકી મારી જતા કે જંગલમાં સરકી જતા. પાટિયાઓના કિચૂડાટ અને હલેસાઓના તાલબદ્ધ અવાજને બાદ કરતાં જીમોતા જે લાકડાના વહાણ પર ઊભો હતો, તે એકદમ શાંત હતું. જોકે એટલો અવાજ પણ જીમોતાને ગમતો નહોતો. એના વ્યવસાયમાં તો ચૂપકીદી જ સૌથી મોટો સાથી હતો. એ આવી રહ્યો છે, એ વાતની કોઈને જાણ જ ન થવી જોઈએ. તેને એવી આશા હતી કે તેના વહાણનો કિચૂડાટ બહુ દૂર સુધી નહીં સંભળાતો હોય, કદાચ તમરાઓના અવાજમાં તે અવાજ ડૂબી જતો હશે.

જીમોતા સૌથી આગળના વહાણના મોરા પર ઊભો હતો અને અંધારામાં દેખાઈ રહેલા ગૌરી પર્વતના શિખરની છાયાને નિરખી રહ્યો હતો. માત્ર તારાઓનું ઝાંખુ અજવાળું જ પથરાયેલું હતું, તે સિવાય નદીના કિનારાઓ પર સંપૂર્ણ અંધકાર છવાયેલો હતો. જો તેણે પોતાના માણસો પાસે હલેસા મરાવડાવ્યા હોત, તો તે પાંચ દિવસમાં નગર સુધી પહોંચી ગયો હોત, પણ એણે વહાણને પાણીના પ્રવાહ સાથે આગળ વહેવા દીધું હતું. સ્કંદદાસના ગુપ્તચરો વિશેનો સંદેશો તેને પત્તરાયે મોકલેલા એક ઘુવડ મારફતે મળ્યો હતો એટલે તેણે માહિષ્મતીમાં પોતાના આગમનને પાછું ઠેલ્યું હતું. પરાણે મોડું કરવું પડ્યું તેમાં જીમોતાને વિસામો મળી ગયો હતો. તેણે જેની લે-વેચ કરવાની હતી, એ બધો સામાન પણ હજુ તેણે ભેગો કર્યો નહોતો. જ્યારે તેનાં વહાણો ગોમુખ અને મહિષી નદીના સંગમસ્થાને પહોંચ્યા ત્યારે તેણે એક નાની નદીમાં પ્રવેશવાનો હુકમ કર્યો. આગળ જતાં ઘણી નાની નાની નદીઓને ગોમુખ નદીને મળતી હતી અને દેવવાણી કરતા તેના ભૂવા નંજુન્દાએ તેને વચન આપ્યું હતું કે તે તેનાં વહાણોને અમુક એવાં ગામો સુધી લઈ જશે જ્યાંથી તેમને જોઈતી વસ્તુ મળી જશે.

આ બધાં ગામડાંઓ અલગ અલગ કબીલાઓનાં હતાં અને માહિષ્મતીની સરહદની બહાર પડતાં હતાં. તે બધાંને જીતી લઈને માહિષ્મતીએ તેમને હજુ સુધી પોતાના સામ્રાજ્યનો ભાગ નહોતાં બનાવ્યાં એ બાબત ખરેખર આશ્ચર્યજનક હતી. પાછલાં ત્રણસો વર્ષોમાં હિમાચ્છાદિત પર્વતો અને ત્રણ મહાસાગરો વચ્ચે આવેલાં બધાં જ જાણીતાં રાજ્યો માહિષ્મતીના માંડલિક રાજ્યો હતો. તેમ છતાં ગોમુખ નદીથી શરૂ થઈને સપાટ ભૂમિ સુધીના પટ્ટામાં પડતી ટેકરીઓ અને જંગલોમાં ફેલાયેલાં આ સાતસો જેટલાં ગામડાંના ઝૂમખાંઓ તેમાંથી બાકાત હતાં. એ વાત જીમોતાને અનુકૂળ હતી. નહીંતર તેને જરૂરી સામાન મેળવવો મુશ્કેલ હતો. જીમોતાને એવી શંકા હતી કે કોઈ ચોક્કસ રણનીતિના ભાગ રૂપે જ આ ગામડાંઓને મુક્ત રાખવામાં આવ્યાં હતાં. જો એ ગામડાંઓ માહિષ્મતી સામ્રાજ્યનો ભાગ

હોત, તો જીમોતા આ પ્રકારનો વેપાર કરી શકત નહીં અને જીમોતા જે વેપાર કરતો હતો, તેના વિના તો માહિષ્મતીનું અર્થતંત્ર જ ભાંગી પડે તેમ હતું. આ બધું ચક્કર થોડાક પથ્થરો માટે જ છે અને તેમ છતાં એ લોકો તેને ચાંચિયો જ કહે છે , એમ વિચારીને જીમોતાને ચીઢ ચડી.

વરસાદ પડ્યો એ પહેલાંની જેમ જ હવામાં ભેજ અને ઉકળાટ હતો. તેના શરીરના દરેક અંગમાંથી પરસેવો પડી રહ્યો હતો, તેમ છતાં તેણે પોતાના પૂજારીને પૂછીને જ આ રાત પસંદ કરી હતી. નંજુન્દા દારૂના નશામાં જ ગર્ત રહેતો અને અડધો પાગલ પણ હતો પણ એ હવામાન બાબતે ભાગ્યે જ ખોટો પડતો. તાડીનો ખાલી કુંજો પોતાની છાતી પર રાખીને બેહોશ થઈને વહાણના તૂતક પર ઢળી પડેલા એ ડોસાને જોઈને જીમોતાને અરુચિ થઈ આવી. એક પ્રમાણિક વેપારીએ ધંધા માટે કેવા કેવા માણસોની સોબત રાખવી પડે છે ! તેણે નિસાસો નાખ્યો.

પોતાના જીવનનાં ઘણાં બધાં વર્ષો સુધી જીમોતાને પૂજારીઓ અને ભૂવાઓની જરા પણ પરવા નહોતી પણ હવે ધીમે ધીમે તેને પોતાની નશ્વરતાનો ખ્યાલ આવતો ગયો હતો. તે પોતાના જીવનના ચોથા દસકની મધ્યમાં હતો, જે ચાંચિયા માટે તો ઘણી મોટી ઉંમર કહેવાય અને આટલા વર્ષો પછી પણ તે ધડ પર માથું રાખી શક્યો હતો, એટલે ઘણો નસીબદાર પણ ખરો. તેની સાથે આ ધંધો શરૂ કરનારામાંથી મોટા ભાગના લોકો અત્યારે પાણીથી બસો હાથ નીચે કીચડમાં સડી રહ્યાં હતાં અથવા તો જ્યાં સુધી કાગડાઓએ તેમનાં હાડપિંજર પરથી માંસનો એક એક કણ ઠોલી નહોતો ખાધો ત્યાં સુધી જમીનથી દસ હાથ ઉપર લટકતા રહ્યા હતા. અત્યાર સુધી તો નસીબે તેને સાથ આપ્યો હતો. પણ આ નસીબ હંમેશાં તેને સાથ નહીં આપે, તે સમજવા જેટલો હોશિયાર તો તે અવશ્ય હતો.

પાસા તેની વિરુદ્ધ પડી રહ્યા છે તેનાં ચિહ્નો તો તેને ગયા મહિનાથી દેખાવા લાગ્યાં હતાં. એ કારણે જ તેણે ધર્મ માટેની પોતાની તિરસ્કારની લાગણી ભૂલવી પડી હતી અને નંજુન્દા જેવાનો આધાર લેવો પડ્યો હતો. એ ભૂવાની જીભ કાયમ નશાની અસર હેઠળ લથડતી જ રહેતી અને તે જે બોલતો તેમાંથી અડધું તો સાવ અર્થહીન જ લાગતું, તેમ છતાં તેનાથી જીમોતાના મનને શાંતિ મળતી હતી. ભૂવાએ આ સાહસની સફળતાની એંધાણી આપી હતી અને તેનાં વહાણોને આશીર્વાદ આપ્યા હતા. આ વહાણ જોકે સાચા અર્થમાં તેનું તો નહોતું કારણ કે તેણે જહાજના ખલાસીઓને મારી નાખીને જહાજ ચોરી લીધું હતું. જોકે ભૂવાઓને આવી કોઈ વાતની સૂગ ક્યાં હોય છે ? તાડીના બે-ચાર કુંજા વધારે આપવાથી એ સમસ્યાનું નિરાકરણ થઈ ગયું હતું. જીમોતાએ પોતાની વિચારશૃંખલા અટકાવી દીધી. તેણે આવી શંકાઓ છોડવાનો પ્રયત્ન કરવાનો હતો. તારામાં શ્રદ્ધા હોવી જોઈએ, એમ ભૂવો કહેતો હતો. શ્રદ્ધાથી તો પર્વત પણ હલાવી શકાય છે, ભૂવાએ ઉમેર્યું હતું. તો પછી એમ જ થવા દો. જ્યારે તેણે કોઈ પર્વત હલાવવો હશે, ત્યારે તે શ્રદ્ધા પણ વધારે રાખશે.

ઘરડા થવાથી આધ્યાત્મિક થવાનું દબાણ વધતું હશે, તેણે વિચાર્યું. તે પૂરતું ધન એકઠું કરી લે પછી કદાચ ક્યાંક સ્થાયી થવાનો વિચાર કરશે. તે કદાચ મંદિરો બાંધશે અને તેમાં ઘણી બધી દેવદાસીઓ પણ રાખશે. એ જ તો સમ્માન મેળવવાનો માર્ગ હતો. તે પૂર્વમાંથી સલાટો શોધી લાવશે અને તેમની પાસે સુંદર અને અતિઅલંકૃત મંદિરો બંધાવશે અને તે આ મંદિરો બંધાવનાર તરીકે ઓળખાશે. આવનારી પેઢીઓ તેને ધર્મનિષ્ઠ માણસ તરીકે ઓળખશે. કદાચ તેઓ તેને સંત તરીકે પણ સંબોધશે. એ વાતનો તેને કોઈ વિરોધ પણ નહોતો. દુનિયાના તમામ માણસો જેટલો જ તે સંત હતો. બધું જ આજના સાહસ પર આધારિત હતું.

રાજકારણમાં કદી પણ સામેલ થવું નહીં, એવો તેનો નિયમ હતો. રાજકારણ તો એવી

રમત હતી જે ચાંચિયાગીરીથી પણ ભયાનક હતી. જો તમારે રાજકારણમાં ટકવું હોય તો તમારે ખરેખર દુષ્ટ બનવું જ પડે એમ જીમોતા પોતાના મિત્રોને કહેતો. જો છેલ્લી મુસાફરીમાં નિષ્ફળતા ન મળી હોત, તો તે અત્યારે જે કરવા તૈયાર થયો હતો, તે કરવા તૈયાર ન થાત. જ્યારે માહિષ્મતીના સેનાપતિ હિરણ્યના નૌકાદળના કાફલાનાં રાજવી વહાણોએ તેના કાફલાને ઘેરી લીધો, ત્યારે તેણે પોતાનાં વહાણો સળગાવી મૂકવા પડ્યાં હતાં. તેલ ભરેલા પીપડાના બહાના હેઠળ તે ગેરકાયદેસર રીતે પેલું ખાસ નશાકારક પીણું લઈ જઈ રહ્યો હતો, જેને સોનાનું શરબત કહેવાતું. જહાજ ડુબાડીને ભાગી છૂટવા સિવાય તેની પાસે કોઈ જ માર્ગ રહ્યો નહોતો. ગંધકના ધડાકાથી ડૂબેલાં વહાણો સાથે તેના સપનાના પણ ભુક્કા બોલી ગયા હતા. તે જીવતેજીવત છટકી શક્યો, એ પણ તેનું સદ્‌નસીબ !

તે એક પીઠામાં બેઠો બેઠો તાડીમાં પોતાનાં દુઃખ ડુબાડી રહ્યો હતો અને સ્કંદદાસને ભાંડી રહ્યો હતો, કારણ કે સ્કંદદાસ ઉપપ્રધાન બન્યા પછી તેના ધંધામાં બહુ જ નુકસાન થયું હતું. એ જ સમયે એક માણસ તેની પાસે આવ્યો. તે કીરા નામનો જૂનો ખલાસી હતો અને અતિ ધનવાન થવાની અદ્‌ભુત યોજના સાથે તે આવ્યો હતો. શરૂઆતમાં તો તેણે એ માણસની વાતોને પિયક્કડનો બકવાસ માનીને અવગણી કાઢી હતી પણ પછી એ માણસે ભૂમિપતિ પત્તરાયનું નામ લીધું હતું.

ઘણાં અઠવાડિયાં પછી કાદરીમંડલમ્‌ની સરહદ પર આવેલા એક ઢંગધડા વગરના પીઠામાં તે શક્તિશાળી ભૂમિપતિની સામે જ બેઠો હતો. પત્તરાય ઢોરઢાંખરના વેપારીના વેશમાં આવ્યો હતો અને કીરા તેના સેવક સ્વરૂપે. વાતો કરતી વખતે ભૂમિપતિએ મદિરાને હાથ પણ લગાડ્યો નહોતો એટલે જીમોતાના મનમાં દહેશત વ્યાપી ગઈ હતી. કોઈ પણ પ્રકારના વ્યસન વિનાનો દુષ્ટ માણસ સૌથી ભયાનક હોય છે.

પત્તરાયે જે પ્રસ્તાવ મૂક્યો, તે માની ન શકાય એટલો સરસ હતો. પણ જ્યારે જીમોતાએ સાંભળ્યું કે તેણે માહિષ્મતીમાંથી કઈ વસ્તુની દાણચોરી કરવાની છે, ત્યારે તે ભડકીને ઊભો થઈ ગયો અને મેજ પર ગોઠવાયેલા તાડીના પ્યાલા પાડી નાખ્યા હતા. તેણે ચીસ પાડીને પત્તરાયને કહ્યું હતું કે આખું આયોજન વધારે પડતું જ સાહસિક અને જોખમોથી ભરેલું હતું. એ આ યોજનામાં સામેલ થવા નહોતો માંગતો. પત્તરાયે કિંમત વધારી અને કૂકડો બોલ્યો ત્યાં સુધી તેઓ વેપારીઓની જેમ રકઝક કરતા રહ્યા. તેઓ છૂટા પડ્યા ત્યાં સુધીમાં જીમોતાની બુદ્ધિ પર તેના લોભે વિજય મેળવી લીધો હતો અને અત્યારે તે એ કામ માટે જ આગળ વધી રહ્યો હતો.

અત્યાર સુધીમાં તેણે આરબોના ગુલામોનાં કેન્દ્રો પર જઈને ત્રણસો ગુલામ બાળકો ઝડપ્યાં હતાં અને બે મહિનાથી વધારે સમય મહેનત કરીને તેણે ત્રીસેક ગામડાંઓમાં ધાડ પાડીને એટલી જ ગુલામ સ્ત્રીઓ પણ પકડી હતી. અત્યારે તેના કેદીઓ વહાણના સૌથી નીચેના તૂતકમાં પ્રાણીઓની જેમ સાંકળોથી બંધાયેલા હતા. ઉપરના બે તૂતકમાં ચીનનું રેશમ, રોમનું સુગંધીદાર તેલ, અરેબિયાના ઘોડા અને અલગ અલગ ટાપુના મોતીનાં ઘરેણાં ભરેલા હતા. આ બધી વસ્તુઓ પત્તરાયે અગાઉથી મોકલી આપેલા નાણાં ખર્ચીને ખરીદવામાં આવી હતી.

તેના હાથમાં તામ્રપત્ર પર લખી આપવામાં આવેલો માહિષ્મતી સામ્રાજ્યમાં વેપાર કરવાનો પરવાનો હતો. આ પરવાનો માહિષ્મતીના કર અને રાજકોષીય વિભાગના મંત્રી, એટલે કે પત્તરાયે પોતે લખી આપ્યો હતો. એ પરવાનો જીમોતાનું ઓઠું હતું. માહિષ્મતીના ઉમરાવોમાં હંમેશાં ગુલામોની માંગ રહેતી, અલબત્ત એ માંગ કદી ખુલ્લેઆમ રજૂ કરવામાં આવતી નહીં.

એટલે આ ગુલામો વેચ્યા પછી જે નફો મળવાનો હતો, એ નફો તેનો એકલાનો હતો. નાના-મોટા અધિકારીઓને લાંચ આપ્યા પછી પણ એ નફો બહુ જ મોટો હતો. આ વર્ષે પાછું મહામકામનું વર્ષ હતું અને પત્તરાયે વચન આપ્યું હતું કે તેનો મિત્ર ખાનીપતિ હિડંબા બધા જ ગુલામ છોકરાઓ મોટી કિંમત આપીને ખરીદી લેશે. ગુલામ સ્ત્રીઓ દેવદાસીઓ દ્વારા ખરીદી લેવાશે અને તેમાંથી મોટાભાગની તો કાલિકા જ ખરીદી લેશે. આ રીતે આ પહેલાં પણ કામકાજ કરવામાં આવ્યું હતું. કાલિકા જેવી દેવદાસી તેને જે ધન ચૂકવે, તેનું કારણ તે સમજી શકતો હતો કારણ કે તેના ધંધામાં તો ધનની રેલમછેલ રહેતી જ હતી પણ આ ખાનીપતિ હિડંબા આટલું બધું ધન ક્યાંથી લાવતો હશે એનો વિચાર જીમોતાને આવતો. તેને આમ તો વિશ્વાસ હતો જ કે આ ગુલામ છોકરાઓ માટેનું ધન માહિષ્મતીના ખજાનામાંથી જ આવતું હતું. ગમે તે હોય, પણ તેના કારણે કાલિકા અને ભૂમિપતિ જેવા ભ્રષ્ટ લોકો ગુલામોનો વેપાર કરી શકતાં હતાં. જો એ પકડાઈ ગયો તો તેને સામાન્ય ચાંચિયાની જેમ ફાંસી આપી દેવામાં આવશે, એ પણ તે જાણતો હતો.

કતાવન જેવા બીજા નાના નાના ચાંચિયા હતા પણ પત્તરાયે વેપારનો પરવાનો માત્ર જીમોતાને જ આપવાનું પસંદ કર્યું હતું. જોકે તેની સાથે એક મોટી શરત જોડાયેલી હતી. તેણે એક લુહાર અને કેટલાક પથ્થરો છાનામાના માહિષ્મતીની બહાર લઈ જઈને કાદરીમંડલમ્‌ની અનૌરસ રાજકુમારી ચિત્રવેણીને સોંપી દેવાના હતા. પત્તરાયે જે મોટું આયોજન કર્યું હતું, તે જોઈને જીમોતાને વિશ્વાસ હતો કે એ પથ્થરો ગૌરીકાંતા પથ્થરો જ હશે. તેને એમ પણ સમજાયું હતું કે આ લુહાર એ જ હશે જે આ પથ્થરનું શું કરવું તેનો વિશેષજ્ઞ હશે. એવી અફવા તો હંમેશાં સંભળાતી હતી કે અમુક વિશેષ ગુલામોની એવી એક ટોળી હતી જે આ પથ્થરોમાંથી જાદુ કરીને જિન બોલવી શકતી અને માહિષ્મતીનું રક્ષણ કરતી હતી.

જ્યારે પત્તરાયે પહેલી વાર પોતાનું આયોજન તેને કહી સંભળાવ્યું ત્યારે જીમોતાના મગજમાં સૌ પ્રથમ તો એવો જ વિચાર આવ્યો કે જેવો પેલો ગુલામ લુહાર અને પથ્થરો વહાણ પર ચડે કે તરત જ કોઈ બીજા દેશમાં ભાગી છૂટવું. માહિષ્મતી સામ્રાજ્યનું રહસ્ય જાણવા માટે કોઈ પણ રાજા અઢળક ધન આપવા તૈયાર થઈ જ જશે. આખું જીવન ગુલામોનો વેપાર કરીને પણ જેટલું રળી શકાશે તેનાથી તો એ વધારે જ હશે. અને જાણે તેના વિચારો વાંચી રહ્યો હોય તેમ પત્તરાયે કહ્યું હતું કે મહિષી નદી માહિષ્મતી સામ્રાજ્યમાંથી અગ્નિ દિશામાં વહેતી કાદરીમંડલમ્ તરફ જાય છે. જીમોતાને ઇશારો સમજાઈ ગયો હતો. એ કંઈ પણ આડુંઅવળું કરશે તો પત્તરાય તાત્કાલિક તેનો વેપારનો પરવાનો રદ કરી નાખશે અને મહિષી નૌસેનાને તેની પાછળ લગાડી દેશે. એવું થાય તો એ ચોક્કસ ઝડપાઈ જાય કારણ કે પાતાળગંગા ધોધથી માંડીને દરિયા સુધીનો નદીનો પ્રવાહ માહિષ્મતી સામ્રાજ્ય કે તેનાં માંડલિક રાજ્યોમાં થઈને જ વહેતો હતો. જીમોતાએ વળતર રૂપે સોનાના સિક્કા નક્કી કરવાનો પ્રયત્ન કર્યો પણ પત્તરાયે પોતાના ખજાનામાંથી તો તાંબાનો એક સિક્કો પણ આપવાનું સ્વીકાર્યું નહીં.

કોઈ પણ અધિકારી કદી પણ પોતાનું ધન ચૂકવે નહીં અને કદી કોઈ વેપારીને એક રૂપિયો પણ આપે નહીં. એ તો એક-માર્ગી રસ્તા જેવો જ વહેવાર હોય. આ દેશમાં વેપાર કરવો કેટલો અઘરો છે, જીમોતાએ કડવાશથી વિચાર્યું. બધું જ જોખમ જીમોતાએ ઉઠાવવાનું હતું, પણ જો તે આ પ્રસ્તાવ સ્વીકારવા તૈયાર ન હોય તો બીજા તો તૈયાર હતા જ. એટલે પત્તરાયની શરતો સ્વીકારવા સિવાય જીમોતા પાસે અન્ય કોઈ જ વિકલ્પ નહોતો.

હવે આકાશ તો કાળાં વાદળાંથી બનાવેલા ધાબળા જેવું દેખાઈ રહ્યું હતું અને દૂર દૂર વીજળીના અમંગળ ચમકારા પણ દેખાઈ રહ્યા હતા. ગમે ત્યારે વરસાદ તૂટી પડે તેમ હતો અને

વરસાદ શરૂ થાય એ પહેલાં તો તેણે ગામમાંથી પોતાની વસ્તુઓ લઈને નીકળી જવું પડે તેમ હતું. પવનને કારણે સઢ ફડફડાટ કરી રહ્યો હતો.

'મૂર્ખાઓ, મેં કહ્યું તો હતું કે ખેંચીને બાંધો,' તેણે ફુત્કાર કર્યો. સઢ ખેંચીને બાંધવા માટે બે ખલાસીઓ ઉપર ચડવા લાગ્યા. સઢનો એક ટુકડો ફાટીને તેના માથા પરથી ચામાચીડિયાની જેમ ઊડી ગયો. અપશુકન. તેણે ગાળ ભાંડી. આ સાહસ તો સફળ થવું જ રહ્યું. શું આ સાહસ શરૂ કરતાં પહેલાં તેણે ભૂવાનાં માતા સમક્ષ ઘેટું નહોતું વધેર્યું ? તેણે આશા કરી કે ભૂવાનાં માતા પોતાનું વચન પાળે તો સારું. જીમોતા માટે સમય ખૂટી રહ્યો હતો. અને ઘેટાના સારી ગુણવત્તાના માંસનો પણ બગાડ થયો ગણાય.

જીમોતાને ગોમુખ નદી અને તેના વળાંકદાર અને છીછરા ફાંટાઓથી નફરત હતી. તે વિશાળ ખુલ્લા દરિયામાં વધારે રાહત અનુભવતો. આ નદી તો બેઈમાન હતી, તેમાં ઠેર ઠેર ખડકો છુપાયેલા હતા અને તળિયું પણ ઉપર-નીચે થયે રાખતુ. જો તેની પાસે વિકલ્પ હોત, તો તે એકમની રાત્રે આ નદીમાં નીકળ્યો જ ન હોત. આ તો પાગલપન હતું. જોકે પાગલપન અને બરબાદીમાંથી પસંદગી કરવાની હોય, તો જીમોતા હંમેશાં પાગલપનને જ પસંદ કરતો હતો. આ તેની છેલ્લી આશા હતી. પણ ભૂવાએ કહ્યું હતું એ ગામ ક્યાં છે ? થોડા સમયમાં તો પરોઢ થઈ જવાનું હતું. પછી તે પોતાનાં વહાણો છુપાવી શકે તેમ નહોતો.

તેણે ભૂવાને હલબલાવ્યો અને બૂમ પાડી, 'ઐયા, ઐયા.'

નંજુન્દા થોડીક ગાળો બબડ્યો અને પડખું ફરીને પાછો સૂઈ ગયો. જીમોતાનો પિત્તો છટક્યો. તેણે ભૂવાની પાંસળીઓ વચ્ચે લાત મારી અને નંજુન્દા ચીસ પાડીને બેઠો થઈ ગયો.

'રાંડની ઓલાદ, પેલું સાલું ગામડું ક્યાં છે ?' નંજુન્દાને અવળા હાથથી તમાચો મારતાં મારતાં જીમોતાએ પૂછ્યું.

'શાંતમ્, પાપમ્ ! કાલિ મહાકાલિ...હીયાઆઆ...' બોલતો બોલતો ભૂવો ઊભો થયો અને વિધિ કરવા માટેની તલવાર હાથમાં લઈને તેની પર બાંધેલા નકલી ઘરેણાં ધ્રુજાવવા લાગ્યો.

'સમય આવી ગયો છે, સમય આવી ગયો છે.' તે વહાણના તૂતક પર આગળથી પાછળ ફરવા લાગ્યો અને તેણે જીમોતાના ચહેરા પર કંકુ ઉડાડ્યું. પછી જીમોતાએ નંજુન્દાના બે પગ વચ્ચે જોરદાર લાત મારી. આ વખતે ભૂવાએ પાડેલી ચીસમાં ખરેખર પીડા ભળેલી હતી. તેના હાથમાંથી તલવાર નીચે પડી ગઈ અને તે પોતાનાં વૃષણો દબાવતો નીચે ઉભડક બેસી ગયો.

'હવે જો તું તારું ગંધાતું મોઢું બંધ નહીં રાખે, તો તારો સમય જરૂર આવી જશે. ગામડું ક્યાં આવેલું છે ?' આ વખતે જીમોતાએ નંજુન્દાને માથાના વાળથી પકડ્યો.

ભૂવાના ચહેરા પર ભય લીંપાઈ ગયો હતો. તેણે ઉંહકારો ભર્યો અને જ્યારે જીમોતાએ વિધિ માટેની તલવાર ઉઠાવી ત્યારે નંજુન્દા બબડ્યો, 'અહીંથી તમારે ચાલતાં જવું પડશે.'

'તેં તો કહ્યું હતું કે નદીની પાસે જ છે.'

'પહેલાં પાસે જ હતું. પણ નદીનો પ્રવાહ થોડાંક વર્ષો પહેલાં પલટાઈ ગયો. એ...એ તો સોપારી ચાવતાં જેટલો સમય લાગે એટલું ચાલતા તો આવી પણ જશે.'

જીમોતાએ એ વાત પર વિચાર કર્યો. વહાણ છોડીને જવું જોખમભર્યું હતું. પણ એ જે કામ કરવા માટે આવ્યો હતો, તે કામ પૂરું કર્યા વિના પાછા ફરવાનો પણ કંઈ અર્થ નહોતો. તેણે નંજુન્દાના વાળ છોડ્યા અને ઊભો થયો. તે કીરા તરફ ફર્યો, 'કોઈક સલામત જગ્યાએ લંગર નાખ. આપણે ગામમાં જઈએ છીએ.'

કીરા કંઈક કહેવા માંગતો હતો પણ પોતાના ઉપરીનો મિજાજ જોઈને તેણે ન કહેવાનું જ યોગ્ય માન્યું. થોડી વાર પછી તલવારો અને કુહાડીઓથી સજ્જ છ યોદ્ધાઓની ટુકડી કળણવાળા નદીકાંઠે કૂદી પડી. એ લોકો ઘૂંટણસમા પાણીમાં ડગલાં ભરીને સૂકી જમીન પર ચડ્યા ત્યાં સુધી કીરાએ ભૂવાને ગરદનથી પકડી રાખ્યો હતો. નંજુન્દાના હાથમાં એક કૂકડો હતો અને વિધિ કરવાની તલવાર તેણે લાલ કપડામાં વીંટાળીને પોતાની કમરે બાંધી રાખી હતી જેથી ચાલતી વખતે તેના પર બાંધેલાં ઘરેણાં રણકે નહીં.

એ લોકો ગામ તરફ ચાલવા માંડ્યા ત્યારે કંઈક સરકી ગયું હોય એમ લાગ્યું. આ અંધારામાં તેમની આંખોને ટેવાવામાં થોડોક સમય લાગ્યો. ઝાડીઓ શાહીના ધબ્બા જેવી લાગતી હતી અને વૃક્ષોનાં બધાં જ પાંદડાં એકબીજા સાથે ચોંટી ગયાં હોય એમ લાગતું હતું. તે લોકો થોડાક ગભરાયેલા હતા એટલે પગ નીચે કચડાતાં પાંદડાંનો અવાજ પણ તેમને મોટો લાગતો હતો અને જ્યારે પણ કોઈ ડાળી તેમના પગ નીચે આવીને કચડાતી કે એ લોકો થીજી જતા હતા. જીમોતાના મનમાં કંઈક થઈ રહ્યું હતું. ભૂવાના પૂર્વજો માટે કેટલીક ગાળો તેના ગળામાં ઊભરાઈ આવી પણ તેણે તેને ગળામાં જ દબાવી દીધી.

'તારા ગામમાં સોપારી અને નાળિયેર સરખા જ હોય છે, ડોસલા ?' કીરાએ ભૂવાને પૂછ્યું અને યોદ્ધાઓએ ખિખિયાટા કર્યા.

જીમોતાએ સિસકારો કર્યો, 'શાંત થાવ.'

હવે તેમને થોડા અંતરે રહેલું ગામ દેખાતું હતું. તે ગામ એક ટેકરીની તળેટીમાં જ હતું. ગામનું એક કૂતરુ ભસ્યું અને થોડી વારમાં તો તેની આખી જમાત તેની સાથે જોડાઈ ગઈ. જીમોતા ધીમે અવાજે ગાળ બોલ્યો. તેઓ એક ખુલ્લી જગ્યાના કિનારે એક ઝાડ નીચે ઊભા રહ્યા. ગામડું ઠીક-ઠીક મોટું હતું. ગામની મુખ્ય ગલી વળીને ટેકરી પાછળ જાય ત્યાં સુધીમાં કુલ ત્રેસઠ ઘર હતાં, એમ જીમોતાએ મનોમન ગણી કાઢ્યું. આગળ એક વડ નીચે ફાનસ બળતું હતું અને તેની પાસે કોઈ બેઠેલું હતું. તે સિવાય આખા ગામે અંધારપછેડી ઓઢેલી હતી અને અંધારામાં ઝૂંપડીઓ જાણે કોઈ રાક્ષસના કોથળામાંથી વેરાયેલા કોલસાની ઢગલીઓ હોય એવું લાગતું હતું.

જ્યારે ભૂવાની તલવારની ઘૂઘરીઓનો રણકાર સંભળાયો ત્યારે જીમોતાએ ફરીને બાજુમાં જોયું. નંજુન્દા પલાંઠી વાળીને બેઠો હતો અને તેના યોદ્ધાઓ જીમોતા ફરતે અર્ધવર્તુળાકાર રચીને ઊભા હતાં. ભૂવાની આંખો બંધ હતી અને તે ધીમા અવાજે કોઈ મંત્રો ભણી રહ્યો હતો. ભૂવાએ જ્યારે પોતાના હાથમાં રહેલા કૂકડાને પોતાના માથાથી ઉપર કર્યો ત્યારે તેણે પાંખો ફફડાવવાનો પ્રયત્ન કર્યો. એક સારો કૂકડો બાતલ જશે એમ જીમોતાએ મનોમન વિચાર્યું પણ તેના માણસો માટે આવી વિધિઓ મહત્ત્વની હતી. તેનાથી ભાગ્યનો સાથ મળે છે એમ માનવામાં આવતું. અત્યાર સુધી તો મારું નસીબ વાંકુ જ ચાલ્યું છે , જીમોતાએ વિચાર્યું અને તે નંજુન્દા વિધિ પૂરી કરે તેની રાહ જોવા લાગ્યો.

'હું પૂજા માટે આગ પ્રગટાવી શકું ?' ભૂવાએ પૂછ્યું.

'કેમ નહીં ? આપણે તો ઢોલ-નગારાં અને નાચનારીઓ પણ લાવવી જોઈતી હતી અને આખા ગામને પણ નોતરવા જેવું હતું,' તેણે કહ્યું. ભૂવાએ હાથમાં રહેલું લાકડું ઝડપથી નીચે મૂકી દીધું. તેણે આગ પ્રગટાવ્યા વિના જ વિધિ પતાવવી પડશે.

'અગ્નિ વિના તો ચુડાલા કાલિના આશીર્વાદ અડધાં થઈ જાય,' કીરાએ કહ્યું.

જીમોતા ધીરજ ગુમાવી રહ્યો હતો. 'આપણું કામ પતે એટલે તારે જેટલી આગ લગાડવી

હોય, એટલી લગાડજે,' તે બોલ્યો.

પોતાના અંધશ્રદ્ધાળુ માણસોમાં થોડોક ગભરાટ તેને વર્તાયો પણ આ વાતમાં કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવી શક્ય નહોતી. આગ પ્રગટાવવી બહુ જ જોખમી નીવડી શકે એમ હતી. કદાચ કોઈ જાગી જાય અને કદાચ કોઈ કંઈ જોઈ જાય, એમ બની શકે.

'ઝડપ કરો,' જીમોતાએ કહ્યું અને ભૂવો બહુ ઝડપથી મંત્રો ભણવા લાગ્યો. તેના માણસો પણ એની સાથે સાથે મંત્રો રટવા લાગ્યા અને પોતાની અનિચ્છા છતાં જીમોતાથી બંધ આંખે મનોમન એકાદ પ્રાર્થના થઈ જ ગઈ. આજે તેને બધા જ ભગવાનોથી જે પણ મદદ મળે તેની જરૂર હતી જ.

કૂતરાઓનો ભસવાનો અવાજ બહુ જ વધી ગયો હતો અને જીમોતાને એમ લાગી રહ્યું હતું કે એ ટોળી ધીમે ધીમે તેમની નજીક આવી રહી હતી. જોકે ભૂવાને વિધિ ઝડપથી પૂરી કરવામાં રસ નહોતો અને તે તો મંત્રો ભણતો જ રહ્યો. જીમોતાને એક વાર તો ઇચ્છા થઈ જ ગઈ કે તેના હાથમાંથી કૂકડો લઈને વાઢી નાખે. એ પરસેવોથી આખો ભીંજાઈ ગયો હતો અને વાતાવરણમાં અસહ્ય ભેજ હતો. મચ્છરો તેની આસપાસ ફરી રહ્યા હતા અને તેનો ખુલ્લા પગની તો ઉજાણી કરી રહ્યા હતા.

છેવટે વિધિ પૂરી થઈ અને આસપાસનાં વૃક્ષો પર સૂતેલાં પક્ષીએ જાગી ઊઠ્યાં એટલી મોટી ચીસ પાડીને નંજુન્દાએ કૂકડો વધેર્યો. આ ચીસથી તો કાદરીમંડલમ્‌નો રાજા પણ જાગી ગયો હશે , જીમોતો બબડ્યો. એ કૂકડાના લોહીથી ભૂવો બધાના કપાળ પર તિલક કરે ત્યાં સુધી જીમોતા રાહ જોઈ શક્યો નહીં. એ જોઈ શકતો હતો કે ગામમાં કોઈક તો જાગી ઊઠ્યું હતું અને તેની ઝૂંપડીમાંથી બહાર પણ આવી ગયું હતું. જીમોતાએ મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી અને કૂકડાના માથા વિનાના શરીર પરથી કૂદકો મારીને તે દોડ્યો. તેની પાછળ આવી રહેલા તેના માણસોનાં ભારે પગલાંના અવાજો તે સાંભળી શકતો હતો.

કૂતરાઓ હવે તેમના સુધી પહોંચી ગયા હતા અને તેમની પાછળ દોડી રહ્યા હતા. જે કૂતરાએ તેમની પર પહેલો હુમલો કર્યો તેનું માથું એક ક્ષણમાં ધડથી અલગ થઈ ગયું, કારણ કે જીમોતા પોતાની તલવાર વીંઝતો વીંઝતો જ ગામની દિશામાં દોડી રહ્યો હતો. આ જોઈને બીજા કૂતરા થોડાક દૂર ખસી ગયા અને તેમની ફરતે સલામત અંતર રાખીને દોડતા રહ્યા. તેના યોદ્ધાઓ હવે મોટા અવાજે ઘાંટા પાડી રહ્યા હતા કે જેથી ગામના લોકો ડરી જાય. વડ નીચે સૂતેલા ગામના ચોકીદારને તો એ જોવાનો મોકો પણ ન મળ્યો કે તેને માર્યો કોણે. વડ નીચે એક પથ્થરથી બનાવેલા નાગની સામે પડેલું ફાનસ જીમોતાએ ઝડપી લીધું અને નજીકની ઝૂંપડીના છાપરા પર ફેંક્યું. પછી તેણે નાગની પથ્થરની મૂર્તિ બીજી ઝૂંપડીના છાપરા પર ફેંકી અને તેને અંદરથી ચીસ સંભળાઈ. જે ઝૂંપડી પર તેણે ફાનસ ફેંક્યું હતું તે ઝૂંપડી તો હવે સળગવા માંડી હતી.

ગામના લોકોને સમજાય કે શું થઈ રહ્યું છે એ પહેલાં તો જીમોતા અને તેના માણસોએ પોતાનું કામ શરૂ કરી દીધું હતું. એકબીજાને અડોઅડ ગોઠવાયેલી ઝૂંપડીઓમાં આગ લાગી ચૂકી હતી અને તેની જ્વાળાઓ આકાશમાં ઊંચે સુધી ચડીને આસપાસનાં વૃક્ષોમાં પણ ફેલાઈ રહી હતી. જીમોતા હુકમો છોડી રહ્યો હતો, 'ઘેરી લો, હુમલો કરો અને કોઈ પણ પુરુષોને જીવતા રાખશો નહીં.'

ઝૂંપડીઓમાંથી ધુમાડો નીકળી રહ્યો હતો. કેટલાક પુરુષો લાકડીઓ, દાતરડાં અને કુહાડી લઈને પોતાના ગામને બચાવવા બહાર આવ્યા. જીમોતાના માણસોએ તો આ કામ જોકે આ પહેલાં સો વાર કર્યું હશે. એ લોકો જાણતા હતા કે કઈ રીતે પડછાયાનો લાભ ઉઠાવવો,

કઈ રીતે આગ સાથે રમત કરવી અને કઈ રીતે પુરુષોને પાડીને આંખના પલકારામાં તેમનાં માથાં ધડથી અલગ કરી દેવાં. ભૂવાએ તબેલામાંથી પ્રાણીઓ છૂટાં મૂકી દીધાં હતાં. ચારેબાજુ અંધાધૂંધી ફેલાવી દેવાની તેમનામાં આવડત હતી. ભૂવાને જે પણ આખલાને ભેંસો દેખાતી તેની પૂંછડીઓ પર તે બટકાં ભરતો એટલે તે પ્રાણીઓ ક્રોધે ભરાતાં. ધુમાડાની ગંધથી અને વધતી ગરમીના કારણે બધાં પ્રાણીઓ આમથી તેમ દોડતાં હતાં. એ પ્રાણીઓ ગાર લીંપેલી ઝૂંપડીઓને અથડાતાં, ગલીઓમાં મૂકેલાં ગાડાંઓ સાથે અથડાતાં અને તેમના માર્ગમાં આવતા કોઈને પણ કચડી નાખતાં.

પરોઢ સુધીમાં તો ગામનું અસ્તિત્વ જ નાબૂદ થઈ ગયું હતું. લગભગ આખું ગામ આગમાં હોમાઈ ગયું હતું અને બહુ થોડી ઝૂંપડીઓ બચી હતી. એ પણ અડધીપડધી જ બચી હતી અને તેમાંથી પણ ધુમાડો તો નીકળી જ રહ્યો હતો. બસોથી વધારે લાશો પડી હતી અને જીમોતાએ બધી સ્ત્રીઓ અને બાળકોને બાંધી દીધાં હતાં. એ લોકો એટલાં ડરેલાં હતાં કે રડી પણ નહોતાં શકતાં. કેટલાક કણસી રહ્યા હતા અને કેટલાક તો એટલા આઘાતમાં હતા કે એમ પણ નહોતા કરી શકતા. કોઈ નાનકડું છોકરું રડ્યું તો તેની માએ ઝડપથી તેનું મોઢું દબાવી દીધું. ગામની શેરીઓમાં ચારેકોર લાશો પડી હતી.

યુવતીઓને છોકરાઓ અને ઘરડી સ્ત્રીઓથી અલગ કરવામાં આવી. જીમોતાના માણસો યુવતીઓ પર લોલુપ નજરો માંડીને આનંદથી પોતાના હાથ ઘસતા હતા. કેટલાય ગળામાંથી ચિત્કાર ઊઠી રહ્યા હતા અને ઘરડી સ્ત્રીઓ ક્યારેક આજીજી કરતી તો ક્યારેક શાપ વરસાવતી હતી. છોકરાઓને તેમની માઓથી અલગ પાડવામાં આવ્યા હતા અને એ બધા પણ રડી રહ્યા હતા.

જીમોતાએ બૂમ પાડી, ‘શાંતિ !’ અને પરોઢિયે કલબલાટ કરી રહેલાં પક્ષીઓ અને લાશોની આસપાસ ઊડી રહેલા કાગડા સિવાય, બધા જ ચૂપ થઈ ગયા.

‘કોઈ બળાત્કાર કરશે નહીં. જે કોઈ પણ કોઈ સ્ત્રીને અયોગ્ય રીતે હાથ પણ લગાડશે, તેના હાથ કાપી નાખવામાં આવશે,’ વડ નીચે બેઠેલા જીમોતાએ ત્યાંથી જ કહ્યું. કીરાએ વિરોધ નોંધાવવાનો પ્રયત્ન કર્યો પણ જીમોતાએ તેની અવગણના કરી. જોકે પકડાયેલી સ્ત્રીઓમાં તેના પ્રત્યેની નફરત કે ભયમાં કોઈ ઘટાડો થયો નહીં.

‘એમનાં કપડાં કાઢી નાખો,’ તેણે કહ્યું અને સ્ત્રીઓ બાજુ ચીસાચીસ થવા માંડી. કેટલીકે દોડવાનું શરૂ કરી દીધું પણ તેના માણસોએ એ બધીને પકડી પાડી. કેટલીકે થોડાક વિરોધ કરવાનો પ્રયત્ન કર્યો, કેટલીકે બટકાં ભર્યાં ને કેટલીકે નખોરિયા પણ ભર્યા પણ થોડાક સમયમાં તો તેના માણસોએ બધી જ સ્ત્રીઓને નગ્ન કરી નાખી. સ્ત્રીઓ પોતાનું શરીર છુપાવવા ભરચક પ્રયત્નો કરતી રહી. કેટલાક મોટા છોકરાઓએ તેમની મા તરફ દોડવાનો પ્રયત્ન કર્યો પણ એકાદ-બે તલવારો આવા બહાદુર બાળકોના હૃદયની આરપાર ઊતરી ગઈ એટલે છોકરાઓ અને સ્ત્રીઓ શાંત થઈ ગયાં.

જીમોતાના માણસોએ સ્ત્રીઓને એક સાથે બાંધી. તેમના હાથ તેમની પીઠ પાછળ બંધાયેલા હતા. તેમને એક કતારમાં ઊભી રાખવામાં આવી. કતારના એક છેડાથી બીજા છેડા સુધી ચાલતાં ચાલતાં જીમોતાએ તેમનું નિરીક્ષણ કર્યું. તેને એમના શરીરોમાં કોઈ જ રસ નહોતો. એ તેમનાં સ્તનોનું વજન કે પેટની ચરબી કે નિતંબની ચુસ્તતા તપાસતો હતો તે દરમિયાન એ સ્ત્રીઓ શરમથી માથું નમાવીને ઊભી હતી. કેટલીક તેની ઉપર થૂંકી, કેટલીક રડતી રહી. આ બધાની જોકે જીમોતાને ચિંતા નહોતી. તેના માટે આ બધી સ્ત્રીઓ પોતાના ઢોર જેવી હતી. તેના સાથળો વચ્ચે તેને કોઈ જ ઉત્તેજના અનુભવાતી નહોતી. એનું મગજ તો એ

ગણવામાં વ્યસ્ત હતું કે દરેકના કેટલા ઊપજશે. જ્યારે તેણે પોતાનું નિરીક્ષણ પૂરું કર્યું ત્યારે એમ વિચાર્યું કે એક રાતની મહેનતનું આટલું વળતર કંઈ ખોટું નહોતું.

દીપ્તિમાન સ્ત્રીઓ અને છોકરીઓની ચકાસણી પૂરી કર્યા પછી તે છોકરાઓ પાસે ગયો. એમાંથી મોટા ભાગના તો ખડતલ જ લાગતા હતા. થોડાક નબળા દેખાતાને તેમણે અલગ કતારમાં ઊભા રાખ્યા અને બાકીનાનાં વસ્ત્રો કાઢી નાખી અને એક સાથે બાંધવાનો હુકમ કર્યો. અલગ ઊભા રાખવામાં આવેલા છોકરાઓ તેની તરફ આશાથી જોઈ રહ્યા હતા.

બંધાયેલી સ્ત્રીઓ, છોકરીઓ અને છોકરાઓને તેણે ચાલવાનો હુકમ કર્યો. તેનો એક માણસ તેમને વહાણની દિશામાં દોરી જવા માંડ્યો. તેના કેટલાક માણસોએ બધાંના કપડાંનો એક બાજુ ઢગલો કર્યો હતો. તેણે પેલા નબળા દેખાતા છોકરાઓને હુકમ કર્યો કે મડદાંઓ એક બાજુ ભેગાં કરે. ઘરડી ડોસીઓ પોતાના પુત્રોના મૃતદેહોને પોતાના પોત્રો દ્વારા ઢસડાતા જોઈ આક્રંદ કરવા માંડી.

જ્યારે બધા જ મૃતદેહોનો ખડકલો થઈ ગયો અને અને તેમની ઉપર પેલાં કપડાં પાથરી દેવાયાં ત્યારે જીમોતા કોઈ સળગતી ઝૂંપડીમાંથી સળગતો અંગારો લઈ આવ્યો અને એ ઢગલા પણ તેણે અંગારો નાખ્યો.

‘આ નબળાઓનું શું કરવું છે ?’ કીરાએ મરકતાં મરકતાં પૂછ્યું.

જવાબમાં જીમોતાએ પોતાની તલવાર કાઢીને પોતાની પાસે રહેલા એક છોકરાના સફાઈથી બે ટુકડા કરી નાખ્યા. એક ભાગ જેમાં હજુ જીવ હતો તેને કીરા તરફ હડસેલીને તે બોલ્યો, ‘આ કંઈ તારી પહેલી લૂંટ છે, હરામખોર ?’

કીરાના ખભા પર તલવાર લૂછીને તેણે તલવાર પાછી મ્યાન કરી. તેણે ચાલવાનું શરૂ કર્યું અને તેની પાછળ સ્ત્રીઓ અને છોકરાઓની ચીસો સંભળાવા માંડી. કૂકડો વેડફાયો નહોતો. ભગવાને ફરી વાર તેને આશીર્વાદ આપવા માંડ્યા હતા. હવેથી તે ભૂવાને વધારે સમ્માન આપશે, એમ તેણે નક્કી કર્યું.

મશાલોના અજવાળામાં પોતાના વહાણ તરફ દોરી જવાતી સ્ત્રીઓની નગ્ન પીઠ પર દડી રહેલો પરસેવો તેને દેખાતો હતો. કેટલું સુંદર દૃશ્ય હતું ! તે ફરી વાર ધનવાન બની જવાનો હતો. જોકે સૌ પહેલાં તો તેણે આ બધા માટે સુંદર વસ્ત્રોની વ્યવસ્થા કરવી પડશે. તે માહિષ્મતીના માંડલિક સામ્રાજ્યમાં ઘૂસ્યો હતો અને તેના રહેવાસીઓનું તેણે અપહરણ કર્યું હતું. એટલે એ જ્યારે તેમનું વેચાણ કરવા જાય ત્યારે તેમના મૂળ વિષે કોઈને જરા જેટલી પણ માહિતી મળવી જોઈએ નહીં.

જોકે થોડીક હથેળીઓ ભીની કરીને તે આ બધાને માહિષ્મતીમાં ઘુસાડી દે પછી કોઈને એ વાતની પરવા પણ નહીં રહે. જોકે હજુ અમુક અધિકારીઓ એવા હતા જેમની અક્કલ ઠેકાણે લાવવાની હતી. આવા અધિકારીઓ એવું માનતા હતા કે તેમની પ્રમાણિકતા જ ઘડપણમાં તેમનું પેટ ભરશે. મોટા ભાગના તો સમજતા જ હતા કે તેમના વાળ ધોળા થાય એ પહેલાં તેમણે કઈ રીતે કામ કરવું જોઈએ પણ હંમેશાં અમુક અધિકારીઓ તો એવા હોય જ…આવા લોકોને મારી નાખવામાં આવતા અથવા તો તેમને ‘બઢતી આપી’ એવી જગ્યાએ મૂકવામાં આવતા જ્યાં તેમણે જીમોતા જેવા હોશિયાર માણસ સાથે કામ પાડવાનું બનતું નહીં.

આ વિચાર આવતાં જીમોતા મનોમન મરકી પડ્યો. આવાં થોડાંક વધારે સાહસો કર્યા પછી તે સ્થાયી થવા તૈયાર થઈ જશે. એ કદાચ કોઈ રાજાની અમી નજર પણ ખરીદી લેશે. કદાચ તે માહિષ્મતી કે બીજે ક્યાંય ભૂમિપતિ કે નાનકડું પદ ખરીદી લેશે. આવું કરવામાં કશું

જ સમ્માનજનક નથી, એમ કદાચ એના પિતા કહેતા પણ આવા મૂર્ખામીભર્યા વિચારો તો ઘણા સમય પહેલાં જ એ મારી ચૂક્યો હતો.

તેના પિતા માહિષ્મતીના સારા પણ નકામા સૈનિક બની રહેલા અને જ્યારે જીમોતા માંડ પાંચ વર્ષનો જ હતો ત્યારે કોઈ લોહિયાળ યુદ્ધમાં પોતાના બંને હાથ અને એક પગ ગુમાવી ચૂક્યા હતા. તેની મા મરી ત્યાં સુધી તો તેના પિતા ઘરમાં ઢસડાતા ઢસડાતા ચાલતા હતા. રાજા તરફથી જે સાવ નાનકડી રકમ વળતર પેટે મળી હતી તે તો જીમોતા છ વર્ષનો થાય ત્યાં સુધીમાં વપરાઈ પણ ગઈ હતી. તેને પોતાના ઘરના વિષે નહોતું વિચારવું. આ દેશની સેવા કરીને તેના બાપને શું મળ્યું હતું ?

જીમોતા પણ પોતાના દેશની સેવા જ કરી રહ્યો હતો, પણ જરા અલગ રીતે. અને જો તો ખરો કે કોણ વધારે સફળ થયું છે, ડોસલા , તેણે મનોમન વિચાર્યું.

માહિષ્મતીની પેલી કૂતરી સ્ત્રીઓ માટે રકઝક કરશે પણ તેણે છેવટે તો મોટી રકમ ચૂકવવી જ પડશે. અને પેલા વામને પણ. છોકરાઓ તો તંદુરસ્ત જ લાગે છે. તેમના પણ એટલા રૂપિયા તો જરૂર ઊપજશે કે તે ધનવાન થઈ જશે.

સૌથી છેલ્લા કેદીને વહાણમાં ચડાવી દેવામાં આવ્યો તે પછી તે હાલકડોલક થઈ રહેલા વહાણમાં ચડ્યો. પૂર્વ આકાશમાં રંગોની રંગોળી પુરાવી શરૂ થઈ ગઈ હતી. ગૌરી પર્વત પહેલાં ઘાટો વાદળી, પછી આછો વાદળી, પછી ભૂખરો અને થોડી વાર પછી લાલ રંગે રંગાવા માંડ્યો હતો. નંજુન્દા ઘંટડી વગાડી રહ્યો હતો અને જોરશોરથી કોઈ મંત્રો ભણી રહ્યો હતો. તેની પાછળ કેદીઓ ડૂસકાં ભરી રહ્યા હતા. એના માણસો લાંબા વાંસડા વડે વહાણને નદીની મધ્યમાં લાવવા માટે ‘હેય-હો’ અવાજ સાથે ધકેલી રહ્યા હતા અને તે અવાજ જીમોતાને સંગીત જેવો લાગી રહ્યો હતો. પવિત્ર શિખર પર સૂરજ લોહી અર્પણ કરી રહ્યો હોય એવું લાગતું હતું. એક ચંડોળ તેની ઉપરથી અવાજ કરતું પસાર થયું.

ભૂવો સાચું કહેતો હતો. શ્રદ્ધા રાખવાથી ચમત્કાર પણ થતા હોય છે. તેણે ગૌરી પર્વત તરફ ફરીને હાથ જોડીને પ્રાર્થના કરી. આવતી વખતે તે ભૂવાના ભગવાન માટે કૂકડો નહીં પણ એક છોકરો વધેરશે. પછી તેણે પોતાની જીભ કરડી, એ પોતાના પણ ભગવાન હતા. ધર્મનિષ્ઠ બનવાથી સારું લાગી રહ્યું હતું. સઢ ચડાવવામાં આવ્યા અને વહાણની ગતિ વધારવા માટે હલેસાં મારનારાઓએ હલેસાં ઝડપથી વીંઝવા માંડ્યા.

એ જ સમયે તેને લાગ્યું કે તેણે વહાણની જમણી બાજુના કિનારા પરથી કંઈક સાંભળ્યું. વહાણ ગતિ પકડી રહ્યું હતું અને તે ઝાડીઓને તાકી રહ્યો. શું કોઈ તેની પર નજર રાખી રહ્યું હતું ? પછી તેને હસવું આવ્યું. તેના વહાણ સુધી હવે કોઈ તીર પહોંચી શકે એમ નહોતાં. હવે તે કાંઠાથી ઘણો દૂર નીકળી ગયો હતો. કદાચ તેમના હુમલા સમયે છટકી ગયેલો કોઈ છોકરો કે છોકરી હશે. જીમોતા હસ્યો. એ લોકો વળી તેને શું નુકસાન પહોંચાડી શકવાના હતા ? હવે જીમોતાને કોઈ આંગળી અડાડી શકે તેમ નહોતું. તેનું નસીબ પલટાઈ ગયું હતું.

વહાણની જમણી બાજુથી તેને કોયલનો ટહુકો સંભળાયો પછી એકાદ ક્ષણ સુધી શાંતિ જળવાઈ રહી. પછી વહાણની ડાબી બાજુથી કોયલનો ટહુકો આવ્યો. વહાણ આગળ વધતું હતું તેમ તેમ તે ટહુકા વહાણને અનુસરતા હોય તેમ લાગતું હતું.

‘સ્વામી, આ અવાજ અસ્વાભાવિક છે,’ કીરાએ કહ્યું.

જીમોતાએ ધ્યાનપૂર્વક સાંભળ્યું. ફરી વાર કોયલનો ટહુકો સંભળાયો.

‘પક્ષીઓ ઉત્તેજિત લાગે છે,’ જીમોતાએ ખભા ઊંચા કરીને કહ્યું અને કીરાએ પણ

પોતાના ભૂખરા દાંત બતાવતું સ્મિત કર્યું.

‘એ તો હું પણ છું. જો તમે મંજૂરી આપો, તો હું...’ તેણે નગ્ન સ્ત્રીઓ તરફ નજર કરીને હોઠ પર પોતાની જીભ ફેરવી.

‘કીરા,’ જીમોતાએ સ્મિત કર્યું અને કીરાએ પણ વળતું સ્મિત કર્યું.

‘શું સ્વામી ?’

‘મને માછલીઓ પકડવી ગમે છે.’

‘હું જાણું છું, સ્વામી.’

‘મોટામાં મોટી માછલી પકડવા માટે ગલમાં શું ભરાવવું જોઈએ ખબર છે ?’ જીમોતાએ પૂછ્યું અને તેણે હળવેથી પોતાની કમર પરથી ખંજર ખેંચ્યું. તેની તીક્ષ્ણ ધાર પર તેણે આંગળી ફેરવી. કીરા ચૂપ થઈ ગયો. જહાજના બધા ચાંચિયાઓ તેમની તરફ જ જોઈ રહ્યા હતા. એક જ ક્ષણમાં જીમોતાએ કીરાની ગરદન પકડીને તેના ચહેરાને પોતના ચહેરાની એકદમ નજીક લાવી દીધો. કીરાની આંખોમાં રમી રહેલો ભય તેને જોવો ગમ્યો. જીમોતાએ પોતાનો હાથ ઊંચો કર્યો અને પછી ખંજર કીરાના પેટ તરફ વીંઝ્યું. કીરાએ ચીસ પાડી અને જીમોતા હસ્યો.

કીરાએ નીચે નજર કરી. જીમોતાના ખંજરનું ફણું તેના પુરુષાતનથી વાળ જેટલા અંતરે જ હતું. કીરાની આંખો ભયથી બહાર આવી ગઈ અને તેણે ગળા હેઠળ થૂંક ઉતાર્યું. જીમોતાએ કીરાના બે પગ વચ્ચે ખંજર દબાવ્યું.

‘માછલી ફસાવવા માટે આ ગલ સારામાં સારી રહેશે, કીરા. હું આજે માછલી પકડવા બેસું ?’

‘ન...ના.’

‘કેમ નહીં ?’

‘ક... કારણ કે...’

‘કારણ કે...’ જીમોતાએ ખંજરનું ફણું કીરાની ચામડી પર દબાવ્યું અને ગોળ ફેરવ્યું. કીરાની મેલી ધોતી પર લોહીના ટીપાનો ડાઘ પડી ગયો. ભયના માર્યા કીરાથી ધોતીમાં જ પેશાબ છૂટી ગયો અને જીમોતાને પણ પોતાના પગને હૂંફાળું પાણી સ્પર્શ્યાનો અહેસાસ થયો. પેશાબની દુર્ગંધને કારણે તેણે નાક મચકોડ્યું.

`‘હવે તારા પગ વચ્ચે લોટો બાંધી રાખવાનો સમય પાકી ગયો છે, રંડીપુતર. હવે મને કહે, કારણ કે...’

‘ક... કારણ કે... કોઈ સારો વેપારી...’

‘હંઅઅઅ... કોઈ સારો વેપારી ?’ જીમોતાએ કીરાને પોતાની પાસે ખેંચ્યો.

‘કારણ કે કોઈ સારો વેપારી પોતાનો જ માલસામાન ખાતો નથી.’

‘તું બહુ ઝડપથી શીખી જાય છે. કદાચ આજે હું માછલી પકડવા નહીં બેસું.’ જીમોતાએ કીરાને ધક્કો માર્યો અને કીરા વહાણના તૂતક પર પછડાયો. જીમોતાના માણસો ત્યાં સુધી હસતા રહ્યા જ્યાં સુધી જીમોતાએ તેમની તરફ જોવા ન માંડ્યું. તરત જ એ બધા નજરો નીચી કરીને પોતપોતાનાં કામ કરવા માંડ્યા. એકાદ ક્ષણ પછી, જીમોતા ખડખડાટ હસી પડ્યો અને તૂતક પર બાંધેલા દારૂના પીપડા પર પોતાની હથેળી પીટવા માંડ્યો. થોડીક જ વારમાં, ડૂસકાં ભરતી સ્ત્રીઓ અને બાળકો સિવાય વહાણ પર હાજર તમામ લોકો ખડખડાટ હસવા માંડ્યા. કીરા પણ. બંને કાંઠા પરથી કોયલના ટહુકા હજુ પણ સંભળાઈ રહ્યા હતા.

'આ કોયલો તેલ પીવા જાય,' જીમોતાએ કહ્યું અને ફરી વાર બધા ખડખડાટ હસવા માંડ્યા. બે ચાંચિયા તાડીના કુંજા ભરેલી ટોપલી તૂતક પર લઈ આવ્યા. જીમોતાએ કીરાની પીઠ થપથપાવી અને એ ચાંચિયો વાંદરાની જેમ હસવા લાગ્યો. તાડીના કુંજા એક હાથમાંથી બીજા હાથમાં ફરવા લાગ્યા અને પોતે તાડીના કેટલા ઘૂંટ માર્યા છે એ વાતનું પણ જીમોતાને ભાન રહ્યું નહીં. ચાંચિયાઓ લસણિયા ટાપુની એ છોકરીનું બીભત્સ ગીત ગાવા લાગ્યા જે પોતાની ભેંસને શોધવા જંગલમાં ગઈ હતી અને રીંછના રાજાએ ત્યાં તેને પકડી લીધી હતી. રીંછનો રાજા તેને પરણવા માંગતો હતો પણ એ જ ઇચ્છા જંગલના દરેક રીંછની હતી. દરેક પંક્તિ આગલી પંક્તિ કરતાં વધારે બીભત્સ હતી અને જ્યારે એ પંક્તિઓ ઉપર જ્યારે કીરાએ અશ્લીલ અભિનય કરવો શરૂ કર્યો ત્યારે બધા વધારે ખડખડાટ હસવા લાગ્યા.

જીમોતાએ ભૂવા તરફ નજર કરી અને નોંધ્યું કે તે આ ઉજવણીમાં ભાગ નહોતો લઈ રહ્યો. 'તને શું તકલીફ છે, ભૂવા ? યમ તારા બાપાને ઉપાડી ગયો કે શું ?' તેણે પૂછ્યું.

'હસો નહીં, એ આવી રહી છે.'

'કોણ ? તારી મા ?' કહીને જીમોતા હસ્યો. એમ કરતાં કરતાં તેના મોઢામાંથી થોડીક તાડી બહાર ઊછળી પણ ખરી. 'સાલા સડેલા નાળિયેર, તું મને ખરેખર બહુ હસાવે છે.' તે ઉધરસ ખાતાં ખાતાં, થૂંક ઉડાડતાં ઉડાડતાં, કપાળ પર હથેળી મારીને બોલ્યો.

'એ મને દેખાય છે. મને ભવિષ્ય દેખાય છે. હસીશ નહીં,' ભૂવો બોલ્યો. એ વખતે ફરી વાર કોયલનો ટહુકો સંભળાયો.

'ઓહ, મહાન ભૂવા નંજુન્દાને કોયલના ટહુકાનો ડર લાગે છે. છોડ હવે. પેટ ભરીને આ તાડી પી પછી તું પણ અમારી સાથે નાચતો હોઈશ,' કહીને જીમોતાએ પોતાના હાથમાં રહેલો તાડીનો કુંજો તેને ધર્યો.

ભૂવો નશામાં ગર્ત ચાંચિયા તરફ ફર્યો અને બોલ્યો, 'મૂર્ખ, તને એટલી પણ ખબર નથી કે અત્યારે વસંત ઋતુ નથી ચાલી રહી એટલે અત્યારે કોયલો ઉત્તેજિત ના હોય ? આ કોયલોનો અવાજ નથી.'

જીમોતાના હાથમાંથી તાડીનો કુંજો તૂતક પર પડ્યો અને ભાંગીને ભુક્કો થઈ ગયો. ફરી એક વાર કોયલનો ટહુકો સંભળાયો અને તેનો જવાબ પણ સંભળાયો. જીમોતાને પોતાની મૂર્ખામી પર વિશ્વાસ જ બેસતો નહોતો.

'બધા કામે લાગો !' તેણે પોતાના માણસોને બૂમ પાડીને કહ્યું અને બધા ઝડપથી દોડી ગયા. બંને કાંઠેથી સતત કોયલના ટહુકા સંભળાતા હતા. આ તો પેલી છે, પેલી છે , જાણે એમ બોલતા હતા.

કોઈક વિચિત્ર કારણસર તેના કેદીઓએ રડવાનું બંધ કરી દીધું હતું.

એ લોકો જાણતા હતા.

૨૨

કટપ્પા

ધોધમાર વરસાદ હવે ઝીણી ઝરમરમાં ફેરવાઈ ગયો હતો. એ લોકોએ તેને જંગલ વચ્ચે જે ખુલ્લી જગ્યામાં પટક્યો હતો, તે ત્યાં જ પડ્યો હતો. કાજળઘેરું અંધારું ફેલાયેલું હતું અને તેના પગ નીચેની જમીન પણ ભીની હતી. એ ક્યાં આવી પડ્યો છે, તે શોધવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. અચાનક વીજળીના કડાકાથી થોડી ક્ષણ માટે અજવાળું થયું અને તેણે જોયું કે તે અમ્મા કાલિની એક ભયાનક મૂર્તિની સામે ઊભો હતો. આદિવાસીઓનાં પૂજાનાં સ્થળોની જેમ ત્યાં મૂર્તિની સામેની જમીનમાં લોખંડનું ત્રિશૂલ રોપેલું હતું અને તેના ત્રણેય ફણા પર લીંબુ ખોસેલાં હતાં. તેની પાસે જ બલિ આપવા માટે બનાવાયેલી પથ્થરની વેદી પણ હતી. ફરી વાર અંધારું થયું ત્યારે કટપ્પાનું હૃદય એક ધબકારો ચૂકી ગયું કારણ કે આ જગ્યા તો વિધિસર બલિ આપવાની જગ્યા હતી.

'કટપ્પા.'

તેની આસપાસ એક અવાજ પડઘાવા લાગ્યો. કટપ્પા પોતાની એડી પર ગોળ ફર્યો. અવાજ ક્યાંથી આવ્યો હતો, એ તે સમજી શક્યો નહીં.

'કટપ્પા.'

આ વખતે અવાજ જંગલની બીજી બાજુથી આવતો હોય, એમ તેને લાગ્યું.

'તું કોણ છે, ડરપોક ? બહાર આવ અને મારી સાથે લડવાની હિંમત બતાવ,' કટપ્પાએ બૂમ પાડી.

જંગલમાં અટ્ટહાસ્ય ગુંજી ઊઠ્યું. 'લડું?' અવાજે પૂછ્યું. આ વખતે અવાજ કાલિની મૂર્તિ પાછળથી આવ્યો હતો. કટપ્પા મૂર્તિની પાછળ જવા દોડ્યો પણ તેની ઘવાયેલી એડીઓને કારણે તેના શરીરમાં પીડાનો ઝટકો વાગ્યો. પાછળ કોઈ જ નહોતું. ફરી વાર વીજળીનો કડાકો થયો. તેની આસપાસ હાસ્ય ગુંજવા લાગ્યું.

'તું અવશ્ય મરવાનો છે, કટપ્પા.' આ વખતે અવાજ સામેની બાજુથી સંભળાયો.

'મને પકડીને જંગલમાં આટલે સુધી લઈ આવવાને બદલે તું મને જ્યારે પકડ્યો ત્યારે જ મારી શક્યો હોત,' કટપ્પાએ બૂમ પાડીને જવાબ આપ્યો અને તે ત્રિશૂળની નજીક સરક્યો. એ પોતાના પ્રતિસ્પર્ધીની વાતો ચાલુ રખાવવા માંગતો હતો.

'અમે તો તને એ રીતે મારવાના છીએ જે રીતે અમે જંગલી ભૂંડને મારીએ છીએ,' આ વખતે ડાબી બાજુથી અવાજ સંભળાયો.

'પણ કેમ ? મેં તમારું શું બગાડ્યું છે?' હવે કટપ્પા ત્રિશૂળથી થોડાક જ હાથ દૂર હતો.

'તે અમને પેલા કૂતરા બિજ્જલને મારતા અટકાવ્યા હતા. તે અમારા લોકોને માર્યા છે,

કટપ્પા. એ માટે તારે મરવું જ પડશે.'

આ સમયે ક્ષિતિજ પર વીજળીનો બહુ મોટો કડાકો થયો અને તેના અજવાળામાં કટપ્પાએ પોતાની જમણી બાજુ, થોડાક હાથ દૂર એક આકૃતિ જોઈ. તે નીચે ઝૂક્યો, જમીનમાં રોપેલું ત્રિશૂળ ઝટકા સાથે ખેંચી કાઢ્યું અને પેલી આકૃતિની દિશામાં તેનો ઘા કર્યો. આ બધું એક જ ક્ષણમાં બની ગયું. ત્રિશૂળ પેલી આકૃતિની છાતીમાં ઘૂસી ગયું અને તે આકૃતિ નીચે પડી ગઈ. એ પડેલા માણસ પાસે કટપ્પા ઝડપથી પહોંચી ગયો. ફરી વાર વીજળી ચમકી અને તે અજવાળામાં તેને નીચે પડેલો ચાડિયો દેખાયો જેનું મોઢું માટલાથી બનાવેલું હતું અને તેની તરફ હસી રહ્યું હોય એમ લાગતું હતું. ઘાસથી બનાવેલા ચાડિયાના શરીરની આરપાર નીકળીને ત્રિશૂળ જમીનમાં ખૂંપી ગયું હતું.

જંગલ ખડખડાટ હાસ્યથી ગુંજી ઊઠ્યું અને આ વખતે તેની મજાક ઉડાડતું હાસ્ય હોય, એમ કટપ્પાને લાગ્યું. કટપ્પાએ ફરી વાર ત્રિશૂળ ખેંચી કાઢ્યું અને બોલ્યો, 'બાયલાઓ, મરદ હોવ તો બહાર આવો અને લડો.' જંગલ શાંત થઈ ગયું. ફરીવાર કાજળઘેરું અંધારું છવાઈ ગયું. જ્યારે આંખો જોઈ ન શકે, ત્યારે આપણા કાને આંખ બની જવું પડે - પોતાની તાલીમ દરમિયાન પોતાના પિતાએ કહેલા શબ્દો કટપ્પાને યાદ આવ્યા.

'કટપ્પા, અમે આ રીતે જંગલી ભૂંડનો શિકાર કરીએ છીએ,' અવાજ આવ્યો અને કટપ્પાએ પાછળ ફરીને જોયું. તેણે ત્રિશૂળ એક હાથમાંથી બીજા હાથમાં લીધું અને તૈયાર થઈને ઊભો રહ્યો. એ લોકો જંગલી ભૂંડનો શિકાર કઈ રીતે કરતા હશે ? તેનું મગજ દોડાવા માંડ્યું. કઈ બાજુથી હુમલો થશે એનો તે અંદાજ લગાવવા માંડ્યો. જંગલની દિશામાંથી એક અણીદાર લાકડાનો ભાલો સુસવાટા બોલાવતો તેની દિશામાં આવ્યો. એ ભાલો તેની ગરદનથી થોડાંક જ આંગળ દૂર હતો ત્યારે તેણે ત્રિશૂળ વડે તેને હવામાં જ અટકાવી દીધો. લાકડાનો ભાલો ચિરાઈ ગયો. મેં પૂરતી ઝડપ નથી દાખવી, આ વખતે તો મને નસીબે જ સાથ આપ્યો, એમ તેને વિચાર આવ્યો. તે એકદમ સ્થિર ઊભો રહ્યો અને નાનામાં નાનો અવાજ સાંભળવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

'સરસ,' ફરી વાર અવાજ આવ્યો, પણ બીજી દિશામાંથી. 'પણ આ તો તું માંડ માંડ બચ્યો...હા...તારી ગરદન માંડ માંડ બચી. હવે ફરી વાર પ્રયત્ન કર.'

તેના પછી જે ભાલો આવ્યો તેને અને તેના પછી ઝડપથી જે બીજા બે ભાલા આવ્યા તેને પણ કટપ્પાએ અટકાવી દીધા. પછી તે ત્રિશૂળનો ટેકો લઈને હાંફવા લાગ્યો. પણ એ લોકો તેને શ્વાસ ખાવાનો મોકો આપવા માંગતા નહોતા. હવે ચારે દિશામાંથી તેની તરફ આવી રહેલા ભાલાના સુસવાટ સંભળાવા લાગ્યા. તે ફરીને, વાંકોચૂંકો થઈને તેની દિશામાં જે પણ કંઈ આવી રહ્યું હતું તેને રોકી રહ્યો હતો અને તોડી રહ્યો હતો. તેના શરીરનો દરેક કોષ અત્યારે એકદમ સચેત હતો અને શરીરનું દરેક અંગ અત્યારે આંખ બની ગયું હતું. તે ત્રિશૂલને કોઈ દોડી રહેલા રથના પૈડાની જેમ વીંઝી રહ્યો હતો અને તેના વડે તેણે પોતાની આસપાસ જાણે કે સુરક્ષા કવચનો ઘેરો બનાવી દીધો હતો.

ત્રિશૂલ વીંઝતા વીંઝતા તે મોટા અવાજે બૂમો પાડી રહ્યો હતો. પણ તેને ખબર હતી કે તે ધીમે ધીમે આ યુદ્ધ હારી જવાનો હતો. તેના ઘવાયેલા પગને કારણે તેની ઝડપ ઓછી થઈ રહી હતી અને તે હાંફી પણ રહ્યો હતો. જો તેની એકાગ્રતા કે તેના હાથની ગતિમાં જરા પણ ઘટાડો થયો, તો એક કે એકથી વધારે ભાલા તેની છાતીમાં ઘૂસી જવાના હતા. અમુક તો તેના પગ અને ખભાને ઘસરકા કરી પણ ગયા હતા, જ્યાંથી લોહી પડી રહ્યું હતું. હવે તે વધારે સમય સુધી આ હુમલો ખાળી શકે એમ લાગતું નહોતું. તેનામાં બચેલી શક્તિ હવે ધીમે ધીમે ઘટી

રહી હતી. ઊંડા શ્વાસ લેતા લેતો અને પોતાના અદૃશ્ય શત્રુ સામે ત્રિશૂલ ફેરવતો ફેરવતો તે ફર્યો અને તેની એક બૂમ અધવચ્ચે જ અટકી ગઈ અને તે ધડામ કરતો નીચે પટકાયો. પોતાના ચહેરો જમીન સાથે અથડાવાનો અવાજ પણ તેણે સાંભળ્યો. તેના જમણા કાનમાં કાદવ ભરાઈ ગયો અને તેના ચહેરા પર ઘાસની ભીનાશ અનુભવાઈ રહી હતી. 'ભીની સુગંધ આવે છે, મોતની ભીની સુગંધ આવે છે,' તે એવું બબડ્યો અને તેની આંખો બંધ થઈ ગઈ.

એ જ્યારે જાગ્યો ત્યાસે સૌ પ્રથમ તો તેણે ચહેરા જોયા. વિચિત્ર છૂંદણાવાળા કાળા ચહેરા તેની તરફ તાકી રહ્યા હતા. જંગલ પક્ષીઓના કલબલાટથી જીવંત બની ગયું હતું, જંગલનાં ઘટાદાર વૃક્ષોમાંથી રસ્તો કરીને પ્રકાશ નીચે આવી રહ્યો હતો અને તેના કારણે તેની આસપાસ ટોળું વળીને ઊભેલા લોકો પર તડકાની વિચિત્ર ભાત પડી રહી હતી. તેણે ઊભા થવાનો પ્રયત્ન કર્યો અને તેના મોઢામાંથી ચીસ નીકળી ગઈ. તેના પગમાં ફરી વાર દુખાવો થવા માંડ્યો હતો. જોકે પોતે જીવતો હતો એ વાત જાણીને તેને સારું લાગતું હતું. તેણે આસપાસ નજર ફેરવી અને તેને ખ્યાલ આવ્યો કે તે ખરબચડા વાંસના બનેલા ખાટલા પર પડ્યો હતો.

'જ્યારે તારા ભાઈએ અમને કહ્યું કે તું બહુ જ કુશળ યોદ્ધો છે, ત્યારે તો અમને તેની વાત આપબડાઈ જેવી જ લાગી હતી. પણ જ્યારે તું તારા માલિકને બચાવવા અમારા ઘણા બધા શ્રેષ્ઠ યોદ્ધાઓ સાથે એકલા હાથે લડ્યો, ત્યારે મને ખ્યાલ આવી ગયો કે તું પણ મારા જેટલો જ કુશળ છે.'

અવાજ એકદમ શાંત અને સંયત હતો અને કટપ્પાએ અવાજની દિશામાં પોતાની ગરદન ફેરવી. એક કોલસા જેવો ચહેરો, કદાવર દેહ અને હવામાં ફરફરી રહેલી કાળી-ધોળી દાઢીવાળો માણસ તેની સામે સ્મિત કરી રહ્યો હતો. કટપ્પાએ ફરી વાર ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ એ કદાવર માણસે હળવેથી તેનો ખભો દબાવીને સૂતા રહેવા સૂચવ્યું. પછી તે કટપ્પાની બરાબર સામે આવીને ઊભો રહ્યો.

'પણ જ્યારે તારા ભાઈએ એમ કહ્યું કે તું અંધારામાં પણ સરસ લડી શકે છે, ત્યારે તારા કાન જ તારી આંખો બની જાય છે અને તારા હાથની ગતિ તારી ઢાલ બની જાય છે, ત્યારે અમે તેની વાત સાંભળીને હસતા હતા. અમે ત્યારે કહ્યું હતું કે આવા યોદ્ધા તો પુરાણોમાં જ હોય, કર્ણ, અર્જુન કે અશ્વત્થામા જેવા. અથવા તો એ રામ કે કૃષ્ણ જેવા ભગવાન કે રાવણ જેવા અસુર હોય. અત્યારના સમયનો કોઈ માણસ આવું કરી શકે જ નહીં. જો અમે તને લડતાં ન જોયો હોત, તો અમે તારા ભાઈના શબ્દોને માત્ર મોટા ભાઈ માટેનો અહોભાવ જ માની લેતો. પણ મારે સ્વીકારવું પડશે કે શિવપ્પા સાચું કહેતો હતો.'

કટપ્પાએ નજર ફેરવી લીધી. દેશદ્રોહીઓ, અપરાધીઓ. પોતાનો ભાઈ પણ તેમની સાથે જોડાયેલો છે, એ વાતથી તેને બહુ જ દુઃખ થયું હતું.

'એમ લાગે છે કે તું અમારી પર ગુસ્સે છે, પુત્ર,' પેલા કદાવર માણસે કહ્યું. એ આધેડ ઉંમરના માણસના ખરબચડા હાથનો સ્પર્શ પોતાના ખભા પર કટપ્પાને અનુભવાયો. તેણે પોતાના હોઠ મક્કમતાથી ભીડી રાખ્યા. તે આવા અપરાધીઓ સાથે કોઈ પણ પ્રકારનો સંપર્ક કે સંબંધ ઇચ્છતો નહોતો.

'અમે જે રીતે તારું સ્વાગત કર્યું એ રીતથી તું ગુસ્સે છે? મહાન યોદ્ધાનું સ્વાગત બીજી કઈ રીતે થઈ શકે ? જો તું દેશભક્ત પણ હોત, તો...' કહીને એ માણસે સ્મિત કર્યું.

એ વાત કટપ્પાને બરોબર ખૂંચી અને તે ગુસ્સે થઈને બોલ્યો, 'તમે લોકો મારી સાથે આવી રીતે વાત કરી જ કઈ રીતે શકો? ઠગ, લુંટારા, બળાત્કારીઓ, દેશદ્રોહીઓ...' તેણે બૂમ પાડી.

એ કદાવર માણસ હસ્યો. 'હં...તો પછી તું અમારી સાથે જોડાવા કેમ આવ્યો છે ?'

'તમારી સાથે જોડાવા ?' કટપ્પાએ બૂમ પાડી. 'હું તો મારા ભાઈને પાછો લઈ જવા આવ્યો છું !'

'તો પછી એને લઈ જા. કોઈએ એને બાંધી નથી રાખ્યો. અમે બધા અહીંયાં મુક્ત માણસો છીએ,' કહીને એ કદાવર એક લાકડાની બેઠક પર બેઠો અને તેના વજનને કારણે એ બેઠકમાં કિચૂડાટ થઈ આવ્યો. એ માણસ કદાવર બળદ જેવો હતો. એના ખભા પહોળા અને હાથ પગ લાંબા દેખાતા હતા.

'એ ક્યાં છે?' કટપ્પાએ પૂછ્યું.

'એ મને ક્યાંથી ખબર હોય ?' એ કદાવરે ફરી વાર સ્મિત કર્યું. એના સ્મિતથી કટપ્પાને ખરેખર ચિંતા થવા માંડી હતી. તેણે ઊભા થવાનો પ્રયત્ન કર્યો અને તરત જ ચીસ પાડી ઊઠ્યો. તેના પગમાં પીડાથી લબકારા મારતા હતા.

'હું અહીંયાં છું, અન્ના.'

કટપ્પાએ અવાજની દિશામાં નજર ફેરવી અને શિવપ્પા એક વિશાળ વૃક્ષના પડછાયામાંથી બહાર આવ્યો. તે પોતાના ભાઈની પાસે આવીને ઊભો રહ્યો. પોતાના ભાઈને ઠપકો આપવા માટે કટપ્પાએ ઘણાં વાક્યો તૈયાર કરી રાખ્યાં હતાં. તેણે ઘણી વાર વિચાર્યું હતું કે એ કઈ રીતે પોતાના ભાઈને પોતાના આ કૃત્ય બદલ શરમમાં મૂકશે, કઈ રીતે તેને તેની ભૂલ સમજાવશે. પણ અત્યારે તો તેની આંખો ભરાઈ આવી હતી. તેણે હાથ લંબાવીને પોતાના ભાઈના હાથ, ખભા, ચહેરા અને માથાનો સ્પર્શ કર્યો. 'તું ઠીક તો છે ને, શિવપ્પા ?' કટપ્પાએ પૂછ્યું.

તેનો ભાઈ તેની પાસે ઘુંટણિયે બેઠો અને તેના બંને હાથ વડે કટપ્પાના હાથ પકડીને બોલ્યો, 'હવે મારી પાસે મારો અન્ના છે, એટલે હું મજામાં જ છું. મને ખબર હતી કે તું આવીશ જ. હું દરરોજ તારી રાહ જોતો હતો.'

કટપ્પાએ પોતાના ભાઈના ગાલ પર વહાલથી ચુંબન કર્યું.

'ન્ના ?' શિવપ્પાએ પૂછ્યું.

'એ...એ એમ માને છે કે તું મૃત્યુ પામ્યો છે, શિવપ્પા. એ બિચારા અંદરથી તૂટી ગયા છે. કન્ના, ચલ પાછા જઈએ.'

'મૃત્યુ પામ્યો છું? તેં એમને એમ કહ્યું છે કે હું મૃત્યુ પામ્યો છું ?' શિવપ્પાએ ઊભા થઈને પોતાના ભાઈનો હાથ છોડી દીધો.

'મારી પાસે બીજો વિકલ્પ પણ શું હતો, શિવપ્પા ?'

'તારી પાસે સાચું બોલવાનો વિકલ્પ હતો જ, અન્ના. મેં સપને પણ વિચાર નહોતો કર્યો કે તું જૂઠું બોલીશ.'

એ વાત કટપ્પાને સોંસરવી ઊતરી ગઈ. તે પોતાના જીવનમાં પહેલી વાર જૂઠ્ઠું બોલ્યો હતો અને એ પણ તે પોતાના ભાઈ માટે, તેનું રક્ષણ કરવા માટે.

'આ તું શું બકવાસ કરી રહ્યો છે, શિવપ્પા ? દંડકારો એમના કૂતરા લઈને તારી પાછળ પડે એમ તું ઇચ્છતો હતો ?'

પેલો કદાવર માણસ ફરી પાછો હસ્યો. 'મેં તારા ભાઈને કહ્યું હતું કે આવું થશે જ. એને એટલો વિશ્વાસ હતો કે તું સાચું જ બોલીશ અને–'

'તમે છો કોણ ?' કટપ્પાએ કદાવર માણસને પૂછ્યું. 'અમારી કૌટુંબિક વાતમાં તમે શું કરવા દખલ કરો છો ?'

કટપ્પાને ઘણા બધા ભાલા ઢાલ પર ખખડયાનો અવાજ સંભળાયો. કદાવર માણસે હાથ ફેલાવીને પોતાના ઉત્તેજિત અનુયાયીઓને અટકાવ્યા.

'અન્ના, તને ખબર નથી કે તું કોની સાથે વાત કરી રહ્યો છે,' શિવપ્પા બોલ્યો, 'મારા ભાઈના બદલે હું આપની ક્ષમા માંગું છું, મહારાજ.'

'મહારાજ?' પેલા કદાવરને વંદન કરી રહેલા પોતાના ભાઈને કટપ્પા જોઈ રહ્યો.

'મહારાજ જ માહિષ્મતીના સાચા રાજા છે,' શિવપ્પાએ કહ્યું. આસપાસ ઊભા રહેલા વૈતાલિકોએ પોતાની ઢાલ ઉપર પોતાના ભાલા અથડાવ્યા અને એક સાથે પોકાર કર્યો, 'જય જય માહિષ્મતી મહારાજ.'

ત્રીજા પોકાર પછી એ માણસે પોતાનો હાથ ઊંચો કર્યો અને ફરી વાર જંગલમાં શાંતિ છવાઈ ગઈ.

'ચિંતા ન કરીશ. હું છૂપા વેશમાં આવેલો મહારાજ સોમદેવ નથી. આ છોકરાઓ મને રાજા કહે છે. પણ હું તો તેમના જેવો જ દુર્ભાગી છું. હું ભૂતરાય છું, વૈતાલિકોનો આગેવાન. એ વાત સાચી કે હજારો વર્ષો પહેલાં મારા પૂર્વજો આ જંગલો પર રાજ કરતા હતા. અત્યારે જ્યાં માહિષ્મતી નગર ઊભું છે, ત્યાં પણ અમારાં જંગલો જ ફેલાયેલાં હતાં. જંગલોને તો અમે અમ્મા ગૌરીની પવિત્ર લટ સમાન ગણીએ છીએ. કાદરીમંડલમ્‌ની સરહદથી શરૂ કરીને બરફીલા પહાડો સુધી મારા પૂર્વજોનું રાજ હતું. કળણભૂમિના કિરાત લોકો, ગોચર ભૂમિના ભરવાડો, ગૌરી પર્વતની ઉત્તરમાં આવેલા જંગલના નિશાદાસ, જંબુક અને સુરકર્ણ લોકો, બધા જ કબીલા અને રાજ્યના લોકો વૈતાલિક રાજાઓના હાથ નીચે હતા, સિવાય કે કાલકેય કબીલાઓ અને સ્ત્રીઓ દ્વારા જેનું શાસન કરવામાં આવે છે એ કુંતલા રાજ્ય.'

કટપ્પા ફાટી આંખે તેની સામે જોઈ રહ્યો. આ માણસની વાતો સાવ પાયાવિહીન લાગતી હતી. તેણે જંગલો પર રાજ કરતા કોઈ વંશ વિષે સાંભળ્યું નહોતું. જંગલો પર ભૂમિપતિ અક્કુંદરયા, ગોચરો પર ભૂમિપતિ ગુહા, કળણભૂમિ પર હેહેયા અને ગૌરીપર્વત પર ખાનીપતિ હિડંબાનું શાસન હતું. ચારણોના ઉપજાવી કાઢેલાં ગીતોમાં પણ ક્યાંય વૈતાલિક રાજાઓની વાત નહોતી આવતી. તેમનાં બધાં જ ગીતોમાં વૈતાલિકો દુષ્ટ રાક્ષસો, ડાકુઓ અને લૂંટારાઓ તરીકે જ આવતા હતા. બધાં વૈતાલિકો ક્રૂરતાના મૂર્તસ્વરૂપ જેવા જ હોય, એમ ગવાતું હતું. નાટકો અને લોકગીતોમાં પણ વૈતાલિકોના એવાં જ વર્ણનો મળતાં હતાં. એ જ સત્ય હતું કારણ કે કેટલીય વાર તેનું પુનરાવર્તન કરવામાં આવ્યું હતું.

ભૂતરાયે કટપ્પાના ચહેરા પર મૂંઝવણ જોઈ અને તે નમ્યો. 'હું સમજી શકું છું કે તારા માટે આ વાત સમજવી અઘરી છે. વિજેતાની વાર્તાઓ હંમેશાં આકર્ષક હોય છે. તેમાં એટલી શક્તિ હોય છે કે વાર્તા સાથે બંધ ન બેસતી તમામ વસ્તુઓ તે ભૂસી નાખે છે. અમે ઇતિહાસના હારેલા લોકો છીએ.'

'જોકે વધારે સમય હારેલા રહીશું નહીં. આપણે થોડા સમયમાં વિજેતા પણ બનીશું.' શિવપ્પા બોલ્યો અને આખુ જંગલ 'જય, જય વૈતાલિક' ના નારાથી એવું ગુંજી ઊઠ્યું કે આસપાસના વૃક્ષ પર બેઠેલાં પક્ષીઓ પણ ઊડી ગયાં.

'પાછલાં ત્રણસો કે એથી વધારે વર્ષોથી દરેક વૈતાલિક રાજાનું એ સપનું રહ્યું છે. એવું કહેવાય છે કે કોઈ વૈતાલિક રાજા પથારીમાં મર્યા નથી. માહિષ્મતીનું સિંહાસન પચાવી

પાડનારાઓએ એટલો બંદોબસ્ત તો અવશ્ય કર્યો છે,' કહીને ભૂતરાયે કટપ્પા સામે સ્મિત કર્યું.

' એ બંદોબસ્ત યોગ્ય જ છે,' કટપ્પા બબડ્યો. તેની આંખોમાંથી હજુ પણ અંગારા વરસી રહ્યા હતા. 'કોઈ પણ દેશદ્રોહીને છોડવો જોઈએ નહીં. જ્યાં સુધી ગુલામોના શરીરમાં જરા જેટલો પણ જીવ હશે...'

'ગુલામો ? તમે ગુલામો કઈ રીતે બન્યા ? તે કદી એ વિષે વિચાર કર્યો છે ?' ભૂતરાયે થોડાંક આગળ ઝૂકીને પોતાની દાઢી આંગળીઓથી પસવારી. આ શ્યામ માણસના સ્મિતથી વધારે ધિક્કારજનક કશું જ જોયું નથી, એમ કટપ્પાને લાગ્યું.

'એ અમારા નસીબમાં લખાયેલું છે.' જોકે આ જવાબ કટપ્પાના કાનને પણ માનવા જેવો લાગ્યો નહીં.

'હા, ખરેખર. એ નસીબમાં જે તમે જાતે જ પસંદ કર્યું છે,' ભૂતરાયે કહ્યું.

'મને એકલો મૂકી દો. મારે દેશદ્રોહીઓ સાથે કોઈ વાત નથી કરવી.'

'કોઈ તારા બાપને પણ દેશદ્રોહી કહેશે.'

'મારા પિતા વિષે ઘસાતું બોલવાની તમારી હિંમત કઈ રીતે થઈ ?' કટપ્પા બેઠો થઈ ગયો.

'એ સત્ય છે. જોકે એમ લાગે છે કે તું સત્ય બહુ સારી રીતે સાંભળી શકતો નથી. તું પોતે જ દેશદ્રોહી કુટુંબનો એક સભ્ય છે, યુવાન.'

'મારા પિતાએ આખું જીવન માહિષ્મતીની સેવા કરી છે. અમારી પાછલી અઢાર પેઢીઓની જેમ એ પણ માહિષ્મતી માટે જ જીવશે અને માહિષ્મતી માટે જ મરશે.' કટપ્પા ગુસ્સા અને થાકને કારણે હાંફવા માંડ્યો હતો.

ભૂતરાય હસ્યો. 'બસ આટલી જ વાતથી એ કુટુંબની ઓગણીસમી પેઢી પણ દેશદ્રોહી બની જાય છે.'

કટપ્પા એ કદાવર માણસ તરફ તાકી રહ્યો. શું એ પાગલ હતો ? કે પછી એ જે કંઈ કહી રહ્યો હતો તેમાં કંઈક સત્ય છુપાયેલું હતું ?

ભૂતરાયે કટપ્પાના હાથ પર પોતાનો હાથ રાખ્યો અને બોલ્યો, 'પુત્ર, તારું સ્થાન અમારી સાથે છે. આ બધા તારા ભાઈઓ છે. આ જંગલ તારું જ છે.'

કટપ્પા તેની સામે જોઈ રહ્યો. એને જે શબ્દો સંભળાયા હતા, તેની પર વિશ્વાસ કરવા તે તૈયાર નહોતો. શું તે પોતે આ અધમ વૈતાલિકોના કબીલાનો સભ્ય હતો? એ કઈ રીતે શક્ય હોય ? માહિષ્મતીના રાજાઓ તેમના રક્ષણ માટે પોતાના કુટુંબ પર આધાર રાખતા હતા તે વાતનો કટપ્પાને ગર્વ હતો. અને હવે આ ભૂતરાય તેના પિતાને દેશદ્રોહી કહી રહ્યો હતો.

'તમે જુઠ્ઠું બોલો છો,' માથું હલાવતાં હલાવતાં કટપ્પાએ કહ્યું. ચારેબાજુ ઊભેલા લોકો ગુસ્સામાં પણ દબાયેલા અવાજે બોલવા માંડ્યા.

'ક્યારેય મહામકામ વિષે સાંભળ્યું છે, પુત્ર ?'

'દર બાર વર્ષે આવતો એ દિવસ કે જ્યારે અમ્મા ગૌરીના આશીર્વાદ માહિષ્મતીને પહોંચે છે,' કટપ્પાએ કહ્યું.

'તો સાંભળ, યુવાન મૂર્ખ,' ભૂતરાયે વાત શરૂ કરીને હાથથી ઇશારો કર્યો. કટપ્પાએ જોયું કે આસપાસ રહેલા બધા જ યોદ્ધાઓ ઘૂંટણભેર બેસી ગયા અને એક માણસ ચાલતો ચાલતો ત્યાં આવ્યો. તેના હાથમાં મોટા પાંદડામાં કંઈક રાખેલું હતું. જ્યારે તે માણસ ભૂતરાય પાસે

પહોંચ્યો ત્યારે વૈતાલિકોના રાજાએ વંદન કરીને પૂજ્યભાવે તેના હાથમાંથી એ પાંદડું લીધું. તેણે ઊલટા ફરીને કટપ્પાને એ બતાવ્યું. 'આ શું છે એ તું જાણે છે?'

એ પાંદડામાં રખાયેલા નિસ્તેજ પથ્થરોને કટપ્પા આઘાતસહ જોઈ રહ્યો. આ પથ્થરો તો અદ્દલ એવા પથ્થર જેવા જ લાગતા હતા જેને તે પોતાની કમરપટ્ટામાં બાંધીને ફરી રહ્યો હતો. એ જ પથ્થર કે જે પત્તરાયે તેને કાલિકાના અડ્ડા પર આપ્યો હતો. આ પથ્થરો ખાલી થોડાક મોટા હતા એટલું જ. તેને પોતાનો કમરપટ્ટો તપાસવાની ઇચ્છા થઈ આવી પણ તેણે એ ઇચ્છા દબાવી રાખી. આ લોકોને એવી જાણ ન થવી જોઈએ કે તેની પાસે આવું જ કંઈક છે. 'નદીના પથ્થર?' તેણે બેપરવાઈથી પૂછ્યું અને તેનો સ્પર્શ કરવા માટે હાથ લંબાવ્યો પણ ભૂતરાયે એ પાંદડું પાછળ ખેંચી લીધું.

'મૂર્ખ, આ કોઈ નદીના પથ્થર નથી. આ ગૌરીકાંતા છે,' કટપ્પાની આંખોમાં આંખો પરોવીને ભૂતરાયે કહ્યું. 'આ અમારા કબીલાના સૌથી પવિત્ર અવશેષો છે. તું વૈતાલિક હોવા છતાં તને આ શું છે તેની જાણ નથી એ ખરેખર શરમજનક ઘટના છે. કેટલીય પેઢીઓથી વૈતાલિકો અમ્મા ગૌરીના આ પ્રસાદને નમતા આવ્યા છે. આ ભેટ વૈતાલિકોને એટલી પેઢીઓ પહેલાં આપવામાં આવી હતી કે હવે તો એ આંકડો પણ કોઈને યાદ નથી. ગૌરીપર્વત પર વૈતાલિકોનો અધિકાર આ પર્વતો જેટલો જૂનો અને આ દરિયા જેટલો પ્રાચીન છે.'

'હું...હું કંઈ સમજ્યો નહીં...' કટપ્પાએ કહ્યું.

'એવી તો ઘણી વાતો છે જે તું સમજતો નથી. અથવા તો તું સમજવા નથી માંગતો. માહિષ્મતી સૌથી મોટું સામ્રાજ્ય કેમ છે?' પેલા પથ્થરો પાછા આપતાં ભૂતરાયે કહ્યું. કટપ્પા પેલા માણસને પાંદડા પર રહેલા પથ્થરો લઈને જતો જોઈ રહ્યો. જ્યાં સુધી એ માણસ વૃક્ષો પાછળ અદૃશ્ય ન થયો ત્યાં સુધી બધા જ લોકો ઘૂંટણભેર મસ્તક નમાવીને બેસી રહ્યા. શિવપ્પા પણ.

'મેં તને એક પ્રશ્ન પૂછયો, કટપ્પા', ભૂતરાયે કહ્યું.

'કારણ કે માહિષ્મતીને ભગવાનના આશીર્વાદ મળેલા છે. કારણ કે માહિષ્મતી પાસે એવા શ્રેષ્ઠ યોદ્ધાઓ છે કે જે તેના માટે જીવવા અને મરવા તૈયાર જ હોય છે.'

'હા, હા ! એટલું પણ ઉમેરી દે કે માહિષ્મતી બીજા પર પોતાની સત્તા અને પકડ જમાવી રાખવા માટે બીજાને મારવા અને અપંગ બનાવી દેવા, લુંટવા અને બળાત્કાર કરવા પણ તૈયાર હોય છે. આટલો બધો આઘાત લાગ્યાનો દેખાવ ન કરીશ. ઇતિહાસના દરેક પાને જોઈ લે, બધા જ રાજાઓએ એમ જ કર્યું છે. અને પેલા ભગવાનના આશીર્વાદ, છટ, કોઈ ભેંસ કે બકરીની બલિ ચડાવીને અમુક પૂજારીઓનાં પેટ ભરવાથી મળતા આશીર્વાદ. ઘણી બધી એવી વસ્તુઓ છે જેના માટે ઘણા લોકો જીવવા અને મરવા માટે તૈયાર છે. એ બધાનો કંઈ મતલબ નથી. તેમના ખાતે જે અજોડ લાભ અંકિત થયો છે, તેનો મતલબ છે. અને એ લાભ એટલે ગૌરીકાંતા.'

'એક પથ્થર કેવી રીતે–'

'મેં હજી વાત પૂરી નથી કરી,' આંખો પહોળી કરીને ભૂતરાયે કહ્યું. 'આ કોઈ સામાન્ય પથ્થર નથી. તલવારો, ભાલાઓ, સાંકળો અને ઢાલ એ બધામાં આ ગૌરીકાંતામાંથી મેળવેલી એક છૂપી ધાતુ ઉમેરેલી હોય છે. તેને બનાવવનાની વિધિ પણ એકદમ ગોપનીય છે. એ વિધિના અંતે જે મળે છે તેને ગૌરીધૂળી કહેવામાં આવે છે. એની કિંમત એના વજન જેટલા સોનાથી હજારગણી વધારે છે. ગણતરીના અમુક જ લુહારો છે જે ગૌરીધૂળી વડે બનતી

તલવારો, એટલે કે ગૌરીખડગ કે ગૌરીધૂળીમાંથી જેનું ફણું બનાવવામાં આવ્યું છે એવાં તીર, ગૌરીઅસ્ત્ર બનાવી શકે છે. એ કોઈ પણ ઢાલને વીંધી શકે છે.'

કટપ્પાએ કંઈક કહેવાનો પ્રયત્ન કર્યો પણ ભૂતરાયે તેને સાંભળતા રહેવાનો ઇશારો કર્યો.

'ત્રણસો વર્ષ પહેલાં, મારા પૂર્વજોમાંથી કોઈએ કાદરીમંડલમ્ સામ્રાજ્યના કોઈ નાનકડા માંડલિકને શરણ આપવાની મૂર્ખામી કરી. એ માંડલિકનું નામ હતું ઉત્તમ મહાદેવ. એ ઉત્તમ ઉમરાવ હતો, પણ માત્ર નામનો. અમારા પ્રાચીન ધર્મ મુજબ મારા પૂર્વજે તેને અને તેના કુટુંબને શરણ આપ્યું. તે કાદરીમંડલમ્‌ના રાજાના ક્રોધનો ભોગ ન બનવું પડે એટલે ભાગી છૂટ્યો હતો અને તે તેના નકામા મસ્તકને ધડ પર રાખવા કંઈ પણ કરવા તૈયાર હતો. મારા પૂર્વજ, કાત્યાયન વૈતાલિકને, તેની અને તેના કુટુંબની દયા આવી. તે પેલા હરામજાદા ઉત્તમ મહાદેવને પોતાના ભાઈની જેમ રાખતા હતા. અને એ હરામખોરે આનો બદલો કઈ રીતે વાળ્યો ? તેણે અમારો ગૌરીપર્વત હડપી લીધો અને અમને નિરાધાર બનાવી નાખ્યા.'

'કોઈ ભાગેડુ કઈ રીતે ગૌરીપર્વત અને વૈતાલિક સામ્રાજ્ય છીનવી શકે ? તમારી વાર્તા અવિશ્વસનીય છે.'

'કારણ કે ઉત્તમ મહાદેવને વૈતાલિકોમાંના જ એક દેશદ્રોહીની મદદ મળી હતી, ઉગ્ર નાગપ્પા, વૈતાલિકોનો સેનાપતિ. તેણે ગૌરીપર્વત અને ગૌરીકાંતાનું રહસ્ય ઉત્તમ મહાદેવ સમક્ષ ઉઘાડું પાડી દીધું હતું,' ભૂતરાયે કહ્યું. પછી એકદમ ચુપકીદી છવાઈ ગઈ.

આ વિચિત્ર રાજા જે કહી રહ્યો હતો તેના સૂચિતાર્થો હવે કટપ્પાને ધીમે ધીમે સમજાઈ રહ્યા હતા. તેણે ભૂતરાય સામેથી નજર ફેરવી લીધી. તે જોઈ શકતો હતો કે શિવપ્પાનો ચહેરો અત્યારે ભાવવિહીન લાગતો હતો. ભૂતરાય છેવટે એ શબ્દો બોલ્યો જેનો કટપ્પાને ભય હતો.

'ઉગ્રનાગપ્પા તારો પૂર્વજ હતો, કટપ્પા. વૈતાલિકોની રાણીના ભાઈઓએ તેની પુત્રી પર બળાત્કાર કર્યો હતો પણ તેના કારણે તેને સમગ્ર દેશનો દ્રોહ કરવાનો અધિકાર નહોતો મળી જતો. અને તેના બદલામાં તેને શું મળ્યું ? ગુલામી. તારો પૂર્વજ મૂર્ખ હતો. તેણે બદલો લેવા માટે પોતાની આઝાદી બરબાદ કરી નાખી. સાથે સાથે તેણે પોતાના દેશ અને દેશબાંધવોના ભવિષ્યને પણ બરબાદ કરી નાખ્યાં.'

'આવી સાંભળેલી વાતો પર હું વિશ્વાસ નથી કરતો, મહારાજ,' કટપ્પા બોલ્યો. 'જો તમારી પાસે એ કહેવાતો ગૌરીકાંતા પથ્થર હોય જેનાથી સૌથી ભયાનક તલવાર, ભાલા અને શસ્ત્રો બની શકે, તો તમે કોઈ ભાગેડુના હાથે કઈ રીતે હારી જાવ?'

ભૂતરાયની નસો ગુસ્સામાં તંગ થઈ ગઈ. તેની ગરદનની એક નસ ધબકી રહી હોય, એમ દેખાતું હતું. પોતાના દાંત કચકચાવીને તે બોલ્યો, 'અમે એટલે હારી ગયા, કારણ કે ગૌરીપર્વત અમારા માટે ત્યારે પણ પવિત્ર હતો અને હજુ પણ એટલો જ પવિત્ર છે. એ પર્વત અમારી મા છે, અમારી દેવી છે. અમે તેના સ્રોતોનો દુરુપયોગ કરતા નથી અને કરી પણ નથી શકતા. અમારી પાસે બહુ થોડાં જ શસ્ત્રો હાજર હતાં જ્યારે ઉત્તમ મહાદેવ તો ગોપનીય રીતે તેનો સંગ્રહ કરી રહ્યો હતો. એકદમ ડરપોક રીતે, છુપાઈને, તારા પૂર્વજની મદદથી તેણે અમારો દ્રોહ કર્યો અને અમને હાંકી કાઢયા. અમે અમારી માતા અને અમારા ઘર, બંને ગુમાવ્યાં. એ સમયથી અમે તેના માટે લડતા આવ્યા છીએ. અને અમે તે કદી પણ પાછા નથી મેળવી શક્યા, કારણ કે અમારી પાસે ગૌરીધૂળી બનાવવાની કલા નથી.'

'ગૌરીપર્વત તો માહિષ્મતીના લોકો માટે પણ દેવી જ છે,' કટપ્પાએ અનાદરયુક્ત અવાજમાં કહ્યું.

'દેવી?' ભૂતરાયે ઊભા થઈને કટપ્પાના શબ્દો પોતાના અનુયાયીઓને કહી સંભળાવ્યા. 'એ કહે છે કે ગૌરીપર્વત માહિષ્મતી માટે પણ દેવી છે. તમે એના શબ્દો સાંભળ્યા ?'

યોદ્ધાઓએ ગુસ્સાપૂર્વક તેમના ભાલા ઢાલ પર ખખડાવ્યા.

'તેઓ પવિત્ર વસ્તુનો સૌથી ખરાબ રીતે નાશ કરી રહ્યા છે. એ રીત માનવજાતનું કલંક છે, જે પણ સારી વસ્તુઓ છે એ બધાનું કલંક છે અને તેને તમે દેવી કહો છો ?' ભૂતરાયે કટપ્પાને પૂછ્યું.

'હા, હું કહું છું,' કટપ્પાના અવાજમાં અત્યાર સુધી દબાવી રાખેલો ક્રોધ એક સાથે પ્રગટ થયો હતો. 'તમારી પાસે એક પર્વત હતો અને તમારાથી વધારે ચતુર લોકો સામે તમે એ હારી ગયા. અને એ બધું કેટલાંય વર્ષો પહેલાં બની ગયું. કેટલાંય સામ્રાજ્યો હારવામાં અને જીતવામાં આવ્યાં છે. પહેલાં કેટલીય પેઢીઓ સુધી તમે ગૌરીપર્વત અને ગૌરીકાંતાના માલિક હતા અને હવે માહિષ્મતી છે.'

'બહુ થયું !' ભૂતરાયે કટપ્પા સામે બૂમ પાડી. 'જે વાતની તને જરા જેટલી પણ જાણ ન હોય, એ વિષે આડેધડ બોલવાની જરૂર નથી. અમે કદી પણ અમારી માતાનું પેટ ચીરીને ગૌરીકાંતા કાઢતા નહોતા. એ અમને જે પોતાની જાતે આપતી હતી, એ જ અમે લેતા હતા. જ્યારે પણ એનું લોહી પડતું ત્યારે તે અમને તેના ખજાનામાંથી આ આપતી રહેતી. કેટલીક વાર તે સો વર્ષે એકવાર આપતી તો કેટલીક વાર હજાર વર્ષે. એ પથ્થરો તેની આગ સાથે બહાર આવતા. એ તો જ્વાળામુખી છે અને તેની મરજી પડે ત્યારે આશીર્વાદ આપે. અમે કદી પણ અમારી માનું પેટ ચીરતા નહીં.'

'એટલે તમારું એમ કહેવું છે કે અમે ગૌરીપર્વતનું ખોદકામ કરીએ છીએ ? જેને માહિષ્મતીનો દરેક નાગરિક પૂજે છે તે અમારી માનું અમે જ અપમાન કરીએ છીએ એવું કહેવાની તમારી હિંમત જ કઈ રીતે થઈ? હું અત્યારે જ તમને દ્વંદ્વ માટે પડકારું છે. અમારો ધર્મ, અમારી માન્યતાઓ અને અમારા લોકોના અપમાનનો બદલો હું અવશ્ય લઈશ.'

'હું માનતો હતો તેનાથી પણ મોટો મૂર્ખ છે તું. સાંભળ. તારો રાજા અને તારા ઉમરાવો, જેના માટે લડવા તું આટલો તત્પર છે, એ લોકો તમને બધાને મૂર્ખ બનાવી રહ્યા છે. તે લોકો જે દુષ્ટ કાર્ય કરી રહ્યા છે તેનું શબ્દોમાં વર્ણન કરવું તો શક્ય પણ નથી.'

'તમે જુઠ્ઠું બોલી રહ્યા છો,' કટપ્પાએ જવાબ આપ્યો.

'તારે સાબિતી જોઈએ છે ? શું તારામાં સત્ય સાંભળવાની હિંમત છે?'

ભૂતરાયના અવાજમાં ભળેલી લાગણીઓથી કટપ્પા અંદરથી ધ્રૂજી ગયો છે. પણ તેણે મક્કમ મનોબળ કરીને અનાદરયુક્ત અવાજે કહ્યું, 'મારે કોઈ સાબિતી નથી જોઈતી. મારા રાજા કદી પણ એવું કરે જ નહીં.'

'મૂર્ખ, તેમની પાસે એવા માણસો છે જે તેમના માટે આ કામ કરે છે.'

'કદાચ અમુક લોકો ખરાબ હશે. કયા દેશમાં ખરાબ લોકો નથી હોતા ? પણ મારો દેશ મહાન છે,' કટપ્પાએ લાગણીસભર જવાબ આપ્યો.

'કેટલાક લોકો સારા હશે, પણ તેમની કાયરતાને કારણે તેઓ નકામા છે. એવા વેપારીઓ છે જે નફા માટે કંઈ પણ કરવા તૈયાર હોય છે. કદી પણ જીમોતાનું નામ સાંભળ્યું છે ? એવા બીજા ઘણા વિષે સાંભળ્યું છે જે આ પ્રકારનો ધંધો જમાવવા મથી રહ્યા છે ? તારા રાજા અને તે જેની પર શાસન કરે છે એ દુષ્ટ સામ્રાજ્યએ દરેક માણસમાં સૂતેલો રાક્ષસ જગાડી નાખ્યો છે. લોભી પુરુષો, નિર્લજ્જ સ્ત્રીઓ, ભ્રષ્ટ અધિકારીઓ — તારો દેશ આ

બધાથી ભર્યો પડ્યો છે. અને, તારા જેવા મૂર્ખાઓથી પણ, જે પોતાની છાતી ઠોકતા રહે છે અને માનતા રહે છે કે તેમનો દેશ શ્રેષ્ઠ છે. તમારી પાસે ખાવા ધાન નથી, માથા પર છાપરું નથી, શરીર ઢાંકવા પૂરતાં વસ્ત્રો નથી, પીવાનું પાણી નથી, ખેડવા જમીન નથી — તેમ છતાં તમે મૂર્ખાઓ સૌથી ઊંચા અને તીણા અવાજે તમારા દેશના ગુણગાન ગાયે રાખો છો.'

'જો તમને મારો દેશ ન ગમતો હોય, તો બીજે જતા રહો,' કટપ્પાએ આક્રોશપૂર્વક કહ્યું.

' બીજે ? તારો રાજા મારી જમીનો ચોરી લે છે, મારી ધરતીનો નાશ કરે છે, મારાં જંગલો ખાતો જાય છે, મારા પર્વતો ખોદતો રહે છે અને મારા લોકોને તગેડી મૂકે છે અને તેનો ગુલામ મને કહે છે કે મારે બીજે જતા રહેવું જોઈએ ! છટ્ ! થોડો સમય ધીરજપૂર્વક જોઈ રહેજે. ક્યાં સુધી તમારો શાસક લોકોને મૂર્ખ બનાવતો રહેશે ? જો આમ જ ચાલતું રહ્યું, તો તારો દેશ ભાંગી પડશે. અમારે તો કશું પણ કરવાની જરૂર જ નહીં રહે. તમે લોકો જાતે જ તેનો આવતા મહામકામ પહેલાં નાશ કરી દેશો.'

કટપ્પાને હવે કશું પણ વધારે સાંભળવું નહોતું. એ ગમે તેટલી મક્કમતા ભલે દાખવી રહ્યો હોય પણ તેની સાચા અને ખોટાની સમજ તથા ફરજ અને દેશભક્તિની ભાવના જડમૂળથી બદલાઈ રહ્યા હતા. તેને આ જગ્યાએથી જવું હતું. તે આ જગ્યા અને આ લોકોથી શક્ય એટલો દૂર જવા માંગતો હતો. જો તે થોડો વધારે સમય અહીં રોકાયો, તો તેને જે વસ્તુઓ પ્રિય છે, તે બધી જ ભાંગી પડશે એમ તેને લાગ્યું. તે ખાટલા પરથી ઊભો થયો અને પોતાના પગ પર ઊભા રહેવાનો પ્રયત્ન કરવા લાગ્યો.

'હું આ દેશદ્રોહીઓની જગ્યામાં એક ક્ષણ પણ વધારે રોકાવા નથી માંગતો.'

તેના ગાલ પર તમાચો ચચર્યો એ પહેલાં તો તેને એનો સટાક કરતો અવાજ સંભળાયો હતો. તે ખાટલા પર જઈ પડ્યો. ભૂતરાયે ગુસ્સાથી કહ્યું, 'તને એમ લાગે છે કે અમે તને હવે જવા દઈશું? હું તને મૂર્ખ લાગું છું? તારો રાજા મરે ત્યાં સુધી તું કશે પણ જઈશ નહીં. અને ચિંતા ન કરીશ, એ મહામકામથી વધારે જીવશે નહીં.'

'મહામકામને તો ઘણા મહિનાઓની વાર છે...' કટપ્પા બોલતાં બોલતાં અટકી ગયો, કારણ કે તેને અચાનક જ ખ્યાલ આવ્યો કે પોતાના રાજાની સલામતી કરતાં વધારે ચિંતા તેને પોતાની કેદની હતી.

'ચિંતા ન કરીશ, તારો રાજા મહામકામથી વધારે જીવશે નહીં. આ વર્ષે અમે એમ નહીં થવા દઈએ. અમે તૈયાર જ છીએ. આ ઉજવણી પછી જે કત્લેઆમ થતી હોય છે, તે અમે નહીં થવા દઈએ. પાછલાં ત્રણસો વર્ષમાં અમે ઘણું સહન કરી લીધું. અને તું અમારી સાથે જોડાઈશ, તારા લોકોના સ્વાતંત્ર્ય માટે.'

'હું...હું મારી પ્રતિજ્ઞા તોડી શકું નહીં.'

'મૂર્ખ, જીમોતા અને કથાવરયા જેવા વેપારીઓ આપણી છોકરીઓનું અપહરણ કરી રહ્યા છે. એ બધી છોકરીઓને છેવટે વેશ્યાલયોમાં પહોંચાડવામાં આવે છે. નાના છોકરાઓને તો એનાથી પણ ખરાબ જગ્યાએ લઈ જવામાં આવે છે. અને તું એવી આશા રાખે છે કે અમે તારા રાજ્યનાં ગુણગાન કરીએ? હું માહિષ્મતીનો નાશ કરીને જ રહીશ.'

'તમે નિષ્ફળ જશો...' કટપ્પાએ કહ્યું તો ખરું પણ એના અવાજમાં આત્મવિશ્વાસનો રણકો નહોતો. 'અને તમે જુઠ્ઠું બોલી રહ્યા છો. અથવા તો તમે એવી કોઈ વ્યક્તિના પઢાવેલા પાઠ રટી રહ્યા છો જે અમારા દેશ વિષે અફવાઓ ફેલાવવા માંગે છે. તમે બધા જ દેશદ્રોહીઓ છો. આ પ્રાચીન ભૂમિ...'

'બહુ થયું,' ભૂતરાયે પોતાની હથેળી બતાવતાં કહ્યું, 'તારા જેવા દેશભક્તોની આવી દલીલો મેં હજારો વાર સાંભળી છે. એટલે હું તને બાકીની માહિતી પણ આપી દઉં, ગુલામ.'

ભૂતરાય પોતાના માણસો તરફ ફર્યો અને તેને શહેરમાં ઊછરેલા ઉમરાવની આવડતી હતી તેવી ભાષાની નકલ કરીને બોલ્યો, 'અમારા દેશ વિષે જરા પણ ઘસાતું બોલનારાને હું નફરત કરું છું. આપણી સંસ્કૃતિ શ્રેષ્ઠ છે.' ભૂતરાયના માણસો ખડખડાટ હસી પડ્યા. વૈતાલિકોના રાજાએ આગળ ચલાવ્યું, 'આખી દુનિયામાં આના જેવી કોઈ જ જગ્યા નથી.'

ફરી વાર બધા ખડખડાટ હસ્યા. ભૂતરાયે પોતાના ડાબા હાથમાં રાખેલો રાજદંડ જમણા હાથમાં લીધો અને નકલ ઉતારવી શરૂ રાખી. 'ઓહ, આ દેશમાં સમસ્યાઓ છે ? કેમ — સમસ્યાઓ હોય એવો આ એક જ દેશ છે ? તમે અમારા દેશ માટે હંમેશાં ખરાબ જ બોલો છો. દેશદ્રોહીઓ, હું અને મારી સાથે સહમત થનારા લોકો સિવાય બધા જ દેશદ્રોહીઓ છે. તમે જંગલી લોકો વિષે વાત કેમ નથી કરતા ? ઝીણી આંખોવાળા ચીની લોકોનું શું ? પેલા ઘોડા ખાનારા કે ડુક્કર ખાનારા કે ચકલીઓ ખાનારા કે સાપ ખાનારા લોકોનું શું ? આપણે એ લોકોની વાતો કેમ નથી કરતા ? અને માનવભક્ષી કબીલાઓનું શું ? તમે કાલકેય લોકોની વાતો કેમ નથી કરતા ? કુંતલા સામ્રાજ્ય અંગે તમે શા માટે ચૂપ છો ? કાદરીમંડલમ્માં કેટલી ખરાબ પરિસ્થિતિ છે એની તમને જાણ છે?'

વૈતાલિકો હવે પેટ પકડીને હસી રહ્યા હતા. શિવપ્પા પણ સ્મિત ફરકાવી રહ્યો હતો. કટપ્પા ગુસ્સાથી હાંફી રહ્યો હતો કારણ કે ભૂતરાયની આ નકલમાં પણ તેને સત્યના અંશોનો અનુભવ થઈ રહ્યો હતો. તેણે કંઈક કહેવાનો પ્રયત્ન કર્યો પણ વૈતાલિકોનો રાજા તેની તરફ ઝૂક્યો. તેના ચહેરા પરથી સ્મિત જતું રહ્યું હતું અને તેની આંખો ચમકી રહી હતી.

કટપ્પાની છાતી પર પોતાની પહેલી આંગળી રાખીને ભૂતરાય બોલ્યો, 'વાતો, વાતો, વાતો. લવારો, લવારો અને વધુ લવારો. તારી આંખો બંધ રાખ અને મૂર્ખાઓના સ્વર્ગમાં જીવ. તારું નાક બંધ કરી દે એટલે તને આ દુર્ગંધ નહીં સતાવે. તારું મોઢું બંધ રાખ એટલે તને કોઈ ગૂંગળાવશે નહીં. ખાલી તારા શાસકની પ્રશંસા કરવા જ મોઢું ખોલવાનું. અને જે લોકો અંધ નથી એ બધાને દેશદ્રોહી કહેવાના.'

કટપ્પાએ નજરો ફેરવી ન લીધી ત્યાં સુધી ભૂતરાય તેની આંખોમાં જોઈ રહ્યો. વૈતાલિક રાજાએ તાલી પાડી અને ચાર માણસો આવીને કટપ્પાના ખાટલાના ચાર ખૂણે આવીને ઊભા રહી ગયા. તેમણે કટપ્પાનો ખાટલો પોતાના ખભા પર ઊંચકી લીધો અને દોડવા માંડ્યા. કટપ્પાએ ચીસો પાડી પણ વૈતાલિકોની બૂમો અને ચિચિયારીઓમાં તેની ચીસો ડૂબી ગઈ.

લગભગ એકાદ કલાક પછી તેઓ જંગલમાં એક ખુલ્લી જગ્યા પાસે અટક્યા. તેમની સામે ગૌરી પર્વત વિશાળ ખડકની જેમ ઊભો હતો. હવામાં ભેજ હતો અને પવનની લહેરખીઓ પણ ભીની થઈ ગઈ હોય એમ અનુભવાતું હતું. અસહ્ય દુર્ગંધ આવી રહી હતી. તેમને જોઈને અમુક શિયાળવા મોઢામાં કંઈક લઈને દોડી ગયા. પાતાલગંગા ધોધના અવાજને કારણે પોતાની પાસે જ પહોળી છાતી પર અદબ વાળીને ઊભા રહેલા ભૂતરાય સાથે વાત કરવા માટે કટપ્પાએ બૂમો પાડવી પડતી હતી.

'તમે મને ક્યાં લઈ આવ્યા છો ?' તેણે પોતાનું નાક મચકોડતાં પૂછ્યું. દુર્ગંધ ખરેખર અસહ્ય હતી.

'એવી જગ્યાએ, જે તારી આંખો ખોલી નાખશે. આસપાસ નજર કર.'

'શું?' કટપ્પાએ પૂછ્યું. આસપાસ વૈતાલિક યોદ્ધાઓ પોતાના નાક હાથ વડે દબાવીને જ

ઊભા હતા અને તેમના ચહેરા અત્યંત ગંભીર હતા, તે કટપ્પાએ જોયું. કટપ્પાને માત્ર એટલું જ દેખાયું કે પુરુષના બાવડા જેવી વેલો હંસરાજ જેવા વૃક્ષો પર ચડેલી હતી. એ ખુલ્લી જગ્યામાં પહોંચતા તો અસહ્ય દુર્ગંધ વધારે અસહ્ય બની ગઈ.

'આ બધી વપરાયેલી મિલકત છે, કટપ્પા. તેમણે પોતાની સેવા આપી દીધી અને હવે તેમનો નાશ કરી દેવાયો છે. જોકે મહામકામ પછી જે થાય છે તેની સરખામણીએ તો આ કશું જ નથી.' ભૂતરાયે થોડે દૂર રહેલા એક ઢગલા તરફ આંગળી ચીંધી. કાગડાઓ પ્રાણીઓના શરીરના ટુકડાઓ માટે લડી રહ્યા હતા. વાઘે કરેલા શિકાર હતા? તડકામાં સ્પષ્ટ દેખાય એટલે કટપ્પાએ આંખો નાની કરીને જોયું. કોહવાયેલા માંસ ઉપર ઉંદરડાઓ ફરી રહ્યા હતા. તેણે ધ્યાનપૂર્વક જોયું. ખુલ્લી જગ્યાના બીજા છેડાથી શરૂ કરીને પાતાલગંગા ધોધના સુધી અમુક કોહવાયેલી વસ્તુઓ પડી હતી. મરેલાં પ્રાણીઓ ? તેણે ઊલટી ન થાય એવો પ્રયત્ન કરવો પડ્યો.

કટપ્પાને કંઈ સમજાયું નહીં. તે ભૂતરાય સામે ગુસ્સો કરવા જ જતો હતો કે એ સમયે પહાડની ઉપરથી કંઈક પડીને વૃક્ષો ઉપર પડ્યું. છેવટે એ વસ્તુ કટપ્પાના ખાટલાથી થોડાક હાથ દૂર આવીને પડી. એ ચીસ પાડી શકે એ પહેલાં એવી જ બીજી અને પછી ત્રીજી વસ્તુ ધડામ કરતી આવી પડી. ઝાડીઓમાં છૂપાયેલા શિયાળ ત્યાં આવીને એ વસ્તુ માટે એકબીજા સાથે લડવા માંડ્યા. જ્યારે કટપ્પાએ ત્રણ કિશોરોના વિકૃત દેહ જોયા ત્યારે ચીસ તેના ગળામાં જ અટકી ગઈ.

૨૩

શિવગામી

રેવમ્મા શિવગામી અને ગુંડુ રામુને અનાથાલયના આંગણ વચ્ચે ઘસડી ગઈ. શિવગામીએ જે છોકરાઓને માર્યા હતા, તે છોકરાઓ તેમને ધક્કા મારતા હતા. થોંડકા તેમની આગળ ચાલી રહ્યો હતો અને બધા જોઈ શકે તે માટે પેલું પુસ્તક હાથ ઊંચો કરીને બધાને બતાવી રહ્યો હતો. એ બરાડતો હતો, ‘આ ડાકણની કાળા જાદુની ચોપડી. ડાકણવિધાની ચોપડી. આનાથી તો તેને મર્દોને પણ મારવાની શક્તિ મળતી હતી. ડાકણ, ચુડેલ, રાક્ષસી.’

રેવમ્મા શિવગામીને તેનું કાંડુ પકડીને ઘસડી રહી હતી અને કેકિ તેમની પાછળ પાછળ જ આવી રહી હતી. એ કિન્નરે શિવગામીના ખભા પર ટપલી મારીને હળવેથી કહ્યું, ‘તું મને સહકાર આપ અને હું તારું પુસ્તક તને પાછું અપાવી દઈશ.’ શિવગામીના ચહેરા પર કોઈ હાવભાવ નહોતા. એ પોતાના ચહેરા પર કોઈ પણ પ્રકારનો ભય આવવા દેવા નહોતી માંગતી. તે આ કિન્નરને જાણવા દેવા નહોતી માંગતી કે આ પુસ્તક તેના માટે કેટલું મહત્ત્વનું છે. આ કાળા જાદુનું પુસ્તક છે એમ જ એ લોકોને વિચારવા દો, શિવગામીએ વિચાર્યું.

રેવમ્માએ નેતરની સોટી મંગાવી. એ લઈ આવવા માટે થોંડકા દોડી ગયો. સોટી લાવીને તેણે રેવમ્માના હાથમાં આપી અને પછી આ તમાશાની મજા લેવા માટે એ વરંડામાં પોતાના ચમચાઓની વચ્ચે આવીને બેસી ગયો. કેકિ ચૂપચાપ ખૂણામાં ઊભી ઊભી તેમને જોતી રહી. શિવગામીએ તેની સામે જોવાનું ટાળ્યું.

શિવગામી મનોમન વિચારવા લાગી કે તેને જે શિક્ષા થવાની છે તે સ્વીકારી લેવી કે લડી લેવું. છેવટે તેણે એમ નક્કી કર્યું કે આ મુદ્દાને વધારે ઉછાળવા જેવો નથી. હાથમાં સોટી લઈને રેવમ્મા તેની ફરતે ધીમે ધીમે ગોળ ચક્કર મારવા લાગી. શિવગામીને ખરો ભય તો એ વાતનો હતો કે એ પુસ્તકનું શું થશે. તેણે મનોમન નક્કી કર્યું કે જો થોંડકા એ પુસ્તકને કંઈ કરશે, તો તેણે તેને મારી નાખવો પડશે. ગુંડુ રામુના ચિત્કારને કારણે તે પોતાના વિચારોમાંથી બહાર ખેંચાઈ આવી. રેવમ્મા તેને સોટી અડાડે તે પહેલાં તો તેણે માથું ફાટી જાય એવી ચીસો પાડવા માંડી હતી. રેવમ્માએ સોટી વીંઝી અને ગુંડુ રામુ જોરશોરથી ડૂસકાં ભરતો દોડવા માંડ્યો.

ગુંડુ રામુએ રેવમ્માને આખા આંગણની ફરતે દોડાવી, જે જોવાની અનાથાલયના સભ્યોને બહુ જ મજા પડી અને તેઓ હસતા રહ્યા. છેવટે, જ્યારે પોતાના ભારે શરીરને કારણે રેવમ્મા વધારે દોડી ન શકી ત્યારે થોંડકાએ ગુંડુ રામુને પકડીને રેવમ્માના હવાલે કર્યો.

રેવમ્માએ પોતાનો ગુસ્સો ગુંડુ રામુ પર કાઢવો શરૂ કર્યો. એ છોકરા પર સોટીઓ વિંઝાતી જોઈને શિવગામીનું મન ભાંગી પડ્યું. તેણે આ બાબતમાં ગુંડુ રામુને સામેલ કરવા જેવો જ નહોતો. તેણે ગુંડુને વધારે શિક્ષાથી બચાવવો જ પડશે. ‘બહુ માર્યો એ છોકરાને, પાગલ ડોસી,’ શિવગામીએ ચીસ પાડી. એ રેવમ્માને ગુસ્સો અપાવવા માંગતી હતી અને તેમાં તે સફળ થઈ. રેવમ્મા જંગલી સાંઢની જેમ તેની તરફ ધસી આવી.

સોટી ભાંગી ગઈ ત્યાં સુધી તે શિવગામીને મારતી રહી અને પોતાની અક્કાને માર પડતો જોઈને ગુંડુ રામુ રડતો રહ્યો. શિવગામીએ વિચાર્યું કે ગુંડુ ચૂપ રહે અને રેવમ્માનું ધ્યાન પોતાની તરફ ન ખેંચે તો સારું પણ ગુંડુ તો જોરજોરથી રડતો જ રહ્યો. એ રેવમ્માને ભાંડતો રહ્યો કે હાથી તેને ચગદી નાખે અને તેનાં બધાં પાપ માટે આખલો તેને ચૂંથી નાખે. તેની દરેક ગાળ પર બધા હસતા રહ્યા. છેવટે થોંડકાએ ઊભા થઈને તેના ચહેરા પર તમાચો જડી દીધો. એ છોકરો ડરનો માર્યો ચૂપ થઈ ગયો. તેણે ગાળો આપવાની તો બંધ કરી દીધી પણ ભારે સંયમથી સજા ભોગવી રહેલી શિવગામીને જોઈને તે ધીમે ધીમે ડૂસકાં તો ભરતો જ રહ્યો. છેવટે, રેવમ્માએ થોંડકાને સૂચના આપી કે એ બંનેને એક સ્તંભ સાથે બાંધી દેવામાં આવે અને તે પેલું પુસ્તક પોતાની સાથે લઈને જતી રહી. થોંડકાએ તરત જ પોતાનું કામ શરૂ કરી દીધું.

'આ પુસ્તક મને આપવાનું કેવું રહેશે?' કેકિએ રેવમ્માને અટકાવીને પૂછ્યું.

'એવું હું કેમ કરું?' રેવમ્માએ શંકાશીલ અવાજે પૂછ્યું. એ દિશામાં જોવાઈ ન જાય એ માટે શિવગામીએ પ્રયત્ન કર્યો. તેનું હૃદય બહુ તેજ ગતિથી ધબકી રહ્યું હતું.

'તને કદાચ મારી પાસેથી એની સારી કિંમત મળશે,' કેકિએ કહ્યું.

'કદાચ હું એને કોઈ અધિકારી પાસે લઈ જઉં તો મને વધારે સારી કિંમત મળે કે પછી આ ડાકણને પકડાવી દેવા માટે ઇનામ પણ મળે,' રેવમ્માએ કહ્યું.

'તને ઠીક લાગે એમ કર,' કેકિએ સ્મિત કર્યું. રેવમ્મા એ પુસ્તક સાથે ચાલવા માંડી. શિવગામીએ રાહતનો શ્વાસ લીધો. તેને એ વાતની તો જાણ નહોતી કે આ કિન્નરને એ પુસ્તકના મહત્ત્વની જાણ છે કે નહીં પણ એની પાસેથી આ પુસ્તક પાછું મેળવવું વધારે અઘરું થઈ પડત, એ વાત તે અવશ્ય જાણતી હતી.

કેકિ એ બંનેની દિશામાં આવી અને પછી શિવગામીની સામે ઊભી રહી. 'છોકરી, એ ચોપડીમાં શું છે? એ તારા માટે કેટલી જરૂરી છે એ વાત તારા ચહેરા પરથી જ દેખાઈ આવે છે.'

મતલબ તેને ખબર નથી, શિવગામીએ રાહતનો શ્વાસ લીધો. એ કિન્નર તો માત્ર પોતાનું નસીબ અજમાવી રહ્યો હતો. 'કાળો જાદુ છે એમાં. હું ચુડેલ છું.' શિવગામીએ માથું પાછળની દિશામાં નમાવીને કેકિ સામે અટ્ટહાસ્ય કર્યું. કિન્નરે તેની સામે ડોળા કાઢ્યા.

'મને સાચું કહી દે અને હું તને બચાવી લઈશ. એમાં કોઈ છૂપા ખજાનાની વાત છે?' કેકિએ પૂછ્યું.

'એ કિન્નરમાંથી પુરુષ બનાવવાનું પુસ્તક છે,' શિવગામીએ ફરી વાર અટ્ટહાસ્ય કર્યું. કિન્નરના હોઠ તિરસ્કારથી વંકાયા પણ તેની આંખોમાં હાસ્ય આવ્યું નહીં.

કેકિએ શિવગામીના ચહેરાના વળાંકો પર પોતાની પહેલી આંગળી ફેરવી. 'કેટલો રૂપાળો ચહેરો છે અને શબ્દો કેવા ધારદાર.' આ સ્પર્શથી શિવગામી ખચકાઈ ગઈ. કેકિએ શિવગામીની હડપચી પકડી અને ગુસ્સાથી કહ્યું, 'તારે હસવું હોય એટલું હસી લે, છોકરી. તને તારી એ કીમતી ચોપડી ફરી કદી પણ જોવા નહીં મળે. આવતીકાલે અધિકારીઓ તેને જપ્ત કરી લેશે અને તને જેલમાં ફેંકી દેવામાં આવશે. જ્યારે બધા ચોકીદાર તારી પર બળાત્કાર કરશે ત્યારે તને કેકિ અક્કાએ મદદ કરવાનું કહ્યું હતું એમ યાદ આવશે.'

શિવગામીને સામે જવાબ આપવાનો વિચાર આવ્યો પણ તેણે પોતાની જાતને રોકી. તેણે વધારે પડતી ચિંતા હોય તેવો દેખાવ કરીને આ કિન્નરની શંકાઓ વધારવાની જરૂર નહોતી. તે કિન્નરની અવગણના કરતી, બીજી દિશામાં નજર રાખીને ઊભી રહી. છેવટે કેકિ ત્યાંથી ગયો.

જ્યારે માત્ર એ બંનેને એકલાં જ ત્યાં આખી રાત થાંભલા જોડે બંધાઈ રહેવું પડ્યું ત્યારે ગુંડુ રામુ ફરી વાર રડવા માંડ્યો. શિવગામીએ તેને ગુસ્સાથી મોઢું બંધ રાખવા કહ્યું ત્યારે તેણે જવાબ આપ્યો કે જો એ મોઢું બંધ રાખશે તો રડી કઇ રીતે શકશે. આ સાંભળીને શિવગામી હસી પડી.

શિવગામી એટલું બધું હસી કે તેની આંખમાં આંસુ આવી ગયાં. જ્યારે તેના સાથળ પર ભયંકર બળતરા થવા માંડી ત્યારે જ તેને ખ્યાલ આવ્યો કે રેવમ્માએ ચૂપચાપ પાછળથી આવીને તેના સાથળ પર ગરમ સળિયો લગાવ્યો છે. પીડાને કારણે શિવગામીએ મોઢું ભીડી લીધું અને તેનાં આંસુ રોકાઈ ગયાં. દરમિયાન ગુંડુ રામુ તો પીડાનો માર્યો બરાડા પાડીને રડતો જ રહ્યો અને ડૂસકાં ભરતો ભરતો જ તંદ્રામાં સરી પડ્યો. જ્યાં સુધી ચંદ્ર છાપરાંઓ પાછળ અદૃશ્ય ન થઈ ગયો ત્યાં સુધી ભૂખ્યા પેટને કારણે શિવગામીનું પેટ અમળાતું રહ્યું અને તે જાગતી જ રહી. તેને મનોમન વિચાર આવ્યો કે કામાક્ષી ચૂપચાપ કંઈક ખાવાનું લઈને તેમની પાસે સરકી આવે તો સારું પણ તેને વિશ્વાસ હતો કે એ લોકોએ તેને તો તેમના ઓરડામાં પૂરી દીધી જ હશે.

તે જાગી ત્યારે તેના શરીર પરથી પાણી ટપકી રહ્યું હતું. બહુ મુશ્કેલીપૂર્વક તેણે આંખો ખોલી. થોંડકા તેની સામે પાણીની ડોલ ભરીને ઊભો હતો. તે હજુ પણ થાંભલા સાથે બંધાયેલી જ હતી અને તેનાં અંગો હજુ પણ કળતાં હતાં. થોંડકા ગુંડુ રામુ બાજુ ગયો અને બાકીનું બધું જ પાણી તેની પર ઢોળ્યું. ગુંડુ રામુ રડતો રડતો જાગી ઊઠ્યો. થોંડકા તેમને ખોલી રહ્યો હતો તે દરમિયાન શિવગામી તેના પગના અંગૂઠા આગળ ભરાઈ રહેલા પાણીના ખાબોચિયાને જોઈ રહી. તેના ચણિયાના રંગ ઉપર લોહીના ડાઘા પડી ગયા હતા. તેના ચહેરા પર સૂરજનો સીધો તડકો આવી રહ્યો હતો. સૂરજ છાપરાની ઉપર સુધી આવી ગયો હતો અને આંગણમાં ડોકાઈ રહ્યો હતો. બહાર એક કાગડો કાગારોળ કરી રહ્યો હતો. રસોડામાંથી વાસણોનો ખખડાટ સંભળાઈ રહ્યો હતો.

રેવમ્મા બહાર આવીને આંગણામાં એક ખુરશી પર બેઠી. તેના મોઢામાં પાન ભરેલું હતું. તેણે શિવગામીના પગ પાસે જ પાનની પિચકારી મારી. શિવગામી પોતાનું માથું ઊચું કરીને તેની સામે તાકી રહી.

‘અમ્મામામામા, તેની આંખો તો જુઓ, કાલિ.’ રેવમ્માએ પોતાનું ગળું ખોંખાર્યું અને અને ફરી વાર પિચકારી મારી. પિચકારી શિવગામીના પગના અંગૂઠા પર પડી અને તે સંકોચાઈ ગઈ. રેવમ્મા પોતાની ખુરશી પરથી ઊભી થઈ અને ડગમગતી તેની દિશામાં ગઈ. શિવગામીએ જોયું કે તેના પિતાનું પુસ્તક એના હાથમાં જ હતું.

‘આ કેવી ચોપડી છે?’ એ ચોપડી શિવગામી સામે ધરતાં તે બોલી, ‘આ ભાષા કઈ છે? એમાં શું લખેલું છે? મને વિશ્વાસ છે કે એને તારા બાપના દેશદ્રોહ સાથે અવશ્ય કંઈ સંબંધ છે.’

શિવગામીએ કંઈ જવાબ આપ્યો નહીં.

‘એમાં કદાચ કોઈ કાળા જાદુની વાત હશે,’ થોંડકાએ સૂચન કર્યું.

રેવમ્માએ શંકાશીલ નજરે એ પુસ્તક જોયું.

‘આ તો ડાકણ છે,’ થોંડકાએ કહ્યું, ‘આજકાલ ઘણી વિચિત્ર ઘટનાઓ બની રહી છે. ગઈકાલે રાત્રે એ શિયાળની જેમ લાળી કરી રહી હતી. કોઈકે તો એમ પણ કહ્યું કે એ પોતે જ શિયાળ બની ગઈ હતી. મને લાગે છે કે એ ઇચ્છાધારી છે અને ધારે એ રૂપ લઈ શકે છે.’

‘લાળી કરી રહી હતી? તો પછી એ મને કેમ ન સંભળાઈ?’ રેવમ્માએ પૂછ્યું.

‘તમે નશામાં હતાં,’ થોંડકાએ કહ્યું અને તેના ઉદ્ધત જવાબ માટે રેવમ્માએ તેને લાફો માર્યો. થોંડકા ગાલ પર હાથ રાખીને થોડોક પાછો હટી ગયો. શિવગામીએ નાકમાંથી ક્રોધપૂર્વક હવા બહાર કાઢીને સુસવાટા જેવો અવાજ કર્યો અને તેણે પાછા ફરીને પોતાના ખભા ઉપરથી શિવગામી સામે જોયું. શિવગામીએ પોતાના ઉપહાસજનક સ્મિતને પોતાના હોઠ પર સજાવી જ રાખ્યું હતું. એને બરોબર ગુસ્સે થવા દો, તેણે મનોમન વિચાર્યું.

‘છોકરી, આમ જો,’ રેવમ્માએ કહ્યું. ‘તું મને કહે કે આ શું છે અથવા હું તેને અધિકારીઓ પાસે લઈ જઈશ. છેલ્લી વાર પૂછું છું કે આ શું છે?’

શિવગામીએ જવાબ આપવાની કે તેની સામું જોવાની પરવા કરી નહીં. આંગણની ફરતે આવેલાં છાપરાંઓની વચ્ચે દેખાતા આકાશના લંબચોરસ ટુકડામાં એકબીજા સાથે સ્પર્ધા કરી રહેલાં વાદળો તે જોઈ રહી. પછી ઢાળિયા પર ગોઠવેલાં નળિયાંથી રચાતી ભાત જોઈ રહી. તુલસીના છોડની આસપાસ ઊડી રહેલા એક વાણિયાને તે જોતી રહી. મૂર્તિના ગળામાં પહેરાવવામાં આવેલા હારમાં રહેલા મોતી ગણવાનો પ્રયત્ન પણ તેણે કરી લીધો.

‘ઠીક છે. મેં તારી તોછડાઈને બહુ સાંખી લીધી. ઝડપથી તારાં ચીંથરાં બદલી કાઢ. હું આ વાત હવે અધિકારીઓને કહેવાની છું. ઐયો, આ તે કેવી ડાકણ જેવી છોકરી છે? કેમ ગાયની જેમ ઊભી છે? ઝડપ કર.’

શિવગામી રસોડામાં ગઈ કારણ કે ત્યાં તે પોતાનાં વધારાનાં વસ્ત્રો રાખતી. તેનું માથું ફરી રહ્યું હતું. પેલું પુસ્તક એ સ્ત્રીના હાથમાંથી કઈ રીતે લેવું? એ જ વખતે તેને ગુંડુ રામુની ચીસો સંભળાઈ અને તેણે પાછળ ફરીને જોયું.

ગુંડુની અદોદળી પીઠ પર રેવમ્મા બન્ને હાથે મારી રહી હતી. ‘ફરી વાર ખાવાનું માંગવાની તારી હિંમત જ કેવી રીતે થઈ? શનિ! બકાસુર! ગઈકાલે તો તું બધું ઝાપટી ગયો હતો.’

ગુંડુ રામુ દોડતો દોડતો શિવગામી પાસે આવ્યો. ‘પેલી તો ડાકણ છે,’ તેણે હાંફતાં હાંફતાં શિવગામીને કહ્યું.

શિવગામીએ તેના બંને હાથ પોતાના હાથમાં લીધા. ‘ના, એ ડાકણ નથી. હું છું,’ તેણે કહ્યું અને ગુંડુ રામુની પહોળી થતી આંખ જોઈને એ હસવા માંડી.

રેવમ્મા શિવગામી અને ગુંડુ રામુને ઢસડીને મહેલ સુધી લઈ ગઈ ત્યાં સુધીમાં તો બપોર પડી ગઈ હતી. શિવગામીને ભયંકર ભૂખ લાગી હતી અને ગુંડુ રામુની શું પરિસ્થિતિ હશે, એ વિષે તો એ વિચારી પણ શક્તી નહીં. મહેલમાં અમુક ચોકીદારોએ રેવમ્માની મજાક કરવાનો પ્રયત્ન કર્યો પણ તેનાં વાગ્બાણોએ એ બધાની બોલતી બંધ કરી નાખી. તેણે કેવા કેવા છોકરાઓ સાચવવા પડે છે એની ફરિયાદ તેણે દરેક ચાકર અને દરેક દાસી સામે કરી. શિવગામી તો આ અપમાનને કારણે અંદરથી ખળભળી રહી હતી. તેને તો એવું લાગતું હતું કે કોઈ પ્રાણીને ઢોરબજાર ખેંચી જવામાં આવતું હોય, તેવો વ્યવહાર તેની સાથે કરવામાં આવી રહ્યો હતો.

તેમને મહાપ્રધાન પરમેશ્વરના કાર્યાલયમાં પ્રવેશ આપવામાં આવ્યો નહીં અને જ્યારે તેમણે રૂપકને મળવાનો પ્રયત્ન કર્યો ત્યારે એક કારકુને બહાર આવીને તેમને રવાના કરી દીધાં. રેવમ્માની ચિંતા વધતી ગઈ. તેને ભયંકર પરસેવો થઈ રહ્યો હતો અને જ્યારે પણ પોતાના ચહેરા પરનો પરસેવો લૂછવા માટે તે પોતાનો હાથ ઊંચો કરતી ત્યારે ડુક્કર જેવી ગંધ તેનામાંથી આવતી. માહિષ્મતીનો મહેલ તેના જેવા માટે નહોતો બનાવવામાં આવ્યો. તે પગથિયાં પર

બેસીને પોતાના નસીબને કોસતી રહી અને હાંફતાં હાંફતાં ઊંડા શ્વાસ ભરતી રહી. જો થોડો વધારે સમય આમ ચાલ્યું, તો તેને આ જાડી સ્ત્રીની દયા આવવા માંડશે, એમ શિવગામીને લાગ્યું. રેવમ્માએ શિવગામીનું પુસ્તક પોતાના સ્તનોની વચ્ચે પોલકામાં મૂકી રાખ્યું હતું અને તે જ્યારે પણ તેને બહાર કાઢતી ત્યારે તેને જોઈને શિવગામીનું હૃદય બેસી જતું હતું. એના પિતાના હસ્તાક્ષરોવાળા પુસ્તક પર એ સ્ત્રીના પરસેવાના ધબ્બા પડ્યા હતા.

ગુંડુ રામુ રેવમ્માની પાછળ ઊભો ઊભો ચહેરા પર જાતજાતના હાવભાવ લાવતો હતો અને જો તેની નજર શિવગામીની નજર સાથે મળતી તો તે બંને હાથે પોતાનું પેટ પકડીને દયામણું મોઢું કરતો. જ્યારે તેઓ રાજવી રસોડા પાસેથી પસાર થયાં, ત્યારે તળાઈ રહેલી માછલી અને મસાલાના વધારની સુગંધથી તો શિવગામીના મોઢામાં પણ પાણી આવી ગયું અને એ ગુંડુ રામુના ચહેરા સામે જોવાની તો હિંમત જ ન કરી શકી. જ્યાં મહેલની નાળનું પાળી બહાર નીકળતું હતું ત્યાં એક બિલાડી મોઢામાં માછલીનાં હાડકાં પકડીને બેઠી હતી. ગુંડુ રામુ એ બિલાડી સામે ઈર્ષાભરી નજરે જોતો જોતો ઊભો રહી ગયો અને જ્યારે રેવમ્માએ બૂમ પાડી ત્યારે તે આગળ વધ્યો.

શિવગામીએ નોંધ્યું કે તેઓ કિલ્લાની દક્ષિણ દીવાલ પાસે આવેલા એક કાર્યાલયની દિશામાં જઈ રહ્યાં હતાં જ્યાં પહેલેથી જ એક ટોળું ધીરજપૂર્વક રાહ જોઈ રહ્યું હતું. રેવમ્મા હાંફતી હાંફતી બગીચામાં થઈને ત્યાં સુધી પહોંચી. શિવગામી અને ગુંડુ રામુ તેની પાછળ જ હતાં. તડકામાં પથ્થરનાં પગથિયાં એકદમ તાપી ગયાં હતાં પણ જ્યારે શિવગામીએ રેતી પર પગ મૂક્યો ત્યારે રેતી તો તેને પગથિયાથી પણ વધુ ગરમ લાગી. રેવમ્મા સૂરજને ભાંડતી રહી, પોતાના નસીબને ભાંડતી રહી, તેના માથા ઉપરથી ઊડી ગયેલી એક કાબરને પણ ભાંડતી રહી. એ હાથીની જેમ ડગમગતી આગળ વધતી રહી.

તેઓ જ્યારે કાર્યાલયની પાસે પહોંચ્યાં ત્યારે શિવગામીને પથ્થર પર ઉપપ્રધાન સ્કંદદાસ કોતરાયેલું જોવા મળ્યું. માહિષ્મતીના ઉપપ્રધાન માટે આવું કાર્યાલય એકદમ સાદું લાગતું હતું. તે કાર્યાલય એક જ માળનું હતું અને તેની ઢળતી છત નળિયાથી બનેલી હતી. જો એ દેખાવમાં કશુંક રાજવી લાગતું હોય, તો એ હતા વરંડા ફરતે કોતરેલા થાંભલા. તેના પગથિયા પર એક માટલું ગોઠવવામાં આવ્યું હતું અને તેના બૂઝારા પર એક પ્યાલો પણ હતો. ખેડૂતો વડના ઝાડની નીચે બેઠા હતા કે તેની આસપાસમાં જ ક્યાંક ઊભા હતા. થોડાક લહિયાઓ પણ વડ નીચે પલાંઠી વાળીને બેઠા હતા અને તેમની સામે ઢાળિયા અને શાહીના ખડિયા ગોઠવાયેલા હતા. તેમની આસપાસ તાડપત્રોના ઢગલા હતા. કેટલાક લહિયાઓ ગ્રાહકોની રાહ જોઈ રહ્યા હતા તો કેટલાક લહિયાઓ તેમની સામે ઉભડક બેઠેલા અભણ ખેડૂતો માટે જાતભાતની અરજીઓ લખી રહ્યા હતા. બે દરવાન દરવાજાની બહાર ચોકી કરતા ઊભા હતા અને તેમના કંટાળાભર્યા જીવનના ચિહ્નો તેમનાં ચહેરા પર પણ દેખાતાં હતાં. દીવાલની પાસે છાયામાં ઘોડાગાડી ઊભેલી પણ દેખાતી હતી.

રેવમ્માએ જ્યારે કહ્યું કે તે રાજવી ચાકર છે અને રાજવી અનાથાલયનો હવાલો સંભાળે છે, ત્યારે દરવાનોએ તેને અંદર જવા દીધી. તેણે પોતાના પોલકામાંથી પેલું પુસ્તક બહાર કાઢ્યું અને પોતાના ગોઠણ અને સાથળ પકડી પકડીને પગથિયાં ચડવા માંડી.

ઉપપ્રધાન એક કારકુનને કોઈ ખેડૂતનો કર ઘટાડવાની સૂચના આપી રહ્યા હતા ત્યાં સુધી તેઓ દરવાજા બહાર જ ઊભાં રહ્યાં. કારકુન સામી દલીલો કરી રહ્યો હતો અને એક કારકુન ઉપપ્રધાન સમક્ષ જે રીતે દલીલો કરી રહ્યો હતો તે સાંભળીને શિવગામી સ્તબ્ધ થઈ ગઈ. થોડી ક્ષણો પસાર થયા પછી તેમને અંદર લઈ જવામાં આવ્યા. ખેડૂત સ્કંદદાસને પગે પડી રહ્યો હતો

જેનાથી સ્કંદદાસ મૂંઝાયેલો લાગતો હતો અને કારકુન તિરસ્કારસૂચક સ્મિત કરી રહ્યો હતો. ખેડૂત ઘણી બધી વાર નમતો નમતો બહાર ગયો અને તેણે પોતાના ગામવાળાઓને આ ખુશ ખબર આપ્યાનો અવાજ પણ શિવગામીને સંભળાયો. બહારથી 'ઉપપ્રધાન સ્કંદદાસનો જય હો, જય હો,' એવો નાદ સંભળાતો હતો. અને સ્કંદદાસે તેમને શાંત પાડવા કારકુનને બહાર મોકલ્યો.

ઉપપ્રધાને તેમને બેસવા કહ્યું. રેવમ્માએ આવા સૌજન્યની અપેક્ષા રાખી નહોતી અને તે આશ્ચર્યમાં મુકાઈ ગઈ હતી, તેમ શિવગામી જોઈ શકતી હતી. અત્યાર સુધી તો કોઈએ તેમને પોતાના કાર્યાલયની અંદર પણ પ્રવેશવા નહોતાં દીધા અને અત્યારે દેશનો ઉપપ્રધાન તેમને બેસવાનું કહી રહ્યો હતો.

'ના સ્વામી, હું ઊભી જ રહીશ,' હાથ જોડીને રેવમ્માએ કહ્યું.

'અમ્મા, તમે તો મારાથી મોટાં છો. કૃપા કરીને બેસો, નહીંતર મારે ઊભા થઈને તમારી સાથે વાત કરવી પડશે,' તેણે આગ્રહ કર્યો અને પોતાની સામે રહેલી એક ખુરશી પર બેસવાનું સૂચવ્યું.

'સ્વામી, હું તો સાવ સામાન્ય ચાકર છું. હું ઉપપ્રધાનની સામે ન બેસી શકું,' રેવમ્માએ વળતો આગ્રહ કર્યો અને પછી અચાનક બરાડી, 'ઊભો થા, મૂર્ખા.'

શિવગામી ભયભીત થઈ ઊઠી અને ઉપપ્રધાન પણ સ્તબ્ધ થઈ ગયા. તે પોતાની ખુરશી પરથી ઊભો થયો — અને તે ખડખડાટ હસવા લાગ્યો. શિવગામીએ જોયું કે પેલી ખુરશીમાં ગુંડુ રામુ આરામથી બેસી ગયો હતો. રેવમ્માએ ગુંડુ રામુના કાન પકડીને તેને ઊભો કર્યો.

'શાંત થાવ, અમ્મા. એ તો નાનકડું બાળક છે.'

'ઐયો, સ્વામી. એ તમને નાનકડો લાગે છે ? જાડિયો ભૂંડ.'

'તારી ઉંમર કેટલી છે, છોકરા?' સ્કંદદાસે ગુંડુ રામુને પૂછ્યું.

'તોફાનો કરવા જેટલો મોટો તો છે જ, સ્વામી,' રેવમ્મા વચ્ચે જ બોલી ઊઠી. 'કદાચ દસ કે બાર વર્ષ...કોને ખબર અને કોને પડી છે. એ છોકરા જેવું વર્તન કરે છે ? એ તો રાક્ષસ છે. અને આ ચુડેલ છે,' રેવમ્માએ શિવગામી સામે આંગળી ચીંધીને કહ્યું.

'તેમનો ગુનો શું છે?' સ્કંદદાસે રેવમ્માને બેસવાનો ઇશારો કરતાં કહ્યું. તેણે પોતાની જાતને ખુરશીમાં ઘુસાડી અને ખુરશીએ કિચૂડાટ કરીને વિરોધ નોંધાવ્યો પણ તેની અવગણના કરી. પછી તેને તેમના ગુના ગણાવવા શરૂ કર્યા અને દરેક ગુના વખતે તે પોતાની જાડી આંગળીઓ એક પછી એક ઊંચી કરવા માંડી. તે જે પ્રમાણે નવા નવા ગુનાઓનો આવિષ્કાર કરી રહી હતી અને સાચા ગુના વધારીને કહી રહી હતી, તે મુજબ તો તેની આંગળીઓ ઓછી જ પડવાની હતી.

શિવગામીને સ્કંદદાસનું સરળ સ્મિત ગમી ગયું. શું એ મારા પિતાને જાણતો હશે, એવો તેને વિચાર પણ આવ્યો. તે એમ વિચારવા લાગી કે જો તે સ્કંદદાસને એમ જણાવે કે તે દેવરાયની પુત્રી છે, તો એની પ્રતિક્રિયા કેવી હશે.

રેવમ્મા લવારો કરતી હતી એ દરમિયાન શિવગામીએ એ ઓરડામાં ચારેબાજુ નજર ફેરવી. એક છાજલી પર હસ્તલિખિત પુસ્તકો પડ્યાં હતાં. એક અર્ધો છુપાયેલો દરવાજો થોડોક ખુલ્લો દેખાતો હતો અને તેની અંદર પડેલો ખાટલો પણ તેને દેખાતો હતો. કમાનવાળી એક બારીના દરવાજાનો અમુક હિસ્સો તૂટી ગયો હતો અને એ બારી એક સાંકડા રસ્તા પર ખૂલતી હતી. એ રસ્તો પૂરો થતાં જ કિલ્લાની ઊંચી દીવાલ દેખાતી હતી. બારીની પાસે જ

એક કેળ હતી અને તેના મોટાં લીલાં પાંદડાં હવામાં ધીમે ધીમે ઝૂલી રહ્યાં હતાં. ઉપપ્રધાનની પાછળ મહારાજા સોમદેવનું છાતી સુધીનું પૂતળું એક મેજ પર ગોઠવેલું હતું. એ પૂતળાની પાસે જ કોઈ ગરોળીની હલી રહેલી પૂંછડી પણ શિવગામીને દેખાઈ. મુખ્ય મેજ પર તાડપત્રોનો થપ્પો સફાઈથી ગોઠવેલો હતો અને તેની બાજુમાં જ રાજવી રુક્કો પડ્યો હતો. લાખના એક ડબ્બાની પાસે નાનકડો દીવો પ્રજવલિત હતો. પેલો રુક્કો હાથમાં લઈને તેને લાખમાં ડબોળીને ક્યાંક રુક્કો જમાવવાની શિવગામીને ઇચ્છા થઈ આવી. એ રુક્કામાં સત્તા હતી.

પેલો અડધો ખૂલેલો દરવાજો આખો ખૂલ્યો અને શિવગામીએ એ બાજુ જોયું તો તેમાંથી એક માણસ તાંબાની થાળી લઈને બહાર આવ્યો. એ થાળી કેળના પાંદડાથી ઢંકાયેલી હતી અને તેની સાથે મસાલેદાર છાસનો લોટો પણ હતો. સ્કંદદાસે થાળી પરથી કેળનું પાંદડું ઉઠાવ્યું અને આખા ઓરડામાં સુગંધ પ્રસરી રહી. શિવગામીને ગુંડુ રામુની દયા આવવા માંડી.

'અમ્મા, મારી સાથે ભોજન લેવા બેસશો ?' સ્કંદદાસે પૂછ્યું. રેવમ્માએ માથું હલાવીને ના પાડી અને પોતાની ફરિયાદોનો મારો ચાલુ રાખ્યો.

સ્કંદદાસે કહ્યું, 'ઠીક છે, ઠીક છે. તમારી સાથે વાતો કરતાં કરતાં હું થોડુંક ખાઈ લઉં એનો તો તમને વાંધો નહીં જ હોય. મને ખાવા માટે સમય જ મળતો નથી અને મારા પેટમાં જે બળતરા રહે છે તેને મટાડવા માટે મારે નિયમિત ભોજન લઈ લેવું એવી રાજવૈદ્યની સૂચના છે.' ઉપપ્રધાને પોતાની થાળીની આસપાસ વિવિધ શાક અને રસમની વાટકીઓ મૂકી અને પછી તેની નજર ગુંડુ રામુ પર પડી.

'ભૂખ્યો છે ?' તેણે એ છોકરાને પૂછ્યું. ગુંડુ રામુએ ભયથી રેવમ્મા સામે નજર કરી અને પછી તે પોતાના પગના અંગૂઠા તરફ જોવા માંડ્યો. ઉપપ્રધાને ફરી વાર મહેમાનોને પોતાની સાથે જમવા માટે પૂછ્યું. રેવમ્મા અને શિવગામીએ તો ના પાડી દીધી પણ ગુંડુ રામુએ થૂંક ગળા હેઠળ ઉતારીને અચકાતાં અચકાતાં માથું હલાવીને હા પાડી. સ્કંદદાસે સ્મિત કરીને કેળના પાંદડાના બે ટુકડા કર્યા અને પોતાના ભોજનનો અમુક હિસ્સો તેની પર પીરસવા માંડ્યો.

'સ્વામી, આ તમે શું કરી રહ્યા છો ? હું અહીંયાં તેમના વિષે જ ફરિયાદ લઈને આવી છું અને અને તમે આ જડભરતને જમવા બેસાડો છો.'

'અમ્મા, એ તો નાનકડો છોકરો છે — અને એ છોકરો ભૂખ્યો છે, નહીં છોકરા ?'

'સ્વામી, એ રાક્ષસની જેમ ખાય છે—'

સ્કંદદાસે પોતાનો હાથ ઊંચો કર્યો. 'અમ્મા, ભૂખ એટલે શું એ હું સારી રીતે જાણું છું. હું ગરીબીમાં જ જનમ્યો છું.'

'સ્વામી, હું તમને કંઈ પૂછું તો કૃપા કરીને તેનો અવળો અર્થ ન કાઢતા,' કહીને રેવમ્માએ પોતાનું માથું ખંજવાળવું. સ્કંદદાસે પોતાની થાળીમાંથી ગુંડુ રામુને પીરસતાં માથું હલાવ્યું.

'લોકો કહે છે કે તમે શૂદ્ર છો,' રેવમ્માએ કહ્યું અને શિવગામીએ ગુસ્સાથી પોતાનો હોઠ કરડ્યો.

'લોકો ખોટું કહે છે,' સ્કંદદાસનું સ્મિત જરા પણ ઓછું થયું નહીં.

'ઓહ, હું જાણતી જ હતી. મને ક્ષમા કરજો સ્વામી, મને ભય હતો કે...' રેવમ્મા બબડી.

'હું તો એનાથી પણ નીચી કક્ષાનો છું. મારી કોઈ જાતિ નથી. હું તો એક અનાથાશ્રમમાં જ ઊછર્યો છું. પણ મારા પિતા કંઈ શહીદ નહોતા. એ તો એક ચોર હતા. એ એવા નકામા ચોર હતા કે તેઓ પકડાઈ ગયા અને પોતાની શાહુકારીમાં આંધળા બનેલા લોકોએ તેમને મારી મારીને પતાવી નાખ્યા. મારી માતાએ ફરી વાર લગ્ન કર્યાં અને એ લોકો મને રાખવા માંગતા

નહોતા. એટલે હું મારા ગામમાંથી ભાગીને માહિષ્મતી શહેર આવ્યો હતો. શરૂઆતના થોડાક મહિના તો વધેલું-ઘટેલું ખાવા માટે મારે કૂતરા અને ભિખારીઓ સાથે પણ લડવું પડ્યું હતું. ક્યારેક હું જીતતો પણ મોટાભાગે તો એ લોકો જ જીતતા.'

'મને જ્યારે એક ગુરુકુળમાં સાફસફાઈ કરવાનું કામ મળ્યું ત્યારે હું લખતાં વાંચતા શીખ્યો. ત્યાંના સાધુઓ તો મને નહોતા ભણાવતા પણ એ લોકો મને શીખતાં રોકતા પણ નહીં. પછી તો મેં બધી રીતનાં કામ કર્યાં — મોચી, ખેડૂત, ચોકીદાર, નાનકડો વેપારી, જાદુગરનો સહાયક...આવા જ કોઈ કામની જગ્યાએ મહાપ્રધાન મને મળ્યા અને તેમણે મને લહિયા તરીકે કામ આપ્યું. એના કારણે મને અભ્યાસ કરવાનો વધારે સમય મળ્યો અને હજુ પણ મારો અભ્યાસ ચાલુ જ છે,' સ્કંદદાસે વાત પૂરી કરીને પુસ્તકોની છાજલી તરફ આંગળી ચીંધી. રેવમ્માએ આંખો પટપટાવી.

શિવગામીની આંખો ભરાઈ આવી. તેને સ્કંદદાસના સંઘર્ષમાં પોતાની જાતનાં દર્શન થયાં. જોકે પોતાના જીવનનાં શરૂઆતનાં વર્ષોમાં તો તેને તિમ્માનો સહારો મળ્યો હતો. તિમ્માની પુત્રી સ્વરૂપે તેને બહેન પણ મળી હતી. માતા અને ભાઈ પણ મળ્યો હતો. કુટુંબ મળ્યું હતું. અને પોતાના કોઈ જ વાંકગુના વિના તેણે એ બધું ગુમાવવું પણ પડ્યું હતું.

સ્કંદદાસ શિવગામી અને ગુંડુ રામુ તરફ ફરીને બોલ્યો, 'પેલા મહારાજાના પૂતળા પાસે વાળીને મૂકેલું કપડું દેખાય છે? મેં મારી જાત માટે ખરીદેલું એ પ્રથમ વસ્ત્ર હતું. એક ગરીબ વણકરે મને એક રાત્રે જમાડ્યો હતો. મેં એના હાથે એ કપડું બનાવડાવ્યું હતું. મેં મારો પહેલો પગાર એની પર ખર્ચ્યો હતો. એ બે દસક જૂનું કપડું છે એટલે તેમાં માછળી પકડવાની જાળ કરતાં પણ વધારે કાણાં પડી ગયાં છે !'

ગુંડુ રામુ હસી પડ્યો.

' એ મેં કેમ સાચવી રાખ્યું છે તમે જાણો છો ? એ મારી ગરીબીની યાદગીરી છે. મને એ સમયે જેણે જેણે મદદ કરી હતી તે બધાની યાદ મને એ કપડું અપાવે છે. અને એ કપડું મને એ પણ યાદ અપાવે છે કે હું આ દેશ અને આ શહેરનો કેટલો ઋણી છું. આ દેશ અને શહેરે મારી ભલે પરીક્ષા કરી પણ આ દુનિયાની એક માત્ર એવી જગ્યા છે જ્યાં ચીંથરેહાલ અવસ્થામાં આવેલો એક છોકરો જ્ઞાતિ, જાતિ અને ધર્મના બાધ વિના ઉપપ્રધાન બની શક્યો છે. જો એક ચોરનો છોકરો, એક અનાથ આટલું કરી શકે તો તમે ઉમરાવોના છોકરા-છોકરી તો શું ન કરી શકો !'

'હું...હું....' શિવગામીને શબ્દો શોધવામાં મુશ્કેલી પડી. સ્કંદદાસે ધીરજપૂર્વક રાહ જોઈ. 'હું દેવરાયની પુત્રી છું.'

શિવગામી રાહ જોઈ રહી કે સ્કંદદાસના ચહેરા પર આઘાતનાં ચિહ્નો પ્રગટ થાય. તેના બદલે સ્કંદદાસે તેના માથા પર હાથ મૂકીને કહ્યું, 'હું જાણું છું. મારા માટે તો તું મારી પુત્રી સમાન જ છે.' રેવમ્માને ઉધરસ આવી ગઈ અને જ્યારે સ્કંદદાસે તેની સામે નજર કરી ત્યારે તેણે મોઢું મચકોડ્યું. તેણે શિવગામીનું હસ્તલિખિત પુસ્તક સ્કંદદાસ સામે મૂક્યું અને બોલી, 'સ્વામી, આ ચોપડી એ આપણા બધાથી છુપાવી રહી હતી. તમને લાગે છે એટલી કંઈ એ છોકરી ભોળી નથી. મને વિશ્વાસ છે કે એમાં આ દેશ વિરુદ્ધ કોઈ કાવતરું જ છે. એ પેલા દેશદ્રોહીની ચોપડી છે.'

સ્કંદદાસે એ પુસ્તક હાથમાં લીધું અને તેની ફરતે બાંધેલ દોરો ખોલવા માંડ્યો એ દરમિયાન શિવગામી તંગ બનીને ઊભી રહી. તેણે મુઠ્ઠીઓ વાળી દીધી. એમાં શું લખેલું છે એ તે નહોતી જાણતી અને એ પણ નહોતી જાણતી કે ઉપપ્રધાન પૈશાચી વાંચી શકે છે કે નહીં.

ઉપપ્રધાન પાનાં ફેરવી રહ્યો હતો તે દરમિયાન શિવગામી તેને ધ્યાનપૂર્વક નીરખી રહી. શું ઉપપ્રધાનના ચહેરા પર મૂંઝવણના હાવભાવ હતા કે પછી એકાદ ક્ષણ માટે તેમના હોઠનો એક ખૂણો સહેજ વંકાયો એટલે તેમને કંઈ જાણવા મળ્યું હતું ? ઉપપ્રધાન શું વિચારી રહ્યા છે એ પોતે જાણી શકતી નથી એ બાબતથી શિવગામીને બહુ જ નિરાશા ઊપજી. તેણે ખુરશીનો હાથો મજબૂતીથી પકડી રાખ્યો.

'આમાં તો ગૌરી માતાની સ્તુતિના કેટલાક શ્લોક છે,' સ્કંદદાસે છેવટે કહ્યું.

'સ્વામી, તમે આ વાંચી શકો છો ?'

'ના, વધારે તો નહીં. અહીંતહીં થોડાક અક્ષરો વાંચી લઉં છું. એ પ્રાચીન પૈશાચી ભાષાનું લખાણ છે અને હવે એ ભાષા કોઈ બોલતું નથી. એ પ્રાચીન સમયમાં અસુર જાતિના લોકોની ભાષા હતી. દક્ષિણનાં જંગલોમાં વસતા અમુક સિદ્ધ પુરુષો કદાચ આ વાંચી શકે પણ જો એમાંથી કોઈને આપણે શોધી શકીએ અને એ પોતાનો આશ્રમ છોડીને આ પાપી શહેરમાં આવવા તૈયાર થાય, તો. પણ એટલી મહેનત કરવી માથે જ પડશે. આ કોઈ ધાર્મિક પંથનું પુસ્તક છે.'

'એમાં દેશદ્રોહને લગતું કંઈ જ નથી?' રેવમ્માને નિરાશા ઊપજી હોય, એમ દેખાઈ આવતું હતું.

'મને જેટલું વંચાયું છે એ મુજબ તો કંઈ લાગતું નથી,' સ્કંદદાસે કહ્યું અને તે એ પુસ્તક શિવગામીના હાથમાં આપવા જ જતો હતો કે અચાનક તેના કાર્યાલયનો દરવાજો ધડામ કરતો ખૂલ્યો અને એક દરવાને કહ્યું, 'ભૂમિપતિ પત્તરાય આપને મળવા માંગે છે, સ્વામી.'

ઉપપ્રધાન કોઈ પ્રતિક્રિયા આપે એ પહેલાં જ પત્તરાય હાથ જોડેલી મુદ્રામાં એ ખંડમાં પ્રવેશ્યો.

'અરે, મને જાણ નહોતી કે તમે કોઈને મુલાકાત આપી રહ્યા છો, સ્કંદદાસ.'

'એ સાચું કહ્યું પત્તરાય પણ આપની આવી અણધારી મુલાકાતથી હું સમ્માનિત થયાની લાગણી અનુભવું છું. હું આપની શું સેવા કરી શકું?' સ્કંદદાસે કહ્યું અને શિવગામી નિરાશાપૂર્વક જોઈ રહી કે સ્કંદદાસે બેધ્યાનપણે જ પોતાના હાથમાં રહેલું પેલું પુસ્તક મેજની નીચેના કોઈ ખાનામાં મૂકી દીધું. તેણે સ્કંદદાસનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કર્યો પણ સ્કંદદાસ હવે તેમની તરફ નજર જ નહોતો કરી રહ્યો. એ પત્તરાય સાથે સભ્યતાથી જ વર્તી રહ્યો હતો તેમ છતાં એ બંને વચ્ચે તણાવ હોય એમ શિવગામીને અનુભવાયું.

'હું અહીં આવ્યો છું કારણ કે આપે તો મને અહીં આવવાનો હુકમ ફરમાવ્યો હતો. આજે આપનો જન્મદિવસ કે એવું કંઈક છે કે શું ? તમે અત્યારે અનાથોને જમાડી રહ્યા છો ?' કહેતાં કહેતાં પત્તરાયે સ્મિત કર્યું અને પોતાના શબ્દોની ધાર થોડીક મુલાયમ કરી.

સ્કંદદાસની પ્રતિક્રિયા જોવા માટે શિવગામીએ નજર ફેરવી પણ સ્કંદદાસના ચહેરા પર કોઈ જ પ્રતિક્રિયા નહોતી. રેવમ્મા ખુરશીની ધાર પર બેઠી હતી, કારણ કે તેના મનમાં મૂંઝવણ હતી કે પત્તરાયના સમ્માનમાં ઊભા થવું જોઈએ કે સ્કંદદાસના હુકમ અનુસાર ખુરશીમાં બેઠેલા રહેવું જોઈએ. ગુંડુ રામુને એવી કોઈ જ ચિંતા નહોતી. એ તો પોતાના પાંદડા પર રખાયેલું ભોજન ઝડપથી ગળા હેઠળ ઉતારી રહ્યો હતો.

શિવગામી ઊભી રહી અને વિચારતી રહી કે તે પોતાનું પુસ્તક પાછું કઈ રીતે મેળવશે. પણ તે નિ:સહાયતા અનુભવી રહી હતી.

'જરા પણ ઉતાવળ નથી. કૃપા કરીને આસન ગ્રહણ કરો,' સ્કંદદાસે કહ્યું. ઊભી થવા

જતી રેવમ્મા પણ એ સાંભળીને પાછી ખુરશીમાં બેસી ગઈ.

'કૃપા કરીને આસન ગ્રહણ કરો અને આ બાળકને ભોજન કરી લેવા દો,' સ્કંદદાસે કહ્યું.

'અલબત્ત, કેમ નહીં. આનંદમ્ મહાઆનંદમ્. કોઈ કાર્ય ભૂખ્યાને જમાડવાથી મોટું હોઈ જ ન શકે. પેટ ભરીને ભોજન કરજે, પુત્ર,' પત્તરાયે કહ્યું. ગુંડુ રામુએ ઓડકાર ખાઈને પોતાની આંગળીઓ ચાટી લીધી ત્યાં સુધી એમણે રાહ જોઈ.

'અમ્મા, તમે જે કહ્યું એ વિષે હું તપાસ કરાવડાવીશ અને તમને જણાવીશ,' સ્કંદદાસે કહ્યું અને પછી પોતાના સેવકને તેનું મેજ સાફ કરવા જણાવ્યું. શિવગામીને ખ્યાલ આવી ગયો કે હવે તેમણે જવાનું થશે. રેવમ્માએ ખાલી કરેલી ખુરશી પર હવે પત્તરાય બેસી ગયો હતો.

'એક દિવસ આપણે સાથે ભોજન લઈશું, પુત્રી,' શિવગામીને દરવાજા તરફ જતી જોઈને સ્કંદદાસે કહ્યું. શિવગામી પોતાના પુસ્તક વિષે પૂછવા માંગતી હતી પણ સ્કંદદાસ તો ફરીને પત્તરાય સાથે વાતો કરવા લાગ્યો હતો. આ બંને વચ્ચે કંઈક કડવાશ જરૂર છે એટલું તો શિવગામી સમજી શકતી હતી પણ તેમના શબ્દો અને સૂર સભ્ય જ રહ્યા હતા. એ વાતની જોકે તેને બહુ પરવા પણ નહોતી. તેને તો માત્ર પોતાનું પુસ્તક જ જોઈતું હતું. શું તેણે એ બંનેની વાતમાં દખલ કરીને પુસ્તક માંગવું જોઈએ ? એમ કરવાની હિંમત એ ભેગી કરે, તે પહેલાં તો દરવાજા પાસે પહોંચી ગયેલી રેવમ્માએ તેને બૂમ પાડીને બોલાવી લીધી.

શિવગામી બહાર જતી રહી. મનોમન તે વિચારતી રહી કે સ્કંદદાસને એ પુસ્તકમાંથી શું જાણવા મળ્યું હશે. એ કોઈ ધાર્મિક પુસ્તક છે એમ કહીને સ્કંદદાસે પરિસ્થિતિ સંભાળી લેવાનો પ્રયત્ન કર્યો હશે, એમ શિવગામીએ વિચાર્યું. એ જાણતી હતી કે સ્કંદદાસ એક દિવસ તેને અચૂક બોલાવશે અને તેને અત્યારથી એ દિવસનો ડર લાગવા માંડ્યો.

૨૪

જીમોતા

વહાણ ગોમુખનાં કળણોના ઉપરવાસમાં આગળ સરકી રહ્યું હતું ત્યારે જીમોતા વહાણના મોરા આગળ ચિંતામાં ઊભો હતો. એને ખાતરી થઈ ગઈ હતી કે અત્યારે કોઈ વહાણ પર નજર રાખી રહ્યું છે. નદીકાંઠાની ધારે આવેલી ઝાડીઓની પાછળ કંઈ હલચલ થઈ રહી હતી ? એના કેદીઓ એકદમ ચુપ શા માટે થઈ ગયા હતા ? એ લોકોએ રડવાનું કેમ બંધ કરી દીધું હતું? ગઈકાલ રાતથી બધું બહુ અપશુકનિયાળ રીતે શાંત લાગતું હતું. તેણે કેટલાક કેદીઓને તેમની ચીસો સાંભળવા માટે જ ચાબુક પણ મારી જોઈ. તેમને અનુસરી રહેલા પક્ષીઓના અવાજને કારણે તે થોડો ચિંતિત હતો. તે એમ વિચારી રહ્યો હતો કે કોઈક જગ્યાએ વહાણનું લંગર નાખીને કાંઠે જઈને તપાસ કરવી જોઈએ. એ જ સમયે તેની પાસે ઊભો રહીને કંઈક બબડી રહેલો કીરા અચાનક તેની જ ઉપર ઢળી પડ્યો. એક ક્ષણ તો જીમોતાને ખ્યાલ આવ્યો નહીં કે શું થઈ રહ્યું છે. પછી તેને કીરાની ગરદનમાં ખૂંપેલું તીર દેખાયું. ભયભીત થઈ ઊઠેલા જીમોતાએ તેને ધક્કો મારીને ખસેડ્યો. ત્યાં સુધીમાં જીમોતા તો મૃત્યુ પામી ચૂક્યો હતો.

જીમોતાએ બંને બાજુના કાંઠાનું નિરીક્ષણ કર્યું. તીર ક્યાંથી આવ્યું હશે ? કેદીઓ હજુ પણ ચુપ જ હતા. ઊંધા થઈ ગયેલા ખડિયામાંથી ફેલાઈ રહેલી શાહીની જેમ કીરાના શરીરમાંથી લોહી નીકળીને તૂતક પર ફેલાઈ રહ્યું હતું. ભયનો માર્યો નંજુન્દા રડવા માંડ્યો અને મંત્રો ભણવા માંડ્યો. જીમોતાએ તેને ચૂપ કરવા માટે ગુસ્સો કર્યો એ દરમિયાન જ એક તીર તેના નાક પાસેથી પસાર થઈને વહાણના કૂવાથંભ પર જઈ લાગ્યું. પ્રારંભિક આઘાત શમી ગયા પછી જીમોતાએ જોયું કે તીર ઉપર કંઈક લાગેલું હતું. સંદેશો.

એકદમ ટૂંકો અને અપશુકનિયાળ સંદેશો હતો — શરણાગતિ કે મોત.

જીમોતા તો કદી પણ શરણાગતિ સ્વીકારવાનો નહોતો. આ તેની છેલ્લી તક હતી. જો સ્કંદદાસના માણસો હશે, તો એ ગઈ વખતની જેમ પોતાનો માલસામાન મૂકીને ભાગવાનો નહોતો. એ છેલ્લે સુધી લડી લેવાનો હતો. શુકન માટે તે થૂંક્યો અને તેણે પોતાના બધા જ માણસોને શસ્ત્રસજ્જ થઈ જવાનો હુકમ કર્યો. તેના માણસો મ્યાનમાંથી તલવાર ખેંચી રહ્યા હોય, તીર કામઠા પર ચડાવી રહ્યા હોય અને હાથમાં ભાલા સજાવી રહ્યા હોય તેવા અવાજો જીમોતાને સંભળાવા લાગ્યા. તે શત્રુના હુમલાની રાહ જોવા લાગ્યો. પણ કંઈ બન્યું નહીં. એક વસ્તુ પણ હલતી દેખાઈ નહીં. આકાશમાં થોડાંક વાદળ દોડી રહ્યાં હતાં અને કળણની ઝાડી પર અમુક પક્ષીઓ કૂદાકૂદ કરી રહ્યાં હતાં. દૂરથી ચંડોળનો અવાજ સંભળાઈ રહ્યો હતો અને પાણી પર વહાણ સરકી રહ્યું હતું, તેનો જ અવાજ આવી રહ્યો હતો. કોઈ સુંદર ચિત્ર જેવું એ દૃશ્ય હતું.

થોડાક કલાકો આમ ને આમ વહાણ આગળ વધ્યું પછી વહાણ પર તણાવ થોડોક

ઘટ્યો અને ચોકીપહેરો હળવો થયો. તેના માણસો એકબીજા સાથે મજાક-મસ્તી કરવા લાગ્યા અને ચર્ચા કરવા લાગ્યા કે આ દરેક સ્ત્રીની કાંઠે પહોંચ્યા પછી કેટલી કિંમત મળશે. જીમોતાના હુકમ અનુસાર તેના માણસોએ કીરાના શરીરને નદીમાં ફેંકી દીધું હતું. હવે તેઓ ગોમુખમાંથી પસાર થઈ રહ્યા હતા. ગોમુખ એ નદીનો સૌથી સાંકડો પટ્ટો હતો. તેની બંને બાજુ ટેકરીઓ ઝળુંબી રહી હતી જે કળણવાળા વિસ્તારનો અંત આવી ગયાનું સૂચન પણ હતું. હવે ઝાડીઓની જગ્યાએ પદ્ધતિસરનું જંગલ શરૂ થઈ ગયું હતું.

એ લોકો એટલા તણાવમુક્ત થઈ ગયા હતા કે જ્યારે હુમલો થયો ત્યારે તો એ લોકો બિલકુલ તૈયાર નહોતા. સૌ પહેલા તો વહાણ એક બાજુ નમ્યું. માણસો પડ્યા અને સાંકળથી બંધાયેલા ગુલામો સાતોલિયાના પથ્થરની જેમ વિખરાયા. પોતાનું સમતોલન જાળવીને જીમોતા વહાણની જમણી બાજુ દોડ્યો, એ જોવા માટે કે વહાણને ત્યાં શું ભટકાયું હશે. એક વિશાળ લાકડું ત્યાં તરી આવ્યું હતું અને વહાણનો માર્ગ અવરોધી રહ્યું હતું અને તેને ધીમું પાડી રહ્યું હતું. ખલાસીઓ એ લાકડાને પાર કરીને આગળ વધવાનો રસ્તો શોધી રહ્યા હતા એ દરમિયાન તીરનો વરસાદ થવા માંડ્યો. તીર ચારે દિશામાંથી વરસી રહ્યાં હતા: વૃક્ષો ઉપરથી, ટેકરીઓ ઉપરથી. જીમોતા નીચો વળીને પેટભેર વહાણના તૂતક પર સૂઈ ગયો. તેણે પોતાના માણસોને પણ એમ જ કરવાનો હુકમ આપ્યો. એ સમયે તેણે જોયું કે એક ટેકરી પરથી કોઈ તેના વહાણ પર કૂધું. થોડી વારમાં તો ઘણા લોકો એવી રીતે કૂધા. મોટા લાકડાએ વહાણનો રસ્તો બરોબર રોકી રાખ્યો હતો અને વહાણ ગૌમુખમાં ફસાઈ ગયું હતું.

જીમોતા બેઠો થાય એ પહેલાં તો વહાણ શત્રુઓથી ઊભરાવા માંડ્યું હતું. ગંધક, તેને ગંધકની જરૂર હતી , જીમાતાએ પોતાની જાતને કહ્યું અને કોઈને ખ્યાલ ન આવે તે રીતે તે વહાણના નીચેના તૂતકની દિશામાં સરકવા માંડ્યો. તેના માણસો વઢાઈ રહ્યા હતા. જ્યાં ગંધકનાં પીપડાં રાખવામાં આવ્યાં હતાં ત્યાં સુધી એ પહોંચી શકે તો તે આગ લગાડીને જહાજ ડુબાડી શકે. તેણે મહેનતથી ભેગો કરેલો માલ આ હરામજાદાઓના હાથમાં જાય એમ તે ઇચ્છતો નહોતો.

'શ્રીમંત,' તેને અવાજ સંભળાયો. નીચેના તૂતક સુધી જતી વળાંકદાર સીડીથી તે થોડાંક જ ડગલાં દૂર હતો અને આ અવાજ સાંભળીને તે આશ્ચર્યથી અવળો ફર્યો. આ અવાજ કંઈક વિચિત્ર અવશ્ય હતો. એક ખૂંધવાળી આકૃતિ લાકડીના ટેકે ઊભી હતી અને તેના બીજા હાથમાં ત્રિશૂળ હતું. એ આકૃતિએ ઉપરથી નીચે સુધી કાળાં વસ્ત્રો જ પહેરેલાં હતાં અને ચહેરો પણ મહોરા પાછળ ઢંકાયેલો હતો. તેની પાછળ છ યોદ્ધાઓ કામઠા પર તીર ચડાવીને તૈયાર ઊભા હતા. જીમોતાએ પોતાની તલવાર ખેંચવાનો પ્રયત્ન કર્યો પણ એક તીર તેની હથેળીમાં ઘૂસી ગયું. તે નદીમાં કૂદી પડવાનું વિચારવા લાગ્યો. આ લોકો કોણ હતા ?

'એને બાંધી દો,' પેલી આકૃતિએ કહ્યું. હવે તેને ખ્યાલ આવ્યો કે આ અવાજમાં શું વિચિત્ર હતું. એ અવાજ સ્ત્રૈણ લાગતો હતો. વૃદ્ધ પણ. તેનામાં પગથી માથા સુધી ભય પ્રસરી ગયો. ખૂંધવાળી એ આકૃતિને યોદ્ધાઓ સીડી ઉતરવામાં મદદ કરી રહ્યા હતા. પવનને કારણે એકાદ ક્ષણ પૂરતું એ આકૃતિનું મહોરું ઊંચું થયું. અને જીમાતાએ જોઈ લીધું કે એ કોણ હતું. આસપાસ બંધાયેલા કેદીઓની ચિચિયારીઓ વધવા માંડી હતી. અચિ નાગમ્માનો સામનો કરવા કરતાં તો દરિયાના તોફાનમાં મરી જવાનું તેણે વધારે પસંદ કર્યું હોત.



એ લોકોએ તેને વહાણના કૂવાથંભ સાથે બાંધ્યો હતો, કાગડાના માળાની પાસે જ અને તે તૂતકથી ચાલીસ હાથ ઊંચે ઝૂલી રહ્યો હતો. એ જીવતો હતો એ પણ બહુ મોટો ચમત્કાર હતો.

વહાણ ધીમે ધીમે નદીના પ્રવાહની વિરુદ્ધ દિશામાં આગળ વધી રહ્યું હતું. પવનની ગતિ મંદ હતી અને વહાણના સઢ ધીમે-ધીમે ફરફરી રહ્યા હતા. તેમનો રસ્તો રોકનાર મોટું લાકડું હવે દૂર કરવામાં આવ્યું હતું અને જહાજની પાછળ એક દોરડા સાથે બંધાઈને તે ખેંચાઈ આવતું દેખાતું હતું. આ સ્ત્રી તો માનવજાત માટે શાપ છે , જીમોતાએ વિચાર્યું. એ અને એની સ્ત્રૈણ સેના ! કોણે વિચાર્યું હોત કે તે એવી ખેડૂત સ્ત્રીઓની સેનાના હાથે હારવાનો હતો જેની સેનાપતિ એક ડોસી હોય ? આ વાત તો માહિષ્મતી અને બધે જ પહોંચી જવાની હતી. તે જે મોતી ટાપુ પર ગુલામોનો વેપાર કરતો હતો ત્યાં પણ આ વાત પહોંચી જવાની હતી. ભયંકર દરિયાઈ ચાંચિયા તરીકે ઓળખાતા જીમોતાના નામથી હવે બધા હસવાના હતા.

એ લોકોએ સાંજ સુધી તેને પૂછ્યા કર્યું હતું કે આ બધો માલ એ કોને વેચવાનો હતો. તેણે જુઠ્ઠું બોલીને છટકવાનો પ્રયત્ન કર્યો હતો પણ એ ડોસી તેના જુઠ્ઠાણાંઓ પારખી જતી હતી. જ્યારે રાત પડી ત્યારે તેણે પોતાની સ્ત્રીઓને હુકમ આપ્યો કે જીમોતાને બાંધી દેવામાં આવે. એ સમયે તો આટલો ભય નહોતો લાગ્યો કારણ કે એને અંધારામાં દેખાયું નહોતું કે એ કેટલો ઊંચે લટકી રહ્યો હતો. હવે તેને દેખાતું હતું કે આવનારા તોફાનના સ્વાગત માટે નદી તૈયાર થઈ રહી હતી અને કાળાંડિબાંગ વાદળાં આકાશમાં દોડાદોડી કરી રહ્યાં હતાં. આવી પરિસ્થિતિમાં આટલે ઊંચે બંને હાથ બંધાયેલા હોવાથી તેને હવે ભય લાગવા માંડ્યો હતો.

એક કાગડો આવીને પોતાના માળામાં બેઠો. તારો માળો છો, તો મર એમાં , જીમોતાએ મનોમન તેને ભાંડ્યો. કાગડો કૂદીને જીમોતાના નાક પાસે આવીને બેઠો. તડકામાં તેની ચાંચ ચમકતી હતી. તેણે ડોકું ત્રાંસું કરીને જીમોતાના ચહેરા પર ચાંચ મારી. જીમોતા પ્રતિક્રિયા આપે એ પહેલાં તો કાગડાએ તેના ગાલ પર ચાંચો મારવા માંડી. તેને એટલું આશ્ચર્ય થયું કે તે ચીસ પણ પાડવાનું ભૂલી ગયો. જ્યારે પોતાના વહી રહેલા લોહીની ખારી વાસ તેના નાકમાં પહોંચી અને હોઠ સુધી આવી ત્યારે જ તેને ચીસ પાડવાનું યાદ આવ્યું. છેવટે તેણે જ્યારે ચીસ પાડી ત્યારે કાગડો પાંખો ફેલાવીને ઊડ્યો અને તેની ફરતે ચક્કર મારવા માંડ્યો અને પછી એક કઠેરા પર જઈને બેઠો. જીમોતાએ ફરી વાર ચીસ પાડી. કાગડાએ તેનો જવાબ આપ્યો. તૂતક પરથી હાસ્યનો તીણો અવાજ સંભળાવા લાગ્યો.

‘એને તો ઊલટો લટકાવવો જોઈતો હતો. એમાં વધારે મજા આવત,’ એક સ્ત્રીએ કહ્યું અને બીજી બધી ખડખડાટ હસી.

જીમોતા વિચારવા લાગ્યો કે તેને ક્યાં સુધી આમ લટકવું પડશે. દૂર ગૌરીપર્વત પર ઘેરાયેલાં કાળાં વાદળો તેને દેખાતાં હતાં. વીજળીનો ચમકારો થયો અને થોડી વાર પછી તેનો ગડગડાટ પણ તેને સંભળાયો. નદીનું પાણી ભૂખરું થઈ ગયું હતું અને નદીમાં ઊઠતી લહેરોની ટોચ પર સફેદ ફીણ દેખાતાં હતાં. પવનની ગતિ વધી પછી એકાદ ક્ષણ માટે અટકીને તે બમણા જોરથી ફુંકાવા લાગ્યો. તેના કારણે વહાણ ઊંચકાયું અને એક બાજુ નમ્યું. તે એક બાજુ નમ્યો અને તેની કોણીઓ બહુ જોરથી વળી. પછી વહાણ બીજી બાજુ નમ્યું અને તે એ દિશામાં ફંગોળાયો. વહાણ મોજાંની સાથે આમથી તેમ ફંગોળાતું રહ્યું અને તેને ચક્કર આવવા માંડ્યા. કાગડો ફરી વાર તેની પાસે આવી ગયો.

તૂતક પર ઊભેલી સ્ત્રીઓ ખડખડાટ હસી રહી હતી. ફરી વાર વહાણ. આમથી તેમ ફંગોળાયું અને જીમાતાએ પોતાની છાતી પર જ ઊલટી કરી નાખી. પોતાની ઊલટી રોકવાનો પ્રયત્ન કરી તેણે નીચે નજર કરી અને તેને નંજુન્દા ભૂવાના ભૂખરા વાળ દેખાયા. નંજુન્દા પલાંઠી

વાળીને બેઠો હતો અને તેની ફરતે સ્ત્રીઓ કુંડાળું વળીને પોતાની હથેળીઓ લંબાવીને બેઠી હતી. તેમને પોતાનું ભવિષ્ય જાણવાની આતુરતા હતી. સાલો હરામખોર, નંજુન્દો — તેણે જ ગામ પર હુમલો કરવાના શુકન જોઈ આપ્યા હતા. કેવા સરસ શુકન થયા ! તમે થોડાક દિવસોમાં બહુ ઊંચા સ્થાને પહોંચશો, એમ તેણે ભવિષ્યવાણી કરી હતી. જીમોતાને કલ્પના નહોતી કે એ શબ્દો આવી રીતે સાચા પડશે.

'એને નીચે ઉતારો,' જીમોતાને કોઈના શબ્દો સંભળાયા. થોડીક સીટીઓ વાગી, કોઈએ કંઈ ટિપ્પણી કરી જે કાનની નજીક થઈ રહેલા પવનના સુસવાટામાં જીમોતાને સંભળાઈ નહીં, અને પછી તેને ખડખડાટ હાસ્ય સંભળાયું. તેનું માથું કૂવાથંભ સાથે અથડાયું એટલે તે એકાદ ક્ષણ પૂરતા તેની આંખે અંધારાં આવી ગયાં. જ્યારે તેની આંખો ખૂલી ત્યારે તેને નીચે ઉતારવામાં આવી રહ્યો હતો. તે આમથી તેમ ઝૂલી રહ્યો હતો અને કાંડ બંધાયેલું દોરડું તેની ચામડી ચીરી રહ્યું હતું. પવનની ગતિ હજુ પણ વધી રહી હતી અને તે ભયાનક રીતે ઝોલાં ખાઈ રહ્યો હતો. તેને એમ લાગતું હતું કે તેના હાથ ખભાથી જ ઊખડી જશે અને તે માથાભેર તૂતક પર પટકાશે. એક મોટું મોજું તૂતકના આગળના ભાગમાં પટકાયું અને વહાણ એ દિશામાં નમવા લાગ્યું અને તેનાં દોરડાં ખૂલવા માંડ્યા. જીમોતા માટે બધે જ અંધારું છવાઈ ગયું. તેને ખ્યાલ નહોતો આવતો કે તે પોતે ચીસો પાડી રહ્યો હતો કે તેના કાન પાસેથી પસાર થઈ રહેલા પવનના સુસવાટ તેને સંભળાઈ રહ્યા હતા. દોરડું એટલી ઝડપથી ખૂલી રહ્યું હતું કે તે સડસડાટ નીચે આવી રહ્યો હતો અને આખી દુનિયા માત્ર એક લીલા લીસોટા જેવી દેખાઈ રહી હતી. તે હવામાં ભયાનક ઘૂમરી ખાઈ રહ્યો હતો. તે મનોમન પછડાટ માટે તૈયાર થઈ ગયો પણ છેલ્લી ઘડીએ એક આંચકા સાથે તેનું પતન રોકાઈ ગયું. ફરી વાર તે વહાણથી ચાલીસ હાથ ઉપર પહોંચી ગયો અને પોતાના કાંડાના આધારે લટકતો તે આમથી તેમ ઝોલાં ખાવા માંડ્યો. આકાશમાં વીજળીનો ગડગડાટ થયો અને વરસાદનું પહેલું ટીપું તેના ગાલ પર પડ્યું. હલેસાં મારતી સ્ત્રીઓના અવાજ સાથે ગરગડીનો અવાજ બરોબર તાલ મિલાવી રહ્યો હતો. ફરી વાર કોઈએ ધીમા અવાજે કંઈ ટિપ્પણી કરી અને તૂતક પર બીભત્સ હાસ્ય ફેલાઈ ગયું. એ લોકો મારી સાથે રમત કરી રહ્યાં છે, સાલી કૂતરીઓ. હું આનો બદલો ન લઉં, તો મારું નામ જીમોતા નહીં , તેણે દાંત કચકચાવીને વિચાર્યું.

પવન હવે વંટોળમાં ફેરવાઈ રહ્યો હતો. કમરે બંધાયેલી તેની ધોતી ઢીલી પડી ગઈ હતી અને ધજાની જેમ ફરફરી રહી હતી, જે જોઈને નીચે રહેલી સ્ત્રીઓ ખિખિયાટા કરી રહી હતી. એક ક્ષણ તો તેને એમ થઈ ગયું કે આ દોરડું તૂટી જાય અને તે નીચે પટકાઈને મરી જાય તો સારું. પછી ફરી વાર દોરડું ખૂલવા માંડ્યું અને આ વખતે તે ધીમે ધીમે ખૂલી રહ્યું હતું. પછી અચાનક દોરડું તંગ થયું અને તેના પગની આસપાસ વીંટળાઈ ગયું. પવનમાં તેની ધોતી ખેંચાઈ ગઈ અને તે મરડાયેલી હાલતમાં, ચીસો પાડતી અને હસી રહેલી સ્ત્રીઓની સામે નગ્ન અવસ્થામાં લટકી રહ્યો. આ વખતે તો હલેસાં મારનારીઓ પણ પોતાનું કામ અટકાવીને તમાશો જોવા આવી ગઈ હતી. તેને કેળાના કોથળાની જેમ ધીમે ધીમે નીચે ઉતારવામાં આવ્યો અને પછી ક્રૂરતાપૂર્વક તૂતક પર પટકી દેવાયો. ફરી વાર સ્ત્રીઓ ખડખડાટ હસી પડી.

તેમણે તેને ઝટકો મારીને ઉપર ખેંચ્યો અને પછી દોરડું ખોલી નાખ્યું. હવે માત્ર તેના હાથ જ બંધાયેલા હતા તે છતાં સમતોલન રાખવું તેના માટે અઘરું હતું. તેણે પોતાનાં ગુપ્તાંગો છૂપાવવાનો પ્રયત્ન કર્યો પણ જ્યારે જ્યારે વહાણ મોજાંઓ સાથે હલબલી ઊઠતું ત્યારે ત્યારે તેણે બધું જ જોર ઊભા રહેવામાં લગાવવું પડતું. સમતોલન જાળવવા તેણે પોતાનાં ગુપ્તાંગોની ગોપનીયતા ભૂલી જવી પડતી અને દરેક વખતે ખડખડાટ હાસ્ય અને ચીસોથી તેના પ્રયત્નોને

વધાવી લેવામાં આવતા. અલબત્ત, જ્યારે તે દરિયા પર રાજ કરતો હતો ત્યારે તેણે અપહરણ કરેલી સ્ત્રીઓની તો તેણે આનાથી પણ ઘણી ખરાબ હાલત કરી હતી. વેપારીઓની પત્નીઓ સારામાં સારી કેદી બની રહેતી. એ તેમને વહાણના મોરા આગળ નગ્ન કરીને બાંધી દેતો અને પછી એમની કેટલી કિંમત મળશે એનું અનુમાન લગાવવા માટે એ તેમનું બારીકાઈથી નિરીક્ષણ કરતો. હવે જ્યારે નસીબે પલટો માર્યો હતો ત્યારે એવી જ પરિસ્થિતિમાં તેની અંદર ક્રોધ ખળભળી રહ્યો હતો.

હું આનો બદલો અવશ્ય લઈશ, કૂતરીઓ. કોઈ પણ પુરુષ સાથે તમે આવું વર્તન ન કરી શકો. સ્ત્રીઓને એવો અધિકાર જ નથી કે તેઓ કોઈ પણ પુરુષ સાથે આવું કરી શકે, ખાસ કરીને મારા જેવા ભયાનક ચાંચિયા સાથે તો નહીં જ , એમ તે મનોમન વિચારતો રહ્યો.

ભયાનક ! થૂ ! વિચારીને તે થૂંક્યો. અત્યારે તો તે કોઈ દારૂડિયા ગામડિયા જેવો વધારે લાગતો હતો. જ્યારે બદનસીબી આવે છે, ત્યારે એ કદી પણ એકલી નથી આવતી. બદનસીબી પોતાની સાથે પોતાના કાકા, કાકી, પિતરાઈ અને રાંડોને પણ લઈને જ આવે છે. કૂવાથંભ પાસે બંધાયેલા તેના જ માણસો તેને જોઈને મરકી રહ્યા હતા. જો આ મુસીબતમાંથી તે ગમે તે કરીને ઊગરી પણ ગયો, તો પણ આ ઘટના પછી કોઈ તેનાથી ડરશે નહીં. જીમોતાના ખભા નિરાશાથી ઝૂકી ગયા. આ સમાચાર તો અચૂક ફેલાશે. હવે તે જ્યારે કોઈ ગામમાં ચડી જશે ત્યારે તેને જોઈને કોઈ ભયથી ભાગશે નહીં. તેના બદલે, લોકો તેને જોઈને હસવા માંડશે. દિવાળી કે દશેરાના તહેવારોમાં વિદૂષકો ઉમરાવોના ઘરમાં પોતાની આ ચીસાચીસનો અભિનય કરશે. એ લોકો તો કદાચ આના ઉપરથી આખું નાટક જ બનાવી નાખશે. પોતે જે રીતે કાળી, કદરૂપી, નીચ વર્ણની સ્ત્રીઓ સામે નગ્ન ઊભો છે, તેની તે લોકો નકલ કરશે. સાલા ખેડૂતો. અને તેના ભોગે અચિ નાગમ્માની દંતકથા વધુ મોટી અને લોકપ્રિય બનશે.

એક છોકરીએ પાણીમાં પડેલી તેની ધોતી માછલી પકડવાના કાંટા વડે ઉપાડી અને એ કાંટા પર જ લટકતી રાખીને તેની સામે લાવી. તેણે એ ધોતી જીમોતાના માથાની ઉપર ધરી રાખી અને જ્યારે તેણે એ પકડવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેણે ધોતી વધારે ઊંચી, તેની પકડની બહાર કરી નાખી. જ્યારે પણ ધોતી પકડવા તે કૂદકા મારતો, ત્યારે તેનું પુરુષાતન ખુલ્લું પડી જતું અને તેના દરેક પ્રયત્નને ખડખડાટ હાસ્યથી વધાવી લેવામાં આવતો. બીજી કોઈ છોકરીએ સડેલી માછલી તેની પીઠ પર ફેંકી અને થોડી વારમાં તો બધી સ્ત્રીઓ તેનો ઉપયોગ નિશાનો સાધવા માટે કરવા માંડી. ભૂવો નંજુન્દા ત્યાં બેઠો બેઠો વાંદરાની જેમ હસતો હતો અને તમાશાનો આનંદ લઈ રહ્યો હતો. હું તને એકાંતમાં મળું એટલી જ વાર છે , એમ જીમોતા વિચારતો હતો તે વખતે એક માછલી તેના નાક પર વાગી. તે હલ્યા વિના ઊભો રહ્યો અને પોતાના બંધાયેલા હાથથી પોતાની શરમ ઢાંકતો રહ્યો. હવે એ પોતાની ધોતી માટે વાંદરાની જેમ કૂદકા મારીને એ લોકોને મજા નહીં કરાવે. તેણે મનોમન નદીમાં કૂદી પડવાનો વિકલ્પ પણ વિચારી જોયો પણ વહાણની આસપાસના પાણીના પ્રવાહની ગતિ અને વાવાઝોડાના સુસવાટાને કારણે તેણે મૃત્યુ પામવા કરતાં નગ્ન રહેવાનું વધારે પસંદ કર્યું.

'અહીંયાં શું ચાલી રહ્યું છે ?' બધા ઘોંઘાટની ઉપર થઈને અવાજ સંભળાયો અને બધા જ ચુપ થઈ ગયા. જે છોકરી માછલી પકડવાના કાંટામાં જીમોતાની ધોતી ભરાવીને તેને પજવી રહી હતી. તેણે ધોતી જીમોતાના ખભા પર નાખી અને દોડીને હવે ટટ્ટાર ઊભેલી સ્ત્રીઓ સાથે જોડાઈ ગઈ. જીમોતા તેને તાકી રહ્યો અને પોતે ભયાવહ છે તેવો દેખાવ કરતો કરતો તેનો ચહેરો પોતાની સ્મૃતિમાં છાપી નાખવા મથતો રહ્યો.

'શ્રીમંત, તમારી જાતને બરોબર ઢાંકી લો. આસપાસમાં ઘણી યુવતીઓ છે,' અચિ

નાગમ્માએ એવા મૃદુ અવાજે કહ્યું જેવો અવાજ કોઈ પણ દાદીનો હોઈ શકે.

જીમોતા તેની તરફ તાકી રહ્યો. બીજી બધી વસ્તુઓ કરતાં પણ તેને આ ડોસીના કટાક્ષથી તો બહુ જ નફરત હતી. એ તેને શ્રીમંતનું સંબોધન કરી રહી હતી, જાણે એ કોઈ ઉમરાવના ઘરે જન્મેલ નરમ અને મૂર્ખ યુવાન હોય. તેના ચહેરા પર લુચ્ચું સ્મિત આવી ગયું, 'દેવી, કૃપા કરીને મારા હાથ ખોલી નાખો જેથી હું મારી ધોતી બાંધી શકું.'

'તમને એવું કેમ લાગે છે, શ્રીમંત, કે આ મારી છોકરીઓ તમારી એટલી પણ મદદ નહીં કરે ? એય છોકરીઓ, શ્રીમંતની ધોતી બાંધવામાં મદદ કરો.'

તેને ચીડવનારી છોકરી જ આગળ આવી. તેણે જીમોતાના ખભા પરથી ધોતી લીધી. એ જ્યારે જીમોતાની કમર પર ધોતી બાંધી રહી હતી ત્યારે તે ધીમેથી બોલ્યો, 'છોકરી, તે શું કર્યું છે એનો તને અંદાજ નથી.' પેલીએ નજર ઊંચી કરીને તેની તરફ સ્મિત કર્યું. તેણે જીમોતાની ધોતીની ગાંઠ ખોલવાનો પ્રયત્ન કર્યો. જીમોતાએ ધોતીને નીચે પડતી અટકાવવાનો પ્રયત્ન કર્યો પણ તે અટકાવી શક્યો નહીં. એ નીચે પડીને તેના પગ ફરતે વીંટળાયેલી રહી. આખા તૂતક પર હાસ્યનું મોજું ફરી વળ્યું.

અચિ નાગમ્માએ પોતાની લાકડી પછાડી અને બધાં શાંત થઈ ગયાં.

'એલી ?' નાગમ્માએ કડક અવાજે પૂછ્યું.

'ક્ષમા, અચિ,' પેલી છોકરી બોલી. તેણે ફરી વાર ધોતી ઉપાડીને જીમોતાની કમર ફરતે બાંધી. ધોતી બાંધતી વખતે તેની આંગળીઓ જીમોતાની ચામડી પર ફરતી રહી અને તેની જે અસર જીમોતા પર પડી રહી હતી તેના કારણે તે એ છોકરીને ભાંડતો રહ્યો. આ બહુ અપમાનજનક ઘટના હતી. એ છોકરી છેવટે લુચ્ચા સ્મિત સાથે ગઈ. વાવાઝોડાને કારણે વહાણ આમથી તેમ ડોલતું હતું અને ચિચુડાટ પણ કરતું હતું. ઘરડી ડોસી આ હાલકડોલક થઈ રહેલા વહાણમાં પણ તૂતક પર સમતોલન જાળવીને મક્કમતાથી ઊભી હતી અને તેની તરફ તાકી રહી હતી. જ્યારે પોતાના વહાણનો બાર વર્ષથી પણ વધારે સમય સુધી કપ્તાન રહેલા જીમોતાને સમતોલન જાળવવામાં મુશ્કેલી પડી રહી હતી.

ગૌરીપર્વતના ગાઢ જંગલમાંથી રસ્તો કરીને આવી રહેલો પાણીનો પ્રવાહ હવે વધારે મોટો અને સ્વચ્છ લાગતો હતો. એ લોકો અત્યારે પાણીના પ્રવાહની વિરુદ્ધ દિશામાં જ આગળ વધી રહ્યાં હતાં.

'તો ?' અચિએ પૂછ્યું.

'તો શું ?' જીમોતાએ પોતાની હડપચી ઊંચી કરીને પૂછ્યું.

'આવી બધી રમતો રમવા માટે હું બહુ ઘરડી છું, શ્રીમંત. અને જે ચાલી રહ્યું છે એ જોઈને બધાને ખ્યાલ તો આવ્યો જ છે કે તમે પણ હવે છોકરડા તો નથી જ. તમે કોના માટે કામ કરી રહ્યા છો એટલું મને જણાવી દો અને તમારા આ નકામા જીવનને હું સજાપાત્ર નહીં ગણું.'

'હું તો કંઈ તારો નોકર છું?' જીમોતાએ ગુસ્સામાં કહ્યું.

'અરેરે. તમારી ભાષા પર કાબૂ રાખો, શ્રીમંત. આપણી આસપાસ યુવતીઓ ઊભી છે.'

'ઓહ દેવી, હું દિલગીર છું. હું જાણું છું કે બધી જ પ્રતિષ્ઠિત અને શરમાળ યુવતીઓ છે. ક્ષમા,' જીમોતાએ ઝૂકીને દાક્ષિણ્ય દાખવવાની અદામાં કહ્યું. એ બધી યુવતીઓ ખિખિયાટા કરવા માંડી. અચિએ પોતાનો હાથ ઊંચો કર્યો અને ફરી વાર નિરવ શાંતિ છવાઈ ગઈ. વીજળીનો ગડગડાટ થયો અને આખું જહાજ હલબલી ઊઠ્યું.

'એમ લાગે છે કે ઇન્દ્ર કોપાયમાન થયા છે, દેવી. વીજળી દેવ ગર્જી રહ્યા છે. એક પ્રમાણિક માણસની તમે જે દુર્દશા કરી છે તે તેમને ગમી નથી લાગતી.' જીમોતાએ સ્મિત કર્યું.

'પ્રમાણિક ? અલબત્ત...શ્રીમંત, એક પ્રશ્નનો જવાબ પ્રમાણિકતાથી આપો અને હું આ છોકરીઓને સમજાવીશ કે તે લોકો તમને ફેંકી દઈને વરુણને ખુશ કરવાનું આયોજન રદ કરે.'

'ઓહ...ના...મને પાણીનો ભય લાગે છે. હંમેશાથી લાગતો આવ્યો છે, સિવાય કે...સિવાય કે...જ્યારે મારું વહાણ અંધકારમાં અખાતના કાળા પાણીમાં ડૂબ્યું ત્યારે હું આખી રાત તર્યો હતો...કે પછી જ્યારે દરિયામાં મારું વહાણ ડૂબ્યું ત્યારે લાકડાના નાનકડા પાટિયા પર હું બે મહિના એકલો તરતો રહ્યો હતો...'

'તમે હોડી અને વહાણ ડુબાડવામાં કુશળ છો, એમ લાગે છે,' અચિએ સસ્મિત કહ્યું.

'અરે, એવું તો કાયમ થાય છે. હું બહુ નસીબદાર માણસ છું. કૃપા કરીને તમે તમારી છોકરીઓને કહેશો કે તેઓ મને પાણીમાં ફેંકી દે ? હું બહુ જ ડરેલો છું પણ કદાચ હું મારી જાતને તરવા માટે મનાવી લઈશ.'

'અલબત્ત, શ્રીમંત, હું આશા કરું છું કે તમે મગરમચ્છોથી વધારે ગતિથી તરી શકશો.'

જીમોતાએ મનોમન ગાળ ભાંડી.

'પુત્ર, બહુ વાતો થઈ. મને માત્ર એટલું જ કહો કે આ ઉમદા કાર્ય તમે કોના માટે કરી રહ્યા છો ?' અચિ નાગમ્માએ તેની દિશામાં થોડાંક ડગલાં ભર્યાં અને પોતાની લાકડી વહાણના તૂતક પર ઠપકારી. એ સાવચેતીપૂર્વક તેની દિશામાં જોઈ રહ્યો. એની પર કૂદકો મારીને તેને પાડી દેવી સંભવ છે ? એના બંધાયેલા હાથમાં પણ જો એ ડોસીનું ગળું એક વાર પકડાઈ જાય, તો તેને પકડી રાખીને એ પોતાની આઝાદી મેળવી શકે છે.

યોદ્ધા સ્ત્રીઓ પણ અત્યારે તો ધનુષ પર બાણ ચડાવ્યા વિના જ ઊભી હતી. એ બધી એકદમ નચિંત બની ચૂકી હતી અને તેને હવે ભયજનક માનવામાં આવતો નહોતો. જોકે એના માટે તો એમને દોષ પણ ન આપી શકાય. બંધાયેલા હાથ વડે પોતાની શરમ ઢાંકવાનો પ્રયત્ન કરનાર પુરુષને જોયા પછી તેનાથી ભય પામવો અઘરી બાબત હતી. એમને વધારે નચિંત બની જવા દો. જીમોતાએ પોતાના શરીરનું વજન એક પગ પરથી બીજા પગ પર લીધું અને નીચે જોવા લાગ્યો.

'હું વેપારી છું અને હું મારી જાત માટે જ કામ કરું છું,' તેણે કહ્યું.

'અલબત્ત તું વેપારી તો છે જ — અને હું પણ માહિષ્મતીની રાણી જ છું.' અચિએ તેની પ્રદક્ષિણા કરી. તેના ચહેરા પર ઠંડો પવન ફુંકાયો. વહાણ પણ થોડુંક ડોલ્યું.

'તમારે શું જોઈએ છે ?' જીમોતાએ અવળા ફરીને તેની દિશામાં પોતાનો ચહેરો કરવાનો પ્રયત્ન કર્યો પણ એ ડોસીએ પોતાની લાકડી વડે તેના માથા પર ટકોરો માર્યો. જીમોતાને એ લાકડી પકડવાની ઇચ્છા થઈ આવી પણ તે એવો કોઈ પ્રયત્ન કરે એ પહેલા તો એ ડોસીએ લાકડી પાછી પણ ખેંચી લીધી. હવે તે તેની સામે આવીને ઊભી રહી, માત્ર ત્રણ હાથ જ દૂર. આ તેના માટે તક હતી.

એણે તેની તરફ કૂદકો માર્યો અને તે બાજુમાં ખસી ગઈ. જીમોતા મોંભેર પછડાયો. ફરી વાર તૂતક પર હાસ્યનું મોજું ફરી વળ્યું. તેણે ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ નાગમ્માએ લાકડીથી તેની બોચી નીચી દબાવી રાખી હતી.

'શ્રીમંત, હું જ્યારે નાની હતી ત્યારે મારા દાદાએ મને સુષુમ્ના નાડી વિષે જણાવ્યું હતું, એ નાડી જે તારી કરોડરજ્જુની અંદર છે. એ એમ કહેતા હતા કે યોગ્ય જગ્યાએ એક જ ફટકાની

જરૂર હોય છે. અને મારા જેવી સાત દાયકા જોઈ ચૂકેલી સ્ત્રી પણ એટલો ફટકો તો અવશ્ય મારી શકશે. શ્રીમંત, હવે તમે જવાબ આપવાનું પસંદ કરશો કે પછી આખું જીવન કોઈ જીવાતની જેમ સરકતા સરકતા જીવવાનું પસંદ કરશો ?'

જીમોતાની કોઈ ઇચ્છા નહોતી કે એ નાગમ્માના દાદાના શરીરરચના શાસ્ત્રના જ્ઞાનની પરીક્ષા લે. અચિ નાગમ્માએ લાકડી જરા વધારે દબાવી અને તેને ચક્કર આવવા માંડ્યા.

'કૃપા કરો,' તે બોલી ઊઠ્યો. 'હું...હું વાત કરીશ.'

તેને દબાણ ઓછું થતું હોય એમ લાગ્યું અને તે ધીમે ધીમે ઊભો થયો. વહાણ વળાંક લઈ રહ્યું હતું અને હલેસાં મારનારીઓ વહાણને કાંઠાની પાસે લઈ જઈ રહ્યાં હતાં જેથી વચ્ચે બહાર નીકળી આવેલા ખડક સાથે ટક્કર ટાળી શકાય. એ ખડકના તળિયા પાસે પાણીનાં ફીણ વળી રહ્યાં હતાં અને બાકીના ભાગમાં પાણી ઝડપથી વહી રહ્યું હતું અને ત્યાં ઊંડાણ પણ વધારે હતું. આવા પ્રવાહની વિરુદ્ધ દિશામાં જવા માટે અદ્ભુત કૌશલ્યની આવશ્યકતા હતી. એ જગ્યાને રાક્ષસી કોતર તરીકે ઓળખવામાં આવતી હતી. એ જગ્યા માહિષ્મતી નદીની વહાણ ચલાવવા માટેની સૌથી અઘરી જગ્યા હતી અને ત્યાં ઘણાં વહાણો ડૂબ્યાં પણ હતાં. પાણી બહુ છેતરામણી રીતે શાંત હતું પણ એ જાણતો હતો કે પાણીની અંદર બહુ ભારે પ્રવાહ ચાલતો હતો.

'હું મારો માલસામાન ભેગો કરવા...'

'ગામો પર હુમલા કરે છે, પુરુષોને મારી નાખે છે અને સ્ત્રીઓ તેમજ બાળકોને ગુલામ બનાવી દે છે, એમ કહેવું હતું ને તારે...'

'સમય બહુ ખરાબ છે અને ધંધો પણ ચાલી નથી રહ્યો,' તેણે કહ્યું. વહાણ સાંકડી કોતરમાંથી પસાર થઈ રહ્યું હતું અને મોરો પાણીને કાપતો બરાબર આગળ વધી રહ્યો હતો. પાણીની એક છાલકથી તૂતક ભીંજાઈ ગયું. તેણે બહુ ચોકસાઈથી સમયસર કામ પતાવવાનું હતું. તેને પાણીનાં મોજાં કિનારે અથડાવાનો અવાજ બરોબર સંભળાઈ રહ્યો હતો.

'ગરીબોને પકડવા એ તારો ધંધો છે. તું એમને ગુલામ બનાવે છે, માલસામાનની જેમ તેમની હેરફેર કરે છે, મારે છે, બળાત્કાર કરે છે અને જરા પણ દયા દાખવ્યા વિના તેમને લૂલા-લંગડા પણ બનાવી દે છે. જોકે અમારે તો એક જ વાત જાણવી છે — તને રૂપિયા કોણ ચૂકવે છે ?' અચિ નાગમ્મા હવે તેની પાછળ હતી. તેણે પોતાના ચહેરા અને હાથ પરથી પાણી લૂછ્યું અને ઝડપથી પોતાની તક ગણવા માંડ્યો. તેણે અચિને વાત કરવા દીધી.

'તારા જેવા માણસો માનવજાત માટે અભિશાપ છે. તેં કેટલાં કુટુંબો ઉજાડ્યાં છે, કેટલા છોકરાઓને અનાથ કર્યા છે અને કેટલા લોકોનાં અપહરણ કર્યાં છે. શ્રીમંત, તમારા જેવા કોઈએ કરેલા હુમલામાં મેં મારું કુટુંબ ગુમાવ્યું ત્યારથી હું આ ધંધા બંધ કરાવવાનો પ્રયત્ન કરી રહી છું. મારા બે પુત્રોને મારી નંખાયા, મારી વહુઓને પકડી જવાઈ અને મારા પૌત્રોનો તો કોઈ પત્તો જ નથી. ચાર વર્ષ સુધી હું માહિષ્મતીના એક છેડાથી બીજા છેડા સુધી રખડી, પાગલોની જેમ અને મારા પૌત્રો અને નાનકડી પૌત્રીને શોધતી રહી. ચાર વર્ષ સુધી. પછી હું હઠયોગી સિદ્ધશ્વરને મળી, જેમણે મારું પાગલપન દૂર કર્યું.'

અચિ નાગમ્મા હવે તેની સામે હતી.

'તો ખરેખર એ યોગીએ સારવાર બરોબર નથી કરી,' જીમોતાએ કહ્યું. ઘણા બધા લોકોએ એક સાથે ઊંડા શ્વાસ લીધા. કેટલાંક મ્યાનમાંથી તલવારો બહાર ખેંચાયાનો અવાજ પણ તેને સંભળાયો.

અચિ નાગમ્માના કરચલીવાળા ચહેરા પર ક્રૂર સ્મિત હતું. 'હા, શ્રીમંત. તમે સાચું કહો છો. અને જો તમે પોપટની જેમ એમ નહીં બોલવા માંડો કે આ ગુલામો કોણ ખરીદે છે, કોણ તમને રૂપિયા ચૂકવે છે, એ લોકોને ક્યાં લઈ જવાય છે, તો તમને એ પણ જાણવા મળી જશે કે હું હજી કેટલી પાગલ છું. રાજા જ્યારે પોતાના લોકોને બચાવવા કશું જ નથી કરતો, ત્યારે મારા જેવી પાગલ સ્ત્રીએ જ એ કામ કરવું પડે છે. આ જ છે મારા દેશ અને મારા દેશવાસીઓની સાચી સેવા.'

'કદાચ અમારા વેપારનો સીધો ફાયદો રાજાને પણ થતો હોય,' તેણે કહ્યું. તેને ગુસ્સે કરવાની ગણતરી સાથે જ જીમોતાએ એમ કહ્યું હતું. સૈનિક છોકરીઓ અને ગ્રામવાસીઓમાં ગણગણાટ થવા માંડ્યો.

'જો અમારા રાજા વિષે તું જરા પણ એલફેલ બોલ્યો તો હું તારી ગંધાતી જીભ કાપી નાખીશ.' આગળ આવીને એલી બોલી. તેણે પોતાનું ખંજર ખેંચી કાઢયું હતું પણ નાગમ્માએ પોતાની લાકડી ઊંચી કરીને તેને અટકાવી.

'દેશભક્ત બળવાખોરો ? બહુ આશ્ચર્યજનક કહેવાય. રાજા પ્રત્યેની તમારી સમર્પણભાવના મને સ્પર્શી ગઈ. ઓહ, મને દેશભક્તો તો બહુ જ ગમે છે, ખાસ કરીને એવા દેશભક્તો જે પ્રમાણિક વેપારીઓને પજવતા હોય,' જીમોતા ખડખડાટ હસ્યો.

'તમારી ગંધાતી જીભને દારૂના પીઠા માટે અનામત રાખો. આ અચિનો દરબાર છે. અહીંયાં માત્ર સત્ય જ બોલવામાં આવે છે.'

'તો હું સાચું જ બોલ્યો છું. હું તો રાજાના હુકમ અનુસાર જ ગામો લૂંટું છું.'

પોતાને કારણે ફેલાઈ રહેલી ઉશ્કેરણીથી જીમોતાને આનંદ થઈ રહ્યો હતો. સ્ત્રીઓ અચિ નાગમ્મા સાથે વાત કરી રહી હતી. વળાંક પછી નાનકડો ધોધ આવવાનો હતો અને યમકંદા ધોધ પણ થોડાક જ દૂર હતો. ત્યાં સુધી રાહ જોવી ખરેખર બહુ જોખમી થઈ પડશે.

ઘનઘોર વાદળોમાં સૂરજે કાણાં પાડી દીધાં હતાં અને પાણી ઉપર તડકો વરસી રહ્યો હતો. કાળાં મોજાં પર સોનેરી તડકાના ટુકડાનો શણગાર થયેલો હતો. મરવા માટે કેટલો સરસ દિવસ છે , તેણે મનોમન વિચાર્યું. થોડાંક ડગલાં ભરીને તે તૂતક પરથી કૂદી શકે તેમ હતો પણ પેલા ખડકાળ કાંઠાની બહુ પાસે પડાય એમ લાગતું હતું. જો તે વહાણની ડાબી બાજુ જઈ શકે તો તે કોતર બાજુ કુદી શકે એમ હતો. આવા પ્રવાહમાં બંધાયેલા હાથ સાથે તરવામાં બહુ જ મુશ્કેલી પડે તેમ હતી. તેને એવી આશા હતી કે પાણીનો પ્રવાહ જ તેને કોતરથી દૂર લઈ જશે. તેની પાસે બે જ વિકલ્પ હતા : કોઈ ગંધાતા વહાણના તળિયે ભેજવાળી કોટડીમાં પીડાઈ મરવું કે દરિયાખેડુને છાજે એમ પાણીમાં ડૂબી મરવું. બધું ભાડમાં જાય. તે આવા ખરાબ વિચારો કરવા નહોતો માંગતો. તે આનાથી પણ બદતર પરિસ્થિતિમાંથી બચી ગયો હતો.

'ડોસી, જો તું રાંડ બની જાય, તો તારો ખજાનો જેમ ખાલી રહે એમ જો મારા જેવા લોકો ન હોય તો માહિષ્મતીનો ખજાનો પણ ખાલી જ રહે.'

આ વખતે ઘણી બધી તલવારો ખેંચાઈ ગઈ. એલીએ બૂમ પાડી, 'આના ગંધાતાં આંતરડાં કેવાં લાગે છે, એ મારે જોવું છે ! અચિ, મને મંજૂરી આપો.'

'ઊભી રહે, ત્યાં જ ઊભી રહે, એલી,' નાગમ્માએ પોતાના ઉશ્કેરાયેલા અનુયાયીઓને નિયંત્રણમાં રાખવાનો પ્રયત્ન કર્યો. એ બધાં જીમોતા સામે હવામાં તલવાર ચલાવી રહ્યાં હતાં અને મારવા-કાપવાની બૂમો પાડી રહ્યાં હતાં. જીમોતા વહાણના કઠેરા નજીક સરકવા માંડ્યો.

મોભ સુધી પહોંચવા કેટલાં ડગલાં ભરવાં પડશે એનો તેણે અંદાજ માંડ્યો. પંદર ડગલાં. કદાચ એ પહોંચી શકશે. તે દોડ્યો. નાગમ્માનો ચહેરો તેના અનુયાયીઓ સામે હતો પણ તેણે જીમોતાના દોડવાનો અવાજ સાંભળ્યો. તે તેની તરફ ફરી અને થીજી ગઈ.

'એલી,' તે ગર્જી અને એલીએ પોતાના મ્યાનમાંથી ખંજર ખેંચી કાઢ્યું. પોતાની ગતિ ધીમી કર્યા સિવાય જીમોતા વળ્યો અને તૂતક પર રગડી રહેલા એક પીપડાને તેણે લાત મારી. એ પીપડું ઊછળીને એલીના ચહેરા પર અથડાયું. તે પીઠભેર નીચે પડી. કપ્તાનની ઓરડી બાજુથી બે સ્ત્રીઓ તેની તરફ તીણા અવાજે ચીસો પાડતી દોડી. તેમની તલવારો તેમના ખભાથી ઉપર તણાયેલી હતી પણ જીમોતાએ વહાણના કૂવાર્થભે બંધાયેલું એક દોરડું પકડ્યું અને પોતાની જાતને ઉપર ઉલાળી. ઉપર તણાયેલી બંને તલવારો પરથી ગુલાંટ ખાઈને તે વહાણની ડાબી બાજુ જઈ પડ્યો. કપ્તાનની ઓરડી પર એક તીર ખૂંપ્યું અને બીજું તેની ગરદનથી એકાદ આંગળ જેટલું જ દૂર રહીને પસાર થયું. સ્ત્રી યોદ્ધાઓનાં પગલાં તેની દિશામાં આવી રહ્યાંનું તે સાંભળી શકતો હતો. એક ભાલો તેના કાન પાસેથી સુસવાટ કરતો પસાર થયો. એક લાકડાનું પીપડું તેના ખભા ઉપર થઈને તેની આગળ જ ધડામ કરતું પડ્યું અને તેમાંથી તાડી રેલાવા માંડી. તે લપસ્યો અને પડ્યો, પછી ઊભો થઈને દોડ્યો. એક તલવારે તેની મોજડીની એડી કાપી નાખી. એક ફંદો તેના ડાબા પગ ફરતે ભરાયો પણ એને ખેંચીને બાંધી દેવામાં આવે એ પહેલાં તો તેણે પોતાનો પગ તેમાંથી બહાર કાઢી નાખ્યો. તેને પેલી ડોસીની ચીસો સંભળાતી હતી, 'આપણે તેને જીવતો પકડવાનો છે. એલી, પકડ એને, જીવતો જ પકડજે.'

સઢના દોરડા પર કૂદીને તે કપ્તાનની ઓરડી પર ચડી ગયો. ક્ષણાર્ધ પછી એ ઓરડી પર બીજું કોઈ ધબાક કરતું ઊતર્યાનું તેને સંભળાયું. ડાબી બાજુ વીસ હાથ નીચે તેને પાણીનો ઘૂઘવતો પ્રવાહ દેખાતો હતો. બહુ ભયાનક દૃશ્ય હતું અને કોઈ પણ ડાહ્યો માણસ એ રાક્ષસી કોતરમાં કૂદવાનું સાહસ કરે નહીં. તેણે પાછળ નજર કરી તો એલી તેની તરફ ધસી રહી હતી. અડધી ક્ષણ પૂરતો તે અચકાયો. એલીએ તેનું કાંડુ પકડીને તેને તૂતક પર ફેંકવાનો પ્રયત્ન કર્યો. પણ જીમોતાએ તેના હાથ પકડી લીધા, તેને ઊંચકી અને પોતાની સાથે જ લઈને તે ચીસ પાડતો રાક્ષસી કોતરના ઘૂઘવતા કાળા પાણીમાં કૂદી પડ્યો.

૨૫

શિવગામી

શિવગામી કપડાંનો મોટો ઢગલો ધોઈ રહેવા જ આવી હતી કે એક દૂત તેને ઉપપ્રધાન સ્કંદદાસના કાર્યાલયે જવા માટે બોલાવવા આવ્યો. રેવમ્મા તેને ત્યાં લઈ ગઈ એ વાતને થોડાક દિવસ વીતી ચૂક્યા હતા અને શિવગામીને એ દિવસથી જ આવું બનવાનો ભય હતો. શું સ્કંદદાસે એવું કંઈક શોધી કાઢ્યું હતું કે જેથી એ કોઈ અજાણ્યા અપરાધમાં સંડોવાઈ જવાની હતી? કે પછી એ પુસ્તકમાં એવું કંઈક હતું જે તેના પિતાના નામ પર લાંછન લગાડવાનું હતું ?

દૂત સાથે એ નતમસ્તક જઈ રહી હતી ત્યારે પહેલાં માળેથી થોંડકાએ તેને મહેણાં માર્યાં. આ પરિસ્થિતિમાં રેવમ્મા તો બહુ જ ઉત્તેજિત હતી અને એ પોતે પણ શિવગામી સાથે જવા માંગતી હતી પણ દૂતે શિવગામી સાથે બીજા કોઈને પણ આવવાની સ્પષ્ટ ના પાડી દીધી. ઉપપ્રધાને એવી સ્પષ્ટ સૂચના આપી હતી કે શિવગામીને એકલી જ લાવવી.

શિવગામી ડરતાં ડરતાં સ્કંદદાસના કાર્યાલયમાં પ્રવેશી. તેના પ્રવેશ્યા પછી કાર્યાલયનો દરવાજો બંધ થઈ ગયો એટલે તેને આશ્ચર્ય થયું. તેણે જોયું કે સ્કંદદાસ પોતાના કામમાં ડૂબેલો હતો. મેજ પર ઘણાંબધાં હસ્તલિખિત પુસ્તકો પથરાયેલાં પડ્યાં હતાં.

'બેસ,' સ્કંદદાસે માથું ઊંચું કર્યા વિના કહ્યું. તે મેજ પાસે ગઈ અને મુલાકાતીઓ માટે રાખવામાં આવેલી ખુરશી પાસે જઈને ઊભી રહી પણ બેઠી નહીં. તેણે જોયું કે એ તેના પિતાનું પુસ્તક જ વાંચી રહ્યો હતો અને તેના હૃદયના ધબકારા વધી ગયા.

તેણે માથું ઊંચું કરીને પોતાની આંખોથી સૂચવ્યું કે શિવગામીએ બેસવું જોઈએ. છેવટે તે બેઠી તો ખરી પણ ખુરશીની ધાર પર જ.

'આ તને ક્યાંથી મળ્યું ?' સ્કંદદાસે પૂછ્યું.

કોઈ માની શકાય એવું બહાનું શોધવા માટે શિવગામી મગજ ચલાવવા માંડી પણ તેને કંઈ સૂઝયું નહીં.

'આ તો માત્ર ધાર્મિક પુસ્તક છે,' તે ધીમા અવાજે બોલી.

'તને જોતાં એવું તો જરા પણ નથી લાગતું કે તું ધાર્મિક હોય. તારા અનાથાલયના વડાને ગેરમાર્ગે દોરવા મેં જે ગપ્પું માર્યું હતું તે હવે તું મારી સામે ચલાવીશ નહીં,' સ્કંદદાસે થોડાક આગળ નમીને કહ્યું.

'એ મારા પિતાજીનું છે,' શિવગામીએ પગના અંગૂઠા તરફ જોતાં કહ્યું.

'ભૂમિપતિ દેવરાયનું, એમ ? દેશદ્રોહી દેવરાયનું ?'

'મારા પિતાજી દેશદ્રોહી નહોતા,' શિવગામીએ નજર ઊંચી કરીને નાક ફુંગરાવતા કહ્યું.

'હું હવે નથી માનતો,' સ્કંદદાસે કહ્યું.

શિવગામીએ કોઈ જવાબ આપ્યો નહીં. સ્કંદદાસ તેની પ્રતિક્રિયાઓ અવલોકી રહ્યો હતો. શિવગામી જરા પણ ખચકાઈ નહીં.

'એ તને કેવી રીતે મળ્યું અને ક્યાંથી ?'

'એ હું મારા ઘરેથી લઈ આવી હતી.'

'ભૂમિપતિ તિમ્માના ઘરેથી ?' સ્કંદદાસે ભ્રકુટી ચડાવીને પૂછ્યું.

'ના, મેં કહ્યુંને કે મારા ઘરેથી લાવી છું.'

'પણ એ તો બંધ છે. તેના પર તો રાજવી મહોર પણ મારેલી છે.'

'મેં એ તોડી નાખી, હવેલીની અંદર ગઈ અને આ પુસ્તક લઈ આવી. મને અનાથાલયમાં મોકલવામાં આવી એના પહેલાં જ મને અમારી એક જૂની ચાકરે આ વાત જણાવી હતી. એ ચાકર તો હવે મરી ગઈ છે એટલે એને શોધવાનો પ્રયત્ન ન કરતા,' શિવગામીએ કહ્યું. હવે શિવગામી તેની ખુરશીમાં ટેકો દઈને મક્કમતાથી બેઠી. તેણે હવે સત્ય કહી દીધું હતું અને એનાં જે પણ પરિણામ આવે તે ભોગવવા માટે એ તૈયાર હતી. તેણે અદબ વાળીને માથું ખુરશી પર ટેકવીને આત્મવિશ્વાસપૂર્વક સ્કંદદાસની સામે જોયું.

'તું બહુ બહાદુર છોકરી છે.' સ્કંદદાસના કઠોર ચહેરા પર સ્મિતની રેખા ફરકી ગઈ પણ ક્ષણાર્ધમાં તો તે સ્મિત અદૃશ્ય પણ થઈ ગયું. તેનો અવાજ ગંભીર બની ગયો, 'શિવગામી — એ જ તારું નામ છે, બરોબર? હા, શિવગામી, હવે હું તને જે કહું એ ધ્યાનથી સાંભળજે.'

શિવગામીએ ડોકું હલાવીને હા પાડી પણ સ્કંદદાસના ચહેરા પરના હાવભાવ જોઈને તે તંગ થઈ ગઈ હતી.

'આ પુસ્તક તારા પિતાનું નથી. તારા પિતાએ એ ચોર્યું હતું.'

શિવગામી બંને હાથ મેજ પર પછાડીને ઊભી થઈ ગઈ. તેની ખુરશી તેની પાછળ ઊંધી પડી ગઈ. 'આપની હિંમત જ કેવી રીતે થઈ આવું બોલવાની !' તે બોલી ઊઠી.

'બહુ ઉત્તેજિત થઈ જવાની જરૂર નથી, છોકરી. મારી પાસે એના બધા જ પુરાવા છે, લગભગ બધા જ. આ પુસ્તક માહિષ્મતીના રાજવી પુસ્તકાલયનું છે. હું રાજ્યની તમામ વસ્તુઓની નોંધ કરવાનું કામ બહુ જ ખંતપૂર્વક કરી રહ્યો છું. બાર વર્ષ પહેલાં રાજવી પુસ્તકાલયના એક ભાગમાં આગ લાગી હતી, મહામકામના થોડાક દિવસ પહેલાં જ. એ આગમાં ઘણાં પુસ્તકો બળી ગયાં હતાં અને અત્યાર સુધી એમ જ માનવામાં આવતું હતું કે આ પુસ્તક પણ તેમાંનું જ એક હશે.'

તેણે તાડપત્રોનો એક થપ્પો તેની સામે મૂક્યો. 'આ પુસ્તક રાજવી દસ્તાવેજોનો એક ભાગ હતો. એ ઓળખી કાઢવું તો એકદમ સરળ છે, કારણ કે એ એક જ પુસ્તક પૈશાચી ભાષાનું પુસ્તક છે. બાકી બધાં જ પુસ્તકો સંસ્કૃત કે દક્ષિણની ભાષાઓ કે પછી અરબસ્તાની, મલેચ્છ, ચીની અને અન્ય ભાષાઓમાં છે. એ બળી ગયું છે એવી નોંધ કરવામાં આવી હતી. જે ગુલામ પુસ્તકાલયની ચોકી કરતો હતો તેની ધરપકડ કરવામાં આવી હતી પણ છેવટે એને છોડી દેવો પડ્યો કારણ કે એ પાગલ થઈ ગયો હતો. તેં પણ કદાચ એને જોયો હશે. એનું નામ ભૈરવ છે અને જીવનનિર્વાહ માટે એ ક્યારેક હોડી ચલાવતો હોય છે. એ સમયે હું તો નીચી પાયરીનો અધિકારી હતો અને મને તો એ બહુ સારી રીતે યાદ છે.'

શિવગામી શાંત જ રહી.

'હવે પ્રશ્ન એ ઊભો થાય છે — આ પુસ્તક તારા પિતાના હાથમાં કઈ રીતે આવ્યું? અને ભૈરવ કેમ અચાનક પાગલ થઈ ગયો હતો ? શું પુસ્તકાલયની આગ અકસ્માત માત્ર હતો કે

પછી આ પુસ્તક ચોરવા માટે ઊભું કરવામાં આવેલું નાટક ? ભૈરવ મહારાજાના ગુલામ મલયઅપ્પાનો અંગત મિત્ર હતો. શું એનું જીવન બચાવવા માટે તેને પાગલ બનાવી દેવામાં આવ્યો ? ગુલામો પાસે એવી દવા હોય છે જે કોઈને પણ પાગલ કરી શકે છે એટલે એ શક્યતા સાવ કાઢી નાખવા જેવી નથી. કે પછી એવું તો નથી કે તે અત્યારે પાગલ હોવાનો અભિનય કરી રહ્યો હોય ? મારા મનમાં ઘણા પ્રશ્નો છે.'

'આ બધું આપ મને કેમ કહી રહ્યા છો ?' શિવગામીએ પૂછ્યું, 'મારા પિતાજી તો મૃત્યુ પામ્યા છે, મહારાજાએ જ તેમની મરાવી નાખ્યા. આપના જેવા લોકોએ એમની પર દેશદ્રોહીનો થપ્પો પણ મારી દીધો. હવે એ ચોર પણ હોય તો એનાથી શું ફર્ક પડવાનો છે?' શિવગામીનો અવાજ તરડાઈ ગયો.

'એમને તો કોઈ જ ફર્ક નથી પડવાનો, છોકરી. પણ તને બહુ મોટો ફર્ક પડવાનો છે. જીવન અને મૃત્યુ જેટલો ફક પડવાનો છે,' સ્કંદદાસે હળવા અવાજે કહ્યું.

'આપ કહેવા શું માંગો છો ? હજી માહિષ્મતીના રાજપરિવારની લોહીની તરસ મટી નથી ?' શિવગામીએ વ્યંગ કર્યો.

'સાંભળ. તારા પિતાને અવળા માર્ગે ચડી ગયેલા માણસ માનવામાં આવતા હતા. તેમણે રાજાની આજ્ઞાનો અનાદર કર્યો અને કંઈક એવું કામ કર્યું કે જે આ દેશના હિતની વિરુદ્ધ હતું. જોકે મહારાજાએ તો તેની પર દયા જ દાખવી, કારણ કે તેઓ એમ માનતા હતા કે દેવરાય સારો માણસ હતો.'

'મારા પિતાને કાગડાઓ પાસે ટોલી ખવડાવીને મહારાજાએ સારી દયા દાખવી,' શિવગામીની આંખમાં આંસુ ભરાઈ રહ્યાં હતાં.

'એ વાત સમજવા માટે તું બહુ જ નાની છે, શિવગામી.'

'એમની હત્યા થતી મેં જોઈ ત્યારે જેટલી નાની હતી, એટલી તો અત્યારે નથી જ.'

અત્યાર સુધી તો એમ જ માનવામાં આવતું હતું કે દેવરાયે પોતાને યોગ્ય લાગે એમ વર્તન કર્યું હતું અને દેશ માટે શું યોગ્ય છે, તેનો તેમણે વિચાર કર્યો નહીં હોય. અવળે માર્ગે ચડી ગયેલો માણસ, કદાચ. એમણે જે નુકસાન કર્યું હતું તે તો અમાપ હતું છતાં મહારાજે માત્ર તેમને ફાંસી આપવાનો જ હુકમ કર્યો હતો. મહારાજે તેમના કુટુંબ અને ચાકરોને છોડી દીધા હતા,' શિવગામી સામે તાકી રહીને સ્કંદદાસે કહ્યું.

'કેટલા દયાળુ છે મહારાજ. મારા હૃદયને સ્પર્શી ગઈ એમની ઉદારતા.'

'તું સમજી નથી શકતી, છોકરી ?' સ્કંદદાસના અવાજમાં ભયાનક ધાર આવી ગઈ. 'તેમના ઘરમાંથી આ પુસ્તક મળ્યું એટલે હવે બધું જ બદલાઈ જાય છે. એનાથી એમ સાબિત થાય છે કે તેમણે માહિષ્મતીનો નાશ કરવાના આશયથી જ એ કામ કર્યું હતું. એ દરેક રીતે દેશદ્રોહી અને ચોર હતો. ના, હું બોલતો હોઉં ત્યારે અધવચ્ચે બોલીશ નહીં, અને કોઈ જ નાટક કરવાની આવશ્યકતા નથી. તેણે પુસ્તકાલયમાં આગ લગાડી અથવા તો કોઈ પાસે આગ લગાવડાવી જેથી આ પુસ્તક ચોરી શકાય. પછી તેણે એવાં પગલાં ભર્યાં જેના કારણે માહિષ્મતીનું ભવિષ્ય રોળાઈ ગયું. તેણે રાજા વિરુદ્ધ કાવતરું કર્યું. તેણે એવાં પગલાં ભરવાનું આયોજન કર્યું હતું જેના કારણે આ પૃથ્વી પરથી માહિષ્મતીનું અસ્તિત્વ જ ભૂસાઈ જાત.'

'મહારાજા એમને ફરીથી લટકાવી શકે તો લટકાવવા દો અથવા તો મને ફાંસીએ લટકાવી દે,' શિવગામીએ વળતો પ્રહાર કર્યો. તેના પગ ગુસ્સાથી ધ્રૂજી રહ્યા હતા. 'આપ વાર્તાઓ ઘડીને એક એવા મૃત માણસ પર આરોપો મૂકી રહ્યા છો જે હવે પોતાનો બચાવ કરી શકે એમ નથી.

ધિક્કાર છે આપને, સ્વામી.'

સ્કંદદાસે હતાશાથી માથું ધુણાવ્યું. 'હું તને કઈ રીતે સમજાવી શકું? હું તને જે પણ કહી રહ્યો છું તેની મને લગભગ ખાતરી થઈ ચૂકી છે.'

'ઓહ, લગભગ—'

સ્કંદદાસે હાથ ઊંચો કરીને શિવગામીને આગળ બોલતાં અટકાવી, 'હા, લગભગ. જો મારી પાસે બધા જ પુરાવા હોત તો અત્યાર સુધીમાં તો તારી ધરપકડ પણ થઈ ચૂકી હોત.'

'ધરપકડ શાના માટે ? મારા પિતાજીએ બાર વર્ષ પહેલાં કંઈ કર્યું કે કદાચ નહોતું કર્યું, એ માટે? હું એ સમયે માત્ર પાંચ જ વર્ષની હતી, સ્વામી.'

'નિયમ એટલે નિયમ, છોકરી. હું તને આ વાત એટલા માટે કહી રહ્યો છું કારણ કે હું તને ભાગી છૂટવાની એક તક આપવા માંગુ છું. જો મારી પાસે બધા જ પુરાવા હોત, તો હું તને આવી કોઈ સલાહ આપત નહીં. જો તારા પિતા પર લાગેલો આરોપ પુરવાર થઈ જશે, તો મહારાજાએ પ્રાચીન નિયમો મુજબ પગલાં ભરવાં જ પડશે. અને બહુ બહાદુર બનીને મૂર્ખા જેવી વાત ન કરીશ કે "મને ફાંસીએ લટકાવી દો". એ તને તો ફાંસીએ લટકાવી જ દેશે પણ દેવરાયની સેવા કરનારા બધા જ નોકર-ચાકરને પણ તારી સાથે લટકાવી દેશે. તેમના ઘર ધૂળમાં મેળવી દેવામાં આવશે. એવું થાય એ પહેલાં આ દેશમાંથી ભાગી જા અને કદી પણ પાછી ફરતી નહીં. એનાથી તું માત્ર તારું જ નહીં પણ બીજા ઘણા લોકોનું જીવન બચાવી શકીશ. તું નહીં હોય, તો મહારાજે એ લોકોને પણ છોડી દેવા પડશે. કુટુંબના સભ્યો પહેલાં નોકર-ચાકરને સજા આપી શકાય નહીં. એટલી દૂર ભાગી જા કે એ લોકો તને શોધી જ ન શકે.'

શિવગામી દિગ્મૂઢ થઈ ગઈ હતી. તે જાણતી નહોતી કે આનો જવાબ કઈ રીતે આપવો. 'માહિષ્મતીના શાસનથી વધારે દુષ્ટ આ દુનિયામાં કશું જ હોઈ શકે નહીં,' છેવટે તે બોલી અને તેની આંખો ભરાઈ આવી.

'નિયમો ઘણી વાર ક્રૂર હોય છે, પણ આવશ્યક હોય છે, પુત્રી. એક માણસ તરીકે હું કદી પણ આટલા બધા નિર્દોષ લોકોની હત્યાને સમર્થન આપું નહીં. પણ જો દેશદ્રોહી માણસને ઉદાહરણીય સજા આપવામાં આવે નહીં તો કોઈ પણ દેશ ટકી શકે નહીં. જ્યારે તારા પિતાએ આ દેશ વેચવાનું નક્કી કર્યું ત્યારે તું માત્ર પાંચ જ વર્ષની હતી એટલે એ લોકો તારી પાછળ પડે એ વાત મને પણ અન્યાયી લાગે છે અને એટલે જ હું તને તક આપવા માંગું છું. એટલે જ મેં તને બોલાવી છે — તને ચેતવણી આપવા માટે. ભાગી જા અને બીજા બધા લોકોને બચાવી લે.'

શિવગામીએ માથું ઊંચું કરીને અવજ્ઞા ભરેલા અવાજે કહ્યું, 'ના. આપની પાસે એવું કશું જ નથી જે મારા પિતાને દોષી પુરવાર કરી શકે. આપ જુઠ્ઠું બોલી રહ્યા છો.'

'તને આનો ખરેખર પસ્તાવો થશે.'

'હું ભાગીશ નહીં. આપને જાણવું છે કેમ? હું આ દુષ્ટ સામ્રાજ્યનો નાશ કરીશ, કારણ કે તેણે મારા પિતા જેવા કેટલાય નિર્દોષ લોકોનો ભોગ લીધો છે,' શિવગામીએ કહ્યું.

'તું જઈ શકે છે,' સ્કંદદાસે સપાટ અવાજે કહ્યું.

પાછળ નજર પણ કર્યા વિના શિવગામી દરવાજા તરફ ચાલી. દરવાજા પાસે આવીને તે અટકી. તેણે આ પ્રશ્ન તો પૂછવો જ રહ્યો.

'જ્યારે ગઈ વખતે મેં આપને જોયા ત્યારે મને એમ લાગ્યું હતું કે આપ સારા માણસ છો,

સ્વામી. આપ આટલા ક્રૂર કઈ રીતે થઈ શકો?'

સ્કંદદાસ ચાલીને તેની પાસે જઈને ઊભો રહ્યો. સૂરજનાં ત્રાંસાં કિરણો તેના કરડા ચહેરા પર પડતાં હતાં અને તે થાકેલો તેમજ વૃદ્ધ લાગી રહ્યો હતો.

'તને એમ લાગે છે કે આ બધું કરવામાં મને આનંદ આવે છે? આ મારી ફરજ છે, મારી પૂજા છે, મારી પ્રાર્થના છે. આ ફરજ નિભાવવામાં મારે એવાં ઘણાં કામ કરવાં પડે છે જેનાથી મને નફરત છે. પણ આ દેશે મને જે બનાવ્યો છે, તેનું ઋણ હું આ રીતે ચૂકવું છું. હું તારા પિતાની જેમ ગર્ભશ્રીમંત નહોતો જન્મ્યો. આ દેશે કે મારા નસીબે મને કશું જ સરળતાથી નથી આપ્યું. તેમ છતાં મને જે મળ્યું છે એ બદલ હું ઋણી છું. એવા અસંખ્ય પ્રસંગો આવ્યા છે જ્યારે મને મારા કામ પ્રત્યે નફરત થઈ આવી હોય અને તેમ છતાં હું ઢોરની જેમ મારું કામ કરે રાખું છું. આ તંત્ર વિષે ફરિયાદો કરતો કરતો હું પણ દયનીય જીવન જીવી શક્યો હોત. આ તંત્રએ ઘણાની પરિસ્થિતિ તારા બાપથી પણ ખરાબ કરી છે. તેણે મારા જેવા લોકોની ગરિમા છીનવી લીધી છે. નિરક્ષર, કચડાયેલા અને તૂટેલા લોકોની. સમગ્ર તંત્ર અમારા જેવા લોકોને હજારો વર્ષથી કચડતું આવ્યું છે. તેમ છતાં જ્યારે પણ તક આવી, ત્યારે મેં એ તક ઝડપી લઈને તેમાં મારો આત્મા અને મારું શરીર રેડી દઈને લોકોના જીવનની ઉન્નતિ માટે કામ કરવાનું બીડું ઉઠાવી લીધું છે. દરેક સમયે મેં પ્રતિજ્ઞા લીધી છે કે લોકોએ અમારી સાથે જે રીતે ભેદભાવ કર્યા છે, અન્યાય કર્યા છે અને જેવું વર્તન કર્યું છે એવું હું કોઈની સાથે નહીં કરું. બદલો લેવો સરળ છે, મરવું અને મારવું પણ સરળ છે. તંત્રનો ભાગ બનીને તેને ધીમે ધીમે સુધારવું અત્યંત અઘરું છે. આવનારા જોખમ વિષે તને ચેતવણી આપીને મેં તારી સાથે થતો અન્યાય અટકાવવાનો જ પ્રયત્ન કર્યો છે. પણ જો મારો દેશ મને તારી કતલ કરવાનું કહેશે, તો હું એક મટકું પણ માર્યા વિના એમ કરીશ. એના પછી મને કદાચ કેટલાય દિવસ સુધી ઊંઘ નહીં આવે, પણ તેમ છતાં મારા દેશ માટે હું એમ કરીશ.'

'આપ આપની ફરજનિષ્ઠાનાં બણગાં ફૂંકો છો અને મને એવી સલાહ આપો છો કે હું મારી ફરજ છોડીને ભાગી છૂટું, સ્વામી. શું પિતાના મૃત્યુનો બદલો લેવો એ પુત્રીનો ધર્મ નથી? હું જે પણ રીતે લડી શકું એ રીતે મારે લડવું ન જોઈએ?' શિવગામીએ કહ્યું.

'તારે જેટલું લડવું હોય એટલું લડી લે પણ તું કદી પણ જીતી શકીશ નહીં. તમે તંત્રને ત્યારે જ બદલી શકો છો, જ્યારે તમે એ તંત્રનો ભાગ હોવ અને એ બદલાવનો ભાગ હોવ. તારા મનમાં અત્યારે બહુ જ આક્રોશ છે એટલે તું સ્પષ્ટતાથી વિચારી શકતી નથી. અત્યારે તારા મગજમાં માત્ર બદલો લેવાના વિચારો જ ચાલી રહ્યા છે. અહીંયાં રોકાઈને જીવન તને જે તક આપી રહ્યું છે, એ તક તું વેડફી રહી છે. તું ત્યારે જ લડી શકીશ કે કોઈ પરિવર્તન લાવી શકીશ, જ્યારે તું જીવતી હોઈશ.'

'આવજો, સ્વામી. જો આપને પૂરતા પુરાવા મળી રહે, તો આપ જાણો જ છો કે હું ક્યાં રહું છું.' શિવગામી નમીને વંદન કરીને બહાર જતી રહી.

તેના મગજમાં ઊથલપાથલ મચેલી હતી. એક ક્ષણ પૂરતું તો તેના મનમાં એવી શંકા ઊભરાઈ આવી કે સ્કંદદાસ કદાચ સાચા પણ હોય. એમના શબ્દોમાં પ્રમાણિકતાનો રણકો હતો અને તેમણે આપેલી ચેતવણી અવગણવી અઘરી હતી. તેમ છતાં તે ભાગી છૂટવા નહોતી ઇચ્છતી. સમસ્યાઓથી કદી પણ દૂર ભાગવું નહીં — તેને તિમ્માના શબ્દો યાદ આવ્યા. તે અનાથાલય તરફ જઈ રહી હતી તે દરમિયાન આ જોખમ કઈ રીતે ટાળવું તેના જ વિચારો તેના મગજમાં ચાલી રહ્યા હતા. અચાનક જ તેના મગજમાં એક વિચાર સ્ફુર્યો. એ પુસ્તક તે સ્કંદદાસ પાસેથી ચોરી લેશે.

૨૬

કટપ્પા

કટપ્પા એક ઘટાદાર અંજીરના વૃક્ષ નીચે બેઠો બેઠો ખુલ્લામાં અભ્યાસ કરી રહેલા વૈતાલિક યોદ્ધાઓને જોઈ રહ્યો હતો.

વૈતાલિકો પાસે પહોંચ્યાના થોડાક દિવસ સુધી તો તેને વિશ્વાસ હતો કે ગુલામોને પકડનારાઓ તેમના કૂતરાઓની મદદથી પોતાને શોધી જ કાઢશે. જ્યારે તેની પાછળ કોઈ આવ્યું નહીં ત્યારે તેને રાહત પણ થઈ અને ઉદાસી પણ. તેનો ભાઈ સલામત હતો તે વાતથી તેને રાહત થઈ હતી અને તેના જેવો મહત્ત્વનો ગુલામ ગાયબ થઈ જાય તેમ છતાં તેના માલિકોને એની કોઈ પરવા નહોતી એ વાતથી તેને ઉદાસી થતી હતી. તે એ લોકોની બેપરવાઈ વિષે વિચારવા નહોતો માંગતો, કારણ કે તે જાણતો જ હતો કે તે કંઈ મહત્ત્વનો માણસ નહોતો. તે આ વાત જાણતો જ હતો તેમ છતાં તેનાથી તેને પીડા તો થતી જ હતી. તે હજુ તેના પિતા જેટલી બુદ્ધિ તો પામવાની જ હતી. તેણે ઘણી બધી વસ્તુઓ વિષે અત્યારે નહોતું વિચારવું. જેમ કે ભૂતરાયે તેને જે હૃદય હલબલાવી નાખે તેવું દૃશ્ય બતાવ્યું હતું, તે વિષે એ વિચારવા નહોતો માંગતો.

બાળકોનાં હાડકાંના ઢગલા જોયે ત્રણ અઠવાડિયાં થઈ ચૂક્યાં હતાં તેમ છતાં તેનો આઘાત હજુ ઓસર્યો નહોતો. કટપ્પા વિચારતો રહ્યો હતો કે કયા પ્રકારના માણસો બાળકો સાથે આવું વર્તન કરે? તેની સાચા-ખોટાની વિચારસરણી ધ્રૂજી ઊઠી હતી. હવે તેને પોતાનું કામ પહેલાં જેટલું પવિત્ર લાગતું નહીં. વૈતાલિકો વિરુદ્ધનો તેનો ક્રોધ અને તેમની પદ્ધતિઓથી લાગતો ભય, એ બંને વસ્તુઓ હવે બોદી લાગતી હતી. તેના રાજ્યના દરેક ઉમરાવો કેવાં કેવાં રહસ્યો છુપાવી રહ્યા હશે?

શિવપ્પા કેટલો સારો યોદ્ધો બની રહ્યો છે એ જોઈને પણ તેને આશ્ચર્ય થઈ રહ્યું હતું. પોતાના નાના ભાઈને જોઈને તેનું હૃદય પ્રેમ અને ગર્વથી ઊભરાઈ જતું હતું. ક્રુદ્ધ કૂકડાની જેમ લડી રહેલા પોતાના ભાઈને જોઈને એ વિચારતો હતો કે શું આ એ જ બાળક છે જેને તેડીને ગલીમાં રંગલાના ખેલ જોવા લઈ જતો ને મંદિરના કુંડમાં હાથીને નવડાવતા માણસો જોવા લઈ જતો. થોડા સમય પહેલાં તો એ નાનકડો છોકરો હતો જે બધે એની પાછળ પાછળ ફરતો હતો. શું નાનો ભાઈ ક્યારેય મોટો થતો હશે? પોતાના માટે તો શિવપ્પા હંમેશાં બાળક જ રહેવાનો હતો.

તલવારોના ટકરાવાના ખણખણાટ અને ધનુષના ટંકાર સિવાય જંગલમાં શાંતિ છવાયેલી હતી. યોદ્ધાઓ બૂમો પાડતા હતા, એકબીજાની પીઠ પર ધબ્બા મારતા, નિશાન ચૂકી જનારને મેણાં મારતા અને નિશાન સાધનારા માટે તાલીઓ પાડતા. સૂર્ય ધીમે ધીમે તેમના માથા ઉપર આવી રહ્યો હતો. હાથમાં તલવાર પકડવા માટે, પોતાના માથા પર ફેરવવા માટે, વાઘની જેમ નમીને છાતી પર ઘાસની ઝાકળ અનુભવવા માટે, હવામાં કૂદવા, અમળાવા અને ચકરી ખાવા

માટે, અને કૂદીને ઇન્દ્રધનુષના આકારે તલવાર વીંઝતાં વીંઝતાં જ જમીન પર ઉતરાણ કરવા માટે કટપ્પાના હાથમાં ખંજવાળ આવી રહી હતી. તેને કોઈ યોદ્ધા સાથે પોતાનો ભાલો ભીડવવો હતો, પોતાના બે પગ વચ્ચે સડસડાટ દોડી રહેલા ઘોડાના ધબકારા અનુભવવા હતા અને પોતાના ટાલિયા બની રહેલા માથા પર પવનની તીવ્ર લહેરખી અનુભવવી હતી.

દૂરથી, નદીને પેલે પારથી તેને કોઈ ધૂન ધીમા અવાજે સંભળાઈ રહી હતી અને લોકોનો ગણગણાટ પણ સંભળાઈ રહ્યો હતો. નવ દિવસમાં મહામકામ શરૂ થવાનો હતો અને તેને પોતાનું માહિષ્મતી યાદ આવતું હતું. તેમ છતાં એને જ્યારે પણ પોતાનું પ્રિય નગર યાદ આવતું ત્યારે એને ગૌરીપર્વત પરથી ફેંકવામાં આવતાં પેલાં બાળકોનાં ચૂંથાયેલાં શરીર યાદ આવી જતાં, તેમના સડેલા મૃતદેહોની ગંધાતી વાસ યાદ આવી જતી, નાનકડા હાથ અને અડધા ખવાઈ ગયેલા ચહેરા ચૂંથવા માટે એકબીજા સાથે લડી રહેલાં શિયાળ અને કાગડાના અવાજો પણ તેને યાદ આવી જતા.

વૈતાલિકો માહિષ્મતી દ્વારા કરવામાં આવતા જે અત્યાચારોની વાત કરતા હતા તેના વિષે એ જેમ જેમ વધારે વિચાર કરતો હતો, તેમ તેમ તેને વધારે નિઃસહાયતા અનુભવાતી હતી. તે હવે બિજ્જલને અનિષ્ટનું મૂર્ત સ્વરૂપ માનતો નહોતો, કારણ કે આ વૈતાલિકો જે કહી રહ્યા હોય, તે જો સાચું હોય તો બિજ્જલ તો ગેરમાર્ગે દોરાયેલો એક મૂર્ખ માત્ર હતો. અને મહારાજાના અંગરક્ષક બની રહેલા એના પિતા જો જાણતા હોય કે શું ચાલી રહ્યું હતું...તો પછી એનો અર્થ શું કાઢવો?

કટપ્પા ખરેખર એમ ઇચ્છતો હતો કે તેની એ કલ્પના સાચી ન હોય પણ તેનો આત્મા તો જાણતો જ હતો કે આ બાબતથી તેના પિતા અજાણ હોય, એ શક્ય નહોતું. પણ તો પછી એનો અર્થ તો એવો થાય કે આ સામ્રાજ્ય શું કરી રહ્યું છે એ જાણ્યા પછી પણ તેના પિતાજી આ સામ્રાજ્યની સેવા કરી રહ્યા છે અને જો એમ હોય, તો પછી શિવપ્પા એમના વિષે જે કહેતો હતો તે સાચું હતું. પણ એના પિતા તો કદી પણ કોઈ ખોટું કામ કરી જ ન શકે. કદાચ કોઈ દુષ્ટ અને ભ્રષ્ટ અધિકારી જ આ કામ કરી રહ્યો હશે...જો એમ હોય, તો પણ રાજા નિર્દોષ તો કહેવાય જ નહીં. જો એમ હોય તો રાજા શાસન માટે જ અયોગ્ય ઠરે છે. કટપ્પાએ પોતાની જીભ કચડી. રાજા વિષે તે આવો વિચાર પણ કેવી રીતે કરી શકે? એ તો દેશદ્રોહ કહેવાય.

'દેશદ્રોહ' શબ્દના વિચારમાત્રથી તેની કરોડરજ્જુમાં ધ્રુજારી પ્રસરી ગઈ. એનો ભાઈ મહામકામ માટે કંઈક મોટું આયોજન કરી રહ્યો હતો. એ કંઈ આ વાત ભૂલી નહોતો ગયો પણ એ દિવસ હવે બહુ પાસે આવી ગયો છે અને એ હજુ વૈતાલિકોની સાથે જ છે તે હકીકતના કારણે તેણે પોતાના પૂર્વજોના નામે લીધેલી પ્રતિજ્ઞા અને તેની પોતાની વફાદારી વિષે પણ તેને શંકા થવા માંડી હતી. ફરીવાર કટપ્પાના મનમાં એ જ વિચાર આવ્યો કે હજુ સુધી કોઈ ગુલામ પકડનાર તેને શોધતું શોધતું કેમ આવ્યું નથી.

તેણે ગમે તેમ કરીને આજે તો છટકવું જ પડશે. તેણે પોતાના ભાઈને પણ સમજાવવો પડશે કે તેણે આવું મૂર્ખામીપૂર્ણ સ્વપ્ન છોડી દેવું જોઈએ. તેમણે પોતાના પિતા સાથે વાતો કરીને અમુક સ્પષ્ટતાઓ કરી લેવી જરૂરી હતી. જો એ લોકો એટલું પણ કરી શકે તો ઘણી વાતો સ્પષ્ટ થઈ જાય તેમ હતી. શિવપ્પાને જોઈને તેના પિતા ખરેખરું ખૂબ જ આનંદ પામશે. અને તેઓ સમયસર માહિષ્મતી પહોંચીને એ દેશ પર તોળાઈ રહેલા જોખમ વિષે પણ તેમને માહિતગાર કરી શકશે.

કટપ્પા શિવપ્પા સાથે વાત કરવા તરસી રહ્યો હતો. તે ગમે તેમ કરીને શિવપ્પાને આ આત્મઘાતી કાર્યમાંથી પાછો વાળવા માંગતો હતો. પણ ભૂતરાયે પોતાના ચોકીદારો સતત

કટપ્પાની આસપાસ જ રાખ્યા હતા. એ ચોકીદારો તેની સાથે જળોની જેમ વળગેલા રહેતા હતા અને એ જ્યારે હાજતે જતો ત્યારે પણ તેની પાછળ પાછળ આવતા હતા.

માત્ર પોતાના હાથથી ચાર યોદ્ધાઓ સાથે લડી રહેલા શિવપ્પાને તે જોઈ રહ્યો. એક યોદ્ધાને તેના ભાઈએ પોતાના ખભા ઉપર લઈને પટક્યો અને બીજાની હડપચી પર લાત મારી. બાકી રહેલા બે યોદ્ધાઓ એક સાથે, બૂમો પાડતા અને તલવાર વીંઝતા ધસી આવ્યા. તલવારના ચમકારા જોઈને કટપ્પાનું હૃદય ઊછળીને ગળામાં આવી ગયું હોય એમ તેને લાગ્યું પણ તેનો ભાઈ કૂધો, અમળાઈને તેણે ગુલાંટ ખાધી અને તલવારના પ્રહાર એક પછી એક ચૂકવવા લાગ્યો. પછી ચારે યોદ્ધાઓ એક સાથે વમળની જેમ શિવપ્પા પર કૂદી પડ્યા. કટપ્પા ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો અને જ્યાં સુધી ચારેય યોદ્ધાઓ ઘુમરાતા ઘુમરાતા આસપાસ પડ્યા નહીં ત્યાં સુધી તે પોતાના ખાટલાની ઈસ પકડીને બેઠો જ રહ્યો. બીજા વૈતાલિકોની સાથે કટપ્પાએ પણ ખુશીથી બૂમ પાડી અને શિવપ્પાએ પોતાની છાતી પર મુક્કો મારીને લોહી થીજી જાય એવી ભયંકર ચીસ પાડી. હવે, કટપ્પાએ વિચાર્યું.

પછી એકદમ ઝડપથી તેણે પોતાની ડાબી બાજુ ઊભેલા ચોકીદારની મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢી, પોતાની એડીઓ પર ઊભો થયો અને ચોકીદારને ખ્યાલ આવે કે શું થયું એ પહેલાં તો કટપ્પાએ પોતાની જમણી બાજુ ઊભા રહેલા ચોકીદારની તલવાર પણ ખેંચી કાઢી. બધાના આશ્ચર્ય વચ્ચે તે શિવપ્પા તરફ દોડ્યો. તેણે શિવપ્પા તરફ તલવાર ફેંકી જે શિવપ્પાએ હવામાં જ ઝીલી લીધી.

'તારા ભાઈ સામે તારું કૌશલ બતાવ,' તેણે બૂમ પાડી.

કટપ્પાએ જોયું કે તેની પાછળ દોડી રહેલા ચોકીદારોને ભૂતરાયે અટકાવ્યા હતા. શિવપ્પાએ સ્મિત કરીને કહ્યું, 'અન્ના, તું હજુ માંદો જ છે.'

'રાજાના ચોકીદારો આ બધાની જેમ કંઈ દૂધ પીતા બચ્ચાઓ નથી,' વૈતાલિક યોદ્ધાઓની દિશામાં હાથ ફેરવીને તે બોલ્યો. બધાએ હુરિયો બોલાવીને તેની વાતનો વિરોધ કર્યો.

'તું છીંક ખાય એ પહેલાં તો એ લોકો તારો ઘડોલાડવો કરી નાખશે,' ભૂતરાય તરફ નજર કરીને કટપ્પા બોલ્યો.

'શિવપ્પા, ઊભો રહો,' ગુસ્સે ભરાયેલા ભૂતરાયે પોતાની તલવાર ખેંચીને કહ્યું. કટપ્પા નિરાશ થઈ ગયો. તે એમ ઇચ્છતો હતો કે તેનો ભાઈ આ પડકાર ઝીલે, નહીં કે ભૂતરાય. માત્ર એ જ રીતે એ પોતાના ભાઈ સાથે કંઈ વાત કરી શકે તેમ હતો.

'સ્વામી, એ મારો ભાઈ છે. હું જ એને સંભાળી લઈશ,' કટપ્પાએ પોતાના ભાઈને એમ બોલતા સાંભળ્યો. ભૂતરાયે ઘુરકાટ કરીને પોતાની તલવાર મ્યાન કરી.

બંને ભાઈઓએ એકબીજાને નમીને વંદન કર્યાં અને પછી જમીનનો આદરભાવથી સ્પર્શ કર્યો જ્યારે વૈતાલિકો તેમને ઘેરીને કુંડાળું બનાવીને ઊભા રહ્યા. બંનેએ થોડાંક ડગલાં અવળી દિશામાં લીધાં અને પછી એકબીજાની સામે ધસી ગયા. તેમની તલવારો ટકરાઈ. પોતપોતાની તલવારની ધાર વિનાની બાજુએ એ લોકો પોતાની છાતી દબાવીને ઊભા રહી ગયા.

'બહુ થઈ આ મૂર્ખામી. ચલ આપણે ઘરે પાછા જઈએ,' કટપ્પાએ સિસકારો કર્યો.

'ટૂંક સમયમાં ત્યાં આવું જ છું,' કહીને શિવપ્પાએ પોતાની તલવાર ખેંચી અને તણખા ઝર્યા. 'આ મહામકામે જ આવીશ, તારા રાજાને મારવા.'

કટપ્પાએ પોતાના ભાઈનો પ્રહાર ખાળ્યો અને વંકાઈને તેણે શિવપ્પાની તલવાર જમીન પર દબાવી દીધી. હવે તેમના ખભા એકબીજા સાથે ટકરાઈ રહ્યા હતા. 'આત્મહત્યા કરીશ

નહીં.'

શિવપ્પાએ તેને ધક્કો માર્યો, લયબદ્ધ રીતે પાછાં પગલાં ભર્યાં અને કૂદકો મારીને કટપ્પાનો પ્રહાર ચૂકવ્યો અને કમાનાકારે તલવાર વીંઝતો તે જમીન પર ઊતર્યો. 'અહીંયાં રહીને બચી જા. અન્ના, અત્યારે તો તું ચાલી શકે એટલી તાકાત પણ તારામાં નથી.'

જવાબમાં કટપ્પાએ ઝડપથી તલવારના પ્રહાર કર્યા. દરેક પ્રહાર વિચક્ષણ હતો અને દરેકનો જવાબ પણ વિકરાળતાથી જ આપવામાં આવ્યો. કટપ્પાને ઘણા દિવસો પછી જીવંત હોવાનો અનુભવ થયો. પોતાના ભાઈને ઈજા ન પહોંચે તેનું તે ધ્યાન રાખી રહ્યો હતો પણ શિવપ્પામાં આવી કોઈ દરકાર દેખાતી નહોતી. એનો વાંધો નહીં, કટપ્પાએ વિચાર્યું. એ તો મારો નાનો ભાઈ છે અને હજુ નાનો જ છે. તેમ છતાં એ પોતાના ભાઈના દરેક પ્રહાર અચૂક રોકતો હતો. દરેક પ્રહારને તે ખાળતો કે પછી તેનો જવાબ આપતો. પગલા સામે પગલું, પ્રહાર સામે પ્રહાર, બંને ગુલામો લડતા રહ્યા અને આસપાસ વૈતાલિકો બૂમો પાડતા રહ્યા. થોડીવારમાં તો બંને ભાઈઓ પરસેવે નહાઈ રહ્યા હતા અને વાતચીત કરવાને કારણે હાંફી પણ રહ્યા હતા. ઘૂરકાટનો જવાબ ઘૂરકાટથી અપાતો હતો, બૂમનો જવાબ ચીસથી અપાતો હતો અને ગાળોનો જવાબ ગાળોથી અપાતો હતો. આમ તેમ થોડાક હળવા કાપા પાડવાથી કંઈ નુકસાન નથી થવાનું, એમ કટપ્પાએ વિચાર્યું, અને પોતાના ભાઈને ઉશ્કેરવા માટે એ જરૂરી પણ હતું. તેણે નબળાઈનો ડોળ છોડી દીધો અને જ્યારે તેના ભાઈએ પ્રહાર કર્યો ત્યારે તેણે ઝેરી નાગ જેવો વળતો પ્રહાર કર્યો. તે શિવપ્પાનું લોહી કાઢવામાં સફળ રહ્યો અને એના કારણે શિવપ્પા ક્રોધથી અંધ થઈ ગયો. મારો નાનો ભાઈ હજુ ચડસાચડસી તો કરે જ છે, કટપ્પાએ સ્મિત કર્યું કારણ કે એ પછી શિવપ્પાએ જે પ્રહાર કર્યો તેના કારણે તેના ચહેરા આગળ તણખા ઝર્યા હતા.

'તું હજી બાળક જ છે, શિવપ્પા,' તેણે કહ્યું અને તેની છાતી પર લાતના પ્રહારથી તેને જવાબ આપવામાં આવ્યો. કટપ્પા નીચે પડ્યો અને તેના ભાઈની તલવાર નીચે તેની ગરદન પર આવે તે પહેલા જ તે પડખું ફરીને બાજુમાં ખસી ગયો. એક ક્ષણ માટે કટપ્પાને પણ ક્રોધ આવ્યો. શિવપ્પાએ એમ નહોતું કરવું જોઈતું. એ દ્વંદ્વના નિયમો વિરુદ્ધ હતું.

'તું અન્યાયી રીતે રમી રહ્યો છે,' ફરી વાર પડખું ફરીને કટપ્પા બોલ્યો.

'જીવને આપણી સાથે વળી ક્યારે ન્યાય કર્યો છે? એ જ રીતે બદલો ચૂકવવાનો સમય પાકી ગયો છે,' શિવપ્પાએ જવાબ આપ્યો.

'આપણા પિતાજીએ આપણને એમ નથી શીખવ્યું,' કહીને કટપ્પા ઊભો થયો અને તેણે શિવપ્પાના ખભા પર છરકો કર્યો.

'એમણે આપણને ઘણી ખોટી વસ્તુઓ શીખવી છે,' શિવપ્પાએ કહ્યું અને તે વધારે આક્રમક બની ગયો. તેણે કટપ્પા પર એક પછી એક પ્રહાર કરવા માંડ્યા. કટપ્પાએ પાછાં પગલાં ભર્યાં એટલે જોનારા વૈતાલિકોના ટોળાએ તેને રસ્તો કરી આપ્યો. એમણે દ્વંદ્વ ચાલુ રાખ્યું. થોડાક હાથ આગળ વધ્યા પછી તેઓ ખુલ્લી જગ્યા વટી જવાના હતા. કટપ્પાએ વૈતાલિકો સામે નજર નાખી. એ લોકો તો આ દ્વંદ્વમાં ખૂંપી ગયા હતા. એનો ભાઈ પણ અભ્યાસ માટે લડી રહ્યો હોય એવું હવે લાગતું નહોતું. એનો ભાઈ મારવા માટે લડી રહ્યો છે એટલો અહેસાસ થતાં કટપ્પાની કરોડરજ્જુમાં ધ્રુજારી પસાર થઈ ગઈ. ભૂતરાયે હવે તેને માણસમાંથી શસ્ત્ર બનાવી દીધો હતો. જો તેણે પોતાના ભાઈને બચાવવો હશે તો તેણે તેને પોતાની સાથે જ લઈ જવો પડશે. તેણે પોતાના ભાઈની તલવારને પોતાના ખભા પર છરકો કરવા દીધો. તેણ ધાર્યું હતું તેવી જ રીતે શિવપ્પાની તલવારની ધાર તેના જમણા ખભા પર

ચીરો કરતી ગઈ. કટપ્પાએ પોતાની તલવાર નીચે ફેંકી દીધી અને ડાબા હાથ વડે તે પોતાનો ઘાવ દબાવીને બેસી ગયો. પોતાની આંગળી વચ્ચેથી વહી રહેલા લોહીની ગરમી તે અનુભવી શકતો હતો. તેણે બેહોશ થવાનું નાટક કર્યું. શિવપ્પાએ પણ પોતાની તલવાર ફેંકી દીધી અને કટપ્પા નીચે પટકાય એ પહેલાં તેને ઝીલી લેવા તે દોડ્યો. કટપ્પાએ એકદમ ઝડપથી શિવપ્પાને પકડ્યો, તેને અવળો ફેરવ્યો અને પોતાની પહેલી આંગળી તેની ગરદનમાં ખૂંપાવી. શિવપ્પાનાં અંગો નિષ્ક્રિય થઈ ગયાં અને તે નીચે પટકાયો.

શિવપ્પાની વિસ્ફારિત આંખો જોઈને કટપ્પાએ કહ્યું, ‘આપણા પિતાજીએ અમુક સાચી વસ્તુઓ પણ શીખવાડી છે. લોકોનાં શરીર નિષ્ક્રિય કરી દેવાની મર્મવિદ્યા એમાંની એક છે.’ એના ભાઈએ કંઈક કહેવાનો પ્રયત્ન કર્યો પણ તેના ગળામાંથી માત્ર ઘૂરકાટ જ પ્રગટ થયો. કટપ્પાએ હવે ઝડપ કરવી પડે તેમ હતી કારણ કે તેના ભાઈનાં અંગો થોડીક ક્ષણો પૂરતાં જ નિષ્ક્રિય થયાં હતાં. વૈતાલિકો હવે તેમની દિશામાં દોડી રહ્યા હતા. કટપ્પાએ પોતાના ભાઈને પોતાના ખભા પર ઉઠાવ્યો અને ગાઢ ઝાડીઓમાં તે ઘૂસી ગયો. પોતાની પાછળ આવી રહેલા વૈતાલિકોનો અવાજ તેને સંભળાતો હતો. એક તીર તેના કાન પાસેથી સુસવાટા કરતું પસાર થયું. તેણે રસ્તો કરતાં કરતાં દોડવાનું ચાલુ જ રાખ્યું. તે સીધી લીટીના બદલે વારંવાર ડાબે-જમણે દોડતો હતો. વૃક્ષો જીવંત થઈ ઊઠ્યાં હોય એવો અવાજ તેને સંભળાતો હતો. તેનો ભાઈ તેના ખભા પર નિષ્ક્રિય થઈને પડ્યો હતો. તેના પગ દુખવા માંડ્યા હતા પણ હવે અટકવાનો સમય નહોતો. તેની આગળના જ એક વૃક્ષમાં એક ધારદાર ભાલો ખૂંપ્યો. તેણે દોડતાં દોડતાં જ પાછળ જોયું અને તે એક વૃક્ષ સાથે અથડાઈને નીચે પટકાયો. તેનો ભાઈ પણ જમીન પર રગડ્યો. કટપ્પા માંડ માંડ પોતાના પગ પર ઊભો થયો અને તે પોતાના ભાઈને ફરી વાર ઉઠાવવા જતો હતો એ દરમિયાન એક યોદ્ધો ઝાડીમાંથી પ્રગટ થયો. કટપ્પાએ તેને ગરદનથી પકડ્યો અને તેને ઊંચકીને જમીન પર પટક્યો. તેણે પોતાના ભાઈને ઉઠાવ્યો, ડાબે વળ્યો અને કાંટાળી ઝાડીઓમાં આંધળુકિયા કરીને દોડ્યો. તેના પગ નીચેથી અચાનક જ ધરતી અદૃશ્ય થઈ ગઈ.

તે પડ્યો અને વૃક્ષોમાં, તેની શાખાઓમાં અથડાતો કુટાતો, ક્ષણાર્ધ પૂરતો તેની પર ઝૂલતો, નીચે પડતો જ રહ્યો. છેક નીચે સૌ પ્રથમ તો તેના ખભા જ અથડાયા અને તેની પાંસળીઓમાં પીડાના લબકારા થવા માંડ્યા. બધે જ અંધારુ છવાઈ ગયું હતું, આકાશ નીચે હતું, ધરતી ઉપર હતી અને મોઢામાં ઘાસનાં તણખલાં સાથે તે નીચે પડી રહ્યો હતો. પછી તે એક ખડક પર પટકાયો અને બેભાન થઈ ગયો. જ્યારે તેણે આંખ ખોલી ત્યારે તેને ખ્યાલ આવ્યો કે તે એક કરાડની ધાર પાસે હતો. નીચે એક નદી સમુદ્રની દિશામાં ધસી રહી હતી. શિવપ્પા, શિવપ્પા ક્યાં છે? તે ગભરાઈ ગયો. એક ક્ષણ માટે તો તેને એમ જ વિચાર આવ્યો કે તેનો ભાઈ નીચે નદીમાં પડી ગયો હશે અને નદી તેને ભરખી ગઈ હશે. કરાડની ધાર પાસે ટેકરીનો ઢાળ બહુ જ ભયાનક હતો. નીચે દેખાતી નદી લગભગ ત્રણસો હાથ નીચે હોય, તેમ લાગતું હતું. તે પીઠભેર થયો અને પીડા તેમજ આવનારા સમયના ભયને કારણે ચીસો પાડતો રહ્યો. તે નદીને જોઈને પોતાના ભાઈના નામની ચીસો પાડતો રહ્યો. જવાબમાં તેને જોકે માત્ર પોતાના અવાજના પડઘા જ સંભળાતા હતા. નદી જાણે તેની સામે હસીને તેને ટોણા મારી રહી હતી. તે પોતાની આસપાસના ખડક પર પડ્યાં પડ્યાં જ મુક્કા મારતો રહ્યો. તે કરાડની નીચે સરકીને પોતાના ભાઈ વિષે તપાસ કરવાનો જ હતો કે તેને એમ લાગ્યું કે તેણે ઉપરથી કંઈક અવાજ સાંભળ્યો.

એ જ હશે, કટપ્પાએ પોતાની જાતને કહ્યું, એ જ હશે ! એ રહ્યો ત્યાં. કે પછી એ કોઈ

ખડક પડવાનો જ અવાજ હતો ? ‘હે ભગવાન, એ મારો ભાઈ જ હશે, ભાઈ જ હોવો જોઈએ, એ જ હોવો જોઈએ, હે ભગવાન, હે ભગવાન, હે ભગવાન,’ તે મનોમન એમ જ રટતો રહ્યો અને ઢાળ ચડવા માંડ્યો. તે ગોઠણભેર પડ્યો અને નીચે લપસ્યો અને આંગળીઓથી જમીન પકડવાનો ભયાનક પ્રયત્ન કરવા માંડ્યો. હાથમાં આવતું ઘાસ તો ધરતી જરા પણ અવરોધ વિના છૂટું કરી દેતી હતી અને તે નીચે ને નીચે જ સરકતો જતો હતો. સૂરજનાં ત્રાંસાં કિરણોમાં તેને એક બહાર નીકળી આવેલા પથ્થરના આધારે નીચે પડતા બચી ગયેલા શરીરની આકૃતિ માંડ માંડ દેખાઈ. તે મહામહેનતે ફરીવાર ઊભો થયો અને ઢાળ ચડવા માંડ્યો. રસ્તામાં પડતા નાનકડા છોડ અને પથ્થરની ધાર પર પકડ જમાવીને તે ટેકો લેતો રહ્યો. નાનકડા પથ્થરો તો એ ઢાળ પરથી બાળકની જેમ નીચે સરકી રહ્યા હતા અને ઘાસ વચ્ચે આવતાં કૂદકા મારીને કરાડની નીચે પેલી નદીમાં હોમાઈ રહ્યા હતા. કટપ્પાએ પથ્થર પાસે પહોંચીને પોતાની જાતને ટટ્ટાર કરી. તેનો ભાઈ ત્યાં પીઠભેર પડ્યો હતો અને તેની આંખો આકાશનાં વાદળો પર મંડાયેલી હોય એમ લાગતું હતું.

‘શિવપ્પા, શિવપ્પા,’ કટપ્પા રડતાં રડતાં પોતાના ભાઈના ગાલ થપથપાવા માંડ્યો. શિવપ્પાનો ખભો હલવીને તે બોલ્યો, ‘ઐયો, ઐયો, શિવપ્પા, જાગ, ઊભો થા, જાગ, ભાઈ. આ મેં તને શું કરી નાખ્યું ? ના, ના.’

કટપ્પા પોતાના ભાઈના શરીરને તાકી રહીને આઘાત અનુભવતો બેસી રહ્યો. ધીમે-ધીમે વાસ્તવિકતા મગજમાં ઊતરી અને તેણે બંને હાથે પોતાનું માથું કૂટ્યું, ‘ઓહ, મેં તને મારી નાખ્યો, ઐયો, મેં તને મારી નાખ્યો, ભાઈ. હે ભગવાન, મને સજા આપ. હું સાવ નકામો છું. મેં મારા ભાઈને મારી નાખ્યો છે.’

એક સમડીએ ઉપરથી અવાજ કર્યો અને આકાશમાં ચકરાવા લેવા લાગી. ઘાસનાં મેદાનોમાં પવન ચાલી રહ્યો હતો જેના કારણે ઘાસની સેના શરણાગતિ સ્વીકારીને નમી જતી હતી. શું પવનને કારણે શિવપ્પાની પાંપણો ફરફરી રહી હતી કે પછી ડૂબતો સૂરજ તેના દુઃખ સાથે રમત કરી રહ્યો હતો ? એ ગુલામ રડવાનું બંધ કરીને પોતાના ભાઈના શરીરની દિશામાં ફર્યો. તેની સામે ગોઠણિયે બેસીને કટપ્પાએ ફરી વાર તેને હલાવ્યો. તેણે પોતાના ભાઈની છાતી પર માથું નમાવીને ચમત્કારની આશા સાથે ધબકારા સાંભળવાનો પ્રયત્ન કર્યો.

કટપ્પાને લાગ્યું કે કોઈ જોરાવર હાથ તેની ગરદન પકડીને તેનો ચહેરો તેના ભાઈની છાતી પર દબાવી રહ્યો છે. આઘાત અનુભવી રહેલા કટપ્પાએ એ પકડમાંથી છટકવાનો પ્રયત્ન કર્યો અને તેની આંખો શિવપ્પાની આંખો સાથે મળી.

તેની પીઠમાં સોય ખૂંપ્યા જેવી પીડા થઈ અને ક્ષણ માત્રમાં એ પીડા આખા શરીરમાં ફેલાઈ ગઈ. એ શું હતું તેનો કટપ્પાને ખ્યાલ આવ્યો. તેને ચાકુ મારવામાં આવ્યું હતું. તેના ભાઈએ જ તેને ચાકુ માર્યું હતું.

શિવપ્પા કટપ્પાના શરીરના વજન નીચેથી બહાર નીકળ્યો અને તેની સામે ઊભો રહ્યો. તેના માથાને કારણે લાલચોળ સૂર્ય ઢંકાઈ જતો હતો. લોહી કટપ્પાની પીઠ પરથી સરકતું છાતી પર આવી પહોંચ્યું હતું અને તેનું શરીર એ લોહીનો ગરમાટો અનુભવી રહ્યું હતું. પોતાના જ લોહીની સુગંધને કારણે તેને હવે ચક્કર આવી રહ્યા હતા. તેની આસપાસની ધરતી ગોળ ફરતી હોય તેમ તેને લાગતું હતું. તેના ભાઈએ ચાલાકી કરીને તેની પીઠમાં ચાકુ હુલાવી દીધું હતું. કેમ, મારા ભાઈ, કેમ, કટપ્પા પૂછવા માંગતો હતો.

‘આપણા પિતાએ આપણને મર્મવિદ્યાથી પણ ઘણું વધારે શીખવ્યું છે, અન્ના,’ કટપ્પાને તેના ભાઈનો અવાજ એવી રીતે સંભળાતો હતો જાણે એ બહુ દૂરથી આવી રહ્યો હોય. ‘તેમણે

આપણને એ શીખવ્યું હતું કે આપણે આપણી ફરજને જ સર્વોપરી માનવી, આપણા લોહીના સંબંધથી પણ પહેલા.'

કટપ્પા કંઈક કહેવા માંગતો હતો પણ એ સભાનતા અને અભાનતાની વચ્ચે ગોથાં ખાઈ રહ્યો હતો.

'મારી ફરજ મારી જાતિ પ્રત્યે છે. મારું ધ્યેય છે ગુલામોને મુક્ત કરવાનું. એ માટે હું કંઈ પણ કરવા તૈયાર છું.'

કટપ્પાએ એ શબ્દો પર ધ્યાન કેન્દ્રિત કરવાનો પ્રયત્ન કર્યો પણ તેને તેના ભાઈનો અવાજ નીચે ઘૂઘવી રહેલી નદીના અને આસપાસના ઘાસના અવાજ સાથે ભળી જતો લાગ્યો. એ નીચેની દિશામાં સરકી રહ્યો હોય એમ તેને લાગતું હતું. હવે તે ખરેખર નીચે સરકી રહ્યો હતો. ક્યારેક તેને ભીના ઘાસની સુગંધ અનુભવાતી તો ક્યારેક તેને અનંત આકાશ દેખાતું. કટપ્પાની ગતિ કરાડની ધાર પાસે આવીને અટકી. નદી ઉપર એક મેઘધનુષ્ય રચાયેલું હતું. મરવા માટે કેટલી સુંદર સંધ્યા છે, કટપ્પાએ વિચાર્યું. તેનો ભાઈ તેની ઉપર જ ઝળૂંબી રહ્યો હતો.

'મારું આ સપનું સિદ્ધ કરવા હું ગમે તે હદે જઈ શકું છું,' શિવપ્પાએ કહ્યું. તેના ભાઈનો અવાજ હતો આ. કટપ્પાને પોતાના નાના ભાઈ પર ખૂબ જ ગર્વ હતો. તે ફરી એક વાર શિવપ્પાનો હાથ પકડવા માંગતો હતો.

'હવે મને કોઈ અટકાવી શકે તેમ નથી, કારણ કે મારું ધ્યેય કોઈ પણ માણસ કરતાં ઊંચું છે.' શિવપ્પાના શબ્દો બહુ જ પ્રેરણાત્મક હતા. મારો ભાઈ તો નાયક થવા સર્જાયો છે, કટપ્પાએ વિચાર્યું. એ બંને હવે બાળકો બની ગયા હતા અને હસતા, ચીસો પાડતા ઘાસના મેદાનોમાં દોડી રહ્યા હતા. તેઓ જંગલી સસલાની પાછળ દોડી રહ્યા હતા. હવે તેઓ લાકડાની તલવાર પર હાથ અજમાવી રહ્યા હતા અને તેમના પિતા તેમને જોઈ રહ્યા હતા.

દૃશ્યો, યાદો — નકામી, કીમતી. નીચે નદી હસી રહી હતી. ઇન્દ્રધનુષ ધબકી રહ્યું હતું.

તેને એમ અનુભવાયું કે તેના ભાઈનો હાથ તેને ઊંચકી રહ્યો છે. એ પોતાનામાં હતો તે બધો પ્રેમ પોતાની આંખમાં પ્રગટાવીને પોતાના ભાઈની સામે જોઈ રહ્યો. તેનો ભાઈ રડી રહ્યો હતો. શિવપ્પા, બેટા, રડીશ નહીં, તે કહેવા માંગતો હતો. તેનાં આંસુ લૂછવા માટે તે પોતાનો હાથ ઊંચો કરવા માંગતો હતો. પણ એ બહુ જ થાકી ગયેલો લાગતો હતો.

'અન્ના, મને માફ કરી દે.'

કટપ્પાએ પોતાના ભાઈના શબ્દો સાંભળ્યા અને તે જવાબ આપી શકે એ પહેલાં તો તે હવામાં ફંગોળાઈ ગયો. કરાડની ધાર પર ઊભા ઊભા તેને પડતો જોઈ રહેલો શિવપ્પા હવે નાનો બનતો જતો હતો. ગુલામ પડ્યો ત્યારે ઇન્દ્રધનુષ ભાંગી ગયું, જાણે તે પણ આ ગુલામના કાળા શરીરને સ્પર્શવા ન માંગતું હોય. જોકે નદી માટે તો ચામડીના રંગનો કોઈ જ ભેદ નહોતો. એ તો જે આવે તે બધાને વળગી પડતી અને પોતાના હૃદયની પાસે રાખતી. નદી તો તળિયે બેઠી-બેઠી હસી રહી હતી અને કટપ્પાને નીચે લઈ જવા ખડકો રૂપે અસંખ્ય હાથ ફેલાવીને બેઠી હતી. પાષાણહૃદયી નદી !

૨૭

પરમેશ્વર

તિમ્મા જ્યારે મહાપ્રધાન પરમેશ્વરના ભવનમાં પ્રવેશ્યો ત્યારે વાતાવરણમાં ભેજ હતો. મહાપ્રધાન પોતાના સહાયક રૂપકા સાથે વ્યસ્ત હતા અને તેમણે તિમ્માને બેસવાનો ઇશારો કર્યો. તિમ્મા એક ખુરશીની ધાર પર બેઠો અને આગળ રહેલા મેજ પર તેના હાથ ગભરાટથી ટેકવાયેલા રહ્યા. પરમેશ્વરના આસનની પાછળ એક બારી હતી જેમાંથી વરસાદ એવી રીતે દેખાતો હતો જાણે કે છત પરથી દોરડાં લટકી રહ્યાં હોય. વરસાદમાં તિમ્મા નકારાત્મક વિચારો વધારે અનુભવતો. વરસાદ એટલે ભગવાનનાં આંસુ, તેણે વિચાર્યું અને ધુમ્મસ તથા વરસાદની હેલીમાં રાજમહેલના બગીચાઓ અદૃશ્ય થતા તે જોઈ રહ્યો. બાળપણમાં વરસાદમાં અનંત આનંદ આવે, યુવાનીમાં પ્રણય ઉન્માદ અનુભવાય, આધેડ ઉંમરમાં તો દૈનિક જીવનના સંઘર્ષો સિવાય કશું પણ મહત્ત્વનું હોય જ નહીં, પણ જીવનના અંતિમ તબક્કામાં આ જ વરસાદ પાપી અવતાર ધારણ કરી લેતો હોય છે.

તિમ્મા જાણતો જ હતો કે આ દિવસ અવશ્ય આવશે. પોતાના મિત્ર દેવરાયના મૃત્યુ પછીની દરેક ક્ષણે તેને આ દિવસનો જ ભય લાગ્યો હતો. હવે તેને દેવરાય વધારે સારી રીતે સમજાતો હતો. તે છેલ્લી વાર યાચના કરવા આવ્યો હતો કે જેથી તેણે એવું કંઈક ન કરવું પડે જે તેના તમામ આદર્શોની વિરુદ્ધ હતું.

આખા ભવનમાં માત્ર બે વસ્તુઓ જ દેખાતી હતીઃ પુસ્તકોના ઢગલા અને એક આરામખુરશી જેની પર મહાપ્રધાન બપોરના ભોજન પછી ઝોકું ખાઈ લેતા. એ ખુરશીની બાજુમાં પડેલી કોઈક વસ્તુ પર તિમ્માની નજર ચોંટી ગઈ. તે ઊભો થઈને તેની દિશામાં ચાલ્યો. એ એક રમકડાનો હાથી હતો, બહુ અણઘડ હાથોથી ઘડાયેલો, જાણે કે કોઈ બાળકે બનાવ્યો હોય તેવો. માહિષ્મતીના મહાપ્રધાનના ભવનમાં આ વસ્તુ એકદમ અસંગત લાગતી હતી. તિમ્માએ એ રમકડું હાથમાં લીધું. જે નાનકડા હાથોએ એ બનાવ્યો હતો તેનાં આંગળાંની છાપ હજુ પણ તેની પર દેખાતી હતી. એ રમકડામાં મધુરા ગૃહજીવનની અને નિર્દોષ બાળપણની એવી સુંદર છાપ હતી કે તેને એક ક્ષણ માટે તો અખિલા યાદ આવી ગઈ. તેના ગળામાં લાગણીનો ડૂમો બાઝી ગયો.

'મારા પૌત્રનું છે, તિમ્મા,' પરમેશ્વરે કહ્યું. મહાપ્રધાનની આધિકારિક મુદ્રાવાળા તાડપત્રોના થપ્પા સાથે રૂપક જઈ રહ્યો હતો. પરમેશ્વર ઊભા થયા, ટેકા માટે પોતાની લાકડી શોધી અને ટેકે ટેકે તિમ્મા તરફ ચાલ્યા. તિમ્માના હાથમાંથી હાથી લેતી વખતે એ વૃદ્ધ માણસનો ચહેરો સ્મિતથી ઝળહળી ઊઠ્યો. પછીની અમુક ઘડીઓ સુધી પરમેશ્વર પોતાનાં પૌત્રો-પૌત્રીઓની વાતો કરતા રહ્યા. આ વાતો સાંભળીને તિમ્માનું મન વધારે ભારે થઈ ગયું. બહાર તો વરસાદ સતત પડી જ રહ્યો હતો. છેવટે જ્યારે પરમેશ્વરે તેની મુલાકાતનું કારણ પૂછ્યું ત્યારે તિમ્માએ ખચકાટ અનુભવ્યો. પણ એ જાણતો હતો કે તેણે એ કામ ઝડપથી કરવું જ રહ્યું નહીંતર પછી

તો તે હિંમત જ હારી જશે.

તિમ્માએ મૃદુતાથી કહ્યું, 'સ્વામી, હું રાજીનામું આપી રહ્યો છું. હવે હું આ કરી શકું તેમ નથી.'

પરમેશ્વર તિમ્માની સામે તાકી રહ્યા અને પોતાનું માથું હલાવતાં બોલ્યા, 'જો એ એટલું સરળ હોત, તો...'

'આપ તો આપનાં પૌત્ર-પૌત્રીઓને કેટલા ચાહો છો, સ્વામી. તો પછી બીજાની પીડા આપને કેમ નથી સમજાતી ? એવા ઘણા દાદા છે જેઓ પોતાનાં પૌત્ર-પૌત્રીઓ ગુમાવી ચૂક્યા છે, અને એવી કેટલીય માતાઓ છે જે પોતાનાં બાળકો ગુમાવીને પાગલ થઈ ચૂકી છે.'

'એ બધું આપણા દેશ માટે જ થઈ રહ્યું છે, તિમ્મા. જો તું એ નહીં કરે, તો બીજું કોઈ કરશે. પણ તું એકલો જ તેને કરુણા સાથે કરી શકીશ,' પરમેશ્વરે સહાનુભૂતિપૂર્વક કહ્યું.

'ના, હું નહી કરી શકું.'

'ગૌરીકાંતા પથ્થરો હવે ગમે ત્યારે ગુહાભૂમિ પહોંચશે, તિમ્મા. મહામકામને હવે થોડાક જ દિવસો બાકી રહ્યા છે. એ પથ્થરોને નદી પાર કરાવીને સલામતીપૂર્વક યોગ્ય જગ્યાએ પહોંચાડવા તારી ફરજ છે. માહિષ્મતી અને તેના લોકોની સલામતીનો આધાર તેની પર છે. આપણી સંસ્કૃતિની સમૃદ્ધિ અને વિકાસનો પાયો ગૌરીકાંતા પર જ નંખાયો છે. આ દેશ માટે પણ તારે એ કામ તો કરવું જ રહ્યું, મિત્ર.' પરમેશ્વરે તિમ્માના ખભા પર પોતાનો હાથ મૂકવાનો પ્રયત્ન કર્યો પણ તિમ્માએ હાથ હટાવી દીધો.

'આ સમયે આ કામ છેલ્લીવારનું કેમ ન હોઈ શકે ? આપણે એ છોકરાઓને મુક્ત કેમ ન કરી શકીએ ? એમણે આપણા માટે પૂરતી મજૂરી કરી છે. કેમ દર બાર વર્ષે એ બધાની હત્યા કરીને આપણે નવા છોકરાઓ લાવવા પડે છે ?'

'એ હત્યા નથી, તિમ્મા. એ તો બલિદાન છે અમ્મા ગૌરી માટે, માહિષ્મતી માટે,—'

'સ્વામી, આપ જે બોલી રહ્યા છો તેમાં ખરેખર વિશ્વાસ ધરાવો છો ?' તિમ્માની આંખો ક્રોધથી ભભૂકી ઊઠી.

'બધાના ભલા માટે થોડાક લોકોનું બલિદાન આપવું પડે. શું સૈનિકો પોતાના દેશ માટે પોતાના જીવનું બલિદાન નથી આપતા, તિમ્મા ?'

'સ્વામી, મારી ઉદ્ધતાઈ બદલ ક્ષમા કરજો,' કહીને તિમ્માએ પરમેશ્વરના હાથમાંથી પેલો રમકડાનો હાથી લીધો. 'આ રમકડું બનાવનારા નાનકડા હાથ વડે તમે ખાણમાં ગૌરીકાંતા માટે ખોદકામ કરાવશો ?'

પરમેશ્વર ક્રોધથી ધ્રૂજવા માંડ્યા. એક ક્ષણ માટે તેમના ગળે ડૂમો પણ ભરાઈ આવ્યો. તેમણે તિમ્માના હાથમાંથી પેલો હાથી પાછો ખેંચી લીધો અને પોતાની લાકડી વડે તિમ્માને દરવાજાની દિશા ચીંધી બતાવી. 'બહાર નીકળ, આ ભવનમાંથી અત્યારે જ બહાર નીકળ !' તેમણે બૂમ પાડી.

'બલિદાન માત્ર બીજા લોકોએ જ આપવાનું હોય છે, સ્વામી ? જેમ કે ગરીબનાં બાળકોએ, નિઃસહાય લોકોનાં બાળકોએ, કચડાયેલા અને નીચા વર્ણના લોકોએ—'

'હું હવે કોઈ જ વાત કરવા નથી માંગતો. હું તારી ધરપકડ કરાવીશ,' પરમેશ્વરના હોઠ ક્રોધથી ધ્રૂજતા હતા.

'અને પછી આપે જેમ દેવરાયને લટકાવી દીધો હતો એમ મને પણ લટકાવી દેશો ?

અન્યાય સામે અવાજ ઉઠાવવા બદલ ? હું ખુશી ખુશી તેના માટે લટકી જઈશ પણ હું આ પાપ કદી પણ નહીં કરું.' તિમ્મા એ વૃદ્ધ માણસ સામે જોઈ રહ્યો.

'તને એમ લાગે છે કે આ બધું એટલું સરળ છે ? તને એમ લાગે છે કે તું મહાનાયક બનીને તારી જાતનું બલિદાન આપીશ ? ગઈ વખતે, જ્યારે રાજાએ દેવરાયને ફાંસીની સજા ફરમાવી, ત્યારે રાજા સમક્ષ દયાની આજીજી કરીને મેં એની છોકરીને બચાવી હતી. નિયમ તો એવો છે કે દેશદ્રોહ માટે સમગ્ર કુટુંબને ફાંસી આપવામાં આવે, તિમ્મા. એટલું યાદ રાખજે. જો મહારાજા એવો નિર્ણય કરે કે તને અને તારા કુટુંબને ફાંસી આપવી, તો તમને લોકોને બચાવવા હું મારી આંગળી પણ ઊંચી નહીં કરું.'

તિમ્માના ખભા હારના ભારથી નમી ગયા. તેણે ઝડપથી પરમેશ્વરને વંદન કર્યાં અને એક પણ શબ્દ બોલ્યા વિના ત્યાંથી નીકળી ગયો.

એ વિશાળ ભવનમાં પરમેશ્વર ઊભા હતા, એકલા અને હારેલા. તેમની આંગળીઓ પેલા રમકડાના હાથીને પસવારતી રહી. બહાર વરસાદનું જોર વધ્યું હતું અને કોઈ ખુલ્લી રહી ગયેલી બારી વારંવાર ભટકાવાનો અવાજ આવી રહ્યો હતો. તેઓ પોતાની જાતને પોતાના આસન સુધી લઈ ગયા અને તેમાં ઢળી પડ્યા. તિમ્માના શબ્દોનું વજન તેઓ સમજી શકતા હતા. તિમ્માએ જે પ્રશ્નો પૂછ્યા હતા એ બધાં પ્રશ્નો તેમના મનમાં પણ કાયમ ઊઠતા હતા. એના જવાબો પણ એ જાણતા હતા. એ જવાબો તેમના હૃદયમાં ઊંડે ધરબાયેલા હતા. તેમણે પોતાના મનને એમ સમજાવીને મૂર્ખ બનાવે રાખ્યું હતું કે આ બધું તો આ દેશ માટે જ થઈ રહ્યું છે. અત્યાર સુધી તો તેમણે એમ જ વિચારીને પોતાના અંતરાત્માના અવાજને દબાવી રાખ્યો હતો કે તેઓ માત્ર પોતાની ફરજ જ નિભાવી રહ્યા છે.

પણ જ્યારે તિમ્માએ એમ પ્રશ્ન કર્યો કે શા માટે એ પોતાના પૌત્રને ગૌરીપર્વતમાં કામ નથી કરવા દેતા ત્યારે એ પ્રશ્નએ કોશની માફક પ્રહાર કરીને તેમના અંતરાત્માનો દરવાજો ખોલી નાખ્યો હતો. અન્ય કોઈ પણ માણસે આવો પ્રશ્ન કર્યો હોત તો તેમણે એ વાતને અપમાન જ ગણી હોત. તેમણે એ માણસને કાયમ માટ બરબાદ જ કરી નાખ્યો હોત. પણ તિમ્મા જેવા અત્યંત પ્રમાણિક માણસે આ પ્રશ્ન પૂછીને જાણે કે પરમેશ્વર સામે અરીસો જ ધરી દીધો હતો અને એ અરીસામાં તેમને કોઈ અજાણ્યા માણસની જ છબી દેખાઈ હતી. તેમને એ છબી નહોતી ગમી. પચાસ વર્ષ પહેલાં, જ્યારે તે માહિષ્મતીની સેવામાં જોડાયા ત્યારે તેમણે આવા બનવાનું ધ્યેય નહોતું રાખ્યું. તેમના ધ્યેય બહુ ઊંચા હતા અને તેમને પોતાની કરુણા અને બુદ્ધિ માટે ગર્વ હતો. જોકે, પછીનાં વર્ષોમાં તેઓ ઘણાં રાજકીય યુદ્ધો લડ્યા હતા અને એ દરમિયાન તેમણે સારાં કામ તો કર્યાં જ હતાં પણ પોતાની રાજકીય કારકિર્દી આગળ ધપાવવા માટે અને માહિષ્મતીના મહાપ્રધાન બનવાની મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા માટે ખોટાં કામ પણ કરવા પડ્યાં હતાં. એ જ તો એમના જીવનની કરુણતા હતી. પોતાના જીવન પર નજર નાખતાં એમને એવી ઇચ્છા તો અવશ્ય થતી હતી કે તેમનામાં પણ છેવટે એકાદ વાર તો દેવરાય જેવી હિંમત પ્રગટવી જોઈતી હતી. જેમ આજે તિમ્માએ પોતાની વિરુદ્ધ ઊભા રહી બતાવ્યું હતું, તેમ એક વાર તો એમનામાં મહારાજાની વિરુદ્ધ ઊભા રહેવા જેટલી અને આટલું નિર્દયી કામ નહીં કરું એટલું કહેવાની નિષ્ઠા જાગૃત થવી જોઈતી હતી.

હું તો ડરપોક છું, પરમેશ્વરે મનોમન વિચાર્યું. અડધી સદી સુધી વિસ્તરેલી કારકિર્દી પછી લાધેલું આ જ્ઞાન આમ તો ઉદાસીજનક જ હતું. તેમની પત્ની સાચું જ કહેતી હતી. હવે બધું છોડીને નિવૃત્ત થવાનો સમય આવી ગયો હતો. તે રમકડાના હાથીને બહુ પ્રેમથી નીરખી રહ્યા. હાથીને પોતાના આસનની બાજુમાં મૂકતાં તેમણે વિચાર્યું કે નિવૃત્ત થયા પછી તેમને તેમનાં

પૌત્રો-પૌત્રીઓ સાથે રમવાનો વધારે સમય મળી રહેશે. એ જ સમયે તેમના હૃદયના ઊંડાણમાંથી ગરીબોનાં પૌત્રો-પૌત્રીઓવાળી તિમ્માની વાત પાછી ઊભરાઈ આવી અને મન મક્કમ કરીને તેમણે તે વાતને ફરી વાર ઊંડે ધકેલી દેવી પડી. હું માત્ર ડરપોક જ નથી, સ્વાર્થી પણ છું , તેમણે ઉદાસી વધારતો વિચાર કર્યો. રૂપકાને બોલવવા માટે ઘંટડી વગાડવા તેમણે હાથ લંબાવ્યો. તેમના પહેરણની બાંય એ સમયે પેલા હાથીમાં ભરાઈ અને હાથીના નાના-નાના ટુકડા થઈ ગયા.

જ્યારે રૂપકા આવ્યો ત્યારે તે રમકડાના એ ટુકડાઓ જોઈ રહ્યો. ભવનમાં કોઈ દીવો પ્રગટાવવામાં નહોતો આવ્યો અને ઠંડી પણ પ્રસરેલી હતી.

‘સ્વામી ?’ રૂપકાએ મૃદુતાથી પૂછ્યું.

પરમેશ્વરે પ્રયત્નપૂર્વક પોતાના સહાયક તરફ જોયું. ભવનમાં અંધારું હતું તે બદલ તેમણે મનોમન ભગવાનનો આભાર માન્યો. જો રૂપકા તેમની આંખોમાં આંસુ જોઈ ગયો હોત, તો એ ઘટના તેમના માટે શરમજનક હોત.

‘અત્યારે જ મહારાજા પાસે મુલાકાતનો સમય મેળવી આવ. અને હા, સ્કંદદાસને પણ કહેણ મોકલાવ.’

‘હા, સ્વામી.’ જવા માટે રૂપકા અવળો ફર્યો. દરવાજા પાસે જઈને તે અટક્યો અને બોલ્યો, ‘અને જો એ પૂછે તો મારે શું કહેવું કે…’

જવાબ આપવાને બદલે પરમેશ્વર ભવનની બહાર નીકળી ગયા. રૂપકા પાસેથી પસાર થઈ, પગથિયાં ઊતરીને તેઓ વરસાદમાં ઊભા રહ્યા. વરસાદ તેમના હૃદયનો બધો જ ભાર વહાવી જાય તેની તેઓ પ્રતીક્ષા કરવા લાગ્યા. રૂપકા ધીરજપૂર્વક વરંડાની ધાર પાસે ઊભો રહ્યો. દૂર, ગૌરી પર્વતનું શિખર વાદળો પાછળ સંતાયેલું હતું.

આ વરસાદ તો શું, ગંગાનું બધું પાણી પણ મારાં પાપ ધોઈ શકવાનું નથી. અસંખ્ય નિર્દોષોના લોહીથી આ હાથ ખરડાયેલા છે. આમ્મા ગૌરી, મારો હિસાબ બહુ ક્રૂરતાથી ન કરતાં, કારણ કે હું તો મૂર્ખ હતો , પરમેશ્વર મનોમન વિચારતા રહ્યા.

‘સ્વામી ?’ જાણે પેલો પ્રશ્ન યાદ અપાવતો હોય એમ રૂપકા બોલ્યો.

પરમેશ્વર હળવેથી તેની દિશામાં ફર્યા. તેમના ચહેરા પર કડવું સ્મિત હતું. તેમણે પોતાના સહાયકને કહ્યું, ‘મહારાજાને કશું જ કહેતો નહીં, એ તો હું પોતે જ તેમને જણાવીશ. સ્કંદદાસને જણાવજે કે પરમેશ્વરે હવે નિવૃત્તિ લઈ લીધી છે. અને તેને અભિનંદન આપવાનું ચૂકતો નહીં કારણ કે એ જ હવે માહિષ્મતીના ઉપપ્રધાન બનશે.’

૨૮

તિમ્મા

તિમ્મા નદીકિનારે ઊભો હતો અને કાળી, ઊકળતી શાહી જેવું નદીનું પાણી તેની પાસેથી પસાર થઈ રહ્યું હતું. ધોધમાર વરસાદ શરૂ જ હતો. તિમ્મા અત્યારે આમ પણ ઘરે જવાના મિજાજમાં નહોતો. તેણે પોતાની પત્નીને વચન આપ્યું હતું કે આ મહામકામ વખતે તે પોતાનું કામ કરશે નહીં. નદીમાં કૂદીને આ જીવન જ સમાપ્ત કરી દેવાનો વિચાર તેને આવી ગયો. પણ એ તો કાયરતાનો માર્ગ હતો. એ એવું તો નહીં જ કરે. તે કોઈ ઉપાય તો જરૂર વિચારશે પણ કેવી રીતે, એ તે નહોતો જાણતો.

તેને પેલા પથ્થરોના પરિવહનનો ભય નહોતો પણ છોકરાઓની સામૂહિક હત્યાથી તે આતંકિત હતો. એ છોકરાઓ તો અખિલાથી પણ નાના હશે... માહિષ્મતી એક જીવંત જુઠ્ઠાણું છે. આ સામ્રાજ્ય પડી ભાંગશે કારણ કે તે નિર્દોષ લોકોના આંસુ એને લોહી પર ચણવામાં આવ્યું છે , એમ તેણે મનોમન વિચાર્યું. પછી તેને હસવાની ઇચ્છા થઈ આવી. ત્રણ સદી સુધી આ સામ્રાજય સમૃદ્ધ થયું હતું અને તેણે બરફીલા પહાડોથી માંડીને ત્રણ સમુદ્રો સુધીની ભૂમિ પર આવેલા મોટાભાગનાં રાજ્યો જીતી લીધાં હતાં. ચારણો તો એમ જ ગાતા કે આ સામ્રાજ્ય પર અમ્મા ગૌરીના આશીર્વાદ છે.

આ બધું શરૂ કઈ રીતે થયું એ વિષે તે વિચારવા લાગ્યો. સદીઓથી આ પથ્થરોનું ખાણકામ પૂરજોશમાં ચાલતું આવ્યું છે. પણ ગૌરી પર્વતની ઉદારતાની પણ એક સીમા છે. વર્ષો વીતતાં ગયાં તેમ ખાણ પર્વતના પેટાળમાં ઊંડી ને ઊંડી ખોદતી જવી પડી. પર્વત અસ્થિર બની ગયો અને ઘણી વાર અંદર અંદર તૂટવા પણ માંડ્યો. ઘણા ખાણિયાઓ એમાં મરી જતા. થોડા સમય પછી તો ખાણમાં કામ કરવા માટે ગુલામોની અછત ઊભી થઈ ગઈ. વેપારીઓએ તેમના ભાવ પણ ઊંચા કરી નાખ્યા અને તેમાંથી મોટાભાગના તો ટૂંક સમયમાં મરી પણ જતા. લગભગ એક સદી પહેલાં એક ચતુરાઈભર્યો ઉપાય મળી આવ્યો જે ક્રૂર પણ હતો. એમ શોધી કાઢવામાં આવ્યું કે નાનકડાં બોગદાં પાડવામાં આવે તો તે મોટાં બોગદાં કરતાં વધારે સમય ટકી રહે છે. અને એ નાનકડાં બોગદાંઓમાં કામ કરવા માટે તેઓ માત્ર બાળકોનો ઉપયોગ કરી શકે તેમ હતા. શરૂઆતમાં તો એમ વાત ફેલાવામાં આવી કે નાનકડાં બોગદાં સલામત છે એટલે મા-બાપો પોતાના પુત્રોને સ્વચ્છાએ મોકલતાં હતાં. નાનાં બોગદાં મોટાં બોગદાંની સરખામણીએ પ્રમાણમાં ઓછાં જોખમી હતાં પણ સંપૂર્ણ સલામત તો નહોતાં જ. ખાણમાં મરી રહેલા બાળકોનો આંકડો વધવા માંડ્યો એટલે લોકોએ પોતાનાં બાળકો મોકલવાનું બંધ કરી નાખ્યું. ગમે તેટલું બળ કે ધન વાપરવા છતાં તેઓ પોતાના પુત્રોને મરવા માટે મોકલતાં નહીં. જ્યારે મહારાજાએ બળપૂર્વક છોકરાઓ લેવાનો પ્રયત્ન કર્યો ત્યારે લોહિયાળ બળવો ફાટી નીકળ્યો. છેવટે એ બળવો બંધ કરાવવા મહારાજાએ એવું જાહેર કરવું પડ્યું કે તેઓ ખાણો જ બંધ કરાવી રહ્યા છે.

એ પછી ગુલામ બાળકોનો વેપાર શરૂ થયો. વેપારીઓ અને ચાંચિયાઓ માંડલિક રાજ્યોનાં દૂર-સુદૂરનાં ગામડાંઓમાં જઈને છોકરાઓ પકડી લાવતા હતા. રાજા તરફથી એવો દેખાવ કરવામાં આવતો કે એ લોકો આ દૂષણને રોકવાનો પ્રયત્ન કરી રહ્યા છે પણ મોટાભાગે તો તેઓ આંખ આડા કાન જ ધરતા. આ જવાબદારી ઘણા અધિકારીઓ વચ્ચે વહેંચાયેલી હતી. વામન અધિકારીઓને ખાસ એટલે રાખવામાં આવ્યા કે જેથી તેઓ બાળકોનું નિરીક્ષણ કરી શકે અને તેઓ ભાગી ન જાય તેનું પણ ધ્યાન રાખી શકે. ખાણની અંદરના જીવનને કારણે વામનો અત્યંત ક્રૂર બની ગયા પણ વડા અધિકારીઓને એમ લાગતું હતું કે બાળકો પાસેથી મહત્તમ કામ લેવા માટે આ ક્રૂરતા આવશ્યક પણ હતી.

વર્ષો વીતતાં ગયાં તેમ બોગદાં ઊંડાં ને ઊંડાં થતાં ગયાં. વૈતાલિકોએ પવિત્ર પર્વત પાછો મેળવવા માટેનું તેમનું યુદ્ધ ચાલુ જ રાખ્યું પણ માહિષ્મતી જેવો શક્તિશાળી દેશ એમ તો કંઈ પોતાની દૂઝણી ગાય જતી કરે એમ નહોતો. એના બદલે રાજ્યના પ્રચારતંત્રએ વૈતાલિકોની દંતકથાઓનો દુરુપયોગ કરવાનું શરૂ કર્યું.

ચારણો એવું ગાતા હતા કે દર બાર વર્ષે અમા ગૌરી તેના પેટમાંથી પેલા પથ્થરો બહાર ઓકી કાઢતી હતી. આ દંતકથામાં થોડુંઘણું સત્ય પણ હતું. વૈતાલિકો ઘણી સદીઓ પહેલાં આવા પથ્થરો ભેગા કરીને તેની પૂજા કરતા હતા. જોકે એક હકીકત બહુ સરળતાથી ભુલાવી દેવામાં આવી કે જ્વાળામુખી પર બેઠેલા આ પર્વતમાંથી આવા પથ્થરો સદીઓમાં એકાદ વાર જ બહાર નીકળતા હતા. પૂજારીઓ એવી વાતો કરતા કે માહિષ્મતી પર તો ભગવાનના આશીર્વાદ છે એટલે અમ્મા ગૌરી દર બાર વર્ષે પોતાના આશીર્વાદ આપણને આપે છે. આ એવું જુઠ્ઠાણું હતું જેને માની લેવામાં માહિષ્મતીના નાગરિકોને વધારે તકલીફ પડતી નહીં. ખાણમાં કામ કરવા માટે તેમના બાળકોનું ભાગ્યે જ અપહરણ કરવામાં આવતું હતું. આવા અત્યાચારો તો એવાં અંતરિયાળ ગામડાંઓમાં થતાં જ્યાં કચડાયેલા અને નિમ્ન વર્ણના લોકો રહેતા હતા.

અને નગરમાં વસતા લોકોની નજરમાં આવા લોકોનું જરા પણ મૂલ્ય નહોતું. તેઓ પોતાના મનઘડંત જગતમાં દેશભક્તિ અને સાંસ્કૃતિક ગુરુતાનો ગર્વ લઈને જીવતા. તેમના માટે માહિષ્મતી એટલે શ્રેષ્ઠ માનવમૂલ્યો, યશનું શિખર અને માનવજાતની સિદ્ધિઓનું મૂર્ત સ્વરૂપ. દર બાર વર્ષે જ્યારે અમ્મા ગૌરીના આશીર્વાદ મળતા ત્યારે બધા લોકો રાજમહેલના મેદાનમાં ભેગા થઈને તેની ભવ્ય ઉજવણી કરતા. ગૌરી પર્વતના શિખર પર ત્રણ વખત ચમત્કારિક પ્રકાશના ઝબકારા થતા અને તેનાથી ઉજવણીની શરૂઆત થતી. સામાન્ય લોકો તો એમ જ માનતા કે આ પ્રકાશ ભગવાનનો ચમત્કાર છે. તિમ્મા જેવા અંદરના લોકો જાણતા કે ખાણમાં રહેતા વામનો આ પ્રકાશ ફેલાવતા હતા. જો કોઈ પણ વાતમાં ચમત્કાર અને ધર્મનું તત્ત્વ ઉમેરી દેવામાં આવે, તો સામાન્ય માણસ એ વાત બહુ સરળતાથી સ્વીકારી લેતો હોય છે.

તિમ્મા એ વિષે જેટલું વધારે વિચારતો ગયો, તેટલો જ વધારે ગુસ્સે પણ થતો ગયો. તેમણે દેવરાયને પૂરતો સમય આપ્યો હોત તો કેવું સારું થયું હોત, એમ પણ તેને વિચાર આવ્યો.

'સ્વામી, આપ નદીમાં કૂદવા માંગો છો ?'

અવાજ સાંભળીને તિમ્મા ચોંકી ગયો. તેનો હાથ તરત જ તેની તલવારની મૂઠ પર પહોંચી ગયો.

'મને મારશો નહીં, સ્વામી. હું તો બૃહન્નલ્લા છું.'

આવી પરિસ્થિતિમાં કોઈ કિન્નર સાથે વાત કરવાની તો તિમ્માની જરા પણ ઇચ્છા નહોતી. તેણે માથું હલાવીને જવાબ આપ્યો અને પોતાના રથની દિશામાં ચાલવા માંડ્યો.

'સ્વામી, મહાપ્રધાન તો જરા પણ કૂણા પડ્યા નહીં, ખરું ને ?'

તિમ્મા થીજી ગયો. 'તને કઈ રીતે ખબર ?'

બૃહન્નલ્લા હસ્યો, 'ખબર રાખવી એ જ તો મારું કામ છે, સ્વામી.'

તિમ્મા આગળ કંઈ વાત કરવા નહોતો માંગતો. તેના મનમાં શંકા હતી કે આ કિન્નર તેને કોઈ છટકામાં ફસાવી રહ્યો છે. તે પોતાના રથમાં ચડ્યો પણ બૃહન્નલ્લાએ ઘોડાની લગામ પકડી રાખી અને બોલ્યો, 'હું મદદ કરી શકીશ, સ્વામી. વાસ્તવમાં આપણે બંને એકબીજાને મદદ કરી શકીશું.'

'તું શું વાત કરે છે?' તિમ્માએ પૂછ્યું.

બૃહન્નલ્લાએ થોડુંક ઝૂકીને તેના કાનમાં કંઈક કહ્યું. તિમ્માને આઘાત લાગ્યો.

'ના, હું એ તો નહીં જ કરું,' તેણે ભારપૂર્વક કહ્યું.

'જેવી આપની મરજી,' ખભા ઊંચા કરીને બૃહન્નલ્લા ચાલવા માંડ્યો.

'ઊભો રહે.' તિમ્માએ કહ્યું. તેની પાસે બીજો કોઈ જ વિકલ્પ નહોતો. તેણે આ તક ઝડપવી જ રહી. બૃહન્નલ્લા રથમાં ચડ્યો.

'આગળ વધતાં વધતાં આપણે વાત કરીએ, સ્વામી. ચારેબાજુ કોઈના કાન તો ફેલાયેલા જ હોય છે.'

રથ આગળ ધપવા માંડ્યો અને બૃહન્નલ્લા તિમ્માની સાથે દબાયેલા અવાજે આયોજન કરવા માંડ્યો.

૨૯

એલી

ડાળખીઓના કામચલાઉ ત્રોફા પર ઉંદર શેકતી એલી બેઠી હતી. કોઈ દોરડી સાથે ઉંદરની પૂંછડી બાંધીને તેને લટકાવવામાં આવ્યો હતો અને જેમ જેમ એ આગથી શેકાતો જતો હતો તેમ તેમ ગોળ ગોળ ફરતો જતો હતો. આંખો બંધ કરીને એલી સ્વાદિષ્ટ માંસની સુગંધ માણી રહી હતી. તેને મનમાં વિચાર આવ્યો કે આ માંસ પર ભભરાવવા માટે થોડાક મસાલા હોત, તો વધારે સ્વાદિષ્ટ બનત. થોડું મીઠું હોત તો પણ સારું થાત. જોકે એવો વૈભવ અત્યારે તો સંભવ નહોતો. તેઓ અત્યાર સુધી તો જીમાતાએ પકડેલી કાચી માછલી કે જંગલી પક્ષીઓ જ ખાતાં હતાં. આગ પેટાવવાનું તેમના માટે શક્ય નહોતું. તેમને ચકમકના પથ્થર મળતા નહોતા અને બીજા પથ્થરોથી તણખા ઝરતા નહોતા. ઘાસ પણ ભીનું હતું અને તે લોકો જે ટાપુ પર આવી પહોંચ્યાં હતાં તેમાં ચારે બાજુ ગંધાતો કાદવ ફેલાયેલો હતો.

પછી વરસાદ પડ્યો અને વરસાદની સાથે વીજળી પણ. એ વખતે જીમોતા એલી સાથે સંભોગ કરી રહ્યો હતો. જ્યારે વીજળી પડી અને એક વૃક્ષની ડાળી સળગી ઊઠી, ત્યારે એલી તેને ધક્કો મારીને અગ્નિ તરફ દોડી ગઈ. જીમોતાએ તેને એ માટે ફટકારી પણ ખરી પણ પછી તેમણે ભડભડતા અગ્નિ પાસે જ સંભોગસુખ માણ્યું.

એલી તેને પહેલાં નફરત કરતી હતી અને અત્યારે પણ નફરત જ કરતી હતી પણ અચિ નાગમ્માએ તેને બરાબર તૈયાર કરી હતી. અચિ કહેતી કે સ્ત્રી માટે સૌથી મોટું હથિયાર છે તેનું શરીર. નૈતિક મૂલ્યો એટલે બીજું કશું જ નહીં પણ પુરુષો દ્વારા સ્ત્રીઓને બાંધી રાખવા માટે ઘડવામા આવેલી સાંકળ. એટલે એલી માટે તેનું શરીર જીમોતાને નિયંત્રણમાં રાખવાનું સાધન જ હતું. એ ભયાવહ ચાંચિયો હશે પણ એ પુરુષ તો હતો જ. એલી જાણતી હતી કે તે સુંદર છે અને તેની સુંદરતા અને માદકતાનો ઉપયોગ તે તલવારની જેમ જ કરતી. તેને માહિતી જોઈતી હતી અને જો જીમોતા સાથે સંભોગ કરવાથી પણ માહિતી મળતી હોય તો તે કોઈ પણ પ્રકારની દોષની લાગણી કે ખચકાટ અનુભવ્યા વિના એમ કરવાની હતી. ચાંચિયો ધીમે ધીમે મૈત્રીપૂર્ણ તો બની ગયો હતો પણ અત્યાર સુધી તે હોશિયારી દાખવી રહ્યો હતો. તે માહિતીના નાના નાના દાણા નાખીને તેને લલચાવતો પણ મહત્ત્વની માહિતી તે આપતો નહીં. અને આ બાબતમાં એલી કશું જ કરી શકે તેમ નહોતી. તે આ ટાપુ પરથી જવા માંગતી હતી પણ ટાપુનાં કળણો ભયાનક હતાં અને નદી આ બાજુ ટાપુ પર પાછાં ફરતાં પાણી સાથે અને પેલી બાજુ દૂર દૂર ક્ષિતિજ પર દેખાતી ટેકરી સાથે ભળી જતી. તેમની નજર પહોંચી ત્યાં સુધીમાં ક્યાંય માણસનું નિશાન દેખાતું નહોતું.

'ભયાનક વાસ આવે છે,' જીમોતાએ નાકનું ટીચકું ચડાવીને કહ્યું. તે થોડેક દૂર એક પથ્થર પર બેસીને માછલી પકડી રહ્યો હતો.

'એવું તને લાગતું હશે, કદાચ. મને તો આ સુગંધથી મારા બાળપણની યાદો તાજી થાય છે. જ્યારે અમારા ગામમાં ભૂખમરો ફેલાતો, ત્યારે અમારી પાસે ખાવા માટે માત્ર આ ઉંદરો જ બચતા હતા. અને અમારે ત્યાં અવારનવાર ભૂખમરો ફેલાતો. હું મારા ભાઈ સાથે મળીને નાળીઓ અને ખુલ્લાં મેદાનોમાંથી ઉંદરો પકડી લાવતી અને ઘણા દિવસો સુધી અમારું કુટુંબ મારા શિકારી કૌશલ્યના આધારે જ જીવતું,' કહીને એલી ઉંદરની બીજી બાજુ શેકવા માંડી.

'તો પછી તારામાંથી આટલી વાસ આવે તેમાં શું નવાઈ !' જીમોતા ખડખડાટ હસવા માંડ્યો. એલીએ કોઈ જવાબ આપ્યો નહીં. વર્ષો પહેલાં ખોવાઈ ગયેલા તેના ભાઈની યાદોથી તેનું મન ભરાઈ આવ્યું. એ વખતે એ બંને પોતાના ગામથી થોડે દૂર કોઈ મહેલના ખડરમાં ઉંદર પકડી રહ્યાં હતાં. તેનો ભાઈ તેને પ્રશ્નો પૂછીને પજવી રહ્યો હતો અને તેણે પોતાના ભાઈને ચૂપ રહેવા માટે ગુસ્સો પણ કર્યો હતો. તેનો ભાઈ બહુ જ જિજ્ઞાસુ હતો પણ તેનો અનુભવ એવો હતો કે જો મૃત્યુવત્ શાંતિ જાળવવામાં ન આવે, તો ઉંદરો છૂપાઈ જ રહેતા. જ્યારે તેણે એક મોટું અને જાડું ઉંદર ફસાવ્યું, ત્યારે પાછળ ફરીને તે પોતાના ભાઈને ઉંદર બતાવવા ગઈ પણ એ તો જતો રહ્યો હતો. અદૃશ્ય. તેનું શું થયું એ બાબતે એલીને જરા પણ માહિતી નહોતી. ક્યાંય લોહીનું ટીપું પણ પડ્યું નહોતું અને એવાં કોઈ જ ચિહ્નો નહોતાં કે કોઈ ચિત્તા કે વાઘે તેને ફાડી ખાધો હોય.

'શું વિચારી રહી છે ?' જીમાતાએ પૂછ્યું.

'મારા ભાઈ વિષે,' કહીને એલીએ તેને પોતાના ભાઈની વાત કહી સંભળાવી.

'બદનસીબી,' તેણે કહ્યું પણ એલીએ નોંધ્યું કે એ તેની સામે નહોતો જોઈ રહ્યો.

તે હસ્યો. 'છોકરડી, મેં તો એનાથી પણ ખરાબ કામ કર્યાં છે, પણ આસપાસના વિસ્તારમાં કંઈ હું એક જ ઠગ નથી. તમારા રાજાના જ માણસો જે કોઈ પણ નાના છોકરા લાવી આપે તેમને રૂપિયા ચૂકવવા તૈયાર જ હોય છે. હવે જો તું એમ પૂછવાની હોય કે રાજાના માણસોને નાના છોકરાઓ કેમ જોઈએ છે, તો એ હું નથી જાણતો. કદાચ મને જેમ તારા જેવી છોકરીઓનો શોખ છે એમ એ લોકોને નાના છોકરાઓનો શોખ હશે. કોને ખબર ? અને એવી પડી પણ કોને છે ?'

એલી તેને પોતાના મનના ઊંડાણથી ધિક્કારતી હતી. એ બહુ ભયાનક રીતે આકર્ષક હતો અને શાનદાર રીતે દુષ્ટ પણ હતો. કદાચ તેણે હવે તેને મારી નાખવા વિષે વિચારવું જોઈએ. એ જીમોતાને જવાબ આપવા જ જતી હતી કે તેણે નદીમાં સરકી રહેલું મોટું થડ જોયું. કદાચ ગઈકાલના વરસાદના કારણે પડી ગયું હશે. પણ તેનું ધ્યાન તો ખેંચાયું હતું તેની પર રહેલા માનવદેહને કારણે.

'જો કોઈ માણસ છે,' એ તરફ આંગળી ચીંધીને તેણે બૂમ પાડી.

'હા, લાગે છે તો એમ જ,' જીમાતાએ કહ્યું અને એ પાછો માછલી પકડવામાં મગ્ન થઈ ગયો.

'આ નું કરી શું રહ્યો છે ? જા અને એને બચાવ, કૂદ !' એલીએ ફરી વાર બૂમ પાડી. એ તેની તરફ આશ્ચર્યથી જોઈ રહ્યો. પાણીના પ્રવાહમાં થડ તો ગતિથી વહી રહ્યું હતું. એલી નદીમાં કૂદી. પછી પાણીના પ્રવાહને કારણે તે નીચે ખેંચાવા લાગી ત્યારે શ્વાસ લેવા હવાતિયાં મારવા માંડી. પાણી કાદવિયું હતું અને ગતિથી વહી રહ્યું હતું અને તે જ્યાં ડૂબી હતી ત્યાં પ્રવાહને કારણે ફીણ વળવા માંડ્યાં હતાં. થોડી વાર પછી તે પાછી સપાટી પર આવી અને પેલા થડ તરફ તરવા માંડી અને પાણીનો પ્રવાહ તેને એ દિશામાં લઈ જવા માંડ્યો.

એક કાળો, સુદૃઢ માણસ બેહોશ અવસ્થામાં એ થડ પર પેટભર પડ્યો હતો. તેણે એ થડની એક ડાળ પકડવાનો પ્રયત્ન કર્યો પણ તેને એ વાતનો ભય હતો કે જો થડ થોડું પણ ફરશે તો પેલો માણસ સીધો પાણીમાં જ પડશે. એ મરી ગયો છે કે શું , એલીએ વિચાર્યું. ઝડપી પ્રવાહને કારણે તેને મુશ્કેલી પડી રહી હતી. તેની પીઠ પર એક ઘા પડેલો હતો જે સડી ગયો હતો અને તેની આસપાસ માખીઓ બણાબણી રહી હતી. કદાચ મરી જ ગયો છે, એમ વિચારીને તેને નિરાશા ઘેરી વળી. એ મડદાનો પીછો કરી રહી હતી. એ પાછી ફરીને ટાપુની દિશામાં તરવા જ જતી હતી કે એ માણસની આંગળી જરાક હલી.

'જીવતો છે !' તે બોલી ઊઠી. તેણે જીમોતાને પાણીમાં કૂદતો જોયો. તે વિશ્વાસપૂર્વક અને સરળતાથી હાથ વીંઝતો વીંઝતો તરી રહ્યો હતો.

'ઝડપ કર, જલદી, આગળ વધ,' તે બોલતી રહી. થોડાક હાથ આગળ જ નદીનો પ્રવાહ ખડકો સાથે અથડાઈ રહેલો તેને સંભળાતો હતો. પાણી હવે ઊછળી રહ્યું હતું અને મોજાં પર સફેદ ફીણ પણ દેખાવા માંડ્યાં હતાં.

જીમોતાએ થડ પકડીને હલાવ્યું.

'આ શું કરે છે ?' એલીએ ભયભીત થઈને ચીસ પાડી. પેલો માણસ અચૂક પાણીમાં પડવાનો હતો.

'ચૂપ મર, છોકરડી,' નદીના ઘુઘવાટથી પણ ઊંચો અવાજ કરીને એ બોલ્યો.

થડ ગોળ ફર્યું અને જ્યારે એ પહેલાની સ્થિતિમાં પાછું આવ્યું ત્યારે એ માણસ અદૃશ્ય થઈ ગયો હતો.

'હરામજાદા, તેં એને મારી નાખ્યો— હે ભગવાન, હે ભગવાન, હે ભગવાન,' તે રડી પડી. એ માણસની જરાય નિશાની દેખાતી નહોતી.

'જીમોતા—' તે બોલીને આસપાસ નજર નાખવા માટે ફરી. એ ચાંચિયો પણ દેખાતો નહોતો. પાણીના ઝડપી, ઘુમરાતા પ્રવાહમાં પ્રવેશી રહેલું થડ જ માત્ર દેખાતું હતું. એને પોતાને જ આ પ્રવાહમાં તરવામાં મુશ્કેલી પડવા માંડી. પાણી જાણે એક એક આંગળ કરીને તેને ખેંચી રહ્યું હોય, એમ લાગતું હતું.

'જીમોતા...' તેણે બૂમ પાડી. તેને ભય લાગ્યો કે તે જે માણસને બચાવવા આવી હતી તેની સાથે તો આ ચાંચિયો પણ ડૂબી ગયો લાગે છે. પછી તેણે તેને જોયો. જીમોતા પેલા માણસને ખેંચીને કિનારે લઈ જવા મથી રહ્યો હતો. એ તરીને તેમની દિશામાં ગઈ. તેણે જોયું કે જીમોતાએ એ માણસ પરની પકડ ગુમાવી દીધી અને એ માણસ ફરી વાર પાણીમાં અદૃશ્ય થઈ ગયો. તેણે ઊંડો શ્વાસ લઈને ડૂબકી મારી. સપાટી નીચેનું પાણી શાંત હતું અને તેને ધીમે ધીમે તળિયે બેસી રહેલી એક કાળી આકૃતિ દેખાઈ. તે પોતે હવે ગૂંગળાઈ રહી હતી પણ તે જાણતી હતી કે જો તે આ ક્ષણે પ્રયત્ન છોડી દેશે તો એ માણસ અવશ્ય મૃત્યુ પામશે. એ તરીને તેની પાસે ગઈ અને તેને ઊંચકવાનો પ્રયત્ન તેણે કર્યો. એ તેને એક આંગળ જેટલો પણ હલાવી શકી નહીં. તેનાં ફેફસાં હવા માટે તરસી રહ્યાં હતાં. જ્યારે તેણે જોયું કે એ માણસનો પગ એક ખડની વચ્ચે ભરાઈ ગયો છે ત્યારે તેને છોડી દઈને ઉપર જવા માટે તે લલચાઈ ગઈ. પોતાના દૃઢ નિર્ધારને વધારે દૃઢ કરીને તે વધારે નીચે ઊતરી. તેનો પગ ખડકમાંથી છૂટો કરીને તેણે એ માણસને પોતાના હાથ નીચે દબાવ્યો અને પગ વડે પ્રયત્ન કરીને તે ઉપરની દિશામાં તરવા લાગી. હવા માટે હવાતિયાં મારતી તે જ્યારે સપાટી પર આવી ત્યારે જીમોતા કાંઠા પર ચડી રહ્યો હતો.

તેણે હવાના બાચકા ભર્યા પણ પ્રવાહ તેને અવળી દિશામાં ખેંચી જઈ રહ્યો હતો. પેલો માણસ પણ તેની પકડમાંથી ધીરે ધીરે સરકી રહ્યો હોય એમ લાગતું હતું.

'તું તો જળપરી જેવી લાગે છે, ફટાકડી,' તેને જોઈ રહેલા જીમોતાએ કહ્યું અને મોઢા વડે ઘાસનું એક તણખણું તોડ્યું.

'તારું ગંધાતું મોઢું બંધ રાખ અને અહીં આવીને મને મદદ કર. આ માણસ તો હાથી જેટલો ભારે છે,' તે બોલી.

જીમોતા ખડખડાટ હસીને બોલ્યો, 'આવી નદીમાં ફરી વાર કૂદવા જેટલો મૂર્ખ નથી હું. હું તો બેઠો બેઠો એ જોઈશ કે તારા રૂપાળા પગમાં કેટલું જોર છે.'

આ શબ્દોથી એલીને એટલો ક્રોધ આવ્યો કે તેનો નિર્ધાર વધારે દૃઢ થઈ ગયો અને તે સામે પ્રવાહ તરીને કાંઠા સુધી પહોંચી ગઈ. તે કાંઠા પર ચડી અને હાંફતાં-હાંફતાં પેલા માણસને કાંઠા પર ખેંચવા માટે મહેનત કરવા માંડી.

'મારા શરીરને જોઈને લાળ પાડવાને બદલે મને મદદ કર, હરામજાદા,' હાંફતાં હાંફતાં એલીએ કહ્યું અને જીમોતાએ એ માણસને ઉપર ખેંચી કાઢ્યો. એલી એ માણસનું પેટ દબાવવા લાગી.

'આ હરામજાદો તો મરી ગયો લાગે છે. એને પાછો ફેંકી દે. કંઈ નહીં તો માછલીઓને તો ઉજાણી થશે,' જીમોતાએ કહ્યું.

એલીએ ચાંચિયાની વાત અવગણી અને પોતાના હોઠ એ માણસના હોઠ પર રાખીને તે માણસનાં ફેફસાંમાં તે હવા ફૂંકવા લાગી.

'અરે વાહ, તું તો આ કામની જાણકાર લાગે છે. આજે રાત્રે મારી પર પણ આવો જ પ્રયોગ કરજે,' કહીને જીમોતા તેની બાજુમાં ગોઠણભેર બેસી રહ્યો.

'તું ડૂબી જા, તો હું કદાચ તારા માટે એવું કરીશ. કદાચ ન પણ કરું,' વચ્ચે વચ્ચે શ્વાસ લેતાં એલી બોલી અને તેણે પેલા માણસનું પેટ દબાવવાનું ચાલુ રાખ્યું.

જીમોતા ખડખડાટ હસ્યો અને બબડ્યો, 'કૂતરી.'

'જો એ શ્વાસ લે છે, એના શ્વાસ ચાલુ છે,' અચાનક જ પેલા માણસે ઉધરસ ખાઈને પાણી પેટમાંથી બહાર કાઢ્યું અને પોતાની આંખો ખોલી એ જોઈને એલી બોલી.

'તું કોણ છે ?' એલીએ તેને પૂછ્યું.

'માહિષ્મતીનો મહારાજા છે એ. છોકરી, તને સમજાતું નથી કે એ કોઈ ગુલામ છે ?' પોતાના લાંબા વાળમાંથી ઝટકો મારીને પાણી ખંખેરતો જીમોતા બોલ્યો. જેને બચાવેલો એ માણસ એકદમ ધીમેથી કંઈક બોલી રહ્યો હતો. એલીએ ચાંચિયાની વાતોની અવગણના કરી અને પોતાના કાન એ માણસના હોઠ પાસે લઈ ગઈ.

'એનું નામ કટપ્પા છે, એમ એ કહે છે,' એલીએ કહ્યું.

'સાલા કોઈ ગુલામના નામની મને શું પરવા હોય ? જો એ જીવશે તો એની સારી કિંમત મળશે. એ જ વસ્તુ અગત્યની છે,' જીમોતાએ કહ્યું અને એલીના ચહેરા પર લીંપાયેલા નફરતના હાવભાવ જોઈને તે ખડખડાટ હસવા માંડ્યો.

૩૦

સ્કંદદાસ

એક અઠવાડિયા પછી પણ સ્કંદદાસને વિશ્વાસ નહોતો આવતો કે તેણે પોતાનું સપનું છેવટે સિદ્ધ કરી બતાવ્યું હતું. ઘણાં વર્ષો પહેલાં તેણે પોતાની જાતને જે વચન આપ્યું હતું તે પૂરું થયું હતું. નવા આસનની ધાર પર તેની આંગળીઓ ફરી રહી હતી. આ તો તેના પથદર્શક પરમેશ્વરની ભેટ હતી. આ બહુ મોટું સમ્માન હતું અને પરમેશ્વરે એના માટે પોતાને પસંદ કર્યો તે વાત સ્કંદદાસના હૃદયને સ્પર્શી ગઈ હતી. આસન લાકડાનું બનેલું હતું એ તેનો પાછળનો ટેકો ખાસ્સો ઊંચો હતો પણ બેઠક તેના માટે થોડીક નાની હતી. એટલે આસન પર બેસવું આરામદાયક નહોતું. અને એ વસ્તુ,સમજાવવી એ જ નાની બેઠકનો હેતુ છે એમ પરમેશ્વરે તેને પહેલી વાર આસન પર બેસાડતાં સસ્મિત કહ્યું હતું. એ વાત યાદ આવતાં નવો મહાપ્રધાન હસી પડ્યો. તેને પોતાના સ્મિત કહ્યું હતું. એ વાત યાદ આવતાં નવો મહાપ્રધાન હસી પડ્યો. તેને પોતાના હોતા, એમ પરમેશ્વરે ટીખળ પણ કરી હતી. આવી ટીખળ બીજા કોઈએ કરી હોત તો સ્કંદદાસ અવશ્ય ક્રોધે ભરાયો હોત પણ જ્યારે પરમેશ્વરે એમ કહ્યું ત્યારે તો તે એમની સાથે જ હસી પડ્યો હતો. માહિષ્મતીના ઇતિહાસમાં તે સૌથી યુવાન મહાપ્રધાન હતો. તેની સખત મહેનતનું પરિણામ તેને મળ્યું હતું.

તેની પાસે જે પણ હતું તે બધું જ પરમેશ્વરને કારણે હતું. તે મહારાજાનો પણ એટલો જ આભારી હતો, કારણ કે મહારાજાએ જ્યારે સ્કંદદાસને મહાપ્રધાન બનાવવાનું જાહેર કર્યું ત્યારે બધા જ ઉમરાવોએ તેનો વિરોધ કર્યો હતો પણ મહારાજાએ એ બધાને ચૂપ કરીને પોતાનો નિર્ણય અફર રાખ્યો હતો. એ બધા લોકોએ સ્કંદદાસ કાલિકાના અડ્ડા પાસે જોવા મળ્યો હતો એ વાત યાદ કરીને તેની નૈતિકતા વિષે પ્રશ્ન ઊભા કરીને પોતાના આગ્રહ પર ભાર મૂક્યો હતો. મહારાજા સોમદેવે એ વાત હસી કાઢી અને પૂજારી રૂદ્ર ભટ્ટને પૂછ્યું હતું કે સ્કંદદાસે જે પ્રાયશ્ચિત્ત કર્યું હતું તે તેના પાપ ધોવા માટે પૂરતું નહોતું ? અલબત્ત, પૂજારી તો એમ કહી શકે એમ જ નહોતો કે સ્કંદદાસની જાત્રા નકામી હતી. એટલે બધા ઉમરાવોએ ખચકાટસહ સ્કંદદાસની નિમણૂક સ્વીકારી હતી.

સ્કંદદાસ જાણતો હતો કે બધા ઉમરાવો અંદરથી ધુંધવાઈ રહ્યા હતા. તે પોતાના ખાનદાનની વાત કરી શકે એમ નહોતો, તેણે આમ તો શિક્ષણ પણ નહોતું મેળવ્યું અને તે નીચી જાતિઓમાં પણ સૌથી નીચી જાતિનો હતો તેમ છતાં મહારાજાએ તેને બધા લોકોની ઉપરવટ જઈને પસંદ કર્યો હતો. જવાબદારી બહુ મોટી હતી અને તેની હાથ નીચે આવતા લોકો તેને સાથ આપવામાં ખચકાટ જ અનુભવતા હતા, તે પણ તે જાણતો હતો. ઘણા બધા શક્તિશાળી લોકો તેની આ પ્રગતિને કારણે ખુલ્લેઆમ દુશ્મની રાખશે, એમ પરમેશ્વરે જ તેને ચેતવ્યો હતો. એ તે લોકોનાં મન જીતવાનો પ્રયત્ન કરશે એમ તેણે વિચાર્યું. તે માત્ર સાચું અને ન્યાયી કામ જ કરશે. અને બધા લોકોથી પણ વધારે મહેનત તે કરશે. તે અત્યાર સુધીનો શ્રેષ્ઠ

મહાપ્રધાન બની શકશે, એ વાત સાબિત કરવાનો તેનો નિર્ધાર દૃઢ હતો.

પણ બીજા કોઈ પણ કામ પહેલા, તેણે કોઈએ કરેલા નાનકડા કામનો બદલો ચૂકવવાનો હતો. તેણે રૂપકાને બોલાવ્યો. ચહેરા પર ચીડ સાથે રૂપકા આવ્યો અને તેણે ખચકાટસહ સ્કંદદાસને વંદન કર્યાં. સ્કંદદાસ જાણતો હતો કે તેના હાથ નીચે કામ કરવાના વિચારમાત્રને રૂપકા ધિક્કારતો હતો. તેણે રૂપકાના હાથમાં એક લેખિત હુકમ આપ્યો અને તેનો ચહેરો ધ્યાનપૂર્વક નીરખી રહ્યો.

'સ્વામી !' રૂપકાએ ઉદ્‌ગાર કાઢ્યો.

સ્કંદદાસે આવી જ પ્રતિક્રિયાની અપેક્ષા રાખી હતી. 'જો તું એમ માનતો હોય કે દેવદાસી શેરીમાં મારું અપમાન થયું એટલે હું એ બંધ કરી રહ્યો છું, તો તારી ભૂલ થઈ રહી છે. આવા પાપના અડ્ડાઓને કારણે દેશનાં નૈતિક મૂલ્યોનું અધઃપતન થાય છે અને આપણા યુવાનોના માનસમાં ગુનાહિત વૃત્તિ કેળવાય છે. આપણી ફરજ છે કે—'

'સ્વામી, કાલિકા બહુ જ શક્તિશાળી અને પ્રભાવ ધરાવનારી—'

'હવે નથી. તેને હવે નિવૃત્તિવેતન સ્વરૂપે નાનકડી રકમ મળશે અને તેણે એ રકમથી જ જીવતાં શીખવું જોઈએ.'

'બધા ઉમરાવો ઊકળી પડશે,' રૂપકાએ કહ્યું.

'એ જ ઉમરાવો કે જે મારા પર નૈતિક અધઃપતનનો આરોપ મૂકી રહ્યા હતા ? મને નથી લાગતું. એ બધા તો ઉમરાવો છે, સારા ઘરના માણસો. જે સ્ત્રી ધન માટે પોતાના શરીરનો વેપાર કરતી હોય, તેની આવા સારા ઘરના લોકોને શું પરવા હોય ?' સ્કંદદાસે સસ્મિત કહ્યું.

'દેવદાસી શેરીમાં તો હુલ્લડ ફાટી નીકળશે.'

'દંડનાયક પ્રતાપને કહેજે કે એ પૂરતા દંડકારો મોકલી આપે જેથી કોઈ મુશ્કેલી સર્જાય નહીં.'

'ઘણી બધી સ્ત્રીઓની આજીવિકા છીનવાઈ જશે, સ્વામી,' રૂપકાએ કહ્યું.

'જો એ સ્ત્રીઓ નિરક્ષર હોય તો સાફસફાઈનું કે ચાકરીનું કામ કરે. નહીંતર, આપણે એ બધા માટે યોગ્ય કામ શોધી આપીશું.'

'સ્વામી, દેવદાસી પ્રથાની પાછળ હજારો વર્ષોની પરંપરા રહેલી છે. તમે એ પરંપરાઓમાં બદલાવ ન કરી શકો.'

'પ્રાચીન પરંપરાઓ વિષે મને ભાષણ આપવા મેં તને નથી બોલાવ્યો. માર હુકમનું પાલન કરવામાં આવે. હવે આ વિષે કોઈ પણ ચર્ચા કરવી હશે, તો દરબારમાં મહારાજા સામે કરવામાં આવશે,' સ્કંદદાસે એવા અવાજમાં કહ્યું કે ચર્ચાને કોઈ અવકાશ રહ્યો નહીં.

રૂપકાએ પરાણે વંદન કર્યાં અને ફરીને ઝડપથી ચાલવા માંડ્યો.

'મેં તને જવાની મંજૂરી નથી આપી, રૂપકા,' સ્કંદદાસે કહ્યું.

'પણ—'

'આ હુકમ પ્રતાપને મોકલી આપ, પણ તું તો મારી સાથે જ આવી રહ્યો છે.' સ્કંદદાસ પોતાના આસનમાંથી ઊભો થયો.

'ક્યાં ?'

'ગૌરીધૂળી બને છે એ કાર્યશાળામાં. મને ત્યાં લઈ જા. મહાપ્રધાન તરીકે મારે જોવું છે કે એ કાર્ય કઈ રીતે થાય છે.' સ્કંદદાસે રૂપકાને દલીલો કરવાનો કોઈ જ મોકો આપ્યો નહીં. તેણે

ચાલવાનું શરૂ કર્યું અને તેના સહાયક પાસે તેને અનુસરવા સિવાય કશું કરવાની તક રહી નહીં.

સ્કંદદાસે નિર્ણય લીધો હતો કે આવનારી પેઢી માટે એ તમામ વસ્તુઓની નોંધ રાખશે. કેટલું બધું સમૃદ્ધ જ્ઞાન માત્ર એટલા માટે જ ભુલાઈ ગયું હતું કારણ કે તે એક પેઢીથી બીજી પેઢીને માત્ર મૌખિક રીતે જ મળ્યું હતું. ગૌરીધૂળી બનાવવાની પદ્ધતિનું પણ એમ જ થાય એવું તે ઇચ્છતો નહોતો. આ કિલ્લાનો નકશો બનાવવાનું કામ તે પૂરું કરવામાં જ હતો. જો શક્ય હોય, તો તે ગૌરીધૂળી બનાવવાની પદ્ધતિ શીખવા પણ માંગતો હતો. એ કંઈ લુહાર નહોતો પણ એમ અવશ્ય માનતો હતો કે એવી કોઈ પણ વસ્તુ નથી કે જે સખત મહેનત કરીને શીખી શકાય નહીં. તે પોતાના જીવન દરમિયાન એવી રીતે જ ઘણી બધી વસ્તુઓ શીખીને શિખર પર પહોંચ્યો હતો. એટલે તે ગૌરીધૂળી બનાવવાની પદ્ધતિ પણ શીખી શકશે એમાં તેને શંકા નહોતી.

તેઓ જમીન નીચે ફેલાયેલી ભુલભુલામણીમાં બપોરે પહોંચ્યા. મહેલ નીચે આવેલી સંખ્યાબંધ સુરંગોની ભુલભુલામણીમાં રૂપકા સ્કંદદાસને લઈ ગયો. તેઓ કાર્યાશાળાની પાસે પહોંચ્યા ત્યારે હવા પાતળી અને ગરમ થઈ ગઈ હતી, તે સ્કંદદાસ અનુભવી શક્યો. કડવા ધુમાડાની ગંધ પણ તેને આવી ગઈ. છત પર રહેલાં કરોળિયાનાં જાળાં પણ એ ધુમાડાથી કાળાં પડી ગયાં હતાં. એ વિચારવા લાગ્યો કે આ નાનકડી જગ્યામાં કઈ રાતે લુહારો પોતાના જીવનનો મોટાભાગનો સમય વીતાવતા હશે. તેઓ ભાગી છૂટવા કે બળવો કરવા શા માટે નહોતા લલચાતા ? અમુક પથ્થરો સાથે ભાગી છૂટેલા લુહાર વિષેના અહેવાલો તેણે વાંચ્યા હતા. એ વિચારવા લાગ્યો કે એ માણસ કઈ રીતે છટક્યો હશે અને તેને મદદ કોણે કરી હશે ? કોણે તેની સાથે સંપર્ક કેળવ્યો હશે ? શાસનમાં બહુ ઉપરના પદ પર રહેલા લોકોમાંથી માત્ર અમુક જ લોકોને આ કાર્યશાળાના અસ્તિત્વની જાણ હતી. અને એમાંથી પણ બહુ ઓછા લોકોને આ કાર્યશાળા ક્યાં આવેલી છે, તેની માહિતી હતી. માત્ર મહાપ્રધાન, સેનાપતિ હિરણ્ય અને મહારાજા સ્વયં જ આ કાર્યાશાળામાં જઈ શકતા હતા. તો પછી એ માણસને કઈ રીતે ભાગી છૂટવાનો ખ્યાલ આવ્યો ?

પથ્થરથી બનેલો વિશાળ દરવાજો ચિચૂડાટ કરતો ખૂલ્યો અને લોઢા પર અફળાઈ રહેલા હથોડાનો ઘોંઘાટ કાનને કનડવા લાગ્યો. કાર્યશાળાની અંદર અસહ્ય ગરમી હતી. ભઠ્ઠીમાં અગ્નિ ભભૂકી રહ્યો હતો દરેક વસ્તુ પર આછો વાદળી રંગ છવાયેલો હતો. કડવી ગંધનો ધુમાડો, પાણીમાં ઠારવામાં આવી રહેલા લોઢાના છમકારા, લોઢા પર અફળાતા ઘણનો અવાજ, ગરમી, અંધારું અને કાળા ડિબાંગ વાતાવરણમાં સ્કંદદાસને તો ગભરામણ થઈ આવી. આટલા ધુમાડામાં તેને તો શ્વાસ લેવામાં પણ મુશ્કેલી પડી રહી હતી.

વડા લુહાર ધમકાએ નવા મહાપ્રધાનને વંદન કર્યાં. સ્કંદદાસે તેની સાથે વાતો કરવી શરૂ કરી અને દરેક લુહારનાં નામ પણ પૂછ્યાં. ગુલામો માટે આ નવો જ અનુભવ હતો. આ પહેલાં કોઈ પણ મહાપ્રધાને તેમનાં નામ પૂછ્યાં નહોતાં. સ્કંદદાસ દરેક લુહાર પાસે અટકતો અને તેની કાર્ય પદ્ધતિ વિગતવાર ચર્ચતો હતો એ સમય દરમિયાન રૂપકા ચહેરા પર ગુસ્સાના હાવભાવ લઈને ફરતો રહ્યો. ધમકાને કંઈક અયોગ્ય લાગ્યું અને તેણે નવા મહાપ્રધાનનું ધ્યાન બીજી બાબતો પર દોરવાનો પ્રયત્ન કરી જોયો પણ સ્કંદદાસે તો ગુલામો સાથેની વાતચીત ચાલુ જ રાખી. એક યુવાને સ્કંદદાસનો હાથ પકડી લીધો અને બધાના મોઢામાંથી એકસાથે જ હાયકારો નીકળી ગયો.

ધમકાએ બૂમ પાડી, ‘દૂર હટ, બદમાશ. મહાપ્રધાનને હાથ અડાડવાની તારી હિંમત જ કઈ રીતે થઈ ?’

સ્કંદદાસે ધમકાને શાંત થવા કહ્યું અને તે પેલા યુવાન સામે હસ્યો. પુનઃ આત્મવિશ્વાસ પ્રાપ્ત કરીને એ યુવાન સ્કંદદાસને કાર્યશાળાની અંદર ઊંડે સુધી લઈ ગયો. તેઓ અલગ અલગ વિભાગો પાસેથી પસાર થયા, જેમાં ઘડાયેલું લોઢું ઠંડું પડી રહ્યું હતું અને ભઠ્ઠીઓ સળગી રહી હતી. મનોમન ધૂંધવાતા રૂપકા અને ધમકા તેમની પાછળ પાછળ ચાલતા હતા.

જ્યાં જમીનમાં પાણીનું ખાબોચિયું ભરાયેલું હતું ત્યાં જઈને એ યુવાન અટક્યો. પછી તેણે છત તરફ આંગળી ચીંધી. સ્કંદદાસે ઉપર જોયું અને એ જ સમયે તેના નાક ઉપર પાણીનું એક ટીપું પડ્યું. છતમાંથી પાણીનો ચુવાક થઈ રહ્યો હતો.

'અત્યાર સુધી આનો કોઈ ઉપાય કેમ નથી કરવામાં આવ્યો ?' તેણે ધમકાને પૂછ્યું. વડા લુહાર અને રૂપકાએ એકબીજાની સામે જોયું.

'મહાપ્રધાન પરમેશ્વરે પણ એ જોયું હતું અને તેમણે કોઈને એનું સમારકામ કરવાનું પણ કહ્યું હતું, સ્વામી,' પેલો યુવાન ગુલામ વચ્ચે બોલી ઊઠ્યો.

'એનું સમારકામ થઈ ગયું હતું,' ધમકાએ કહ્યું, 'પણ જ્યારે ભરતી હોય છે ત્યારે પાણી અંદર આવતું જ હોય છે.'

'અમે બધા એક દિવસ ડૂબી મરવાના છીએ, સ્વામી. અમે ખરેખર ડરેલા છીએ,' યુવાને હાથ જોડીને આજીજી કરી.

'એ તિરાડ પૂરી દેવામાં આવે. સીસું વાપરો, લોઢું વાપરો, ગમે તે કરો. મને પરવા નથી. પણ પાણીનું એક ટીપું પણ અંદર આવે એમ હું ઇચ્છતો નથી,' સ્કંદદાસે ભારપૂર્વક કહ્યું.

'મને ભય છે કે આપણે એમ નહીં કરી શકીએ, સ્વામી,' ધમકાએ અવગણના કરતાં કહ્યું.

રૂપકા વચ્ચે બોલ્યો, 'આ તો સલામતી માટેનો ઉપાય છે. જો માહિષ્મતી પર શત્રુઓ હુમલો કરે અને તેને જીતી લે, તો તેમને ગૌરીકાંતાનું રહસ્ય કદી પણ જાણવા મળે નહીં. એવી પરિસ્થિતિમાં, વડા ગુલામને એવી સૂચના આપવામાં આવી છે કે ઘણના પ્રહારથી છતની ઉપરનો દરવાજો ખોલી નાખવો — જેથી નદીનું પાણી અંદર આવવા માંડે અને આ રહસ્ય હંમેશાં માટે ધરબાઈ જાય.'

'અને અમે બધા પણ મરી જઈશું.' યુવાન ગુલામ બોલ્યો, 'જો અકસ્માતે પણ પાણી અંદર આવી ગયું તો. અને આ રહસ્ય પણ હંમેશાં માટે નાશ પામશે.'

ધમકાએ એ ગુલામ પર ગુસ્સો કર્યો. 'ચલ, જો અહીંથી, મૂર્ખ. જો આ દરવાજો પાછલાં ત્રણસો વર્ષથી ટકી રહ્યો છે, તો આવનારાં ત્રણસો વર્ષ પણ ટકી રહેશે. મહાપ્રધાનને ગભરાવીને તેમને કંઈ અજુગતું પગલું ભરવા પ્રેરીશ નહીં.'

સ્કંદદાસે એક ગુલામને ઊંચી સીડી લાવવા કહ્યું. તેની ઉપર ચડીને તેણે છતનું નિરીક્ષણ કરવા માંડ્યું. બીજી બાજુ વહી રહેલા પાણીનો ધીમો અવાજ તેને સંભળાયો. અત્યારે ભરતીનો જ સમય હશે, તેણે વિચાર્યું. મહિષી નદીનું પાણી આ કાર્યશાળામાં ધસી આવતું હોય તેવી કલ્પનાથી તેને ધ્રુજારી આવી ગઈ. તેને સમજાતું નહોતું કે આ ચુવાક બંધ કરવાનું હજુ સુધી કોઈને સૂઝ્યું કેમ નથી. જો કાર્યશાળા અને તેના રહસ્યનો નાશ કરવા માટે આ રસ્તો બનાવવામાં આવ્યો હોય, તો એ ઓટના સમયે તો કામ આવવાનો નહોતો. નદીનો રસ્તો આમ પણ બદલાઈ ગયો હતો અને હવે ત્યાં કળણ જેવું જ રહ્યું હતું. કીમતી પથ્થરો લઈને ભાગેલા ગુલામે કદાચ આ રસ્તો જ વાપર્યો હશે.

'આમાંથી ચુવાક ક્યારે શરૂ થયો હતો ?' સ્કંદદાસે પૂછ્યું.

ધમકાની અસ્વસ્થતા તેની વર્તણૂકમાં દેખાઈ આવી. સ્કંદદાસે નોંધ્યું કે તે નજર મેળવવાનું ટાળી રહ્યો હતો. 'મને જાણ નથી,' છેવટે તેણે કહ્યું.

'પેલો ગુલામ નાગૈયા ભાગી ગયો એ પછી જ શરૂ થયો છે,' યુવાન ગુલામે કહ્યું.

સ્કંદદાસે પણ એમ જ ધાર્યું હતું. એ જાણતો હતો કે એ ગુલામને બહારથી મદદ મળી હતી. શંકાની સોય હવે રૂપકા તરફ તકાઈ હતી. શરૂઆતથી જ સ્કંદદાસને એ ગમતો નહોતો અને હવે શંકાની સોય તેની તરફ તકાઈ એટલે સ્કંદદાસને પોતાના સહાયક પ્રત્યે નફરત થઈ આવી.

તેણે કહ્યું, 'જો ઓટના સમયે કોઈ બહારથી દરવાજો ખોલી શકતું હોય, તો જ્યારે નદીમાં પાણીની રેલમછેલ હોય ત્યારે પણ એ દરવાજો તો ખૂલી જ શકે છે. માત્ર મજબૂત ફેફસાંવાળા મરજીવાની જ આવશ્યકતા રહે છે. આ તો સલામતીની દૃષ્ટિએ બહુ મોટું જોખમ કહેવાય. આ દરવાજો અત્યારે જ પૂરી દેવામાં આવે.' સ્કંદદાસે કહ્યું અને તેના સહાયકે ફરી વાર તેનો વિરોધ કર્યો.

તેની અવગણના કરીને સ્કંદદાસે પેલા યુવાન ગુલામ પર ગુસ્સો કર્યો, 'ઝડપથી તારા મિત્રોને બોલાવી લાવ. દરવાજો એવી રીતે પૂરી દો કે જેથી એ ક્યારેય ખૂલી શકે નહીં.' ગુલામો મહાપ્રધાનનો હુકમ પાળવા દોડી ગયા.

'મારે ગૌરીધૂળી જોવી છે,' સ્કંદદાસે કહ્યું. આખી કાર્યશાળામાં સન્નાટી છવાઈ ગયો.

સ્કંદદાસે ફરી વાર પોતે જે કહ્યું હતું, તે કહ્યું અને છેવટે ધમકાએ કહ્યું, 'મને ભય છે કે આધિકારિક હુકમ વિના એ શક્ય નહીં બને.'

'ઠીક છે, આ રહ્યો મારો આધિકારિક હુકમ,' કહીને સ્કંદદાસે એક તાડપત્ર કાઢ્યું, કિત્તા વડે તેના પર હુકમ લખ્યો, તેની પર પોતાની મહોર મારી અને તેને રૂપકાના હાથમાં મૂક્યો. રૂપકાએ વિરોધ કરવાનો પ્રયત્ન કર્યો પણ સ્કંદદાસે તેને ચૂપ રહેવા કહ્યું. આ અપમાનનો ડંખ લાગ્યો હોય તેમ રૂપકા તાડપત્ર સામે જોઈ રહ્યો.

સ્કંદદાસે એ તાડપત્ર તેના હાથમાંથી ખેંચી લઈને કહ્યું, 'તું માત્ર સહાયક છે. તારું સ્થાન ભૂલીશ નહીં.'

રૂપકાનો ચહેરો લાલચોળ થઈ ગયો. તેણે ઠંડા અવાજે કહ્યું, 'સ્વામી, કોઈ મહાપ્રધાને કદી પણ મારી સાથે આવું વર્તન નથી કર્યું.'

'તો હવે તેની આદત પાડી લેજે,' કહીને સ્કંદદાસ થોડી વાર તેની તરફ જોઈ રહ્યો. પછી તે ધમકા તરફ ફર્યો. ધમકા ઝડપથી એક દીવાલ પાસે ગયો અને તેણે એક ગોપનીય દરવાજો ખોલ્યો. તેમાં પ્રવેશીને તેણે એ દરવાજો બંધ કરી નાખ્યો. હવે સ્કંદદાસની ધીરજ ખૂટી રહી હતી.

ધમકા લોખંડના નાનકડા બંધ પાત્ર સાથે બહાર આવ્યો. એ પાત્ર તે ખોલી રહ્યો હતો તે દરમિયાન સ્કંદદાસ અધીરાઈપૂર્વક રાહ જોઈ રહ્યો. ઓરડામાં વાદળી રંગનો પ્રકાશ ફેલાઈ ગયો. એ ભૂકો પોતાના હાથમાં લેવા માટે સ્કંદદાસે હાથ લંબાવ્યો પણ ધમકાએ એ પાત્ર દૂર ખસેડી લીધું. 'બહુ જ ઝેરી હોય છે. એ તમારો આખો હાથ બાળી નાખશે, સ્વામી. તેની પર સૂરજનું એક કિરણ પણ ન પડવું જોઈએ. એટલે જ તેને જમીનની અંદર રાખવામાં આવે છે. અમે જ્યારે તલવારો બનાવીશું ત્યારે લોઢામાં એને મેળવીશું અને એનાથી માહિષ્મતીના વિખ્યાત, મજબૂત અને લચકીલા ગૌરીખડગ બને છે.'

'એ કઈ રીતે બને છે ? આપણે એના બીજો ઉપયોગો વિષે કંઈ સંશોધન કર્યું છે?

આપણે કોઈ પ્રયોગો કર્યા છે ખરા?' સ્કંદદાસે ઉત્સાહપૂર્વક પૂછ્યું.

'ના, સ્વામી, એવું તો આપણે કશું જ નથી કર્યું અને કરવું પણ ન જોઈએ. આપણને જરા પણ ખ્યાલ નથી તે તેનાથી શું આફત આવશે, શું બદનસીબી એ લઈ આવશે.—'

'ઓહ, અંધશ્રદ્ધાઓ. જો તું મને એ જણાવવા તૈયાર ન હોય, તો હું જાતે જ શોધી લઈશ. આ વસ્તુનો અભ્યાસ થવો જોઈએ અને ભાવિ પેઢીઓ સુધી તેનું જ્ઞાન પહોંચે તે માટે તેનું દસ્તાવેજીકરણ પણ થવું જ જોઈએ. આ સંશોધનનો અંત અહીં જ ન આવવો જોઈએ. એમાં સુધારા-વધારા થવા જોઈએ, આપણે તેના અન્ય ઉપયોગો પણ શોધવા જોઈએ. એ પાત્ર મને આપ. એ પ્રયોગો હું પોતે કરીશ. મને વિશ્વાસ છે કે કોઈ પ્રાચીન પુસ્તકમાં તો ગૌરીધૂળીનો સંદર્ભ અવશ્ય મળી આવશે,' કહીને સ્કંદદાસે હાથ લંબાવ્યો.

રૂપકા વચ્ચે પડ્યો, 'સ્વામી, આ તો બહુ જ આશ્ચર્યજનક છે. આપની પાસે આવી સત્તા નથી. આ રાષ્ટ્રીય સલામતી વિરુદ્ધની વાત છે. આપ રાજવી રહસ્યો સાથે છેડખાની કરી રહ્યા છો.'

ધમકાના હાથમાંથી પાત્ર લેતાં સ્કંદદાસે સ્મિત કર્યું. તે પાત્રનું ઢાંકણ ચુસ્ત રીતે બંધ કરીને તે બોલ્યો, 'હવે હું જ રાજ્ય છું, મિત્ર, અને આ રહસ્ય મારું પણ છે.'

બધા ગુલામોની વિદાય લઈને તે બહાર આવ્યો અને લોખંડના ગંજાવર પતરા વડે પેલો દરવાજો બંધ કરી દેવા બદલ તેણે યુવાન કાર્યકરોનો આભાર માન્યો. ગૌરીધૂળીના પાત્ર સાથે તે બહાર નીકળ્યો. ચહેરા પર ભયાનક ગુસ્સાના હાવભાવ સાથે રૂપકા પણ તેની પાછળ નીકળ્યો. ગુલામો ચિંતિત હતા અને અમુકે તો બંધ આંખે પ્રાર્થના કરવા માંડી. મોટાભાગના ગુલામોની જેમ એ લોકો પણ અંધશ્રદ્ધાળુ જ હતા અને એમ માનતા હતા કે જેની પાસે ગૌરીધૂળી હોય, તેનું અહિત જ થતું હોય છે.

૩૧

બિજ્જલ

બિજ્જલ અત્યારે બહુ જ ગુસ્સે હતો. તેના એકવીસમા જન્મદિવસની વિધિઓ સૂર્યોદય પહેલાંથી શરૂ થઈ ગઈ હતી. હવે તો સંધ્યા થઈ ચૂકી હતી તેમ છતાં રૂદ્ર ભટ્ટનો મંત્રોચ્ચાર ચાલુ જ હતો અને તે અટકે એવાં કોઈ ચિહ્નો પણ દેખાતાં નહોતાં. મુખ્ય પૂજારીની સાથે બીજા બે પૂજારીઓ પણ મંત્રોચ્ચાર કરી રહ્યા હતા અને સાથે સાથે પવિત્ર યજ્ઞકુંડમાં ઘી અને ઘાસ હોમી રહ્યા હતા. તેની મા પૂજારીની પાસે પલાંઠી વાળીને બેઠી હતી અને તે પણ ધીમે ધીમે, ભક્તિપૂર્વક મંત્રોચ્ચાર કરી રહી હતી. તેના પિતાજી ગંભીર ચહેરો રાખીને બેઠા હતા પણ બિજ્જલ જોઈ શકતો હતો કે એ પણ કંટાળ્યા હતા. એ પોતે જ્યારે રાજા બનશે ત્યારે આવી તમામ મૂર્ખામીઓ અટકાવી દેશે, એમ તેણે મનોમન નક્કી કર્યું.

કેટલાય મહાનુભાવ અને ઉમરાવો સારામાં સારાં વસ્ત્રો અને આભૂષણો પહેરીને દરબારમાં બેઠા હતા. બિજ્જલ ભૂખ્યો અને અધીરો થયો હતો. રાજવી રસોઈઘરમાંથી આવી રહેલી સ્વાદિષ્ટ ભોજનની સુગંધથી તે પાગલ થઈ રહ્યો હતો. પૂજારીએ આંબાના પાંદડાથી પોતાના પગ વચ્ચે રહેલા પાત્રમાંના પવિત્ર પાણીનો બધા પર છંટકાવ કર્યો. એ પાત્રનું બધું પાણી યજ્ઞકુંડમાં ઢોળી દઈને એ પાત્ર વડે પૂજારીનું માથું ફોડવાની ઇચ્છા બિજ્જલને થઈ આવી. મહાદેવ શાંત અને હસતા ચહેરા સાથે ધીરજપૂર્વક પોતાની મા પાસે બેઠો હતો. એનાથી બિજ્જલને વધારે ચીડ ચડતી હતી.

ટોળામાં બેઠેલો કેકિ તેનું ધ્યાન ખેંચવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. ઘણા બધા નિષ્ફળ પ્રયત્નો પછી કેકિએ પોતાની વેણીમાંથી એક ફૂલ તોડીને બિજ્જલ પર ફેંક્યું. રાજકુમાર ફર્યો અને કેકિએ ઇશારો કર્યો કે તેમણે જવું જોઈએ. એના કારણે બિજ્જલ વધારે અધીરો બની ગયો. પાછલા કેટલાક મહિનાથી તેને મહેલની અંદર જ નજરકેદ કરવામાં આવ્યો હતો. જેમ જંગલમાં રહેલું ચાતક પહેલાં વરસાદની રાહ જોતું હોય, તેમ તે એકવીસ વર્ષનો થવાની રાહ જોઈ રહ્યો હતો. હવે સ્કંદદાસ તેની પર નિયંત્રણ રાખી શકશે નહીં. એને જ્યાં જવું હોય, ત્યાં તે જઈ શકે તેમ હતો. સ્કંદદાસને તે અનહદ નફરત કરતો હતો. નિર્લજ્જ બદમાશ, હલકા વર્ણનો નકામો માણસ જેને ઉમરાવો જેવા દેખાવ કરવાનો શોખ હતો. એ જ્યારે રાજા બનશે, ત્યારે એ અભિમાની ડુક્કરને બહાર ફેંકાવી દેશે, એમ પણ તેણે મનોમન નક્કી કર્યું. એના પિતાએ એ માણસમાં શું જોયું હશે, એ જ તેને સમજાતું નહોતું. જો કોઈએ તેનો અભિપ્રાય પૂછ્યો હોત, તો તેણે એમ કહ્યું હોત કે સ્કંદદાસ તો કોઈ પીઠામાં પોતાં મારવાને લાયક જ છે.

બદનસીબે, મહારાજા કદી પણ તેનો અભિપ્રાય પૂછતા નહીં. તે મહાદેવ સાથે વધારે ચર્ચાવિચારણા કરતા. તેનો ભાઈ સાવ ડરપોક હતો, નામર્દ મૂર્ખો. એ બધાને પોતાના શબ્દોથી જીતી લેતો હતો. બિજ્જલને મીઠા શબ્દો બોલવાની જરા પણ જરૂરત લાગતી નહીં. લોકો તેના હુકમનું પાલન કરે એ માટે તેની તલવાર જ પૂરતી હતી, એમ તે માનતો હતો. એ બધા પર

લોખંડી પંજો જમાવીને શાસન કરશે. લોકો બિજ્જલનું નામ સાંભળીને થથરી જવા જોઈએ.

જો તેના પિતામાં જરા પણ બુદ્ધિ હોત, તો તેમણે આ ગતાગમ વિનાના સ્કંદદાસની જગ્યાએ પત્તરાયને મહાપ્રધાન બનાવ્યો હોત, એમ તે વિચારતો હતો. પત્તરાય ખરો સજ્જન હતો. પણ તેના કારણે તે લોકપ્રિય નહોતો. કાલિકાના અડ્ડામાં તે પત્તરાય સામે ઘણું બધું હાર્યો હતો તેમ છતાં ભૂમિપતિ પત્તરાય અત્યાર સુધી સજ્જનતાનું મૂર્તસ્વરૂપ જ બની રહ્યો હતો. તે એટલો બધો વિનમ્ર હતો કે તેણે રાજકુમારને તેના દેવાની યાદ પણ નહોતી અપાવી. જોકે એ છેલ્લે જ્યારે એ જાડિયાને મળ્યો, ત્યારે એ કોઈ પથ્થર વિષે કંઈક બબડતો હતો. બિજ્જલે એ વાત હસી કાઢી હતી. તેણે પત્તરાયને પૂછ્યું હતું કે તે શા માટે તેનો કોઈ પથ્થર ચોરી જાય. પત્તરાયે એમ કહ્યું હતું કે તેણે એ પથ્થર બિજ્જલના ગુલામને આપ્યો હતો. અને એ ગુલામ ક્યાં જતો હોય છે તેની જાણ રાખવી જાણે રાજકુમારની ફરજ હોય ! તેણે પોતે કટપ્પાને વૈતાલિકોથી બચાવ્યો હતો પણ એ પછી તે ગાયબ થઈ ગયો હતો. ટાઢે પાણીએ ખસ ગઈ. બિજ્જલને તો એમ વિચાર આવતો હતો. કે એક કાળિયો-કદરૂપો ગુલામ તેની પાછળ પાછળ ફરે એના કરતાં તો કોઈ સુંદરી ગુલામ તરીકે રાખવી જોઈએ.

છેવટે વિધિઓ પૂરી થઈ અને મહેમાનો સ્વાદિષ્ટ ભોજનનાં વખાણ કરતાં કરતાં છૂટા પડ્યા. બિજ્જલ ઉતાવળે પોતાના તબેલા તરફ દોડી ગયો. અરબસ્તાનનો એકદમ સુંદર અને મધ્યરાત્રિ જેવો કાળો ઘોડો તેની રાહ જોઈ રહ્યો હતો. એ તેના પિતા તરફથી મળેલી ભેટ હતી અને માહિષ્મતીના થનારા રાજાને શોભે એવી હતી. એક ક્ષણ માટે બિજ્જલે તેની રેશમી કેશવાળી પસવારી અને પછી તેના પર સવાર થઈ ગયો. તેણે પોતાના અણીદાર જોડા વડે એ ઘોડાને એડી મારી અને ઘોડો છલાંગ મારતો કૂધો.

તેણે ઘોડાને બગીચામાં દોડાવ્યો. વચ્ચે ફુવારો આવતાં તેની પરથી કુદાવ્યો અને થોડુંક પાણી ઉડાડતો ઘોડો ફુવારાની બીજી બાજુ નજાકતથી ઊતર્યો. પછી તેણે ઘોડાને કિલ્લાના દરવાજા બાજુ દોડાવ્યો અને દરેકેદરેક વાડ પરથી બહુ સરળતાથી કુદાવ્યો. બતકોને તેણે ગભરાવી નાખ્યાં અને સરસ રીતે વાવેલા ફૂલોના ક્યારા પીંખી નાખ્યા. પાણીની બાલટી લઈને કામ કરી રહેલા એક ઘરડા માળીને બિજ્જલે ભયાનક ધક્કો મારીને બાજુમાં ખસેડ્યો અને એ ડોસો જે રીતે જમીન પર પટકાયો તે જોઈને તે ખડખડાટ હસવા લાગ્યો. બિજ્જલ હવે પેંગડા પર ઊભો થઈને ઘોડાને વધારે ઝડપથી દોડાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આ યુદ્ધો માટે તૈયાર થયેલો ઘોડો વીજળીની જેમ પસાર થતો અને લોકો ગભરાયેલા પીલાની જેમ આમથી તેમ દોડી જતા.

બે સૈનિકો દોડતા આવ્યા અને કિલ્લાના દરવાજે ભાલાથી માર્ગ રોકીને ઊભા રહી ગયા. બિજ્જલે લગામ ખેંચવાની પરવા કરી નહીં. સૈનિકોએ ઊભા કરેલા નાનકડા અવરોધની પરવા કર્યા વિના ઘોડો દોડતો આવ્યો એટલે સૈનિકો બાજુમાં ખસી ગયા. મૂર્ખાઓને એમ લાગે છે કે એ લોકો રાજકુમાર બિજ્જલને અટકાવી શકશે ? દૃઢ નિર્ધારવાળો એક ચોકિયાત બિજ્જલ પાછળ દોડ્યો અને તેણે ઘોડાની લગામ પકડી લીધી. ઘોડો ઊભો રહી ગયો અને બિજ્જલે પોતાનાં બધાં જ કૌશલ્યો વાપરીને પોતાની જાતને પડતી બચાવવી પડી. એ ક્રોધથી ધ્રૂજી રહ્યો હતો ત્યારે કિલ્લાના દરવાજાના ચોકિયાતોનો વડો દોડતો દોડતો આવ્યો અને તેણે રાજકુમાર સામે નમીને વંદન કર્યાં.

'રાજકુમાર, સલામતીનાં કારણોસર આપે કિલ્લાના દરવાજા બહાર જવાનું નથી,' વડા ચોકિયાતે સાદર કહ્યું. બિજ્જલે તેને ઇશારો કર્યો એટલે ચોકિયાતે વધારે નમીને વંદન કર્યાં અને તે ઘોડાની પાસે આવ્યો.

'એવું કોણે કહ્યું, કૂતરીના ?' બિજ્જલે કહ્યું. વડા ચોકિયાતના ચહેરા પર આઘાતના ભાવ આવી ગયા. બિજ્જલ જાણતો હતો કે સ્વયં મહારાજ આ માણસને નામથી બોલાવતા અને તેની સાથે પ્રેમ અને આદરથી વર્તન કરતા. તે જૂનો અને વિશ્વાસુ માણસ હતો અને તેણે ચાર દશકથી પણ વધારે સમય સુધી માહિષ્મતીની સેવા કરી હતી. આવા હરામજાદાઓ ફાટીને ધુમાડે જાય અને રાજકુમારને અટકાવવાની હિંમત કરે એમાં શું નવાઈ ?

'ઓહ...મહાપ્રધાન સ્કંદદાસનો હુકમ છે, સ્વામી,' એટલું બોલતાં તો એ માણસની આંખમાં આંસુ આવી ગયાં હતાં. એની સાથે કેવું વર્તન થઈ રહ્યું છે એ બધું એના હાથ નીચેના માણસો જોઈ રહ્યા હતા. તારું અભિમાન ઉતારવા માટે આ સારી દવા છે , રાજકુમારે વિચાર્યું. તેણે મનોમન નક્કી કર્યું કે તે આ ડોસાને એવો પાઠ ભણાવશે જે તેની આખી જિંદગી યાદ રાખશે. એ માણસે ગળામાં માદળિયાની જેમ કેટલાક ચંદ્રકો પહેરેલા હતા. મહારાજાએ વખાણ કરતાં કરતાં બેચાર ચંદ્રકો આપી દીધા હશે આને . બિજ્જલને અંદાજ નહોતો કે તેના જન્મ પહેલાં થયેલાં યુદ્ધોમાં આ માણસે કેવાં પરાક્રમો કર્યાં હતાં. જોકે બિજ્જલને એવી કંઈ પરવા પણ નહોતી. તેણે એ ચંદ્રકો પકડીને ડોસાને પોતાની પાસે ખેંચ્યો. તેના કરચલી પડેલા ચહેરા પર આવી ગયેલા ભયના હાવભાવ જોવાની બિજ્જલને મજા આવતી હતી. કેવો કદરૂપો ચહેરો છે, ઠેર ઠેર તલવારના ઘાવ પડેલા છે. એ ડોસાને માત્ર એક જ કાન હતો અને તે પણ અડધો તો કપાઈ ગયો હતો. આવા ચીતરી ચડાવે તેવા માણસોને પિતાજી સેવા કરવા શા માટે રાખતા હશે ?

બિજ્જલે તેના ચહેરા પર તમાચો માર્યો. 'આ તમાચો મને અટકાવવા માટે,' તેણે કહ્યું. પછી ફરી વાર તેને તમાચો માર્યો, અવળા હાથે. 'આ પેલા હલકી જાતિના સ્કંદદાસનું નામ લેવા માટે.' ત્રીજા તમાચાને કારણે તો એ ડોસાના નાકમાંથી લોહી પડવા માંડ્યું હતું. 'આ તને એ શીખવવા માટે કે તારા ઉપરીઓને તારે વધારે સમ્માન આપવું જોઈએ.' છેલ્લે રાજકુમારે એક મુક્કો માર્યો અને એ ઘરડો ચોકીદાર છેવટે બેભાન થઈ ગયો.

ગભરાઈ ગયેલા ચોકિયાતો સામે બિજ્જલે બૂમ પાડી. 'સાલા મૂર્ખાઓ ! એક વાત સમજી લેજો. હું આજે એકવીસ વર્ષનો થઈ ગયો છું. હવે કોઈ શુદ્રના હુકમો મને બંધનકર્તા નથી. થોડા સમયમાં હું તમારો બધાનો રાજા હોઈશ. મારી મરજી પડે ત્યાં હું જઈશ.' તે ચોકીદારો સમક્ષ તાકી રહ્યો અને બધા ચોકીદારો એક પછી એક ઘૂંટણિયે બેસવા માંડ્યા.

'પાણી,' તે ઘૂરક્યો. પેલા ઘરડા, કદરૂપા ડોસાને અડકીને તે દૂષિત થઈ ગયો હતો, પછી ભલેને લાફો મારવા જ કેમ ન અડક્યો હોય. એક ચોકિયાત પાણી લાવીને ધાર કરવા માંડ્યો કે જેથી બિજ્જલ પોતાનાં પાપ ધોઈ શકે. ચોકિયાત બહુ કાળજીપૂર્વક સલામત અંતર જાળવીને ઊભો હતો જેથી તે અકસ્માતે પણ રાજકુમારને સ્પર્શી ન જાય. બિજ્જલે હાથમાં વધેલું વધારાનું પાણી એ ચાકિયાતના મોઢા પર ફેંક્યું. પછી તેણે પોતાના ઘોડાને પસવાર્યો અને હજુ પણ ઘૂંટણિયે બેઠેલા સૈનિકો પાસેથી તે પસાર થઈ ગયો.

નદી પાસેથી પસાર થઈને કાલિકાના અડ્ડા તરફ દોડી રહેલા બિજ્જલના કાનમાં હવાના સુસવાટ સંભળાતા હતા. ઘણા સમયથી તેની પરિસ્થિતિ પીંજરે પુરાયેલા પક્ષી જેવી હતી. આજે તે મુક્ત હતો. એ બહુ આનંદદાયક લાગણી હતી. હવે તો એને જે જોઈતું હતું તે મેળવતા કોઈ જ અટકાવી શકે તેમ નહોતું. નગ્ન અવસ્થામાં બેઠેલી કાલિકાની છબી વારંવાર તેના મગજમાં ઝબકી જતી હતી, જેનાથી તેના શરીરમાં ગરમી અને ઉત્તેજના વધતી જતી હતી. તેને લાગતું હતું કે ઘોડો બહુ ધીમે દોડી રહ્યો છે અને રસ્તો પણ બહુ લાંબો થઈ ગયો છે.

તે દેવદાસી શેરીમાં પહોંચ્યો ત્યાં સુધીમાં તો તેના ઘોડાના મોઢામાંથી ફીણ નીકળવા

માંડ્યાં હતાં. તેની કમરે બાંધેલા સોનાના સિક્કાની એ પોટલીને તે સ્પર્શ્યો જે તેની માએ તેને ભેટ આપી હતી. પછી અંતઃપુરની સ્ત્રીઓએ તેને ભેટમાં આપેલ હીરાની ત્રણ સેરવાળા હાર પર તેનો હાથ ફર્યો. મહાદેવે તેને બિજ્જલનું ચિત્ર બનાવી આપ્યું હતું, જે તેના મુજબ તો સાવ જ નકામી ભેટ હતી. અને જો મહાદેવે એ ચિત્ર એવી રીતે દોર્યું હોત જેમાં બિજ્જલ ઘોડા પર સવાર હોત, તો બિજ્જલને એ ચિત્ર થોડુંક પણ ગમ્યું હોત. તેના બદલે તેના ભાઈએ એવું ચિત્ર દોર્યું હતું જેમાં બિજ્જલ નદીકિનારે બેઠો છે અને પશ્ચાદ્ભૂમાં ગૌરીપર્વત છે. જો માછલી પકડવાનો કાંટો હોત, તો તે મછવારા જેવો જ લાગત, એવું એ ચિત્ર છે, એમ બિજ્જલને વિચાર આવ્યો હતો. પોતાના ભાઈ માટે બિજ્જલના મનમાં માત્ર ધિક્કારની જ લાગણી હતી.

એ શેરીમાં પોતાનો ઘોડી દોરીને લઈ જઈ રહ્યો હતો તે વખતે તેને ખ્યાલ આવ્યો કે અત્યારે એ જગ્યાએ કંઈક અજુગતું લાગી રહ્યું હતું. કોઈ ગણિકા બૂમો પાડીને તેનું ધ્યાન નહોતી ખેંચી રહી અને દલાલો ઉદાસ ચહેરે બેઠા બેઠા તેની સામે ખુન્નસથી જોઈ રહ્યા હતા. ઘણી સ્ત્રીઓ શેરીમાં બેઠી હતી. કોઈ મરી ગયું છે કે શું ? આ બધા લોકો આટલા ગુસ્સે કેમ છે ?

ગઈ વખતે તો તેને કોઈ ટુંકા રસ્તેથી લઈ જવામાં આવ્યો હતો. એટલે આ વખતે બિજ્જલે કોઈકને કાલિકાના અડ્ડાનો રસ્તો પૂછવો પડ્યો. લાકડીઓવાળા થોડાક પુરુષોએ તેને ઘેરી લીધો.

'આ શું છે ? દૂર ખસો,' બિજ્જલે બૂમ પાડી. પણ પેલા પુરુષો તો તેની વધારે નજીક આવ્યા. બિજ્જલનો હાથ તેની તલવાર પર ગયો. દેવદાસીઓ દ્વારા રાખવામાં આવેલો એક ચોકિયાત ધનુષ પર બાણ ચડાવીને તેને બિજ્જલની છાતી પર તાકીને તેની પાસે આવ્યો. પાછળ રહેલી સ્ત્રીઓ બૂમો પાડવા માંડી, 'મારી નાખો, મારી નાખો, મારી નાખો.' બિજ્જલ ભયભીત થઈ ગયો હતો. તેણે તલવાર મ્યાનમાંથી ખેંચવાનો પ્રયત્ન કર્યો પણ તેને ધનુષનો ટંકાર સંભળાયો. એક ક્ષણ પછી તેનો ઘોડો હણહણ્યો, આગલા પગે ઝાડ થયો, પછી નીચે પડીને તડપવા માંડ્યો. તેના પિતાની ભેટ, બહુમૂલ્ય ઘોડાને કોઈએ વીંધી નાખ્યો હતો. આમ તો તીર તેની પર જ તકાયું હતું પણ તેની ઝડપી પ્રતિક્રિયાને કારણે તે બચી ગયો હતો. વિચાર્યા પહેલાં તો એ બાજુમાં ખસી ગયો હતો અને તીર પાછળ રહેલા ઘોડાને વાગ્યું હતું.

મ્યાનમાંથી તલવાર ખેંચીને વીંઝવાનો સમય મળ્યો ન મળ્યો કે ટોળું તેની પર ધસી આવ્યું હતું. તેને ભૂત વળગ્યું હોય, તેમ તે લડવા માંડ્યો. લોકોનું લોહી કાઢ્યું, અંગો વાઢી નાખ્યાં, માથાં વાઢી નાખ્યાં. એ તેમને થોડાક દૂર તો રાખી શક્યો હતો પણ વધુ ને વધુ લોકો દોડતા આવી રહ્યા હતા. બિજ્જલને વિચાર આવ્યો કે તેના અંગરક્ષકો તેની સાથે હોત, તો સારું હોત. ક્ષણાર્ધ પૂરતો તેને તેનો વફાદાર ગુલામ પણ યાદ આવી ગયો અને એ પોતાની સાથે હોત તો સારું થાત, એવો વિચાર પણ આવી ગયો. હવે તે વધારે સમય ટકી શકે એમ નહોતો, એ તો નક્કી જ હતું.

'મારી નાખો, મારી નાખો, મારી નાખો,' ટોળું એકીઅવાજે મંત્રોચ્ચારની જેમ રટી રહ્યું હતું. 'હું તમારો રાજકુમાર છું, રાજકુમાર બિજ્જલ, યુવરાજ,' તેણે તીણા અવાજે ચીસ પાડી. તેના અવાજમાં રહેલા ભયના રણકારને ઓળખી જઈને ટોળું હસવા માંડ્યું. 'રાજકુમારને મારી નાખો,' હવે ટોળાએ નવો નાદ ગજવ્યો.

બિજ્જલ ભયાનક રીતે પોતાની તલવાર ફેરવી રહ્યો હતો અને ટોળું તેનાથી દૂર જ હતું પણ તેઓ ધીમે ધીમે નજીક આવી રહ્યા હતા. તેની તરફ ફેંકાયેલા એક ભાલાના તેણે બે કટકા કરી નાખ્યા. તેની પાસે ગૌરીખડગ હતું પણ સોથી વધારે લોકોના ટોળા સાથે લડવા માટે તો

એ પણ પૂરતું નહોતું અને ટોળું તો પ્રતિક્ષણ મોટું જ થઈ રહ્યું હતું. બિજ્જલ બધી જ આશા ગુમાવી બેઠો હતો ત્યારે તેને ટોળામાં એક પરિચિત ચહેરો દેખાયો.

'કેકિ !' તલવારો સામે ઝઝૂમતા અને તેની તરફ ફેંકાયેલા એક ખંજરનું નિશાન ચૂકવતાં, તેણે ટોળાના ઘોંઘાટમાં પણ સંભળાય એવી ચીસ પાડી. 'કેકિ…મને મદદ કર.'

તેણે જોયું કે કિન્નર ટોળામાંથી મહામહેનતે માર્ગ કરતો, લોકો સામે બૂમો પાડતો, ધક્કા મારતો, ઠોંસા મારતો, મુક્કા મારતો, લાતો મારતો અને ખેંચમતાણી કરતો તેની પાસે પહોંચવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. બધું જ હવે ઝાંખુ દેખાતું હતું અને તેને ઘણી જગ્યાએ વાગ્યું હતું. હું મારા જન્મદિવસે જ મરવાનો છું , બિજ્જલને વિચાર આવ્યો.

ગમે તેમ કરીને કેકિ તેની પાસે પહોંચ્યો અને તેણે પોતાના હાથ ફેલાવી દીધા. બિજ્જલ એ કિન્નર પાછળ છુપાઈ ગયો. તેને શરમ પણ આવી અને સાથે સાથે રાહતની લાગણી પણ થઈ.

'ઊભા રહો, ઊભા રહો,' બિજ્જલ સુધી પહોંચવાનો પ્રયત્ન કરી રહેલા અમુક પુરુષોને કેકિએ ધક્કો માર્યો. 'તમે બધા પાગલ થઈ ગયા છો ? આ તો આપણા મિત્ર છે. એ કંઈ સ્કંદદાસના માણસ નથી. એ આપણા માણસ છે, આપણા રાજકુમાર છે. એ જ આપણને મદદ કરશે.'

ટોળું તો જાનવરની જેમ ઘૂરકી રહ્યું હતું. પાછળથી કોઈકે બૂમ પાડી, 'એ લોકોએ અમારાં પીઠાં બંધ કરાવી નાખ્યાં, અમારું ઘર, પૈસા અને ધંધા છીનવી લીધાં. અને રાજકુમાર સારામાં સારાં કપડાં પહેરીને અમારી આ હાલત જોવા આવ્યા છે. અમે તો લોહીના તરસ્યા છીએ. અમને ખબર છે કે આના માટે અમને ફાંસી આપવામાં આવશે પણ અમારે જીવવા જેવું પણ શું બચ્યું છે ?'

'થયું છે શું ?' બિજ્જલે કિન્નર પાછળથી પૂછ્યું.

'પૂછે છે તો એવી રીતે જાણે એને કશી ખબર જ ન હોય,' કોઈનો આક્રોશપૂર્ણ અવાજ સંભળાયો અને ફરી વાર 'રાજકુમાર બિજ્જલને મારી નાખો' નો નારો ગુંજવા લાગ્યો.

કેકિએ બૂમ પાડી, 'શાંતિ રાખો. ઊભા રહો. આ રાજકુમાર તો નિર્દોષ છે. એ બીજા લોકો જેવા નથી. એ તો આપણા માણસ છે. આ તો આપણા ગ્રાહક પણ છે. તેઓ આપણી મુશ્કેલીઓ માટે સહાનુભૂતિ ધરાવે છે.' કેકિએ બિજ્જલનો હાથ પકડીને ઊંચો કર્યો અને બોલ્યો. 'એ તો આપણા મિત્ર છે. મારા મિત્ર છે.'

બિજ્જલ આંખો પટપટાવતો ઊભો હતો. કેકિએ તેના કાનમાં કહ્યું, 'એમ કહો કે આપ એમના મિત્ર છો અને એમની સાથે કરવામાં આવેલા બધા અન્યાયોનો તમે ન્યાય કરશો.'

'પણ મેં શું અન્યાય કર્યો છે ?' મૂંઝાયેલા બિજ્જલે પૂછ્યું.

બિજ્જલના પ્રશ્નની અવગણના કરીને કેકિએ વાત ચાલુ રાખી. 'આપણી મિત્રતાને કારણે જ રાજકુમાર છેક રાજમહેલથી અહીં સુધી આવ્યા છે કે જેથી આપણા તમામ નુકસાનની ભરપાઈ કરી શકે. તેઓ જાણે જ છે તમારી સાથે અન્યાય થયો છે.'

કેકિએ રાજકુમારની સોનાના સિક્કા ભરેલી પોટલી ખેંચી કાઢી, તેની દોરી ખોલી અને સોનાના સિક્કા હવામાં ઉછાળ્યા. ટોળું એક ક્ષણ માટે સ્થિર થઈ ગયું અને માની ન શકતું હોય તેમ તેમની પર થઈ રહેલા સોનાના સિક્કાના વરસાદને જોતું રહ્યું. પછી પડાપડી થવા માંડી. બધા એકબીજા સાથે સિક્કાઓ માટે લડવા માંડ્યા અને આ પરિસ્થિતિનો લાભ લઈને કેકિ રાજકુમારનો હાથ પકડીને દોડ્યો.

શેરી છોડીને તેઓ જ્યારે જંગલમાં પ્રવેશ્યા ત્યારે બિજ્જલે કેકિને અટકાવીને પૂછ્યું, 'મને એ જણાવીશ કે આ બધું શું હતું ? મારી હત્યા થવામાં જ હતી - અને મને જન્મદિવસની ભેટ તરીકે જેટલા સોનાના સિક્કા મળ્યા હતા એ બધા પણ જતા રહ્યા.'

'આપના નસીબનો આભાર માનો કે આપ કસાઈની દુકાનેથી બહાર આવતા બકરાના ટુકડાની જેમ બહાર ન આવ્યા.'

'પણ એ લોકો આટલા ગુસ્સે કેમ છે ?'

'જો આપને આપના ઘરમાંથી બહાર ફેંકી દેવામાં આવે અને ભિખારી બનાવી દેવામાં આવે, તો આપ પણ અવશ્ય ગુસ્સે થશો જ.'

'તારા શબ્દો પર ધ્યાન આપ, કિન્નર. તું માહિષ્મતીના યુવરાજ સાથે વાત કરી રહ્યો છે.'

'જો આપની હિંમત થતી હોય, તો આજ શબ્દો પેલા ટોળાને કહી બતાવો. બહુ બધા દંડકારો આવ્યા અને તેમણે દેવદાસી શેરી જ બંધ કરાવી દીધી. તેમણે અમારો ધંધો જ ગેરકાયદેસર બનાવી નાખ્યો !'

'ઓહ, ના,' બિજ્જલ બોલ્યો. 'કાલિકા.. ?'

'હાથમાં આવ્યું એટલું લઈને એ ભાગી છૂટી. એને તો રાક્ષસો જ ભલે ચાવી જાય. ભલે એને તો યક્ષી વળગે. કૂતરી. આ બિચારા કિન્નર માટે એણે કશું જ રહેવા દીધું નહીં. પણ હું જાણું છું કે મારા વહાલા યુવરાજ તેમના ગરીબડા ચાકરને ભૂલશે નહીં,' કહીને કેકિએ બિજ્જલનો હીરાનો હાર પકડી લીધો.

'આ તું શું કરે છે ?' બિજ્જલ બોલી ઊઠ્યો. કેકિએ હાર ખેંચીને તોડી કાઢ્યો. એકદમ ઝડપથી એ હાર તેના કબજાની અંદર અદૃશ્ય પણ થઈ ગયો. 'આ તો આપનું જીવન બચાવનાર ગરીબડા કિન્નર માટેની સાવ નાનકડી ભેટ છે, મારા યુવરાજ. આપનો આભાર, આપનો આભાર. આપ તો બહુ ઉદાર છો. જય માહિષ્મતી, જય બિજ્જલ દેવ.'

બિજ્જલ ક્રોધથી ખળભળી રહ્યો હતો. તે તો અહીંયાં વાસનાથી ઉશ્કેરાઈને આવ્યો હતો, કાલિકાને ભોગવવા તલપાપડ હતો, જુગારમાં જે હાર્યા હતો તે બધું જીતવા માટે વ્યાકુળ હતો પણ તે વધારે હારીને પાછો આવ્યો હતો. 'દંડકારોને કોણે મોકલ્યા હતા ?' તેણે પૂછ્યું.

'બીજું કોણ હોય, પેલા હરામજાદા સ્કંદદાસ સિવાય ?' કેકિએ નિસાસો નાખીને કહ્યું.

બિજ્જલે જે સાંભળવું હતું તે સાંભળી લીધું હતું. તેણે મનોમન એવી પ્રતિજ્ઞા લીધી કે એ પેલા હલકી વરણના નાટકિયાને તેની ઉદ્ધતાઈ બદલ પાઠ ભણાવીને જ રહેશે.

'આપ રાજમહેલ પાછા જઈ રહ્યા છો, રાજકુમાર ?' કેકિએ પૂછ્યું. બિજ્જલે જવાબમાં ઘુરકાટ કર્યો.

કેકિએ સસ્મિત કહ્યું, 'થોડીક પ્રતીક્ષા કરો. હું આપના માટે પાલખી, બળદગાડું કે રથની વ્યવસ્થા કરું છું. રાજકુમારોએ ચાલવું જોઈએ નહીં. બીજો વિચાર એમ પણ આવે છે કે જો હું આપની સાથે ચાલતી આવું તો વધારે સારું રહેશે.'

પાછા ફરતાં રસ્તામાં કેકિએ રાજકુમારને જણાવ્યું કે કઈ રીતે સ્કંદદાસના આદેશ મુજબ દંડકારોએ ત્રાસ વરતાવ્યો હતો. બિજ્જલે નિર્ણય કર્યો કે તે પોતાના પિતા,સમક્ષ એવી માંગણી રજૂ કરશે કે આવા ચલતાપુરજા મહાપ્રધાનને પદભ્રષ્ટ કરો. એ હવે એકવીસ વર્ષનો થઈ જ ગયો હતો. હવે તેના પિતા તેની વાત નકામી ગણીને ટાળી શકે નહીં. નિયમાનુસાર, તે હવે એક ભૂમિપતિ સમકક્ષ પદ તો ધરાવતો જ હતો. તેને યુવરાજ જાહેર કરવાની આધિકારિક ઉદ્‌ઘોષણા ન થાય ત્યાં સુધી મહાપ્રધાનનું પદ આમ તો તેનાથી ઊંચું જ ગણાય પણ કોઈ

સેવક કદી પણ થનારા રાજાનો અનાદર કરે તેવું ભાગ્યે જ બનતું. બિજ્જલને વિશ્વાસ થઈ ગયો હતો કે તેના પિતા મૂર્ખ જ છે. તેણે એ ઘરડા માણસના મગજમાં થોડી વાતો ઉતારવી પડશે.

દરબારના દરવાજે રજા માંગીને કેકિ રાજકુમારથી છૂટો પડ્યો અને બિજ્જલ મક્કમ પગલે દરબારમાં દાખલ થયો. તેણે જે ઘરડા ચોકિયાતને માર્યો હતો, તે મહારાજા સામે ઊભો હતો. આ દૃશ્ય જોઈને બિજ્જલ અટકી ગયો. પછી બિજ્જલની નજર સ્કંદદાસ પર પડી. સ્કંદદાસ પણ તેને જ જોઈ રહ્યો હતો. કશુંક ખોટું હતું.

'અરે બિજ્જલ, અંદર આવ.' તેના પિતાનો અવાજ શાંત હતો. એના પિતા જ્યારે તેની સાથે આવી રીતે વાત કરતા ત્યારે બિજ્જલને જરા પણ ગમતું નહીં. એને ખ્યાલ આવી ગયો કે મુશ્કેલી આવી રહી છે. તેણે નક્કી કર્યું કે આજે તો તે આક્રમક જ રહેશે.

'પિતાજી-' બિજ્જલે શરૂ કર્યું.

'મહારાજ-અમને મહારાજ તરીકે સંબોધન કરો, બિજ્જલ. અમે અમારા રાજસિંહાસન પર બેઠા છીએ, શયનખંડમાં નહીં,' મહારાજે કહ્યું.

આ તો બધું અવળું જ થઈ રહ્યું હતું. બિજ્જલે પોતાના દાંત કચકચાવ્યા અને બોલ્યો, 'મહારાજ, કોઈએ એવો હુકમ આપ્યો છે કે દેવદાસી શેરી બંધ કરાવી દેવી-'

'અમે હુકમ આપ્યો છે,' કહીને મહારાજાએ સિંહાસનની પીઠનો ટેકો લીધો અને તે પોતાની દાઢીમાં આંગળીઓ ફેરવવા માંડ્યા.

'પિતાજી...અર્થાત્ મહારાજ, આપે એ હુકમ કર્યો છે ?' બિજ્જલ મૂંઝાઈ ગયો હતો. 'મને એમ કે આ હરામ-અર્થાત્ આ...એટલે કે સ્કંદદાસે-'

'આદરણીય મહાપ્રધાન સ્કંદદાસ- એમને એવી રીતે સંબોધિત કર. એ તારા મહાપ્રધાન છે, કોઈ અંગત ચાકર નથી કે તેમને તું સમ્માન વિના સંબોધે. આ માહિષ્મતીની સભા છે, રાજકુમાર, કોઈ મનોરંજનની જગ્યા કે પીઠું નથી. સભાનું સમ્માન જળવાવું જ જોઈએ, માન આપવું પણ જોઈએ અને મેળવવું પણ જોઈએ. સમ્માનની વાત પરથી યાદ આવ્યું, તેં આ નિવૃત્ત સૈનિક મયનને માર્યો હતો ?'

'કોણ નિવૃત્ત સૈનિક ? આ ઘરડો ભિખારી ?'

'હા, રાજકુમાર, જો તને જાણવાની પરવા હોય તો જાણી લેજે કે આ "ઘરડા ભિખારી"એ જ માહિષ્મતીના મહારાજાનું જીવન એક વાર નહીં, બે વાર નહીં પણ ત્રણ-ત્રણ વાર બચાવ્યું છે. જો તારી નજર આ ઘરડા ભિખારીના ડાબા કાન પર પડી હોય, એ જ કાન જેની પર તેં માર્યું હતું, એ કાન ત્યારે કપાયો હતો જ્યારે અમારી ગરદન માટે વીંઝાયેલી તલવારના માર્ગમાં એ આવી ગયો હતો. તેના ડાબા ગાલ પર પડેલો ચીરો દેખાય છે ? એ જ ગાલ જેની પર તેં તમાચો માર્યો હતો. જ્યારે અમારો રથ રણમેદાનમાં ફસાઈ ગયો ત્યારે એ રથની નીચે જઈને તેને બહાર કાઢતી વખતે જ તેને એ ચીરો પડ્યો હતો. ત્રીજી વાર જ્યારે તેણે અમારો જીવ બચાવ્યો ત્યારે તો સંજોગો ખરેખર બહુ જ વિકટ હતા પણ એ વિષે તને જણાવવાની મને જરૂર નથી લાગતી. તારે કંઈ કહેવું છે ?'

'તેણે મને અટકાવવાનો પ્રયત્ન કર્યો હતો,' બિજ્જલે કહ્યું.

'તારા જન્મદિવસે તું કોઈ આનંદપ્રમોદના સ્થળે જઈ રહ્યો હતો, તેમાં તને અટકાવ્યો, અમે બરાબર કહીએ છીએ ?'

'હું એકવીસ વર્ષનો થઈ ગયો છું. મારી મરજી પડે ત્યાં હું જઈશ,' બિજ્જલે કહ્યું.

'તારું વર્તન તો બાર વર્ષના છોકરા જેવું છે. હવે તું તેનો ચરણસ્પર્શ કરીને માફી

માંગીશ.'

બિજ્જલને આઘાત લાગ્યો. મયને પોતાના હાથ જોડીને કહ્યું, 'મહારાજ, ના, ના, એ તો પાપ કહેવાય. હું તો એક સૈનિક માત્ર છું. આદરણીય મહાપ્રધાને આગ્રહ કર્યો કે મારે તેમની સાથે આપને મળવું. હું ક્ષમા માંગું છું. ક્ષમા માંગુ છું. કૃપા કરો...એ માહિષ્મતીના વંશજ છે. કૃપા કરો...'

'મયન,' મહારાજ સોમદેવનો અવાજ મૃદુ અને સમ્માનસૂચક હતો, 'અમને તારાથી નિરાશા ઊપજી છે. અમને એમ હતું કે તું તારા રાજાને ન્યાયી માને છે. અમને એમ કે તું તારા મહારાજાને કૃતજ્ઞતા, આદર અને પ્રેમની લાગણીઓથી સભર માનવી પણ માને છે. તારા શબ્દોથી અમને દુઃખ થયું છે કારણ કે એનાથી એમ સાબિત થાય છે કે અમે એક જોહુકમી કરનાર એવા શાસક છીએ જેને પોતાના માણસોની પરવા જ નથી. અમે એવા શાસક છીએ, પ્રિય મયન ? શું તું એમ ઇચ્છે છે કે આવનારી પેઢીઓ અમને એવા શાસક તરીકે યાદ રાખે ?'

મયન પાતાના પગના અંગૂઠા તરફ જોઈ રહ્યો. બિજ્જલ ધૂંઆપૂંઆ થતો ઊભો હતો. તે પોતાની માતા સામે આજીજીભરી નજરે જોઈ રહ્યો. મહારાણી વચ્ચે પડી, 'મહારાજ, માહિષ્મતીનો રાજકુમાર કોઈ હલકા સૈનિકના ચરણસ્પર્શ કરે એ અશોભનીય છે. હું બહુ ઊંચા કુળની સ્ત્રી છું. અમે સૂર્યવંશીઓ છીએ અને જો મારો પુત્ર-'

'બૃહન્નલ્લા,' પોતાની પત્નીની વાત અધવચ્ચે કાપીને મહારાજાએ બૂમ પાડી. 'મહારાણીને માથાનો દુખાવો થઈ રહ્યો છે. કૃપા કરીને એમને અંતઃપુરમાં લઈ જાવ.'

મહારાણી ઊભી થઈ. તેનો ચહેરો ગુસ્સા અને શરમને કારણે લાલચોળ થઈ ગયો હતો. 'હું માર્ગથી પરિચિત છું, મહારાજ. પણ આપ ભૂલી ગયા છો,' કહીને તે ઝડપથી વંદન કરીને સભાની બહાર નીકળી ગઈ.

મહારાજા બિજ્જલ સામે તાકી રહ્યા અને તેમણે બિજ્જલને પોતાના હુકમનું પાલન કરવાનો ઇશારો કર્યો. આખી સભા તેની તરફ જ જોઈ રહી હતી. બિજ્જલ શરમનો માર્યો પાણી પાણી થઈ ગયો. આ સમાચાર બધે જ ફેલાઈ જશે. તેણે સ્કંદદાસ સામે જોયું. તેના કાળા ચહેરા પર વિજયનું સ્મિત હતું. તે સ્કંદદાસનું પત્તું કાપવા આવ્યો હતો પણ તેના બદલે તેણે કોઈ હલકી જાતિના સૈનિકના ચરણસ્પર્શ કરવા પડે તેમ હતું. તેણે પોતાના દાંત ભીડ્યા.

'રાજકુમાર, અમારી પાસે આખા વર્ષ જેટલો સમય નથી. અમારે હજુ ઘણાં કામ કરવાનાં છે,' મહારાજાએ કહ્યું.

ગુસ્સા અને નિરાશાને કારણે આંખમાં આવેલાં આંસુ રોકવાનો પ્રયત્ન કરી બિજ્જલે અક્કડ રીતે મયનના ચરણસ્પર્શ કર્યા. મયન ડૂસકાં ભરતો ઊભો હતો. પછી અવળો ફરીને બિજ્જલ સભામાંથી બહાર નીકળી ગયો. જાણે કશું જ અસામાન્ય ન બન્યું હોય એમ મહારાજે સભા આગળ ચલાવી.

બિજ્જલ જ્યારે દરબારની બહાર નીકળ્યો ત્યારે માહિષ્મતી પર અંધારું છવાઈ રહ્યું હતું. બહાર રાહ જોઈ રહેલો કેકિ ઊભો થયો.

'બહુ શરમજનક કહેવાય,' કેકિ બોલ્યો. બિજ્જલે મુઠ્ઠીઓ વાળી.

કેકિએ પોતાનો હાથ રાજકુમારના ખભે મૂક્યો અને બોલ્યો, 'આ બધું પેલા હલકી જાતિના મહાપ્રધાને જ કરાવ્યું છે. એની ચિંતા ન કરશો, કારણ કે ભૂમિપતિ પત્તરાય આપણા મિત્ર છે. અમારી પાસે એક યોજના છે.'

૩૨

શિવગામી

શિવગામીએ રસોઈઘરની બારીના સળિયા વચ્ચેથી એક કાંકરો ગુંડુ રામુને માર્યો. ગુંડુ રામુ નીચે બેઠો બેઠો વાંકી છરી વડે શાકભાજી સમારી રહ્યો હતો. કાંકરો તેના બદલે પિત્તળના કોઈ વાસણનો વાગ્યો. અવાજથી રસોઇયાનું ધ્યાન ખેંચાયું અને તેણે પોતાના હાથમાં રહેલી કડછી ગુંડુ રામુના માથા પર ફટકારી. એ છોકરાએ ચીસ પાડી એટલે રસોઇયાએ તેની સામે બૂમ પાડી, ડુક્કર, કામના સમયે રમત કરે છે ? હવે ફરી વાર આવું કર્યું તો હું તારા માથા પર ઊકળતો સંભાર નાખી દઈશ.'

ગુંડુ રામુ સજા પામેલા કૂતરાની જેમ સંકોચાઈ ગયો. પોતાનું શરીર શક્ય એટલું સંકોચીને તેણે પોતાનું કામ શરૂ કર્યું. રસોઈયો પાછો ચૂલામાં આગ પેટાવવાના કામે લાગી ગયો. ગુંડુ રામુ અવળા હાથે આંસુ લૂછી રહ્યો હતો ત્યારે એક કાંકરો બરાબર નિશાન પર આવીને લાગ્યો. ગુંડુ રામુએ આશ્ચર્યથી બારી તરફ જોયું અને બચાવો એવી બૂમ એના ગળામાં જ અટકાવી દીધી. જ્યારે શિવગામીએ તેને બહાર આવવાનો ઇશારો કર્યો ત્યારે તેણે માથું હલાવીને ના પાડી. તેણે રસોઇયા સામે ભયભીત નજરે જોઇ લીધું. શિવગામીએ બહુ જુસ્સાપૂર્વક ઇશારો કરીને તેને સમજાવ્યું કે બહાર જવું બહુ જ જરૂરી છે.

ગુંડુ રામુ ઊભો થયો અને રસોઇયાએ ફરી વાર બૂમ પાડી. ગુંડુએ પોતાની ટચલી આંગળી ઊંચી કરીને સૂચવ્યું કે એણે જવું જ પડશે.

'પાછો આખો દિવસ ન લગાડતો, જા,' રસોઇયાએ એની સામે નજર નાખ્યા વિના જ કહ્યું. ગુંડુ રામુ બહાર દોડી ગયો અને શિવગામીને મળ્યો. શિવગામીએ તેનો હાથ પકડ્યો અને એ બંને રસોઇઘરની પાછળ દોડ્યાં. ત્યાં શિવગામી જેટલો ઊંચો એક છોડ ઊગેલો હતો. તેની પાછળ ગુંડુ પણ છુપાઈ જાય એટલી ઘટા એ છોડમાં હતી. કામાક્ષી ત્યાં તેમની રાહ જોઈ રહી હતી.

'મેં બધો જ વિચાર બરોબર કરી લીધો છે,' શિવગામીએ કહ્યું, 'આપણે માત્ર મહામકામના દિવસે જ મહેલની અંદર ઘૂસી શકીશું. શહેરના બધા જ લોકોને મહેલના આંગણમાં બોલાવ્યા હશે એટલે સ્કંદદાસના ઘરમાં ઘૂસવાનો આનાથી વધારે સારો મોકો આપણને મળશે નહીં.'

'મેં સાંભળ્યું છે કે એ હવે મહાપ્રધાન બની ગયા છે. તો એમનું ઘર બદલાઈ નહીં ગયું હોય ? એ તો હંમેશાં પોતાના કાર્યાલયમાં જ હોય છે,' કામાક્ષીએ કહ્યું.

'પણ મને એમ સાંભળવા મળ્યું છે કે એમણે નથી બદલ્યું અને ન બદલ્યું હોય તો સારું. આપણે અંદર ઘૂસીશું, પેલું પુસ્તક ઉઠાવીશું અને ભાગી છૂટીશું,' શિવગામીએ કહ્યું. તેના મનમાં ચિંતા હતી પણ તેણે એ છુપાવી રાખી. કામાક્ષી આવી રીતે ચોરી કરવામાં સહમત

નહોતી, કારણ કે તેને ભય હતો કે શિવગામી પકડાઈ જશે. પણ હવે શિવગામીને કોઈ અટકાવી શકે એમ નહોતું. તે સ્કંદદાસને છેલ્લે મળી આવી તે પછી રેવમ્મા શિવગામીને તેના મિત્રો સાથે રહેવા દેતી નહીં. એ સવારે રેવમ્મા ક્યાંક બહાર ગઈ હતી એટલે એ મોકો ઝડપી લઈને એ લોકો મળ્યાં હતાં.

'જો તને એ પુસ્તક મળી પણ જશે, તો એ લઈને તું ભાગીશ કઈ રીતે ?' કામાક્ષીએ પૂછ્યું. 'અંદર આવતાં અને બહાર જતાં બધા લોકોની ચકાસણી તો કરવામાં આવે જ છે.'

'એના માટે આપણી પાસે ગુંડુ રામુ છે જ,' શિવગામીએ કહ્યું.

'પણ મને તો બહુ બીક લાગે છે,' ગુંડુ રામુએ કહ્યું.

'આમાં કંઈ ડરવા જેવું નથી, ગુંડુ,' શિવગામીએ તેના માથા પર હાથ ફેરવ્યો. 'તારે તો કિલ્લાની અંદર પણ નથી જવાનું.'

'કિલ્લાની અંદર જ નથી જવાનું ? તો પછી મને બધા નાચગાન જોવા નહીં મળે,' ગુંડુ રામુએ કહ્યું.

'તું તારી અક્કા માટે એટલું પણ નહીં કરે ?' શિવગામીએ પૂછ્યું. આ છોકરાનો ઉપયોગ કરવાનું તેને ખરેખર દુઃખ થતું હતું પણ તેની પાસે અન્ય કોઈ જ વિકલ્પ નહોતો. તેણે વાત આગળ વધારી. 'અછૂતો અને ગુલામો માટેનો રસ્તો નદીકિનારો અને કિલ્લાની પશ્ચિમ દીવાલ પાસે થઈને જાય છે. સ્કંદદાસનું ઘર એ દીવાલ પાસે જ છે. હું એ પુસ્તક ઝડપી લઈને કોઈ ઇશારો કરીશ. પછી હું પુસ્તક દીવાલની પેલી બાજુ ફેંકી દઈશ. તું એ લઈને અનાથાલય પાછો દોડી જજે. પછી પાછો આવીને તું કિલ્લાની અંદર આવજે અને જેટલાં નાચગાન જોવાં હોય, એ જોજે.'

ગુંડુ રામુએ ખચકાતાં ખચકાતાં ડોકું હલાવ્યું અને શિવગામીએ તેની સામે આત્મવિશ્વાસથી ભરેલું સ્મિત કર્યું. એ મનોમન તો જાણતી જ હતી કે આ આયોજનમાં મુશ્કેલી તો પડવાની જ છે. તેણે હાથે કરીને કહ્યું નહીં કે એ રસ્તા પર અજવાળું તો હશે જ નહીં અને તેણે ત્યાં ઘણો સમય એકલા ઊભા રહીને રાહ જોવી પડશે.

કામાક્ષીએ કહ્યું, 'મને તો આ આયોજન જરા પણ ગમ્યું નથી, શિવગામી. આપણે એવું ન કરીએ તો સારું.'

'તું મારી સાથે છે અથવા તો મારી વિરોધમાં છે,' શિવગામી એક ઝાટકે બોલી, 'મારે તારી પાસેથી કશું જ નથી જોઈતું, કામાક્ષી. તારે કોઈ જ જોખમ ઉઠાવવાનું નથી. તારે તો માત્ર એટલું જ ધ્યાન રાખવાનું છે કે હું આઘીપાછી થઉં એ દરમિયાન રેવમ્માની નજર બીજી બાજુ હોવી જોઈએ. તેને ખબર પડે એ પહેલાં તો હું પાછી પણ આવી જઈશ. અને હું ન હોઉં એ દરમિયાન કોઈ જિજ્ઞાસુ આત્માને એમ થાય કે હું ક્યાં છું, તો એને તારે સંભાળી લેવાના છે.'

'ના, શિવગામી. તને એમ લાગે છે કે મહાપ્રધાનનું ઘર રેઢું પડ્યું હશે અને તું સીધેસીધી અંદર પ્રવેશી જઈશ ? ત્યાં ચોકીદારો તો હશે જ,' કામાક્ષીએ કહ્યું.

'ચોકીદારો તો હશે જ ને ? એની ચિંતા તું ન કરીશ. હું કંઈ દરવાજા પર ટકોરા મારીને એમ નહીં કહું કે મારે મહાપ્રધાનના ઘરમાંથી કંઈક ચોરવું છે, તો કૃપા કરીને મને અંદર જવા દો. હે ભગવાન, એટલું તો સમજ કે હું અંદર ચોરીછૂપીથી ઘૂસવાની છું.' શિવગામીને લાગ્યું કે તેનો ગુસ્સો વધતો ચાલ્યો છે.

'તું ચોરી કરવાની છે ?' કામાક્ષીએ પૂછ્યું.

'હું મારા પિતાજીનું પુસ્તક પાછું લેવાની છું. ચોરી તો એણે કરી છે મારા પુસ્તકની. હું તો

માત્ર એ પાછું મેળવી રહી છું. મહેરબાની કરીને હવે ચૂંથ કરવાનું બંધ કરીશ, કામાક્ષી ? જો તારે મદદ ન કરવી હોય, તો આખી યોજનાથી જ દૂર રહેજે. આખી આયોજનમાંથી હવા કાઢીને આ છોકરાને બીવડાવીશ નહીં.'

કામાક્ષીની આંખોમાં આંસુ ઊભરાઈ આવ્યાં અને તે જતી રહી. શિવગામી ગુસ્સે હોય ત્યારે તેની સાથે વાત કરવાનો કોઈ જ અર્થ નહોતો. અને તેણે કપડાનો મોટો ઢગલો ધોવાનો પણ હતો. તે ઝડપથી કપડાંનું મોટું પોટલું લઈને નદીકિનારે ધોવા જતી રહી. કામાક્ષીને માત્ર શિવગામીની જ ચિંતા નહોતી. શિવપ્પા તરફથી સમાચાર મળે પણ ઘણો સમય વીતી ગયો હતો એટલે એ ચિંતા પણ તેને હતી જ.

કપડાં ધોવાઈ રહ્યા ત્યાં સુધીમાં મધ્યાહ્ન થઈ ગયો હતો. તેણે એ કપડાંનું પોટલું બાંધ્યું અને તેને પોતાની પીઠ પર લાદ્યું. તેના ભારને કારણે તે નમી ગઈ હતી. એ ઘાટનાં પગથિયાં ચડવા જ જતી હતી કે એક પાગલ દેખાતો માણસ તેની સામે આવી ગયો. કામાક્ષીએ ચીસ પાડી અને તેનું પોટલું નીચે પડી ગયું. આ તો ભૈરવ હતો, એ પાગલ જે નદીકિનારે ફરતો રહેતો. પાગલ ભૈરવ કામાક્ષીની ફરતે નાચવા માંડ્યો અને તેની પરિસ્થિતિ જોઈને નદીકિનારે નહાવા આવેલા અમુક છોકરાઓ હસવા માંડ્યા. થોડીક ક્ષણો પછી પેલા છોકરાઓનો રસ ઊડી ગયો અને તે લોકો પોતાપોતાના કામે વળગી ગયા. પાગલ માણસ પણ નાચતો-ગાતો જતો રહ્યો. નીચે પડેલાં કપડાં ઉઠાવવા માટે કામાક્ષી નીચે બેઠી. તેના કાન પાસે તેને સિસકારો સંભળાયો એટલે તે ચમકી ગઈ. ભૈરવ પાછો આવ્યો હતો.

તેણે પોતાની પહેલી આંગળી કામાક્ષીના હોઠ પર મૂકી અને કહ્યું, 'ચૂપ રહે અને સાંભળ.' કામાક્ષી ભયભીત નજરે નદીમાં નહાવા આવેલા છોકરાઓની દિશામાં જોવા લાગી. ભૈરવે તેની હડપચી પોતાની દિશામાં ફેરવી અને કહ્યું, 'મહામકામના દિવસે એ તારા માટે આવશે. એની રાહ જોજે. એનું કામ પતાવ્યા પછી એ આવશે અને તેં સપનું જોયું છે એમ દરિયાકિનારે આવેલા નાનકડા ઘરે તને લઈ જશે. આ શિવાનો સંદેશો છે અને ભૈરવે કહ્યો છે.'

કામાક્ષીનું હૃદય પાંસળીઓની વચ્ચે ફફડી રહ્યું હતું. તેણે હિંમત ભેગી કરીને પૂછ્યું, 'એ ક્યાં આવશે ?'

'જ્યાં રાજાઓ શાસન કરે છે, જ્યાં રાજાઓ જન્મે છે અને જ્યાં રાજાઓ મરે છે.'

'રાજમહેલના આંગણમાં ?'

જવાબ આપ્યા વિના એ પાગલ માણસ જતો રહ્યો. કામાક્ષીએ ઝડપથી કપડાં ભેગાં કરીને પોટલામાં બાંધ્યાં. તેને ફરી વાર કપડાં ધોવાની જરાય ઇચ્છા નહોતી. રેવમ્મા બૂમો પાડશે પણ એમાં કંઈ નવાઈ નહોતી. શિવપ્પા આવી રહ્યો છે. શિવપ્પા આવી રહ્યો છે. ઓહ અમ્મા ગૌરી, તેં મારી પ્રાર્થનાઓ સાંભળી ખરી , એમ વિચારતાં વિચારતાં તે દોડી અને આનંદનાં આંસુ લૂછતી રહી. એ પોટલું તેણે એક ખૂણામાં ફેંક્યું અને શિવગામીને મળવા દોડી ગઈ. શિવગામીએ તેની તરફ જોયું અને રસ્તો બદલીને ચાલવા માંડી.

કામાક્ષી તેની તરફ દોડી અને તેને ભેટી પડી. 'મહામકામના દિવસે હું તારી સાથે રાજમહેલના આંગણમાં આવીશ,' તેણે કહ્યું.

શિવગામી આશ્ચર્યપૂર્વક તેની સામે જોઈ રહી. પછી તેના હોઠ પર વ્યંગ્યાત્મક સ્મિત આવી ગયું. 'અચાનક કેવી રીતે તારો વિચાર બદલાઈ ગયો ? શું એ આવવાનો છે ?' કામાક્ષીએ નજર ફેરવી લીધી અને શિવગામીએ વાત ચાલુ રાખી, 'કંઈ વાંધો નહીં. અને તેં જે કહ્યું એનો પણ વાંધો નહીં. હું તારી સાથે જ રહીશ.'

કામાક્ષીએ રડવાનું શરૂ કર્યું. 'મને...મને તારી સલામતીનો ભય હતો. હું કંઈ સ્વાર્થી નહોતી બની રહી.'

શિવગામીએ કહ્યું, 'હું જાણું છું, કામા,' અને તે કામાક્ષીને ભેટી પડી. 'બધું જ સારું થઈ જશે. તમારું બંનેનું જીવન એકસાથે સુખેથી પસાર થશે. જો તો ખરી તારા ગાલ કેવા લાલચોળ થઈ ગયા છે,' કામાક્ષીનો સુંદર ચહેરો લાલ થઈ ગયો એટલે શિવગામી તેને ચીડવવા માંડી.

'જોયું આપની પાસે પસંદગીના કેટલા વિકલ્પો છે. આપ નસીબદાર છો, રાજકુમાર,' પાછળથી અવાજ સંભળાયો અને કામાક્ષી અને શિવગામી બાજુમાં ખસી ગયાં. કેકિને જોઈને તેમને આઘાત લાગ્યો. અને કેકિની પાછળ હતો રાજકુમાર બિજ્જલ.

'આ અક્ષત છે,' કેકિએ કામાક્ષી તરફ આંગળી ચીંધીને કહ્યું. 'અને આ છોકરા જેવી છોકરી વિષે મને ખાતરી નથી,' શિવગામી તરફ આંગળી ચીંધીને તેણે કહ્યું.

શિવગામીએ કામાક્ષીને પોતાની પીઠ પાછળ ખસેડી અને એ બંને તરફ તાકી રહી. 'તમને અહીંયાં કોણે આવવા દીધા ?'

'અરે, ઓય, આ યુવરાજ છે, છોકરી. એ આ દેશ પર શાસન કરે છે. અને તેમણે રેવમ્માને રૂપિયા પણ આપ્યા છે. હવે ડાહી છોકરીઓની જેમ તેમની સાથે જાવ. તમને તેનો પસ્તાવો થશે નહીં. પણ આ બિચારી કિન્નરને ભૂલતાં નહીં,' કેકિએ કૃત્રિમ હાસ્ય કર્યું.

શિવગામીએ રાજકુમાર તરફ જોયું અને કહ્યું, 'મારો ઉછેર તિમ્માએ કર્યો છે અને એ દર અઠવાડિયે અહીં તપાસ કરે છે. જો તેમને ખબર પડશે કે હું ગાયબ છું, તો એમને ખબર જ છે કે કોને ફરિયાદ કરવી. એ ગઈ વખતે અહીં આવ્યા ત્યારે મેં તેમને આ કિન્નર અને રેવમ્મા જે ધંધો કરે છે તેની વાત કરી જ હતી. એ સીધા મહારાજા પાસે જ જશે.'

'રાજકુમાર, એ ગપ્પા મારે છે—' કેકિ કહેવા માંડ્યો અને જ્યારે રાજકુમારે પીઠ ફેરવી લીધી ત્યારે બોલ્યો, 'એય, એય, આપ ક્યાં જાવ છો, ઊભા રહો, ઊભા રહો !' પણ બિજ્જલે તો બહાર જવાનો રસ્તો પકડી લીધો હતો. જોકે અધરસ્તે કેકિએ તેમને પકડી પાડ્યા.

શિવગામી ડૂસકાં ભરતી કામાક્ષી તરફ ફરી અને બોલી, 'કદી પણ એમ બતાવવું નહીં કે આપણે ડરી ગયા છીએ. તને કશું જ નહીં થાય. મહામકામને હવે થોડાક જ દિવસો રહ્યા છે. એ પહેલાં એ લોકો તને કે મને હાથ અડાડવાની હિંમત નહીં કરે. મારી જાતનું રક્ષણ કરતાં મને સારી રીતે આવડે છે અને થોડા દિવસોમાં તો તું એની સાથે હોઈશ અને પછી—' તેણે ફરી વાર કામાક્ષીને ચીડવવાની શરૂઆત કરી અને એ છોકરી શરમાતી શરમાતી હસવા માંડી.

પોતાના બહાદુરીભર્યા શબ્દો છતાં શિવગામીના મનમાં એવો તો ભય હતો જ કે કંઈક ભયાનક બનવાનું છે. ના, મારે આવા મૂર્ખામીભર્યા વિચારો કરવા જોઈએ નહીં . પણ તેના મનમાંથી એ વિચારોએ ખસવાનું નામ લીધું નહીં.

૩૩

એલી

એલીએ જીમોતા સામે તીર તાક્યું. જીમોતાની પીઠ તેની તરફ ફરેલી હતી. એલીને એ તીર ખરેખર છોડી દેવાની ઇચ્છા થઈ આવી. તેના મનમાં એવું કલ્પનાચિત્ર પણ ઊભું થયું કે જીમોતા મોઢાભેર નદીમાં પડે છે અને તેનું લોહી નદીમાં લાલ શાહીની જેમ ફેલાય છે. એક દિવસ તો પોતે ચોક્કસ એમ કરીને જ રહેશે પણ આજે એ દિવસ નહોતો, એલીએ વિચાર્યું. તેની પાસેથી હજુ એ કશું પણ કામનું કઢાવી શકી નહોતી. એણે પોતે કેટલીય વાર પોતાની જાત તેને ધરી દીધી હતી પણ એના પ્રયત્નોનું પરિણામ લગભગ શૂન્ય જ હતું.

એ જોઈ રહી કે ચાંચિયાએ ગુલામને એવી રીતે પકડ્યો હતો જેવી રીતે કોઈ કૂતરાને પકડે. એલીને કટપ્પા ધીમે ધીમે પસંદ પડવા માંડ્યો હતો. નદીમાંથી તેને બચાવ્યે કેટલાક દિવસ વીતી ચૂક્યા હતા. તેને તો એમ જ લાગ્યું હતું કે કટપ્પા મરી જશે પણ એ ગુલામ બહુ ઝડપથી સાજો થયો હતો. ગુલામ જ્યારે ખૂબ નબળો હતો અને મરવાની અણી પર હતો ત્યારે એલીના વિરોધ છતાં પણ જીમોતાએ તેને શણના દોરડાં બનાવીને બાંધ્યો હતો. એની કોઈ જ જરૂરિયાત નથી એમ કટપ્પાએ કહ્યું હતું કારણ કે પોતાનો જીવ બચાવનારના ગુલામ બની રહેવું તેના કુળની પ્રાચીન પરંપરા હતી. જ્યાં સુધી માલિક તેને ગુલામ તરીકે મુક્ત ન કરે ત્યાં સુધી તે માલિકની સેવા જ કરતો રહેવાનો હતો. આ સાંભળ્યું ત્યારે જીમોતા ખડખડાટ હસ્યો હતો. એલીએ ઘણું સમજાવ્યો છતાં જીમોતાને કટપ્પાની વાતનો વિશ્વાસ નહોતો. દરેક માણસ બીજાને પોતાના માપદંડોથી જ માપતો હોય છે , એલીએ વિચાર્યું. જેમ કટપ્પાને કદી પણ કપટ નહીં સમજાય તેમ જીમોતાને કદી પણ પ્રમાણિકતાનો અર્થ નહીં સમજાય.

એલી ઘણી વાર વિચારતી હતી કે તેણે આ ગુલામને મુક્ત કરી દેવો જોઈએ કે નહીં. તેણે તો માત્ર શબ્દો જ ઉચ્ચારવાના હતા કે 'ગુલામ, તું હવે પવનની જેમ મુક્ત છે', ત્રણ વાર, અને એ માણસ તેના કુળના પ્રાચીન નિયમો મુજબ મુક્ત માણસ બની જવાનો હતો. તે એ પણ જાણતી હતી કે આવું જ થશે એવો જીમોતાને ભય હતો. એટલે જ તે કટપ્પાને દોરડા વડે બાંધી રાખીને કૂતરાની જેમ કામ કરાવતો હતો. અને જો એ પોતે કટપ્પાને મુક્ત કરી પણ દે, તો ક્યાંય જઈ શકાય એમ તો હતું જ નહીં. એ લોકો આ ટાપુ પર ફસાઈ ગયાં હતાં. તેણે યોગ્ય ક્ષણની પ્રતીક્ષા કરવી પડે તેમ હતી પણ એ પ્રતીક્ષા દરમિયાન જીમોતા જે રીતે કટપ્પા સાથે વર્તન કરી રહ્યો હતો, તે જોઈને એલીને કટપ્પાની ખૂબ જ દયા આવતી હતી.

જીમોતાના હુકમ અનુસાર કટપ્પા પાણીમાં ઊતર્યો. ભ્રમરો ઊંચી કરીને એલી ઊભી થઈ. એ ચાંચિયો કટપ્પા પાસે એક ભયાનક કામ કરાવી રહ્યો હતો. ચાંચિયાને ખ્યાલ આવ્યો હતો કે આ નદીમાં તાજા પાણીમાં થતાં મોતીઓ મળી આવે છે એટલે તે ગુલામ પાસે નદીના તળિયે જઈને એ મોતી કઢાવવાનું વિચારી રહ્યો હતો. તે પોતે નદીના છીછરા ભાગમાં દોરડાનો એક છેડો પકડીને ઊભો હતો અને બીજો છેડો ગુલામના ગળે બંધાયેલો હતો. એ દોરડું કટપ્પાની

સલામતી માટે નહોતું. એ તો જીમોતાએ એટલે બાંધ્યું હતું કે જેથી કટપ્પા છટકી ન શકે. જો ગુલામ છટકવાનો પ્રયત્ન કરે તો તેણે માત્ર દોરડું ખેંચીને તેને ગૂંગળાવી મારવાનો હતો.

'એ આમાં ને આમાં મરી જશે,' એલીએ બૂમ પાડી.

'મોતીઓ એના કરતા વધારે કીમતી છે,' જીમોતાએ જવાબ આપ્યો. ક્રોધમાં આવી જઇને એલીએ પેલું તીર ચલાવી જ નાખ્યું. જીમોતા છેલ્લી ઘડીએ નીચે નમી ગયો અને તીર તેની આગળ જઈને સાવ નિર્દોષ રીતે પડ્યું. ચાંચિયો હસ્યો, 'ફરી વખત પ્રયત્ન કરવા માટે મારી શુભેચ્છા, રંડી.'

એલીનો ચહેરો શરમ અને ક્રોધને કારણે લાલચોળ થઈ ગયો. એ તેને 'રાંડ' કે 'વેશ્યા' કે એના જેવાં જ સંબોધન કરતો. તેણે એક વાર પણ એલીને નામથી નહોતી બોલાવી. એલીને એની પરવા પણ નહોતી. એ તો માત્ર પોતાનું કામ જ કરી રહી હતી. તેમ છતાં જ્યારે પણ તેને એમ વિચાર આવતો કે જીમોતા તેની મરજી પડે તે મુજબ પોતાનો ઉપયોગ કરી રહ્યો છે ત્યારે મનોમન તેને ખૂબ જ ક્રોધ ઉત્પન્ન થતો અને નિરાશા પણ. જીમોતા કેટલીયવાર ગુલામ જોતો હોય ત્યારે પણ તેનો ઉપભોગ કરતો હતો. જોકે એ લોકોનો સંભોગ ચાલતો હોય ત્યારે ગુલામ જોઈ રહેતો એવું નહોતું. એ તો બિચારો ઊંઘી જવાનો ડોળ કરતો હતો. એકવાર એલીએ એ વાતનો વિરોધ કર્યો ત્યારે જીમોતાએ કહ્યું કે જો એમના સંભોગને પ્રાણીઓ-પક્ષીઓ જુવે તો એની કંઈ પરવા ન કરવાની હોય. અને એ ગુલામ કોઈ પ્રાણીથી વધારે નથી, એમ પણ તેણે કહ્યું હતું. જીમોતા જ્યારે પણ ગુલામને પ્રાણી કહેતો ત્યારે તેનું ડોકું મરડીને તેને મારી નાખવાની ઇચ્છા એલીને થઈ આવતી હતી. જીમોતા પણ જાણતો હતો કે તેના શબ્દોની એલી પર શું અસર પડે છે અને ઘણીવાર તો એ ખાલી મજા લેવા જ એ શબ્દો ઉચ્ચારતો.

'આવતી વખતે મારું તીર નિશાન ચૂકશે નહીં,' એલી બોલી અને તેણે કામઠામાંથી બીજું તીર ખેંચીને બાણ પર ચડાવ્યું. જીમોતા ખડખડાટ હસ્યો જેનાથી એલીને વધારે ચીડ ચડી. એ ક્ષણે કટપ્પા ડૂબકી લગાવીને બહાર આવ્યો અને તેની મુઠ્ઠીઓમાં તાજા પાણીનાં મોતીઓ હતાં. જીમોતાને મોતી આપતાં આપતાં તે ઊંડા શ્વાસ લઈને હાંફી રહ્યો હતો. એલીની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં.

'બહુ થયું, ગુલામ. ફરી વાર કૂદ હવે,' કહીને જીમોતાએ કટપ્પાને પાણીમાં ધકેલ્યો અને ગુલામ અદૃશ્ય થઈ ગયો. એલીને ભયંકર ગુસ્સો આવ્યો. તે જીમોતા તરફ દોડી ગઈ, તેની સાથે લડવા માટે. જીમોતા ફરી વાર ખડખડાટ હસ્યો. તેની તરફ દોડી રહેલી એલી બૂમો પાડતી હતી અને તેને તે મુક્કો મારવા જ જતી હતી કે એ સમયે જોરથી ભૂંગળ વાગ્યાનું સંભળાયું. એ બંને ચોંકી ગયાં.

વહાણોનો મોટો કાફલો હતો અને બધાંના સઢ હવામાં ફરફરી રહ્યા હતા. વહાણો તેમની દિશામાં ભયાનક ગતિથી આગળ વધી રહ્યાં હતાં.

'દોડ,' બૂમ પાડીને જીમોતાએ દોરડુ ખેંચવા માંડ્યું.

એલી પેલાં વહાણોની દિશામાં દોડવા માંડી અને જોરશોરથી પોતાના હાથ હલાવવા માંડી. એલી નદીકાંઠાની પાસે જ ઊભી રહી. વહાણો નદીની બરોબર મધ્યમાં દેખાતા પાણીના ભૂરા પટ્ટામાંથી પસાર થઈ રહ્યાં હતાં. તેણે ચીસો પાડી અને ઉપર-નીચે કૂદવા માંડી, 'મદદ, મદદ.'

જીમોતા તેની તરફ દોડી ગયો, તેને ઝડપી લીધી અને તેનું મોઢું બંધ કરવાનો પ્રયત્ન કરવા માંડ્યો. 'કૂતરી, કૂત્તી, તું આપણને બધાને મરાવી નાખીશ,' તે બોલ્યો પણ એલીએ તેની

અવગણના કરી અને વહાણો સામે તેણે હાથ હલાવવાનું અને બૂમો પાડવાનું ચાલુ જ રાખ્યું. જીમોતાએ તેનો હાથ પકડ્યો અને તે દોડવા માંડ્યો.

'છોડી દે મને, છોડી દે મને. મદદ, મદદ,' તેણે બૂમો પાડવી ચાલુ જ રાખી. આંખના ખૂણેથી તે જોઈ શકતી હતી કે કટપ્પા કાંઠા પર ચડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

વહાણો અટક્યાં અને તેમાંથી નાનકડી હોડીઓ ઉતારવામાં આવી. થોડી વારમાં તો છ નાનકડી હોડીઓ તેમની દિશામાં આવવા માંડી. જીમોતાએ તેને ફરી વાર ખેંચી અને એલીએ તેને ધક્કો માર્યો. તેણે જીમોતાના બે પગ વચ્ચે પગ મૂકીને તેને લટ્ટી ભરાવીને પાડ્યો. એ પીઠભેર નદીમાં પડ્યો. એલી આવી રહેલી હોડીની દિશામાં દોડી. એ સમયે હોડીમાંથી ભયાનક રંગે રંગેલા કદાવર યોદ્ધાઓ પાણીમાં ઊતરી રહ્યા હતા. એ યોદ્ધાઓ તેની દિશામાં દોડ્યા અને એ લોકો જે રીતે એલી તરફ આવી રહ્યા હતા તે જોઈને જ એલીને ખ્યાલ આવ્યો કે કશુંક અયોગ્ય છે. તેનું મોઢું આશ્ચર્યથી પહોળું થઈ ગયું અને તેને કંઈ ખબર પડે એ પહેલાં તો એ યોદ્ધાઓએ તેને ઘેરી લીધી. તેની પાસે પહોંચેલા પહેલાં યોદ્ધાને તો તેણે લાત મારીને પાડી દીધો. જીમોતા તેમની તરફ બૂમો પાડતો અને ગાળો ભાંડતો આવી રહ્યો હતો, તે તેને સંભળાતું હતું. બીજી હોડીઓમાંથી પણ માણસો ઊતરીને તેમની દિશામાં આવી રહ્યા હતા.

'ખુશ ?' જીમોતાએ એલીને ગુસ્સાથી કહ્યું અને છ યોદ્ધાઓએ તેની પર જમાવેલી પકડ છોડાવવા તે મથવા લાગ્યો. કેટલાક યોદ્ધાઓ કટપ્પાના ગળે બંધાયેલા દોરડાથી તેને ઘસડીને લાવી રહ્યા હતા. ચાર યોદ્ધાઓએ એલીને પકડી રાખી હતી અને તે બૂમો પાડી રહી હતી. કોઈએ તેના સ્તન પકડવાનો પ્રયત્ન કર્યો. એક યોદ્ધાએ તેના હોઠ પર ચુંબન કર્યું. એલી ધિક્કારપૂર્વક થૂંકી અને તેણે એલીને તમાચો જડી દીધો. પછી તેણે ફરી વાર એલીને ચુંબન કર્યું.

'અરે, અરે, અરે,' તેને વિચિત્ર અવાજ સંભળાયો. એક અસામાન્યપણે ઊંચો અને રાક્ષસ જેવો દેખાતો માણસ યોદ્ધાઓ સાથે જોડાયો હતો.

'આ રાક્ષસી ટાપુ પર માણસો પણ રહેતા હશે એવું કોણે વિચાર્યું હોત ?' બોલીને તે ત્રણેયને જિજ્ઞાસાપૂર્વક જોઈ રહ્યો.

'અમે ખેડૂતો છીએ,' એલીએ કહ્યું.

'ઓહ, મને ખેતર, બળદ, વખાર, મરઘાં, ઘેટા, ગાય, બધું જ દેખાય છે. અને આ ઉમદા માણસ કોણ છે ?'

'મારો પતિ,' એલીએ કહ્યું અને પછી કંઈક વિચાર આવ્યો હોય તેમ ઉમેર્યું, 'અને પેલો અમારો ગુલામ છે.'

'રસપ્રદ,' કહીને પેલો રાક્ષસી માણસ જીમોતા તરફ ચાલવા માંડ્યો. જીમોતાએ હજુ પોતાનું માથું ઊંચું નહોતું કર્યું. રાક્ષસી માણસે જીમોતાના બે પગ વચ્ચે લાત મારી અને તે બેવડ વળી ગયો.

'તું ક્યારે પરણ્યો, ચાંચિયા જીમોતા ?' તેણે પૂછ્યું.

'ભૂમિપતિ અક્કુંડા, હું...હું મારું દેવું ચૂકતે કરી દઈશ,' પોતાનાં વૃષણો દબાવતાં જીમોતા બોલ્યો.

'રોકડેથી કે બીજી કોઈ રીતે ? એમ લાગે છે કે તું બહુ ધનવાન છે. તારી જગ્યા જ કેટલી મોટી દેખાય છે,' તેણે કહ્યું અને તેના માણસો હસવા માંડ્યા. અચાનક અક્કુંડાનો દેખાવ બદલાઈ ગયો. તેણે જીમોતાની હડપચી પકડી અને ઊંચા અવાજે બોલ્યો, 'સાલા હરામજાદા.

કૂતરીના. તું ઝડપાય એની જ હું રાહ જોતો હતો. મારાં ગામડાંઓમાં ઘૂસ નહીં મારવાની ચેતવણી મેં તને આપી હતી તેમ છતાં તેં મારા લોકોને પકડ્યા. જો વધારે ઉપરના કોઈને ખબર પડશે કે તેં માહિષ્મતી રાજ્યનું કોઈ ગામ ઘમરોળ્યું છે, તો તારી સાથે મને પણ લટકાવી દેવામાં આવશે.'

'ભૂલ થઈ ગઈ, ભૂમિપતિ અક્કુંડા, ખરેખર ભૂલ થઈ ગઈ. હું તેનું વળતર ચૂકવી આપીશ.'

'કઈ રીતે ? તારી પત્નીને મારી સાથે સુવાડીને ? કે પછી માછલીઓ પકડીને ? અચિ નાગમ્માએ તને કઈ રીતે બરબાદ કરી નાખ્યો એ મેં સાંભળ્યું.'

'મને છૂટો કરો તો હું બતાવું કે કઈ રીતે હું દેવું ચૂકવીશ. મહેરબાની કરો,' જીમોતાએ આજીજી કરી. અક્કુંડાએ એક ક્ષણ તેની સામે જોયે રાખ્યું. પછી તેને છૂટો મૂકવા માટે તેણે પોતાના માણસોને ઇશારો કર્યો. ચાંચિયો એ મોતી લેવા દોડ્યો જે તેમણે અત્યાર સુધી ભેગાં કર્યાં હતાં. તેણે મોતી અક્કુંડાના હાથમાં મૂક્યા અને નમીને તેને વંદન કર્યાં. 'આટલું સ્વીકારીને અમને જમીન સુધી લઈ જાવ. આ સોદો વધારો આકર્ષક બનાવવા હું તમને એક બીજી સોગાદ પણ આપીશ.'

એલી જાણતી હતી કે જીમોતા શું આપવા માંગતો હતો. જીમોતાએ કટપ્પાનું દોરડું ખેંચ્યું અને એ ગુલામ તેણે અક્કુંડાને સોંપ્યો. એલી નિઃસહાયતાથી એ દૃશ્ય જોઈ રહી. એક ક્ષણ તો તેને એવી ઇચ્છા થઈ આવી કે પેલા શબ્દો ત્રણ વાર બોલીને તે કટપ્પાને મુક્ત કરી દે પણ તેનાથી તો કદાચ એ બિચારાને મારી જ નાખવામાં આવશે. ભૂમિપતિએ ગુલામનું આકલન કર્યું અને નસકોરાં ફુલાવ્યાં. તેના માણસો એલી, કટપ્પા અને જીમોતાને હોડીઓની દિશામાં ઘસડી ગયા. તેઓ વહાણમાં ચડ્યા પછી કટપ્પાને વહાણના ભંડકિયામાં હલેસાં મારવા માટે લઈ જવામાં આવ્યો.

એલી અને જીમોતાને વહાણ પર ચડાવવામાં આવ્યા પછી તેમની સાથે થોડું સારું વર્તન કરવામાં આવતું હતું, તેનું એમને આશ્ચર્ય થતું હતું.

પછી, જ્યારે રાત પડી અને આકાશમાં તારા ચમકવા માંડ્યા ત્યારે એલી જીમોતા પાસે ગઈ. પવનને કારણે તૂતક પર લગાવવામાં આવેલું ફાનસ ઝૂલતું હતું અને તેનો પ્રકાશ આમતેમ ડોલતો હતો. જીમોતા પડ્યો પડ્યો આકાશને તાકી રહ્યો હતો. એ તેની પાસે બેઠી અને તેની પહોળી છાતી પર પોતાની હથેળી મૂકીને બોલી, 'એ લોકો આપણી સાથે આટલું સરસ વર્તન કેમ કરી રહ્યા છે ?'

એ જોઈ શકતી હતી કે જીમોતાના હોઠ છેતરામણું સ્મિત કરી રહ્યા હતા. 'કારણ કે એ લોકો જાણે છે કે આપણે આ પરિસ્થિતિમાંથી જીવતા બહાર નીકળી શકવાના નથી.'

જાણે દાઝી ગઈ હોય એમ એલીએ પોતાનો હાથ ખેંચી લીધો. 'તારો મતલબ શું છે ? એ લોકો આપણને કેમ મારી નાખે ? આપણે તો એમને ધન આપ્યું છે.'

'તને એમ લાગે છે કે માહિષ્મતીના સૌથી મોટા રહસ્ય જાણી જનારને એ લોકો જીવતા જવા દેશે ?' જીમોતાએ પૂછ્યું.

'તું કહેવા શું માંગે છે ?'

'તને ખબર છે ખરી કે આ વહાણમાં શું માલ ભર્યો છે ?' જીમોતા બેઠો થઈને એલીને તાકી રહ્યો.

એલીના મનમાં એકસાથે ઉત્તેજના અને ભયની લાગણી થઈ આવી. 'ગૌરીકાંતા ?' તેણે

પૂછ્યું.

જીમોતાએ માથું હલાવીને હા પાડી. 'એ લોકો મહામકામ માટે જઈ રહ્યા છે. એકાદ દિવસ પછી વહાણો ગોમુખ ઘાટમાં પ્રવેશશે જ્યાં નદીનો ઝડપી પ્રવાહ શરૂ થશે. ગુહાભૂમિની શરૂઆત પણ ત્યાંથી જ થાય છે. આ વહાણો ગુહાભૂમિમાં લાંગરશે અને આ પથ્થરોનો સંગ્રહ ત્યાં જ કરવામાં આવશે. કોઈ એક ભૂમિપતિની ફરજ હોય છે કે એક નાનકડી હોડીમાં ઝડપી પ્રવાહ પસાર કરીને તે પેલા પથ્થરોને માહિષ્મતી નગર સુધી લઈ જાય. અક્કુંડા નદીના ઉપરી હિસ્સા અને કળણવાળી જમીનનો માલિક છે. ગૌરીકાંતા પથ્થરનું રહસ્ય જાણનાર કોઈ માણસ આજ સુધી જીવતું ગયું નથી.'

'એ લોકો આપણને મારી નાખશે ?'

'ના, એનાથી પણ ખરાબ હાલત કરશે. એ લોકો આપણને ગુહાભૂમિમાં ગુલામ તરીકે વેચી મારશે.'

'આ ગુહા લોકો કેવા હોય છે ?'

'ગુહા લોકોની સરખામણીએ આ અક્કુંડા તો સંત કહેવાય,' કહીને જીમોતા પાછો તૂતક પર સૂઈ ગયો.

એલીને પહેલી વાર એમ લાગ્યું કે તેને કંઈ કામનું જાણવા મળ્યું હોય. ફાલકામાં ગૌરીકાંતા પથ્થરોનો માલ ભરીને વહાણો મહિષી નદી પર સરકતા રહ્યા. તેમની ઉપર સઢ પવનમાં ફફડતા હતા અને વહાણમાંથી ચિચૂડાટ પણ થતો હતો. કોઈ નિશાચર પક્ષી પાંખો ફેલાવીને તેમની ઉપરથી ઊડી ગયું હોય, તેમ પણ તેને સંભળાયું. એલી જીમોતાની છાતી પર ઢળી પડી અને તેને ચૂમવા માંડી. આજે તેને એલી મળવી જ જોઈએ. એલી પોતે પણ ઉત્તેજિત હતી કારણ કે તેણે આજે કંઈક કામનું જાણ્યું હતું અને તે ઉજવણી કરવા માંગતી હતી. તે હવે માહિષ્મતીની દુષ્ટ પ્રણાલીના રહસ્યના કેન્દ્રની પાસે પહોંચી ગઈ હતી. અચિ નાગમ્માને તેની પર ગર્વ થશે, એમ વિચારતાં વિચારતાં તેણે પોતાની કંચુકી ખોલી.

૩૪

મહામકામ

પત્તરાય મેજ પર આંગળીઓ વડે તબલાં વગાડી રહ્યો હતો, રૂદ્ર ભટ્ટ પોતાના અંગવસ્ત્ર વડે પોતાને હવા નાખી રહ્યો હતો અને પ્રતાપ ભવનમાં ચહલકદમી કરી રહ્યો હતો. તે લોકો પત્તરાયના ભવનમાં હતા અને મહામકામ તહેવારની ઉજવણીના નવ દિવસ શરૂ થવામાં જ હતા. શિંગડાઓનો તીણો અવાજ અને મહેલના પ્રાંગણમાં આવી રહેલા ઉત્તેજિત ટોળાનો અવાજ ખૂલી ગયેલી બારી વાટે ભવનમાં સંભળાતો હતો. ભવનમાં ભરચક સામાન હતો, ગરમી પણ હતી અને મેજ પર મૂકેલા એક માત્ર દીવાના કારણે ઝાંખુ અજવાળું આવતું હતું. બહાર અંધારું થઈ રહ્યું હતું. દરવાજા પર હળવો ટકોરો સંભળાયો એટલે પત્તરાય ઊભો થયો. પ્રતાપ દરવાજો ખોલવા ધસી ગયો અને દરવાજો ખૂલતાં જ કેકિ અંદર આવ્યો.

'રાજકુમાર ?' પ્રતાપે ચિંતાતુર અવાજે પૂછ્યું. કેકિ બાજુમાં ખસ્યો અને રાજકુમાર બિજ્જલ અંદર આવ્યો. કેકિએ દરવાજો બંધ કરીને તેનો આગળો વાસ્યો. ભવનમાં રહેલા ત્રણેય જણે રાજકુમારને વંદન કર્યાં. બિજ્જલ થોડોક ગભરાયેલો લાગતો હતો.

'રાજકુમાર, આવવા બદલ આપનો આભાર,' પત્તરાયે હાથ જોડીને ફરી વાર વંદન કર્યાં.

'શું તમે પેલું જીતેલું ધન માંગીને મને શરમમાં મૂકવાના છો ?' બિજ્જલે ગુસ્સો કર્યો.

'ના, રાજકુમાર,' પત્તરાયે ગભરાઈ જવાના હાવભાવ સાથે કહ્યું. 'આપના બિચારા સેવકો પર શા માટે શંકા કરો છો ? આપ યુવરાજ બનો ત્યાં સુધી પ્રતીક્ષા કરવા અમે તૈયાર જ છીએ. મેં એ વાત આપની સમક્ષ એક પણ વાર ઉચ્ચારી છે ?'

પત્તરાય જે ખુરશી પર બેઠો હતો ત્યાં બિજ્જલ ગયો અને તેની પર બેઠો. પગ ઊંચા કરીને તેણે મેજ પર ગોઠવ્યા અને આરામની મુદ્રામાં આવી ગયો. પત્તરાય સમજતો હતો કે રાજકુમાર પોતાની ગુરુતા સ્થાપિત કરવાનો પ્રયત્ન કરી રહ્યો છે. જો રાજકુમારને એટલું જ જોઈતું હોય, તો પત્તરાય એ રમત રમવા તૈયાર હતો. પત્તરાય અને તેના મિત્રો કમરેથી થોડાક નમીને પરાધીનતાનો ડોળ કરીને ઊભા રહ્યા.

પત્તરાયે કહ્યું, 'અમે એમ સાંભળ્યું છે કે મહાપ્રધાન આપના માટે સમસ્યાઓનો અંબાર ખડકી રહ્યા છે. શું અમે તેની સાથે વાત કરીએ ?'

બિજ્જલે દરેકના ચહેરા સામે વારાફરતી જોયું. કેકિ રાજકુમાર સામે જ જોઈ રહ્યો હતો. જેવી બિજ્જલની આંખો તેની આંખો સાથે મળી કે તેણે સ્મિત કર્યું.

'એ માણસ સમસ્યાઓ ઊભી કરી રહ્યો જ છે પણ મારા પિતાજી તેનો વિશ્વાસ કરે છે. એ વધારે પડતો જ પ્રમાણિક છે,' બિજ્જલે કહ્યું.

'હંઅઅઅ...આપને ખરેખર એમ જ લાગે છે, રાજકુમાર ? જો હું એમ કહું કે અમે તેની પ્રમાણિકતાનું મહોરું ખેંચી કાઢીને તેને દેશદ્રોહી સાબિત કરી શકીએ તેમ છીએ, તો ?' પૂછીને

પત્તરાયે પોતાના મિત્રો સામે ઝડપથી જોઈ લીધું. એ લોકોએ પણ માથું હલાવીને પોતાની સહમતિ દર્શાવી.

બિજ્જલે મેજ પરથી પોતાના પગ નીચે લીધા અને ટટ્ટાર બેસીને બોલ્યો, 'કેવી રીતે ?'

'રાજકુમારે વિગતોની ચિંતા કરવાની આવશ્યકતા નથી. જો એમાં કંઈ કાચું કપાય તો રાજકુમારનું નામ તેમાં આવે. એમ અમે નથી કરવા માંગતા.'

બિજ્જલ એક ક્ષણ તેમને તાકી રહ્યો. પત્તરાયે તેની પાસે જઈને હળવેથી કહ્યું, 'એ અમારો પણ શત્રુ છે. એ માહિષ્મતીના એ તમામ લોકોનો શત્રુ છે જેઓ યોગ્ય વિચારો ધરાવે છે. આ હલકી જાતનો ઢોંગી...'

'તો એમાં મારે શું કરવાનું છે ?'

'અમને સાથ આપો. એને માત્ર એના ભવનમાં જવાનો હુકમ આપો. અને જ્યારે યોગ્ય સમય આવે ત્યારે એમ કહેજો કે અમે જે કરવાના છીએ, એ કરવાનો આદેશ આપે જ આપ્યો છે. બીજું બધું આપ અમારા પર છોડી દો.'

'જો મારે તેને માત્ર તેના ભવનમાં જવાનો આદેશ જ આપવાનો હોય, તો એ કામ તમે પોતે કેમ નથી કરતા ?' બિજ્જલ ઘૂરક્યો.

'ઓહ, રાજકુમાર. હું તો માત્ર ભૂમિપતિ છું. હું તેને મહામકામની રાત્રે તેના ભવનમાં જવાનો આદેશ ન આપી શકું. અરે, હું તો કોઈ સામાન્ય દિવસે પણ એવો આદેશ ન આપી શકું. હું તો એના હાથ નીચે ગણાઉં, રાજકુમાર. પણ આપ તો તેની ઉપર છો. જો આપ હુકમ આપો, તો તેણે આવવું જ પડે.'

'મને જ્યારે મહારાજ યુવરાજ જાહેર કરે ત્યારે જ હું તેની ઉપર ગણાઉં,' પોતાની હડપચી પર હાથ ફેરવતાં બિજ્જલે કહ્યું.

'પણ એવો કયો મહાપ્રધાન હશે જે ભાવિ રાજાની અવજ્ઞા કરે, રાજકુમાર,' પત્તરાયે કહ્યું અને નોંધ્યું કે આ સાંભળીને રાજકુમાર ખુશી અનુભવતો હતો. તેણે થોડું વધારે નસીબ અજમાવવાનો નિર્ણય કર્યો.

'રાજકુમાર, હવે મને જોકે એમ લાગે છે કે આપ સાચું જ કહો છો. આપની દીર્ઘદૃષ્ટિને હું વંદું છું. આ હલકી જાતિનો ઢોંગીડો, રીંછ નચાવનારનો છોકરો એટલો અભિમાની છે કે એ આપની અવજ્ઞા કરે એવું બની શકે. અને જો એવું થાય, તો એ ખરેખર શરમજનક કહેવાય.'

'જો એ મારી અવજ્ઞા કરશે તો હું એની જીભ ખેંચી નાખીશ.'

'અલબત્ત, અલબત્ત. પણ મહારાજાને એ નહીં ગમે. એ બધી વસ્તુઓ આપના બિચારા ચાકરો પર જ છોડી દો, રાજકુમાર. માત્ર એના કાનમાં હળવેથી એટલી વાત નાખી આવો કે આપ તેની સાથે ગૌરીધૂળી અંગે વાત કરવા માંગો છો.'

'ગૌરી શું—' બિજ્જલની ભ્રમરો શંકાશીલ બનીને ખેંચાઈ ગઈ. 'તમે અમ્મા ગૌરીની ભેટ એવા ગૌરીકાંતા પથ્થરોની વાત તો નથી કરતા ને ?'

'લગભગ એની જ. પણ વિગતોની ચિંતા ન કરશો. માત્ર એને એટલા જ શબ્દો કહેજો અને કહેજો કે આપે એ બાબતે ચર્ચા કરવી છે અને પછી એ આપની પાછળ પાછળ કૂતરાની જેમ આવશે,' પત્તરાયે કહ્યું.

'અને એ આવી જાય પછી મારે શું ચર્ચા કરવાની રહેશે ? આ ગૌરી— છે શું ?'

'એ ચર્ચા અમારી ઉપર છોડી દેજો, રાજકુમાર. એમાં આપ સામેલ થતા નહીં. એકવાર

આપ એને ભવનમાં લઈ આવો પછી તેને ત્યાં જ છોડી દેજો. બાકીનું જોખમ અમે લોકો ઉઠાવીશું. અમે આપને વિશ્વાસ અપાવવા માંગીએ છીએ કે આ બધાને અંતે આપ મહાનાયક તરીકે ઊભરી આવશો.'

'હું તો અત્યારે પણ મહાનાયક જ છું. લોકોને મારી તલવારનો ભય લાગે છે. મને જોઈને લોકો થથરવા માંગે છે. મારાથી મહાન કોઈ યોદ્ધો અસ્તિત્વમાં જ નથી,' બિજ્જલે કહ્યું.

'એ તો સત્ય જ છે, રાજકુમાર. આ દુનિયા આપની મહાનતા અવશ્ય જાણે છે, પણ આપના પિતાજી નથી જાણતા. આજે, અમે એમને પણ આપની મહાનતાની ખાતરી કરાવીશું,' પત્તરાયે કહ્યું.

બિજ્જલ પોતાની હડપચી ખંજવાળતો ખંજવાળતો ઊંડા વિચારમાં ઊતરી ગયો.

પત્તરાયે કેકિને ઇશારો કર્યો અને એ કિન્નર આગળ આવીને બિજ્જલના પગ પાસે બેસી ગયો. તેણે રાજકુમારના પગ દબાવવા શરૂ કર્યા.

'મારા રાજકુમાર,' કેકિએ ઘોઘરા અવાજે કહ્યું, 'હું આપના માટે એક ભેટ તૈયાર કરી રહ્યો છું. એ જ ભેટ જે મેં થોડાક દિવસો પહેલાં આપને બતાવી હતી.'

બિજ્જલ સચેત થઈ ગયો. 'એ જ—'

'એ જ, રાજકુમાર. એકવાર આપ સ્કંદદાસને તેના ભવનમાં લઈ આવો એટલે આપની ભેટ આપના શયનખંડમાં આપની રાહ જોતી બેઠી હશે. એક ગરીબ કિન્નરની આપને વિનમ્ર ભેટ, મારા રાજકુમાર.'

અત્યાર સુધી શાંત બેસી રહેલો રૂદ્ર ભટ્ટ બોલ્યો, 'પાછલા એક અઠવાડિયાથી હું આપની જન્મકુંડળીનો અભ્યાસ કરી રહ્યો છું, રાજકુમાર. મને બહુ ઉજ્જ્વળ ભવિષ્ય દેખાઈ રહ્યું છે. આપના ગ્રહો આજે મહામકામના દિવસથી પલટાય છે. યશ આપની રાહ જોઈ રહ્યો છે. આપ તો સ્વર્ગના ઇન્દ્રદેવની જેમ ઝળકી ઊઠવાના છો.'

'અને આપની સેવામાં મારી અપ્સરાઓ તો હાજર જ હશે,' કેકિએ પણ કોણીએ ગોળ લગાડ્યો.

પત્તરાયે નીચા નમીને હાથ જોડીને કહ્યું, 'અને અમે તો આપની સેવામાં હાજર જ છીએ, રાજકુમાર. બસ અમને આપની સેવા કરતા રહેવાની તક આપજો.'

બિજ્જલ ખુશ થયો હતો. તેણે કહ્યું, 'એને અત્યારે જ બોલાવી લાવું ?'

'ના, અત્યારે નહીં રાજકુમાર. આપે જ્યારે સ્કંદદાસને બોલાવવાનો હશે, ત્યારે કેકિ આપને જાણ કરશે.'

'હા, રાજકુમાર,' કેકિએ કહ્યું, 'આપના ભવનમાં આપની ભેટની વ્યવસ્થા કરવા માટે મારે સમય તો જોઈશે, ખરું ને ? હું જ યોગ્ય સમયે આપને જણાવી દઈશ.'

પત્તરાય ઘૂંટણિયે બેઠો અને તેના મિત્રોએ પણ તેનું અનુસરણ કર્યું. 'જય બિજ્જલ દેવ. જય માહિષ્મતી. માહિષ્મતિના ભાવિ રાજાનો જય હો !' નારો લગાવીને તેણે બિજ્જલ સમક્ષ દંડવત્ પ્રણામ કર્યાં. બીજા લોકોએ પણ એમ જ કર્યું. બિજ્જલે તેમને આશિષ આપ્યા અને ખુશ થતો થતો બહાર નીકળ્યો. કેકિ રાજકુમાર સાથે થવા દોડી ગયો અને પ્રતાપે ઝડપથી દરવાજો બંધ કરી નાખ્યો.

ભવનની આગળના પ્રવેશખંડમાંથી એક માણસ બહાર આવ્યો.

'મને નહોતું લાગતું કે આ કામ આટલું સરળ હશે,' તેણે કહ્યું.

પત્તરાય તેની તરફ ફર્યો. 'કોઈ કામ સરળ નથી હોતું, રૂપકા. કુશળ લોકોના હાથમાં એ કામ સરળ દેખાય છે અને ચતુરંગની આ રમતમાં હું સૌથી કુશળ છું,' તે ખડખડાટ હસ્યો.

'અને અમે તો માત્ર પ્યાદાં જ છીએ,' રૂપકે સ્મિત કર્યું.

'અને આ રહ્યું તેં માહિતી આપી તેનું ઇનામ,' પત્તરાયે પ્રતાપને ઇશારો કર્યો અને દંડનાયકે એક કાપડની પોટલી મેજ પર મૂકી. રૂપકાએ તે ઉપાડીને હલાવી જોઈ. તેમાંથી સિક્કાઓનો રણકાર સંભળાયો.

'આ તો બહુ નાનકડું ઇનામ છે.'

'તું તારું કામ તો પૂરું કર, પછી ઘણું વધારે મળશે,' પત્તરાયે કહ્યું અને દરવાજાની દિશામાં તેણે હાથ ચીંધ્યો.

રૂપકાએ પોટલી લઈ લીધી અને પોતાની કમરે બાંધી દીધી. તેને પોતાના કમરપટ્ટા વડે ઢાંકીને તે બહાર જતો રહ્યો. દરવાજે અટકીને તે બોલ્યો, 'સાંભળો, આ કામ હું માત્ર ધન માટે નથી કરી રહ્યો,' તેણે કહ્યું.

'ધન તો વધારાનો લાભ છે, મારા મિત્ર. તું સારું કામ કર્યે જા,' પત્તરાયે કહ્યું, 'કાલે તારે વધારે કામ કરવું પડશે અને વધારે ધનલાભ પણ થશે.'

જ્યારે છેવટે રૂપકા ગયો ત્યારે પ્રતાપ બોલ્યો, 'સાચું કહું તો મને ખ્યાલ નથી કે તમે શું આયોજન કરી રહ્યા છો. શું તમે—'

'હું યોગ્ય સમયે બધું જ સમજાવીશ,' પોતાની હથેળી ઊંચી કરીને પત્તરાયે કહ્યું. 'પેલા વામનને મેં જ્યાં રાહ જોવાનું કહ્યું હતું, ત્યાં એ પહોંચી ગયો છે ?'

'પહોંચી જ ગયો હશે,' પ્રતાપે કહ્યું, 'મેં અસ્પૃશ્યોવાળો માર્ગ બંધ કરાવી દીધો છે, એટલે ત્યાં ભૂલથી પણ કોઈ આવી જાય નહીં. આખી રાત ત્યાં ઊભા રહેવા માટે હિડંબાને સમજાવવો અઘરું કામ હતું. એ એમ કહે છે કે એને તમારાં મૂર્ખામીપૂર્ણ આયોજનોમાં કોઈ જ વિશ્વાસ નથી.'

પત્તરાય હસ્યો, 'ખરેખર મને દુઃખ થયું. અડધું મગજ ધરાવતા અડધિયાએ કરેલી ટિપ્પણી. શું મારે રોવું જોઈએ ?' પછી પત્તરાયનો દેખાવ બદલાઈ ગયો અને તેનો અવાજ પણ ગંભીર થઈ ગયો. 'આ આપણી એકમાત્ર તક છે જેમાં એક જ કાંકરે ઘણાં બધાં પક્ષીઓ મરી જશે. એ મૂર્ખો કોઈ ભૂલ ન કરે એવી હું આશા રાખું છું. આજે તો બધા હું કહીશ એમ જ કરશે. કોઈ જ પ્રશ્નો નહીં, કોઈ જ શંકા-કુશંકા નહીં અને કોઈએ હોશિયારી દાખવવાની જરૂર નથી.'

'જ્યોતિષ મુજબ, આપણો સારો સમય આજથી જ શરૂ થાય છે,' રૂદ્ર ભટ્ટે કહ્યું.

'એ એક જ વસ્તુનો મને ભય છે,' પત્તરાય ઘૂરક્યો. 'તારી આ બધી યુક્તિઓ બિજ્જલ જેવા મૂર્ખાઓ માટે અનામત રાખ. મારું ભાગ્ય તો હું પોતે જ ઘડું છું, આકાશમાં ફરતા નકામા ગ્રહો નહીં.'

૩૫

એલી

એલીની નજર પહોંચતી હતી ત્યાં સુધી ટેકરીઓ પર ગોચરો જ દેખાતાં હતાં. દૂર ગૌરી પર્વત દેખાતો હતો અને તેનું શિખર સ્વર્ગને અડતું હોય એમ લાગતું હતું. ટેકરીઓની પછીતેથી સંધ્યા પ્રગટી રહી હોય એમ લાગતું હતું. નદીની બીજી બાજુ, ઉત્તર દિશામાં માહિષ્મતી નગર ઝાંખા પડી ગયેલા ચિત્ર જેવું લાગતું હતું.

જંગલો અને કળણોને લીધે ચેંપાડવાનાં ગોચરો ગૌરી પર્વતથી અલગ પડતાં હતાં અને એ ગોચરોમાં હજારો ગાય, ભેંસ અને ઘેટાં ચરતાં હતાં. તેના ભૂમિપતિનું ઘર એટલે થોડીક સજાવેલી ઝૂંપડી. ઝૂંપડીઓની સરખામણીએ એ આમ તો બહુ મોટું હતું પણ હતું તો ઝૂંપડું જ, જે ખરબચડાં નળિયાં અને સૂકા ઘાસના છાપરા વડે બનાવવામાં આવ્યું હતું. પણ એવી અફવા સંભળાતી કે એ મોટા ઘરમાં રંગીન રત્નો, મસાલો ભરી સાચવેલાં પ્રાણીઓનાં શરીરો અને સોનાના દીવાઓ ઠાંસી ઠાંસીને ભરેલા છે. ગારની ભોંય ઉપર મોંઘીદાટ જાજમ પાથરેલી છે અને ઝુમ્મરોનો પ્રકાશ વધારવા માટે હીરા જડવામાં આવ્યા છે. ભૂમિપતિની રખાતો પાતળામાં પાતળું મલમલ પહેરે છે અને પત્નીઓ લીસામાં લીસું રેશમ પહેરે છે જેની પર સોનાના દોરા વડે ભરતકામ કરવામાં આવે છે. તેમ છતાં અરબસ્તાનના શ્રેષ્ઠ અત્તરમાં ગાયના પોદળા અને ઘેટાની લીંડીઓની ગંધ અવશ્ય ભળી જતી. ચંદ્રહાસ ગુહા ચેંપાડવાનો ભૂમિપતિ હતો અને તે કદી પણ પોતાની પ્રજા, પત્નીઓ, રખાતો, બાળકો, ગાયો, ઘેટાં કે શિકારી કૂતરાઓમાં ભેદભાવ રાખતો નહીં. એ બધાં જ તેની છત હેઠળ રહેતાં, સૂતાં, ખાતાં, પીતાં અને પ્રજનન કરતાં.

જીમોતા ભૂમિપતિ ચંદ્રહાસ ગુહા અને ભૂમિપતિ અક્કુંડાની સાથે મોટા ઝૂંપડાના આંગણમાં બેસીને તાડી પી રહ્યો હતો એ એલીએ જોયું. જે રીતે એ ચાંચિયો ગુલામમાંથી સેવક બની ગયો એ આશ્ચર્યજનક હતું. જીમોતાએ એલીનું શરીર ચંદ્રહાસ અને અક્કુંડાને ભોગવવા આપ્યું હતું એ વિચાર માત્રથી એલી ખળભળી જતી હતી. જોકે એનાથી એ બંનેને સંપૂર્ણ સ્વાતંત્ર્ય તો મળ્યું જ નહોતું. તેમને એ વિશાળ ઝૂંપડાની વાડ બહાર જવાની મંજૂરી તો નહોતી જ મળી.

અત્યારે એ બંનેને સાંકળ વડે બાંધવામાં નહોતાં આવ્યાં અને એમની હાલત ગુહાના સામાન્ય નોકર-ચાકર જેવી જ હતી. જીમોતાએ કહ્યું હતું કે સારો સમય વધારે વાર રહેશે નહીં. ગુહા માત્ર મહામકામ પૂરું થવાની જ રાહ જોઈ રહ્યો હતો અને એ પૂરું થતાં જ તે તેમની બંનેની સાથે ફાવે તેવું વર્તન કરશે. ગુહાને અકલ્પનીય રહેવું ગમતું. એટલે એલીએ કોઈ મૂર્ખામી કરવી નહીં, એમ જીમોતાએ તેને કહી રાખ્યું હતું. જાણે એને એલીની બહુ પરવા ન હોય !

એલી ઘણી વાર વિચારે ચડી જતી કે પેલા પથ્થરોનું શું થશે. એ વિગતો જાણીને અચિ

નાગમ્મા સુધી પહોંચાડવા માટે તો તે પોતાનો જમણો હાથ પણ કાપીને આપી દેવા તૈયાર હતી. જો તે એ પથ્થરોના સંગ્રહનો નાશ કરી શકે તો બળવાખોરો પાછલી ત્રણ પેઢીમાં જે સિદ્ધ નહોતા કરી શક્યા, તે વસ્તુ તે સિદ્ધ કરી શકે તેમ હતી. એમ થાય તો ભ્રષ્ટ માહિષ્મતી સામ્રાજ્ય ઘૂંટણિયે આવી જાય. તેના કારણે એક એવી અમાનવીય પ્રણાલીનો અંત આવે જ્યાં બાળકોના ભોગે વિકાસ સાધવામાં આવે છે. અચિ નાગમ્મા કહેતાં હતાં કે તેમનું યુદ્ધ દેશ વિરુદ્ધ નહીં પણ આ પ્રણાલી વિરુદ્ધ છે.

એલી જીમોતા સાથે ચેંપાડવામાં ફસાઈ ગઈ હતી એટલે તેને કટપ્પાના કોઈ સમાચાર મળ્યા નહોતા. તે ઘણીવાર વિચારતી કે તેના ગુલામનું શું થયું હશે. એ દયા હતી, આદર હતો કે પ્રેમ હતો એ તો એલી નહોતી જાણતી પણ તેને કટપ્પાની મૂક હાજરીની ભારે ખોટ વર્તાતી હતી. તેણે કટપ્પાને શોધવાનો પ્રયત્ન કરી જોયો પણ ચોકીદારોએ તેને અટકાવી હતી. એવી અફવા સંભળાતી હતી કે વૈતાલિકો કંઈક મોટા સાહસની તૈયારીઓ કરી રહ્યા છે એટલે ગુહાએ પથ્થરોનો સંગ્રહ જ્યાં કરવામાં આવ્યો હતો એ શસ્ત્રાગારની રક્ષા માટે વધારે ચોકિયાતો ગોઠવ્યા હતા.

દરેક મહામકામ વખતે માહિષ્મતીનું તંત્ર ગમે તેમ કરીને આ પથ્થરો નગરમાં લાવતું હતું કે પછી એવી અફવા સંભળાતી હતી. એલીને હંમેશાં એવો વિચાર આવતો કે જ્યારે આખું નગર હાજર હોય તેવા સમયે એ કામ કેવી રીતે એકદમ ગોપનીય રીતે થતું હશે. જો એ માત્ર વહાણો દ્વારા જ આવતા હોય, તો ભૂમિપતિ અક્કુંડા શા માટે ગુહા ભૂમિ આવ્યા વિના જાતે જ એ પહોંચાડતો નહીં હોય ? અને જો એ પથ્થરો નગરમાં લઈ જવાતા હોય, તો એમ થતું આજ સુધી કોઈએ જોયું કેમ નહોતું ? અને એ લોકો આ પથ્થરોના ઉપયોગ શું કરતા હશે ? કોઈ સામાન્ય માણસ તો એની વાત પણ કરતો નહોતો. ઉચ્ચ વર્ગમાં એકદમ ધીમા અવાજે તેની વાતો થતી અને તેની એવી અફવા ફેલાતી કે એ ભયાનક રહસ્ય બની રહેતું. તેમ છતાં જીમોતાએ એવો ઇશારો કર્યો હતો કે કોઈ ભૂમિપતિની ફરજ હોય છે આ પથ્થરો સામે કાંઠે લઈ જવાની. હજુ કંઈક બંધ નહોતું બેસતું.

ત્રણેય આદમીઓ નશામાં ગર્ત થઈ રહ્યા હતા અને જીમોતા કોઈ બીભત્સ ગીત ગાઈ રહ્યો હતો. ચાંચિયો જમીન પર બેઠો હતો અને બંને ભૂમિપતિઓ બેઠક પર બેઠા હતા. આજ સમય હતો બહાર છટકી જઈને ખાંખાખોળાં કરવાનો. એ જાણે કંટાળી હોય એમ ચાલી, પોતાના રસ્તામાં આવતા એક નાનકડા પથ્થરને લાત મારી અને જાણે માત્ર આંટો મારવા જ નીકળી હોય, તેમ તે ચોકીદારો સામે હસી. એ લોકો તેને એવી સ્ત્રી તરીકે જાણતા જે ભૂમિપતિને ખુશ કરતી હતી અને એટલે જ એલીને થોડુંક સમ્માન મળતું હતું. તે નદી પાસે બેઠી-બેઠી પાણીમાં પથ્થરો ફેંકતી રહી અને રાહ જોતી રહી કે ચોકીદારોનો રસ તેનામાંથી ઊડી જાય. ધીમે-ધીમે અંધારું વધી રહ્યું હતું.

નદી પરથી આવી રહેલો પવન ઠંડો હતો પણ તેનાથી એલીની તંગ નસો હળવી થઈ નહીં. મનોમન એ ગભરાઈ રહી હતી. જો તે પકડાઈ ગઈ તો તેનું મૃત્યુ નક્કી જ હતું, પણ જો તે સફળ રહી તો એને સૌથી મોટી સફળતા મળે તેમ હતી. અચિ નાગમ્મા માટે કંઈક કરી છૂટવા તો એલી મક્કમ જ હતી. અચિ જ તેની મા હતી, બાપ હતો, ગુરુ પણ અને ભગવાન પણ. એલીને હંમેશાં અચિના મોઢેથી પ્રશંસા સાંભળવાની તરસ રહેતી અને અચિ ભાગ્યે જ કોઈનાં વખાણ કરતી.

એલી ઊંચા ઘાસમાં સરકી અને ધીમે-ધીમે રસ્તો કરતી આગળ વધવા માંડી. તેને સર્પોથી બહુ ડર લાગતો અને દરેક ડગલે તેને લાગતું કે તે કોઈ નાગ કે સાપના માથા પર ડગલું ભરી

લેશે અને એ તેને ડંખી જશે. અને કશું જ મહત્ત્વનું કામ કર્યા વિના તેનું જીવન અહીંયાં જ સમાપ્ત થઈ જશે. ઘાસની ધાર તેના ચહેરા પર ઘસરકો કરી જતી, તેની કાળી ચામડી પર સફેદ લીસોટા થઈ જતા અને તેને બધે જ ખંજવાળ આવવા માંડી હતી. આવા ઝૂલતા ઘાસ વચ્ચેથી પસાર થવાનો વિચાર આવવા બદલ તેણે મનોમન પોતાની જાતને બહુ જ મનાવવી પડી. પવનનું જોર વધતાં ઘાસ વધારે ને વધારે ઝૂલવા માંડ્યું અને તેના કાનમાં હવાના સુસવાટા પણ સંભળાવા માંડ્યા. આકાશમાં ઝાંખો ચાંદો ઊગ્યો હતો. તેને મનોમન વિચાર આવ્યો કે રાત વધારે અંધારી હોત અને પવન ઓછો હોત, તો કેટલું સારું થાત. જ્યારે પણ ઘાસ એકદમ નીચે નમતું ત્યારે તેને ભૂમિપતિ ગુહાના આંગણમાં લટકાવેલું ફાનસ ડોલતું દેખાતું હતું. ત્રણેય પુરુષો હજુ તાડી પી રહ્યા હતો અને ગુહાના ઘરની સ્ત્રીઓ ખાવાપીવાનું લઈને આંટાફેરા કરે રાખતી હતી.

શસ્ત્રાગાર કઈ દિશામાં છે તેનો આછો-પાતળો અંદાજ એલીને હતો. તેણે ગુહાના ઝૂંપડાની ઈશાન દિશામાં આગળ વધવાનું હતું. એક વાર તેને અંદાજ આવી ગયો કે તે એટલી દૂર પહોંચી ગઈ છે જ્યાંથી તેની હલનચલનનો અવાજ ભૂમિપતિઓના કાન સુધી પહોંચે એમ નથી પછી તેણે દોડવાનું શરૂ કર્યું. ગોચરો પત્યા પછી જંગલ શરૂ થયું અને એક નાનકડી ટેકરી સુધી જતો ખરબચડો રસ્તો શરૂ થયો. આગળ ક્યાંકથી કૂતરાઓની ટોળી ભસી રહી હતી. એક ચામાચીડિયું તેના માથાની એકદમ પાસેથી પસાર થયું. એલીએ મનમાં ઊભરાઈ રહેલા ગભરાટને દબાવી રાખ્યો. આ ગાંડપણ છે , દોડતાં દોડતાં તેને વિચાર આવ્યો. આ સાહસમાં તું મરી જઈશ , એમ તેને પોતાની અંદરથી જ અવાજ સંભળાયો. પોતાના ભયને અવગણીને તે ટેકરીની ઉપરની દિશામાં દોડતી રહી. હવે કૂતરાઓના ભસવાનો અવાજ વધુ ને વધુ મોટો થઈ રહ્યો હતો.

એલીને ધીમો ઘુરકાટ સંભળાયો ત્યારે તે ઊભી રહી ગઈ. તેણે આસપાસ નજર કરી. તેનું હૃદય બહુ જોરથી ધબકી રહ્યું હતું. પછી તેની આસપાસની ઝાડીઓ પીંખાઈ ગઈ અને તેણે ચીસ પાડી. હુમલો પાછળથી થયો હતો. તેને જાણ થાય એ પહેલાં તો એના પગની ઘૂંટીમાં દુખાવો ઊપડ્યો. એક વિકરાળ કૂતરાએ તેના મોઢામાં એલીનો પગ પકડ્યો હતો. એલીએ પોતાના બીજા પગ વડે તેને લાત મારવાનો પ્રયત્ન કર્યો પણ એ જ સમયે ઝાડીઓમાંથી એક બીજું કૂતરું કૂધું. તેના દાંત ચમકી રહ્યા હતા અને તે એલીની ગરદન ઝડપી લેવા મથી રહ્યું હતું. એલીએ એ કૂતરાની ગરદન પકડી લીધી. કૂતરું પકડ છોડાવવા માટે અમળાવા માંડ્યું. કૂતરાના ગંધાતા ઉચ્છ્વાસ એલીના ચહેરા પર પડતા હતા. એલીએ ચીસ પાડીને તેને નીચે પટક્યું. કૂતરું અમળાયું, ભસ્યું અને ફરી વાર કૂધું. એલીનું સમતોલન ખોરવાઈ ગયું અને તે નીચે પડી. થોડીવારમાં તો તેની પર હુમલો કરવા બીજા કૂતરા આવી પહોંચ્યા. હવે કૂતરા તેને ચારેબાજુથી બટકાં ભરી રહ્યાં હતાં. છેવટે મહાપ્રયત્ને પડખું ફરીને તેણે પોતાની જાતને કૂતરાઓની પકડમાંથી મુક્ત કરી. એના શરીરમાં ઘણી જગ્યાએથી લોહી પડી રહ્યું હતું પણ તે ફરી વાર ઊભી થઈ શકી હતી. હુમલો કરવા આવેલા એક કૂતરાને તેણે લાત મારી અને તે કૂતરું ઊછળીને ઝાડીમાં પડ્યું. હવે બીજા કૂતરા ડરી ગયા અને એલીની ફરતે ધીમો ઘુરકાટ કરતાં ગોળ ગોળ ફરવા માંડ્યા. તેણે એક પથ્થર લઈને તેને કોઈ કૂતરાના નાક પર માર્યો અને એ કૂતરું જમીન પર પટકાઈને ભસવા માંડ્યું. તેના નાકમાંથી લોહી નીકળવા માંડ્યું અને એ લોહી ચાટવા બીજા કૂતરા તેની પાસે દોડી ગયા. એ ઘેરામાંથી છટકીને એલી ફરી વાર દોડવા માંડી. આગળ દેખાતા કદાવર વડના વૃક્ષનું ધ્યેય રાખીને તે દોડી. કૂતરાઓ તેની પાછળ પાછળ દોડવા માંડ્યા. આ કૂતરાઓએ ભસી ભસીને ગુહાના માણસોને તો ચેતવી જ દીધા હશે , એલીએ નિરાશ થઈને વિચાર કર્યો. એલીને કૂતરાના હાંફવાનો અવાજ સંભળાતો હતો. હવે

ગમે ત્યારે એક કૂતરું કૂદીને તેની પીઠ ચીરી નાખશે.

તે જ્યારે વડ પાસે પહોંચી ત્યારે તે થીજી ગઇ. તેની અને વડની વચ્ચે તો ઊંડી ફાટ હતી. એ ફાટ લગભગ પંદર હાથ પહોળી હતી. તે ઊંડી કેટલી હતી તેનો તેને અંદાજ આવતો નહોતો પણ નીચે પથ્થરો પર થઈને વહી રહેલા પાણીનો અવાજ તેને સંભળાતો હતો. કૂતરાઓ તેની પાસે પહોંચી ગયા હતા પણ તેઓ ઊભા ઊભા હજુ હાંફી જ રહ્યા હતા. એ જાણતા હતા કે એમનો શિકાર હવે ફસાઈ ગયો છે. એલીને ખાતરી નહોતી કે એ ફાટ તે ઓળંગી શકશે. હવે કૂતરાઓ સાવચેતીપૂર્વક તેની વધુ ને વધુ પાસે આવી રહ્યા હતા. તે ફાટની ધાર પાસે ગઈ. તેની ઠોકરથી એક નાનકડો પથ્થર ફાટની અંદર પડ્યો. એલીને એમ લાગ્યું કે ઘણા લાંબા અંતરાલ પછી એ પથ્થર નીચે પટકાયો હશે. કૂતરાઓની ટોળીનો આગેવાન કૂતરો ઘૂરકી રહ્યો હતો. એનો અર્થ શું થાય, તે એલી જાણતી હતી. તેણે મનોમન અમ્મા ગૌરીને પ્રાર્થના કરી અને કૂદી.

એક ક્ષણ માટે તો તેને એમ લાગ્યું કે તે નીચે ખડકો પર જ પટકાશે અને તેનાં હાડકાં ભાંગીને ભુક્કો થઈ જશે. અચાનક તેના હાથમાં એક વડવાઈ આવી અને તેણે તેને જોરથી પકડી લીધી. કૂતરાઓનું ટોળું ફાટની ધાર પર ઊભું હતું અને પોતાના શિકારને છટકી જતો જોઈને જોરજોરથી ભસી રહ્યું હતું. એલી વડવાઈને ઝુલાવતી ઝુલાવતી ઉપર ચડી રહી હતી. ધીમે ધીમે તે વડ પર ચડી અને એક ડાળીની બંને બાજુ પોતાના પગ લટકાવીને બેઠી અને રડી પડી. લોહીને કારણે તેના હાથ ચીકણા થઈ ગયા હતા અને તેના આખા શરીરમાંથી પીડાના સણકા ઊપડી રહ્યા હતા. એ જાણતી હતી કે તેની શોધમાં માણસો થોડીક વારમાં તો આવી પહોંચશે પણ અહીંથી હલવાની તેને ઇચ્છા નહોતી થતી. ચાંદો વાદળો પાછળ છુપાઈ ગયો હતો અને અંધારા માટે તેણે મનોમન ભગવાનનો આભાર માની લીધો.

એક હળવા ધબાકાને કારણે તે ચમકી ગઈ. તેણે આસપાસ નજર ફેરવી. ફરી વાર એવો જ અવાજ સંભળાયો. જાણે લાકડા પર ફરસીના પ્રહારનો અવાજ. એ અવાજ ઘટાદાર વડની બીજી બાજુથી આવી રહ્યો હતો. ધીમે ધીમે તે વડમાં ઉપર ચડવા માંડી. વડવાઈઓ તેની મદદે આવી રહી હતી. જ્યારે તે વડની બીજી દિશામાં પહોંચી ત્યારે તેને વડ નીચે દીવા થયેલા જોવા મળ્યા. ત્યાં સાપની મૂર્તિઓ પણ હતી. આ કદાચ ગુહા લોકો માટે પવિત્ર વૃક્ષ હશે, એલીએ વિચાર્યું. તેને ફરી વાર એવો જ અવાજ સંભળાયો. પછી તેને ધીમો ગણગણાટ પણ સંભળાયો. જ્યારે તેની આંખો અંધારામાં ટેવાઈ ત્યારે તેને લાકડાની એક વિશાળ દીવાલ દેખાઈ જે લગભગ વડ જેટલી જ ઊંચી હતી.

એલી ડાળીના છેડા સુધી ગઈ અને થોડીક આગળ નમી. ડાળી પવનના કારણે થોડીક હલી અને તેના વજનને કારણે નમી પણ કરી. ડાળ જોકે જમીનથી લગભગ વીસ હાથ ઊંચે હતી. લાકડાના મોટા ટુકડાઓની વિશાળ દીવાલની વચ્ચે મેદાન જેવું હતું. તેને દૂર કંઈક હલચલ પણ દેખાઈ. એક કદાવર આકૃતિ આ બધાની ઉપર ઊભી હતી. તેને આઠ હાથ હતા. આ દૃશ્ય જોઈને એલીની આંખો પહોળી થઈ ગઈ. કોઈ લાકડાની વસ્તુ પર પડી રહેલા પથ્થરોનો અવાજ પણ તેને સંભળાયો.

ચાંદો વાદળાંઓના પંજામાંથી છૂટ્યો અને એ ખુલ્લી જગ્યામાં આછો દૂધિયા રંગનો પ્રકાશ ફેલાઈ ગયો. ધીમે-ધીમે દૂર રહેલી આકૃતિ સ્પષ્ટ દેખાવા માંડી. અમ્મા ગૌરી ! કાલિ દેવીની વિશાળ મૂર્તિ તેની સામે તાકી રહી હતી. એલીએ હાથ જોડીને માથું નમાવીને વંદન કર્યાં. માહિષ્મતિમાં પેલા પથ્થરો કઈ રીતે પહોંચે છે, તેનું રહસ્ય તેણે શોધી કાઢ્યું હતું.

એ જ ક્ષણે પવનને કારણે ફરી વાર ડાળી ઝૂલી અને એટલી ઝડપથી તે તૂટી પડી કે એલીને ચીસ પાડવાનો સમય પણ મળ્યો નહીં. એલી લાકડાની દીવાલની અંદરની બાજુ

માથાભેર પટકાઈ.

૩૬

ગુંડુ રામુ

અનાથાલય ભયાનક રીતે શાંત હતું. ગુંડુ રામુ અને ઉઠંગા સિવાય ત્યાં કોઈ જ હાજર નહોતું. ગુંડુ રામુને તો ઉઠંગા સામે જોતાં પણ ડર લાગતો હતો. ઉઠંગાની ભાવવિહીન આંખો છત પર તકાયેલી રહેતી અને જો તેની છાતી થોડીક ઉપર-નીચે ન થતી હોય, તો કોઈ તેને ભૂલમાં મૃત પણ માની બેસે. આખી ખખડધજ ઇમારતમાં એક માત્ર દીવો ઉઠંગાના માથા પાસે જ પ્રગટેલો હતો. બહારથી પવનની ઝડપી લહેર દોડી આવી અને એ દીવાનો પ્રકાશ નાચવા માંડ્યો અને નાચતા પ્રકાશની સાથે ઉઠંગાનો પડછાયો પણ દીવાલ પર નાચવા માંડ્યો. ગુંડુ રામુને વિચાર આવ્યો કે જતા પહેલાં રેવમ્માએ આ ઓરડાના બધા જ દીવા પ્રગટાવ્યા હોત તો સારું થાત પણ એ તો તેલ બચાવી રહી હતી.

શિવગામીએ તેને કહ્યું હતું કે સૂર્યાસ્ત પછી છઠ્ઠી વાર ઘંટ વાગે ત્યારે તેણે કિલ્લા પાછળના અછૂતોના રસ્તે આવવું. અત્યાર સુધીમાં તેણે ત્રણ વાર તો ઘંટનાદ સાંભળ્યો હતો. જો છઠ્ઠો ઘંટ પડે એ પહેલાં તેણે ત્યાં પહોંચવું હોય, તો અત્યારે તેણે નીકળી જવું જોઈએ. અંધારામાં રસ્તા પર એકલા ચાલવાના વિચારથી તેને ધ્રુજારી આવી ગઈ પણ તેણે પોતાની અક્કા માટે એટલું તો કરવું જ રહ્યું.

અચાનક રસોડામાં કંઈક સરક્યું હોય એમ તેને લાગ્યું અને તેનું હૃદય ઊછળીને તેના મોઢામાં આવી ગયું. તેના આખા શરીરે પરસેવો વળી ગયો. છછૂંદર, એ જરૂર કોઈ છછૂંદર હશે, તેણે મનોમન વિચાર્યું. બહારથી ક્યાંકથી બિલાડીનો અવાજ પણ સંભળાયો. કોઈ બારીનો દરવાજો ખૂલી ગયો હશે એટલે પવન સાથે એ પણ ખખડાટ કરતી હતી. હવે તેણે જવું જ પડશે. તેણે બારીની બહાર નજર કરી. ગાઢ અંધારું છવાયેલું હતું. ચાંદો ઊગે ત્યારે હું જઈશ , તેણે પોતાની જાતને સમજાવી. જંગલમાંથી ઘુવડનો અવાજ સંભળાયો. તેનો જવાબ આપવાનો હોય તેમ એક ઘુવડ અનાથાલયની પાસેથી પણ બોલ્યું. ઘુવડો સામ-સામે અવાજો કરતા રહ્યા અને ગુંડુ રામુ વધુ ને વધુ ડરતો રહ્યો. પેલો દીવો પણ પવનમાં ફફડી રહ્યો હતો. ઉઠંગા હલી રહ્યો છે ? એ માથું ફેરવીને કંઈક પૂછશે ? ગુંડુ રામુની કલ્પનાને છુટ્ટો દોર મળ્યો હતો. રસોડામાં કંઈક પડ્યું અને ગુંડુ રામુએ ચીસ પાડી.

'કોણ છે ?' ધ્રૂજતા અવાજે ગુંડુ બોલ્યો. કોઈ જવાબ મળ્યો નહીં. એકાદ ક્ષણની ચુપકીદી પછી ફરી વાર બિલાડીનો અવાજ સંભળાયો. એ જ વખતે ધ્રૂજતો દીવો ઓલવાઈ ગયો અને બળતી દિવેટની ગંધ ઓરડામાં ફેલાઈ ગઈ. ગુંડુ રામુને ચકમક વાપરતાં આવડતું નહીં એટલે દીવો તો તે પ્રગટાવી શકે એમ હતો નહીં. થોડી વાર પછી ચાંદો વાદળો પાછળથી બહાર આવ્યો. ગુંડુ રામુ દોડ્યો અને જ્યાં સુધી નદીકિનારાની સમાંતરે આવેલા રસ્તા પર પહોંચ્યો નહીં, ત્યાં સુધી તે અટક્યો નહીં. દૂર રહેલા રાજમહેલના પ્રાંગણમાંથી ઊઠતા સંગીતનો ધીમો અવાજ તેને સંભળાતો હતો. તેને હલેસાંનો અવાજ સંભળાયો એટલે તે અટકી

ગયો. આવા રાતના સમયે કોણ હોડીમાં મુસાફરી કરી રહ્યું હશે ? એવું વિચારીને ગુંડુ ઝાડી પાછળ સંતાઈ ગયો અને ધ્યાનથી જોવા લાગ્યો. હોડી નહીં પણ હોડીઓ નદી ઓળંગીને તે જે કાંઠે હતો તે કાંઠા તરફ જ આવી રહી હતી. તે અધ્ધર શ્વાસે જોઈ રહ્યો.

પહેલી હોડી તેનાથી થોડાક હાથ દૂર આવીને ઊભી રહી અને તેમાંથી એક આદમી કૂદ્યો. એના કૂદવાથી પાણીમાં અવાજ થયો અને કોઈએ તેને દબાયેલા સ્વરે અવાજ ન કરવાની સૂચના આપી. એ માણસ કાદવિયા પાણીમાં કાળજીપૂર્વક ચાલ્યો અને તેણે હોડીને કોઈ વૃક્ષ સાથે બાંધી. બીજા આદમીઓ પણ બહાર આવી રહ્યા હતા. ગુંડુ રામુએ વીસ સુધી ગણતરી કરી. એ લોકો કોઈની રાહ જોઈ રહ્યા હોય એમ લાગતું હતું. એક આદમીએ પોતાની કમરે બાંધેલી કોઈ વસ્તુ છોડી. એ વસ્તુ ચંદ્રના પ્રકાશમાં ઝળકી ઊઠી. એ હતી ઉરુમી, ધાતુની પટ્ટીઓમાંથી બનેલી અને કમરે દોરડાની જેમ વીંટાળીને પહેરી શકાય એવી, ચાબુક જેવી તલવાર. ગુંડુ રામુએ આવી તલવાર વિષે માત્ર વાર્તાઓ જ સાંભળી હતી. પેલા માણસે તેને કાળજીપૂર્વક મુઠ્ઠી જેટલા કદમાં ગોળ ગોળ વાળવા માંડી. બીજાઓએ પણ પોતાની ઉરુમીઓ તેને આપી. એ બધી ઉરુમીઓ પણ તેણે એવી જ રીતે વાળીને એ લોકોને પાછી આપી.

સમય વીતવા માંડ્યો અને એ આદમીઓમાં અધીરાઈનાં ચિહ્નો દેખાવા માંડ્યાં. મહેલમાંથી ચોથી વાર ઘંટ વાગતો સંભળાયો. ગુંડુ રામુને પણ હવે ચિંતા થવા માંડી હતી. એ આ આદમીઓ સામેથી પસાર થવાની હિંમત કરવા તૈયાર નહોતો પણ એ મોડો પડવા પણ નહોતો માંગતો. ફરી વાર હલેસાંના અવાજો સંભળાવા માંડ્યા. સામા કાંઠેથી એક બીજી હોડી આ દિશામાં આવી રહી હતી. જ્યારે એ હોડી નજીક આવી ત્યારે આ આદમીઓનો જે આગેવાન હતો, તે ઝડપથી તે હોડીની દિશામાં ગયો.

'નલ, તું મોડો પડ્યો છે,' તેણે કહ્યું.

'નૌસેનાના અધિકારીઓ પાસેથી છટકવું કંઈ સહેલું કામ નથી. અને આટલા બધા ઢોલ લઈને આવવા પણ સહેલું કામ નથી,' નવાગંતુકે કહ્યું.

આગેવાન પોતાના માણસો તરફ ફર્યો અને તેણે એક જણને કહ્યું, 'ઝડપથી, શિવપ્પા.'

ઢોલ એક હાથથી બીજા હાથમાં પસાર કરવામાં આવ્યા. શિવપ્પા નામના એ આદમીએ ઢોલની એક બાજુની દોરી ખોલીને ત્યાં બાંધેલું ચામડું હટાવીને તેમાં ઉરુમી મૂકી અને ઢોલ પાછું હતું તેમ જ બાંધી દીધું. ગુંડુ રામુ આ બધું જોઈ રહ્યો હતો. શિવપ્પાએ બધા ઢોલમાં એમ જ કર્યું. પછી તે જે પોશાકો લાવ્યો હતો તે પહેરીને એ આદમીઓ ઝડપથી કલાકારોના વેશમાં આવી ગયા.

'ઢોલ કોણ સરસ રીતે વગાડી શકે છે ?'

'અમે, ભૂતરાય,' બે આદમીઓએ આગળ આવીને કહ્યું.

'તો હવે શાની રાહ જુવો છો ? આપણે તો મરુત ટેકરીના આદિવાસી કલાકારો છીએ. આપણે મહારાજાના મહેલમાં આજે આનંદ કરવાનો છે.' ભૂતરાયે કહ્યું.

બધા હસ્યા. જે બે જણાએ ઢોલ વગાડવાની જવાબદારી લીધી હતી તેમણે પોતાના હાથ ચલાવવા માંડ્યા અને ઢોલ ઢબૂકવા માંડ્યા. જવાબમાં બીજા લોકોએ પણ ઢોલ વગાડ્યા. શાંત જગ્યાએ આ અવાજ બહુ જ મોટો લાગતો હતો અને એ સાંભળીને વૃક્ષો પર સૂતેલાં પક્ષીઓ ઝબકીને ઊડવા માંડ્યાં. જે જરા પણ ઢોલ વગાડી નહોતા શકતા તેમણે નાચવાનું શરૂ કર્યું. તેમણે રાજમહેલની દિશામાં ચાલવા માંડ્યું. એ લોકો દેખાતા બંધ થયા ત્યાં સુધી નલે રાહ જોઈ અને પછી તે પોતાની હોડીમાં પાછો ફર્યો.

જ્યારે ગુંડુ રામુને ખાત્રી થઈ ગઈ કે આખા રસ્તા પર તે એકલો જ છે ત્યારે તે ઝાડીઓ પાછળથી બહાર આવ્યો અને ધીમે-ધીમે એ આદમીઓ પાછળ જવા માંડ્યો. તેને વિશ્વાસ હતો કે કલાકારનો વેશ ધરીને આવેલા માણસો કોઈ સારા માણસો તો નહોતા જ તેમ છતાં આવા રસ્તા પર એ એકલો નથી એ વાતથી તેને રાહત થતી હતી. એ લોકોથી સલામત અંતર જાળવવા જેટલી કાળજી તેણે દાખવી હતી અને ઢોલના અવાજને કારણે તે લોકોનો પીછો કરવામાં ગુંડુને સરળતા પણ રહેતી હતી.

મહેલમાંથી પાંચમો ઘંટ સંભળાયો અને તેણે ચાલવાની ઝડપ વધારી. ઝાંખી ચાંદનીમાં વૃક્ષોના પડછાયાથી ભયાનક આકારો રચાતા હતા તેમ છતાં તેને એ વાતથી સાંત્વના મળતી હતી કે તેની આગળ બીજા માણસો પણ છે. કોઈ પ્રેત, પિશાચ, યક્ષી, ભૂત, ચુડેલ કે ડાકણ આટલા અવાજમાં તો આવવાનું જ નથી. એ બધા તો અંધારું અને શાંતિમાં વિચરતા જીવો હતા. તેને મનોમન એમ થતું હતું કે આ રાત ઝડપથી પૂરી થાય તો સારું. તેને એમ પણ વિચાર આવ્યો કે જ્યાં અજવાળું અને શણગાર કરવામાં આવ્યો છે, ઉજવણી થઈ રહી છે અને હજારો લોકો ફરી રહ્યા છે તે રાજમાર્ગ પર તે અત્યારે ચાલતો હોત તો કેવું સારું હોત ! રમકડાં જોવા મળત, જાતભાતનું ફરસાણ ખાવા મળત. ના, એની પાસે પૈસા નહોતા એટલે એ કંઈ ખરીદી ન શક્યો હોત પણ સારું ખાવાના વિચારો કરવાથી પણ મજા પડી જાત. જ્યારે તેના પિતા જીવતા હતા ત્યારે એ બહારગામથી આવતા એ દરેક સમયે તેના માટે સ્વાદિષ્ટ લાડુ લેતા આવતા હતા. પોતાના પિતાની યાદ આવતાં તેની આંખમાંથી આંસુ સરી પડ્યાં. તે પોતાના વિચારોમાં એટલો મગ્ન હતો કે તેને એટલો પણ ખ્યાલ ન રહ્યો કે ઢોલ વાગવા બંધ થઈ ગયા છે અને તે લગભગ ફસાઈ જ જવાનો હતો.

છેલ્લી ઘડીએ તેણે જોયું કે બે સંત્રીઓએ ઢોલીઓને અટકાવ્યા છે અને તે દોડીને એક વૃક્ષ પાછળ સંતાઈ ગયો. તેને આ જગ્યાએ સંત્રીઓ જોવા મળશે તેવી આશા નહોતી. તેણે જોયું કે રૂપિયાનો હાથબદલો થયો અને સંત્રીઓએ ઢોલીઓને આગળ વધવા દીધા. એ લોકો તો આદિવાસી હતા અને આ રસ્તાનો ઉપયોગ કરી શકે તેમ હતા. પણ તેની પાસે રાતના આ સમયે આ રસ્તે આવવાનું કોઈ જ બહાનું નહોતું. શિવગામીએ જ્યાં કહ્યું હતું એ જગ્યાએ એ કઈ રીતે પહોંચશે ?

એ છોકરો પોતાનું માથું ખંજવાળવા માંડ્યો અને મગજ કસવા માંડ્યો. સંત્રીઓનું ધ્યાન ન હોય, ત્યારે સરકી જવું એવો વિચાર તેને આવ્યો. પછી તેને એવો પણ વિચાર આવ્યો કે નદીમાં કૂદીને તરતાં તરતાં જ સંત્રીઓથી આગળ નીકળી જવું પણ પછીથી તેને યાદ આવ્યું કે તેને તો તરતાં જ નથી આવડતું. તેણે જવું તો પડશે જ. તેણે પ્રયત્ન તો કરવો જ પડશે. તે ઝાડીઓમાં જ આગળ વધ્યો અને સંત્રીઓની પાસે પહોંચ્યો. તે ઝાડીઓની બહાર આવવા જતો જ હતો કે તેને કોઈ રથ આવી રહ્યાનો અવાજ સંભળાયો.

ગુંડુ રામુ ફરી વાર ઝાડીમાં છુપાઈ ગયો અને બહાર શું થઈ રહ્યું છે તે જોવા માંડ્યો. એક રથ ભયાનક ઝડપે રાજમહેલ તરફ આગળ વધી રહ્યો હતો. રથ નજીક આવ્યો ત્યારે તેણે સારથિની જગ્યાએ બેઠેલા બે માણસો જોયા. સંત્રીઓ રસ્તાની વચ્ચે ઊભા રહી ગયા અને ભાલા વડે તેમણે રસ્તો રોકી રાખ્યો. રથ ધીમો પડ્યો નહીં. ગુંડુ રામુને વિશ્વાસ હતો કે રથ એ બંને સંત્રીઓને ચગદી નાખશે એટલે તેણે ભયથી આંખો બંધ કરી નાખી. પછી તેને ઘોડાઓની હણહણાટી સંભળાઈ અને પૈડાંનો ચિચૂડાટ સંભળાયો અને રથ સંત્રીઓથી એકાદ જ આંગળ આગળ આવીને ઊભો રહ્યો. ધૂળના ગોટા ઊડ્યા.

‘ઊભા રહો !’ એક સંત્રીએ બૂમ પાડી.

'શું કોઈ ઉમરાવ રાજમહેલ પણ ન જઈ શકે ?' રથમાંથી અવાજ સંભળાયો અને એક વામનનું માથું બહાર દેખાયું.

'ઉમરાવોએ તો રાજમાર્ગ પર જવું જોઈએ. આ રસ્તો તો ગુલામો અને અછૂતો માટે છે. એમના પર આજે પ્રતિબંધ છે, સ્વામી,' સંત્રીએ કહ્યું.

'ઓહ, મારા રંગા અને ઠુંગાને અડવું તો કોઈને ગમશે નહીં,' વામન ખડખડાટ હસ્યો. 'એ લોકો અછૂત અને ગુલામ જ છ.'

'સ્વામી, કૃપા કરો. અમે તો માત્ર અમારી ફરજ જ બજાવી રહ્યા છીએ,' સંત્રીએ કહ્યું.

'રંગા અને ઠુંગા, આ અધિકારીઓને બતાવી આપો કે તમને સ્પર્શ કરવો કેટલો ભયાનક છે,' વામને કહ્યું.

રથમાંથી બે કદાવર માણસો ઊતર્યા. સંત્રીઓએ પોતાના ભાલા પકડી રાખ્યા પણ એ લોકો ભાલા ચલાવી શકે એ પહેલાં તો બંને ફર્યા, કૂધા અને ઝડપથી એક સાથે તલવાર વીંઝીને તેમણે સંત્રીઓનાં માથાં ધડથી અલગ કરી નાખ્યાં. ગુંડુ રામુના મોઢામાંથી ચીસ નીકળી ગઈ અને પછી તરત જ તેણે પોતાના મોઢા પર હાથ દબાવી દીધો.

'એ શું હતું ?' વામને પૂછ્યું.

રંગા અને ઠુંગાએ ચારેકોર નજર કરવા માંડી. 'કોઈ જંગલી બિલાડી જ હશે,' બેમાંથી એક બોલ્યો.

'ઠીક છે, સમય બગાડવાની જરૂર નથી. પત્તરાયે આ વખતે કેવી મૂર્ખામીનું આયોજન કર્યું છે એ મને નથી ખબર પણ તેને એમ કહેવાની તક ન મળવી જોઈએ કે તેનું આયોજન આપણા કારણે નિષ્ફળ ગયું છે. ઝડપ કરો.'

રંગા અને ઠુંગાએ સંત્રીઓનાં માથાં લાત મારીને પાણીમાં નાખી દીધાં અને અને રથ તરફ ચાલવા માંડ્યા.

'એમનાં મડદાં નાખવા માટે તમારો બાપ આવશે, રંડીપુતરો ?' વામને કહ્યું અને ઉમેર્યું, 'મૂર્ખાઓ.' પછી તે રસ્તા પર થૂંક્યો. બંને જણા એક પછી એક મડદાને ઊંચકીને નદી સુધી લઈ ગયા અને નદીમાં જ તેને ફેંકતા આવ્યા.

'હવે એમનું બારમું કરીને આવશો, હરામજાદાઓ ? ઝડપ કરો,' વામને કહ્યું. બંને જણા કૂદીને રથમાં સવાર થઈ ગયા અને રથ ઝડપથી આગળ વધી ગયો.

પછી ગુંડુ રામુએ પ્રાણીની જેમ ચીસ પાડી. ભયના માર્યા તેણે પોતાની ધોતી જ પલાળી નાખી હતી. એ ડૂસકાં ભરીને રડવા માંડ્યો. હવે આ ભેંકાર થઈ ગયેલા રસ્તા પર તેણે એકલાએ જ ચાલવાનું હતું. દૂર ગૌરી પર્વત દેખાતો હતો. જ્યાં પેલા ઢોલીઓ અને રથ ગયા હતા, તે દિશામાં તે જોઈ રહ્યો. ભયથી તેણે ગળા હેઠળ થૂંક ઉતાર્યું. હવે એક પણ દિશામાં જવાનો વિકલ્પ નહોતો. તેણે પોતાની આંગળીને બટકું ભરીને પોતાનાં ડૂસકાં પર નિયંત્રણ મેળવવાનો પ્રયત્ન કર્યો. રસ્તાની વચ્ચોવચ્ચ તે ઘૂંટણભેર બેસી ગયો અને ચાંદનીમાં ચળકતું લોહી જોઈ રહ્યો. પછી ચીસ પાડીને તે થોડાંક ડગલાં દોડ્યો. ફરી વાર તે નીચે બેઠો અને રડ્યો. તેનામાં નિઃસહાયતાની ભાવના ઊભરાઈ આવી. દસ વર્ષની ઉંમરે પણ તે બહુ જ ડરપોક હતો. સારો પણ નકામો, જાડિયો, બીકણ છોકરો , એવા અવાજો તેની અંદરથી તેને સંભળાવા માંડ્યા.

પછી તેને યાદ આવ્યું કે તેણે શિવગામીને વચન આપ્યું હતું. એ પોતાની અક્કાને નિરાશ કરી શકે એમ નહોતો. એ ભલે ડરપોક હશે પણ તે કદી પણ વચન તોડતો નહોતો. જો કોઈને

વચન આપ્યું હોય, તો આપણા પ્રાણના ભોગે પણ એ વચન નિભાવવું જોઈએ , એવા તેના પિતાના શબ્દો તેને યાદ આવ્યા. તે ઊભો થયો અને પોતાના ભરાવદાર ચહેરા પરથી તેણે અવળા હાથે આંસુ લૂછ્યાં. અર્જુન, ફાલ્ગુન, પાર્થ એમ તે પ્રાચીન યોદ્ધા અર્જુનના દસ અલગ અલગ નામ રટવા માંડ્યો. ભય ભગાડવા માટે આ મંત્ર તેના પિતાએ જ તેને શીખવાડ્યો હતો. તેણે સતત એ મંત્ર રટવાનું ચાલુ રાખ્યું અને ચાલતો રહ્યો પણ તેનામાંથી ભય તો દૂર થતો જ નહોતો. કેવો ડરપોક, કેવો મૂર્ખ છું, પણ હું મારું વચન અવશ્ય પાળીશ , એમ તેણે મનોમન નિર્ધાર કર્યો અને ફરી વાર મંત્ર રટતો રટતો, ધ્રૂજતા પગે તે ઉજ્જડ રસ્તા પર પોતાના મેદસ્વી શરીરને આગળ ધપાવવા માંડ્યો.

૩૭

શિવગામી

શિવગામી ટોળામાં બેઠાં બેઠાં દૂરથી કલાકારોનાં નૃત્યો જોઈ રહી હતી. હજારો લોકોની જેમ તે અને કામાક્ષી રાજમહેલના પ્રાંગણમાં ઘાસ પર બેઠાં હતાં અને કામાક્ષીનો ગભરાટ શિવગામી જોઈ શકતી હતી. શાસ્ત્રીય નૃત્યો અને ગીતો પૂરાં થઈ ગયાં હતાં અને હવે લોકગીતો અને લોકનૃત્યોનો કાર્યક્રમ શરૂ થવાનો હતો.

પુલવર અને કુરુમા લોકો અંદર આવ્યા. એ લોકો વાર્તાકારો હતા. કુરુમા લોકો પ્રાચીન વાર્તાઓ કહેતા. પાલનટીના મહાયુદ્ધ પર એક નાટક ભજવવાનું હતું અને કોમેલુ ગાયકો કટ્ટામરજુ કથાલુ પણ રજૂ કરવાના હતા. શિવગામી પોતાની બેઠક પરથી થોડીક ખસી અને તેણે રેવમ્મા તરફ નજર નાખી લીધી. રેવમ્મા આનંદપૂર્વક કાર્યક્રમો માણી રહી હતી. તે નશામાં હોય એમ પણ લાગતું હતું. શિવગામીએ મનોમન વિચાર્યું કે જો એ ખરેખર નશામાં હોય તો સારું કારણ કે તે પોતે ક્યાંય જશે તો રેવમ્માને જલદી ખ્યાલ આવશે નહીં.

પછી કઠપૂતળીનો ખેલ હતો. રામાયણનાં પાત્રો તરીકે ચામડામાંથી બનાવેલી કઠપૂતળીઓ સજીવન થઈ ઊઠી. લંકા સળગાવતા હનુમાનને જોઈને લોકો ખડખડાટ હસી પડ્યા. પછી દસ માથાળા ભવ્ય અને બિહામણા રાવણને જોઈને આગળ બેઠેલાં બાળકો ભયભીત પણ થઈ ઊઠ્યાં.

પછી આવ્યા હાસ્ય ગેયુ કલાકારો જેમણે રમૂજી ગીતો ગાયાં, કેટલાંક બીભત્સ પણ હતાં અને કેટલાંક ઊંડાણવાળાં પણ ખરાં. શિવગામીએ નોંધ્યું કે તેની મિત્ર બહુ આતુરતાપૂર્વક ટોળામાં બેઠેલા લોકોના ચહેરા ફંફોસી રહી હતી. જ્યારે કામાક્ષીને ખ્યાલ આવ્યો કે શિવગામી તેને જોઈ રહી છે, ત્યારે તેણે 'આ ગીત કેટલું ઊંડુ છે' એવી ટિપ્પણી પણ કરી. શિવગામીના મનમાં એક વાત તો સ્પષ્ટ થઈ ગઈ કે કામાક્ષી પોતાનો ડર છુપાવવાનો પ્રયત્ન કરી રહી છે. 'તને શું તકલીફ છે ?' નજર આગળની દિશામાં જ રાખીને તેણે પૂછ્યું. 'એને મળવામાં તને આટલો ભય કેમ લાગી રહ્યો છે ?'

'હું ડરી ગઈ છું,' એકાદ ક્ષણની ચુપકીદી પછી કામાક્ષીએ કહ્યું. ગાયકનો અવાજ વધારે મોટો થયો એટલે તેમને વાત કરવામાં તકલીફ પડતી હતી.

'અરે, તું જરા પણ ચિંતા ન કરીશ. બધા લોકો આ કલાકારોની કલામાં જ ડૂબેલા છે. તમારી બંનેની કોઈ નોંધ પણ લેશે નહીં, જો એ કિલ્લામાં પ્રવેશી શક્યો તો.'

'વાત ખાલી એટલી જ નથી—' કામાક્ષીને ખચકાટ થયો.

શિવગામી તેની દિશામાં ફરી. કામાક્ષીએ કહ્યું, 'એ...એ લોકો કંઈક બીજું પણ કરવાના છે. મને એનો ભય છે.'

એ જ સમયે મંચ પર વીજળીની જેમ ઢોલ ઢબૂકવા માંડ્યા અને સાથે-સાથે શિંગાઓ પણ ફૂંકાવા માંડ્યાં. શિવગામી પોતાની સહેલીના શબ્દો પર ઊંડો વિચાર કરવા માંડી. એટલે,

આજે રાત્રે રાજા પર હુમલો થવાનો છે. શિવપ્પા એટલે જ આવી રહ્યો છે. તેણે આસપાસ નજર ફેરવીને રાજાની સુરક્ષામાં ગોઠવાયેલા ચોકીદારો અને સૈનિકોની સંખ્યા જોઈ લીધી. વૈતાલિકો મહારાજા સુધી કોઇ રીતે પહોંચી શકે એમ લાગતું નહોતું. અને એ લોકો પોતાનાં હથિયારો કઈ રીતે અંદર લાવશે ? મહાપ્રધાને પોતે જ એવી વ્યવસ્થા ગોઠવી હતી કે અંદર પ્રવેશ કરનાર દરેક જણની સઘન તપાસ થાય. તેને પોતાને તો આવો હુમલો થાય એ બહુ જ ગમે તેવી વાત હતી પણ એવી કોઈ શક્યતા નહોતી એમ તે જોઈ શકતી હતી. ઉપરાંત, મહારાજાને તો તે પોતે જ મારવા માંગતી હતી. એટલે જો કોઈ બીજું મહારાજાને મારી નાખે તો તેને તો નિરાશા જ થવાની હતી.

‘એ લોકો અંદર પણ પ્રવેશી શકશે નહીં. એ લોકોને તો દરવાજે જ અટકાવી દેવામાં આવશે, કામાક્ષી. થોડી વાર અહીંયાં જ રાહ જો. હું મહાપ્રધાન સ્કંદદાસના ભવનમાંથી મારું પુસ્તક મેળવી આવું, દીવાલની પેલે પાર ગુંડુ રામુ સુધી ફેંકી આવું અને તને ખ્યાલ આવે એ પહેલાં તો હું પાછી પણ આવી જઈશ. પછી આપણે બહાર જઈશું અને તું એને બહાર મળી શકીશ,’ શિવગામીએ કહ્યું.

કામાક્ષીએ માથું હલાવ્યું પણ તેને હજુ પૂરો વિશ્વાસ નહોતો બેઠો. ‘મને તો તારા માટે પણ ડર લાગે છે, શિવગામી.’ કહીને તેણે શિવગામીનો હાથ પકડી લીધો, ‘હું તારી જોડે આવું ?’

શિવગામી કામાક્ષીને પોતાની સાથે લઈ જવા માંગતી નહોતી. એ માત્ર નડતરરૂપ જ બની રહે તેમ હતી. એટલે તે હસી, ‘જો આપણે બીજે ક્યાંક હોઈએ એ દરમિયાન શિવપ્પા અંદર આવી ગયો તો ? તું અહીંયાં જ રહે, કામાક્ષી. હું તો આ ગઈ ને આ આવી.’

‘તું અત્યારે જ જાય છે ?’ કામાક્ષીએ ગભરાટપૂર્વક કહ્યું.

શિવગામીએ માથું હલાવીને ના પાડી. તેણે અંદર સરકી જવા માટે યોગ્ય ક્ષણ પારખવાની હતી. તે અધીરાઈથી મંચ પર ચાલી રહેલો કાર્યક્રમ જોઈ રહી હતી.

એક ઘરડો હાસ્ય ગેયુ અને તેનો પુત્ર નાનકડું ઢોલ વગાડતા વગાડતા મંચ ગજવી રહ્યા હતા. પુત્ર એક પ્રશ્ન પૂછતો અને પિતા તેનો જવાબ આપતો.

નન્ના, નન્ના, સૈનિક કેમ આટલો જાડિયો છે ? આટલો જાડિયો ? આટલો જાડિયો ?
શું એ રોજ ભૂંડ ખાય ?
ના, બેટા, ના. જાણી લે કે એ રોજ કંઈક સારું સારું ખાવાપીવાનું ખાય છે.
નન્ના, નન્ના, નાયક કેમ આટલો જાડિયો છે ? જાડિયો છે ?
જાડિયો છે ? શું એ બકરો ઘીમાં બનાવે છે ?
ના, બેટા, ના. જાણી લે કે એ રોજ કંઈક સારું સારું ખાવા-પીવાનું ખાય છે.
નન્ના, નન્ના, અધિકારી કેમ આટલો મોટો છે ? આટલો મોટો ? આટલો મોટો ? શું એ દેવોનો સોમરસ પીવે છે ?
ના, બેટા, ના. જાણી લે કે એ રોજ કંઈક સારું સારું ખાવાપીવાનું ખાય છે.
નન્ના, નન્ના, આ કાર્યકર્તા કેમ આટલો ધનવાન છે ? આટલો ધનવાન ? આટલો ધનવાન ? શું એ મધમાં બોળીને મીઠાઈઓ ખાય છે?
ના, બેટા, ના. જાણી લે કે એ રોજ કંઈક સારું સારું ખાવાપીવાનું ખાય છે.
નન્ના, નન્ના, ભૂમિપતિ કેમ આટલો મજબૂત છે ? આટલો મજબૂત ? આટલો મજબૂત

? શું એ રોજ સોનું ખાય છે ?
ના, બેટા, ના. જાણી લે કે એ રોજ કંઈક સારું સારું ખાવાપીવાનું ખાય છે.
ઓહ, નન્ના, નન્ના, પ્રધાન કેમ આટલો ચતુર છે ? આટલો ચતુર ? આટલો ચતુર ?
અને મહારાજા કેમ આટલા મહાન છે ? આટલા મહાન ? આટલા મહાન ? શું એ
પણ કંઈ વિશેષ ખાવાનું ખાય છે ?

આટલું સાંભળતા જ બધા એકદમ ચૂપ થઈ ગયા. બધાએ માહિષ્મતીના મહારાજા સામે નજર કરી. રાણીની ભમરો ઊંચી થઈ ગઈ અને ધિક્કારસૂચક સ્મિત સાથે તેણે મહારાજા સામે જોયું. તે આંખોથી મહારાજાને સૂચવી રહી હતી કે આવા અપમાનજનક ગીત બદલ એ ગાયકને ભયાનક સજા થવી જોઈએ, પણ પોતાના પતિની શું પ્રતિક્રિયા આવશે એનો તેને વિશ્વાસ નહોતો. તેના પિતાએ તો આવી વિવેચના કરનાર ગમે તે હોય, તેનું માથું ધડથી અલગ જ કરાવી દીધું હોત. પણ તેનો પતિ અકલ્પનીય હતો જેથી તેને વધારે ગુસ્સો ચડતો હતો. એ મહારાજા સામે ધ્યાનપૂર્વક જોઈ રહી. પોતાના પિતાની સમીપ બેઠેલો રાજકુમાર મહાદેવ રસથી ગાયકો તરફ જોઈ રહ્યો હતો. રાજપરિવારની પાછળ નિવૃત્ત મહાપ્રધાન પરમેશ્વર બેઠા હતા. રાજા ગાયક પિતા-પુત્રને તાકી રહ્યો અને તે બંને ગભરાઈ ગયા. મહારાજાએ ગુસ્સો કરીને તેમને ગીત આગળ વધારવાનું કહ્યું.

ત્યાં ભેગા થયેલા બધા જ લોકો વૃદ્ધ ગાયક બાપના જવાબની રાહ જોઈ રહ્યા હતા. ડોસાનો અવાજ એકદમ નબળો હતો. તે કંઈક બોલ્યો ખરો પણ પોતાના ઢોલના અવાજમાં તેણે પોતાનો જવાબ છુપાવી દીધો. પછી વંદન કરીને તે મંચ પરથી ઊતરવા ગયો પણ મહારાજાએ તેને ઇશારો કરીને ઢોલ નીચે મૂકવા કહ્યું. ધ્રૂજતા હાથે ઘરડા ગાયકે એ હુકમનું પાલન કર્યું. તેનો પુત્ર પણ પરસેવે રેબઝેબ થઈ રહ્યો હતો.

'ચોખ્ખું સંભળાય એ રીતે ગા,' મહારાજાએ કહ્યું.

ડોસાએ થૂંક ગળા હેઠળ ઉતાર્યું અને પોતાના પગના અંગૂઠાને જોતો ઊભો રહ્યો. અચાનક ટોળામાંથી અવાજ આવ્યો, 'કારણ કે મહારાજા પણ એવું જ સારું સારું ખાવાનું ખાય છે જેમ બધા અધિકારીઓ ખાય છે.'

મહારાજા સોમદેવ ગુસ્સામાં ઊભા થયા.

પુત્ર હળવેથી ગાતો હતો, 'નન્ના, નન્ના, તમે જે આ સારું સારું ખાવાની વાત કરો છો એ છે શું ? બધા અધિકારીઓ શું સારું સારું ખાય છે ?'

ચારેકોરથી સૈનિકો તેમની ધરપકડ કરવા ધસી આવ્યા. ડોસાએ તો પગના અંગૂઠા સામે જોઈને ગાવાનું ચાલુ જ રાખ્યું, 'બેટા, બેટા, સારું સારું ખાવાનું એટલે ખેડૂતનું લોહી, વણકરનો પરસેવો, કારીગરનું માંસ, કવિના શબ્દો અને વેપારીનો વેપાર. આપણને બધાને ખાઈને એ બધા જાડા, મજબૂત, ધનવાન, ચતુર અને ઉમદા થાય છે.'

પછીની થોડીક ક્ષણો માત્ર લોકોના પગ આમ-તેમ હલવાનો અવાજ જ સંભળાતો હતો. એક માએ પોતાના બાળકને સંભાળવાનો બહુ પ્રયત્ન કર્યો પણ તે રડવા માંડ્યું. શિવગામી અધ્ધર શ્વાસે ઊભી થઈ અને તેણે કામાક્ષીને પણ પોતાની સાથે ઊભી કરી.

અચાનક મહારાજા ખડખડાટ હસવા માંડ્યા અને ત્યાં હાજર બધાને આઘાત લાગ્યો. 'ગાંડો માણસ ડાહી વાતો કરે છે,' મહારાજા સોમદેવે કહ્યું અને પિતા-પુત્રની ધરપકડ કરવા દોડી રહેલા સૈનિકોના પગ અટકી ગયા.

મહારાજા સોમદેવે પોતાના સાથળ પર હાથ પછાડ્યો અને ફરી વાર ખડખડાટ હસ્યા. થોડી જ વારમાં, એમને જોઈને બધા જ હસવા માંડ્યા. થોડાક લોકોએ તો હાસ્ય ગેયુની પંક્તિઓ દોહરાવી પણ ખરી અને લોકોએ તેમની પર સિક્કા વરસાવવા શરૂ કર્યા. મહારાજાએ તે બંનેને પોતાની પાસે બોલાવ્યા અને એ બંને આવીને મહારાજાને નમ્યા. મહારાજાએ પોતાનો હીરાજડિત હાર ગળામાંથી ખેંચીને ઘરડા ગાયકની ફેલાયેલી હથેળીઓમાં મૂક્યો.

'હિંમતપૂર્વક ગાવ. નિર્ભય બનીને ગાવ,' મહારાજાએ કહ્યું અને પિતા-પુત્ર વારંવાર નમી-નમીને વંદન કરતા રહ્યા. વાતાવરણમાં 'મહારાજા સોમદેવની જય'નો નાદ ગુંજવા માંડ્યો. શિવગામીએ જોયું કે પિતા-પુત્ર પોતાની પીઠ બતાવ્યા વગર મહારાજા પાસેથી દૂર ખસ્યા. શિવગામીએ નોંધ્યું કે મહારાજાએ કેવી ચતુરાઈથી પોતાની વિવેચનાને ટુચકામાં ફેરવી નાખી. શત્રુ બહુ જ જોરવર છે, એ શિવગામી જોઈ શકતી હતી. આવા ધીટ શાસક સામે બદલો લેવો સરળ કામ નહીં હોય. એ ટોળાને તો ખવડાવી-પીવડાવીને પોતાના વશમાં રાખી શકે એમ હતો.

ઢોલના કાન ફાડી નાખે એવા અવાજ સાથે કુલ પુરાણ કથાકારોનું આગમન થયું. તેઓ માહિષ્મતી વંશની મહાનતાનાં ગીત ગાતા. કઈ રીતે અમ્મા ગૌરીએ તેમને ગૌરી પર્વત આપ્યો, એ વિષે ગાતા. કઈ રીતે મહારાજા સોમદેવના મહાન પૂર્વજોએ ત્રણસો વર્ષ પહેલાં કાદરીમંડલમ્નું માંડલિક પદ ફગાવી દીધું અને કઈ રીતે મહારાજા સોમદેવના દાદા પરમભત્તરે નિશાદાસો પર વિજય મેળવ્યો, કઈ રીતે મહારાજા સોમદેવે કુંતલા રાજ્યને પોતાનું માંડલિક બનાવી દીધું અને કલચુરી વંશનો છેદ ઉડાડી દીધો, એવું બધું તે લોકો ગાતા. માહિષ્મતી વંશના પૂર્વજોએ લડેલાં ભવ્ય યુદ્ધો, રાજકુમારોની બહાદુરીના કિસ્સા પણ તેમના ગીતોમાં આવતા. એમની સરખામણી અયોધ્યાના રામ અને પાંડવોમાંના એક અર્જુન સાથે કરવામાં આવતી. ઔદાર્ય માટે તેમની સરખામણી કર્ણ સાથે થતી અને પંડિતાઈ માટે રાવણ સાથે. શિવગામીથી હવે આ બધું સહન થાય તેમ નહોતું. પાંચમી વાર ઘંટ વાગ્યો. હવે મધ્યરાત્રિથી પણ આગળનો સમય થઈ ગયો હતો. આગળ વધવાનો સમય થઈ ગયો હતો.

જ્યારે ગાયકોએ તિર્પુ કથાલુ એટલે કે રાજદરબારમાં કરવામાં આવેલા ન્યાયનાં ગીતો શરૂ કર્યાં ત્યારે શિવગામીએ કામાક્ષીના કાનમાં કહ્યું કે તે જઈ રહી છે. થોડેક દૂર રેવમ્મા તો ઝોકું ખાઈ રહી હતી. કામાક્ષીએ છેલ્લી વાર તેને તેના નિર્ણય પર ફેરવિચાર કરવા સમજાવી જોઈ પણ શિવગામી માને તેમ નહોતી. તેણે પોતાના કાંડા પર સખીની પકડ ધીમે-ધીમે એક એક આંગળી કરીને છોડાવી અને તે ટોળામાં ભળી ગઈ. તેને નીરખી રહેલા રાજકુમાર મહાદેવ પર તેનું ધ્યાન પડ્યું નહીં. રાજકુમાર મહાદેવ આસન પરથી નીચે ઊતરીને તેની પાછળ સરક્યો.

મેદાનથી દૂર જતાં ટોળું ધીમે ધીમે ઓછું થતું જતું હતું. ઝાંખા પ્રકાશમાં રાજમહેલ પરિસરની દક્ષિણમાં આવેલાં કાર્યાલયોનું ઝૂમખું હોય તેના કરતાં પણ દૂર લાગતું હતું. આમતેમ છૂટા-છવાયા સંત્રીઓ ઊભા રહેલા જોવા મળતા હતા અને તે જાણતી હતી કે વહેલા-મોડા એમાંથી કોઈ ને કોઈ તો તેને અટકાવીને રાજમહેલના આ વિસ્તારમાં આવવાનું કારણ અવશ્ય પૂછશે. તેનો જવાબ પણ તેણે તૈયાર જ રાખ્યો હતો. એ અંતઃપુરમાં જઈ રહી હતી. કેટલાક અધિકારીઓને ખુશ કરવા માટે કેકિએ જ તેને મોકલી હતી. એ લોકો આ વાત માની જશે કે કેમ તેનો શિવગામીને વિશ્વાસ નહોતો પણ અત્યારે તેને આનાથી વધારે યોગ્ય કારણ દેખાતું નહોતું.

તેને ભય હતો તેમ જ રાજમહેલના બગીચાના પ્રવેશદ્વાર પર જ બે સંત્રીઓ ઊભા હતા

અને તેના પછી અધિકારીઓનાં કાર્યાલયો શરૂ થતાં હતાં. તે આત્મવિશ્વાસપૂર્વક એવી રીતે ચાલી જાણે આ કામ તેણે આની પહેલાં પણ સો વાર કર્યું હોય. સંત્રીઓએ તેને અટકાવી અને તેણે તેમની સામે મોહક સ્મિત કર્યું.

'તું ક્યાં જઈ રહી છે ?' તેમણે પૂછ્યું.

'કોઈકે મને બોલાવી છે,' તેણે શરમાતાં શરમાતાં કહ્યું. તેણે મનોમન એવી આશા કરી કે આવા ઝાંખા અજવાળામાં સંત્રીઓને તેના ધ્રૂજતા હાથ ન દેખાય તો સારું.

'કોણે ? કોણે બોલાવી છે તને ?' તેમણે પૂછ્યું. જવાબ શોધવા માટે તે પોતાનું દિમાગ કસવા માંડી. તેણે કોનું નામ લેવું જોઈએ ?

'શિવગામી ?'

આટલું જ સાંભળતાં શિવગામીને આઘાત લાગ્યો અને તેણે અવળી ફરીને જોયું તો રાજકુમાર મહાદેવ તેની પાછળ જ ઊભો હતો. સંત્રીઓએ વંદન કર્યાં, 'અમે દિલગીર છીએ, રાજકુમાર. અમને જાણ નહોતી કે આપે બોલાવ્યાં છે,' તેમણે કહ્યું અને ભાલા હટાવીને તેમણે અંદર જવાનો માર્ગ મોકળો કરી દીધો.

હવે મહાદેવ પોતે સંકોચમાં દેખાતો હતો. શિવગામી સંત્રીઓ પાસેથી પસાર થઈને બગીચામાં પ્રવેશી. મહાદેવ પાછળ આવી રહ્યો હતો તેમ તે સાંભળી શકતી હતી. તેણે પોતાના નસીબને ગાળ દીધી. અત્યારે આ પ્રેમમાં પડેલા રાજકુમાર સાથે વાત કરવાની તેની જરા પણ ઇચ્છા નહોતી.

'શિવગામી,' રાજકુમાર મહાદેવ બોલ્યો. તેના અવાજમાં રહેલી ધ્રુજારી પારખીને તે પોતે પણ ધ્રૂજી ઊઠી. રાજકુમાર દોડીને તેની સાથે થઈ ગયો અને પછી તેની આગળ આવીને ઊભો રહ્યો. તેના વાળ પર ચાંદની વરસી રહી હતી અને તે કોઈ ગંધર્વ જેવો સુંદર લાગી રહ્યો હતો. પવનની લહેરખી સાથે પારિજાતની સુવાસ આવી રહી હતી. તે હવે જીવ પર આવી ગઈ હતી. હવે શું થવાનું છે તેનું અનુમાન તે લગાવી શકતી હતી અને એ દરમિયાન બિચારો ગુંડુ રામુ બહાર રાહ જોતો રહેશે. રાજકુમાર કંઈક બબડી રહ્યો હતો પણ શિવગામીએ એમાંથી કશું સાંભળ્યું નહોતું. તેનું મગજ તો પેલું પુસ્તક પાછું મેળવવા પર જ અટકેલું હતું. રાજકુમારે તેનો હાથ પકડી લીધો અને તેની આંખોમાં આંખો પરોવીને જોવા લાગ્યો. શિવગામીએ હાથ છોડાવવાનો પ્રયત્ન કર્યો પણ રાજકુમારની પકડ મજબૂત હતી.

'કૃપા કર, કૃપા કર, શિવગામી... હું... હું...' રાજકુમાર મહાદેવે ગળા હેઠળ થૂંક ઉતાર્યું. 'તું મારી સાથે લગ્ન કરીશ ?' છેવટે તેણે હિંમત કરીને પૂછી જ લીધું. એક ક્ષણ માટે તો શિવગામીએ પોતે જે સાંભળ્યું તેની પર વિશ્વાસ જ બેઠો નહીં. પછી આ પરિસ્થિતિ ઊભી કરેલી વક્રતા તેને સમજાઈ. તે અહીંયાં આવી હતી પોતાના પિતાની હત્યાનો બદલો લેવા માટે અને એ હત્યારાનો જ પુત્ર તેને પરણવા માંગતો હતો. તે એમ વિચારે છે કે મારે એ રાજપરિવારની પુત્રવધૂ બનવું છે જેનું અસ્તિત્વ ભૂંસી નાખવાની મેં પ્રતિજ્ઞા લીધી છે. તે હસવા માંડી. તેને ખ્યાલ હતો કે તે રાજકુમારની લાગણીઓને ઠેસ પહોંચાડી રહી છે.

'શિવગામી, કૃપા કરીને...' તેણે આજીજી કરી.

પણ એ તો થોડું વધારે હસી. રાજકુમારે તેનો હાથ છોડી દીધો. એક પણ શબ્દ બોલ્યા વિના તે અવળો ફર્યો અને માર ખાધેલા કૂતરાની જેમ એ જતો રહ્યો. શિવગામી તેને દયા અને ધિક્કારની મિશ્ર લાગણી સાથે જોતી રહી. આવા મૂર્ખાઓ માટે તે સમય વેડફવા માંગતી નહોતી. એક દિવસ હું તને અને તારા આખા પરિવારને મારી નાખીશ , તે બબડી. પછી તે

સ્કંદદાસના ભવન તરફ ચાલી. સ્કંદદાસે હજુ પોતાના જૂના ભવનમાં જ રહેવાનું રાખ્યું હતું તે શિવગામીનાં સદ્નસીબ. પોતાની છેલ્લી મુલાકાત વખતે તેણે પાછલી બારીનો એક આગળિયો કાઢી નાખ્યો હતો. એ જગ્યાએથી જ અંદર જવાનું તેનું આયોજન હતું. આશ્ચર્યની વાત તો એ હતી કે એ ભવનની આસપાસમાં કોઈ સંત્રી નહોતા. તે ભવન ફરતે થઈને પાછળના ભાગમાં ગઈ. હજુ બારીનો આગળિયો લગાવવામાં આવ્યો નહોતો. તેણે બારીનો દરવાજો ખેંચીને ખોલી કાઢ્યો અને અંદર ઘૂસી. હવે તેણે પેલું પુસ્તક શોધીને ભાગવાનું જ બાકી હતું. તેણે વિચાર્યું હતું તેનાથી આ કામ સરળ હતું. તેણે સ્કંદદાસના મેજનું એ ખાનું તપાસવા માંડ્યું જેમાં તેણે તેને છેલ્લે એ પુસ્તક મૂકતા જોયો હતો.

પછી તે થીજી ગઈ. બહાર શેનો અવાજ થઈ રહ્યો હતો ?

૩૮

એલી

જ્યારે પાણીની એક ડોલ એલીના ચહેરા પર ઢોળવામાં આવી ત્યારે તે ભાનમાં આવી. તેના પગમાંથી પીડાનો સણકો ઊઠ્યો અને તેણે જોરથી ચીસ પાડી.

'કૂતરી જાગી ગઈ છે,' કોઈક બોલ્યું હોય એમ તેને સંભળાયું. પોતે ક્યાં, કઈ પરિસ્થિતિમાં છે, તે યાદ આવતાં તેને એકાદ ક્ષણ લાગી. એ ક્યાં હતી ? તેના મગજમાં પાછળ દોડી રહેલ કૂતરાના ઝુંડની તસવીર ઝબકી ગઈ. તેના ચહેરા પર ફરી વાર ડોલ ભરીને પાણી ઢોળાયું અને એ પાણી તેના શરીરના વિવિધ ઘાવને સ્પર્શવા માંડ્યું.

'એ લોકા ભૂમિપતિ ગુહાને બોલાવવા જ ગયા છે,' બીજું કોઈક બોલ્યું. 'હમણાં જ આવવા જોઈએ.'

અચાનક જ તેને બધું યાદ આવી ગયું. તેણે ભાગી છૂટવાનો પ્રયત્ન કર્યો પણ તેને બંધાયેલા દોરડાંઓને કારણે એ ખેંચાઈને પાછી પડી. પછી તેને ખ્યાલ આવ્યો કે તેને કોઈ થાંભલા સાથે બાંધવામાં આવી હતી. તેણે આસપાસ નજર ફેરવીને બધું ચકાસી જોયું. કોઈ ખરબચડા હાથે તેની હડપચી ફેરવી અને તેનો ચહેરો ફેરવ્યો. તેની તરફ કામી નજરે જોઈ રહેલા માણસ સામે તેણે જોયું.

'તું આકાશમાંથી ટપકી ?' તેણે પૂછ્યું. તેના સાથીઓમાંથી કેટલાકે ખિખિયાટા કર્યા. એલીએ કોઈ જવાબ આપ્યો નહીં. તે આ પરિસ્થિતિનો તાગ મેળવવા મથી રહી હતી. ફરી વાર તેના શરીરમાંથી પીડાનો સણકો ઊઠ્યો અને તેણે પોતાના દાંત ભીંસ્યા.

એ માણસ તેના સ્તન સાથે રમવા માંડ્યો અને તે કશું જ કરી શકે એમ નહોતી, કારણ કે તેના હાથ થાંભલા સાથે બંધાયેલા હતા. 'હું તારા ભૂમિપતિની સ્ત્રી છું. જો હજી પણ તારે મારી પર હાથ ચલાવવા હોય—' કહીને તે પોતાના ચહેરા પર વિખરાયેલી વાળની લટો વચ્ચેથી તેની સામે હસી. પેલા માણસે એવી રીતે હાથ ખેંચી લીધો જાણે તે આગને સ્પર્શ્યો હોય.

'મને છોડી દે નહીંતર તને બહુ જ પસ્તાવો થશે. પોતાની માશૂકા સાથે આવું વર્તન થયેલું જોઈને મારો આદમી ખુશ નહીં થાય,' એલીએ પોતાનું નસીબ અજમાવતાં કહ્યું.

'હા, આ ટાપુ પર જેટલા કાગડા નથી એટલી રખાતો અમારા ભૂમિપતિ પાસે છે. એમની ઇચ્છા થશે તો એ તને છોડી દેશે. એમાં કેતકાએ પડવાની કંઈ જરૂર નથી. પણ એ આવે ત્યાં સુધી તો તું બંધાયેલી જ રહીશ, કૂતરી,' કેતકાએ કહ્યું. દૂર ખસીને તેણે પોતાના માણસોને પોતાનું કામ શરૂ કરવાનું કહ્યું.

એલીએ એ જગ્યાનું નિરીક્ષણ કર્યું. નીચે પડતાં પહેલાં તેણે જે અમ્મા ગૌરીના ભયાનક સ્વરૂપ કાલિની વિશાળ મૂર્તિ જોઈ હતી, તે પાસે જ દેખાતી હતી. તેને એ મૂર્તિની પાસે જ

બાંધવામાં આવી હતી, ઝૂંપડીઓની હારમાળા સામે. કદાચ એ ઝૂંપડીઓમાં જ કેતકા અને અન્ય ગુલામો રહેતા હશે. એ મૂર્તિ બધાથી ઊંચી હતી, લગભગ સાઈઠ હાથ જેટલી ઊંચી અને લાકડાના વિશાળ પૈડાંવાળા એક રથમાં તેને મૂકવામાં આવેલી હતી. મૂર્તિ અને રથની કુલ ઊંચાઈ તો લગભગ સો હાથ જેટલી થતી હશે , એલીએ વિચાર્યું. એ પૂતળાના નીચેના ભાગથી શરૂ કરીને મુગટ સુધી એક વાંકોચૂંકો રસ્તો હતો. હજારેક છોકરાઓ ત્યાં સુધી નાનકડી માલ ભરેલી ગાડીઓ ખેંચી જઈ રહ્યા હતા અને તેમનો નિરીક્ષક તેમને ગાળો આપી રહ્યો હતો અને ચાબુકથી ફટકારી પણ રહ્યો હતો. જાણે કીડીઓ પોતાના દર સુધી ખાવાનું લઈ જઈ રહી હોય એવા દેખાતા હતા એ છોકરાઓ. જ્યારે તેઓ છેક ઉપર સુધી પહોંચતા ત્યારે તેઓ પોતાની ગાડી પેલી મૂર્તિના પોલા માથામાં ઠાલવી દેતા, જેથી બહુ જ ખખડાટ પણ થતો હતો. ઉપર જવાના તેમના રસ્તા પર અસંખ્ય મશાલો પણ સળગતી રાખવામાં આવી હતી.

અદ્ભુત , એલીએ વિચાર્યું. તો આવી રીતે એ લોકો ગૌરીકાંતા નગર સુધી પહોંચાડતા હતા. દરેક મહામકામ વખતે, આદિવાસીઓ દ્વારા બનાવવામાં આવેલી કાલિની મૂર્તિને લોકોના ભારે ઉત્સાહ વચ્ચે કોઈ એક ભૂમિપતિ તરાપામાં લઈ આવતો. હજારો ભકતો એ મૂર્તિના લાકડાના રથને ખેંચીને જયઘોષ સાથે આખા શહેરની ગલીઓમાં ફેરવતા. અમ્મા કાલિ શહેરમાં ફરતા ત્યારે તેમની મૂર્તિ પર લોકો પોતાની નાની-નાની બચતોથી માંડીને સોના-ચાંદીનાં ઘરેણાંનો પણ છુટ્ટા હાથે ચડાવો કરતા. એ કહેવાતી વિખ્યાત ગૌરી જાત્રા. નવ દિવસ સુધી અમ્મા ગૌરીના આગમનને માહિષ્મતી શહેર ઊજવતું અને નવમા દિવસની સાંજે એ મૂર્તિનું નદીમાં વિસર્જન કરવામાં આવતું.

એકવાર મૂર્તિનું નદીમાં વિસર્જન કરી દેવામાં આવે પછી તેમાંથી આ પથ્થરો કાઢવાનો કોઈક રસ્તો તો તેમની પાસે હશે જ. કદાચ નદીના તળિયે કોઈ છૂપો રસ્તો હશે જેમાંથી આ મૂર્તિ લઈ જઈને આ પથ્થરો સલામત રીતે કાઢી શકાય. કદાચ ઓટના કે ભરતીના સમયનો એ લોકો ઉપયોગ કરતા હોય. જો ઓટના સમયનો ઉપયોગ કરતા હોય, તો તેમણે ક્યાંક કાદવમાં ખૂંપેલી મૂર્તિ જ ખેંચવાની રહે. અઘરું હતું પણ અશક્ય નહોતું.

આ વિચાર ગમે તેટલો જુગુપ્સાપ્રેરક હોય પણ એલીને ધીમે ધીમે ખ્યાલ આવી રહ્યો હતો કે આ આખી રમતની જાણ મહારાજને તો હોય જ. કદાચ એ સીધેસીધા આમાં સામેલ ન હોય પણ જો તે ઇચ્છે તો આ અત્યાચારો અવશ્ય અટકાવી શકે તેમ હતા. પણ એ આંખ આડા કાન ધરી રહ્યા હતા. કે પછી એ એટલા નબળા હતા કે ભ્રષ્ટ અધિકારીઓ તેમને સરળતાથી રમાડી શકતા હતા ? જો એમ હોય તો તે શાસન કરવા માટે યોગ્ય નહોતા.

આ આખી યોજનાનો ખ્યાલ આવતાં એલીને ખૂબ જ ગુસ્સો આવ્યો. રાજા સીધી રીતે સંકળાયેલા હોય કે નહીં પણ આ આખી યોજનાનો ખર્ચો તો જનતા પાસેથી જ વસૂલવામાં આવતો હતો. ધર્મ, રાજકારણ અને વેપાર — માહિષ્મતીમાં ત્રણેય વસ્તુઓ એકબીજા સાથે સંળાયેલી હતી. શું આ પહેલાં આખી દુનિયામાં આવો કોઈ દેશ હતો ખરો ? એલી ક્રોધથી ખળભળી રહી હતી. તે હવે કદાચ માત્ર થોડીક જ ક્ષણો જીવવાની હતી. એ દરમિયાન તેણે કશુંક એવું કરવું જોઈએ જેનાથી તેને કાયમ યાદ કરવામાં આવે અને તેની ગુરુ અચિ નાગમ્માને પણ તેનાં પર ગર્વ થાય. એ મૃત્યુ પામે તે પહેલાં આ દુષ્ટ તંત્રને હલબલાવી નાખવું જોઈએ. તેની સમયની મૂડી ઝડપથી ખૂટી રહી હતી.

તેણે આસપાસ નજર ફેરવીને કોઈ આયોજન વિચારવાનો પ્રયત્ન કર્યો. પૂતળું લાકડાના રથ પર ઊભું હતું અને રથ ટેકરીની ટોચ પર ઊભો હતો. સુથારો તેમાં છેલ્લી ઘડીના સુધારા-વધારા કરી રહ્યા હતા. તેણે શું કરવું જોઈએ ? અમ્મા ગૌરી, મને રસ્તો બતાવો , તે રડી પડી.

ત્યાં જ તેની આંખો લાકડાના રથના પૈડાના નીચેના ભાગે સ્થિર થઈ. ઠેસીઓ ! રથ સરકીને નીચે આવી ન જાય માટે તેના પૈડાની નીચે લાકડાની ઠેસીઓ ખોસેલી હતી. તેને મનમાં એમ થયું કે તે મુક્ત હોત તો કેવું સારું થાત. જો તે ઝાડ પરથી નીચે પડીને ઝડપાઈ ગઈ ન હોત તો તે જરૂર કશુંક કરી બતાવત. તેની આંખમાં આંસુ ઊભરાઈ આવ્યાં પણ તેને બહાર ન આવવા દેવા માટે તેણે મન મક્કમ કર્યું. આ ગભરાઈ જવાનો કે રડવાનો સમય નથી પણ વિચારવાનો સમય છે — અચિ નાગમ્માના આ શબ્દો તેને એવી રીતે સંભળાયા જાણે અચિ ત્યાં ઊભાં ઊભાં જ તેની સાથે વાત કરી રહી હોય !

એ પછી એ તેને દેખાયો — કટપ્પા ! ખભા પર મોટું લાકડું લઈને તે બીજા ગુલામોની સાથે કતારમાં ઊભો ઊભો પોતાના વારાની રાહ જોઈ રહ્યો હતો. તેનું મન ખુશીથી ઉછળી પડ્યું. આ માણસ જીવતો છે માત્ર એટલી જાણકારી પણ સારાં શુકન કહેવાય, અમ્મા ગૌરી તેને કંઈ સૂચવી રહી હશે.

'કટપ્પા,' તેણે બોલી ઊઠી. ક્ષણાર્ધ પૂરતું તેને લાગ્યું કે કટપ્પાએ ગરદન ઘુમાવીને તેને જોઈ. પણ કટપ્પાએ કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. ખભા પર ખૂબ ભારે લાકડા સાથે તે ચાલતો રહ્યો. જો તે ખાલી એની સાથે વાત પણ કરી શકે, જો ખાલી...તેણે પોતાનાં ડૂસકાં દબાવવા હોઠ ભીડી રાખવા પડ્યા. તેની છેલ્લી આશા પણ તેનાથી દૂર થઈ રહી હતી. અચાનક જ એલીને થાક લાગ્યો. પરાજયની લાગણી પ્રસરી જવાથી શરીરના બધા જ ઘાવ પણ દુખવા લાગ્યા. કૂતરાના કરડવાથી તેને હડકવા ઊપડશે ? એક ક્ષણ પૂરતો તેને એવો વિચાર આવી ગયો કે જો એમ થાય તો તેનું મૃત્યુ કેટલું ભયાનક બની રહે અને તે ધ્રૂજી ઊઠી. ના, એલી કદી પણ કૂતરાના મોતે મરશે નહીં. તેણે પોતાનું માથું ધુણાવીને ઉપર આકાશ સામે, અમ્મા ગૌરી સામે, નજર કરી. તું તો માત્ર લાકડાનું પૂતળું છે, જેના હૃદયમાં પથ્થર ભર્યા છે , તેણે પોતાની દેવીને કહ્યું.

'દેવી.'

એટલું સાંભળતાં તે આશ્ચર્ય પામી અને ફરી. તેની સામે કટપ્પા ઘૂંટણિયે બેઠો હતો. એક ચોકીદાર થોડાક હાથ દૂર ઊભો ઊભો એ બંનેને જોઈ રહ્યો હતો. તેણે કટપ્પાને ઝડપ કરવા કહ્યું. કટપ્પાના હાથમાં પાણીનો પ્યાલો હતો. તેણે ઊભા થઈને એ પ્યાલો એલીના હોઠ સુધી ધર્યો. એલીએ પાણી પીધું અને આભારવશ નજરે કટપ્પાને જોઈ રહી.

પાણી પૂરું થઈ ગયું હતું છતાં તેણે પાણી પીવાનો અભિનય ચાલુ રાખ્યો. અભિનય કરતાં કરતાં તે ધીરેથી બોલી, 'કટપ્પા, તું મારા માટે કંઈક કરીશ ?'

ગુલામે ભયભીત નજરે ચોકીદાર સમક્ષ જોયું. ચોકીદારે બૂમ પાડી કે આવતા મહામકામ સુધીનો સમય નથી તેમની પાસે.

'સાંભળ, મારી સામે જોઈશ નહીં, માત્ર સાંભળ. પેલા રથના આગળના પૈડા નીચે બે ઠેસીઓ છે. તું એ ઠેસીઓ કાઢી શકીશ ?'

એક ક્ષણ માટે એલીને કોઈ જવાબ સંભળાયો નહીં. 'તું ન કરવા માંગતો હોય તો વાંધો નહીં. કદાચ એ હલશે નહીં અને તું તારો જીવ ગુમાવીશ,' એલી ધીમેથી બોલી અને ફરી વાર તેના આખા શરીરમાં નિઃસહાયતાની લાગણી ઊભરાઈ આવી.

'દેવી,' ગુલામે ધીમેથી કહ્યું. 'તમે તો મારું જીવન બચાવ્યું છે. એટલે હું મરું કે તમે મને મુક્ત કરો ત્યાં સુધી હું તમારો ગુલામ જ છું. મારા જીવનનું કોઈ જ મૂલ્ય નથી. જો એ જ તમારો હુકમ હોય, તો હું એ પણ કરીશ.'

એલીએ ઊંડો શ્વાસ લીધો. શું આ બિચારા ગુલામને એ મોતના મોઢામાં ધકેલી રહી હતી ? એ બધો ન્યાય અમ્મા ગૌરી કરશે, વિચારીને તે ધીમેથી બોલી, 'કરી નાખ.' એ શબ્દો તેના મોઢામાંથી નીકળી ચૂક્યા હતા અને હવે તે પાછા લઈ શકાય એમ નહોતા. ત્યાં જ ગુલામની પીઠ પર ચાબુક વીંઝાયાનો અવાજ તેને સંભળાયો. ચોકીદાર ભયાનક હદે ગુસ્સે હતો કારણ કે કટપ્પાએ વધારે પડતો સમય લીધો હતો. જોકે ગુલામની તો પાંપણો પણ ફરકી નહીં. તે એલી સામે જોઈ રહ્યો અને સસ્મિત પોતાનું માથું હલાવીને હા પાડી. ફરી વાર તેની પીઠ પર ચાબુક વીંઝાઈ. ત્રીજી વાર એ ચાબુક તેની પર વીંઝાય એ પહેલાં કટપ્પાએ ચપળતાથી તેને હવામાં જ પકડી લીધી. તેણે ચાબુક ઝટકો મારીને ખેંચી એટલે ચોકીદારનું સમતુલન ખોરવાઈ ગયું. ચોકીદાર નીચે પટકાયો.

કટપ્પા પૂતળા તરફ દોડ્યો અને એલી અધ્ધર શ્વાસે જોતી રહી. જ્યારે તેની નજર બીજી બાજુ પડી ત્યારે ભયથી તેનું મોઢું ખૂલી ગયું. જીમોતા, અક્કુંડા અને ગુહા દરવાજામાંથી અંદર જ આવી રહ્યા હતા. એ લોકો તેની દિશામાં જ ઝડપથી આવી રહ્યા હતા અને કેતકા તેમને દોરી રહ્યો હતો.

'કટપ્પા, ઝડપથી,' તેણે ઊંચા અવાજે બૂમ પાડી.

કટપ્પાએ એક મિસ્ત્રીના સામાનમાં પડેલી ભારે હથોડી ઉઠાવી અને તે ટેકરી ઉપર દોડ્યો. ચોકીદારો ચીસો પાડી રહ્યા હતા અને બૂમાબૂમ કરી રહ્યા હતા. એલીએ જોયું કે કટપ્પા એકસાથે બે પગથિયાં ચડી રહ્યો હતો. તે હજુ પણ ખોડંગાતો હતો પણ એનાથી કંઈ એની ગતિ ઘટી નહીં. તેણે રથ પાસે પહોંચીને પૈડાની નીચે ખોસાયેલી લાકડીની ઠેસી પર જોરથી પ્રહાર કર્યો અને તેના ભુક્કા કરી નાખ્યા. ચોકીદારો તેની તરફ તીર ચલાવી રહ્યા હતા, ભાલા ફેંકી રહ્યા હતા પણ તે ગુલાંટ ખાઈને બીજી બાજુ જતો રહ્યો અને આંખના પલકારામાં તો ઊભો પણ થઈ ગયો. આગળના બીજા પૈડા નીચે ખોસેલી ઠેસી પર પણ તેણે પ્રહાર કર્યો. એ રથ નીચે ગબડવાનું શરૂ થાય એ દૃશ્ય જોવા એલી શ્વાસ થંભાવીને ઊભી રહી. પણ કંઈ થયું નહીં. તેના ખભા નીચા નમી ગયા. જીમોતા તેની દિશામાં દોડી રહ્યો હતો અને તેના ચહેરા પર છવાયેલો ક્રોધ એલી સ્પષ્ટતઃ જોઈ શકતી હતી.

'હે ભગવાન, હે ભગવાન,' તેણે પ્રાર્થના કરી. રથમાંથી ચિચૂડાટ સંભળાયો અને એ થોડુંક ખસીને ઢાળની ધાર સુધી આવ્યો. ચોકીદારો હવે કટપ્પાની દિશામાં દોડી રહ્યા હતા અને ગુલામ પણ એક ક્ષણ પૂરતો તો નિઃસહાય બનીને ઊભો રહ્યો. પતી ગયું, બધું જ હારી ગયા એ લોકો. એલીએ પોતાના હોઠ દબાવ્યા. તેનું આયોજન નિષ્ફળ નીવડ્યું હતું.

પછી તેણે જોયું કે કટપ્પા પોતાના મજબૂત ખભા રથના પૈડાને અડાડીને રથને ધકેલવાનો પ્રયત્ન કરી રહ્યો હતો. તેના હાથમાં એક તીર જઈ ખૂંપ્યું અને તેમાંથી લોહીની ધાર થવા માંડી પણ એ ગુલામે તો પોતાની બધી જ તાકાત રથના પૈડાને આગળ ધપાવવામાં લગાવી દીધી હતી. હવે લાકડાનો રથ થોડોક હલ્યો હતો અને તેની પર ચડી રહેલા છોકરાઓ અને આદમીઓ ચીસો પાડી રહ્યા હતા. તે બધા નીચે ઊતરવા માટે દોડાદોડી કરી રહ્યા હતા. રથ હવે ધ્રૂજી રહ્યો હતો પણ તે એક આંગળ જેટલો પણ આગળ નહોતો સરક્યો. આટલે દૂરથી પણ એલીને કટપ્પાના હાથની તંગ નસો દેખાતી હતી. ચોકીદારો હવે તેની પાસે પહોંચી ચૂક્યા હતા.

શું તેને ખરેખર કોઈ અવાજ સંભળાયો હતો ? એલીએ આંખ પટપટાવીને ફરી વાર નજર કરી. રથ હવે ઢાળની ધારથી નીચે સરક્યો. પછી જોરદાર અવાજ સાથે સૌ પ્રથમ તો તેની પર ચડવાનો લાકડાનો રસ્તો તૂટ્યો. ઉપરની દિશામાં આવવા દોડી રહેલા ચોકીદારો હતા

ત્યાં જ સ્થિર થઈ ગયા. તેમનાં હથિયારો તેમના હાથમાંથી છૂટી ગયાં અને ખડિંગ કરતા નીચે પટકાયા. રસ્તા પર ગોઠવાયેલી મશાલો નીચે પટકાઈ, થોડી વાર ભભૂકી ઊઠી અને પછી ઓલવાઈ ગઈ. પછી એક ધબાકો સંભળાયો. ઉપર સુધી જવાનો લાકડાનો રસ્તો ભાંગીને ભુક્કા થઈ ગયો અને તેની ફાચરો હવામાં ઊડવા માંડી. પછી એ તોતિંગ રથ નીચેની દિશામાં સરકવા લાગ્યો અને દરેક ક્ષણે તેની ગતિ વધવા માંડી.

રગડતા રથને જોઈને ચોકીદારો બાજુમાં ખસી ગયા પણ અમુક ચોકીદારો એટલા નસીબદાર નહોતા એટલે તેઓ રથ નીચે ચગદાઈ ગયા. રથના માર્ગમાંથી ખસી જવા માટે ચોમેર અફરાતફરી મચી ગઈ. વિનાશની દેવી કાલિ ભયાનક ગતિથી નીચે સરકી રહી હતી. ચોકીદારોએ તેને રોકવાનો ભરચક પ્રયત્ન કર્યો. તેમના હાથમાં જે વસ્તુ આવી તે વસ્તુ તેમણે એ રથના પૈડા નીચે નાખીને તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો. જોકે રથ જરા પણ ધીમો પડ્યો નહીં. તેના પૈડા નીચે આવતી તમામ વસ્તુઓનો ભુક્કો બોલાવતો રથ નીચે સરકતો જ રહ્યો.

એલીએ જોયું કે જીમોતા રથના માર્ગમાંથી ખસી ગયો હતો અને આઘાત પામીને ઊભો હતો. તેના ચહેરા પર જે હાવભાવ હતા, તે અમૂલ્ય હતા. તે પોતાની જગ્યાએ ખોડાઈને કટપ્પાને તાકી રહ્યો હતો અને રથ તો વિનાશ કરતો કરતો નીચે ધસી જ રહ્યો હતો. તે જોઈ શકતી હતી કે કટપ્પાનું સાચું મૂલ્ય ન આંકી શકવાનો આઘાત તેને લાગ્યો હતો. જો આંકી શક્યો હોત, તો તેણે કટપ્પાને આટલી ઓછી કિંમતે વેચ્યો હોત નહીં. એલી માટે આ સર્વોત્તમ બદલો હતો.

કટપ્પા એલી તરફ દોડ્યો અને એલીએ ઉજવણીના અંદાજમાં ચીસો પાડી, ‘કટપ્પા, તું હવા જેવો મુક્ત છે. હવા જેવો મુક્ત છે. હવા જેવો મુક્ત છે. હું તને મુક્ત કરું છું. તારે જવું હોય ત્યાં તું જઈ શકે છે,’ ઊંચા અવાજે તેણે બૂમો પાડીને કહ્યું.

ગુલામે તેની પાસે આવીને વંદન કર્યાં અને એક હથોડો મારીને તેને બાંધી રાખેલું દોરડું તોડી નાખ્યું. એ પણ હવે મુક્ત હતી. કટપ્પાએ ઝડપથી તેનો ચરણસ્પર્શ કર્યો પણ એલી કટપ્પાનો આભાર માને એ પહેલાં તો એ ભાગી છૂટ્યો હતો. બીજા છેડે જાડા લાકડાથી બનાવેલી દીવાલ સાથે અથડાતો કાલિનો રથ એલીને દેખાયો. રથ ઊંધો થઈ ગયો અને દીવાલની પેલી બાજુ શું બન્યું હશે તેની એલીએ ધારણા કરી લીધી. રથ એટલો મોટો હતો કે તે પેલી નાનકડી ફાટમાં તો તે પડવાનો નહોતો. તેના બદલે રથ ઊંધો થઈ ગયો અને રથના તેમજ તેની ઉપર રાખેલી મૂર્તિના પણ ટુકડા થઈ ગયા. તેને એમ પણ દેખાતું હતું કે નાના નાના પથ્થરો ઊછળીને ચોમેર વેરાઈ રહ્યા હતા. દીવાલમાં પડેલા બાકોરા વાટે અમુક બાળકો જંગલમાં ભાગી છૂટ્યા હતા. દીવાલની અંદરની બાજુ વેરાયેલા પથ્થરોમાંથી અમુક પેલી મશાલો દ્વારા લાગેલી આગમાં પડ્યા અને તેમાંથી વાદળી રંગનો પ્રકાશ સ્ફુરવા લાગ્યો. એલીએ કટપ્પાને પણ દીવાલમાં પડેલા બાકોરા વાટે અદૃશ્ય થતાં જોયો.

એલીએ મહિનાઓની તૈયારીનો કચ્ચરઘાણ વાળ્યો હતો. બધા જ પથ્થરો પાછા મેળવવા શક્ય નહોતા બનવાના અને બીજી મૂર્તિ બનાવવામાં પણ મહિનાઓ વીતી જવાના હતા. તેને પોતાની જાત પર જ ગર્વ થતો હતો, આ જે નુકસાન કર્યું હતું તેનો તો ખરો જ પણ તેનાથી વધારે તો કટપ્પા માટે તે ગર્વ અનુભવતી હતી. તેને ગુલામીમાંથી મુક્ત કરીને પોતે કંઈક ઉમદા, કંઈક દૈવી કામ કર્યું હોય તેવો અનુભવ તેને થઈ રહ્યો હતો. એલી રડતાં રડતાં હસી રહી હતી અને પોતાની આંખો લૂછી રહી હતી. તે ખુશ હતી અને જીવંત હતી. જીમોતા ક્યાં છે એ જોવા માટે તે ફરી પણ તેને જીમોતા ક્યાંય દેખાયો નહીં. ભાગી છૂટવાનો સમય આવી ગયો છે, તેણે વિચાર્યું.

તે ફરી અને અચાનક જ જીમોતા તેની સામે આવી ગયો. એક ક્ષણ માટે તે આઘાત અનુભવતી ઊભી રહી અને પોતાની જ ચીસ દબાવવા તેનો હાથ તેના મોઢા આગળ ગોઠવાયો. પછી તે તાળીઓ પાડતી પાડતી હસવા માંડી.

‘તું વર્જઆયુધનો ઉપયોગ શાકભાજી સમારવા કરી રહ્યો હતો. મૂર્ખ, તું તેનો ઉપયોગ મોતી વીણવા કરી રહ્યો હતો પણ જો, એ શું કરી શકે એમ હતો. હું તો હસતાં હસતાં મરીશ,’ કહીને તેણે જીમોતાને ધિક્કાર્યો.

‘ના, કૂતરી, તું હસતાં હસતાં નહીં મરે,’ કહીને જીમોતાએ પોતાના મ્યાનમાંથી ખંજર ખેંચ્યું.

૩૯

બૃહન્નલ્લા

પાંચ વખત ઘંટ વાગી ગયો હતો તેમ છતાં હજુ પણ રાજમાર્ગ પરથી કિલ્લાની અંદર લોકોનું આવવાનું ચાલુ જ હતું. અંદર, રાજા તેમજ ઉમરાવોની સમક્ષ વિવિધ કલાકારોના કાર્યક્રમો ચાલુ જ હતા. બૃહન્નલ્લા એ દરવાજેથી અંદર પ્રવેશ્યો જેમાંથી નીચી જાતિના લોકો અને અસ્પૃશ્યોને અંદર પ્રવેશવા દેવામાં આવતા હતા. દરવાજે પહોંચીને તે ભારે નિરાશા અનુભવવા માંડ્યો. સ્કંદદાસ અહીંયાં શું કરી રહ્યો હતો ? કિલ્લાના દરવાજા પાસે જ બૃહન્નલા દાંત વડે નખ ચાવતો ઊભો રહ્યો.

રાજમહેલના આંગણમાંથી ઢોલ વાગવાનો અવાજ સંભળાતો હતો. શાસ્ત્રીય કલાકારોનો કાર્યક્રમ પૂરો થાય પછી પોતાની કલાનું પ્રદર્શન કરવા માટે ઘણા આદિવાસી કલાકારો અસ્પૃશ્યોના દરવાજાની બહાર થનગની રહ્યા હતા. ઘણા બધા તો ગઈકાલ રાતથી કિલ્લાના દરવાજા પાસે આવી ગયા હતા. અમુક કલાકારો તો બે દિવસ પહેલાં આવી ગયા હતા અને કિલ્લાના દરવાજાથી નદીકિનારા સુધી જે ઢાળ પડતો હતો, તે ઢાળ પર સૂઈ રહ્યા હતા. સાંજે અસ્પૃશ્યો અને ગુલામો માટેનો રસ્તો બંધ કરી દેવાયો હતો એટલે એ પહેલાં અહીં આવી ગયેલા લોકો જ અંદર પ્રવેશી શકવાના હતા. કોઈ કલાકાર સાથે લાવેલો વાનર બૃહન્નલ્લાની પાસે આવ્યો અને તેણે બૃહન્નલ્લા સમક્ષ રૂપિયા કે કંઈ ખાવાનું માંગવા પોતાની હથેળી ફેલાવી. બૃહન્નલ્લાએ પોતાના પગ વડે એ વાનરને ધક્કો માર્યો એટલે તેને લઈ આવનાર કુરવા લોકોમાંથી કોઈ તેને ગાળ ભાંડીને જતો રહ્યો.

અંદર જવાની યોગ્ય ક્ષણ માટે બૃહન્નલ્લા ટોળાનું નિરીક્ષણ કરતો રહ્યો. ટોળામાં તો એમાંથી કોઈ દેખાતું નહોતું. સ્કંદદાસ હજુ પણ દરવાજે જ ઊભો હતો અને સુરક્ષા વ્યવસ્થાનું નિરીક્ષણ કરી રહ્યો હતો. ચોકિયાતો અંદર આવનાર દરેક જણની બરાબર ચકાસણી કરી રહ્યા હતા. કોઈ પણ વ્યક્તિ પાસે મળી આવતા હથિયારને ચોકિયાતો જપ્ત કરી લેતા હતા. અરે, રસોડામાં વપરાતી નાનકડી છરી, મિસ્ત્રીનાં સામાન્ય સાધનો અને સોપારી ભાંગવાની સૂડી પણ લઈ લેવામાં આવતી હતી અને પોતાનાં કામનાં સાધનો જપ્ત થતાં લોકો જે વિરોધ નોંધાવતા હતા તેની સંપૂર્ણ અવગણના કરવામાં આવતી હતી. સ્કંદદાસ કોઈ પણ અપવાદ સર્જાવા દેતો નહોતો. બૃહન્નલ્લાએ પોતાના ચહેરા પરથી પરસેવો લૂછ્યો અને પાછળની દિશામાં નજર કરી. અત્યારે મહાપ્રધાન મહારાજાની સાથે બેઠો બેઠો શાસ્ત્રીય સંગીતની મજા માણતો હોવો જોઈતો હતો. તો પછી એ શા માટે અત્યારે આવી ધૂળ અને ગરમીમાં ઊભો-ઊભો ગંધાતા-ગોબરા લોકોને ચકાસી રહ્યો હતો. આ માણસ ખરેખર મુશ્કેલીકારક બની રહ્યો હતો. રાજમહેલના આંગણના બીજા છેડે ઊંચા મંચ પર બેઠેલા મહારાજા અને મહારાણી તેને દેખાતાં હતાં. એ લોકોને મોડું કેમ થયું હશે ? શું કંઈ બન્યું હશે ? બૃહન્નલ્લા પોતાની સાડીના છેડાની ગાંઠ વાળતો અને ખોલતો રહ્યો.

એક માણસ નાચતા રીંછ સાથે આવ્યો પણ તેને દરવાજા પર જ અટકાવવામાં આવ્યો. ત્યાં ગરમાગરમ દલીલો થવા માંડી. રીંછવાળો માણસ એમ દલીલ કરવા માંડ્યો કે એ પાછલા બે મહામકામથી રીંછ લઈને આવી રહ્યો છે અને એ પહેલાં તેના પિતા આ રીંછના બાપને લઈને પહેલાના મહામકામમાં આવતા જ હતા. આ પહેલાં કોઈએ તેને કે તેના પિતાને કે તેના દાદાને અટકાવ્યા નથી. એ દરમિયાન રીંછ તો પોતાની લાક્ષણિક મુદ્રામાં બેઠો-બેઠો કાનની પાછળ ખંજવાળી રહ્યો હતો.

સ્કંદદાસે હુકમ આપ્યો — તે રીંછને કિલ્લાના દરવાજા પાસે બાંધીને અંદર જવું હોય તો જઈ શકે છે. રીંછ કોઈ પણ સંજોગોમાં અંદર લઈ જવા દેવામાં આવશે નહીં. એ માણસે ઊંચા અવાજે એમ કહ્યું કે તે પોતાની જ જ્ઞાતિના મહાપ્રધાનને આ બાબતે ફરિયાદ કરશે. આસપાસ ટોળું વળેલા લોકોમાંથી અમુક લોકો હસ્યા પણ ખરા. સૈનિકોએ માંડ માંડ પોતાનું હાસ્ય ખાળ્યું. સળગતી મશાલના અજવાળામાં મહાપ્રધાનના શ્યામ ગાલ લાલ થઈ ગયા હોય એમ બૃહન્નલ્લાને દેખાયું. રીંછ નચાવનારો સ્કંદદાસને ઓળખી નહોતો શક્યો એ તો દેખાઈ આવતું હતું. મહાપ્રધાને તેને કતારની બહાર નીકળી જવા માટે અથવા તો રીંછ બાંધીને અંદર જવા માટે કહ્યું. ગાળો બબડતો બબડતો રીંછવાળો એ હુકમનું પાલન કરવા ગયો. તે થોડાંક ડગલાં ચાલ્યો, પછી પાછો આવીને પોતાના રીંછની બાજુમાં જ બેસી ગયો. તે પોતાના રીંછને એકલો મૂકવા માંગતો નહોતો. તે રીંછના રુંવાદાર શરીર પર હાથ પસવારતો રહ્યો, તેની સાથે મીઠી-મીઠી વાત કરતો રહ્યો અને રીંછ તેનો હાથ ચાટતો રહ્યો. થોડીવારમાં તો રીંછ ઊંઘમાં સરવા માંડ્યું.

એ રહ્યા એ લોકો ! બૃહન્નલ્લાએ તેમને ટોળાની પાછળ જોયા. એ લોકો જોરશોરથી ઢોલ વગાડી રહ્યા હતા અને તેમાંથી અમુક લોકો તો નાચી પણ રહ્યા હતા. તે ધીમે-ધીમે દરવાજાની પાસે ખસ્યો. અંદર પ્રવેશનાર દરેકની બરોબર ચકાસણી થઈ રહી છે કે નહીં, તેનું સ્કંદદાસ નિરીક્ષણ કરી રહ્યો હતો. ઢોલ વગાડનારા દરવાજાની પાસે આવી રહ્યા હતા. પોતાનો ગભરાટ છુપાવવા બૃહન્નલ્લાએ પોતાના બંને હાથ એકબીજાની સાથે ભીડી રાખ્યા. તેણે જોયું કે અમુક પુરુષો વિચિત્ર લાગતા હતા અને તેમના ચહેરા પર ચિંતા દેખાઈ આવતી હતી. તે મહામહેનતે બહાર નીકળ્યો અને એ ઢોલ વગાડનારાઓ પાસે પહોંચ્યો. પછી એ પણ ઢોલના તાલે નાચવા માંડ્યો.

'તમે લોકો મોડા છો,' ભૂતરાયની ફરતે ગોળ ફરતાં ફરતાં તે બબડ્યો.

'જાણે તેં રસ્તો સાફ કરી રાખ્યો હોય ને ! પેલો માણસ અહીંયાં શું કરી રહ્યો છે ?' ભૂતરાયે સામો ફુંફાડો માર્યો.

બૃહન્નલ્લાને જાણે માતા આવ્યાં હોય તેમ તે ગોળ ગોળ ફરતો જ રહ્યો. તેના ઘાઘરામાં હવા ભરાવાથી તે ફૂલતો અને તેની પર લગાવવામાં આવેલી હીરાના આકારની ટીક્કીઓ મશાલના અજવાળામાં ચમકતી હતી. ઢોલીઓ તેની પાસે સરક્યા અને તેમણે ઝડપથી ઢોલ વગાડવા માંડ્યા. રાજદરબારના પ્રખ્યાત નર્તકને શેરીમાં નાચતો જોવા માટે ટોળાએ રસ્તો કરી આપ્યો. બીજા ઢોલી પણ તેમની સાથે જોડાયા અને તાલ મેળવીને પોતપોતાના ઢોલ વગાડવા માંડ્યા.

બૃહન્નલ્લા સ્કંદદાસની પાસે નાચ્યો પણ મહાપ્રધાન પર તેની કોઈ અસર પડી નહીં. ઢોલીઓ અંદર પ્રવેશવાના જ હતા કે મહાપ્રધાને પોતાનો હાથ લંબાવીને તેમનો રસ્તો રોક્યો.

'તેમના ઢોલ તપાસો,' મહાપ્રધાને પોતાના ચોકિયાતોને કહ્યું.

'સ્વામી,' ભૂતરાયે નમીને વંદન કર્યાં જેથી તેનો ચહેરો દેખાય નહીં. મહાપ્રધાનનો

ચરણસ્પર્શ કરવા તે વધુ ઝૂક્યો. 'આ તો અમારો રોટલો છે, સ્વામી. અમે તો અહીં એમ વિચારતા આવ્યા હતા કે મહારાજા અમને કોઈ ભેટ આપશે. અમને અંદર જવા દો, સ્વામી. હું આજીજી કરું છું. આ ઢોલની પોલ તો અમારા જેવા ગરીબ માણસોના મગજ જેવી છે, સ્વામી. તદ્દન ખાલી છે, સ્વામી.'

'જો તમારા ઢોલ ખાલી હોય, તો એ ખોલીને બતાવો. આ તો માત્ર સલામતી પૂરતી ચકાસણી જ છે. જો તેં કહ્યું એમ ઢોલ ખાલી જ હશે, તો તમે અંદર જઈ શકશો,' સ્કંદદાસે કહ્યું.

'એ ઢોલ અમારા માટે બહુ જ પવિત્ર હોય છે. અમે તેને વિજયાદશમીના શુકનવંતા દિવસ સિવાય ક્યારેય ખોલતા નથી,' ભૂતરાયે અવાજમાં પૂજ્યભાવ ઉમેરીને કહ્યું.

સ્કંદદાસે પોતાની જીભથી ડચકારો બોલાવ્યો અને ભૂતરાયનું ઢોલ પકડ્યું.

'સ્વામી, સ્વામી, હું તો અસ્પૃશ્ય છું, સ્વામી. મારા હાથ કે ઢોલ પકડીને અશુદ્ધ ન થશો,' ભૂતરાય બોલ્યો.

'હું પણ એક અસ્પૃશ્યનો જ દીકરો છું. હું તો એક રીંછ નચાવનારનો નસીબદાર છોકરો હતો જે મહાપ્રધાન બની શક્યો. એટલે હું જરા પણ અશુદ્ધ નહીં થાઉં. હવે, તારા બધા ઢોલ ખોલ,' કહીને તેણે ભૂતરાયનું ઢોલ ખેંચ્યું.

બૃહન્નલ્લાએ જોયું કે શિવપ્પાનો હાથ તેની ઢોલ પીટવાની દાંડી પર ભીંસાવા માંડ્યો હતો. જો હવે બૃહન્નલ્લાએ વાર લગાડી તો તે ઢોલની ખાલ ચીરીને અંદરથી પોતાની ઉરુમી ખેંચી કાઢશે. તે ઝડપથી પેલા રીંછ નચાવનારા માણસ પાસે ગઈ અને તેને લાત મારીને કહ્યું, 'અત્યારે જ.' રીંછ નચાવનારે તેની સામે આંખ મારી અને પોતાનું માથું હલાવ્યું. તેણે રીંછનાં બંધનો ખોલીને તેને લાત મારી. રીંછે લોહી થિજાવી નાખે તેટલા જોરથી ગર્જના કરી અને બધા સ્થિર થઈ ગયા. રીંછ નચાવનારે પોતાની નાનકડી છરીથી રીંછના પાછલા બે પગ વચ્ચે નાનકડો કાપો કર્યો અને રીંછ દરવાજા તરફ દોડ્યું. બૃહન્નલ્લાએ રીંછ નચાવનારાના લંબાયેલા હાથમાં સિક્કા ભરેલો વાટવો મૂક્યો અને તેણે ઝડપથી એ વાટવો પોતાના કમરપટ્ટામાં બાંધી દીધો.

રીંછ પાછલા બે પગ પર ઊભું થયું એટલે કદાવર દેખાવા લાગ્યું અને તે ફરી વાર જોરથી ગર્જ્યું એટલે લોકો ચીસાચીસ કરતા દોડવા માંડ્યા. રીંછ સ્કંદદાસની પાસેથી પસાર થયું અને તેણે સ્કંદદાસને ધક્કો મારીને પાડી દીધો. સ્કંદદાસના હાથમાંથી ઢોલ પડી ગયું. રીંછ કિલ્લાની અંદર ઘૂસીને લોકોના ટોળામાં આમથી તેમ દોડવા માંડ્યું. લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો. કેટલાક લોકો દોડતા દોડતા પડ્યા અને ચગદાઈ ગયા. રીંછ અમુક લોકોની પાછળ પડ્યું અને તેમને ચગદી નાખ્યા. તે આમથી તેમ દોડવા લાગ્યું અને લોકો નાસભાગ કરવા માંડ્યા. સ્કંદદાસે ટોળા પર નિયંત્રણ મેળવવાનો પ્રયત્ન કરવા માંડ્યો. લોકોને શાંત પાડવા માટે તે બૂમો પાડીને સૂચનાઓ આપવા માંડ્યો અને તેણે પોતાના સૈનિકોને રીંછ પકડવાનો હુકમ આપ્યો.

એ દરમિયાન આ શોરબકોરનો લાભ લઈને પેલા ઢોલીઓ કિલ્લામાં પ્રવેશી ગયા. બૃહન્નલ્લા પણ તેમની પાછળ ગયો. ચીસાચીસ કરી રહેલા લોકોની વચ્ચે દોડી રહેલા રીંછને જોઈને તેને મજા આવી રહી હતી. મહારાજા બેઠા હતા તે મંચ તરફ તેણે નજર કરી. એ બહુ દૂર હતું અને તેની તેમજ મહારાજાની વચ્ચે બહુ મોટું ટોળું દેખાતું હતું. પેલા ઢોલીઓ ટોળામાં ભળી ગયા હતા. હવે તેમને ઓળખવા અશક્ય હતા. બૃહન્નલ્લા આનંદથી બબડી, 'મા, તું જેનું સપનું પણ જોઈ શકતી નહોતી, એ કામ મેં કરી બતાવ્યું.'

૪૦

કામાક્ષી

શિવગામીના ગયા પછી કામાક્ષી તણાવમાં હતી પણ ધીમે ધીમે તેને થઈ રહેલી બહેનપણીની ચિંતાનો તણાવ તેના પ્રેમી શિવપ્પાને મળવાની ઉત્કંઠામાં ફેરવાઈ ગયો હતો. શિવપ્પા તેને કઈ રીતે શોધી કાઢશે તેનો કામાક્ષીને જરા પણ ખ્યાલ નહોતો. એ તો લોકોના ટોળામાં એનો ચહેરો શોધવા માટે મથતી જ રહી.

કેટલાક આદમીઓ જાદુ કરી રહ્યા હતા. એક મદારી ટોપલી અને મોરલી સાથે આવ્યો. તેણે ટોપલીને મંચ પાસે જઈને ખોલી અને મોરલી વગાડવી શરૂ કરી. ટોપલીમાંથી એક દોરડું ઊંચું ઊઠવા માંડ્યું, નાચતું, અમળાતું એ સાપની જેમ ઉપર ચડવા માંડ્યું. મોરલીનો નાદ વધતો ગયો એમ દોરડું વધુ ને વધુ ઉપર ચડતું ગયું. મદારી દોરડાની આસપાસ નાચતો નાચતો જોશથી મોરલી વગાડી રહ્યો હતો. મોરલીનું સંગીત ડરામણું હતું અને તેના કારણે કામાક્ષીના મનમાં છુપાયેલો ભય જાગી ઊઠ્યો. મોરલી વાગતી જ રહી અને કામાક્ષી ભયભીત થતી જ રહી. હવે દોરડું ત્રીસેક હાથ જેટલું ઉપર જતું રહ્યું હતું છતાં તે મોરલીના સંગીત સાથે નાચી રહ્યું હતું. દર્શકો બૂમો પાડીને આ જાદુને વધાવી રહ્યા હતા.

મદારીએ પોતાના દસ વર્ષના છોકરાને બોલાવ્યો. તેણે છોકરાને કહ્યું કે આ દોરડું સ્વર્ગને આંબી ગયું છે અને છોકરાએ ઉપર સુધી ચડવાનું છે. ઉપર જઈને તેણે ઇન્દ્રનું વજ્ર લાવી દેવાનું છે. પછી છોકરાએ દોરડાની ઉપર ચડવાનું શરૂ કર્યું અને મદારીએ મોરલી વગાડવાનું શરૂ કર્યું. દોરડું જાણે છોકરાને નીચે પાડી દેવા માંગતું હોય, તેમ અમળાવા માંડ્યું અને દર્શકો આનંદથી ચિચિયારીઓ પાડવા માંડ્યા. છોકરાએ દોરડું પકડી રાખ્યું અને તે સડસડાટ ઉપર ચડવા માંડ્યો. થોડીવારમાં તો એ છોકરો જાણે હવામાં ઓગળી ગયો હોય તેમ દેખાતો જ બંધ થઈ ગયો. મદારીએ ઉપર જોઈને છોકરાને બૂમો પાડીને પૂછવા માંડ્યું કે તેને આટલો બધો સમય કેમ લાગી રહ્યો છે. ઉપરથી છોકરો જવાબ આપી રહ્યો હતો કે એ હવે પાછો નથી આવવાનો. એ રંભાને પરણીને ત્યાં જ રહેવા માંગે છે. એ સાંભળીને ટોળું ખડખડાટ હસવા માંડ્યું.

ઇચ્છા ન હોવા છતાં કામાક્ષી પણ આ જાદુમાં ખોવાઈ ગઈ પણ આગળના દરવાજેથી આવેલા મોટા અવાજે જાદુના રંગમાં ભંગ પાડ્યો. કેટલાક લોકો પોતાની ડોક મરડીને એ ખલેલની દિશામાં જોવા માંડ્યા. કેટલાક લોકો 'રીંછ, રીંછ,' એવી બૂમો પાડી રહ્યા હતા પણ એ કેમ બૂમો પાડી રહ્યા છે એ કોઈને સમજાતું નહોતું. થોડીવારમાં તો એ ખલેલ શાંત થઈ ગઈ અને કામાક્ષી ફરી વાર જાદુનો ખેલ માણવાનો પ્રયત્ન કરવા માંડી પણ ફરી વાર તેના વિચારો શિવપ્પાની દિશામાં ખેંચાઈ ગયા. રાતના બાર તો ક્યારના વાગી ગયા હતા. તેણે વચન આપ્યું હતું કે તે અવશ્ય આવશે. શું તેણે જ શિવપ્પાને શોધવા જવું જોઈએ ? તેણે ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ પાછળ બેઠેલી એક છોકરીએ તેને ખેંચીને નીચે બેસાડી દીધી. ખચકાતા મને કામાક્ષી નીચે બેસી ગઈ અને ફરી વાર જાદુનો ખેલ જોવા માંડી.

મદારીએ પોતાનો પુત્ર પાછો મોકલી દેવાની ઇન્દ્રને ચેતવણી આપી અને આકાશમાંથી ઇન્દ્રનું ખડખડાટ હાસ્ય સંભળાયું. ઇન્દ્રએ કહ્યું કે તે મદારીના પુત્રને દત્તક લઈ લેશે. મોઢું હલાવ્યા વિના પેટમાંથી એવી રીતે બોલવું કે જેથી અવાજ બીજેથી આવતો હોય તેમ લાગે એવી ગારુડવાણીની કલાથી મદારી આ ખેલ ભજવી રહ્યો હતો. તેના અભિનયથી બધાને એમ લાગતું હતું કે અવાજ આકાશમાંથી આવી રહ્યો હતો. પછી મદારી ગુસ્સે થઈને બોલ્યો કે હું ઘરડો થઈશ ત્યારે શું કરીશ મારા છોકરા વિના ? તો ઉપરથી જવાબ આવ્યો કે યુવાનીમાં જ મરી જા. દર્શકો ફરી વાર ખડખડાટ હસી પડ્યા. મદારી ગોળ ગોળ નાચતો ઇન્દ્ર અને પોતાના પુત્રને ભાંડતો રહ્યો અને તેણે દર્શકોને કહ્યું કે એ આ લોકોને બરોબરનો પાઠ ભણાવશે. તેણે પોતાનું મોઢું ખોલીને તેમાંથી એક ચાર હાથની તલવાર કાઢી અને દર્શકોએ આ ખેલને તાળીઓથી વધાવી લીધો. પછી તે પણ પેલા દોરડા પર ચડવા માંડ્યો અને થોડીક વારમાં તો એ પણ અંધારામાં અદૃશ્ય થઈ ગયો. ઉપરથી લડાઈના અવાજ આવવા માંડ્યા. તલવારો અથડાવાનો અવાજ સંભળાયો, ચીસો અને હાકોટા-પડકારા સંભળાવા માંડ્યા અને અચાનક જ ઉપરથી કપાયેલાં અંગો અને લોહીનાં ટીપાં પડવા માંડ્યાં. કપાયેલા હાથ, માથાં, આંગળીઓ, કાન, નાક, પગ — દર્શકો ભયના માર્યા બૂમો પાડવા માંડ્યા. જ્યાં જ્યાં કપાયેલાં અંગો પડતાં હતાં ત્યાંથી દર્શકો ખસી જતા હતા.

કામાક્ષી પણ જ્યાં બેઠી હતી ત્યાંથી ખસી ગઈ. તેણે આસપાસ નજર ફેરવી અને તેના શરીરમાં ઉત્તેજનાની ધ્રુજારી પસાર થઈ ગઈ. શિવપ્પા. તેણે શિવપ્પાને જોયો હતો. તેણે એક ઢોલ ગળામાં લટકાવેલું હતું. તેણે શિવપ્પાના નામની બૂમ પાડવાનો પ્રયત્ન કર્યો પણ દર્શકોની ચિચિયારીઓમાં તેનો અવાજ દબાઈ ગયો. ફરી પાછું લોકોનું ટોળું ખસ્યું અને કામાક્ષીને શિવપ્પા દેખાતો બંધ થયો. માનવમહેરામણ વચ્ચે રસ્તો કરતી કામાક્ષી આગળ વધવા માંડી. પેલો મદારી એ જ સમયે દોરડા પર દેખાયો. એ નીચે ઊતરી રહ્યો હતો અને તેની તલવારમાંથી લોહી ટપકી રહ્યું હતું. નીચે ઊતરી તે દરેક કપાયેલું અંગ હાથમાં લઈને ચકાસવા માંડ્યો કે એમાંથી કોઈ ટુકડો પોતાના પુત્રનો છે કે નહીં. તેને અમુક ટુકડા મળ્યા અને તે અમુક મંત્રો બબડ્યો. તેણે એ ટુકડાનો ઢગલો કર્યો, પોતાની પાઘડી છોડી અને તે ઢગલા પર ઢાંકી દીધી. પછી તે યમ અને બ્રહ્મા, વિષ્ણુ અને શિવના મંત્રો બોલવા લાગ્યો. જ્યારે તેણે પાઘડીનું કપડું ખસેડ્યું ત્યારે તેમાંથી તેનો છોકરો હસતો હસતો બહાર આવ્યો. બધા દર્શકો જોરશોરથી તાળીઓ પાડવા માંડ્યા.

ત્યાં સુધીમાં કામાક્ષી પોતાની બેસવાની જગ્યાએથી ઘણી દૂર જતી રહી હતી અને પેલું ટોળું તો ક્યાંય દૂર રહી ગયું હતું. તેને શિવપ્પા ફરી વાર દેખાયો. એ ગુલામો અને અસ્પૃશ્યોના રસ્તે મંચ તરફ આગળ વધી રહ્યો હતો. ગુલામો અને અસ્પૃશ્યો મંચથી દૂર ઊભા હતા. તે દીવાલની પાસે પાસે, દીવાલના પડછાયામાં જ આગળ વધી રહ્યો હતો. કામાક્ષીને તે અમુક ક્ષણ પૂરતો દેખાતો અને તે જ્યારે દેખાતો બંધ થઈ જતો ત્યારે કામાક્ષી નિરાશ પણ થઈ જતી.

ગુલામોના ટોળામાંથી રસ્તો કરતી કામાક્ષી આગળ વધી. ગુલામોની આંખોમાં આવી ગયેલા આશ્ચર્યના ભાવોની તેણે અવગણના કરે રાખી. છેવટે તેને શિવપ્પા દેખાયો. તે એક દીવાલના ટેકે ઊભો ઊભો મહારાજાને ધ્યાનપૂર્વક જોઈ રહ્યો હતો. તેની પાસે જઈને કામાક્ષીએ તેના ખભાનો સ્પર્શ કર્યો. તેને એવી આશા હતી કે શિવપ્પા તેને ભેટી પડશે અને પોતાને ચુંબન કરવાના વિચારથી શિવપ્પાના ગાલ લાલ થઈ જશે.

એ ફર્યો પણ તેની આંખોમાં પ્રેમની કોઈ જ નિશાની નહોતી. જ્યારે કોણે સ્પર્શ કર્યો છે એ જોયું ત્યારે શિવપ્પાની આંખોમાં ક્રોધ તરવરવા લાગ્યો અને તે બોલ્યો, 'તું અહીંયાં શું કરી

રહી છે ?'

'તે...તેં કહ્યું હતું કે—' કામાક્ષીની આંખો ભરાઈ આવી. એ તો મને નફરત કરે છે, તેણે વિચાર્યું અને પોતાનાં ડૂસકાં દબાવવા હોઠ દાંત વચ્ચે ભીડી દેવા જોઈએ એવો તેને વિચાર આવ્યો. ધ્રૂજતા હાથે તેણે શિવપ્પાનો સ્પર્શ કરવાનો પ્રયત્ન કર્યો, 'શિવા—'

'જા અહીંથી. અને મારી પાસે ન આવતી,' શિવપ્પા બોલ્યો. એ હવે તેની સામે પણ નહોતો જોઈ રહ્યો. એ ફરી વાર મહારાજાને ધ્યાનપૂર્વક જોવા માંડ્યો. તેના આવા વર્તનની અપેક્ષા રાખીને કામાક્ષી ક્ષણે ક્ષણે નહોતી તડપતી રહી. તે અવળી ફરી અને ચાલવા માંડી.

તેને ઊંડે ઊંડે એવી આશા હતી કે શિવપ્પા તેને બોલાવશે અને એમ કહેશે કે એ તો માત્ર મજાક કરી રહ્યો હતો. તેણ એવી ક્યારેય કલ્પના નહોતી કરી કે શિવપ્પા આટલો નિર્દયી અને ક્રૂર બની જશે. તેણે છેલ્લી વાર અવળા ફરીને પાછળ નજર કરી અને તેમની આંખો મળી. શિવપ્પાની આંખો તો એકદમ ખાલી હતી પણ તે જાણે કામાક્ષીને કંઈ કહી રહી હોય, તેમ કામાક્ષીને લાગ્યું. કદાચ આવા વિચિત્ર વર્તનનો કોઈ ખુલાસો જરૂર હશે. પણ તરત જ શિવપ્પાએ નજર ફેરવી લીધી.

કામાક્ષી લોકોના ટોળા વચ્ચે દોડી ગઈ અને તેની આંખોમાંથી આંસુ ગાલ પર દડદડ વહેતાં રહ્યાં. તેને પોતાના જીવન પ્રત્યે નફરત થઈ આવી. તેને શિવપ્પા માટે પણ નફરત થઈ આવી. પછી તે ટોળાથી દૂર થવા માંડી. તેને એકાંત જોઈતું હતું. તેણે મન મૂકીને રડવું હતું. તેણે શિવગામી સાથે વાત કરવી હતી, તેના ખભા પર માથું મૂકીને રડવું હતું. શિવગામી ! એ શિવગામીને તો ભૂલી જ ગઈ હતી. એ હજુ સુધી કેમ પાછી નહોતી આવી ? પોતાની બહેનપણીને આમ એકલી છોડી દઈને પોતાને જે માણસ ચાહે છે એવું એ માનતી હતી તેની પાછળ દોડી ગઈ, તેની જ સજા અમ્મા ગૌરીએ તેને આપી છે. તેણે હવે શિવગામીને શોધવી જ પડશે.

કામાક્ષી ભવનોની દિશામાં તે ચાલવા માંડી. તે જેમ જેમ આગળ વધતી જતી હતી તેમ તેમ માણસોની સંખ્યા ઘટતી જતી હતી. નૃત્યનો અવાજ ધીમો પડતો જતો હતો અને મુખ્ય મેદાનથી તે જેમ જેમ દૂર જતી હતી તેમ તેમ પડછાયો વધુ ને વધુ કાળો થતો જતો હતો. મશાલો તો ઘણા સમય પહેલાં જ બુઝાઈ ગઈ હતી. તે બગીચા તરફ વળી. એક સંત્રી પોતાના ભાલાના ટેકે જ ઝોકાં ખાઈ રહ્યો હતો. તે દબાતા પગલે તેની પાસેથી પસાર થઈ ગઈ. મનમાં ઊપજી રહેલી ચિંતા અને અંદેશાઓને દબાવી દેવાનો તેનો પ્રયત્ન ચાલુ જ હતો. હવે પોતાનું શું થશે એવો વિચાર કરવાનો શું અર્થ, તેણે વિચાર્યું.

તે ચાલતી રહી અને તેને હળવો ખખડાટ સંભળાયો ત્યારે તે ઊભી રહી. અત્યારે ધુમ્મસ અને અંધારું તો છવાયેલાં જ હતાં. વહેલી સવારનું ધુમ્મસ નદી પરથી આવી રહ્યું હતું જેના લીધે થોડે દૂર સુધી પણ જોઈ શકાતું નહોતું. તેણે ફરી વાર ચાલવાનું શરૂ કર્યું અને તેને ફરી વાર એવો જ ખખડાટ સંભળાયો. ઊંડો શ્વાસ લઈને તે ફરી. પણ કંઈ જ દેખાયું નહીં. માત્ર કિલ્લાની લાંબી દીવાલનો ત્રાંસો પડછાયો તેને ઘાસ પર પડતો દેખાયો. કોઈ ગાયિકા એ સમયે મન મૂકીને ગાઈ રહી હતી. એ એકપક્ષીય પ્રેમનું જ ગીત ગાઈ રહી હતી. કામાક્ષી નિસાસો નાખીને ફરી. પડછાયામાંથી જ એક હાથ લંબાયો અને તેણે કામાક્ષીની ગરદન ઝડપી લીધી. તેણે ચીસ પાડવી હતી પણ એ હાથની પકડ જોરદાર હતી. પોતાને કોણે પકડી છે એ જોવા માટે તે મથવા માંડી. પણ એ કોણ છે એ જોતાં જ તેની ચીસ તેના ગળામાં જ અટકી ગઈ.

કેકિનો હસતો ચહેરો પિશાચ જેવો દેખાઈ રહ્યો હતો. એ કિન્નરે હોઠ બહાર કાઢીને બીજા હાથ વડે કામાક્ષીને એક ઊડતું ચુંબન આપ્યું. ધીમે-ધીમે તેણે કામાક્ષીની ગરદન દબાવવા

માંડી.

૪૧

મહાદેવ

મહાદેવ નદીકિનારે પોતાની કાયમી જગ્યાએ બેઠો હતો. પાગલ ભૈરવ આસપાસ નહોતો એ માટે તેણે મનોમન ભગવાનનો આભાર માની લીધો. તેણે એકલા પડવું જ હતું. આકાશમાં અસંખ્ય તારાઓ એક સાથે ટમટમી રહ્યા હતા અને જાણે તેની મજાક ઉડાવી રહ્યા હતા. પાસેથી જ મહિષી નદી વહી રહી હતી અને ઘાટના પગથિયે પછડાતાં મોજાંના અવાજને કારણે જાણે નદી પણ તેની પરિસ્થિતિ પર હસી રહી હોય, તેમ લાગતું હતું. શિવગામીને રાત્રે તેણે જે શબ્દો કહ્યા તે કહેવા માટે તે ઘણી તૈયારીઓ કરી ચૂક્યો હતો. એ જ વસ્તુ તેણે પોતાના મગજમાં હજારો વાર ભજવી હતી. જ્યારે તેણે તેને પહેલી વાર જોઈ હતી, તે દિવસથી તેણે બીજો કોઈ જ વિચાર કર્યો નહોતો. તે અવારનવાર મનમાં જ શિવગામી સાથે વાતો કરતો રહેતો. તેણે એવી કલ્પના કરી હતી કે શિવગામી તેની બાજુમાં જ ચાલતી હશે, હાથમાં હાથ પરોવાયેલો હશે અને તેઓ મીઠી-મધુરી વાતો કરતાં હશે.

જ્યારે પણ તે અનાથાલયમાં જતો ત્યારે તેની સાથે વાતો કરવાનું કોઈ ને કોઈ બહાનું તે શોધી જ કાઢતો. તેને હવે સમજાયું કે શા માટે શિવગામી દરેક વખતે તેની વાતોથી નિર્લેપ જ રહેતી હતી અને તે પોતે એ બાબતે આંધળો જ બની રહ્યો હતો. તેના હૃદયમાં પીડા થઈ આવી. શિવગામી જેવી સુંદર છોકરી તેને ચાહે એવો વિચાર કરીને પોતે જ મૂર્ખ સાબિત થયો હતો. આવું તો મૂર્ખાઓની કવિતાઓ અને લોકકથાઓમાં જ બનતું.

એ તો તેને ધિક્કારતી હતી. તેના હાસ્યનો અવાજ હજુ પણ તેના કાનમાં રણકી રહ્યો હતો. કંઈ નહીં તો તેણે થોડીક દયા તો દાખવવી જ જોઈતી હતી. તેને કોઈ બીજો પ્રેમી છે, એમ તે જુઠ્ઠું તો બોલી શકી હોત. તો એ તેને ચાહતો જ રહેત પણ કદી તેને ખલેલ પહોંચાડત નહીં. પણ શિવગામીએ તેના પ્રત્યે બહુ જ ક્રૂર વર્તન દાખવ્યું હતું. ના, એ ક્રૂર નહોતી બની, તેણે મનોમન પોતાના વિચારોમાં સુધારો કર્યો. એણે એવી કોઈ વસ્તુ માંગી જે માંગવાને તે લાયક નહોતો. મક્કમ મનની છોકરીઓએ એવા મૂર્ખ છોકરાઓ સાથે આવી જ રીતે વર્તવું જોઈએ જેમને પોતાના સ્થાનનો ખ્યાલ જ નથી.

પોતે તેને ગમતો નથી એવા ઘણા ઇશારા હવે તેને સ્પષ્ટ દેખાવા માંડ્યા. તેના આવા વર્તન માટે એ પોતાને મનગમતાં બહાનાં શોધી કાઢીને પોતાની જ જાતને મૂર્ખ બનાવતો હતો. શિવગામી વાત કરતાં ખચકાતી હતી તેને મહાદેવ તેનું શરમાળપણું ગણતો અને એ ગુણને કારણે એ તેને વધારે ને વધારે ચાહતો. હવે તેને રડવાનું મન થતું હતું. તે કોઈ મહાન યોદ્ધો નહોતો. તે ભલો પણ નકામો માણસ હતો, તેની મા કહેતી હતી તેવો જ. શિવગામીએ કદાચ તેના ડરપોકપણાની વાતો સાંભળી હશે. તે કદાચ એમ પણ જાણતી હશે કે શસ્ત્રો ચલાવવામાં તે કેટલો કાચો છે અને કેવી રીતે તે બગીચામાં બેસી રહીને સપનાં જોવાનું વધારે પસંદ કરે છે. એ કંઈ બિજ્જલ જેવો યોદ્ધો નહોતો. તેનો ભાઈ બહુ તુંડમિજાજી હતો પણ શું એ તો મહાન

યોદ્ધાનો ગુણ ન ગણાય ? તેની સામે આવીને માણસો ધ્રૂજવા માંડતા હતા. મહાદેવની સામે પણ માણસો આદર તો બતાવતા જ હતા પણ તે જાણતો હતો કે તેઓ કદાચ તેની પીઠ પાછળ હસતા પણ હશે. તો પછી શિવગામી તેની સામે હસે તેમાં શું નવાઈ ? તેની પીઠ પાછળ નહીં હસવાનું સૌજન્ય તો છેવટે તેણે દાખવ્યું. તેને તેની નિખાલતા માટે પ્રેમ ઊભરાઈ આવ્યો. જોકે તેને તો શિવગામીની દરેક બાબતો માટે પ્રેમ ઊભરાઈ જ આવતો. તેની દરેક ક્ષણ, તેનો દરેક શ્વાસ મહાદેવને ગમતો. આવા વિચારો પર તે પોતે જ ખડખડાટ હસવા માંડ્યો અને થોડીક જ વારમાં તે હાસ્ય ડૂસકાંઓમાં ફેરવાઈ ગયું. એક છોકરીની જેમ રડવા માટે તે પોતાની જ જાતને ધિક્કારવા લાગ્યો પણ અત્યારે તેને કોઈ જોતું નહોતું, કોઈને તેની દયા આવતી નહોતી કે કોઈને તેની પરવા નહોતી. એટલે તેણે પોતાનાં આંસુઓને મુક્તપણે વહેવા દીધાં. જો તે મહિષી નદીના પાલવમાં કાયમ માટે પોઢી જાય તો કોઈ તેને યાદ પણ કરશે ખરું ? શું શિવગામીને તેની જરા પણ પડી હશે ? કે પછી તે કાંઠે ઊભી ઊભી તેની પર હસતી રહેશે ?

તેને સાંત્વના આપવા આવી હોય, તેમ એક પવનની લહેરખી તેના શરીરે અથડાઈ. નદી હજારો હાથ ફેલાવીને તેને આમંત્રી રહી હતીઃ આવ, આવ અને મને ભેટી પડ. તેણે ખચકાતાં ખચકાતાં એક ડગલું આગળ લીધું અને પાણી તેના પગની ઘૂંટી સુધી આવી ગયું. બીજા ડગલે પાણી તેના ગોઠણ સુધી આવી ગયું. પાણી હવે ઊછળી રહ્યું હતું અને તેના આખા શરીરને પોતાની અંદર સમાવી લેવા આતુર જણાતું હતું. વધુ એક ડગલું અને…

'સ્વામી…'

અંધારામાં એક અવાજ સંભળાયો. તે ભયથી થીજી ગયો.

'કોણ છે ?' કહીને તેણે આંખો ઝીણી કરીને અંધારામાં જોવાનો પ્રયત્ન કર્યો. નદી પાસેની ઝાડીઓમાંથી એક આકૃતિ બહાર આવી.

'એ તો હું છું, આપના ભાઈનો ગુલામ, સ્વામી. કટપ્પા.'

કટપ્પા ! એ તો મરી નહોતો ગયો ? ભૂત ? મહાદેવે ચીસ પાડી. તેનું સમતોલન ખોરવાઈ ગયું અને તે નદીમાં પડ્યો. કટપ્પાએ તેને ખેંચીને બહાર કાઢ્યો અને તેના પગે પડી ગયો. રાજકુમારને આવી રીતે મૂંઝવણમાં મૂકી દેવા બદલ તે માફી માંગતો રહ્યો. પોતાના એકાંતમાં કટપ્પાની આવી ઘૂસણખોરીને કારણે તે નિઃસહાયતા અને ગુસ્સો બંને અનુભવી રહ્યો હતો. તેણે અત્યારે કોઈ જ ગુલામ સાથે વાત નહોતી કરવી. તેણે અત્યારે માત્ર મરી જવું હતું. પણ ગુલામે જે કહ્યું તે વાતે તેનું ધ્યાન ખેંચ્યું.

'સ્વામી, મહારાજા અને માહિષ્મતી પર અત્યારે ભયાનક જોખમ તોળાઈ રહ્યું છે. મહામકામના સમય દરમિયાન વૈતાલિકો ગમે ત્યારે હુમલો કરી શકે છે. મહારાજાને તેની ચેતવણી આપવી જ રહી પણ મને સંત્રીઓ અંદર જવા દેશે નહીં. હું ભાગી છૂટ્યો હતો એવું માનીને એ લોકો તો મને મારી જ નાખશે.'

'તને આ હુમલાની જાણકારી કેવી રીતે મળી ?'

કટપ્પાએ રાજકુમારને ઝડપથી જણાવ્યું કે એ કેવી રીતે પોતાના ભાઈને શોધવા ગયો હતો અને ત્યાં તેને વૈતાલિકોના આયોજન વિષે શું જાણવા મળ્યું.

'મારો પોતાનો જ ભાઈ સૌથી મોટો દેશદ્રોહી છે, એ કહેતાં મને બહુ જ શરમ આવે છે. હવે હું જ્યારે તેને મળીશ ત્યારે અવશ્ય તેને મારી નાખીશ,' કટપ્પાએ કહ્યું.

મહાદેવ અવાક હતો. આ ગુલામની સમર્પણભાવના તેના હૃદયને સ્પર્શી ગઈ હતી.

પોતાનો જીવ જોખમમાં મૂકીને તે પાછો આવ્યો હતો કે જેથી તે માહિષ્મતીને બચાવી શકે. જો આ ગુલામ કહેતો હોય એ વાત સાચી હોય તો તેણે એ વાત પોતાના પિતાને અવશ્ય જણાવવી રહી. કિલ્લો સુરક્ષિત કરવો જરૂરી હતો.

'મારી સાથે આવ,' કહીને રાજકુમારે ગુલામનું કાંડુ પકડી લીધું. પોતાના ગુપ્ત માર્ગના મુખ તરફ તે દોડવા માંડ્યો. તેણે કટપ્પાને પણ અંદર લીધો અને જ્યારે તેઓ કૂવામાંથી બહાર નીકળ્યા અને કિલ્લામાં પહોંચી ગયા ત્યારે કટપ્પા બિજ્જલના ભવન તરફ જવા માંડ્યો.

'તું ક્યાં જઈ રહ્યો છે ?' મહાદેવે પૂછ્યું.

'મને મારા માલિક પાસે જવા દો,' કટપ્પાએ આજીજી કરી.

'તારો માલિક ?'

'હા, રાજકુમાર બિજ્જલ.'

'એને હજી તું તારો માલિક માને છે ?'

'એ મને મુક્ત કરે અથવા મારી નાખે ત્યાં સુધી હું એમનો ગુલામ જ રહીશ.'

એને કૂતરાની જેમ રાખતો હતો એ માણસ તેનો માલિક. મહાદેવે ખભા ઊંચા કર્યા અને પોતાના પિતા કે અન્ય કોઈ જવાબદાર વ્યક્તિને શોધવા માટે તે આગળ વધ્યો. એવું કોઈ જે વૈતાલિકોનો હુમલો ખાળી શકે.

૪૨

કેકિ

કેકિ આ ભેટને બિજ્જલના ભવન સુધી લઈ ગયો. રાજકુમાર સ્કંદદાસને પોતાના ભવનમાં આવવાનો હુકમ કરવા ગયો હતો અને તે આવે ત્યારે તેની ભેટ કેકિ તૈયાર રાખવા માંગતો હતો.

બિજ્જલનું ભવન રાજમહેલના જે ભાગમાં હતું તેના મુખ્ય દ્વારે બેઠેલા ઊંઘરેટા ચોકીદારે તેને હાથ હલાવીને અંદર જવા દીધો. કેકિ કાલિકાના અડ્ડાનો કિન્નર હતો અને સૈનિકો તેના ચહેરાથી અને તેના કામકાજથી પરિચિત હતા. એટલે ચોકીદારે દર વખતની જેમ લાંચ લઈને તેને અંદર જવો દીધો. ઝાંખા અજવાળા વાળી પરસાળમાં પોતાનો ભય દબાવીને કેકિ ચાલવા લાગ્યો. તેને પુરુષોનો કદી પણ ભય લાગતો નહીં. તે કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિમાં વાતો કરીને રસ્તો કાઢી શકવાની પોતાની ક્ષમતા પર પૂરો ભરોસો ધરાવતો હતો. પણ માહિષ્મતી જેવા પ્રાચીન રાજમહેલમાં તેને ભય લાગતો હતો, ખાસ કરીને ત્યારે કે જયારે અંધારું હોય અને તે એકલો હોય. તેને અજવાળું, રંગો, સુગંધીદાર અત્તરો અને જીવનની તમામ સારી વસ્તુઓ ગમતી. ઉંદરડા દોડતા હોય તેવા પ્રાચીન રાજમહેલોનું અંધારું અને ભેજ તેને ગમતાં નહીં અને આવી જગ્યાએ રાત્રે ફરવું પણ તેને ગમતું નહીં. પણ તેણે રાજકુમારને વચન આપ્યું હતું. તેના ધંધામાં તો પૂરું કરવામાં આવેલું એક વચન એટલે ભવિષ્ય માટેનું સલામત રોકાણ. અને તેણે રાજકુમારને એવું વચન આપ્યું હતું કે તે રાજકુમારને કશુંક નિષ્કલંક, શુદ્ધ અને કૌમાર્યપૂર્ણ જ આપશે. તે જાણતો જ હતો કે મહામકામની ઉજવણીમાં કામાક્ષી અવશ્ય આવશે અને તેણે એ છોકરીને બિજ્જલના ભવનમાં ખેંચી લાવવાનું અદ્ભુત આયોજન પણ વિચારી રાખ્યું હતું. તેના સદ્નસીબે, હરણ પોતે જ સિંહની બોડમાં ખેંચાઈ આવ્યું હતું. આટલી સરળતાથી તે કામાક્ષીને ઝડપી લેશે એવું તો તેને સપનું પણ નહોતું આવ્યું.

તેણે આપેલી સૂચના મુજબ રાજકુમારે પોતાના ભવનના દ્વારે જે કાયમી સંત્રી હતો તેને ક્યાંક બીજે મોકલી આપ્યો હતો. તેણે પોતાની કંચુકીમાંથી રાજકુમારે આપેલી ભવનની ચાવી શોધી કાઢી અને તાળું ખોલ્યું. રાજકુમારના બિછાના પાસે રાખવામાં આવેલા એક નાનકડા દીવાને કારણે અંધારુ બહુ દૂર થતું નહોતું. કેકિએ હળવેથી બિજ્જલની ભેટ બિછાના પર મૂકી. કામાક્ષીની સુંદરતા પ્રશંસતો તે એકાદ ક્ષણ સુધી તેને જોઈ રહ્યો. રાજકુમારને આ ભેટ બહુ જ ગમવાની હતી.

કેકિએ નિસાસો નાખીને કામાક્ષીના માથા નીચે ઓશીકું સરખું ગોઠવ્યું અને તેને માદક અંદાજમાં સુવડાવી. તેણે પોતાની કમરેથી અત્તરની નાનકડી શીશી કાઢી. આ અત્તરનું તો બિજ્જલ વિશેષ ઇનામ આપશે એમ વિચારીને કેકિએ સ્મિત કર્યું અને ઊંડો શ્વાસ લઈને અત્તરની ઉત્તેજક સુગંધ માણી. પછી તેણે એ અત્તર કામાક્ષીના આખા શરીર પર છાંટ્યું. કામાક્ષી થોડીક સળવળી. થોડીવારમાં તો એ ભાનમાં આવશે અને ત્યારે એક રાજકુમાર તેની

શય્યામાં હશે. કેવી બડભાગી ! કેકિએ કામાક્ષીની કંચુકીની ગાંઠ ખોલી પણ કંચુકી એવી રીતે રાખી કે જેથી તેનાં સંપૂર્ણ સ્તન દેખાય નહીં. પછી અલગ અલગ બાજુએથી તેણે પોતાની કારીગરી નિહાળી અને મનોમન પ્રશંસા કરી. પછી દીવાલ પર લાગેલું ચાબુક લઈને કેકિએ તેની પર પણ અત્તર લગાવ્યું. બિજ્જલને શું પસંદ હતું તે વાત તે સારી રીતે જાણતી હતી અને પોતાના ગ્રાહકોને શ્રેષ્ઠ સેવા પૂરી પાડવાની પોતાની આદત પર તેને ગર્વ હતો. તેણે કામાક્ષીની બાજુમાં, બિછાના પર જ એ ચાબુક મૂક્યું.

પછી કેકિ દ્વાર પાસે ગયો, રાજકુમાર માટે તેણે જે દૃશ્ય તૈયાર કર્યું હતું તેને છેલ્લી વાર નિહાળી લીધું અને મનોમન પોતાની પ્રશંસા કરતાં કરતાં તેણે ધીમેથી દ્વાર બંધ કર્યાં. તાળું મારતી વખતે જ તેને પગલાં સંભળાયાં. તેની કરોડરજ્જુમાંથી એક ધ્રુજારી પસાર થઈ ગઈ. કોઈક આવી રહ્યું હતું. તે અંધારામાં તાકી રહ્યો. પગલાં અટક્યાં અને પાછાં આગળ વધવા માંડ્યાં. અંધારામાંથી એક પ્રેત પ્રગટ્યું અને કેકિનું મોઢું ફાટેલું જ રહી ગયું.

આ તો મરી ગયેલો ગુલામ — કટપ્પા.

કેકિ ભયભીત થઈ ગયો. તેને જેનો ભય હતો તેવું જ બની રહ્યું હતું. આવા પ્રાચીન મહેલોમાં ભૂતપ્રેત ફરતા રહેતા એ વાત તે સારી રીતે જાણતો હતો. તે દોડવા માંડ્યો. પેલું પ્રેત તેના નામની બૂમો પાડી રહ્યું હતું એ તેને સંભળાતું હતું. તે પોતાનો જીવ બચાવીને ભાગ્યો.

૪૩

કટપ્પા

રાજમહેલના જે ભાગમાં બિજ્જલનાં ભવનો હતાં તે ભાગમાં પહોંચવા માટે કટપ્પાએ અંદરની બાજુ આવેલી બે દીવાલો કૂદવી પડી હતી. પછી તેણે નીચેના માળના વરંડામાં એ સીડીઓ પાસે થોડીક વાર રાહ જોઈ જ્યાંથી ઉપરના માળે રાજકુમારનાં અંગત ભવનો, પૂજાનો ઓરડો અને રમતગમતના ઓરડામાં જવાતું. રાજકુમાર સામે હાજર થવા માટે તે હિંમત કેળવી રહ્યો હતો. તેણે થોડીક ક્ષણો આમથી તેમ આંટા માર્યા અને વિચારવા લાગ્યો કે કોઈ ચોકીદારો, સંત્રીઓ કેમ હાજર નથી ? શું રાજકુમારે પોતાની સૂવાની જગ્યા બદલી કાઢી છે ? અચાનક તેને એમ લાગ્યું કે તેણે ઉપરના માળેથી કોઈ અવાજ સાંભળ્યો. એટલે એ ઉપર દોડી ગયો. તે પોતાના માલિકના ભવનના દ્વારે પહોંચવામાં જ હતો કે તેને એમ લાગ્યું કે કોઈ દોડ્યું અને પેલા ખૂણેથી વળીને બીજી બાજુ ગયું. તે એ માણસ પાછળ દોડ્યો અને તેને ઊભો રાખવા બૂમો પાડવા માંડ્યો પણ તે જ્યારે ખૂણા સુધી પહોંચ્યો ત્યાં સુધીમાં તો એ માણસ અદૃશ્ય થઈ ગયો હતો.

તે ભવનના દ્વારે પાછો ફર્યો. દ્વાર પર તાળું મારેલું હતું. તેનો માલિક કદાચ ઉજવણીમાં બેઠો હશે. તેણે રાજકુમારની શોધમાં જવાનું વિચાર્યું પણ એ બહુ જોખમી બની રહે તેમ હતું. એ કદાચ પકડાઈ જાય અને પછી તે કદાચ એવી પરિસ્થિતિમાં મુકાઈ જાય કે જ્યારે તેના માલિકને સૌથી વધારે જરૂર હોય, ત્યારે જ તે તેમની સેવા કરવા હાજર રહી શકે નહીં. આમ પણ બહુ મોડું થઈ ગયું હતું અને રાજકુમાર આરામ કરવા માટે ગમે ત્યારે આવી ચડે એમ હતું. રાજકુમાર આવે ત્યારે તેના પગ પકડી લઈને તે માફી માંગશે. તેનો માલિક તેને જે સજા ફરમાવે તે ભોગવવા તે તૈયાર હતો. પણ તે કદી પણ પોતાના માલિકને છોડીને હવે ક્યાંય જશે નહીં. પોતાના માલિક સૂતા હશે ત્યારે તે બહાર ઊભો રહીને પોતાના માલિકના અમૂલ્ય જીવનનું રક્ષણ કરશે. કોઈ વૈતાલિક કદી પણ પોતાના માલિકને નુકસાન પહોંચાડી શકશે નહીં.

કટપ્પા બહાર મૂકેલા એક શાહી પગલૂછણિયા પર બેસી ગયો અને પોતાના માલિકના પાછા ફરવાની રાહ જોવા માંડ્યો. થોડીવારમાં તેના મનમાં એક અસુખ જન્માવતી યાદ તાજી થઈ. કૂતરા માટે સારી જગ્યા છે . શિવપ્પાના શબ્દો. જોકે આવા વિચારો તેને જરા પણ મદદરૂપ થવાના નહોતા. તેણે વિચારો દબાવી દેવાનો પ્રયત્ન કર્યો પણ ન પચેલા ભોજનની જેમ એ વિચાર ફરી-ફરી તેના મનમાં પાછો આવતો રહ્યો. કટપ્પાનો ક્રોધ સાતમા આકાશ સુધી પહોંચ્યો અને તેને ખ્યાલ આવ્યો કે દેશદ્રોહ એ તેના ભાઈ શિવપ્પાનો મોટામાં મોટો ગુનો નહોતો. કટપ્પા જેવા માણસના નિર્દોષ વિચારો પ્રદૂષિત કરી દેવા એ તેનો સૌથી મોટો ગુનો હતો. કટપ્પાએ પ્રતિજ્ઞા લીધી કે એ પોતાના રસ્તો ભટકી ગયેલા ભાઈ જેવા વિચારો કદી પણ નહીં કરે. એ તો પોતાના પિતાના ડગલે જ આગળ વધવાનો હતો અને સગર્વ માહિષ્મતીના

રાજપરિવારનો ગુલામ બની રહેવાનો હતો. એ તેમના માટે જ જીવશે અને તેમના માટે જ મરશે. તેના પિતા હંમેશાં કહેતા કે જો પોતાના બાપ અને રાજા વચ્ચે પસંદગી કરવાની હોય, તો એક સારો ગુલામ હંમેશાં રાજાને પસંદ કરે અને પોતાના બાપને વાઢી નાખે. એ જ તેનો ધર્મ હતો.

કટપ્પા રાહ જોતો રહ્યો.

૪૪

સ્કંદદાસ

બૂમો પાડી પાડીને સ્કંદદાસનું ગળું બેસી ગયું હતું. પેલા રીંછને શાંત પાડીને ટોળાને નિયંત્રણમાં લાવવામાં ઘણો સમય વીતી ગયો હતો. તેને રાહત એ વાતની હતી કે આ ખલેલ છેક આગળ સુધી પહોંચી નહોતી. જો મહારાજાના મનોરંજનમાં ભંગ પડ્યો હોત તો તેના માટે ખરેખર નીચાજોણું થાત.

સૈનિકો રીંછને દોરડા વડે બાંધીને મહાપ્રધાન સુધી ઘસડી લાવ્યા. રીંછની પાછળ પાછળ રીંછ નચાવનાર પણ આવ્યો. તેને બે સૈનિકોએ પકડી રાખ્યો હતો અને તે એ બંનેની પકડમાંથી છૂટવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

'પતાવી દઉં ?' એક સૈનિકે પોતાની તલવાર રીંછના ગળા પર મૂકીને પૂછ્યું. તે જરાક હાથ હલાવે તો રીંછ અને તેનો માલિક બંને મરી જાય તેમ હતા. સ્કંદદાસે રીંછ સામે જોયું. રીંછની આંખમાં તેને કોઈ ક્રૂરતા દેખાઈ નહીં. એ રીંછની પાસે ગયો તો રીંછ દયાભરી નજરે તેની સામે તાકી રહ્યું. તેના સૈનિકો તેની સામે જ જોઈ રહ્યા હતા. તેઓ અંદર અંદર એકબીજા સાથે વાતો કરી રહ્યા હતા તે પણ તેને સંભળાતું હતું. એ લોકો આ રીંછને મારી નાખવાના હુકમની આશા રાખીને ઊભા હતા. જો તે રીંછને જીવતું રાખશે, તો એ લોકો તરત જ આ વર્તનને તેની જાતિ સાથે જોડી કાઢશે. અને શહેરમાં તેના નામનો બીજો એક ટુચકો ઉમેરાઈ જશે. તેણે કદાવર રીંછ પાસે બેસીને પોતાનો હાથ લંબાવ્યો. રીંછે એ હાથ એકાદ ક્ષણ સુધી સૂંઘ્યો અને પછી તેને ચાટવા માંડ્યો. સ્કંદદાસે તેને થોડીકવાર પોતાનો હાથ ચાટવા દીધો અને પછી પોતાના બીજા હાથ વડે તેણે તેની પીઠ પસવારી. કેટલું શાંત પ્રાણી છે આ ! તો પછી એ આટલું ઉશ્કેરાયું કેમ હશે ? તે રીંછની કાળા ભરાવદાર વાળવાળી પીઠ પર હાથ ફેરવતો હતો ત્યારે તેની આંગળીને ક્યાંક ચીકણાશ અનુભવાઈ. તેણે પોતાની આંગળીઓનાં ટેરવાં ઘસીને સૂંઘ્યા. તેને ખ્યાલ આવી ગયો કે એ લોહીની ગંધ હતી. રીંછને ઘાયલ કરવામાં આવ્યું હતું. કોઈકે રીંછની પીઠમાં સહેતુક છરો માર્યો હતો. અચાનક જ તેના મજગમાં વીજળી જેવો ઝબકારો થયો. પેલા ઢોલીઓ ક્યાં છે ? આ રીંછનો ઉપયોગ તો ધ્યાન હટાવવા થયો હતો. તેને મૂર્ખ બનાવવામાં આવ્યો હતો.

'ઝડપથી ટોળામાં શોધ કરો. જે કોઈ ઢોલી દેખાય તેને પકડીને મારી પાસે લાવો.'

રીંછની ગરદન પર તલવાર મૂકનાર સૈનિકે પ્રહાર કરવા માટે તલવાર ઊંચી કરી.

'ના, એને કશું કરશો નહીં. રાજવૈદ્યને બોલાવીને તેના ઘાવ પર પાટાપિંડી કરાવો. તે ઘાયલ છે,' તેણે કહ્યું. બીજા લોકો હસતા પણ એના કારણે કોઈ મૂંગા પ્રાણીનો જીવ શા માટે લેવો એમ તેણે વિચાર્યું અને તેણે ફરી વાર રીંછની પીઠ પસવારી. લોકો તો આખું જીવન તેની પીઠ પાછળ તેની મજાક ઉડાવતા રહ્યા છે અને હસતા રહ્યા છે. એટલે એવી એક બીજી ઘટના બને તેનાથી એને કંઈ ફર્ક પડવાનો નહોતો. પેલો સૈનિક રીંછને લઈ જઈ રહ્યો હતો તે દૃશ્ય તે

જોઈ રહ્યો. તેને મનોમન વિચાર આવ્યો કે તેણે બતાવેલી દયા બદલ રીંછ એક વાર પાછળ ફરીને જુવે તો સારું પણ એ તો બિચારું ચૂપચાપ સૈનિકની પાછળ ચાલતું હતું. તે રીંછના માલિકની દિશામાં ફર્યો, 'અને તારે તો ઘણા જવાબ આપવાના છે.'

એ જ સમયે કોઈકે સ્કંદદાસના ખભાનો સ્પર્શ કર્યો અને સ્કંદદાસ ચિડાઈને ફરી વાર અવળો ફર્યો. 'રાજકુમાર બિજ્જલ,' તેણે ઉદ્ગાર કાઢ્યો અને જાણે પછી વિચાર આવ્યો હોય તેમ તેણે બિજ્જલને વંદન પણ કર્યાં.

'મારે કંઈક અગત્યની વાત કરવી છે, મહાપ્રધાન,' રાજકુમારે કહ્યું.

સ્કંદદાસને ગુસ્સો આવ્યો. 'રાજકુમાર, શું આપણે કાલે વાત કરી શકીએ ? એક મહત્ત્વની બાબત પર મારે અત્યારે જ ધ્યાન આપવું આવશ્યક છે.'

બિજ્જલ અદબ વાળીને ઊભો રહ્યો અને મહાપ્રધાનને તાકી રહ્યો. 'ગૌરીધૂળીની વાત છે,' તેણે કહ્યું.

સ્કંદદાસ બિજ્જલ સામે આઘાતભરી નજરે જોઈ રહ્યો. તેણે આસપાસ નજર ફેરવીને ખાત્રી કરી લીધી કે કોઈએ ગૌરીધૂળી શબ્દ સાંભળ્યો નથી. રાજકુમારને એ વાતની જાણ કઈ રીતે થઈ ? રાજકુમારને યુવરાજ જાહેર કર્યા પછી જ આવી માહિતી આપવામાં આવતી હોય છે.

'તમારે એ ચર્ચા અહીંયાં જ કરવી છે કે આપણે તમારા ભવનમાં જઈએ ?' મહાપ્રધાનની આંખોમાં આંખો પરોવીને બિજ્જલે કહ્યું.

સ્કંદદાસને રાજકુમારની બોલવાની ઢબ ગમી નહીં. એ કાર્યશાળામાંથી ગૌરીધૂળી લઈ આવ્યો છે એ વાતની રાજકુમારને જાણ છે ? એવી કોઈ કાર્યશાળાની પણ રાજકુમારને જાણ છે ખરી ? સ્કંદદાસને ગુસ્સો અને નિરાશા એક સાથે ઊપજતી હતી. શું બોલવું તે તેને સૂઝતું નહોતું.

'સલામતી વ્યવસ્થામાં એક ગાબડું પડ્યું છે, રાજકુમાર બિજ્જલ. કેટલાક ઢોલીઓ દ્વાર પર તપાસ કરાવ્યા વિના જ અંદર પ્રવેશી ગયા છે,' સ્કંદદાસે કહ્યું.

'એ તમારી અસક્ષમતાનો પુરાવો છે. પણ મને લાગે છે કે એ તમારી સમસ્યાઓમાંની સૌથી નાની સમસ્યા છે. તમારે હજુ તો ઘણી બધી વસ્તુઓના જવાબ આપવાના છે,' બિજ્જલે કહ્યું.

સ્કંદદાસ બિજ્જલને તાકી રહ્યો. તેણે પોતાની મુઠ્ઠી વાળી. રાજકુમારે તેનું અપમાન કર્યું હતું. રાજકુમારે તેની ક્ષમતા પર સવાલ ઉઠાવ્યો હતો. તેમ છતાં તેણે એ વાત જાણવી જરૂરી હતી કે રાજકુમાર કાર્યશાળા વિષે કેટલું જાણે છે. 'ઠીક છે, રાજકુમાર,' છેવટે તેણે કહ્યું. 'ચલો તમારા ભવનમાં જઈને આ ચર્ચા કરીએ. મને વિશ્વાસ છે કે હું તમને બધા જ ખુલાસા આપી શકીશ.'

બિજ્જલ હચમચી ગયો. તેણે આવા જવાબની આશા નહોતી રાખી. તેમનું આયોજન એ રીતે નહોતું થયું. તેણે સ્કંદદાસને તેના ભવનમાં લઈ જવાનો હતો, પોતાના ભવનમાં નહીં.

'ના, આપણે તમારા ભવનમાં જઈશું,' રાજકુમારે કહ્યું.

તેના અવાજમાં આવેલા ફેરફારને કારણે સ્કંદદાસના મગજમાં ચેતવણીની ઘંટડીઓ વાગવી શરૂ થઈ ગઈ. 'શા માટે ? આપનું ભવન પાસે જ છે. જો તમારે વાત જ કરવી હોય, તો આપણે ત્યાં સારી રીતે વાત કરી શકીશું,' કહીને સ્કંદદાસે પોતાની ભ્રમરો ભેગી કરીને પોતાની શંકા દર્શાવી.

'ના, અત્યારે મારા ભવનમાં જઈ શકાય એમ નથી,' બિજ્જલે કહ્યું.

'કેમ નહીં, રાજકુમાર ?' મહાપ્રધાને પૂછ્યું.

યોગ્ય ખુલાસો શોધી કાઢવા માટે બિજ્જલે માથું કસવા માંડ્યું. પત્તરાયે આવી સમસ્યા ઊભી થાય તો શું કરવું તેમ નહોતું જણાવ્યું એ બદલ તેને પત્તરાય પર ગુસ્સો પણ આવ્યો. ભાડમાં જાય પત્તરાય. હવે તે આ કામ પોતાની રીતે જ કરશે.

બિજ્જલની આંખોમાં ગુસ્સો ઝબકી ગયો. 'એ જાણવાની તમારે કોઈ જરૂર નથી. હું તમને ક્યાંક આવવાનો હુકમ ફરમાવું એટલે તમારે આવી જવાનું. હું હવે એકવીસ વર્ષનો થઈ ગયો છું અને મારા હુકમ સામે પ્રશ્નો ઉઠાવવાનો તમને કોઈ જ અધિકાર નથી. પરંપરા મુજબ શું થવું જોઈએ તેની મને પરવા નથી. જો કોઈ પ્રાચીન પુસ્તકમાં એમ લખ્યું હોય કે જ્યાં સુધી માહિષ્મતીના રાજકુમારને યુવરાજ ઘોષિત ન કરવામાં આવે ત્યાં સુધી મહાપ્રધાન તેનાથી ઉપર ગણાય, તો મને એવી કોઈ પરવા નથી. તમારા રીતિરિવાજો ભાડમાં જાય. થોડાક દિવસોમાં આમ પણ મને યુવરાજ ઘોષિત કરવાનો જ છે. પછી જો હું હુકમ કરીશ તો તમારે મારી ભડવાગીરી પણ કરવી પડશે, અભિમાની રીંછ નચાવનારા.'

પોતાના વધી રહેલા ક્રોધને સ્કંદદાસે માંડ નિયંત્રણમાં રાખ્યો. રાજકુમાર અને મહાપ્રધાનનો આ ઝઘડો જોવા માટે આસપાસ ટોળું જમા થઈ રહ્યું હતું. મહાપ્રધાનને ભય એ વાતનો હતો કે રાજકુમાર ગૌરીધૂળી વિષે કંઈક મૂર્ખામીપૂર્ણ વાત કરશે.

'ઠીક છે, આપની મરજી. આપણે મારા ભવનમાં જઈશું,' સ્કંદદાસે નિસાસો નાખીને કહ્યું. બિજ્જલના હોઠ પર એકદમ ઝડપથી આવી ગયેલું સ્મિત સ્કંદદાસે નોંધ્યું. સ્મિત તો આવ્યું એવું જ જતું રહ્યું પણ તેના કારણે સ્કંદદાસ બરોબર સચેત થઈ ગયો. રાજકુમારની પાછળ જતા જતા તેણે આ કોયડો ઉકેલવાનો પ્રયત્ન કર્યો.

પોતે જે કર્યું છે એની જાણ સ્કંદદાસને કઈ રીતે થઈ હશે ? જોકે મારે આ રીતે કંઈક ખોટું કર્યાની લાગણી શા માટે અનુભવવી જોઈએ ? મેં તો કંઈક સારું કરવાના આશય સાથે જ એ પગલું ભર્યું છે. તો પછી એ રહસ્ય ખુલ્લું કોણે પાડ્યું હશે ? અચાનક જ તેના મગજમાં તેનો જવાબ આવી ગયો. રૂપકા ! અચાનક જ તમામ પ્રશ્નોના જવાબ મળી ગયા.

રૂપકાએ જ પેલા ચોર નાગૈયાને કાર્યશાળાની છતમાંથી પથ્થર લઈને ભાગવામાં મદદ કરી હશે. મહાપ્રધાન અને મહારાજા સિવાય માત્ર રૂપકા એક જ એવો માણસ હતો જે કાર્યશાળાના ગુલામો અને બહારના જગત, એમ બંને જગ્યાએ સંપર્ક ધરાવતો હતો. તે સરળતાથી કોઈ મૂર્ખ ગુલામનો સંપર્ક કરીને તેને લલચાવી શક્યો હશે. તેણ પૂર્વ મહાપ્રધાન પરમેશ્વર પાસે રહેતી ચાવી ચોરીને ભરતીના સમયમાં કાર્યશાળાની છતમાં રહેલો દરવાજો ખોલીને એ ગુલામને ભગાડ્યો હશે. આ કાર્યશાળા સાથે સંકળાયેલા મોટાભાગના લોકો તો એમ જ માનતા હતા કે છતમાં રહેલા દરવાજાનો ઉપયોગ જરૂર પડ્યે કાર્યશાળા ડુબાડવા માટે જ કરવાનો છે, પણ તેનો સાચો ઉપયોગ ભાગ્યે જ કોઈ જાણતું હતું. એ ખાનગી દરવાજા વાટેથી જ ગૌરીકાંતા પથ્થરો અંદર લાવવામાં આવતા હતા. મહામકામના થોડા દિવસો પછી અમુક ડૂબકી મારનારા લોકો જેને વિસર્જિત કરવામાં આવતી હતી એ કાલિની મૂર્તિમાંથી ગૌરીકાંતા પથ્થરો લઈ આવતા અને તેને આ ખાનગી દરવાજાના માર્ગે જ કાર્યશાળામાં લાવવામાં આવતા હતા. તે પોતે મહાપ્રધાન બન્યો ત્યાં સુધી તેને પણ આ કાર્યશાળાના અસ્તિત્વ કે તેના કામ વિષે જરા પણ માહિતી નહોતી.

આખી પ્રણાલીની સુરક્ષા વ્યવસ્થામાં કેટલું મોટું ગાબડું છે એ વિચાર આવતાં સ્કંદદાસ નિરાશ થઈ ગયો. જ્યારે કાર્યશાળાનું નિર્માણ કરવામાં આવ્યું ત્યારે ભરતી અને ઓટ બંને

સમયે કાર્યશાળાની ઉપર પાણી જ વહેતું હતું. હવે નદીનો પ્રવાહ બદલાયો હતો એટલે પહેલાંની જેમ આ ખાનગી દરવાજો નદીના પ્રવાહની વચ્ચોવચ રહ્યો નહોતો. એ સલામતી પ્રણાલીની પહેલી ચૂક હતી. બીજી ચૂક એ હતી કે એ દરવાજો બહારથી, નદીના તળિયેથી તો ખૂલતો જ હતો પણ તે અંદરથી પણ ખૂલી શકે એવી ચાવી હતી. તે છેલ્લે જ્યારે કાર્યશાળામાં ગયા ત્યારે તેણે આ ચૂક સુધરાવી લીધી હતી. તેણે ગુલામો પાસે જ એ દરવાજો અંદરથી કાયમ માટે બંધ કરાવી દીધો હતો. દરેક મહામકામના સમયે તે લોકો એ દરવાજો અંદરથી તોડી કાઢે અને ફરી વાર પહેલાંની જેમ બંધ કરી દે એ શક્ય જ હતું. એટલે હવે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું હતું કે જો કોઈએ એ દરવાજો ખોલવો હોય, તો બહારથી ખોલવા માટે ચાવી જોઈએ અને અંદરથી એ જ સમયે લોખંડનું જાડું પતરું કાપવા માટે માણસો પણ જોઈએ. તેમાં નુકસાન માત્ર એક જ હતું કે જો શત્રુ હુમલો કરે તો એ વખતે આ કાર્યશાળાનો નાશ કરવો શક્ય નહોતો. પણ માહિષ્મતી પર હુમલો કરીને તેની પર કોણ વિજય મેળવવાનું હતું ? માહિષ્મતીને બહારથી ચડી આવતા શત્રુઓ કરતાં વધારે તો તેના ભ્રષ્ટ અધિકારીઓની ચિંતા કરવાની જરૂર હતી. એટલે સ્કંદદાસ એટલું જોખમ ઉઠાવવા તો તૈયાર જ હતો.

પોતાના ભવનમાં પહોંચ્યા પછી તેને કંઈક અજુગતું લાગવા માંડ્યું. ભવનોની સુરક્ષા માટે તેણે ઘણા બધા દંડકારો ગોઠવ્યા હતા પણ અત્યારે એ બધી જગ્યાઓ ખાલીખમ લાગતી હતી. કદાચ એ લોકો કલાકારોના કાર્યક્રમો જોવા માટે બહાર સરકી ગયા હશે. આવતી કાલે સવારે એ બધાને જરા ખખડાવીશ એમ તેણે મનોમન નક્કી કરી લીધું. પણ કોઈ મશાલ સળગતી કેમ નહોતી ? પોતાના ભવનની પાસે પહોંચતાં તો તે થીજી ગયો. શું કોઈ દરવાજો બંધ થતો તેને સંભળાયો ?

અચાનક જ તેને ખ્યાલ આવ્યો — એ કોઈ છટકામાં ફસાવા જઈ રહ્યો હતો. એટલે જ બિજ્જલ એવો આગ્રહ કરી રહ્યો હશે કે તેમણે બીજે ક્યાંય નહીં પણ સ્કંદદાસના ભવનમાં જ વાત કરવી. કોઈક તેના ભવનમાં હાજર હતું. અંદર કોઈક તેની પ્રતીક્ષા કરી રહ્યું હતું. એવું કોઈ જે જાણતું હતું કે તેણે સુરક્ષાના નિયમોનો એકવાર ભંગ કર્યો છે અને ગૌરીધૂળી કાર્યશાળાની બહાર લઈ ગયો છે. કદાચ એ માહિતીનો ઉપયોગ કરીને તેની પાસેથી કોઈ કામ કઢાવવાની તેમની ગણતરી હશે. તેના ગુપ્તચરોએ તેને એટલી માહિતી તો અવશ્ય આપી હતી કે બિજ્જલે કાલિકાના અડ્ડે ઘણું દેવું કર્યું છે પણ તેણે તો એ અડ્ડાનો જ નાશ કરી નાખ્યો હતો. કદાચ કોઈ દલાલો રાજકુમારને હેરાન કરી રહ્યા હશે અને રાજકુમાર આવી રીતે રસ્તો કાઢવા માંગતો હશે. કદાચ રાજકુમાર અને રૂપકા મળી ગયા હોય.

જો એ લોકો તેની પર દબાણ લાવવાનો પ્રયત્ન કરશે તો પોતે એ બંનેને જ ફસાવી દેશે. એ એવો દેખાવ કરશે કે એ ડરી ગયો છે અને તેમની શરતો માનવા તૈયાર છે. પછીથી એ મહારાજાને માહિતી આપી દેશે અને એ બંનેને સજા થશે. અને તેનાથી રાજકુમાર બિજ્જલનું માહિષ્મતીના યુવરાજ બનવાનું સપનું પણ રોળાઈ જશે. આ પહેલાં પણ રાજાઓએ મોટા પુત્રને પસંદ ન કરતાં નાના પુત્રને રાજા બનાવવાનું પસંદ કર્યું હોય એવાં ઘણાં ઉદાહરણો હતાં. મહાદેવ એકદમ નિર્દોષ અને ભોળો હતો પણ સારા હૃદયનો નબળો રાજા ક્રૂર હૃદયના મૂર્ખ રાજા કરતાં તો ઘણો સારો. મહાદેવને તો ઘડી શકાય એમ હતો. સ્કંદદાસને મનોમન એમ પણ વિચાર આવ્યો કે તે નાના રાજકુમાર મહાદેવનું ઘડતર પોતે જ કરશે અને એ વિચારને કારણે તેના ચહેરા પર સ્મિત પણ ફરકી ગયું. જેમ પરમેશ્વરે મહારાજ સોમદેવને ઘડ્યા હતા, તેમ જ તે પણ કરી શકશે. ના, એ પોતાના પુરોગામી કરતાં પણ વધારે સારું કામ કરી બતાવશે. પરમેશ્વરથી વિપરીત, પોતે તો બહુ જ સામાન્ય પરિસ્થિતિમાંથી આગળ આવેલો માણસ હતો.

એટલે એ રાજકુમાર મહાદેવને સામાન્ય લોકો પ્રત્યે વધારે સહાનુભૂતિ અને દયા રાખવાનું શીખવી શકશે. અને મહાદેવનો સ્વભાવ આમ તો સારો જ છે એટલે એ અવશ્ય સારો રાજા જ બનશે અને ઇતિહાસ સ્કંદદાસનો જયજયકાર કરશે. ઇતિહાસમાં એમ લખાશે કે એક ગરીબ રીંછ નચાવનારનો છોકરો મહાપ્રધાન બન્યો અને મહાન સમ્રાટનો ગુરુ પણ બન્યો. તે એક નવા ચંદ્રગુપ્તનો ચાણક્ય બની રહેશે. આ વિચારને કારણે તેના ચહેરા પર ફરીવાર સ્મિત આવ્યું. એ આજે રાત્રે આ મૂર્ખાઓને અવશ્ય પાઠ ભણાવશે.

એ પોતાના ભવનથી થોડાંક જ હાથ દૂર હતો કે એક બીજી વસ્તુ પણ તેની સમજમાં આવી ગઈ. થોડીક ક્ષણો પહેલાં તેણે જે અવાજ સાંભળ્યો હતો, કંઈક બંધ થવાનો અવાજ, એ તેના મેજનું ખાનું બંધ થયાનો અવાજ જ હોવો જોઈએ. હે ભગવાન ! એ વિચારથી સ્કંદદાસનું લોહી થીજી ગયું. કોઈક તેના ભવનમાં કંઈક શોધી રહ્યું હતું. અવશ્ય ગૌરીધૂળી જ શોધાઈ રહી હશે. રૂપકા તો ગૌરીધૂળી શોધ્યા વિના પણ તેના પર સરળતાથી દબાણ લાવી શકે તેમ હતો. તેણે તો માત્ર કાર્યશાળાના ગુલામોને જ સાક્ષી તરીકે બોલાવવાની જરૂર પડે તેમ હતી. મતલબ કે તેના ભવનમાં બીજું કોઈ હતું. એવું કોઈ જે ગૌરીધૂળી વિષે જાણતું હતું અને જેને ગૌરીધૂળી જોઈતી પણ હતી. એટલે આ છટકું મૂર્ખ રાજકુમાર અને ભ્રષ્ટ અધિકારીએ ગોઠવેલું છટકું નહોતું. એ એનાથી પણ કંઈક ભયંકર હતું. પોતે મૂર્ખામીપૂર્વક યશસ્વી ભવિષ્યનાં સપનાં જોઈ રહ્યો હતો અને કાચા કાનના માણસની જેમ છેતરાઈ જવાની અણી પર જ હતો.

એક પણ શબ્દ બોલ્યા વિના સ્કંદદાસે પોતાની ચાલ ધીમી કરી દીધી. બિજ્જલને થોડીક ક્ષણો પછી ખ્યાલ આવ્યો કે સ્કંદદાસ તેની બાજુમાં નથી. એણે જ્યારે અવળા ફરીને જોયું તો એ લોકો જે રસ્તેથી આવ્યા હતા તે રસ્તે જ સ્કંદદાસ પાછો જઈ રહ્યો હતો. બિજ્જલ તેની પાછળ દોડ્યો.

'એય, એય, તમે ક્યાં જઈ રહ્યા છો ?'

'મહારાજા પાસે. આપે જે કંઈ પણ ચર્ચા કરવી હોય, તે મહારાજા સામે કરજો.'

બિજ્જલે સ્કંદદાસનો હાથ પકડ્યો. 'તું હવે ક્યાંય જવાનો નથી.'

સ્કંદદાસે બિજ્જલના હાથ સામે જોયું અને શાંતિથી પોતાની મુઠ્ઠી ખોલી. 'આપણે સવારે વાર કરીશું, રાજકુમાર. અત્યારે મારે મારું કામ કરવાનું છે.'

અચાનક, અંધારામાં સંતાઈને ઊભેલા ત્રણ માણસો તેની સામે પ્રગટ થયા. 'મહત્ત્વનાં કામોમાં વિલંબ કરવાનું અમને જરા પણ ગમતું નથી, સ્કંદદાસ,' એક જાડી આકૃતિએ ધીમા અવાજથી કહ્યું.

'પત્તરાય,' સ્કંદદાસે સાશ્ચર્ય કહ્યું.

'આપની સેવામાં, મહાપ્રધાન.' પત્તરાયે આગળ વધીને નાટકિયા અંદાજમાં નમન કરતાં કહ્યું. તેની પાછળ પ્રતાપ અને રૂદ્ર ભટ્ટ ઊભા હતા. સ્કંદદાસે પાછળ ફરીને જોયું તો બિજ્જલે પોતાની તલવાર ખેંચી કાઢી હતી અને તેની ધાર પર તે પોતાની આંગળી ફેરવી રહ્યો હતો.

પત્તરાયે પોતાનો જાડો હાથ સ્કંદદાસના ખભા પર મૂક્યો અને બોલ્યો, 'જો આ વાત આપણે આપણી વચ્ચે જ રાખીએ તો વધારે સારું રહેશે. તમારું શું કહેવું છે, પ્રતાપ, રૂદ્ર ભટ્ટ ? આપણા મહાપ્રધાન એટલા દયાળુ તો અવશ્ય છે કે તે આપણને તેમના ભવનની અંદર આવવા આમંત્રણ તો આપશે. સ્વામી, કૃપા કરીને દરવાજો ખોલો.'

પત્તરાય અને પ્રતાપ સ્કંદદાસને તેના ભવનના દ્વાર સુધી લઈ ગયા. મહાપ્રધાને ધ્રૂજતા

હાથે ભવનનાં દ્વાર ખોલ્યાં અને મનોમન તે વિચારતો રહ્યો કે જો આ લોકો બહાર તેની રાહ જોઈ રહ્યા હતા તો થોડીક ક્ષણો પહેલાં તેના મેજનું ખાનું કોણે ખોલ્યું અને બંધ કર્યું હશે ?

૪૫

શિવપ્પા

શિવપ્પાએ કામાક્ષીને ચાલી જતી જોઈ અને તેનું મન ભાંગી પડ્યું હતું. પહેલાં તો તેને કામાક્ષીના વર્તન પર બહુ જ ગુસ્સો આવ્યો હતો. એને આ કાર્યની મહત્તા કેમ નહીં સમજાતી હોય ? એનું જીવન અત્યારે જોખમમાં હતું અને કામાક્ષીને માત્ર મધુરા મિલનની જ પરવા હતી. પણ એ જતી રહી ત્યાર પછી શિવપ્પાના મનમાં કંઈક ખોટું કર્યાની લાગણી ઊભરાવા માંડી અને થોડીવારમાં તો એ દોષની લાગણીમાં ડૂબી ગયો.

તેણે કામાક્ષીને કશું ચોક્કસ નહોતું કહ્યું. તેણે તો માત્ર એટલું જ કહેવડાવ્યું હતું કે કામાક્ષીએ આ દિવસે તૈયાર રહેવું અને કદાચ એ બહુ મોટાં સપનાં લઈને આવી હશે. સાથે રહેવાનાં સપનાં, પરિવાર બનાવવાનાં સપનાં, ગુલામીવાળું નહીં પણ મુક્ત જીવન જીવવાનાં સપનાં, કોઈ દૂરની ભૂમિમાં જઈને પતિ-પત્ની તરીકે જીવવાના સપના, આસપાસ રમી રહેલાં ઘણાં બધાં બાળકોનાં સપનાં. આ સપનાંઓ તેમણે સાથે જોયેલા. એ તેમની બંનેની ઇચ્છા હતી અને તેમના પ્રેમનો મુકામ હતો. તેમના પ્રેમના વિચારોની સામે આ બધા ક્રાંતિના વિચારો, વૈતાલિકોના સ્વાતંત્ર્યના વિચારો, ગૌરી પર્વત — બધું જ મૂર્ખામીપૂર્ણ લાગતું હતું, રંગીન જુઠ્ઠાણાં સમાન લાગતું હતું. શિવપ્પા માટે કામાક્ષીથી વધારે કીમતી કશું જ નહોતું.

એટલે શિવપ્પાએ તેની પાછળ પાછળ ટોળામાં લપાતા-છુપાતા જવા માંડ્યું. એ કામ બહુ અઘરું હતું અને ઘણીવાર તો કામાક્ષી તેને દેખાતી બંધ પણ થઈ જતી. પછી તેણે જોયું કે એ ઊંઘતા સંત્રી પાસે થઈને બગીચામાં ગઈ. બગીચાના બીજા છેડે એ સંકુલ હતું જેમાં ઘણાબધા અધિકારીઓનાં ભવન હતાં પણ અત્યારે તો એ બધા બંધ જ હોવાના. એ થીજી ગયો. ભૂતરાયના આયોજન મુજબ એ જ્યાં હોવો જોઈતો હતો ત્યાંથી એ ઘણો દૂર આવી ગયો હતો.

શિવપ્પાને ખ્યાલ હતો કે ગમે ત્યારે છઠ્ઠો ઘંટ વાગશે. એ સમયે જ આક્રમણ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પછી જ્યારે ઘંટ વાગે ત્યાં સુધીમાં તેમણે ગુપ્ત રીતે રાજા સુધી પહોંચી જવાનું હતું પણ શિવપ્પા તો તેની વિરુદ્ધ દિશામાં આગળ વધી રહ્યો હતો. હવે તેને ગળે લટકાવેલ ઢોલનું વજન લાગવા માંડ્યું હતું. ઢોલની અંદર ઉરુમી તલવાર ગૂંચળું વળેલા નાગની જેમ પડી હતી. તેણે તો માત્ર એ તલવાર બહાર કાઢીને ચાબુકની જેમ વીંઝવાની હતી. પછી તેના સાથીઓ દરેક દિશામાંથી આવીને મંચ પર ચડી જઈને મહારાજા સોમદેવનું માથું વાઢી નાખવાના હતા. એના બદલે એ તો પોતાની પ્રેમિકાને શોધવા નીકળી પડ્યો હતો. પોતાની ફરજ ચૂકી જવા બદલ તેના મનમાં બહુ જ ખરાબ વિચારો આવવા લાગ્યા. પણ પછી તેણે વિચાર્યું કે એ તો ક્રાંતિના મોટા ચક્રનો એક નાનકડો હિસ્સો હતો. એનું કોઈ જ મહત્ત્વ નહોતું. એ લોકો તેના વિના પણ લડી લેશે. જ્યારે કામાક્ષીની એક માત્ર આશા તે પોતે જ હતો.

તે બગીચાના દરવાજા સુધી ચાલતો ગયો. ત્યાં સુધીમાં ઝોકાં ખાતો સંત્રી જાગી ચૂક્યો હતો અને એક બીજો સંત્રી પણ તેની સાથે જોડાઈ ગયો હતો. ત્યાં જવા માટે શિવપ્પા માટે કોઈ જ બહાનું નહોતું. એ તો અત્યારે બીજા છેડે આદિવાસીઓ, ગુલામો અને અસ્પૃશ્યો સાથે હોવો જોઈતો હતો. બંને સંત્રીઓ તેની સામે શંકાશીલ નજરે જોઈ રહ્યા અને તેને જે રસ્તે આવ્યો હતો, તે રસ્તે જ પાછા ફરી જવાનું કહ્યું. શિવપ્પા હવે જીવ પર આવી ગયો હતો. તેણે ગમે તેમ કરીને કામાક્ષીને તો શોધવી જ રહી. એટલામાં જ એક સંત્રીએ તેને ધક્કો મારીને પાછા જવાનો હુકમ કર્યો. તેનો હાથ પોતાના ઢોલ પર ગયો. એ જ સમયે રાજકુમાર મહાદેવ તેમની દિશામાં આવી રહ્યાનું તેને દેખાયું.

'શિવપ્પા !'

શિવપ્પાને જેટલો આઘાત ઓળખાઈ જવાનો લાગ્યો હતો તેટલો જ આઘાત રાજકુમારને તેને જોઈને લાગ્યો હતો. એક ક્ષણ સુધી બંને જણા એકબીજાને જોતા ઊભા રહ્યા. બંને એટલા આશ્ચર્યચકિત હતા કે કોઈ હલી શક્યું નહીં. એ આશ્ચર્યમાંથી પહેલો બહાર આવ્યો શિવપ્પા. એક મુક્કો મારી તેણે ઢોલ ફાડી નાખ્યું અને તેમાંથી ઉરુમી બહાર કાઢીને વીંઝી.

મહાદેવે બૂમ પાડી, 'એની ધરપકડ કરો !'

સંત્રીઓ કંઈ પ્રતિક્રિયા દાખવી શકે એ પહેલાં તો શિવપ્પાની ઉરુમી આખી ખૂલી ગઈ અને એક સંત્રીના ગળે વીંટળાઈ પણ ગઈ. શિવપ્પાએ ઝટકો માર્યો અને ઉરુમી ખેંચાઈને તેની પાસે આવી ગઈ. એ સાથે જ સંત્રીનું માથું જમીન પર જઈ પડ્યું. રાજકુમાર મહાદેવે ભયના માર્યા ચીસ પાડી અને એક ડગલું પાછળ હઠી ગયો. તેણે બૂમ પાડીને બીજા સંત્રીને કહ્યું, 'જા, સૈનિક, દોડ — એમને કહે કે વૈતાલિકો અંદર ઘૂસી ગયા છે. મહારાજાના જીવનું જોખમ છે...'

સૈનિક બૂમો પાડતો દોડ્યો અને શિવપ્પાએ ઉરુમી તેની તરફ વીંઝી. ઉરુમીનો ધારદાર છેડો એ સંત્રીની ગરદન પર વીંટળાઈ વળ્યો અને તેનું માથું ધડથી અલગ થઈ ગયું. મહાદેવ ત્યાં આઘાત પામીને ઊભો રહી ગયો. ભયથી તેનું શરીર ધ્રૂજી રહ્યું હતું. એ જાણતો હતો કે એ શિવપ્પાનો સામનો કરી શકવાનો નથી. અભ્યાસ દરમિયાન પણ આ ગુલામ જ તેને ઘણીવાર હરાવી ચૂક્યો હતો. તેણે જોયું કે શિવપ્પાએ ઉરુમી ખેંચીને વધારે મજબૂતાઈથી તેનું ગૂંચળું વાળ્યું હતું. કટપ્પાના શબ્દો એ જ સમયે મહાદેવના મગજમાં ઝબકી ગયા. તેના કુટુંબના દરેક સભ્યોના જીવ જોખમમાં હતા અને તેના આખા દેશ પર પણ જોખમ તોળાઈ રહ્યું હતું.

અચાનક મહાદેવ શિવપ્પા તરફ ધસી ગયો અને તેણે શિવપ્પાનું કાંડુ પકડી લીધું. શિવપ્પાએ એમ આશા રાખી હતી કે રાજકુમાર ભાગી છૂટશે. એટલે મહાદેવના આ અણધાર્યા પગલાથી તે આશ્ચર્યમાં મુકાઈ ગયો અને એ બંને એક સાથે જમીન પર પટકાયા. હવે તેની ચાબુક જેવી ઉરુમી તલવાર નકામી હતી, કારણ કે તેને વીંઝવા જેટલી જગ્યા જ તેની પાસે રહી નહીં. મહાદેવે શિવપ્પાને જકડી રાખ્યો અને તેઓ ઘાસમાં આમથી તેમ આળોટવા લાગ્યા. ઉરુમી તેમની ફરતે વીંટળાઈ વળી અને એ બંનેની ચામડી ઠેર-ઠેર ચીરવા માંડી. શિવપ્પા મહાદેવની પકડમાંથી છૂટવા માટે તેને ધકેલવા માંડ્યો પણ મહાદેવ તેને એવી રીતે વળગી પડ્યો હતો કે શિવપ્પા હલી જ શકતો નહોતો. ગમે તેમ કરીને શિવપ્પાએ પોતાનો ડાબો હાથ છોડાવ્યો અને તેનાથી તેણે મહાદેવના ચહેરા પર મુક્કો માર્યો. રાજકુમારનો હોઠ ચિરાઈ ગયો. તેમ છતાં તેની પકડ ઢીલી પડી નહીં. શિવપ્પા મહાદેવના ચહેરા પર વારંવાર મુક્કા મારતો રહ્યો. પીડાનો માર્યો રાજકુમાર ચીસો પાડતો રહ્યો, રડતો રહ્યો પણ તેણે પોતાની પકડ ઢીલી કરી નહીં. કામાક્ષીની ચિંતામાં શિવપ્પા હવે જીવ પર આવી ગયો હતો.

મહાદેવ જાણતો હતો કે તે હારવાનો જ છે. તે કદી સારો યોદ્ધો હતો જ નહીં. ઉપરાંત, તે એવા માણસ જોડે લડી રહ્યો હતો જે તેનાથી મોટો હતો અને વધારે કૌશલ્ય ધરાવતો હતો. તેને મનોમન એમ વિચાર પણ આવ્યો કે પોતાની સાથે નહીં પણ બિજ્જલ સાથે લડી રહ્યો હોત, તો વધારે સારું થાત. તેના ભાઈએ આ બળવાખોરને જરૂર પરાસ્ત કર્યો હોત. તેના બદલે ભગવાનની ઇચ્છા એવી હતી કે આ દેશને બચાવવાની જવાબદારી તેના જેવા ડરપોક જાય. ઉરુમી તેની પીઠ ચીરી રહી હતી અને તેના ચહેરા પર વરસી રહેલા મુક્કાઓને કારણે તે હતપ્રભ થઈ ગયો હતો. એને ખાત્રી થઈ ચૂકી હતી કે એ મરી જવાનો છે. એક ગુલામ તેની હત્યા કરી નાખશે અને તેનું મૃત્યુ પણ માહિષ્મતીના વિખ્યાત વંશ પર ડાઘ બનીને રહી જશે. એવો રાજકુમાર જે ગુલામને પણ હરાવી શક્યો નહીં. અચાનક તેના પેટમાં ભયાનક પીડા થઈ અને તે હવામાં ઊછળ્યો. શિવપ્પાએ ગમે તેમ કરીને પોતાનો એક પગ છોડાવ્યો હતો અને તેના વડે તેણે મહાદેવના પેટમાં લાત મારી હતી. મહાદેવ પીઠભેર જમીન પર પટકાયો અને જમીન સાથે તેનું માથું પણ અથડાયું. એકાદ ક્ષણ પૂરતું તેના મગજમાં અંધારપટલ છવાઈ ગયું.

મહાદેવ ઘાસ પર હાંફતો પડ્યો રહ્યો. પરાજયનાં આંસુને કારણે તેની દુનિયા ધૂંધળી બની ગઈ. ગુલામ તેનું માથું વાઢી નાખે તેની તે રાહ જોવા લાગ્યો. શિવપ્પાને અટકાવવાનો તેણે શ્રેષ્ઠ પ્રયત્ન કર્યો હતો પણ એનો શ્રેષ્ઠ પ્રયત્ન પૂરતો નહોતો. પોતાની પર ઝળૂંબી રહેલો શિવપ્પાનો ચહેરો તેને દેખાયો. તેણે પોતાની આંખ બંધ કરી અને ગરદન ફરતે ઠંડી ધાતુ વીંટળાવાની તે પ્રતીક્ષા કરી રહ્યો.

પછી તેને દૂર જતાં પગલાં સંભળાયાં. મહામુશ્કેલીએ તેણે પોતાનું માથું ફેરવ્યું. તેણે જોયું કે શિવપ્પા બગીચાના રસ્તે 'કામાક્ષી... કામાક્ષી...' બૂમો પાડતો દોડી રહ્યો હતો. દોડતાં દોડતાં તે પડ્યો પણ ખરો. મહાદેવ વિચારવા લાગ્યો કે શિવપ્પાએ શા માટે તેને માર્યો નહીં. કદાચ એ બળવાખોરને તેની દયા આવી ગઈ હશે. કદાચ ભગવાન તેને બીજા જીવનની તક આપી રહ્યા હશે. તેણે જમીન પર હથેળીઓ ટેકવીને તેના પર વજન લઈને ઊભા થવાનો પ્રયત્ન કર્યો પણ તે નીચે પટકાયો અને તેનાથી ઊલટી થઈ ગઈ. અમ્મા ગૌરી, મને એટલી શક્તિ આપ જેથી હું મારા પિતા સુધી જઈને તેમને ચેતવી શકું. પૃથ્વી તેની આંખો સામે તરતી હોય તેમ તેને લાગ્યું. તેને ઉધરસ આવી અને એ સાથે મોઢામાંથી લોહી પણ નીકળ્યું જેનો તેને ભય લાગ્યો. ડરપોક, ડરપોક, તેના મનમાંથી અવાજ ઊઠ્યો. અમ્મા ગૌરી, કૃપા કરો ... મને જીવવા માટે થોડીક વધારે ક્ષણો આપો, એમ તેણે પ્રાર્થના કરી અને મહામહેનતે તેણે પોતાની જાતને ઊભી કરી. પછી તે મંચ તરફ, પોતાના પિતા હાજર હતા, તે દિશામાં દોડવા લાગ્યો.

રાજમહેલના ઘંટમાં છઠ્ઠો ટકોરો પડ્યો.

૪૬

બિજ્જલ

કેકિ જ્યારે મહાપ્રધાનના ભવને પહોંચ્યો ત્યારે એ લોકો મહાપ્રધાનને તેના ભવનની અંદર લઈ જઈ રહ્યા હતા. કેકિએ બિજ્જલના ખભા પર ટપલી મારીને સ્મિત કર્યું. 'સ્વામી, આપની ભેટ તૈયાર છે. કેકિએ પોતાનું વચન પાળ્યું છે.'

બિજ્જલે પત્તરાય સામે જોયું. પત્તરાયે એવો ઇશારો કર્યો કે હવે રાજકુમારની હાજરીની જરૂર નથી. બિજ્જલે કેકિનો હાથ પકડ્યો અને ઉત્તેજનાપૂર્વક પૂછ્યું, 'એ ક્યાં છે ? મને ત્યાં લઈ જા.' બિજ્જલ જાણતો જ હતો કે તેની ભેટ ક્યાં હશે છતાં પણ કેકિના મોઢેથી એ સાંભળવાનો તેને આનંદ આવતો હતો.

કેકિની ભૂતિયા જગ્યાએ પાછા જવાની જરા પણ ઇચ્છા નહોતી. તેણે બિજ્જલની હથેળીમાં ચાવી મૂકીને હથેળી દબાવી અને કહ્યું, 'એ આપના ભવનમાં આપની પ્રતીક્ષા કરી રહી છે, રાજકુમાર. આપ સ્વર્ગમાં જઈને અમૃતપાન કરો. આ બિચારા કિન્નરનું સ્થાન તો અહીં જ છે.'

બિજ્જલે તેનો હાથ છોડી દીધો અને તે ઝડપથી પોતાના ભવન તરફ દોડ્યો. કેકિ તેને જતો જોઈ રહ્યો અને કામ સારી રીતે પૂરું કરવા બદલ તેણે મનોમન પોતાની જાતને શાબાશી પણ આપી. પેલા ગુલામના ભૂત વિષે રાજકુમારને ચેતવવા કે નહીં એ વિષે તેણે વિચાર કરી જોયો પણ પછી એમ ન કરવાનું નક્કી કર્યું. રાજકુમારને તો ભૂત ભગાડતાં આવડતું જ હશે. એ તો મહાન યોદ્ધા છે. તેણે સ્કંદદાસના ભવનના બંધ દરવાજા સામે જોઈને નિસાસો નાખ્યો અને એ લોકો શું ચર્ચા કરી રહ્યા હશે તે વિષે વિચારવા લાગ્યો. અંધારામાં એકલા ઊભા રહેવાનો તેને ભય લાગ્યો એટલે તે બગીચા બાજુ સરક્યો.

બિજ્જલ પોતાના ભવન તરફ દોડી ગયો. તેણે કામાક્ષીને ઘણી વાર જોઈ હતી અને તેના વિષે તેણે ઘણી કલ્પનાઓ પણ કરી હતી. પણ તેની ઇચ્છા આટલી જલદી પૂરી થશે એમ તેણે કદી નહોતું વિચાર્યું. કેકિને તેના કામ માટે ઇનામ મળવું જ જોઈએ, તેણે વિચાર્યું. અને આ દેશની સેવા કરવા માટે પત્તરાયને પણ ઇનામ મળવું જોઈએ. તેણે એવી આશા કરી કે એ લોકો પેલા નકામા સ્કંદદાસને એની જગ્યા જરૂર બતાવી દેશે.

પોતાના ભવનમાં જવા માટે તે સીડી ચડી રહ્યો હતો ત્યારે તેને એ વાતની ખુશી હતી કે તેનો એક પણ ચોકીદાર હાજર નથી. આ રાતના પૂર્વઆયોજન સ્વરૂપે તેણે જ તેમને ત્યાં હાજર ન રહેવાનો કડક હુકમ ફરમાવ્યો હતો. પોતાના પિતાને માહિતી આપી દેનાર કોઈની હાજરી તેને ત્યાં જોઈતી જ નહોતી. તે અંધારી પરસાળમાં ચાલતો હતો ત્યારે તેના મનમાં અંદેશો તો હતો જ. એટલે તેણે પોતાની તલવારની મૂઠ પર પકડ જમાવીને પોતાની ઝડપ વધારી દીધી.

અચાનક તેનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. પોતાના ભવનના દરવાજા નજીક લપાઈને પડેલી કાળી આકૃતિ શું છે ? તે ધીમો પડ્યો અને તેણે સાવચેતીપૂર્વક મ્યાનમાંથી પોતાની

તલવાર ખેંચી કાઢી. એ આકૃતિ ઊભી થઈ. એ આકૃતિ થોડીઘણી પરિચિત લાગતી હતી. અચાનક એ આકૃતિ તેની દિશામાં જ દોડી. વાસ્તવમાં, ઝાંખી ચાંદનીમાં બિજ્જલે તેનો ચહેરો જોયો અને તેણે ઊંડો શ્વાસ લીધો. આ તો મરી ગયેલો ગુલામ છે — કટપ્પા.

'સ્વામી,' ભૂત બોલ્યું.

'મારી પાસે ન આવીશ, પિશાચ,' બિજ્જલે ચીસ પાડી અને પોતાની તલવાર તેણે આવી રહેલા કટપ્પા સામે ધરી રાખી.

'એ તો હું છું, સ્વામી. આપનો ગુલામ, કટપ્પા.'

કટપ્પાએ ગોઠણભેર બેસીને બિજ્જલને વંદન કર્યાં અને પોતાનું કપાળ જમીન પર ટેકવ્યું.

'તું...તું મરી નથી ગયો ?' બિજ્જલે પૂછ્યું.

કટપ્પા બંને હાથે રાજકુમારને પગે લાગ્યો. એ ભૂત નથી એમ જાણીને બિજ્જલને એક ક્ષણ રાહત થઈ. બીજી જ ક્ષણે તેનો ક્રોધ ભભૂકી ઊઠ્યો. આ ગુલામે તેને ભયભીત થતો જોઈ લીધો હતો. આવી રીતે અહીંયાં આવીને તેને ભયભીત કરવાની આ ગુલામની હિંમત જ કેવી રીતે થઈ ? બિજ્જલે પોતાનો પગ ઊંચો કરીને પોતાના જોડા વડે કટપ્પાના મોઢા પર લાત મારી. ગુલામ નીચે પટકાયો. તેને આઘાત લાગ્યો હતો અને દુઃખ પણ થયું હતું. તેણે પોતાના હાથ જોડીને રડમસ અવાજે કહ્યું 'આપને છોડીને ગયો એ મારી ભૂલ હતી, સ્વામી. હું એ માટે ક્ષમા માંગુ છું.'

'કૂતરીના, હરામજાદા—' બિજ્જલ કટપ્પા પર લાતોનો વરસાદ વરસાવવા માંડ્યો અને કટપ્પાએ પોતાની જાતની રક્ષા કરવા માટે હાથ પણ ઊંચો કર્યો નહીં.

'સ્વામી, સ્વામી, મને સજા કરવા માટે આપને પૂરતો સમય મળી રહેશે. પણ અત્યારે મહારાજા પર ભયાનક જોખમ તોળાઈ રહ્યું છે. મેં રાજકુમાર મહાદેવને તો એ વાત જણાવી જ છે પણ અત્યારે આ દેશને આપની જરૂર છે, સ્વામી. કૃપા કરીને આપના પિતાજીને બચાવી લો. કૃપા કરીને મહારાજાને બચાવી લો,' લાતોના પ્રહાર વચ્ચે કટપ્પાએ કહ્યું.

'ચૂપ મર, ગંધાતા ગુલામ. મને સલાહ આપે છે ! થૂ !' બિજ્જલ કટપ્પા પર થૂંક્યો. 'હું બહાર આવું ત્યાં સુધી અહીંયાં જ મર. પછી હું નક્કી કરીશ કે મારે તને શું સજા ફરમાવવી,' બિજ્જલે કટપ્પાને આંગળી ચીંધીને કહ્યું.

પછી તે અટક્યો. જો આ માર ખાધેલો બહાર ગુલામ બહાર બેઠો હશે તો પોતાને અંદર રહેલી કેકિની ભેટ માણવામાં તકલીફ પણ પડી શકે છે. એટલે તે કટપ્પા તરફ ફર્યો અને બોલ્યો, 'અહીંયાં કેમ ઊભો છે, મૂર્ખ ? બહાર જા, બહાર — નીચે જા અને આંગણમાં રાહ જો. બહાર જા. હું જાગીને તારો કદરૂપો ચહેરો જોવા નથી માંગતો.'

કટપ્પા જતો રહ્યો ત્યાં સુધી તેણે રાહ જોઈ. જ્યારે તેને ખાત્રી થઈ ગઈ કે કટપ્પા નીચેના માળે પહોંચી ગયો છે ત્યારે બિજ્જલે દરવાજો ખોલ્યો, અંદર પ્રવેશ્યો અને એક ઝટકા સાથે દરવાજો બંધ કર્યો.

ટપ્પા સીડીના પહેલા પગથિયે બેઠો-બેઠો અંધારા આંગણમાં શૂન્યમનસ્ક રીતે તાકી રહ્યો હતો. તેના મગજમાં નિરાશા અને ગુસ્સાના કદરૂપા ચહેરા માથું ઊંચકી રહ્યા હતા. પોતાના સ્વાતંત્ર્યનો પોતાના માલિક માટે ત્યાગ કરીને તે રાજમહેલમાં આવ્યો હતો અને તેનો માલિક તેની સાથે આવો વહેવાર કરી રહ્યો હતો. પોતાની સાથે આવું નહોતું થવું જોઈતું. શિવપ્પા સાચું જ કહેતો હતો. ના, ના, મારે આવા વિચારો કરવા જોઈએ નહીં, તેણે મનોમન પોતાની જાતને

ઠપકો આપ્યો. તેણે પોતે જ પોતાના ગાલ પર લાફો માર્યો. આવા વિચાર કરવા પણ પાપ જ હતું. તેના પિતાના શબ્દો તેને એકદમ સ્પષ્ટ રીતે સંભળાતા હતા. 'સ્વામી કદાચ તારા પ્રત્યે ક્રૂર અને અન્યાયી વર્તન પણ કરે. ક્યારેક તારા પ્રત્યે માલિકનું વર્તન જોઈને તને ગુસ્સો પણ આવે. એમ થવું માનવીય ઘટના છે. પણ જ્યારે આવી શંકા-કુશંકા ઊભી થાય ત્યારે તારે માત્ર એટલું જ યાદ રાખવાનું છે કે તારે માલિકની સેવા નથી કરવાની, તારે તો તારા કામની સેવા કરવાની છે. તારો ધર્મ એટલો જ છે કે તારે તારું કામ સારી રીતે કરવું. એ જ તારી પૂજા છે. જ્યારે તમારો માલિક તમારી સાથે સારું વર્તન કરે કે સારી વાત બને ત્યારે જ તમને તમારું કામ ગમે તો પછી તમે એ જાનવરો જેવા જ છો જેમને માત્ર આનંદ જ જોઈએ છે અને જેઓ દરેક પ્રકારની પીડાથી દૂર ભાગે છે. તમે એનાથી ઘણું વધારે છો. કટપ્પા, મને એટલું વચન આપ કે તારો માલિક તારી સાથે ગમે તેવું વર્તન કરે કે આ જીવન તને ગમે તેવા રંગ બતાવે તેમ છતા તું તારા ધર્મને, તારી ફરજને વફાદાર રહીશ.'

કટપ્પા ઊભો થયો અને તેણે પોતાના ચહેરા પર બિજ્જલના જોડાથી પડેલા સફેદ ડાઘ સાફ કરી નાખ્યા. તે મસ્તક ઊંચુ કરીને ચાલ્યો અને આંગણમાં જઈને પોતાના પહોળી છાતી પર અદબ વાળીને ઊભો રહ્યો. તેની નજર દૂરના કોઈ અદૃશ્ય બિંદુ પર તકાયેલી હતી.

પોતાના ભવનની અંદર બિજ્જલે દીવાની વાટ ઊંચી કરીને અજવાળું વધાર્યું અને આખા ભવનમાં સોનેરી પ્રકાશ ફેલાઈ ગયો. પોતાના પલંગ પર સૂતેલી કામાક્ષીને જોઈને તેનો શ્વાસ એક ક્ષણ માટે થંભી ગયો. એ તેની સામે જોઈ જ રહ્યો. દરેક શ્વાસે ઊંચકાતાં તેનાં સ્તન, તેની નાભિ અને તેના વળાંકદાર નિતંબો પર તેની નજર ફરતી રહી. તે કામાક્ષી પાસે જઈને સૂતો અને તેની કંચુકી તેણે હટાવી. તે કામાક્ષીનાં સ્તનો જોઈ રહ્યો અને પછી તેની ત્વચા પર તે પોતાની આંગળીથી કુંડાળા દોરવા માંડ્યો. પછી તેની પાસે પડેલી ચાબુક બિજ્જલને દેખાઈ અને તે હસ્યો. પોતાને શું ગમે છે એ કેકિ બરોબર જાણતો હતો. તેણે ચાબુક પોતાના હાથમાં લીધી. અત્તરની સુગંધ તેને મદહોશ બનાવી રહી હતી. તે કામાક્ષીને, તેની ગૌર ત્વચાને નીરખી રહ્યો. તેણે પોતાની આંખ બંધ કરી, ચાબુક સૂંઘી અને એવી કલ્પના કરી રહ્યો કે આ ચાબુક વીંઝાયા પછી કામાક્ષીની ત્વચા કેવી લાગતી હશે. તેને પરસેવો વળવા માંડ્યો અને તેના હોઠ પણ ધ્રૂજવા લાગ્યા. તેનું શરીર ગરમ થઈ ગયું અને તેનું ગળું સુકાવા માંડ્યું. તેણે હાથ ઊંચો કરીને ચાબુક કામાક્ષીના સ્તનો ઉપર જ વીંઝી.

કામાક્ષી પીડાની મારી ચીસ પાડીને જાગી ઊઠી. પાગલની જેમ હસતો અને પોતાની મુટ્ઠી ફરતે ચાબુક વીંટાળતો બિજ્જલ તેને દેખાયો. તેણે આંગળીના ઇશારે કામાક્ષીને પોતાની પાસે બોલાવી. એ જ વખતે કામાક્ષીને પોતાની નગ્નતાનો ખ્યાલ આવ્યો અને તેણે તરત જ પોતાનાં સ્તન ઢાંક્યાં. બિજ્જલ ખડખડાટ હસ્યો. તેણે ફરી વાર ચાબુક વીંઝી અને કામાક્ષીને થતી પીડા માણી રહ્યો. કામાક્ષી દરવાજા તરફ દોડી પણ બિજ્જલ તેની પહેલાં જ દરવાજા પાસે પહોંચી ગયો. તેને પકડીને બિજ્જલે પલંગ પર પટકી અને તેની કંચુકીના બે કટકા કરી નાખ્યા. પછી હસતો હસતો એ પલંગ પર ચડ્યો અને કામાક્ષી સંકોચાતી સંકોચાતી તેનાથી દૂર રહેવા મથવા લાગી. તેને ચીડવવા માટે બિજ્જલ પાગલની જેમ હસતો હતો, તેનાં સ્તન પકડવા હાથ લંબાવતો અને છેલ્લી ઘડીએ પાછા ખેંચી લેતો. પોતાના બંને હાથથી અદબ વાળીને કામાક્ષી પોતાની શરમ ઢાંકવા મથી રહી. તેણે ચીસ પાડવાનો પ્રયત્ન કર્યો પણ તેના ગળામાંથી અવાજ જ આવ્યો નહીં. તે રડવા માંડી અને તેના ઊંડા ડૂસકાને કારણે તેનું આખુ શરીર ધ્રૂજતું હતું.

બિજ્જલે તેનું કાંડુ પકડીને તેની અદબ છોડાવવાનો પ્રયત્ન કર્યો. કામાક્ષીએ પોતાનો ચહેરો ફેરવીને પોતાની આંખો મીંચી દીધી. બિજ્જલે તેને પોતાની તરફ ખેંચી અને તેને ચુંબન

કરવા મથવા લાગ્યો. કામાક્ષીએ પોતાના ગોઠણ ઊંચા કરીને બિજ્જલના બે પગ વચ્ચે જોરથી લાત મારી. બિજ્જલ પીડાથી ચિત્કારી ઊઠ્યો.

કટપ્પાને આ અવાજ સંભળાયો. એકસાથે બે પગથિયાં કુદાવતો તે ઉપર દોડ્યો અને બિજ્જલનો દરવાજો ઠોકવા માંડ્યો. 'સ્વામી,' તેણે બૂમ પાડી. બિજ્જલે તેને ગાળ ભાંડીને જતા રહેવા કહ્યું. મૂંઝાયેલો કટપ્પા ફરી વાર નીચે જવા માંડ્યો. બિજ્જલે પાછળ ફરીને જોયું તો કામાક્ષી તેના ભવનની બારી પાસે પહોંચી ગઈ હતી અને નીચે કૂદવાનો પ્રયત્ન કરી રહી હતી. તે કામાક્ષી પાસે ધસી ગયો અને તેનું કાંડુ તેણે પકડી લીધું. કામાક્ષીએ બારીની બારસાખ પકડી લીધી અને બિજ્જલને રોકવા મથવા માંડી.

એ દરમિયાન શિવપ્પા બેબાકળો થઈને કામાક્ષીને શોધી રહ્યો હતો અને બરાબર જે સમયે બારીમાં ખેંચતાણ ચાલી રહી હતી, તે સમયે જ તે દિશામાં તે આવી પહોંચ્યો અને તેણે એ અવાજ સાંભળ્યો. કામાક્ષીના નામની બૂમો પાડતો તે દોડ્યો. ક્ષણાર્ધ પૂરતી તેને કામાક્ષી બિજ્જલના ભવનની બારીમાં દેખાઈ અને પછી બિજ્જલે તેને અંદર ખેંચી લીધી.

બિજ્જલે તેને ફરી વાર પોતાના પલંગ પર પટકી. નીચે પડી ગયેલી ચાબુક તેણે ઉપાડી. કામાક્ષીએ જ્યારે ઊભા થવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેણે કામાક્ષીના ચહેરા પર જ ચાબુક વીંઝી. કામાક્ષીએ ચીસ પાડવાનો પ્રયત્ન કર્યો એ સમયે તેણે કામાક્ષીને અવળા હાથે તમાચો જડી દીધો. આ છોકરી જરા વધારે પડતો જ સંઘર્ષ કરી રહી હતી એમ વિચારીને બિજ્જલે તેની કંચુકીના બે ટુકડામાંથી એક ટુકડો કામાક્ષીના મોઢામાં ઠૂંસી દીધો. કામાક્ષીએ જ્યારે એ ટુકડો બહાર કાઢવાનો પ્રયત્ન કર્યો ત્યારે બિજ્જલે કંચુકીના બીજા ટુકડાથી તેના હાથ બાંધી દીધા. તેણે કામાક્ષીનો ચણિયો અને અંતઃવસ્ત્રો ફાડી નાખ્યાં. પછી ચાબુક પોતાના હાથ પર વીંટીને તે કામાક્ષી પાસે ગયો. કામાક્ષી પલંગ પરથી કૂદીને દોડી પણ બિજ્જલ તેની અને દરવાજાની વચ્ચે આવીને ઊભો રહી ગયો. એ એક ખૂણામાં જઈને ટૂંટિયુ વાળીને બેસી ગઈ અને બિજ્જલ હાથમાં ચાબુક સાથે તેની દિશામાં આગળ વધ્યો.

શિવપ્પા દોડતો દોડતો સીડી ચડ્યો અને સીડી પૂરી થતાં જ કટપ્પા તેની બરોબર સામે ઊભેલો દેખાયો.

'અન્ના,' શિવપ્પાએ ઊંડો શ્વાસ લીધો. તેને તો એમ હતું કે તેનો ભાઈ મૃત્યુ પામ્યો છે.

કટપ્પાની લાત શિવપ્પાની છાતીની બરોબર મધ્યમાં વાગી. તે સીડી પરથી રગડતો રગડતો નીચે જઈ પડ્યો. તેને ઝડપી લેવા કટપ્પા કૂધો પણ તેનો ભાઈ રગડીને બાજુમાં જતો રહ્યો અને કટપ્પા નીચે પટકાયો. શિવપ્પા વીજળીના ચમકારે ઊભો થઈ ગયો અને તેણે પોતાની ઉરુમી ખેંચી. તેણે ઉરુમી વીંઝતા વીંઝતા બૂમ પાડી, 'અહીંથી જતો રહે, અન્ના.'

કટપ્પા પોતાની કમર પર હાથ ટેકવીને પોતાના ભાઈને સામે ઊભો રહ્યો અને બોલ્યો, 'દેશદ્રોહી, આ વખતે તું મરવાનો છે.'

૪૭

શિવગામી

પેલું પુસ્તક શોધવામાં શિવગામીએ થોડોક સમય વીતાવી દીધો હતો. પછી તેને ભવનની બહાર થોડાક અવાજો સંભળાયા અને તેને બે વાર એમ થયું કે કોઈ અંદર આવી જશે. જ્યારે કશું જ બન્યું નહીં ત્યારે એ થોડીક રાહત અનુભવવા માંડી હતી. તેને મનોમન એમ ઇચ્છા થઈ કે અત્યારે તે દીવો પ્રગટાવી શકે તો કેવું સારું. દીવો ના હોવાથી એણે જેની પર શંકા પડે એ પુસ્તક બારી પાસે લઈ જઈને ચાંદનીમાં ચકાસવું પડતું હતું કે એ તેનું પુસ્તક છે કે નહીં.

મેજના ખાનામાંથી તો કશું મળ્યું નહીં એટલે ઓરડામાં પુસ્તકો ગોઠવેલી મોટી છાજલીઓ તપાસવાનું તેણે શરૂ કર્યું હતું. બે જોડી વસ્ત્રો, એક સોનાનો કિત્તો, દેશની અદ્‌ભુત સેવા બદલ મળેલા અમુક તાંબાનાં કડાં, આટલી વસ્તુઓને બાદ કરતાં મહાપ્રધાનની કોઈ ભૌતિક સંપત્તિ હોય એમ લાગતું નહોતું. હવે આ ભવનમાં ચોરીછૂપીથી ઘૂસવા બદલ શિવગામીને કંઈક ખોટું કર્યાની લાગણી થવા માંડી હતી. મહાપ્રધાને જે માયાળુ રીતે ગુંડુ રામુ સાથે વર્તન કર્યું હતું તે ઘટના હજી તેની સ્મૃતિમાં એકદમ તાજી હતી. નાના લોકો સાથે મોટા ભાગના અધિકારીઓ આટલી દયા-માયાથી વર્તતા નહીં.

હવે થોડીક જ હસ્તપ્રતો ચકાસવી બાકી રહી હતી કે તેને ફરી વાર બહાર ઊંચા અવાજે થઈ રહેલી ચર્ચા સંભળાઈ. ડરના માર્યા તે જે પુસ્તકો ચકાસી રહી હતી તે પડી ગયાં. તે અધ્ધર શ્વાસે રાહ જોઈ રહી. એ પુસ્તકો તેના પગ પાસે વિખરાયેલાં પડ્યાં હતાં. તેણે નીચે નમીને તેમાંથી એક પુસ્તક ઉઠાવ્યું અને દોડીને બારી પાસે ગઈ. દોડતી વખતે તેનો નિતંબ મેજના ખૂણે અથડાયો પણ એ સમયે તેની પાસે રડવાનો પણ સમય નહોતો. ના, આ એ પુસ્તક નહોતું. એ પછી તે જમીન પર વિખરાયેલાં બધાં જ પુસ્તકો ઉઠાવવા દોડી ગઈ. જલદી, જલદી, જલદી, તેણે પોતાની જાતને કહ્યું. તેણે જેટલાં પણ પુસ્તકો નીચેથી ઉપાડ્યા તેને ડાબા હાથે પોતાની છાતીએ વળગાડી રાખ્યાં અને જમણા હાથે તે નીચેથી બીજા પુસ્તકો ઉપાડતી રહી. તે લઈ શકે તેટલાં પુસ્તકો લઈ લેશે અને પછી શાંતિથી તેને તપાસશે. તેણે મનોમન પોતાની જાતને એવું પણ વચન આપ્યું કે જે પુસ્તકો તેનાં નહીં હોય, તેને તે પરત પણ કરશે.

એ જ વખતે છઠ્ઠી વાર ઘંટ વાગ્યો.

ધડામ કરતો દરવાજો ખૂલ્યો અને જમીન પર પ્રકાશનો લંબચોરસ ટુકડો પથરાયો. શિવગામીએ મહામહેનતે પોતાની ચીસ દબાવી. બારી સુધી પહોંચવા માટે તેણે એ પ્રકાશિત લંબચોરસ ભાગ વટાવવો પડે તેમ હતો અને તેમાં ભવનની અંદર આવનાર તેને જોઈ જાય એવું જોખમ પણ રહેલું હતું. એટલે તે ઝડપથી મેજ પાછળ છુપાઈ ગઈ. અચાનક તેને ઘણાબધા પગ અંદર આવેલા દેખાયા. તે જ્યાં છુપાઈ હતી ત્યાંથી પહેલાં પગ જ દેખાય તેમ હતા. ફરીવાર તેના હાથમાંથી અમુક પુસ્તકો પડી ગયાં.

પછી દરવાજો બંધ થતો તેને સંભળાયો અને કોઈક મેજની દિશામાં, સીધું જ તેની તરફ

આવી રહ્યાનું પણ તેને સંભળાયું. તેનું હૃદય ઊછળીને તેના ગળામાં આવી ગયું હોય એમ તેને લાગ્યું અને તે ઝડપથી મહાપ્રધાનના આસન પાછળ છુપાઈ ગઈ. મેજ પર એક દીવો મૂકેલો હતો અને શિવગામીના સદ્નસીબે એ દીવાને કારણે આસનનો બહુ મોટો પડછાયો જમીન પર અને પાછળની દીવાલ પર પડતો હતો. તે એ આસન અને દીવાલની વચ્ચે જ છુપાયેલી હતી. પણ એ તો અત્યાર પૂરતી જ.

તેણે બહાર નજર કરી. સ્કંદદાસને તેના આસન પર બેસાડવામાં આવ્યો હતો. એક જાડિયો માણસ, એક પાદરી અને દંડકારના ગણવેશમાં એક ઉચ્ચ અધિકારી મેજની સામેની તરફ બેઠા હતા. એ પછી શિવગામીને તેના પિતાનું પુસ્તક દેખાયું. એ પુસ્તક પેલા જાડિયા માણસની ખુરશી પાસે પડેલું હતું. જો એ પોતાનો પગ એક આંગળ જેટલો પણ હલાવે, તો તેને પગ એ પુસ્તક પર પડે તેમ હતો. શિવગામી પોતાના નખ ચાવવા લાગી. એ પુસ્તક કઈ રીતે મેળવવું તેનો તેને અંદાજ આવતો નહોતો. એ પુસ્તક ઝડપીને બારી સુધી દોડી જવાની શક્યતાઓ કેટલી એનો શિવગામીએ વિચાર કરી જોયો. બારી સુધી જઈને તે પુસ્તકને પોતે કિલ્લાની દીવાલની પેલી બાજુ ફંગોળી શકશે અને ગુંડુ રામુ એ ઝડપી લઈને અનાથાલય પાછો દોડી જશે, એવી તેને આશા હતી.

'તમારે શું જોઈએ છે, ભૂમિપતિ પત્તરાય ?' સ્કંદદાસે અચાનક જ પૂછ્યું.

'એ જ વસ્તુ કે જે તમે છુપાવી રહ્યા છો, સ્વામી,' પત્તરાયે સસ્મિત ઉત્તર આપ્યો.

'મેં કશું જ છુપાવ્યું નથી. મારું જીવન તો ખુલ્લી કિતાબ જેવું છે,' સ્કંદદાસે કહ્યું.

'ચાલો આપણે સમયનો બગાડ ન કરીએ, સ્કંદદાસ. અમે જાણીએ છીએ કે એ તમે લઈ જ લીધું છે. એ લાલચ અમે સમજી શકીએ તેમ છીએ. કોઈ પણ ઉમરાવ હોય...જેમ કે આ દંડનાયક પ્રતાપ પણ સરળતાથી ધન કમાવાની આ તકથી લલચાઈ જાય. એટલે આવી મોટી જગ્યાએ આવી બેઠેલા રીંછ નચાવનારાના છોકરાની લાલચ તો એકદમ સમજી શકાય એમ છે,' પત્તરાયે કહ્યું અને તે પોતાની ખુરશીને ટેકો દઈને બેઠો.

સ્કંદદાસે બંને હાથની મુઠ્ઠી મેજ પર પછાડી, 'બહાર નીકળો !' તેણે બૂમ પાડીને દરવાજા તરફ આંગળી ચીંધી. 'અત્યારે જ આ ભવનની બહાર નીકળી જાવ. નહીંતર હું મારા સૈનિકોને બોલાવીશ.'

'ઓહ, અમે ખરેખર ગભરાઈ ગયા,' પત્તરાય હસ્યો. પછી આગળ નમીને તે બોલ્યો, 'હરામજાદા. બહુ થયું તારું નાટક. તું તો સૌથી વધુ ભ્રષ્ટ છે. ચાલ આપણે એક સોદો કરીએ. આપણે નફો વહેંચી લઈશું. આપણે ચારેય. એ કઈ રીતે વહેંચીશું તેની ચિંતા ન કરીશ. તું ગૌરીધૂળી અમને આપી દે, થોડા થોડા સમયે અમને આપતો રહે, અને અમે તને એટલો ધનવાન બનાવી દઈશું જેની તેં કલ્પના પણ નહીં કરી હોય.'

પત્તરાયે ઉમેર્યું, 'રૂપકાની ચિંતા ન કરીશ. અમે એનો હિસ્સો પણ સમજી લઈશું.'

શિવગામીએ જોયું કે સ્કંદદાસનો હાથ મેજના ખાનામાં કંઈક શોધી રહ્યો હતો. પછી તેને જે જોઈતું હોય, તે મળી ગયું હોય તેમ તેના હાથ સ્થિર થઈ ગયો.

રૂદ્ર ભટ્ટે કહ્યું, 'હું વધારે સારો પ્રસ્તાવ રજૂ કરું છું. હું તારી જાતિ જ બદલી કાઢીશ. હું એમ જાહેર કરીશ કે તું અને તારું કુટુંબ ક્ષત્રિય હતાં. કર્મ અનુસાર પણ તું ક્ષત્રિયનું જ કામ કરી રહ્યો છે. અલબત્ત, તેના માટે તારે મંદિરમાં અઢળક દાન કરવું પડશે અને વિધિ માટે ઘણા બ્રાહ્મણોને પણ જમાડવા પડશે, ઘણું બધું દાન આપવું પડશે, ગાયો આપવી પડશે — હું તને બધું જ માર્ગદર્શન આપીશ. પત્તરાય જેટલું ધન આપવાની વાત કરે છે તે પૂરતું થઈ પડશે.'

સ્કંદદાસ જે ખંજર શોધી રહ્યો હતો તે હવે બહાર કાઢીને તેણે પત્તરાયની ગરદન સામે ધર્યું, 'અત્યારે જ બહાર નીકળી જાવ.'

પત્તરાયે નિરાશાથી માથું હલાવ્યું. 'હું એમ માનતો હતો કે તું બુદ્ધિશાળી માણસ છે. જોકે હવે એમ વિચાર આવે છે કે તારી મૂર્ખામીથી મને શા માટે આશ્ચર્ય થવું જોઈએ ? તેં તારા વંશને અનરૂપ અજ્ઞાન જ પ્રદર્શિત કર્યું છે.' છેલ્લું વાક્ય ધિક્કારપૂર્વક બોલવામાં આવ્યું હતું, સ્કંદદાસને ઉશ્કેરવાની ગણતરીથી.

ક્રોધથી બૂમ પાડીને સ્કંદદાસ કૂધો અને ખંજર તેણે વીંઝ્યું. તેનું આસન શિવગામીને વાગ્યું અને ચીસ ન પડી જાય એટલે શિવગામીએ પોતાના મોઢા પર હાથ મૂકવો પડ્યો.

પત્તરાય અને તેના મિત્રો ઊભા થયા. 'શાંતિ, શાંતિ રાખ મારા મિત્ર. તું તો બહુ જ સંવેદનશીલ છે,' પત્તરાયે કહ્યું અને તે દરવાજા સુધી ગયો. શિવગામીએ બહાર સરકીને પેલું પુસ્તક ઝડપી લીધું.

એ જ ક્ષણે પત્તરાય ફર્યો અને બોલ્યો, 'આ શું છે ? તેં અહીંયાં છોકરી રાખી છે ? એટલે આટલી શૂરવીરતા બતાવતો હોય તેમાં શું નવાઈ ?'

શિવગામી ઊભી થઈ. તેણે પેલું પુસ્તક પોતાની પીઠ પાછળ છુપાવી રાખ્યું અને તે થોડાંક ડગલાં પાછળ હઠી. સ્કંદદાસ તેની સામે જોઈ રહ્યો. 'તું ?' તેણે આશ્ચર્યચકિત થઈને પૂછ્યું.

શિવગામીએ ચીસ પાડી પણ એ સ્કંદદાસને ચેતવી શકે એ પહેલાં તો પત્તરાય અને પ્રતાપે સ્કંદદાસને જકડી લીધો. પત્તરાયે તેને જોરથી પકડી રાખ્યો અને પ્રતાપે તેનું ખંજર હાથમાંથી છોડાવી લીધું. પ્રતાપે કહ્યું 'ભટ્ટ, બધે જ તપાસ કર. જો, આણે ગૌરીધૂળી ક્યાં છુપાવી છે.'

એ જ વખતે કોઈએ જોરથી દરવાજા પર ટકોરો માર્યો. 'ઝડપ કર,' પ્રતાપે બૂમ પાડી.

શિવગામી બારી તરફ એક એક ડગલું ભરતી જતી હતી. પૂજારીએ છાજલીઓ પર રહેલી બધી જ વસ્તુઓ નીચે નાખવા માંડી હતી, પડદાઓ નીચે ખેંચી કાઢ્યા હતા અને મેજ પણ તપાસવા માંડ્યું હતું.

'અહીંયાં નથી, અહીંયાં નહીં મળે, હે રામ, હે રામ ક્રિષ્ન,' પૂજારી તીણા અવાજે બોલતો રહ્યો.

દરવાજા પર હવે ટકોરાને બદલે કોઈ જોર-જોરથી હાથ પછાડતું હતું. 'ખોલો, ખોલો,' બહારથી કોઈનો ડરેલો અવાજ સંભળાયો.

'આ તો કેકિનો અવાજ છે,' પ્રતાપે કહ્યું અને પ્રતાપે પૂજારીને આંખોથી જ દરવાજો ખોલવા સૂચવ્યું. તેણે સ્કંદદાસને ગુસ્સાથી કહ્યું, 'તું તો હલતો જ નહીં, નાગ.'

રૂદ્ર ભટ્ટે દરવાજો ખોલ્યો અને કેકિ અંદર ધસી આવ્યો. 'મોટો હુમલો થયો છે. વૈતાલિકોએ રાજા પર હુમલો કર્યો છે. જોરદાર લડાઈ ચાલી રહી છે. રાજમહેલમાં ભયાનક આગી લાગી છે.'

સ્કંદદાસે પોતાની જાતને મુક્ત કરવાનો પ્રયત્ન કર્યો પણ પત્તરાયે તેને મજબૂતીથી પકડી રાખ્યો હતો. તે ખડખડાટ હસવા લાગ્યો. 'આ તો અદ્દ્ભુત સમાચાર છે. ભગવાને ખાસ આપણા માટે જ સર્જેલી તક છે.'

'પણ આપણે જે લેવા આવ્યા હતા એ તો મળ્યું જ નથી,' પૂજારી બોલ્યો.

'તું સાવ મૂર્ખ છે, બ્રાહ્મણ. હું પણ ખરો અને આ પ્રતાપ પણ ખરો,' પત્તરાયે કહ્યું. ખુલ્લા દરવાજામાંથી દૂર લાગેલી આગનું આછું કેસરી અજવાળું ઓરડામાં પડી રહ્યું હતું અને દીવાલ પર જાતભાતના આકારો સર્જાઈ રહ્યા હતા.

પત્તરાયે સ્કંદદાસની ગરદન દબાવી અને કહ્યું, 'આ ઝેરી નાગે, આ હલકી જાતના હરામજાદાએ, પત્તરાયને લગભગ પરાસ્ત જ કરી નાખ્યો હોત.'

'તમે કહેવા શું માંગો છો ?' પ્રતાપે પૂછ્યું.

'જો એના આ ભવનમાં ગૌરીધૂલી હોત, તો શું તેણે આ ઓરડો કોઈ સુરક્ષા વ્યવસ્થા વિના રાખ્યો હોત ? બ્રાહ્મણ, આ સ્કંદદાસની બરોબર તપાસ કર. જો ગૌરીધૂલી તેના શરીર પર ન મળે, તો મારું નામ પત્તરાય નહીં.'

શિવગામીએ જોયું કે સ્કંદદાસનો ચહેરો ફિક્કો પડી ગયો. હજુ થોડાંક ડગલાં, હજુ થોડાંક ડગલાં , તે મનોમન બોલતી જતી હતી અને બારી તરફ એક એક ડગલું ખસતી જતી હતી. એક અસ્પૃશ્યને સ્પર્શ કરવામાં રૂદ્ર ભટ્ટને ખચકાટ થતો હતો. એટલે કેકિએ આગળ વધીને સ્કંદદાસની તપાસ કરવા માંડી. મહાપ્રધાને ગમે તેમ કરીને પોતાનો જમણો હાથ છોડાવ્યો અને તેની કોણી તેણે પત્તરાયની છાતીમાં મારી. ભૂમિપતિની પકડ ઢીલી પડી એટલે સ્કંદદાસે પોતાનો બીજો હાથ પણ છોડાવી લીધો. તેણે પ્રતાપને લાત મારી એટલે એ પણ પાછળ જઈને પટકાયો. તેના હાથમાંથી ખંજર પડી ગયું. સ્કંદદાસે દોડવાનો પ્રયત્ન કર્યો પણ કેકિએ તેનો પગ પકડી લીધો અને સ્કંદદાસ મોઢાભેર નીચે પટકાયો.

'એય, એય, ક્યાં ભાગી રહ્યો છે, રીંછ નચાવનાર ?' સ્કંદદાસનો પગ પકડીને કેકિ બોલ્યો. નીચે પડેલ પત્તરાયે ઊભા થઈને મહાપ્રધાન પર લાતો વરસાવવી શરૂ કરી.

'શિવગામી...' શિવગામી બારીની બહાર કૂદવા જતી હતી તે જોઈને સ્કંદદાસ બોલ્યો. તે અટકી. પ્રતાપે મહાપ્રધાનને જમીન પર દબાવી રાખ્યો હતો અને કેકિ તેના શરીર પર હાથ ફેરવીને તપાસ કરી રહી હતી. સ્કંદદાસે મહામહેનતે પોતાના કમરપટ્ટામાંથી તાંબાની એક નાનકડી લોટી બહાર કાઢી અને શિવગામીની દિશામાં ફેંકી. લીંબુ જેટલા કદનું એ પાત્ર ખણણણ અવાજ કરતું તેના પગ પાસે પડ્યું અને રગડીને દીવાલ સુધી ગયું.

'એ લઈને ભાગ,' સ્કંદદાસ એટલું માંડ માંડ કહી શક્યો.

શિવગામીએ એ પાત્ર પોતાના હાથમાં લીધું અને પછી શું કરવું તેની મૂંઝવણમાં ઊભી રહી. આખા ઓરડામાં શાંતિ છવાયેલી હતી. તે એ આદમીઓ તરફ અને પછી વિચિત્ર આકારની, ચુસ્ત રીતે બંધ કરેલી લોટી તરફ જોઈ રહી.

'છોકરી, એ અમને આપી દે,' પત્તરાયે એક ડગલું આગળ વધીને પોતાનો હાથ લાંબો કર્યો.

'ના, ના, શિવગામી, દોડ. આ ધુતારોઓના હાથમાં કદી પણ એ વસ્તુ આવવા દેતી નહીં. મહેરબાની કર...' સ્કંદદાસે બૂમ પાડી.

પ્રતાપે મહાપ્રધાનના માથા પર મુક્કો માર્યો. 'ચૂપ, હલકા વરણના બદમાશ,' કહીને તેણે ફરીવાર સ્કંદદાસને મુક્કો માર્યો.

શિવગામી ખચકાઈ. આ દેશ માટે તેને જરા પણ પ્રેમ નહોતો. તો પછી તેણે આ બધામાં શા માટે પડવું જોઈએ ?

'આ માણસે આ દેશના રહસ્યની ચોરી કરી છે, છોકરી. અમે તો અધિકારીઓ છીએ અને ચોરની વલે કરવા માંગીએ છીએ. એ અમને આપી દે. અમે તને જવા દઈશું. આધિકારિક

બાબતોમાં પડીશ તો તું પણ બરોબરની ફસાઈ જઈશ,' પત્તરાયે કહ્યું.

'મહારાજા કે પરમેશ્વર પાસે દોડી જા. તારા દેશનું ભવિષ્ય એની પર જ તોળાઈ રહ્યું છે, મહેરબાની કર,' સ્કંદદાસે બોલવાની મથામણ કરી પણ પ્રતાપે ફરીવાર તેનું માથું જમીન પર દબાવી દીધું. સ્કંદદાસની નસકોરી ફૂટી અને નાકમાંથી લોહી વહેવા લાગ્યું. શિવગામીનું મોઢું આઘાતથી પહોળું થઈ ગયું. આ એ માણસ હતો જેણે તેના પ્રત્યે દયા દાખવી હતી. એની પર અત્યારે ત્રાસ ગુજારવામાં આવી રહ્યો હતો અને તે ચૂપચાપ જોઈ રહી હતી. તેને પોતાની જાત પર ધિક્કાર છૂટ્યો.

સ્કંદદાસ પર થઈ રહેલા અત્યાચારની શિવગામી પર પડી રહેલી અસરનું પત્તરાય નિરીક્ષણ કરી રહ્યો હતો. એ બારીની પાસે જ હતી. જો તે કૂદીને બહાર દોડી ગઈ, તો તેને પકડવી અઘરી થઈ પડશે. એ છોકરી યુવાન અને જોશીલી લાગતી હતી. તે સ્કંદદાસની સામે ગોઠણભેર બેઠો.

'એને કહી દે કે એ વસ્તુ અમને આપી દે અથવા તો તેણે તને મરતો જોવો પડશે,' પત્તરાયે કોઈ પણ જાતના આરોહ-અવરોહ વિના સપાટ અવાજે કહ્યું જે સાંભળીને શિવગામીની કરોડરજ્જુમાં ધ્રુજારી પસાર થઈ ગઈ.

સ્કંદદાસ બબડ્યો, 'ભાગ, શિવગામી, મહેરબાની કર...'

પત્તરાયે જમીન પર પડેલું ખંજર ઉપાડ્યું અને સ્કંદદાસના વાળ પકડીને તેનું માથું પાછળ ખેંચી તેની ખુલ્લી ગરદન પર ખંજરની અણી ખૂંપાવી. શિવગામી સામે જોતાં જોતાં તેણે સ્કંદદાસને કહ્યું, 'નાગ, એ છોકરીને કહે કે ગૌરીધૂલી અમને આપી દે નહીંતર અમે તને મારી નાખીશું.'

'શિવગામી, ભાગ,' સ્કંદદાસ એટલું બોલી શક્યો.

પત્તરાય શિવગામી સામે હસ્યો અને તેણે ખંજર સ્કંદદાસના ગળામાં વધારે ખૂંપાવ્યું. તેમાંથી ઇન્દ્રધનુષના આકારે લોહીની ધાર થઈ અને તેના થોડાક છાંટા શિવગામીના પગ પાસે પડ્યા. તેણે જોયું કે સ્કંદદાસની આંખો સફેદ થઈ ગઈ અને તેના ગોઠણ પણ ઢીલા પડી ગયા. તેના ગળામાં પડેલા કાપામાંથી, મોઢામાંથી અને નાકમાંથી લોહી વહી રહ્યું હતું. પત્તરાયે સ્કંદદાસને છોડી દીધો. માહિષ્મતીનો એવો પહેલો અને છેલ્લો મહાપ્રધાન જેણે ભૂખ અને ભૂખમરો જોયાં હતાં, જે ભેદભાવ સામે લડ્યો હતો અને માત્ર પોતાની મહેનત અને નિષ્ઠાના જોરે દેશના સર્વોચ્ચ આધિકારિક પદ સુધી પહોંચ્યો હતો, તે એવા મેજના પાયા નજીક નિર્જીવ થઈને પડ્યો હતો જેની પર તેણે પોતાના જીવનના ત્રણ દસક સુધી દેશની ભલાઈ માટે મજૂરી કરે રાખી હતી.

પોતાની સલામતી વિષે ભૂલી જઈને શિવગામી સ્કંદદાસ તરફ દોડી ગઈ. તેના માથાની આસપાસ જમીન પર લોહી વહી રહ્યું હતું. શિવગામી આ દૃશ્ય જોતી ઊભી રહી. તેણે સૌથી જઘન્ય ગુનો થતો જોયો હતો. એક સમ્માનજનક માણસને એક દુષ્ટ માણસે કાપી નાખ્યો હતો અને તે પોતે કશું જ કરી શકી નહોતી. એ જ ક્ષણે તેની અંદર કંઈક મૃત્યુ પામ્યું. તેણે જે જોયું હતું તેના કારણે અનિષ્ટ પર ઇષ્ટનો વિજય થાય છે એવી તેની માન્યતા ભાંગીને ભુક્કો થઈ ગઈ હતી. પોતાનું માથું પકડીને તે દુઃખી થઈને રડવા માંડી. પત્તરાય હસ્યો. તેણે આશા રાખી હતી તેમ એ છોકરી બારી પાસેથી ભવનની વચ્ચોવચ્ચ આવી ગઈ હતી. એ હવે ફસાઈ ગઈ હતી. હવે માત્ર તેને મારી નાખીને ગૌરીધૂલી લેવાની જ બાકી રહી હતી.

પ્રતાપ બોલ્યો, 'આ શું કરી નાખ્યું તેં ?'

'મેં ?' પત્તરાયે આશ્ચર્યપૂર્વક કહ્યું. 'મેં શું કર્યું છે ? વૈતાલિકોએ સ્કંદદાસને મારી નાખ્યો. આ ભ્રષ્ટ મહાપ્રધાને ગૌરીધૂલીની ચોરી કરીને મહારાજાની હત્યા કરવા વૈતાલિકોને બોલાવ્યા હતા. એટલે જ તો એ કિલ્લાના પ્રવેશદ્વાર પાસે ઊભો હતો. આ ગદ્દારે જ તો એ બળવાખોરોને અંદર આવવા દીધા કે જેથી મહારાજાની હત્યા થઈ શકે. નફામાં ભાગ પાડવા માટે તેમની વચ્ચે વિવાદ થયો એટલે વૈતાલિકોએ તેમના ભાગીદારને મારી નાખ્યો. આવા દુષ્ટ માણસ સાથે ભૂમિપતિ પત્તરાયને વળી શું લેવાદેવા હોય, મિત્ર ?'

'એટલે તમે ગૌરીધૂલી પાછી આપી દેશો ?' રૂદ્ર ભટ્ટે સચિંત અવાજે પૂછ્યું.

'હા, હા, હા,' પત્તરાય ખડખડાટ હસ્યો. 'આપણા આયોજનમાં કશો જ ફેર પડ્યો નથી. આ વસ્તુ હું કિલ્લાની દીવાલની પેલી બાજુ ફેંકી દઈશ અને હિડંબા તેને જ્યાં લઈ જવાની છે, ત્યાં લઈ જશે. એ દરમિયાન આપણે નાયકનું પાત્ર ભજવીશું અને મહારાજાને વૈતાલિકોથી બચાવવા માટે લડીશું. માત્ર એટલો જ ફેરફાર થશે આયોજનમાં. આપણો દેશભક્તો છીએ, ખરાને ?' એ ફરીવાર ખડખડાટ હસ્યો.

'તમે મહાન છો,' રૂદ્ર ભટ્ટે કહ્યું.

'હું જાણું જ છું,' પત્તરાયે સસ્મિત કહ્યું.

'પણ આ છોકરીનું શું ?' કેકિએ પૂછ્યું.

'પેલા દેશદ્રોહીની છોકરી ?' પત્તરાયે પોતાના જાડા હોઠ પર પોતાની આંગળીઓ ફેરવી અને અભિમાનથી માથું ઊંચું કર્યું. સ્કંદદાસના નિર્જીવ શરીરને જોઈને રડી રહેલી શિવગામીને જોઈને તે હસ્યો. 'હવે આટલી નાની વાત પણ મારે તને સમજાવવી પડશે, પ્રતાપ ?' તેણે પૂછ્યું.

પ્રતાપે સ્મિત કરીને પત્તરાયના હાથમાંથી ખંજર લીધું. તે દબાતા પગલે શિવગામી પાસે ગયો. તેના મોટા પડછાયાથી આખું ભવન જાણે ભરાઈ ગયું. શિવગામીને ખ્યાલ આવી ગયો કે એ પાછળથી આવી રહ્યો છે. તેણે રાહ જોઈ. પ્રતાપને ખ્યાલ આવે કે શું થવાનું છે તેની એક ક્ષણ પહેલાં શિવગામીએ મેજ પર રહેલો દીવો લઈને પ્રતાપના ચહેરા પર માર્યો. દીવો બુઝાઈ ગયો અને ભવનમાં અંધારું ફેલાઈ ગયું. શિવગામી બારી પાસે દોડી ગઈ અને એક હાથમાં પોતાનું પુસ્તક અને બીજા હાથમાં ગૌરીધૂલીવાળી લોટી લઈને બહાર કૂદી ગઈ.

'એને પકડો,' પત્તરાયનો અવાજ તેને સંભળાયો. 'એને પતાવીને ગૌરીધૂલી લઈ આવો.'

તે ભાગી છૂટવા માંગતી હતી પણ તેને યાદ હતું કે ગુંડુ રામુ બહાર એકલો ઊભો ઊભો રાહ જોતો હશે. તેણે પેલું પુસ્તક ફેંક્યું પણ તે કિલ્લાની દીવાલ જેટલું ઊંચે જઈ શક્યું નહીં. તે દીવાલને અથડાઈને નીચે આવી પડ્યું. એ પુસ્તક લેવા તે દોડી અને તે દરમિયાન તેણે જોયું કે હાથમાં ખંજર લઈને પ્રતાપ બારીની બહાર કૂધો હતો.

શિવગામીએ એ પુસ્તક લઈને ફરીવાર ઉછાળ્યું. આ વખતે એ પુસ્તક દીવાલ કુદાવી ગયું. શિવગામી ભાગી. પ્રતાપ તેની પાછળ હાથમાં ખંજર લઈને ચીસો પાડતો ભાગ્યો અને શિવગામી પોતાનો જીવ બચાવવા ભાગી. એ લોટીમાં શું હતું તેનો તેને જરા પણ અંદાજ નહોતો પણ જો એના માટે ઉચ્ચ અધિકારીઓ દેશના મહાપ્રધાનને મારી શકતા હોય, તો એ બહુ જ મહત્ત્વનું હશે એટલું તો તેને અવશ્ય સમજાયું હતું. સ્કંદદાસ જેવો માણસ તેના માટે મરવા પણ તૈયાર હતો. પહેલાં તેને એમ વિચાર આવ્યો કે આવા મોટા રહસ્યનો તે પોતાના લાભ માટે ઉપયોગ કરી શકશે પણ પછી એવો વિચાર આવવા બદલ તેને પોતાની જાત પર શરમ પણ આવી. સ્કંદદાસનો મરતા સમયનો ચહેરો તેની આંખો સામે તરવા લાગ્યો. એનું

મૃત્યુ નકામું ન જવું જોઈએ. પેલી લોટીને મક્કમતાથી પકડીને તેણે દોડવાનું ચાલુ રાખ્યું.

૪૮

ગુંડુ રામુ

ગુંડુ રામુ કિલ્લાની દીવાલ પાસે ઘણા સમયથી રાહ જોઈ રહ્યો હતો. કિલ્લાની દીવાલમાંથી જ પડેલા એક માટા પથ્થર પર એ બેઠો હતો. રસ્તાની સામેની બાજુએ ઊગી નીકળેલા જંગલી ઘાસને કારણે તેને નદી નહોતી દેખાતી. અને એ માટે તેણે ભગવાનનો આભાર માન્યો હતો. નદી જોઈને તેને ડર લાગતો હતો. તેને અંધારાનો પણ ડર લાગી રહ્યો હતો. તેને એકલા રહેવાનો જ ડર લાગી રહ્યો હતો. તેમ છતાં તે રાતના અંધારામાં નદીકિનારે એક ઉજ્જડ જગ્યાએ એકલો બેઠો હતો. જ્યારે પણ તેનો ભય જાગૃત થઈ જતો ત્યારે તે પોતાની જાતને યાદ અપાવતો કે આ બધું તે શિવગામી અક્કા માટે કરી રહ્યો હતો. થોડીવાર પહેલાં તેણે જે દુષ્ટ માણસો જોયા હતા તે ક્યાંય આસપાસ નહોતા તે બદલ તેણે ભગવાનનો આભાર માન્યો હતો. સામાન્ય અવાજને કારણે પણ તે ભયથી ધ્રૂજી ઊઠતો હતો અને મનોમન અર્જુનના નામનું રટણ કરવા માંડતો હતો. થોડા સમય પછી તે ઊંઘી ગયો અને છઠ્ઠો ઘંટ વાગ્યો તેના અવાજથી તે ઊઠ્યો.

ચારેકોર ડરામણું અંધારું છવાયેલું હતું. માત્ર તમરાંનો અવાજ સતત સંભળાતો હતો અને વચ્ચે વચ્ચે દેડકાનું ડ્રાંઉ ડ્રાંઉ પણ સંભળાઈ જતું હતું. તેની આગળ રહેલા વૃક્ષની ડાળીઓ અચાનક ધ્રૂજવા માંડી. તેણે તરત જ પોતાની આંખો મીંચીને મનોમન પ્રાર્થના કરવા માંડી. જેમજેમ તેની પ્રાર્થના તીવ્ર થતી જતી હતી તેમ તેમ તેના સાથળમાં તેની આંગળીઓ વધારે જોરથી ખૂંપતી જતી હતી. તેને તીણી ચીસ સંભળાઈ. જ્યારે તેણે થોડીક ક્ષણો પછી પોતાની આંખો ખોલી ત્યારે સામેના ઝાડ પર જે ચામાચીડિયું ઊંધું લટકતું હતું તે પાંખો ફેલાવીને નદી પર ઊડતું દેખાયું. અરે, આ તો ખાલી ચામાચીડિયું છે એમ વિચારીને તેણે સ્મિત કર્યું અને રાહત અનુભવી. પછી એ ચામાચીડિયું થોડું ઉપર આવ્યું અને એક ક્ષણ માટે કોઈ થીજી ગયેલા દૃશ્યની જેમ તેને એ ભયાનક ચિત્ર દેખાયું જેની મધ્યમાં ચામાચીડિયું હતું અને પશ્ચાદ્‌ભૂમાં ચંદ્ર હતો. તેના પિતાએ તેને સંભળાવેલી બધી જ ભૂતિયા વાર્તાઓ તેને યાદ આવી ગઈ.

અચાનક તેને એમ લાગ્યું કે ઝાડીઓ પાછળથી બે આંખો તેને તાકી રહી છે. તેને એવું અનુભવાઈ રહ્યું હતું. આંખો તેના જાડા શરીર પર જ મંડાયેલી હતી. હવા વધારે ઠંડી થઈ ગઈ હતી. પવનની લહેરખીમાં તેના પગ પાસે પડેલાં સૂકાં પાંદડાં ઊડ્યાં અને જાણે એ પાંદડાં નાચતાં હોય તેમ હવાની સાથે ઘૂમરી ખાવા લાગ્યાં. તેણે ફરીવાર મંત્રોચ્ચાર શરૂ કર્યો અને તેને રાહત અનુભવાઈ. ભગવાન તેને બચાવી લેશે. પોતાના આખા જીવનમાં તેણે કોઈને પણ નુકસાન પહોંચાડ્યું નહોતું. તેના પિતા હંમેશાં કહેતા કે ભગવાન કાયમ સારા લોકોનું દુષ્ટ લોકોથી રક્ષણ કરતા હોય છે. તો પછી ભગવાને તેના પિતાને કેમ બચાવ્યા નહીં હોય ? ના, એ ભગવાન પર શંકા કરીને તેમનો કોપ વહોરી લેવાની હિંમત નહીં કરે. તે ફરી વાર મંત્રોચ્ચાર

કરવા લાગ્યો.

જ્યારે નદી પરથી આવતો પવન અટકી ગયો ત્યારે કંઈક બળવાની સુગંધ ચારેકોર ફેલાઈ ગઈ. તેણે હવા સૂંઘી અને તેને દૂર થઈ રહેલી બૂમાબૂમ પણ સંભળાઈ. પછી જંગલનાં વૃક્ષો પર કેસરી રંગનો પ્રકાશ ફેલાવા માંડ્યો. તેને ખ્યાલ આવી ગયો કે ક્યાંક મોટી આગ લાગી હશે. પછી તો પવનની સાથે આગની જવાળા દેખાવા માંડી. ક્યારેક તે બેઠો હતો તે જગ્યાની ઉપર સુધી એ જ્વાળાઓ આવી જતી. શિવગામી અક્કાને આટલી બધી વાર કેમ લાગી હશે ?

અચાનક તેને કંઈક અવાજ સંભળાયો. એટલે તે રસ્તાની વચ્ચે ગયો અને દીવાલની પેલી બાજુથી કોઈ પુસ્તક ફંગોળાવાની રાહ જોવા લાગ્યો. તેણે જોયું કે કશુંક કિલ્લાની દીવાલની ઉપરથી ફંગોળાયું હતું. તેની પર બીજી બાજુ લાગેલી આગનું અજવાળું પડ્યું અને એ વસ્તુ ચમકી ઊઠી. પછી ગુંડુએ વિચાર્યું હતું તેના કરતાં પણ ઘણી ઝડપે તે વસ્તુ નીચે આવી પડી. ગુંડુ રામુએ તેને પકડવાનો પ્રયત્ન કર્યો પણ એ વસ્તુ તેના હાથની ઉપર થઈને જતી રહી અને આગળ પડી. એ પુસ્તક લેવા તે નીચે વળ્યો પણ તેના આશ્ચર્ય વચ્ચે એક વામન ઝાડીઓમાંથી દોડતો બહાર આવ્યો. ગુંડુ રામુએ ભયથી બૂમ પાડી, એ પુસ્તક ઉઠાવ્યું અને દોડ્યો. તેને વિચાર આવ્યો કે તેણે ખરેખર કોઈ વામનને દોડતો જોયો હતો કે એ તેની કલ્પના માત્ર હતી ? પછી તેને એક તીણી સીટી સંભળાઈ. તેણે પાછળ ફરીને જોયું તો એક વામન અને બે કદાવર માણસો તેને દેખાયા. પેલા બે સંત્રીઓને મારનારા દુષ્ટ માણસો તરીકે એ તેમને ઓળખી ગયો. વામને ફરી વાર સીટી મારીને તેના હાથમાં જે હતું તે વસ્તુ તરફ ઇશારો કર્યો.

ગુંડુ રામુ પાછળ હઠી ગયો અને આવી રહેલા ડૂસકાને દબાવવાનો પ્રયત્ન કરવા લાગ્યો. તે દોડવા માંગતો હતો પણ જાણે તેના પગ ભયથી લાકડાના થઈ ગયા હતા. તેને લાગ્યું કે તેણે પોતાના શરીર પરથી નિયંત્રણ ગુમાવી દીધું છે અને તેના પગ પર તેને હૂંફાળા પ્રવાહીનો અનુભવ થયો અને તેના પગ ફરતે તેનું ખાબોચિયું ભરાવા લાગ્યું. તેને મૂત્રની દુર્ગંધ આવી. તેને પોતાની જાત પર જ શરમ આવી ગઈ.

'ઓહ, કેવું આશ્ચર્ય,' ગુંડુ રામુની પ્રદક્ષિણા કરી રહેલો વામન બોલ્યો. 'હું તારી મૂર્ખામીઓ ઘણા સમયથી જોઈ રહ્યો છું, બેટા. તું બહુ જ સરસ લાગે છે. તું મારી સાથે આવીશ ? તું જીવનમાં બહુ મોટા પદ પર પહોંચે એમ હું કરી આપીશ.' બંને કદાવર માણસો ખડખડાટ હસવા માંડ્યા.

'ખરેખર તો તું કોઈ પર્વતની ટોચ પર રહી શકીશ જ્યાં હવા ચોખ્ખી, તાજી અને ઠંડી હોય છે. અને ત્યાં આ બે કદાવર જેવા નહીં પણ મારા જેવા નાના-નાના આદમીઓ હોય છે જેમને છોકરીઓ ગમતી નથી હોતી. એમને તારા જેવા ગોલુપોલુને લપાઈને સૂવાની મજા આવશે,' કહીને હિડંબાએ આંખ મારી અને રંગા-ઠુંગા ફરીવાર હસવા લાગ્યા. પછી હિડંબાએ ગુંડુ રામુના ગાલ પર ચૂંટલી ભરીને કહ્યું, 'એ આદમીઓ તારી સાથે પ્રેમ કરશે અને જો તું નસીબદાર હોઈશ તો ક્યારે મહાન હિડંબા પણ તારી સાથે પ્રેમ કરશે. તું હિડંબાને ઓળખે છે ? એ બહુ મહાન માણસ છે. તેં એમને જોયા છે, મીઠડા ? જો એ તારી સામે જ ઊભા છે. અરેરે, તું કેમ રડે છે ? શું તને કોઈ પ્રેમ કરે એ નથી ગમતું, મારા મીઠડા ? શું તને પાછળથી ધક્કા વાગે એ નહીં ગમે ? તારે જીવનમાં આગળ નથી વધવું ? બોલ, બોલ ?'

હિડંબાના સ્પર્શથી ગુંડુ રામુ સંકોચાઈને પાછો હઠ્યો. એ સ્પર્શ ડરામણો હતો. તેણે ભાગી છૂટવાનો પ્રયત્ન કર્યો પણ પેલા બેમાંથી એક કદાવર માણસ તેનો રસ્તો રોકીને ઊભો રહ્યો. તેણે ગુંડુને ખભાથી પકડીને હિડંબાની દિશામાં ફેરવ્યો. આ વખતે હિડંબાના હોઠ પરથી

સ્મિત જતું રહ્યું હતું અને તેની જગ્યાએ તેની ડુક્કર જેવી આંખોમાં ક્રોધ વ્યાપી ગયો હતો. તેણે કૂદીને ગુંડુના ગાલ પર તમાચો જડી દીધો. ગુંડુ રામુએ પોતાની હથેળીઓથી ચહેરો ઢાંકી દીધો અને તે રડવા માંડ્યો. એ જ્યારે રડતો હતો ત્યારે તેનું આખું શરીર ધ્રૂજતું હતું.

'મારા પ્રેમ પ્રસ્તાવને તેં ઠુકરાવી દીધો ? મારે ત્યાં પહોંચીએ ત્યાં સુધી તું રાહ જો. પછી હું તને શીખવીશ કે કઈ રીતે મહાન માણસો સાથે વર્તવું જોઈએ. એને લઈ લે, રંગા. એ આપણી સાથે ગૌરી પર્વત આવશે. આપણે તેને નવું કામ આપીશું.'

ગુંડુ રામુ દોડ્યો પણ રંગાએ તેના પગમાં આંટી મારી અને ગુંડુ મોઢાભેર પડ્યો. રંગાએ પોતાનો ગોઠણ તેની પીઠ પર દબાવ્યો, તેનું માથું મરડીને પોતાની દિશામાં કર્યું અને પછી જ્યાં સુધી ગુંડુ રામુએ વિરોધ કરવાનો બંધ ન કર્યો ત્યાં સુધી તેની પર તે મુક્કા અને લાફા વરસાવતો રહ્યો. થોડીવારમાં જ ગુંડુ રામુનું રુદન પીડાના કણસાટમાં ફેરવાઈ ગયું. રંગાએ ગુંડુની ધોતી ફાડી નાખી અને તેમાં જ તેને લપેટી દીધો. આ બધું થયું છતાં ગુંડુએ પેલું પુસ્તક તો પોતાની છાતીએ વળગાડી જ રાખ્યું હતું. રંગાએ તેને પોતાના ખભા પર ઉઠાવ્યો અને તેને રથ સુધી લઈ ગયો. તેણે ગુંડુને રથના પૈડા પાસે જ પટક્યો. પીડાને કારણે ગુંડુ ચિત્કારી ઊઠ્યો પણ તેણે શિવગામીની અમાનત છોડી નહીં. તેણે બહુ જ પ્રયત્ન કર્યો હતો પણ રંગાની સરખામણીએ તેની શક્તિ ઘણી ઓછી હતી. રંગાએ ગુંડુ રામુના હાથ ખેંચીને તેની છાતીથી અલગ કર્યા અને પેલું પુસ્તક નીચે પડી ગયું.

'આ શું છે ? છોકરાઓની પાઠમાળા ?' હિડંબાએ એ પુસ્તક હાથમાં લઈને તેનાં પાનાં ફેરવી જોયાં. પછી તેને એવી રીતે હલાવી જાણે તેમાંથી કંઈક પડવાનું હોય. એ દરમિયાન ગુંડુ રામુ રથના પૈડા જોડે કણસતો પડ્યો રહ્યો.

'નકામો જાડિયો. આવા પીઠ પલળી જાય એવા ભેજમાં આ છોકરાએ મને આ પાઠમાળા માટે રાહ જોવડાવી,' હિડંબાએ ગાળ ભાંડી.

'એ શિવગામી અક્કાની છે. મહેરબાની કરીને મને પાછી આપી દો,' ગુંડુ રામુએ તીણા અવાજે કહ્યું.

'ચૂપ મર, રાક્ષસ. ભાડમાં જાય તારી અક્કા, ભાડમાં જાય તું, કૂતરીના. ગધેડાની ઓલાદ. એક જાડિયો મને મૂરખ બનાવી ગયો.'

'એ પુસ્તક મને આપી દે, વામન,' ગુંડુ રામુએ ઊભા થવાનો પ્રયત્ન કરતાં ઊંચા અવાજે કહ્યું.

હિડંબા ગુંડુ રામુના ચહેરા પર લાતો વરસાવવા માંડ્યો. પોતાની નિરાશા તેણે ગુંડુ પર કાઢવા માંડી.

'અમુક લોકો આ બાજુ આવી રહ્યા છે,' રંગા બોલ્યો. હિડંબાએ અવળા ફરીને જોયું તો એક મોટું ટોળું તેમની દિશામાં આવી દોડી રહ્યું હતું. કિલ્લાની અંદર લાગેલી આગ હવે દાવાનળની જેમ ફેલાઈ ગઈ હતી અને લોકોને જે રસ્તો દેખાયો એ દિશામાં ભાગી રહેલા.

'હવે અહીંયાં રોકાવાનો કોઈ જ અર્થ નથી. હવે તો જાડિયો મળ કાઢશે અને એ આપણા મોઢામાં આવી પડશે. સાલો પત્તરાય. હું આનો બદલો લઉં એની રાહ જુઓ. ચલો મને રથમાં બેસાડી દો. ચાલો ઘરે પાછા જઈએ,' હિડંબા બોલ્યો.

'આ જાડિયાનું શું કરીશું ?' હિડંબાને રથમાં મૂકતાં રંગાએ પૂછ્યું.

'એને પણ લઈ લો. ગૌરી પર્વતની થિજાવી દેતી ઊંચાઈમાં એ મનોરંજન તો પૂરું પાડશે. એ માખણ જેવો મુલાયમ છે,' હિડંબાએ આંખ મારીને કહ્યું. લોહી અને ઉઝરડાઓથી ભરપૂર

ગુંડુ રામુને ઊંચકીને હિડંબાની પાસે જ પટકવામાં આવ્યો.

'આ પાઠમાળાનું શું કરીશું ?' રંગાએ પૂછ્યું.

'ઘુસાડી દે તારી એમાં...ના, ના, લાવ, મને આપ. આ છોકરા માટે એ બહુ મહત્ત્વની લાગે છે. એને આપણે તાલે નચાવવા માટે એ કામ આવશે,' હિડંબાએ કહ્યું. એ ગુંડુ રામુની પાસે બેઠો. ગુંડુ ભયથી સંકોચાઈ ગયો. વામને પોતાનો ભરાવદાર હાથ ગુંડુના શરીર પર ફેરવવો શરૂ કર્યો. મહાન ખાનીપતિ હિડંબાની ભૂમિ તરીકે ઓળખાતા રહસ્યમયી ગૌરી પર્વતની દિશામાં રથ દોડ્યો અને ગુંડુ રામુ તેમાં બંધાયેલો પડ્યો હતો.

૪૯

કટપ્પા

શિવપ્પા જમીન પરથી પટકાયો. તેણે પોતાના ભાઈને હરાવવા પોતાનાથી થાય એ બધા જ પ્રયત્નો કરી જોય હતા પણ કટપ્પા, ખુલ્લા હાથે સૌથી ભયાનક તલવારની સામે, વાઘની જેમ લડ્યો હતો. શિવપ્પા જ્યારે પણ ઉરુમી વીંઝતો ત્યારે કટપ્પા નીચે વળતો, અમળાતો, કૂદતો, આળોટતો અને જ્યારે શિવપ્પાએ ઉરુમીને ફરી વીંટવી પડતી એ ક્ષણોમાં કટપ્પા પ્રાચીન મર્મ વિદ્યા અનુસાર પ્રહાર કરતો. તે જ્યારે પણ શિવપ્પા પર પ્રહાર કરવામાં સફળ રહેતો ત્યારે તે શિવપ્પાના કોઈ ને કોઈ સ્નાયુ પર જ પ્રહાર કરતો અને તેને નિષ્ક્રિય અને બિનઉપયોગી બનાવી દેતો. છેવટે તેણે શિવપ્પાના હાથમાંથી એ તલવાર ઝાટકી લઈને તેને જમીન પર પટકી જ દીધો. શિવપ્પા હવે હલી પણ શકે તેમ નહોતો. તેણે જ્યારે બોલવાનો પ્રયત્ન કર્યો ત્યારે કટપ્પાએ તેના ગળામાં પોતાની આંગળી દબાવી અને એ પછી શિવપ્પાના ગળામાંથી માત્ર અસ્પષ્ટ ઉદ્‌ગારો જ નીકળી શક્યા. કટપ્પાએ શિવપ્પાની ધોતી ફાડી નાખી અને તેને તેના વડે જ બાંધી દીધો. એવી જોકે જરૂર નહોતી કારણ કે શિવપ્પા તો આંગળી પણ હલાવી શકે એવી પરિસ્થિતિમાં નહોતો.

'તું જરા પણ દયાને લાયક નથી,' કટપ્પાએ કર્કશ અવાજે કહ્યું, 'મારી પીઠમાં ખંજર ભોંકવાનો આ બદલો નથી, ભાઈ. હું તો માત્ર મારી ફરજ જ નિભાવી રહ્યો છું. હું કોઈ પણ દેશદ્રોહીને જીવતો રહેવા દઈશ નહીં. તને હું મહારાજા સમક્ષ રજૂ કરીશ અને—' કટપ્પાએ મોઢું ફેરવી લીધું. તેનું ગળું ભરાઈ આવ્યું. '— અને જો તને ફાંસીએ લટકાવી દેવાનો નિર્ણય લેવામાં આવે, તો હું...હું ખુશીથી એમ પણ કરીશ.'

શિવપ્પા તેને એમ કહેવા માંગતો હતો કે તે લડવા માટે, બળવો કરવા માટે નથી આવ્યો. જે સ્ત્રી સાથે તે પરણવા માંગતો હતો, જેની સાથે તેણે અસંખ્ય સપનાંઓ વણ્યાં હતાં, તે સ્ત્રી ઉપર કટપ્પાનો માલિક બળાત્કાર કરી રહ્યો હતો. આ લોહિયાળ દેશ અને તેના અમાનવીય રિવાજોનું નર્કાગાર છોડીને એ જતો જ રહ્યો હતો. તેં મને કેમ અટકાવ્યો, અન્ના ? કેમ ? કેમ ? શિવપ્પાની આંખમાંથી આંસુ સરતાં રહ્યાં પણ તે બોલી શક્યો નહીં.

પરસેવા અને લોહીથી નહાતો કટપ્પા ઊભો થયો. તે મનથી ભાંગી ગયો હતો પણ તેણે પોતાની ફરજ બરાબર નિભાવી હતી. પરિણામની પરવા કર્યા વિના તેણે પોતાનો ધર્મ નિભાવ્યો હતો. આદર્શ ગુલામે તો કર્મયોગી જ બનવું પડે — એ એના પિતાના શબ્દો હતા અને તે એ શબ્દોને જ અનુસર્યો હતો. અચાનક તેને ઉપરના માળેથી એક ચીસ સંભળાઈ.

'સ્વામી !' તે બોલી ઊઠ્યો. શું તેના માલિક પર કોઈ જોખમ હતું ? તે વરંડો કૂદીને સીડીઓ ચડીને બિજ્જલના ભવનના દરવાજા સુધી પહોંચ્યો. ભવનમાં ચાલી રહેલ સંઘર્ષના અવાજ તેને સંભળાતા હતા. એક ક્ષણ માટે તે ખચકાયો. અંદર કંઈક પડ્યું. તેના માલિકે તો

તેને દરવાજાની પાસે પણ ન આવવાનો હુકમ ફરમાવ્યો હતો. પણ માલિકના જીવનની રક્ષા કરવા માટે તેણે માલિકના હુકમનો અનાદર કરવો પડે તો પણ તેને છૂટ હતી. પછીથી માલિક તેને સજા કે ઇનામ આપી શકે પણ અત્યારે તો તેણે માલિકના હુકમનો અનાદર કરવો જ રહ્યો.

તેણે દરવાજાને લાત મારીને ખોલી નાખ્યો અને અંદર જે જોવા મળ્યું તેનાથી તે થીજી ગયો. ભવનના એક ખૂણામાં એક છોકરી બંધાયેલા હાથે પોતાના નગ્ન શરીરને ઢાંકવાનો પ્રયત્ન કરી રહી હતી. તેની સામે બિજ્જલ ચાબુક લઈને ઊભો હતો. કટપ્પાને જોઈને બિજ્જલને આંચકો લાગ્યો. તેના ચહેરો ક્રોધથી વિકૃત બની ગયો.

'નીકળ, સાલા કૂતરા, બહાર નીકળ,' ચાબુક વીંઝીને બિજ્જલે ચીસ પાડી.

કટપ્પા દરવાજે થીજી ગયો હતો. સૌ પ્રથમ તો તેને પોતાના માલિકના હુકમનું પાલન કરવાની જ સ્ફુરણા થઈ પણ ચાબુકના પ્રહારોથી ઉતરડાઈ ગયેલી ચામડીવાળી એ છોકરીના ધ્રૂજતા ચહેરાએ તેને અટકાવી રાખ્યો હતો. તેણે પોતાની ધોતી કાઢીને એ છોકરી તરફ ફેંકી. એ છોકરીએ ધોતી લઈને પોતાની જાતને જેમ તેમ કરીને ઢાંકી. ક્રોધથી ગર્જતો બિજ્જલ કટપ્પા પાસે આવ્યો. કટપ્પા અત્યારે માત્ર લંગોટભેર ઊભો હતો.

બિજ્જલે કટપ્પા પર પોતાની ચાબુક વીંઝી, 'બહાર નીકળ, સાલા કૂતરા,' તેણે બૂમ પાડી.

કટપ્પા એ છોકરી પાસે ગયો અને એ છોકરી તેમજ બિજ્જલની વચ્ચે આવીને અદબ વાળીને ઊભો રહ્યો. તેના મગજમાં તોફાન શરૂ થઈ ગયું હતું. છોકરી આંખો વડે પોતાને બચાવવા માટે આજીજી કરી રહી હતી. તેનો ચહેરો ધ્યાનથી જોતાં કટપ્પા ધ્રૂજી ઊઠ્યો. કામાક્ષી — પોતાના ભાઈની પ્રેમિકા. તેનું હૃદય ભાંગીને ભુક્કો થઈ ગયું. કદાચ શિવપ્પા તેને બચાવવા આવ્યો હતો અને તેણે પોતાના ભાઈને હલીચલી ન શકે એવી અવસ્થામાં મૂકી દીધો હતો. ભગવાન તેની કેટલી પરીક્ષા લઈ રહ્યા હતા.

'એને ત્યાં જ છોડી દે, હરામજાદા, અને હું તને મારી નાખું એ પહેલાં તું બહાર નીકળ,' બિજ્જલે ચીસ પાડી અને કટપ્પાના ખભા પર પોતાની ચાબુક વીંઝી. તેનાથી કટપ્પાની ચામડી ઉતરડાઈ ગઈ. તેણે પોતાની ચીસ દબાવી રાખી અને આંખો બંધ કરીને તે ઊભો રહ્યો. ગુલામના મનમાં દ્વિધા હતી. તેણે કોઈ પણ પ્રશ્ન કર્યા વિના પોતાના માલિકના હુકમનું પાલન કરવાનું હતું. માલિકના જીવન પર કોઈ જ જોખમ તોળાતું નહોતું. પણ તેના અંતરાત્માએ બળવો કર્યો હતો. તે આ છોકરીને અહીંયાં ત્રાસ ભોગવવા માટે છોડી શકે તેમ નહોતો. તેણે નિર્ણય લીધો કે તે અહીંયાં આ છોકરી અને તેના માલિક વચ્ચે જ ઊભો રહેશે. એ પોતાના માલિકનો અનાદર નહીં કરે પણ એ પોતાના માલિકને આ છોકરીને મારવા નહીં દે. બિજ્જલ વારંવાર કટપ્પાના શરીર પર ચાબુક વીંઝતો રહ્યો. ગુલામ કશું પણ બોલ્યા વિના, આંખો બંધ કરીને ઊભો રહ્યો અને માલિકની ચાબુક તેની ચામડી ઉતરડી રહી. કટપ્પાને માત્ર એટલી જ આશા હતી કે માલિક તેને મારી નાખે એ પહેલાં કોઈ આવી તેમને અટકાવશે અને આ છોકરીને બચાવશે. ગુલામ હલી જ નથી રહ્યો એ જોઈને બિજ્જલે ચાબુક નીચે ફેંકીને કટપ્પાને ધક્કો મારવો શરૂ કર્યો પણ ગુલામ તો ખડકની જેમ સ્થિર હતો. કટપ્પાની બળદ જેવી શક્તિ સામે બિજ્જલનું કોઈ ગજું નહોતું.

બિજ્જલે ભવનના બીજા ખૂણે પડેલી એક ફૂલદાની ઉઠાવી અને કટપ્પાના માથા પર મારી. તેના ટુકડા થઈ ગયા પણ કટપ્પા ટટ્ટાર ઊભો હતો. તે જરા પણ હલ્યો નહીં કે એક ઊંહકારો પણ ભર્યો નહીં.

એ ગુલામની દશા કામાક્ષી જોઈ રહી હતી. એ જાણતી હતી કે કટપ્પા તેના માટે પોતાનો જીવ આપી રહ્યો હતો. જો તેના મોઢામાં કપડાનો ડૂચો મારેલો ન હોત તો તે બિજ્જલને એવી વિનંતી કરત કે એ ગુલામને છોડી દે અને પોતાની સાથે જે કરવું હોય એ કરી લે. તે બારી સુધી ઘસડાતી ગઈ અને બારીના ટેકે ઊભી થઈ. બિજ્જલે તેને જોઈ અને એ તેની તરફ દોડ્યો પણ કટપ્પાએ ખસીને ફરી વાર બિજ્જલનો રસ્તો રોકી લીધો. ગુલામ મક્કમ રીતે ઊભો હતો. તેની ઠેર-ઠેર ઉતરડાયેલી ચામડીમાંથી લોહી વહી રહ્યું હતું પણ તે પોતાના માલિકને કામાક્ષી સુધી પહોંચવા દેતો નહોતો.

કામાક્ષીએ નીચે જોયું તો તેને શિવપ્પાનું સ્થિર શરીર દેખાયું. તે એકદમ સ્થિર પડ્યો હતો. ઝાંખી ચાંદનીમાં તે મૃત જ લાગતો હતો. તેણે પાછળ ફરીને જોયું તો કટપ્પાના મક્કમ પગ થોડાક હલી રહ્યા હતા. બિજ્જલ ગુલામને મુક્કા મારીને નીચે પાડવાનો પ્રયત્ન કરી રહ્યો હતો.

શિવપ્પાને અવાજો સંભળાઈ રહ્યા હતા પણ તે નિઃસહાય હતો અને હલી પણ શકે એમ નહોતો. તેને બારીમાં કામાક્ષી દેખાઇ અને જ્યારે તેને કામાક્ષીનો ચહેરો દેખાયો ત્યારે તે ‘નહીં...’ એમ બૂમ પાડવા માંગતો હતો પણ તે કંઈ બોલી શક્યો નહીં અને નિઃસહાયતાપૂર્વક પોતાની પ્રેમિકાને બારીમાંથી નીચે કૂદકો મારતાં જોઈ રહ્યો. કામાક્ષી પર વીંટળાયેલી કટપ્પાની ધોતી ઊડી ગઈ અને કિલ્લાની દીવાલ પાસે જઈને પડી. કામાક્ષી તેની પાસે જ આવીને માથાભેર પટકાઈ. તેનો ચહેરો શિવપ્પાના ચહેરાથી થોડોક જ દૂર હતો. તેણે નાનકડું સ્મિત કર્યું અને શિવપ્પાનો સ્પર્શ કરવા પોતાનો હાથ લંબાવ્યો અને પછી તેની આંખો નિર્જીવ બની રહી. તેના કાનમાંથી લોહીની ધાર છૂટી અને તેના પ્રેમીની દિશામાં એ લોહી વહેવા માંડ્યું.

શિવપ્પાને છાતીફાટ રુદન કરવાની ઇચ્છા થઈ આવી પણ તેના ભાઈએ તો તેને સાવ નિર્જીવ જેવો જ કરી નાખ્યો હતો. તેની કામાક્ષી મૃત્યુ પામી હતી. તે એકદમ પાસે જ હતી તેમ છતાં બહુ જ દૂર જતી રહી હતી. તે નગ્ન હતી, ઠેર-ઠેર તેને ઉઝરડા પડેલા હતા અને પોતે કાયમ જેને ધિક્કારતો હતો તે માણસે જ તેને મારી નાખી હતી. તેને એવી ઇચ્છા થઈ આવી કે એ પણ કામાક્ષી જોડે જ મરી જાય તો સારું. જોકે અત્યારે તો તેને રડવા જેટલું સ્વાતંત્ર્ય પણ નહોતું. તો મરવાનું સ્વાતંત્ર્ય તો ક્યાંથી હોય ? તેને બારીમાં નીચે જોઈ રહેલો બિજ્જલ દેખાયો અને પછી તેને પોતાના ભાઈનો ચહેરો દેખાયો.

બિજ્જલના ભવનમાં હવે કટપ્પા ગોઠણભેર બેસી ગયો હતો. એણે આ શું કર્યું, એનાથી આ શું થઈ ગયું ? એ ભરપેટ પસ્તાઈ રહ્યો હતો. તેણે બે હાથમાં પોતાનું મોઢું છુપાવી દીધું. તેણે પોતાનો ધર્મ નિભાવ્યો હતો, તે પોતાના આત્માના અવાજને અનુસર્યો હતો અને તેમ છતાં એનાથી તેને શાંતિ મળી નહોતી. બિજ્જલે તેને છેલ્લી લાત મારી અને તે ભવનની બહાર જતો રહ્યો હતો. કટપ્પાને પોતાના માલિકનાં ભારે પગલાંનો અવાજ સંભળાતો હતો. બિજ્જલ શિવપ્પાને જોઈને ખડખડાટ હસ્યો, તે પણ તેને સંભળાયું.

‘ઓહ, આ જુવો તો કોણ આવ્યું છે ?’

માલિક શિવપ્પાને લાતો મારી રહ્યો હતો તેનો આછો અવાજ પણ કટપ્પાને સંભળાયો. ‘તું કેમ રડી રહ્યો છે, સાલા હરામજાદા ? એ તારી પ્રેમિકા હતી ? હા, હા, મેં તારી પ્રેમિકા ઝૂંટવી લીધી છે અને એ બહુ જ સ્વાદિષ્ટ હતી. હવે હું તને ફાંસીએ લટકતો જોઈશ. આ લે, લેતો જા, લેતો જા,’ એમ બોલતો બોલતો બિજ્જલ શિવપ્પાને લાતો મારી રહ્યો હતો એ કટપ્પાને સંભળાતું હતું.

કટપ્પાને થોડાક સૈનિકોના હર્ષનાદ સંભળાયા. કેકિએ બૂમ પાડી કે બળવો દબાવી

દેવામાં આવ્યો છે, એ પણ સંભળાયું. શિવપ્પાને જોઈને કેકિએ કરેલો આશ્ચર્યનો ઉદ્‌ગાર પણ કટપ્પા સાંભળી શકતો હતો. પછી બિજ્જલ એમ બોલ્યો કે ‘આ હરામજાદા ગુલામે આ છોકરીને મારી નાખી અને મેં તેને પકડી પાડ્યો,’ ત્યારે એ સાંભળીને કટપ્પા રડવા માંડ્યો. પોતાના રાજકુમાર બિજ્જલે કરેલા મહાન કાર્યને વધાવી રહેલા સૈનિકોના હર્ષનાદમાં કટપ્પાનાં ડૂસકાંનો અવાજ ડૂબી ગયો.

૫૦

શિવગામી

શિવગામી બગીચા તરફ દોડી. ખુલ્લી જગ્યામાં તે કદાચ લડી શકશે. તે મદદ માટે બૂમો પાડી શકશે અને એમ કહી શકશે કે આ માણસો તેની પર બળાત્કાર કરવા પાછળ પડ્યા છે, કોઈ ઉચ્ચ અધિકારીને મળીને તેમને એ શું બન્યું તેમ જણાવી શકશે. પણ એ માણસ ધીમે-ધીમે શિવગામીની પાસે આવી રહ્યો હતો. પેલી લોટીને પોતાની છાતીએ દાબીને શિવગામી દોડી રહી હતી અને તેની આંખો ચારે દિશામાં ફરી રહી હતી કે જેથી કોઈ યોગ્ય જગ્યા દેખાય તો ત્યાં વળીને લડી શકાય. બગીચો પાર કરતાં જ તેના પગમાં કંઈક આવ્યું અને તે પડી. લોટી તેના હાથમાંથી છટકીને ક્યાંક દૂર પહોંચી ગઈ. એ લોટી લેવા તે કૂદી પણ તેણે જોયું કે તેની પાછળ પડેલો માણસ તેની નજીક આવી રહ્યો છે. એ લોટી લેવા ઝડપથી નમી અને થીજી ગઈ. એ બગીચાના દરવાજા પાસે પડેલા એક માથા વિનાના શબને અથડાઈને પડી હતી. પ્રતાપ ઝાડી ઉપરથી કૂદ્યો અને તેની તરફ દોડ્યો. તેણે હાથમાં ખંજર પકડેલું જ હતું.

શિવગામીએ ફરી વાર ભાગવાનું શરૂ કર્યું અને રાજમહેલના મુખ્ય આંગણમાં પહોંચી. ત્યાં કેટલાક અગ્નિશામક દળના માણસો ભભૂકતી આગ ઓલવવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. કિલ્લાની દીવાલનો એક હિસ્સો ભાંગી પડ્યો હતો અને બાકીનો હિસ્સો પાડવા માટે હાથીનો ઉપયોગ થઈ રહ્યો હતો જેથી ત્યાં રસ્તો ખૂલે તો નદીમાંથી પાણી લાવી શકાય. છેવટે મોટા ધડાકા સાથે દીવાલનો બાકીનો હિસ્સો તૂટ્યો. જીવ બચાવવા માટે લોકો ત્યાંથી બહાર નીકળવા ધસી ગયા પણ સૈનિકોએ તેમને પાછા ધકેલ્યા. હાથીઓનો પાણી લાવવાનો રસ્તો લોકો રોકી પાડે એમ તેઓ નહોતા ઇચ્છતા. એટલે મૂંઝાયેલા લોકો ભાગી છૂટવા માટે બીજી દિશામાં દોડ્યા. આગ રાજમહેલના બીજા હિસ્સાઓમાં પણ ફેલાઈ રહી હતી. પાણી છાંટવા માટે હાથીઓનો ઉપયોગ થઈ રહ્યો હતો અને માણસો આગ ઓલવવા માટે પોતાના શ્રેષ્ઠ પ્રયત્નો કરી રહ્યા હતા. ગાઢ ધુમાડો ઘૂમરી ખાતો-ખાતો ઉપર જઈ રહ્યો હતો અને સાથે સાથે હવામાં બળતા માંસની ગંધ પણ ફેલાઈ રહી હતી.

શિવગામીએ ટોળામાં ભળી જવાનો પ્રયત્ન કર્યો પણ લોકો જાણે તેને અવળો ધક્કો મારીને પ્રતાપની દિશામાં જ ધકેલી રહ્યા હોય, તેમ બની રહ્યું હતું. તેણે જોયું કે પ્રતાપ ટોળાથી થોડાક હાથ દૂર જ અટકી ગયો હતો અને અમુક દંડકારો સાથે વાત કરી રહ્યો હતો. તરત જ એ દંડકારો ફેલાઈ ગયા અને શિવગામીને ખ્યાલ આવી ગયો કે એ લોકો તેને જ શોધી રહ્યા હતા. તે રાજમહેલના સૌથી છેવાડાના ભાગમાં પહોંચી જવા માટે આંધળાની જેમ દોડી. ચારેબાજુ અન્ય સ્ત્રીઓ પણ ભયની મારી આમથી તેમ દોડી રહી હતી. વાતાવરણમાં બૂમો અને ચીસો ગુંજી રહી હતી. આગમાં હોમાઈ ગયેલી એક ઇમારત તરફ ફુવારામાંથી પાણી લઈ જતા માણસોના એક સમૂહ પાસેથી તે પસાર થઈ. આ મહેલમાંથી કઈ રીતે ભાગી છૂટવું તે ઉપાય ન મળે ત્યાં સુધી તેણે ક્યાંક છુપાઈ રહેવું પડશે.

તેણે રાજમહેલના છેવાડાની ઇમારતની પ્રદક્ષિણા કરી અને એ બધો સમય તે સાવચેતીપૂર્વક પડછાયાના અંધારામાં જ રહી. થોડા સમય પછી તે શ્વાસ લેવા ધીમી પડી. હવામાં ધુમાડા અને રાખની વાસ ભળેલી હતી. તેની પાસેનો જ એક દરવાજો ધડામ કરતો ખૂલ્યો અને મોટી તલવાર સાથે એક દંડકાર તેમાંથી બહાર આવ્યો. એક ક્ષણ માટે તે શિવગામીની બરોબર સામે આવીને સ્થિર થઈ ગયો. તેની તલવારમાંથી લોહી ટપકી રહ્યું હતું. દીવાલ પર લાગેલી મશાલોના નાચતા અજવાળામાં લોહીથી રંગાયેલો તેનો ચહેરો ભયાવહ લાગતો હતો. એ શિવગામી તરફ ધસી ગયો પણ શિવગામી નીચે નમીને તેની બાજુમાંથી દોડી ગઈ.

શિવગામી આંધળાની જેમ દોડી રહી હતી. તેણે અણધાર્યો વળાંક લીધો અને એક અડધા ખૂલેલા દરવાજાની અંદર ઘૂસી ગઈ. ઇમારતની અંદર ભયાનક ચુપકીદી છવાયેલી હતી. અંધારું પણ હતું. તેને ખ્યાલ આવ્યો કે આ એ જ જગ્યા છે જ્યાં તે પોતાના તિમ્મા કાકા સાથે આવી હતી. એ અંતઃપુર હતું, મહારાજાની સ્ત્રીઓની જગ્યા. અંદર ક્યાંક દૂરથી તલવારો ટકરાતી હોય તેવો અવાજ આવી રહ્યો હતો. એટલે એ જે દરવાજેથી આવી હતી તે દરવાજામાંથી જ બહાર જવા અવળી ફરી પણ ત્યાં તેણે એકબીજા સાથે કંઈક ચર્ચા કરી રહેલા દંડકારો જોયા.

એટલે શિવગામી અંતઃપુરની અંદરની બાજુ ગઈ. પરસાળના બીજા છેડે માત્ર એક મશાલ સળગતી હતી અને તેના અજવાળામાં તેને જે દૃશ્ય જોવા મળ્યું એ જાણે નર્કનું જ દૃશ્ય હતું. નીચે અલગ અલગ દિશામાં વિખરાયેલા મૃતદેહો પડ્યા હતા. કપાયેલાં અંગો, માથા વિનાનાં ધડ, લોહીનાં ખાબોચિયાંમાં પડેલાં મસ્તકો. મોટાભાગના મૃતદેહો તો અંતઃપુરની સ્ત્રીઓના જ હતા પણ કેટલાક મૃતદેહો પુરુષોના પણ હતા. લોહીની ગંધમાં બહારથી આવી રહેલા ધુમાડાની ગંધ ભળી ગઈ હતી. હવામાં માણસોના મળ-મૂત્રની ગંધ પણ ઉમેરાયેલી હતી.

શિવગામીને ચક્કર આવી ગયા અને ઊલટીના ઉબકા આવવા માંડ્યા. બહાર આગ સાથે લડી રહેલા આદમીઓના અવાજ હવે ધીમા પડી રહ્યા હતા. કદાચ તેમણે આગ પર નિયંત્રણ મેળવી લીધું હતું. એટલે હવે બહાર જવાનો વિકલ્પ તો નકામો હતો. એવું હોય તો પકડાઈ જવાની તક વધારે રહે. પ્રતાપ ક્યાં હશે એમ તે વિચારતી રહી. શું પોતે આ ઇમારતમાં પ્રવેશી છે એવી માહિતી દંડકારોએ તેને પહોંચાડી દીધી હશે ? જાણે આ પ્રશ્નનો જ જવાબ આપવા આવ્યો હોય, તેમ એક લાંબો પડછાયો એ જ દરવાજેથી અંદર દાખલ થયો જ્યાંથી તે અંદર આવી હતી.

તે તરત જ એક સ્તંભ પાછળ ખસી ગઈ અને પ્રાર્થના કરવા માંડી કે એ માણસ જતો રહે તો સારું. તેના બદલે એ માણસે ખચકાતાં ખચકાતાં એક ડગલું અંદર ભર્યું. ઉપરથી ક્યાંકથી હજુ પણ તલવાર ટકરાવાના અવાજો આવી રહ્યા હતા અને પછી લાકડાની સીડી ઊતરી રહેલાં પગલાંનો અવાજ પણ સંભળાયો. શિવગામી એક સ્તંભ પાછળ ઊભી ઊભી ધ્રૂજી રહી હતી એ જ સમયે પ્રતાપ હાથમાં એક મોટી તલવાર લઈને અંદર આવ્યો. તેણે આસપાસ નજર ફેરવી અને એ દૃશ્ય જોઈને એ સ્થિર થઈ ગયો. એક ક્ષણ માટે તે ખચકાયો અને ઊંડા વિચારોમાં ડૂબી ગયો. પછી એ જમીનને જોઈ રહ્યો. શિવગામીને પોતાની જાતને જ ફટકારવાની ઇચ્છા થઈ આવી. પ્રતાપે જમીન પર તેનાં પગલાં જોઈ લીધાં હતાં. એ પગલાં જોઈને તે સીધો જ એ સ્તંભની દિશામાં આવવા લાગ્યો જેની પાછળ શિવગામી ઊભી હતી. ઉપરના માળેથી એ જ સમયે એક જોરદાર ચીસ સંભળાઈ એટલે શિવગામીની દિશામાં

આગળ વધતો પ્રતાપ એક ક્ષણ માટે અટકી ગયો. દૂર સળગી રહેલી મશાલનું અજવાળું તેની ચમકતી તલવાર પર ઝિલાયું અને તે ઝળકી ઊઠી. શિવગામી પાસે ઉપર દોડી જવા સિવાય હવે કોઈ જ માર્ગ નહોતો.

તે ઉપર જતી કુંતલાકાર સીડીઓની દિશામાં દોડી. પ્રતાપ તેની પાછળ આવી રહ્યો છે એમ તેને સંભળાયું. સીડી તો ગોળ ગોળ ફરતી ઉપર ચડતી હતી. પગથિયાંઓ છત સુધી જઈને અંધારામાં અદૃશ્ય થઈ જતાં હતાં. તેને ઉપર ત્રણ માળ સુધી સીડી જતી દેખાઈ. એ પગથિયાંઓ અંધારામાં ડૂબેલાં હતાં અને ક્યાંય કોઈ દેખાતું નહોતું. તે એવી જગ્યાએ ફસાઈ જવા નહોતી માંગતી જ્યાં પ્રતાપ તેને સરળતાથી મારી શકે. ઉપર સુધી ચડીને પોતે શું કરશે તેનો શિવગામીને જરા પણ અંદાજ નહોતો. જોકે સૌથી ઉપરના માળે કોઈક અવશ્ય હતું જેનો અવાજ આવી રહ્યો હતો. ખુલ્લામાં પોતાને મારવામાં પ્રતાપ જરૂર ખચકાય. તેણે નીચે નજર કરી તો પ્રતાપ તેની પાસે ને પાસે આવી જ રહ્યો હતો. બીજા માળ સુધી પહોંચતાં તો તલવારોનો અવાજ એકદમ સ્પષ્ટ સંભળાવા લાગ્યો હતો. એ અવાજ સાંભળીને પ્રતાપ પણ ખચકાયો હતો. શિવગામીએ સીડી પર નજર નાખી લીધી.

મહારાજા સોમદેવ ચહેરા પર નકાબ ઢાંકેલા માણસ સાથે લડી રહ્યા હતા. બીજો એક માણસ પોતાની તલવાર વડે એક ટકલા ગુલામ સાથે લડી રહ્યો હતો. જમીન પર બધે જ મરી ગયેલા કે મરી રહેલા માણસોનાં શરીરો વિખરાયેલાં પડ્યાં હતાં. તેણે નીચે પગથિયા પર નજર નાખી. પ્રતાપ હવે થોડાંક જ ડગલાં નીચે હતો. બધું મહારાજાને જણાવી દઈને આ લોટી મહારાજાને આપી દેવામાં જ તેની સલામતી હતી અને સ્કંદદાસે પણ તેને એમ જ કરવા કહ્યું હતું.

'મહારાજ,' તેણે બૂમ પાડી. મહારાજા સાથે લડી રહેલા માણસે ફરીને પોતાની તલવાર શિવગામીની દિશામાં વીંઝી. તલવાર વીજળીના ચમકારાની જેમ તેની દિશામાં આવી અને તેણે આંખો બંધ કરી લીધી.

'શિવગામી !' એ જ સમયે તેને અવાજ સંભળાયો.

તેણે આંખ ખોલીને જોયું તો તલવાર હવે તેની ગરદનથી માત્ર એક જ આંગળ દૂર હતી. નકાબથી ઢંકાયેલા ચહેરાવાળા માણસની આંખો તેને તાકી રહી. તેણે કંઈ વિચાર્યું નહીં. બૂમ પાડીને તેણે એ તલવાર ખુલ્લા હાથે જ પકડી લીધી. તલવારની ધાર તેની આંગળીઓમાં ઊતરી ગઈ પણ તેણે ઝટકો મારીને એ માણસને પાડી દીધો. નકાબવાળા માણસે એવી આશા નહોતી કરી એટલે તેણે પોતાનું સમતોલન ગુમાવી દીધું. તે માણસ સીડી પરથી નીચે પડ્યો અને પ્રતાપથી પણ નીચે જતો રહ્યો. શિવગામીએ એ તલવાર જમીન પર નાખી દીધી અને પીડાની મારી પોતાનો હાથ ઝટકવા લાગી.

નકાબવાળો માણસ છેલ્લા પગથિયે જઈને પટકાયો અને પછી તેને નીચેથી ઘણા બધા માણસોનાં પગલાં સંભળાવા માંડ્યાં. મહારાજાને જોઈને પ્રતાપ કુંતલાકાર સીડીના કઠેડા પરથી નીચે સરકી ગયો અને પહેલાં માળે ક્યાંક અદૃશ્ય થઈ ગયો. શિવગામીએ જ્યારે પ્રતાપને અદૃશ્ય થઈ જતાં જોયો ત્યારે તેણે અત્યાર પૂરતા ચૂપ રહેવાનો નિર્ણય કર્યો. હવે એક કદાવર માણસ સામે મહારાજા અને ગુલામ મલયઅપ્પા લડી રહ્યા હતા. શિવગામી ભાગી છૂટવા માંગતી હતી પણ યોદ્ધાઓએ તેનો રસ્તો રોકી રાખ્યો હતો. તેણે ફરી વાર પોતાના વિકલ્પો વિચારી જોયા. પોતે સ્કંદદાસના ભવનમાં શા માટે હાજર હતી, તેનો તે શું જવાબ આપશે ? મહારાજા પોતાના પિતાના પુસ્તક વિષે કંઈ પણ જાણે એમ તે ઇચ્છતી નહોતી. તે સ્કંદદાસના હત્યારાઓને અવશ્ય સજા અપાવવા માંગતી હતી પણ તે એવી કોઈ મુશ્કેલીમાં ફસાવા નહોતી

માંગતી કે જેથી તેની બદલો લેવાની ઇચ્છામાં કોઈ અવરોધ ઊભો થાય. તેણે એ લોટી પોતાની કંચુકીમાં સરકાવી દીધી. આ સુવર્ણતક હતી. રાજા લડાઈમાં ડૂબેલો હતો. શિવગામીએ જમીન પર પડેલી તલવાર ઉઠાવવાનો પ્રયત્ન કર્યો.

પેલા કદાવર માણસે જોયું કે શિવગામી શું કરી રહી છે અને શિવગામી નીચે વળી એટલે તેણે એ તલવારની મૂઠ પર પોતાના પગની એડી મારી. તલવાર ઊછળી અને એ માણસે એકદમ ત્વરાથી ડાબા હાથે એ તલવાર ઝડપી લીધી. તેના જમણા હાથે તે મહારાજાના પ્રહારો તો ઝીલી જ રહ્યો હતો. તેણે બીજી તલવારનો ઘા પેલા ગુલામ તરફ કર્યો. મલયઅપ્પા ખસ્યો તો ખરો છતાં પણ તલવાર તેના ખભામાં ઘૂસી ગઈ અને તે લથડિયું ખાઈને નીચે પડ્યો.

મહારાજાએ બૂમ પાડી, 'મલયઅપ્પા !' અને તે નીચે પડેલા ગુલામ તરફ દોડ્યા. પેલા કદાવર માણસે મહારાજાની પીઠમાં તલવાર ઘુસાડવાનો પ્રયત્ન કર્યો પણ મહારાજાને તેનો ખ્યાલ હોય તેમ તેઓ ઝડપથી ડાબી બાજુ ખસી ગયા. એ માણસનું સમતુલન ખોરવાઈ ગયું અને પોતાની જાતને નીચે પડતી અટકાવવા માટે તેણે આગળ નમવું પડ્યું. એ જ સમયે મહારાજાએ એકદમ સફાઈથી તલવાર વીંઝીને એ માણસનું માથું એક જ ઝાટકે વાઢી નાખ્યું.

માથું નીચે ગબડ્યું અને ચારેકોર લોહી ઉડાડતું ગયું.

મહારાજા મલયઅપ્પા સામે ઘૂંટણિયે બેસી ગયા. મલયઅપ્પા ઊભા થવાની મથામણ કરી રહ્યો હતો. 'તું ઠીક છે ? મલયઅપ્પા ?' મહારાજાના અવાજમાં ભળેલી ચિંતાનો રણકો સાંભળીને શિવગામીને નવાઈ લાગી. શું મહારાજાને ખરેખર ગુલામની આટલી ચિંતા હશે ? કે પછી એ એમનો અભિનય માત્ર હતો ? જોકે મલયઅપ્પાને વાગ્યું એટલે તેમણે તાત્કાલિક પ્રતિભાવ આપ્યો હતો અને એ પડ્યો ત્યારે એની દિશામાં પણ તરત જ દોડી ગયા હતા. એ વસ્તુ પણ શિવગામી નોંધવાનું ચૂકી નહોતી.

મહારાજા સોમદેવે મલયઅપ્પાના ખભામાંથી તલવાર ખેંચી કાઢી, તેને નીચે મૂકી અને ગુલામને બેઠો થવામાં મદદ કરી. મલયઅપ્પાએ પોતાના ઘાવ પર બીજા હાથની હથેળી દબાવી રાખી હતી અને પીડાથી તેનો ચહેરો તરડાઈ ગયો હતો. નીચે મૂકેલી તલવાર શિવગામીથી થોડાક જ હાથ દૂર હતી. તેણે ઝડપથી તે તલવાર ઉઠાવી અને મહારાજાની હત્યા કરવા માટે પોતાના માથા ઉપર ઊંચી કરી.

મહારાજા સોમદેવ ઝડપથી ફર્યા અને શિવગામી તેમજ તેના હાથમાં રહેલી તલવારને તાકી રહ્યા. મહારાજાની પાછળના દરવાજાઓમાંથી એક દરવાજો ખૂલ્યો અને બૃહન્નલ્લા તેમાંથી બહાર આવ્યો. શિવગામીને જોઈને તે થીજી ગયો. શિવગામીએ બૃહન્નલ્લાના હાથમાં રહેલા ખંજરને જોઈ લીધું પણ બૃહન્નલ્લાએ ઝડપથી એ ખંજર પોતાની સાડીના પાલવ પાછળ છુપાવી દીધું.

'તેં મહારાજાનો જીવ બચાવ્યો છે,' બૃહન્નલ્લાએ ઉદ્‌ગાર કર્યો. તે મહારાજા પાસેથી પસાર થઈને શિવગામી પાસે આવ્યો અને તેને ભેટ્યો. મહારાજા એ બંનેને જોઈ રહ્યા હતા. પછી જાણે પોતાની ભૂલ સમજાઈ હોય તેમ બૃહન્નલ્લાએ મહારાજને વંદન કર્યાં. 'હુમલો નિષ્ફળ બનાવી દેવામાં આવ્યો છે અને આગ પર કાબૂ મેળવી લેવાયો છે, મહારાજ.'

પછી તે મહારાજા સાથે લડી રહેલા માણસના કપાયેલા મસ્તક પાસે ગયો અને તેના પર રહેલો નકાબ તેણે હઠાવ્યો. 'આ પડ્યો વૈતાલિકોનો આગેવાન ભૂતરાય જેને માહિષ્મતીના મહારાજાએ વાઢી નાખ્યો છે.'

'અને બીજા બળવાખોરને આ બહાદુર યુવતીએ માર્યો છે. હું પેલા ઓરડામાં જ સંતાઈ

હતી અને બધું જ જોઈ રહી હતી. મને હથિયારો અને લડાઈથી બહુ જ ડર લાગે છે. આ યુવતીએ બીજા બળવાખોર સાથે લડીને તેને સીડીની નીચે ફેંકી દીધો છે. એ એક જ કામથી તેણે પોતાના કુટુંબ પર પડેલો ડાઘ ધોઈ નાખ્યો છે. તેણે પોતાની વફાદારી સિદ્ધ કરી બતાવી છે, મહારાજ. દેશદ્રોહી દેવરાયની પુત્રી બહાદુરીપૂર્વક આપના પક્ષે લડી અને તેણે એમ સાબિત કરી આપ્યું કે આપની સેવામાં રહેલા કોઈ પણ પુરુષ કરતાં પણ એ વધારે બહાદુર છે. એને ઇનામ આપો મહારાજા કારણ કે આટલા બહાદુર પુરુષ શોધવા પણ દોહ્યલા છો, સ્ત્રીઓની તો વાત જ જવા દો.'

મહારાજા શિવગામી સામે તાકી રહ્યા. તેના હાથ પર અને શરીર પર પડેલા લોહીના ડાઘા તેમણે જોયા અને તેમના ચહેરા પર ભાગ્યે જ દેખાતું સ્મિત રમવા માંડ્યું. 'દેશદ્રોહી દેવરાયે આવી બહાદુર પુત્રીને જન્મ આપ્યો હશે એવું કોણે વિચાર્યું હશે ? તને અવશ્ય ઇનામ મળશે. બૃહન્નલ્લા, રાજવૈદ્યને બોલાવી લાવો, કારણ કે મારો પ્રિય ગુલામ ઘાયલ થયો છે. અને આ બહાદુર યુવતીને તારા ભવનમાં લઈ જા અને તેની પણ સેવા કર. સભામાં તેનું યોગ્ય સમ્માન કરવામાં આવશે.'

ઘટનાચક્રમાં આવેલા આમૂલ પરિવર્તનથી હત્‌પ્રભ શિવગામી ઊભી રહી. થોડાક સૈનિકો સારા સમાચાર લઈને આવ્યા અને તે લોકો મહારાજા અને ઘાયલ ગુલામને પોતાની સાથે લઈ ગયા. શિવગામીએ એ પણ સાંભળ્યું કે તેણે જે બળવાખોરને સીડી નીચે પાડ્યો હતો તે મર્યો નહોતો પણ ગંભીર રીતે ઘવાયો હતો. એ સાંભળીને મહારાજાએ આનંદ વ્યક્ત કર્યો હતો. આ નિષ્ફળ હુમલા પાછળ કોણ રહ્યું છે તે જાણવામાં તે માણસ ઉપયોગી થઈ પડશે એમ મહારાજા સીડી ઊતરતાં બોલ્યા હતા, એ પણ તેણે સાંભળ્યું હતું.

બૃહન્નલ્લાએ શિવગામીનો હાથ પકડ્યો, 'તું શું કરવા જઈ રહી હતી એ મેં જોયું હતું.'

શિવગામીએ વળતો પ્રહાર કર્યો, 'અને તારું ખંજર મેં પણ જોયું હતું.'

બૃહન્નલ્લાએ હસીને આંખ મારી. 'સરસ. હવે આપણે બંને જાણીએ છીએ કે કોણ કોના પક્ષે છે. મને તારી બહેનપણી જ માનજે.' શિવગામીએ કંઈક કહેવાનો પ્રયત્ન કર્યો પણ બૃહન્નલ્લાએ તેને હળવેથી કહ્યું, 'છોકરી, અંતઃપુરમાં આવવા માટે તારી પાસે કોઈ કારણ છે ? એ લોકો એ કારણ અવશ્ય પૂછશે,' કહીને બૃહન્નલ્લાએ સ્મિત કર્યું.

આ કિન્નરને સત્ય જણાવવું કે નહીં તે વિષે શિવગામીએ મનોમન વિચાર કર્યો. તે સ્કંદદાસના ખૂનીઓને છોડવા માંગતી નહોતી પણ જ્યારે મહાપ્રધાનની હત્યા થઈ ત્યારે તે મહાપ્રધાનના ભવનમાં હતી એ વાત કહેવા જતાં બીજા ઘણા પ્રશ્નો ઊભા થવાના હતા. પછી તેને પોતાની કંચુકીમાં છુપાયેલી નાનકડી લોટી પણ યાદ આવી. પત્તરાયે એ માટે સ્કંદદાસને મારી નાખ્યો હતો. એ વસ્તુ માહિષ્મતી માટે મહત્ત્વની છે, એમ સ્કંદદાસે પણ કહ્યું હતું. કદાચ એના વડે જ એ પોતાનું સ્વપ્ન પૂરું કરી શકશે. કદાચ એના વડે જ માહિષ્મતીનો નાશ પણ કરી શકાશે. તેણે એના વિષે કોઈને વાત ન કરવાનું નક્કી કર્યું. પત્તરાય એ વસ્તુ માટે અવશ્ય તેની પાછળ પડશે પણ સાથે સાથે તેને એ પણ ખ્યાલ હશે જ કે મને કંઈ થશે તો તેણે સ્કંદદાસની હત્યા કરી નાખી છે એ રહસ્ય હું ખોલી નાખીશ. એટલે પોતે જેટલી એનાથી ભયભીત છે એટલો જ એ પણ પોતાનાથી ભયભીત હશે જ. એ ભયાનક માણસ હતો માટે તેને સાથીઓ તો જોઈશે જ. તેણે પ્રહાર કરવા યોગ્ય તકની રાહ જોવી જ રહી. 'તમારે જો કોઈ તંત્ર બદલવું હોય, તો તેનો ભાગ બનવું જ પડે—' એવા મતલબના સ્કંદદાસના શબ્દો પણ તેને યાદ આવ્યા. તેણે આ રાજ્યતંત્ર બદલવું નહોતું પણ તેનો નાશ કરવો હતો અને અંદર રહીને તેનો નાશ કરવો વધારે સરળ પડે તેમ હતું. સ્કંદદાસની યાદથી શિવગામીનું હૃદય ઉદાસ થઈ જતું

હતું અને તેના મૃત્યુનો બદલો લેવાની પ્રતિજ્ઞા તેણે મનોમન લીધી. પણ કિસ્મત અત્યારે તેના બારણે ટકોરા મારી રહ્યું હતું. જો પરિસ્થિતિની માંગ એવી હોય કે તેણે આ કપટી કિન્નર સાથે હાથ મિલાવવો, તો તેણે પોતાના ભાગ ભજવવો જ રહ્યો. ટકી રહેવા માટે તેણે મહારાજા આપે તે બધાં જ ઇનામો કે પદની જરૂરિયાત હતી. તેને ખ્યાલ આવ્યો કે બૃહન્નલ્લા તેની સામે તાકી રહ્યો હતો.

‘મારી…મારી પાછળ વૈતાલિકો પડ્યા હતા,’ શિવગામી જુઠ્ઠું બોલી.

‘સરસ. તું ગભરાઇ ગઈ અને તને ખ્યાલ નહોતો કે આ અંતઃપુર છે. કોઈ વૈતાલિક તારી પાછળ પડ્યો અને તું દોડતી દોડતી આ સીડીઓ ચડી ગઈ. તેં રાજાનો જીવ જોખમમાં જોયો અને પોતાની સલામતીનો વિચાર કર્યા વિના આ પગલું ભર્યું. તારે તારા પરિવારના નામ પર પડેલો ડાઘ ધોવો હતો. સારી વાર્તા છે. એને વળગી રહેજે. આપણે પછી શાંતિથી વાત કરીશું,’ બૃહન્નલ્લાએ શિવગામીના ખભા પર હાથ મૂક્યો અને સ્મિત કર્યું.

શિવગામી તેની તરફ તાકી રહી. ‘એ જ સત્ય છે,’ તેણે કહ્યું.

બૃહન્નલ્લા ખડખડાટ હસ્યો. ‘અત્યાર પૂરતું તો એ જ તારું એકમાત્ર સત્ય છે પણ એટલું યાદ રાખજે કે મહારાજા કંઈ કાચાપોચા નથી. એ તારી પર વિશ્વાસ કરે છે એવું તને માનતી કરવા માટે એ તને ઇનામ અવશ્ય આપશે. પણ એ માણસથી ચેતતી રહેજે. આપણે સાથે મળીને એક દિવસ અવશ્ય વિજયી થઈશું.’

બૃહન્નલ્લાએ યુદ્ધવિરામ કરતો હોય તેમ હાથ લંબાવ્યો. કિન્નરને અત્યારે તેની જરૂર હતી અને પોતે શું કરી શકે એમ છે એ તેને જોવું હતું. શિવગામીએ સ્મિત કરીને બૃહન્નલ્લાનો હાથ પોતાના હાથમાં લીધો. કિન્નરે તેના ગાલ થપથપાવ્યા અને કહ્યું, ‘વ્હાલી, હું જેમ કહીશ તું એમ જ કરજે. આપણે બહુ જલદી વિજયી થઈશું, મારી પર વિશ્વાસ રાખજે.’

એ જ વસ્તુ હું કદી પણ નહીં કરું, શિવગામીએ વિચાર્યું પણ બૃહન્નલ્લાના સ્મિતનો ઉત્તર તેણે પણ આપી શકાય એટલા સુંદર સ્મિતથી આપ્યો.

બૃહન્નલ્લા તેને પોતાના ભવનમાં લઈ ગયો ત્યારે શિવગામી પોતાના હાથમાં રહેલી તલવારને જોઈ રહી હતી. એ તલવારમાં એવું કશુંક હતું જે તેને ખૂંચતું હતું. એ તલવાર પેલા માણસની હતી જેને તેણે નીચે ધકેલી દીધો હતો. અને એ ઘટના વિષે તે અત્યારે વિચારવા માંગતી નહોતી.

૫૧

શિવગામી

રાજમહેલનું પુનઃનિર્માણ થઈ રહ્યું હતું, મહામકામની ઉજવણી એક મહિના પૂરતી બંધ રાખવામાં આવી હતી અને પૂજારીઓ હવે પછીની શુકનિયાળ તિથિ શોધી રહ્યા હતા.

બળવા પછીના દિવસે શિવગામી માહિષ્મતીના રાજદરબારમાં ઊભી હતી. મહારાજા સાથે થયેલી મુલાકાત પછી તેને રાજમહેલની બહાર જવા દેવામાં આવી નહોતી. બૃહન્નલ્લાએ જ તેને રાજમહેલમાં રોકી રાખી હતી કે જેથી રાજવૈદ્ય તેની સારવાર કરી શકે. તે વિચારતી હતી કે કામાક્ષી અને ગુંડુ રામુ ક્યાં હશે. તેને આશા તો એવી જ હતી કે બંને જણા સહીસલામત અનાથાલય પહોંચી ગયાં હશે. રાજમહેલની બહાર નીકળવાનો માર્ગ તેણે ઝડપથી શોધવો જ પડશે. તેણે મનોમન પ્રાર્થના પણ કરી લીધી કે તેને તપાસવામાં ન આવે તો સારું નહીંતર પેલી લોટી તેમને મળી જશે.

દરબારને કંઈ વધારે નુકસાન થયું નહોતું પણ રાજમહેલના અન્ય ભાગમાં જે નુકસાન થયું હતું તેનું સમારકામ કરી રહેલા કડિયા અને મિસ્ત્રીના અવાજો તેને સંભળાતા હતા. સભાની ચમક ઓછી અવશ્ય થઈ હતી પણ બધા ઉજવણીના મિજાજમાં જ હતા. રાજાને મારવાનો મોકો તેને મળ્યો હતો અને તેણે એ મોકો ગુમાવી દીધો હતો. જ્યારે તેણે રાજાની ગરદનમાં તલવાર જ ઘુસાડી દેવાની હતી ત્યારે તેને ખચકાટ શા માટે થયો હતો ? તે આ પ્રશ્નનો જવાબ હજુ પણ શોધી જ રહી હતી. તેને એવો ભય હતો કે રાજાએ પોતાના ગુલામ માટે જે લાગણી બતાવી હતી તેના કારણે તેનો પોતાનો રાજા પ્રત્યેનો અભિગમ થોડોક કૂણો પડ્યો હતો. જોકે આવી કોઈ પણ લાગણીઓને ધોઈ નાખવા માટે તેણે માત્ર પોતાના પિતાને જ યાદ કરવાની જરૂર હતી. આખી રાત બૃહન્નલ્લાએ તેની પાસેથી માહિતી કઢાવવાનો પ્રયત્ન કર્યો હતો. વૈતાલિકો પાછળ પડ્યા હોવાથી તે અંતઃપુરમાં ઘૂસી ગઈ હતી એ વાત માનવા એ કિન્નર તૈયાર નહોતો. શિવગામી એ કિન્નરથી ત્રાસી ગઈ હતી. એ કદાચ પોતાને ફસાવવાનું છટકું ગોઠવી રહી હોય એમ પણ બને. શિવગામીએ સમજી-વિચારીને બહુ ટૂંકા જવાબો આપ્યા હતા. ઉપરાંત તેના હાથમાં જેની તલવાર આવી હતી તે વ્યક્તિ વિષે તે વિચારી રહી હતી અને તેણે કિન્નરની અડધી વાત તો સાંભળી પણ નહોતી.

મહારાજા અને મહારાણી ભારે દબદબા સાથે આવ્યાં. જાણે એ પોતાના વર્તનથી જ પોતાનો વિજય સાબિત કરવા માંગતા હોય ! આખી સભામાં 'મહારાજા સોમદેવનો જય' અને 'જય માહિષ્મતી'ના નારા ગુંજવા માંડ્યા. આવું ક્રૂર કાવતરું નિષ્ફળ કરી દેવા બદલ રાજાએ પોતાના વફાદાર સૈનિકોનો આભાર માન્યો અને તેમણે બધાને ખાત્રી આપી કે દોષીઓને છોડવામાં આવશે નહીં. અમુક બળવાખોરોને પકડી લેવામાં આવ્યા છે, એમ પણ તેમણે કહ્યું. તેમણે એવી ઉદ્‌ઘોષણા કરી કે સ્કંદદાસની જગ્યાએ પરમેશ્વર જ ફરીવાર મહાપ્રધાનનું પદ ધારણ કરશે.

'જો પરમેશ્વરે સમયસૂચકતા ન દાખવી હોત, તો કદાચ આ બધાનો અંત અલગ રીતે આવત,' તેમણે કહ્યું અને તાળીઓનો ગડગડાટ શરૂ થઈ ગયો.

પરમેશ્વરે ઊભા થઈને વંદન કર્યાં. 'બધું સારી રીતે પતી ગયું તેનો મને આનંદ છે. માહિષ્મતી બહુ જ સ્થિતિસ્થાપક છે. એ આટલું સ્થિતિસ્થાપક છે કારણ કે માહિષ્મતીના લોકો સ્થિતિસ્થાપક છે. આપણે ફરી વાર આપણા યશસ્વી દિવસો મુજબ જ જીવવા માંડીશું.' કાન ફાડી નાખે એવા અવાજે આખી સભામાં પરમેશ્વર અને મહારાજના નામનો જયઘોષ થવા માંડ્યો.

'હું મહારાજા પાસે બેઠો હતો ત્યારે એક બહાદુર રાજકુમારને મેં અમારી દિશામાં આવતો જોયો. એના શરીરમાં ચારેબાજુથી લોહી વહી રહ્યું હતું. એ ઘાયલ હતો છતાં અમને એટલી માહિતી પહોંચાડવા આવ્યો હતો કે બળવાખોરો કિલ્લામાં પ્રવેશી ગયા છે. એ ચેતવણીના કારણે મને એટલી ક્ષણો મળી કે જેમાં હું મહારાજાને પ્રમાણમાં સલામત હોય તેવી જગ્યાએ લઈ જઈ શક્યો. રાજકુમાર મહાદેવ.' મહાપ્રધાન પરમેશ્વરે પ્રેમપૂર્વક એ નામ ઉચ્ચાર્યું. મહાદેવ લંગડાતો લંગડાતો ઊભો થયો અને તેણે મહાપ્રધાનના તેમજ પોતાના માતાપિતાનો ચરણસ્પર્શ કર્યો. એ સભા તરફ ફર્યો ત્યારે આખી સભાના મોઢામાંથી ઉદ્ગાર નીકળી ગયો. તેનો ચહેરો સૂઝેલો અને બેડોળ હતો. તેની એક આંખ ફરતે કાળાં કુંડાળાં હતાં અને હોઠ પણ સૂઝી ગયા હતા.

'હું મહારાજાને એવી વિનંતી કરીશ કે રાજકુમારની બહાદુરીનું પૂરતું ઇનામ આપવામાં આવે,' મહાપ્રધાને વિનંતી કરી.

'માર ખાઈને ભુક્કો થઈ જવો એ કંઈ બહાદુરીનું કામ નથી,' બિજ્જલે ઊભા થઈને કહ્યું અને ટોળામાંથી થોડાઘણા ખિખિયાટા સંભળાયા.

મહાદેવે ઊભા થઈને પોતાના ભાઈને કહ્યું, 'અન્ના, તમે સાચું કહો છો. હું કંઈ તમારા જેવો મહાન યોદ્ધો પણ નથી. અને હું હિંમતવાળો પણ નથી. મારા હૃદયમાં મારાં માતા-પિતા અને માતૃભૂમિ માટે જે પ્રેમ છે, તેણે જ આ બહાદુરી બતાવવા મને પ્રેર્યો છે.'

બિજ્જલ ખડખડાટ હસ્યો, 'હા, એક સ્ત્રૈણ રાજકુમાર માટે તો માર ખાવો પણ બહાદુરીનું જ કામ છે. કેટલી સ્ત્રીઓ આટલા સમય સુધી રડ્યા વિના રહી શકે ?' ઘણા બધા લોકો તેની સાથે હસવા માંડ્યા.

'હિંમત શું છે, અન્ના ?' મહાદેવે જરા પણ ઓઝપાયા વિના પૂછ્યું.

'હિંમત એટલે એવી વસ્તુ જે તારામાં નથી, મહાદેવ. હિંમત એટલે ડર્યા વિના શત્રુનો સામનો કરવો, તમારી તલવારના પ્રહારથી શત્રુનું માથું ધડથી અલગ થઈ જાય અને તમારી પાંપણ પલકારો પણ ન મારે એ હિંમત છે. એકલા હાથે કોઈ શત્રુની સેના પર હુમલો કરવો, ખુલ્લા હાથે વાઘને ફાડી નાખવો, એ હિંમત છે. હિંમત એટલે આંખોમાં આગ, ભય નહીં જે અત્યારે તારી આંખમાં છે,' બિજ્જલે ધિક્કારપૂર્વક કહ્યું.

બિજ્જલની આંખમાં આંખ પરોવીને મહાદેવે પોતાના ઊંડા અવાજે ગાવા માંડ્યું :

'હિંમત એટલે શક્તિનું પ્રદર્શન નહીં,
કે ભયની ગેરહાજરી પણ નહીં.
યુદ્ધમાં કદાચ બીજા સામે હિંમત બતાવી શકાય
પણ જો જાત સાથેની લડાઈમાં જ એ હિંમત દેખાય નહીં તો ?
શત્રુને નફરત નથી કરવાની,

નફરત કરવાની છે એ શત્રુતાના કારણને.
માણસો કે જાનવરોને વાઢી નાખવામાં કોઈ હિંમત નથી
કારણ કે એના અંતે તો છેવટે ગીધ જ ઉજાણી કરતા હોય છે.
આંખમાં આગ કે ભયની જરૂરત નથી
પણ ભગવાનને જે પ્યારુ છે તે જોવાની દૃષ્ટિ તેમાં હોવી જોઈએ.'

આખી સભા ઊભી થઈને મહાદેવની આ શીઘ્ર કવિતાને તાળીઓના ગડગડાટથી વધાવવા લાગી. બિજ્જલ ક્રોધથી લાલ થઈ ગયો.

'હું જયારે રાજા બનીશ, ત્યારે તને રાજકવિ અવશ્ય બનાવીશ,' બિજ્જલ બોલ્યો અને તેના અમુક હજૂરિયાઓ હસ્યા. 'કે પછી રાજસભાનો વિદૂષક,' બિજ્જલે ઉમેર્યું અને અમુક હજૂરિયાઓ સામે તેણે આંખ મારી એટલે એમને એ વાત બહુ જ રમૂજી લાગી.

'બસ, બહુ થયું,' મહારાજાએ પોતાની હથેળી ઊંચી કરીને કહ્યું અને સભા શાંત થઈ ગઈ. 'મહાદેવ, અહીં આવ,' મહારાજાએ કહ્યું અને રાજકુમાર લંગડાતો લંગડાતો તેમની પાસે ગયો. રાજાએ પોતાના ગળામાંથી એક હીરાનો હાર કાઢ્યો અને તે મહાદેવને પહેરાવ્યો.

મહાદેવના ખભા પર પોતાના હાથ મૂકીને મહારાજ સોમદેવે ઘોષણા કરી, 'આજથી રાજકુમાર મહાદેવને વિક્રમદેવ તરીકે પણ ઓળખવામાં આવશે.'

સભામાં ભયાનક શાંતિ છવાઈ ગઈ. માહિષ્મતીના ઇતિહાસમાં ભાગ્યે જ કોઈ રાજકુમારને વિક્રમદેવનું સંબોધન મળ્યું હતું. વિક્રમદેવનું સંબોધન બહાદુર રાજાઓ અને રાજકુમારોને મળતું, અને એ પણ કોઈ મહત્ત્વના વિજય પછી અને ત્યાર બાદ લોકગીતો અને લોકકથાઓ વડે તે સદીઓ સુધી ગવાતું રહેતું. એ સંબોધન માહિષ્મતીના શરમાળ રાજકુમારને આપવામાં આવ્યું હતું. સૌ પ્રથમ બૃહન્નલ્લાએ પ્રતિક્રિયા આપી. તેણે જોશભેર મુઠ્ઠી ઊંચી કરીને બૂમ પાડી, 'રાજકુમાર વિક્રમદેવનો..' અને આખી સભા એકી અવાજે બોલી ઊઠી, 'જય હો.' બૃહન્નલ્લાએ ત્રણ વાર જયઘોષ કર્યો.

બિજ્જલે નિરાશાથી પોતાની જાંઘ ઠોકી. તેને આ ઘટનાથી પોતાનું અપમાન અને અવગણના થયાની લાગણી થઈ આવી હતી. આ સન્માન તેને મળવું જોઈતું હતું, તેના ડરપોક ભાઈને નહીં, તેણે વિચાર્યું. આખી સભા જયઘોષ કરી રહી અને તેની આંખોમાં નફરત અને ઈર્ષા ઊભરાતી રહી. તેનો ભાઈ હાથ જોડીને સગર્વ ઊભો હતો. મહાદેવ આ સન્માનને લાયક નથી. બળવાખોર શિવપ્પાને તો તેણે, બિજ્જલે પોતે ઝડપ્યો હતો. કદાચ તેને તેના ગુલામની થોડીક મદદ મળી હશે પણ આ સન્માનનો સાચો હકદાર તો તે પોતે જ હતો. એ જ બળવાખોરે પોતાના ભાઈને આટલો બધો માર્યો હતો અને હવે એ જ ભાઈને આટલું બધું સન્માન મળી રહ્યું હતું અને વિક્રમદેવનું સંબોધન મળી રહ્યું હતું. આ અન્યાય હતો. બિજ્જલે સભામાં નજર ફેરવી અને તેની નજર પત્તરાયની નજર સાથે મળી. પત્તરાયે પોતાની છાતી પર પોતાના જમણા હાથની મુઠ્ઠી મૂકીને થોડાંક નમીને વંદન કર્યાં અને આંખોથી જ એમ સૂચવી દીધું કે એ બધું સંભાળી લેશે. એ ઇશારાથી બિજ્જલ થોડોક શાંત થયો. જોકે આખી સભા તેના નકામા ભાઈને જે સન્માન આપી રહી હતી તે તેનાથી સહન થતું નહોતું.

'થોડીક વધારે મહેનત કર અને બધું ઠીક થઈ જશે,' એમ મહારાજાએ એકદમ ધીમા અવાજે કહ્યું અને તેમણે પોતાના પુત્રના વાળમાં આંગળીઓ ફેરવી. આ સન્માન માટે મહાદેવ અત્યંત આભારી હતો. એ તો માત્ર પોતાની ફરજ જ નિભાવી રહ્યો હતો અને તેના બદલામાં તેના પિતા, આ સભા, માહિષ્મતીના લોકો તેનો જયઘોષ કરી રહ્યા હતા. તેણે ફરી વાર હાથ

જોડીને વિનમ્રતાપૂર્વક સૌનો આભાર માન્યો. તે પગથિયાં ઊતરી જ રહ્યો હતો કે તેની નજર શિવગામી ઉપર પડી. પોતાની સિદ્ધિ પર ગર્વ અનુભવતો તે સ્થિર થઈને ઊભો રહ્યો. તેને શિવગામીના એક સ્મિત માત્રની અપેક્ષા હતી.

શિવગામીએ મહાદેવના અત્યંત ઘવાયેલા ચહેરા પર નજર નાખી. હવે જાણે રાજકુમાર બદલાઈ ગયો હોય તેમ લાગતું હતું અને તેનામાં રાજકુમાર માટે થોડોક આદર પ્રગટ્યો. જો તેણે સભાના જયઘોષથી અંદાજ માંડવાનો હોય તો એમ લાગી રહ્યું હતું કે આ રાજકુમાર અત્યારે બહુ જ લોકપ્રિય હતો. જો એમ જ હોય તો તે એક દિવસ અજેય શત્રુ બની શકે છે. શિવગામીને એ વિચાર ગમ્યો નહીં. તે ગમે તેટલો પ્રયત્ન કરે તેમ છતાં મહાદેવને પોતાના શત્રુના સ્વરૂપે કલ્પી શકતી નહોતી. શત્રુઓ તો દુષ્ટ હોવા જોઈએ, મૃદુભાષી, સહૃદયી અને અને આકર્ષક પૌરુષવાળા હોય જ નહીં જે સંકટ સમયે અદ્‌ભુત હિંમત બતાવે. એણે હંમેશાં શિવગામી સાથે વિચિત્ર વર્તન કર્યું હતું એટલે શિવગામી તેને સરળતાથી ધિક્કારી શકી હતી. તેના આકર્ષક પૌરુષત્વની અવગણના કરી શકી હતી અને શિવગામીને તેના પ્રેમમાં પાડવાના પ્રયત્નો પર તે હસી શકી હતી. હવે તે એવા આત્મવિશ્વાસપૂર્વક શિવગામી સામે જોઈ રહ્યો હતો જાણે કે શિવગામી તેના પ્રેમની ગંભીરતા પારખી લેવાની હોય. એ નજરે શિવગામીને ખળભળાવી મૂકી. તેણે માહિષ્મતીના રાજકુમાર સાથે પ્રેમમાં નહોતું પડવું. એ તો એ બધાને મરેલા જોવા માંગતી હતી. તેણે મનોમન એમ વિચાર્યું કે એકવાર આ નવા સંબોધનનો નશો ઊતરી જશે પછી બધું જ પૂર્વવત્ થઈ જશે. એટલે તેણે નજર ફેરવી લીધી.

બિજ્જલને રાજસિંહાસન સુધી બોલાવીને મહારાજાએ તેને સુવર્ણમુદ્રા ભરેલી એક મોટી થેલી આપી. પછી મહારાજા વિધિપૂર્વક તેને ભેટ્યા ત્યારે તેમણે તેના કાનમાં કહ્યું, 'જીવન એક જુગાર જ છે પણ જુગારને જીવન બનાવીશ નહીં.'

બિજ્જલ પોતાના પિતા સામે આશ્ચર્યભરી નજરે જોઈ રહ્યો. શું તેના પિતા પોતાની જુગારની આદત અને દેવા વિષે જાણતા હતા ? તેના પિતાને કેટલી જાણ હતી ? એ ભયભીત થઈ ગયો. મહારાજાએ તેનો ખભો થપથપાવીને તેને પોતાના આસન પર પાછા જવાનો ઇશારો કર્યો. બિજ્જલે સભાના જયઘોષને સ્વીકૃતિ પણ આપી નહીં. તે જ્યારે મહાદેવ પાસેથી પસાર થયો ત્યારે મહાદેવે ઊભા થઈને તેને અભિનંદન આપ્યાં. મહાદેવ પોતાના મોટાભાઈને ભેટ્યો. બિજ્જલ અક્કડ ઊભો રહ્યો અને તેણે પોતાના ભાઈને ભેટવાની પરવા કરી નહીં. તે મહાદેવના કાનમાં બોલ્યો, 'તને એમ લાગે છે કે તું મોટો નાયક બની ગયો છે ? હેં ? તું નકામો ડરપોક છે અને આ દુનિયાને થોડા દિવસોમાં જ એની જાણ થઈ જશે.'

મહાદેવે ખભા ઊંચા કરીને ઉદાસીપૂર્ણ સ્મિત આપ્યું. 'અન્ના, મેં કદી પણ બહાદુર હોવાનો દેખાવ કર્યો છે ?'

બિજ્જલે પોતાનો પગ પછાડ્યો અને ત્યાંથી જતો રહ્યો.

પછી પત્તરાયનો વારો હતો, એ ભૂમિપતિનો જેણે વળતા હુમલાની આગેવાની લીધી હતી. તેણે સૈનિકોને ભેગા કર્યા હતા અને કાર્યાલયની ઇમારતમાંથી જ હુમલાનું નેતૃત્વ કરીને બળવાખોરોનો પાછા ભાગવાનો માર્ગ પદ્ધતિસર રોકી પાડ્યો હતો. રાજાએ તેને જમીન, મિલકત, મહેલ અને રથ આપ્યા. પત્તરાયે આંસુ ભરેલી આંખે સભાને સંબોધન કર્યું અને સદાય માહિષ્મતી અને મહારાજાને વફાદાર રહેવાની પ્રતિજ્ઞા લીધી. વડા પૂજારી અને અન્ય બ્રાહ્મણોને ગાયો, ઘર અને સોનું દાનમાં આપવામાં આવ્યાં કારણ કે તેમના આશીર્વાદ વિના તો માહિષ્મતી બળવાખોરોના હાથમાં જ પડી ગયું હોત. દંડકારોના અદ્‌ભુત કામ માટે પ્રતાપને ઇનામ આપવામાં આવ્યું. શહીદ સૈનિકોનાં કુટુંબો માટે પણ મહારાજે જાતભાતની મદદની

ઘોષણા કરી.

સ્કંદદાસની કોઈએ વાત કરી નહીં. કોઈ મૃત મહાપ્રધાનની વાત કરે તેની શિવગામી રાહ જોઈ રહી પણ એવું વર્તન દાખવવામાં આવ્યું જાણે એવા કોઈ માણસનું અસ્તિત્વ જ નહોતું.

છેવટે શિવગામીનો વારો આવ્યો. મહારાજાએ તેને પોતાના સિંહાસનની પાસે બોલાવી. પોતાનામાં ઊભરાઈ રહેલી નફરત દબાવીને શિવગામી ચાલી. બૃહન્નલ્લાએ તેને સલાહ આપી હતી તેમ આ તેનું પહેલું ડગલું હતું. બદલો લેવા માટે તેણ શક્તિશાળી બનવું પડે તેમ હતું. તે જાણતી હતી કે પત્તરાય અને તેના માણસો કેટલા ભયાનક હતા. પોતાનું મસ્તક ઊંચું રાખીને તે ચાલતી હતી ત્યારે એ લોકોની નજરો તેની આરપાર ઊતરી રહી હોય, તેમ તેને લાગતું હતું. રાજા તેને જે પણ આપશે તેને સ્વીકારીને તે પોતાની અલગ ઓળખ ઊભી કરશે. એ પણ આ રમતનો હિસ્સો બનશે. તેની પાસે હવે બૃહન્નલ્લા જેવા શક્તિશાળી મિત્રો હતા. હવે તે તૈયાર હતી.

તે મહારાજાની સમક્ષ સગર્વ ટટ્ટાર ઊભી રહી અને મહારાજા પણ તેની સામે આશ્ચર્યચકિત થઈને સ્મિત ફરકાવી રહ્યા. તે એક ક્ષણ માટે ખચકાઈ ગઈ કારણ કે તે જાણતી હતી કે આ સન્માન મેળવવાની તેને ઇચ્છા પણ નહોતી અને લાયકાત પણ નહોતી. પણ નસીબ તેને એક તક આપી રહ્યું હતું અને તેણે એ તક ઝડપી લેવાની હતી. તેણે મહારાજાની આંખોમાં આત્મવિશ્વાસભરી નજરે જોયું અને મહારાજા પણ તેની સામે સગર્વ જોઈ રહ્યા.

'આ એક અદ્ભુત સ્ત્રી છે. તેણે અમારું જીવન બચાવ્યું છે,' મહારાજાએ કહ્યું અને સભાએ એ વાત વધાવી લીધી.

'બાર વર્ષ પહેલાં અમારે તેના પિતાને દેશદ્રોહ માટે દેહાંતદંડ આપવો પડ્યો હતો તેમ છતાં તે અમારું જીવન બચાવવા લડી. એને વફાદારી કહેવાય. અને એને અમારે બહુ જ ઉદારતાપૂર્વક વધાવી લેવી પડે. નહીંતર આવનારી પેઢીઓ અમને ઉદાર માનશે નહીં. અમે તેને ભૂમિપતિનું પદ આપીએ છીએ, એ જ પદ જે તેના પિતા અને તેના ઉદાહરણીય પૂર્વજોએ પણ શોભાવ્યું હતું. અને અમે તેને તેના પિતાની તમામ જમીન પણ પાછી આપીએ છીએ.'

શિવગામીને પોતાના કાન પર ભરોસો પડ્યો નહીં. તે અનાથાલયમાંથી સીધી જ સત્તાસ્થાને આવી ગઈ હતી. તે પોતાના પિતાનું પદ અને જમીન પાછી મેળવી શકી હતી. આનંદથી તે રડી પડશે એમ તેને લાગ્યું. તેણે પોતાના હોઠ દબાવી દીધા અને તેના ખભા નમી ગયા.

'શું આપ અમારા પ્રસ્તાવનો સ્વીકાર કરો છો, દેવી ?'

લાગણીઓના ઘોડાપૂરમાંથી બહાર આવીને જવાબ આપતાં શિવગામીને થોડીક ક્ષણો લાગી. તેણે નમન કરીને કહ્યું, 'હા, હું સ્વીકારું છું.'

'શું તમે એવું વચન આપો છો કે કોઈ પણ પ્રશ્નો પૂછ્યા વિના તમે અમારા હુકમનું પાલન કરશો, આવી જ વફાદારી અને દેશભક્તિ દર્શાવશો અને તમારા હાથ નીચે જે આવશે તેમની પાસે અમારા વતી કાયદાનું પાલન કરાવશો અને તેમનો ન્યાય કરશો ?'

'હા, હું એમ જ કરીશ,' શિવગામીએ કહ્યું અને મનોમન ઉમેર્યું કે મને તારા આ શાપિત ખાનદાનને ખતમ કરવાનો મોકો નહીં મળે ત્યાં સુધી જ.

મહારાજાએ હાથ ઊંચા કરીને આશીર્વાદ આપ્યા અને સભાએ શિવગામીનો પણ જયઘોષ કર્યો. તેણે પત્તરાય સામે જોયું અને તેના હોઠ પર કટુ સ્મિત ફરકી ગયું. એ માણસે સ્કંદદાસની જે હાલત કરી હતી, તે બદલ શિવગામી તેને છોડશે નહીં. પત્તરાય પણ તેની સામે

ઠંડી આંખો અને ભાવવિહીન ચહેરે જોઈ રહ્યો. જોકે તેની આંગળીઓ ગળામાં પહેરેલા સોને મઢેલા રુદ્રાક્ષ સાથે રમી રહી હતી એટલે શિવગામી સમજી શકી કે તે કેટલો ચિંતાગ્રસ્ત હતો.

'અમે તને અદ્ભુત કામ સોંપવા માંગીએ છીએ,' મહારાજા સોમદેવે તેની તરફ સ્મિત ફરકાવ્યું. તે તંગ થઈ ગઈ. મહારાજાના સ્મિતમાં કંઈક ગૂઢ અર્થ હતો.

'વાસ્તવમાં, એ કામ તેં ગઈકાલે જ લગભગ પૂરું કરી નાખ્યું હતું પણ નસીબ કંઈક અલગ જ ખેલ કરાવવા માંગતું હશે. તેં જેને સીડી પરથી ધક્કો મારીને નીચે પાડી દીધો હતો એ માણસ હજુ પણ જીવતો જ છે. તારું પહેલું કામ એ હશે કે—'

શિવગામીએ ઊંડો શ્વાસ લીધો. તેના પિતાને આપવામાં આવેલી સજાની યાદ તેના મનમાં તાજી થઈ ઊઠી. આ દુષ્ટ રાજાને મારવાનો પ્રયત્ન કરનાર માણસને મારવાનો વિચાર તેને ગમ્યો નહીં. પણ તેને ભૂમિપતિના પદની અત્યંત આવશ્યકતા હતી.

'એને લટકાવી દેવો,' શિવગામીએ મહારાજાનું અધૂરું વાક્ય પૂરું કર્યું.

'હા,' મહારાજાએ કહ્યું. તેમણે પોતાના સૈનિકોને હુકમ કર્યો, 'એને અંદર લાવો.'

સૈનિકો સાંકળે બંધાયેલા એક એવા માણસને સભામાં ઘસડી લાવ્યા જેનો ચહેરો ઢાંકેલો હતો. શિવગામી તંગ થઈને જોઈ રહી.

મહારાજા સોમદેવે સૈનિકોને એ માણસનો ચહેરો જાહેર કરવાનો ઇશારો કર્યો.

'તિમ્મા કાકા *!'* શિવાગામી બોલી ઊઠી અને સાંકળે બંધાયેલા એ માણસ તરફ તે ધસી ગઈ.

તે તિમ્માની સામે ઘૂંટણિયે બેસી પડી અને પોતાના હાથ વડે ચહેરો ઢાંકીને તે રડવા માંડી. તિમ્માનો ધ્રૂજતો હાથ તેના માથા પર ફર્યો, એવી જ રીતે જેવી રીતે એ નાની હતી ત્યારે તેના માથે એ હાથ ફરતો.

'મારી પુત્રી તો હવે મોટી ભૂમિપતિ બની ગઈ છે. મને તારા પર બહુ જ ગર્વ છે, બેટા.'

(ક્રમશઃ)

ઋણસ્વીકાર

આ પુસ્તકશ્રેણી મહાન દિગ્દર્શક, કલાકાર અને માણસ એવા શ્રી એસ. એસ. રાજામૌલીની દૃષ્ટિને અપાયેલી અંજલિ છે. બાહુબલી ચલચિત્ર ભારતીય સિનેમાના ઇતિહાસમાં એક સીમાસ્તંભ છે અને તેની ભવ્યતા કોઈના પણ મગજને ચકરાવે ચડાવી દે તેવી છે. આવા અદ્‌ભુત ચલચિત્રના નિર્માણમાં કેટલી મહેનત કરવી પડી હશે તે તો વિચારી પણ શકાય નહીં. એટલે આવી અદ્‌ભુત વાર્તાની પૂર્વકથા પર કામ કરવું ખરેખર પડકારજનક કાર્ય હતું. જો શ્રી એસ. એસ. રાજામૌલીએ આપેલું સ્વાતંત્ર્ય, પ્રોત્સાહન અને તેમનું માયાળુ વર્તન મને સતત પ્રેરતું રહ્યું ન હોત, તો આ પુસ્તક રચાવાનું જ નહોતું. એ માટે અને તેમણે મારામાં મૂકેલા વિશ્વાસ બદલ હું આજીવન તેમનો ઋણી રહીશ.

શ્રી કે. વી. વિજયેન્દ્રપ્રસાદ ભારતીય સિનેમાના મહાનતમ પટકથા લેખકોમાંના એક છે. એસ. એસ. રાજામૌલીના પિતા એવા શ્રી પ્રસાદે ઘણાં અદ્‌ભુત ચલચિત્રોની પટકથાઓ લખી છે અને બાહુબલી તેમાંની એક છે. એમની સાથેની મારી પ્રથમ મુલાકાત સદાય માટે મારા મગજમાં કોતરાઈ ગઈ છે. તેમની વાર્તા પર કામ કરીને મારે તેનું વિસ્તરણ કરવાનું હતું અને તેમને આ વાત કેવી લાગશે એ બાબતની મને ખરેખર ચિંતા હતી. પણ એ તો પ્રેમાળ વ્યક્તિત્વનું જીવંત સ્વરૂપ છે અને તેમણે મને લેખન અંગે જે સલાહ-સૂચનો આપ્યાં તેને હું મારા જીવનની સૌથી મોટી સિદ્ધિ માનું છું. હું તેમને મારા ગુરુ માનું છું અને પુસ્તક તો તેમને અપાયેલી નાનકડી ગુરુદક્ષિણા સમાન જ છે.

બાહુબલીના નિર્માતા પ્રસાદ દેવીનેની અને શોબુ યેર્લગ્ગદા તેમજ તેના પ્રમોટર આર્ક મીડિયાએ મારા લેખનમાં જે વિશ્વાસ દાખવ્યો તે માટે તેમનો વિશેષ ઉલ્લેખ કરવો આવશ્યક છે. બાહુબલી એક ચલચિત્રના માધ્યમથી ક્યાંય આગળ વધી ગયેલી કથા છે. તે એક વૈશ્વિક બ્રાન્ડ બની ગઈ છે. હું આશા કરું છું કે મેં એમની આશાઓ પૂરી કરી છે અને એ બ્રાન્ડની ભવ્યતામાં થોડોઘણો ઉમેરો કર્યો છે. ભૂતકાળમાં મેં ઘણા નિર્માતાઓ સાથે કામ કર્યું છે અને હું તમને વિશ્વાસથી કહી શકું છું કે લેખકને સંપૂર્ણ સ્વાતંત્ર્ય આપનારા આંગળીને વેઢે ગણાય એટલા જ હોય છે. જ્યારે જ્યારે મેં કોઈ શંકા કે મૂંઝવણ અનુભવી છે ત્યારે ત્યારે તેઓ મારી સાથે ઊભા રહ્યા છે અને હું તે સર્વેનો આભારી છું.

મેં મારું ચોથું પુસ્તક દેવયાની લગભગ પૂરું જ કર્યું હતું અને હું તે વેસ્ટલેન્ડને મોકલવાનો હતો કે આ અદ્‌ભુત કામ મારી સામે આવ્યું. વેસ્ટલેન્ડના સીઈઓ ગૌતમ પદ્મનાભન મારા પ્રકાશક કરતાં તો મિત્ર વધારે છે અને તેમણે જ મને એ પુસ્તકનું કામ માળિયે ચડાવી દેવાની સલાહ આપી, જેની પર હું પાછલાં બે વર્ષથી કામ કરી રહ્યો હતો અને 'બાહુબલી નવલકથાત્રયી' સ્વીકારી લેવાનું પણ તેમણે જ સૂચવ્યું. તેમના ઉત્સાહે મારો આત્મવિશ્વાસ વધાર્યો અને જો તેમણે મને ટેકો ન આપ્યો હોત તો હું ૧૦૯ દિવસમાં આખા પુસ્તકનું આયોજન, લેખન અને સુધારાવધારા કરી ન શક્યો હોત.

મારા સંપાદકો સંઘમિત્ર બિશ્વાસ અને દીપ્તિ તલવારનો પણ હું ઋણી છું કારણ કે તેમણે બહુ ઝડપથી આ પુસ્તકનું સંપાદન કર્યું છે. મારે તેમનો વિશેષ આભાર એટલે માનવો પડે તેમ છે કારણ કે તેમણે એક એવા લેખક સાથે કામ કરવાનું હતું જે અસંખ્ય અસલામતીની

ભાવનાઓમાં ઘેરાયેલો છે અને જે દરેક કલાકે સુધારા-વધારા કરાવતો રહેતો હતો. અદ્ભુત મુખપૃષ્ઠ અને નકશાઓ આર્ક મીડિયાના ગ્રાફિક ડિઝાઇનર અને વીએફએક્સ કલાકાર વિશ્વનાથ સુંદરમે તૈયાર કર્યાં છે. પરિપૂર્ણતાના બે આગ્રહીઓ તેમની પાછળ પડ્યા હતા, એસ. એસ. રાજામૌલી અને આપનો આ લેખક. અમે નાનામાં નાની વિગતોની ચોકસાઈનો આગ્રહ રાખ્યો છે અને તેમણે અદ્ભુત કામ કર્યું છે. આટલી સુંદર કલાકૃતિ તૈયાર કરી આપવા બદલ હું ખરેખર તેમનો આભારી છું.

વેસ્ટલેન્ડના ક્રિષ્ન કુમાર અને નેહાએ મારા પુસ્તક માટે જે રીતે જનસંપર્કનું કામ કર્યું છે, તે માટે તેમનો પણ વિશેષ ઉલ્લેખ કરવો ઘટે. અરુણિમાએ કેટલાંક અદ્ભુત ઇન્ટર્વ્યુ પણ ગોઠવી આપ્યા હતા. આ પુસ્તકની ખાસ નોંધ લેવા બદલ હું પત્રકારો અને ટીવી પત્રકારોનો પણ અત્યંત આભારી છું.

ઓક્ટોબઝ મીડિયાના હેમલ મજીઠિયા અને તેમની ટીમ સાથે મળીને આર્ક મીડિયાના પ્રીતમે સોશિયલ મીડિયામાં આ પુસ્તક ગુંજતું રાખ્યું એ બદલ તેમનો પણ ધન્યવાદ માનવો આવશ્યક છે.

મારા મિત્રો અવારનવાર કહે છે કે મને સહન કરવા બદલ મારી અર્ધાંગિની અપર્ણાને તો નોબલ પારિતોષિકથી નવાજવી જોઈએ. સતત સાથ આપવા માટે હું તારો ઋણી છું, પ્રિયે. મારા સતત બદલાતા મિજાજ સાથે રહેવું ખરેખર બહુ જ કઠિન હશે પણ મને વિશ્વાસ છે કે તું ૧૫ વર્ષમાં તો ટેવાઈ ગઈ હોઈશ. મારાં બાળકો અનન્યા અને અભિનવ મારા માટે સૌથી મોટો પ્રેરણાસ્રોત અને સૌથી અઘરા વિવેચક બની રહ્યા છે. તેઓ ઘણી વાર મને મારા તરંગોની ઉડાનમાંથી પૃથ્વી પર ખેંચી લાવ્યા છે. અને મારા પાલતું શ્વાન જેકીનું નામ તો લેવું જ રહ્યું કારણ કે અમે ઘણીવાર સાથે કલાકો સુધી ચાલવા જતા અને તે અવારનવાર મારી વાર્તાઓ સાંભળતો રહેતો.

મારું વિસ્તૃત કુટુંબ હંમેશાં મારી સાથે જ ઊભું રહ્યું છે, પછી ભલેને મેં તેમની માન્યતાઓ અને શ્રદ્ધાઓને પડકારતાં પુસ્તકો જ કેમ ન લખ્યાં હોય. તે બધાં બાળપણથી જ મારા પ્રેરણાસ્રોત બની રહ્યાં છે. મારા ભાઈઓ લોકનાથન, રાજેન્દ્ર, બહેન ચંદ્રિકા, શ્વશુર પક્ષ, પરમેશ્વરન, મીનાક્ષી અને રાધિકા, મારી ભત્રીજી અને ભત્રીજાઓ, દિવ્યા, દિલીપ અને રાખીએ અમારા કૌટુંબિક મેળાવડાઓમાં રામાયણ અને મહાભારતની ચર્ચા કરે રાખીને એ મુલાકાતો સતત જીવંત રાખી છે.

ત્રણ દસકથી વધારે સમયથી મારા મિત્રો, રાજેશ રાજન, સંતોષ પ્રભુ અને સુજિત ક્રિષ્નન, અને એ ઉપરાંત સિદ્ધાર્થ ભરતન, જયન સીએ અને વેંકટેશ સતીશ લોલ્લા અને અનુભૂતિ પાંડા કે જે મારા વિવિધ ડ્રાફ્ટના પ્રથમ વાચક રહ્યા છે, તે સર્વેનો પણ હું ઋણી છું કારણ કે તેમણે મને સતત પ્રેરિત રાખ્યો છે. મારા EEE 1996ના ધ ગવર્નમેન્ટ એન્જિનિયરિંગ કૉલેજ, ત્રિચુરના મિત્રો, અને ખાસ કરીને સિના, ગાયત્રી, ગણેશ, માલતી અને માયા, કે જેમણે મારાં કેટલાંક પુસ્તકો વાંચ્યાં છે અને મેથ્યુ, ગોપુ કેશવ, અંજલિ, બ્રિન્દા અને હબીબુલ્લા ખાન કે જેમણે મારું એક પણ પુસ્તક નથી વાંચ્યું અને વાંચવાના પણ નથી તેમ છતાં જેઓ મને લખતા રહેવાની સતત પ્રેરણા આપતા રહે છે, એ બધાનો પણ હું ખરા હૃદયથી ઋણસ્વીકાર કરું છું.

મારાં પાછલાં ત્રણેય પુસ્તકોના તમામ વાચકોનો તો હું અત્યંત ઋણી છું. તમારા વિવેચન-પ્રશંસા અને સૂચનના શબ્દોને કારણે જ હું સતત લખતો રહ્યો છું.